તવારીખે મલુકે તવાયફે જરથોસ્તીઆંન.

સીકંદર પછી અરદેશર બાબેગાન શુધો પાનતસ, કાપાદોસીઆ, આરમીનીઆ, મીદીઆ-આત્રોપેતીન (આદરબીજાન), ખુદ પરસીસ (શારસીસ્તાન) તથા પારથીઆનાં માજદીઆસબાન રાજયોનો ઈતિહાસ.

[ઈ૦ પુ૦ ૩૩૦ થી ઈ૦ સને ૨૨૬ સુધી.]

વાલમ બે—ભાગ પાંચ માં.

બનાવનાર,

જમશેદજી પાલણજી કાપડીઆ.

મુંબઈ યુનીવરસીટીના ફેલો તથા મીઉનીશીપલ કારપોરેશનનો એક સભાસદ અને "તવારીખે કદીમ ઈરાંન" તથા "કાફુરે શીહાપોસ" કર્તા.

વાલમ ૧ લું—ભાગ ૧ લો.

—(०)—

મુંબઈ:

ધોબીતલાવ—નંબર ૮૭૨ વાળાં ઘેરમાં,

મુંબઈ વર્તમાન છાપાખાનામાં મનચેરજી હોસંગજી જાગોસે છાપ્યો છે.

સને ૧૮૮૧.

એની પછી એનો છોકરો મેતરદત બાજો ઇ૦ પુ૦ ૩૦૨ માં ગાદીનો માલેક થયે. એને કાપાદોસીઆ તથા પાફલાગોનીઆનો થોડોક ભાગ પોતાનાં રાજ સાથ જોડી નાખી ગાદીને ઘણી વધારી મેલી અને ઈ૦ પુ૦ ૨૮૧ * માં હીરાકલીઆ પોનતીકાના યુનાનીઓ સાથે મલી જઈ તેઓને સોલુકસના હોમલામાંથી બચાવી આપવા સારૂંબી પોતે હિંમતથી બીડું જહડપીઉં. દાયોદોરસના જણાવ્યા મુજબ એણે ઈ૦ પુ૦ ૨૬૬ સુધી નજદીક ૩૬ વરસ રાજ કર્યઉ હતું. એનાં મરણ બાદ એનો છોકરો આરીયબુરજીન બીજો સિંહાસન ઉપર આવ્યો. એણે ઇ૦ પુ૦ ૨૪૫ સુધી નજદીક એકવીશ વરસ સુધી પાદશાહી ભોગવી હતી. એનાં રાજમાં તાલોમી ફુર્ગતેસે (!) એના દેશ ઉપર જે ચઢાઇ કરી હતી, તેમાં તેને ગાલ લોકોની શાહેતાથી એણે મારી હટાડયો હતો. પણ એવા ભમતાં મન ધરાવનાર ટોળાં પોતાનાં રાજની નજદીકીમાં આવ્યાથી આયંદે મબાદા રાજને હાણી પોહોંચે તેથી આખરે તેઓ સાથે એને જહઘડો થઈ પડયો હતો. યુકસાઈનનાં દરીઆ ભણી આવેલું એમાસ્ત્રીસનું શેહેર પણ યુમનીસે એના સ્વાધીનમાં આપી દીધુ હતું. એના જમાનામાં એ દેશનાં પાદશાહોએ સપર પેહેલીવાર પોતાના સિક્કા પણ પડાવવા માંડયા હતા. એના સિક્કાઓની એક બારદુએ આફતાબ તથા માહતાબની સુરત ચિતારેલી દિશેછે અને તે સાથે તાંહાં પોનતશની પાદશાહતની શહેરઆતનું થોડુક વર્ણન તથા બીજી બારદુએ શીકંદરના ત્રણ ડરાકમ (દીરમ) વાલા સિક્કાઓની આબેહુબ નકલ કરેલી જોવામાં આવેછે. એનાં મોહોત બાદ એનો છોકરો મેતરદત ત્રીજો જારે ગાદીનો માલેક થયો તારે તેની વય ઘણી નાહાની હતી. એ પાદશાહબી પાછલથી ઘણો વખણાઇ ગયોછે. એણે પોતાનાં રાજને લડાઇથી નહિ પણ બીજા આસપાસના રાજાઓ સાથે સગાઇના ગાંઠથી મજબુતી આપવા તથા વધારી નાખવા સારૂ ઘણા લાંબા અને ડાહાપણ ભરેલા ઉપાયો પોતે કામે લગાડયા હતા. મર્દોની વયે પુગતાં સીલુકસ કેલીનીકસ (ફતેહમંદ)ની એક બેહેન સાથે એ પોતે પરણયો જેથી રીતમાં તેને ફૂરીજીઆનો પ્રાંત આપવામાં આવ્યો હતો. ઇ૦ પુ૦ ૨૨૨ માં એણે પોતાની છોકરી લાઓદીસેને પોલીબીઅસનાં કેહા મુજબ કાલીનીકસના છોકરા મહાતમા એનતીએકસ સાથે પરણાવી આપી અને એજ અરસામાં એ મજકુર એનતીઓકસના પીત્રાઇ ભાઇ એકઅસ સાથે લાઓદીસેજ † નામ ધરાવનાર બીજી એક નાની છોકરીનાં પણ પોતે લગન કરી આપ્યાં. આ

* આ વરશમાં એ પાદશાહ પોનતસનાં મશનદ ઉપર બીરાજતો હતો એમ લાઇસીમેકસનાં મોહોત વીશે બોલતી વેલાએ મેમનન પોતાના એક ફકરામાં જણાવી ગયોછે.

† એ શાહજાદી પોતાના આ ભરથાર સાથે સારદીસમાં ઇ. પુ. ૨૧૪ માં બે વરશ શુધી ઘેરાઇ રેહા બાદ આખરે એનતીઓકસને હાથ પકડાઈ ગઈ હતી. ઈ. પુ. ૨૧૯ મા આ બંને માઠી બઇઓર વીશે બોલતી વેલાએ પોલીબીઅસ જણાવેછે જે એ હીંગામ પુર્વેતો એઓના લગ્ન થઈ ચુકેલાં હતાં માટે મેતરદતની આ બંને છોકરીઓ ઈ. પુ. ૨૨૨ મા પરણવાની વયે પોહોચવી જોઇએ અને તેઓની ઉમરમાં જાહાજો તફાવત ન હોએ એમ આ ગ્રીક ગ્રંથકારે જણાવેલા આ મજકુર ઇસારા ઉપરથી સાફ માલુમ પડી આવેછે.

સગાઇથી રાજદરબારી બાબદોસર કંઇ રમખાનની વેળાએ એ પોતાના હકો ઉપર આંખ વીચામની થવા દેતો ન હતો કેમકે સીલુકસ કેલીનીકસ અને એનતીઓકસ હાયરાક્ષ સાથે આ સગાઇનો ગાંઠ બંધાયા પછી જારે પાછલથી લડાઇ ઉઠી ત્યારે એણે એનતીઓકસની બારદુ લીધી હતી અને એક વેળાએ પોતાના શાલાને લડાઇમાં મોહોટી શીકસ્ત આપી તેનાં ૨૦ હજાર માણશો મારી નાખ્યાં હતાં. એ લડાઇથી ફારગ થયા બાદ ઇ૦ પુ૦ ૨૨૦ માં એણે યુનાનીઓનાં એક શેહેર નામે સીનોપે ઉપર હોમલો કરીઓ પણ રેહોડનાં ટાપુનાં રેહેવાસીઓએ તેઓને સારી મદદ આપી. આથી તે શેહેર એ જીતી શકીઓ નહીં. એણે કેટલાં વર્ષોવેર રાજ ભોગવ્યું તે વાત ચોકસ રીતે માલુમ પડતી નથી પરંતુ કલીનતન* એવું અનુમાન કરી શકેછે જે આસરે ઇ૦ પુ૦ ૧૯૦ માં એ પાદશાહ મરણ પામ્યો હતો.

એનાં મોત બાદ ફનો છોકરો ફારનાસીસ ગાદીનો માલેક થયો. તેણે એઓના કેહાસુજબ મજકુર શીનોપે શેહેરને આખરે જીતી લીધું અને તેને ઇ. પુ. આસરે ૧૮૩ માં પોતાનાં દેશની રાજધાની સ્થાપી. એ વેળાએ એના મુલકની પડોશના પરગેમસના રાજા યુમનીસ બીજાએ યુનાનીઓ તથા રૂમીઓની લડાઇઓમાં પોતે રૂમીઓની બારદુ લીધાથી મેગનીશીઆની મોહોટી ખુનખાર લડાઇ બાદ એ ફતેહમંદ રૂમીઓએ તેનાં રાજ સાથે મોસીઆ, લીડીઆ, ફ્રીજીઆ, લેકોનીઆ, પેમફીલીઆ તથા કેરીઆ અને લીસીઆનાં થોડાક પ્રાંતો જોડી આપીઆં એટલુંજ નહિ પણ કરશનીસનો મોહોલો મુલક તથા પડોશનો થ્રેસનો ભાગબી થોડોક તેને સ્વાધીન કર્યો. આથી પરગેમસનું રાજ વિસ્તારમાં ઘણું વધી પડયું અને બીથનીઆના રાજા પ્રૂસીઅસ સાથે ઇ૦ પુ૦ ૧૮૩ માં જે લડાઇ જાગી ઉઠી તેમાં યુમનીસે હેલેશપોન્ત તરફનો ફ્રીજીઆનો મુલક પણ પોતાના રાજનાં તાબા હેઠલ વળી કરી લીધો. આ પ્રમાણે પોતાના આ પડોશીઓ ઘણા જબરા થવાથી ઘાસ્તીના મારીઆ ફારનાસીસને મજકુર યુમનીશ શાથે ઈ૦ પુ૦ ૧૮૩ થી ૧૭૯ સુધી લડાઇ કરવાની ફરજ પડી. આ બંને રાજો વચ્ચે સમાધાની ચાલુ રાખવા રૂમીઓએ ઘણાએ પ્રયત્નો કર્યાં પણ તે સઘલાં વ્યર્થ ગયાં અને આખરે ફારનાસીસે ઇ૦ પુ૦ ૧૮૧ માં પોતે જાતે લડાઈ ઉઠાવી, પાફલાગોનીઆમાં એશૂરો પાદશાહ યુદ્ધ કરી પોતે અંદર દાખલ થયો અને તાંહાનાં પાદશાહ મોરઝોસ અથવા મોરઝીઆસને હાંકી કાહાડી લશકર સહિત કાપાદોસીઆ અને ગાલેશીઆ સુધી પોતે ઠેઠ વેર ઘુસી ગયો; અને પેહેલાંતો એ સઘલી લડાઇઓમા પોતે સારીકાની જીત મેળવી પરંતુ આખરે દૈવ દેવી એને છોડી ગયાથી ઇ૦ પુ૦ ૧૭૯ માં સુલેહ કરવાની એને ફરજ પડી જેથી સઘલાં જીતેલા પ્રાંતો એક ફકત શીનોપે શિવાય દુશમનોને પાછાં સ્વાધીન કરવા એ પાદશાહને ફરજ પડી. એ પછી સમાધાનીથી એણે બીજાં ઘણાંએક વર્ષોવેર રાજ ભોગવ્યું અને ઇ૦ પુ૦ આસરે ૧૬૦ માં એ રાજા જારે મરણ પામ્યો તારે એનો છોકરો મેતરદત ચોથો લકબે યુર્ગતેસ યાને મુરબ્બી પોનતસની ગાદીનો માલેક થયો અને ઇ૦ પુ૦ ૧૨૦ સુધી નજદીક ચાલીશ વર્ષ સુધી રાજપાત કર્યું. પરગેમસના રાજા એતેલસ બીજા સાથે પોતે મલી જઇ તે રાજને બીથનીઆના રાજા પ્રૂશીઅસ બીજા સાથે થયલી લડાઇઓમાં એણે ઇ૦ પુ૦ ૧૫૪ માં ઘણી સારી મદદ કરી હતી. ત્યારબાદ થોડાંક વર્ષો પછી એણે

* જુઓ એની "ફાસ્તી હેલીનીસી" નાં જીલ્દ ૩ જાંને શફે ૪૨૫-૪૨૬ મે.

રૂમીઓ સાથે મલી જઇ ત્રીજી પીઉનીકની પુનપાર લડાઇની વેળાએ ઇ૰ પુ૰ ૧૫૦ થી ૧૪૬ સુધી પોતાનાં લશકરની થોડીક ટુકડીઓની રૂમના શુરવીરોને એપીઅનનાં જણાવીઆ મુજબ સારી મદદ આપી હતી. વલી ઈ૰ પુ૰ ૧૩૧ માંબી એરીસ્તાનીકસ સાથની લડાઇની વેળાએ રૂમીઓને પાછો એ પાદશાહ શાહેતાહે પણ ગયો હતો, જેના બદલામાં એ લડાઇ પુરી થયા પછી રૂમીઓએ એની સારી મદદના બદલામાં મોહોટાં ફરીજીઆનો ફળવંત મુલક એનાં રાજ-સાથે જોડી આપ્યો હતો. એના પાસ મલતાઆઓએજ આખરે એની જીંદગી સામણે પીતુર ઉઠાવી ઇ૰ પુ૰ ૧૨૦ નાં સાલમાં એના પાએતખ્ત શેહેર સીનોપેમાંજ એને થાર કરીઓ. હવે ફારનાસીસ તથા મજકુર-મેતરદત શાહના સોનાના દશ દીરમવાલા સિક્કા હજુરવેર મલી આવેછે અને જે ખરા હોય એમ હુમક્રી જોકે વિચારેછે તોબી મીઓનેટ તેઓને તદન જુઠા સમજેછે પરંતુ તે વિશે એ નામીચો શીકાશનાસ કંઇ ચોકસ પુરાવા આપી જતો નથી.

એની પછી એના બે છોકરાઓમાંનો વડો છોકરો મેતરદત ૫ મો લકબેયુપેતર પાનતસનાં રાજનો ધની થયો. એને માહાતમા મેતરદત એવો મોટો એલકાબ તમામ ઇતિહાશ કર્તાઓ આપી ગયાછે અને આ ખરૂંછે જે પાનતસનાં રાજની ગાદી ઉપર બીજો આવો બુલંદ અને નામવર જરથોસ્તી પાદશાહ કોઇ કાલે પણ બીરાજેલો આપણાં જોવામાં આવતો નથી. હખામનીઆન ટોળાંના નબીરાઓમાં કુરઉશ તથા દારયવુશ પછી જો બરોબર જોશો તો તેઓની કીર્ત્તિને ધ્રણી જલેહ આપનાર ગોયા એક મોહોટા શિતારા જેવો એ રાજા થઇ ગયોછે. ત્રોગાસ પામપસ તથા તેનાં પુસ્તકોને સંક્ષેપરૂપ આપનાર જસતીન જેવા એના હરરતા વેરી રૂમી ગ્રંથકારોતો એ પાદશાહને શિકંદર થાનેબી વધારે કીર્ત્તિવાન પાદશાહ કરી ગણી ગયાછે અને એની બાહાદુરી તથા તેજ બુદ્ધીની તેઓ બહુ વખાણ કરી ગયાછે. ત્રોગાસનો કાકો તો ખુદ પોતે એની સામણે થયલી પોમપીનાં રૂમી લશકરની ઘોડશવાર રીજમીટમાં એક સરદાર હતો જેથી આવા માહા પુરૂશના જનમકાલ વેળાએ જે અદભુત બનાવો બન્યા હતા તે વિશે આ પ્રમાણે એ રૂમી ગ્રંથકાર લખી જાયછે. "આ પાદશાહની ભવીશ કીર્ત્તિ વીશે ગોયા આકાશપરથીબી આગાહી ઉતરી હતી કારણ એજે જે વરશમાં એ જનમ્યો તથા જે વરશમાં એ પોતે રાજની ગાદી ઉપર બીરાજીઓ તે વરશોમાં શીતેર દીવસ શુધી એક ધૂમકેતુ આકાશમાં એટલીતો રોશનીથી પ્રકાશવા લાગ્યો કે તેથી આશમાનમાં ગોયા આગનો ભડકો ઉઠીઓ હોય એમ દિસવા માંડયુ હતું. તે ધૂમકેતુ આશમાનનો પા ભાગ પોતે પોતાની પુછડીથી રોકી બેઠો હતો અને પોતાની રોશણીથી આફતાબનાં કીરણોને તેણે ઝાંખી નાખ્યાં હતાં. તે આઓ ઉદય થાય અને અસ્ત પામે તે દર વેળાએ નજદીક ચાર કલાક લાગતા હતા." એવોજ એક બીજો કેતુ કેહેછે જે ઇ૰ પુ૰ ૩૭૨ માં પણ દિસ્યો હતો જેને અરસ્તુ મોહોટોધૂમકેતુ એવું નામ પોતાના ખરતા તારાઓ વીશે આપેલાં બીઆનમાં લખી જાયછે અને તે આકાશનો નજદીક ત્રીજો હિસ્સો યાને ૬૦° નો મોહોટો વિસ્તાર પોતે રોકતો હતો. દાયોદોરસ સીકલસ કેહેછે જે તેની રોશણી ચંદરમાહની રોશણી જેવી લાગતી હતી. એ પાદશાહની બચગીની વેળાએ તેના રખેવાલો તેને મારી નાખવા સારૂ મસતાન ઘોડાપર બેસાડી તરતજ ભાલો

ફેંકવાની કસરત કરવા તેને ફરજ પાડતા હતા પણ તેઓએ જારે જોયું જે તે કામ એ જુવાન બાલક ઘણું શેહેલથી ઉડાવી લેવા લાગ્યું ત્યારે તેઓએ તેને જેહેરથી મારી નાખવાના ઉપાયો શોધીઆ. એ વાતની ખબર જુવાન મેતરદતને માલુમ હોવાથી તેને એવાંતો વશાનાં (તીરીઆક) ખાવા માંડયા કે તેથી કોઇપણ જેહેર તેના શરીરને નુકશાન કરી શકતું ન હતુ. જારે એ પાદશાહ બુઢ્ઢો થયો અને દૈવ જોગે આખરે રૂમીઓપર નહિજ ફાવ્યો ત્યારે વીખ લઇ એને પોતે આપઘાટ કરવા જે મેહેનત કરી હતી તેમાં નાહાનપણની તેની આવી આદતને લીધે કેહેછે જે કોઇપણ જેહેર તેનાંપર અસર કરી શક્યું ન હતુ. મબાદા તેનાં દુશમેનો પોતાની નીચ મુરાદમાં તરવાલથી વખતે હવે ફાવે તે માટે શીકારને મસે એ વારંવાર મોહોટાં બિઆબાનોમાં નિકલી જતો, પાહાડે પાહાડ ફરતો, પગે દોડવાની સારી ટેવ રાખતો અને જંગલનાં વેહેશી યાને ફાડી ખાનાર જાનવરોનાં હુમલામાંથી બનચાવા પોતાનાં શરીરને સઘલી પ્રકારની કસરતોથી કસીને તેને ફણે ગોયા રોહીનતન જેવું સખ્ત બનાવી મેલ્યું હતું. જેવો શરીરે એ માહા બળવંત હતો તેવોજ અક્કલ અને બુદ્ધીમાંખી કસી વાંતીએ ફ પોતે ઓછો ન હતો. વીસ વર્ષની અંદરતો એ પોતે પચીશ જુદી જુદી ભાષાઓ શીખી ગયો હતો અને પોતાની દરબારમાં જુદા જુદા મુલકોના એકઠા થયલા એલચીઓ સાથે તેઓની પોતપોતાની ભાષાઓમાં શપષ્ટ રીતે એ વારંવાર વાતચીત કરી શકતો હતો. જારે ગાદી ઉપર આવ્યો ત્યારે એની ઉંમર ફકત ૧૧ થી ૧૨ વર્ષની હતી જેથી એના બાપે રાજમાં એની માતાને એ પુખ્ત વયનો થાએ તાંહાં સુધી એની સાથે વકીલાતન તરીકે નેમાહ્રુક કરી રાખી હતી. ઉંમરે પોહોચતાં તો એણે શઘલો અખતીઆર પોતે એખલો હાથ કરી લેવા સારૂ પોતાની મા અને પોતાના ભાઇને ઠાર કરાવી નાખીયાં કારણ કે એને એવો શક હતો જે તેઓ એને સુખ ચેનથી વખતે રાજ ભોગવવા દેશે નહિ. રાજપર આવતાં પોતાના મુલકને હવે કેમ વધારવો અને એશીઆનો કુરઉશ તથા ઈશકંદર માફક ફરીથી કેમ ધણી થઇ બેશવુ તે બાબદસર એ પોતે બહુ લક્ષ આપવા લાગ્યો. એણે જોયું જે રૂમીઓ એનાં વિચારને હંમેસ આડા આવ્યા કરશે કેમકે રાજપર આવ્યાને હજુરતો એને એક વર્ષ થયું નથી એટલાંમાં ફરીજીઆનો પ્રાંત રૂમીઓએ ફરીથી તરતજ એની સોડેથી પાછો લઈ મેલ્યો. આથી એનાં દીલનો જોસ્સો એ રાજના વધતા જતા લોભની સામણે ઘણી બલતવારીથી થવા ઉશકેરાયો અને તે કારણસર પોતે આસપાસનાં રાજોને જીતી લઇ ઘણો વધારે મજબુત થઇ પછી રૂમને હફાવવાનો નિશ્ચય ઠેડાવ એણે પોતાનાં મનશે કરીઓ. માટે એને ઘણીજ ઝહડપથી જે સ્થીઅનોએ આગલ ઇશકંદરના સરદાર ઓપાઈરીઅનને તેના ત્રીસ હજાર સુનંદા શીપાહો સુધાં કાપી નાખ્યો અને કુરૂશ (સાઇરસ) તથા દારયવુશ (દરાયશ)ને બહુ હફાવ્યા અને માસીદોનનાં રાજા ફીલકુસનાં લશકરને મોહોટી શીકસ્ત આપી તેવા દીલાવર તુરાની ટોળાંને એણે એકદમ પોતે પોતાને તાબે કરી લીધાં. ત્યારબાદ વેશ બદલી કેટલાએક પોતાના દોસ્તો સહિત છુપી રીતે પોતાનાં દેશની તથા તેની આસપાસનાં મુલકોની ભૂમી વીગેરે બાબદોથી ફરીને સારીકાણી પોતે માહીતગારી મેલવી અને તે પછી પોતે બોથનીઆના પ્રાંતમાં દાખલ થઇ તેને પાછલથી જીતી લેવાના ઇરાદાથી સઘલી સુનોઅરા બાબતોથી પોતે

માહીતગાર થયો. તે પછી એ પાદશાહ પાછો પોતાને દેશ ફરીઓ જે વેળાએ તેની ઓરત લાઓદીસે જે તેની બેહેન-પણ થતી હતી એમ રૂમી ગ્રંથકારો લખી ગયાછે પરંતુ ધારીઆ મેલે હું વીચારૂં છું જે તે એની કોઇ નજદીકની સગી હશે તેણીએ એને એક છોકરો પણ એની ગેરહાજરી-ની વેળાએ પોતે જણી આપ્યો હતો. દેશ-માંથી ઘણું સુધી દુર જવાના સબબથી લોકોએ વિચારહ્યું જે એ પાદશાહ વખતે મરી ગયો હશે અને આ તેની ઓરત પણ બીજો ખાવંદ કરી જવાની તઇઆરીમાં હતી માટે હવે તેણીએ પોતાના યાર સાથ મસલેહત કરી પાદશાહને વીખ દેવાનો ઠેડાવ કરીયો પણ પોતાની નીચ યુકતીમાં તે ફાવી શકી નહિ કેમકે પાદશાહને પોતાનો એક દાસીથી આ વાતનો ખબર જલદીથી પડતાં તેણે એ કામમાં જે મુખ્ય આગે વાનો હતા તે સઘલાઓને તરતજ પોતે કટલ કરાવ્યા.

શીઆલામાં એ પાદશાહ કેહેછે જે પોતા-નો વખત મોજ મજાહ તથા આલસાઇમાં નહિ પણ પોતાના બરોબરીઆઓ સાથે મેદાનોમાં કસરત કરવામાં, જોર અજમા-વવામાં, દોરવામાં તથા ઘોડાપર બેસી શી-કારઘાહમાં રોકતો હતો. પોતાનાં લશકર-નેબી પોતાનો માફક ઠાક ખમવા અને બદનની તરેહવાર કસરતો કરાવવામાં રોકી રાખતો હતો જેથી લડાઇની વેળાએ એ શુરો પાદશાહ જેવો પોતે અજીત થઈ પડતો હતો તેવુંજ એનુ લશકરબી ઘણુ જબર ગણાવવા લાગ્યું. આ પ્રમાણે સઘલી ગોઠ-વણો આગમજથી કરી રાખીઆ બાદ એને ઇ૦ પુ૦ ૧૧૨ માં ઉગમણ તરફનાં દેશો એક પછી એક પોતાને સવાધીન કરવા માંડયાં. અહીઆં રૂમના શુરવીરો એની વચ્ચે આવી શકીઆ નહિ અને નજદીક સાત વરસના અરસામાં એણે નાહાનુ આ-રમીનીઆ, કોલચીસ, કાલા સમુદ્રની પુર્વ તરફનો આબો કોસ્તો, હાલનો કરાઈમી-આનો મુલક જેને આગલા ગ્રીકો ચરસો-નીસસ તોરીકા યાને બોસ્ફરસનુ રાજ એવું નામ આપી ગયાછે તે સઘળાં દેશો પોતે પોતાને સ્વાધીન કરી લીધાં એટલુંજ નહિ પણ એ સરહદ આગલથી તે આઠમણ ભણી તાઇરસ યાને નીસતર નદી સુધી જે મુલકો આવ્યાછે તે સઘલાં દેશો પોતે લેઇ મેલીઆં અને પોતાના રાજની સરહદ ઘણી વધારી મેલી. તે સાથે દાનીઉબ નદી આગલ વસનારાં ગીતા, સારમેતા અને બીજાં જંગલી તુરાની ટોળાંઓ સાથે આગલ ચાલતાં ઇટાલીમાં ઠેઠ રૂમ સુધી હેનીબાલ માફક ઘુસી જવાનાં હેતુથી પોતે સંપનાં કોલકરારો કરી હવે એસીઆ માઇનર તરફ પાછો ફરીઓ અને પોતાના દેશમાં આવી નીચે મુજબ વધારે મકમ થવાના ઇરાદાથી સગાઈના ગાંઠો આસ-પાસનાં રાજો વચે કરી નાંખીઆ.

કાપાદોશીઆના રાજા આરીયરથ છઠા સાથે પોતાનાં રાજની શહરૂઆતમાંજ ઘણુ કરી ઇ૦ પુ૦ ૧૨૦ થી ૧૧૫ સુધીમાં પો-તાની બેહેન લાઓદીસને એણે પરણાવી આપી હતી અને પોતાની છોકરી કલીઓ-પાતરાને મોહોટા આરમીનીઆનાં રાજા તીગરન (તીગ્રાનીસ) સાથે ઇ૦ પુ૦ આ-સરે ૯૬ માં લગન કરી આપીઆં; તથા પાફલાગોનીઆનુ રાજ વેહેંચીને ખાઈ જવા સાંરૂ ઇ૦ પુ૦ ૧૦૨ માં બાથનીઆવાલા નીકોમેદીસ બીજા સાથે એણે સુલેહ સંપ-જના કોલકરારો કરીઆ અને પાફલેગો-નીઆના મુલકપર પોતે ચહડી જઈ તેને જીતી લઇ તે રાજના બે ભાગ કરી પોત પોતામાં વેહેચ્યો ખાઈ ગયો. આ વાતની ખબર જેવી રૂમની રાજદરબારી મંડલી

(સેનેત)ને પડી કે તૂર્તજ તેઓએ આ બંને રાજાઓ તરફ ખાશ એલચીઓ તરત રવાના કરીઆ અને એ દેશ પાછો અસલી હાલતમાં તેના ખરા હકદાર રાજાને સ્વાધીન કરી નાખવા તેઓપર કેહવડાવી મોકલાવ્યું. મીથરેદેતીસના ચાંઠીઆમાં હવે ઘણુ જોર આવ્યાથી તેણે રૂમના એલચીઓને સાફ ઘણા તુચ્છકારથી જણાવ્યુ જે "એ રાજ મીરાસ તરીકે મારા બાપને મલ્યું હતું જેથી મને ઘણી તાજુબી ઉપજેછે જે તમો રૂમીઓએ મારા બાપ સાથે કસો વાંધો એ વીશે આગલ ઉઠાવ્યો નહિ હતો ને હવે તમો સા સબબથી મારી સામણે એ વિશે વાંધો કરવા માગોછો તેની સમજણ મને પડી શકતી નથી." એમ કેહી રૂમીઓની ધમકોની કસી પણ દરકાર ન કરતાં એણે એજ શાલમાં આસિશીઆનો પ્રાંતખી પોતે ખુચો લઇ લીધો. હવે રૂમના એલચીઓ જારે પેલી ગમથી નીકામીદીસ પાસે જઇ પોહોંચીઆ ત્યારે એ પાદશાહે એ રાજપર પોતાનો કસો હક પ્રલાકો પોહોચતો નથી એમ કબૂલ કરી પાછું તે રાજ તેના ખરા હકદાર વારેશને સ્વાધીન આપવાની પોતે મરજી દેખડાવી અને પાફલાગોનીઆના રાજાનો સાધારણ એલકાબ જે પાએલામન (પાએલામાનીસ) કરી હતો તે એલકાબ પોતાના છોકરાને આપી તે રાજ તેને સ્વાધીન કરયું, ગોયા રાજ તાંહાનાં અસલી રાજાઓના તાબામાં આપીઉં એમ પોતે ઘીંગ મચાવી તે દેશ પોતાના આશરા હેઠલજ રેહેવા દીધો. આથી કરી પેલા બિચારા એળચીઓ રૂમ તરફ મુંગે મોહોડે પાછા ફરીઆ અને સેનેતને એની ખંધાઇ છેક પાછલથી માલુમ પડી આવી.

ઉપર જણાવ્યા પ્રમાણે વીખ દેવાની કોશેશમાં પકડાઇ ગયાથી મેતરદત શાહે પોતાની ઓરતને જે મારી નખાવી હતી તેથી શંતોસ ન પામતાં આ દોલાવર પણ ધાંટકી પાદશાહે હવે કાપાદોશીઆનું સજખી પોતાના તાબા હેઠળ કરી લેવાના હેતુથી પોતાના બનેવી આરીયરથને કોઇ એક ગારદીઅસ નામના શખ્શની મારફતથી મારી નખાવીઓ. પણ પોતાની બેહેનને પેટના એ પાદશાહના બે છોકરા હજુર એના રસ્તામા હોવાથી અને તે બંને જના જીવતા હોવાથી થોડુંક સુધી એ પાદશાહ પોતાની મુરાદમાં પ્રાવી શકીઓ નહિ. એટલામાં એનો જોર વધતો જોઇ બીથનીઆવાલા નીકામીદીસે એની બેહેન સાથે એની મરજી ઉપરાંત લગન કરી તેનાં બાલકો હજુર નાહાના હોવાથી કાપાદોશીઆની ગાદીનો તે પોતે માલેક થઇ બેઠો. આ વાતની ખબર મેતરદતને પડતાં તેને તરત પોતાનુ લશકર કાપાદોશીઆમાં મોકલીને નીકામીદીસને હાંકી કાહાડીઓ અને પોતાના ભાણેજને પાછી એ દેશની ગાદી અપાવી પણ થોડાક મહીના પછી એણે પેલા ગારદીઅસને એ દેસની ગાદી આપવાનાં બાહાનાથી પોતાના એ મજકુર ભાનેજને લડાઇમાં ખેંચવાની યુક્તી કીધી. જુવાંન આરીયરથને એ વાતની ખબર પડીઆથી તેણે પોતાના બાપનો ખુની જેને આગલ દેશનીકાલ કરવામાં આવ્યો હતો તેને ફરીથી પોતાના રાજમાં બોલાવવા નાપાડી ને પોતાના મામા સામણે થવા એક મોહોટું લશકર એકઠું કરીઉં. આ લશકર સામણે થવા મેતરદત શાહે પણ ૮૦ હજાર પાએદલ, ૧૦ હજાર ઘોડસ્વાર અને તેજ દાટરડાં વાલી ૬૦૦ રેડો એ જંગનાં મેદાનમાં મોકલી આપ્યાં પણ જુવાન આરીઅરથ સોરેખી આસપાસના રાજાઓની શાહેતાથી એટલુંજ

મોહોટું લશકર એકઠું થયું હતું તેથી કોણ જાણેકે લડાઇમાં શું થાએ માટે કંઈ પણ હીલા બાહાનાથી પોતાના ભાણેજને કંઇબી બંદોબસ્તપર આવી જવા પોતાને તાંહાં મીજલશમાં બોલાવીઓ. એવી વેળાએ કંઇ ડગાઈ નહિ થાએ તે સારૂ આરીઅરથના રખેવાલો પોતાના પાદશાહને એ મશવરતમાં શામેલ કરે તે આગમજ મબાદા મેતરદત શાહે કંઇ છુપું હથીઆર શાતેલું ન હોએ તેની તપાસ કરવા જારે એ પાદશાહ સનમુખ ધારા મુજબ આવી પોહોચીઆ અને એની બાજુ શારીકાની તપાસવા લાગયા ત્યારે ખુશ મશકેરીમાં પેલા જાહાડા લેનારાને પોતે કેહું જે "ખબરદાર! સારી કાની તપાસજો નહિતોકે કેથે બાજે ઠેકાણેથી હથીઆર નિકલી પડે નહી." એમ કેહી પોતાના ભાણેજને છુપી રીતે વાત કરવાને બાહાને તેના દોસ્તોથી જરા વેગળો લઈ જઇ પોતાના પાએજામાં જે ખંજર છુપાવી રાખીઉ હતું તેથી તે બીચારાને પેલાં બંને લશકરોની રૂબરૂ તરત ચોડી નાખ્યો અને કાપાદોશીઆની ગાદી ઉપર પોતાના એક આથ વરશના છોકરાને આરીઅરથનુ નામ પાડી ઈ૦ પુ૦ આસરે ૯૪ માં તખ્તનશીન કરીઓ અને પેલા મજકુર ગારદીઅસને તેનો રખેવાલ બનાવીઓ.

બીજે વરશે આ નવા રાજ કારભારીઓના જુલમ અને ધાટકીપણાંથી કાપાદોશીઆની આખી રઈઅત બેજાર થઇ જઇ મીથરદેતીશ સામણે તેઓએ બલવો ઉઠાવ્યો અને પોતાના મરનાર રાજાનો બીજો આરીઅરથ નામનો જે ભાઇ કેળવણી લેવા સારૂ એસીઆમાં હતો તાંહાંથી તેને બોલાવી મંગાવી ગાદીનો માલક કરીઓ. એ ગબરૂ શાહાજાદા સાથે મેતરદતે લડાઇ ઉથાવી તેને હરાવી કાપાદોશીઆમાંથી પાછો હાંકી કાહાડીઓ અને ફરીથી એ રાજનો પોતે ધણી થઇ બેઠો. ધાસ્તીથી થોડુકમાંજ એ પદભ્રસ્ત થએલો જુવાન બિચારો આરીઅરથ ઘણો અજારી પડીઓ અને દરદનુ જોશ જલદીથી વધી પડીઆથી પોને મરણ પામીઓ. એનાં મોહોત પછી વાજબીની શાહે વખતે હવે વંસપ્રમપરા કાપાદોશીઆની માલેકી મેતરદતના ખાનદાનમાં જાએ તેથી ગભરાઇ જઇ નીકામીદીસે જોયું જે હવે મારો બીથનીઆનો મુલકબી ઘણો અડોઅડ આવીઆથી આગલ જતાં તે પરબી એ પાદશાહ તરાપ મારી ખાઇ જશે માટે પોતાની ઓરત લાઓદીસેને સમજાવી એક ઘણા ખુબશુરત જુવાન શખ્શને ઉઠી ઉભો કરી રોમની દરબારમાં પોતાના આગલા ખાવંદ આરીઅરથના ત્રીજા છોકરા તરીકે લઈ જઇ તેને પોતાની બાપીકી ગાદી પાછી અપાવવાની જુઠી ડગાઇ કરી. એ ડગાઇની ખબર મેતરદતને પડતાં તેનેબી પોતે પોતાના બેહેન બહનેવીઓની એ ડગાઇ જાહેર પાડવાના હેતુથી મજકુર ગારદીઅસને તરત રોમ મોકલી આપ્યો અને ઘણી તુંદીથી રોમની રાજકારભારી મંડલીને પોતાના એલચી મારફતથી એમ કેહેવડાવીયુ જે "જે શાહાજાદાને મેં હાલ કપાદોશીઆની ગાદી આપીછે તે તમારા પેલાજ આરયરથનો છોકરો થાયછે કે જેને રૂમીઓને આગલ આરીસ્તાનીકસ સામણે ઉઠેલી લડાઈમાં સારી મદદ આપતાં પોતાનો જાન વઠીક ખોયો હતો." પણ રૂમની સેનેતે આ બંને પાદશાહોના લોભની વાત ચેતી જઈ તેઓમાં હાલ ખુદ પોતપોતામાં માહોમાહે જે મારામારી ચાલતી હતી તેથી આ પારકા બખેડા વચે પડવા અશકત હોવાથી એવો

ચુકાદો કર્યાંઓ જે એ કાપાદોસીઆની ગાદીને સ્વતંત્ર કરવી. પરંતુ તાંહાંનાં વટણીઓએ તે વાત ના મંજુર રાખી અને રૂમીઓને કેહવાડો મોકલાવીઉજે અમારા લોકો પાદશાહ વગર રાજપાત ચલાવી શકનાર નથી; જેથી સેનેતે તાંહાની ગાદી ઉપર ઇ. પુ. ૯૨ માં આરીયબુરજન નામના કોઇએક ઉમરાવને પાદશાહ નેમીઓ; અને પોતાના આવા ચુકાદાથી મબાદા લડાઇ ઉઠે માટે મેતરદત શાહનો જોશસો નરમ પાડવા નીકામીદીસ રાજા સોડેથોબી પાપલાગોનીઆનો પેલો ભાગ જે તેવણુ આગલ હીલાં બાહાનાથી હજમ કરી ગયા હતા તે પાછો ઓકાવી તાહાના રેહેવાશીઓને વલી સ્વતંત્રતાથી રાજપાત ભોગવવાનો હક એ રૂમીઓએ અપાવ્યો. આ બનાવથી અલબત મેતરદતને બહુ માઠુ લાગ્યું પરંતુ તેને હજુર ડહાપણ અરચી રૂમીઓ સાથે એ બાહાને લડાઈ ઉથાવવાને બદલે હજુર પોતે નાંખતી નાંખી જવામાંજ ઘણું બેહેતર વીચારીઉ પણ જોયું જે મોડે વેહેલબી એઓ સાથે વખતે લડાઈ ઉઠયા વીના તો રેહેનારજ નથી માટે અતીઆરથીજ પોતાની કુમકમાં આરમીનીઆના રાજાને લઇ રાખીઓ. મલુકે તવાએફના દોરની વેળાના આ બીજા જરથોસ્તી રાજ વીશે આપણી તવારીખની લડી બેશતી લાવવા અત્રે થોડોક હેવાલ જો સાથે લાગ્યો આપ્યો હોએતો હું ધારૂંછું જે તે બીન ગરજ કેહેવાશે નહીં.

અમલમાં એ આરમાની લોકો સેબો વીગેરે બીજા પુરાતન ગ્રંથકારોના જણાવ્યા પ્રમાણે હખામની વંશનાં તાબા હેઠલ માજદીઅશનાન ધરમનાં ચેલા તરીકે વસ્તા હતા પરંતુ દારાંનાં મોહોત બાદ એ મુલક ઇશકંદરના વારેશોના સ્વાધીનમાં ગયો અને સામ (સીરીઆ) ના મુલક સાથે થોડુંક સુધી તેને જોડી નાખવામાં આવયો હતો. ઈ. પુ. ૩૦૧માં ઇશકંદરના સરદારો વચ્ચે થએલી ઈપસસની લડાઇ બાદ એ મુલક સીલુકશના ખાનદાનનાં તાબા હેઠલ ગણાવવા લાગ્યો પરંતુ ઈ. પુ. ૧૯૦ માં માહાતમા એનતીઓકસને જારે રૂમીઓએ હડાવીઓ ત્યારે એ લોકો હુલદ કરી પોતે સ્વતંત્ર થઇ બેથા અને મોહોટું અને નાહાનુ આરમીનીઆ એવાં બે આપઅખ્તીઆર રાજોમાં વેહેંચાઇ ગીઆ. અફ્રાત (યુફ્રેતીસ) નદીની પશ્ચિમે આવેલો સઘલો ભાગ આ નાહાનાં આરમીનીઆમાં ગણાવવા લાગયો અને ઝરીઆદરૂસ નામના માહતમાં એનતીઓકસના એક સરદારે આસરે ઈ. પુ. ૧૯૦ માં સ્વતંત્રતાનો અંડીઆં જુંદો ઉરાદી રાજનો પોતે માલેક થઇ બેથો. ત્યાર બાદ તેના નબીરાઓ એ મુલકમાં મજકુર મેતરદત શાહના જમાના સુધી રાજપાત ભોગવ્યા જતા હતા પરંતુ તે પાદશાહોનાં નામો ચોકશ રીતે હાલ આપણને મલી આવતાં નથી. જારે મેતરદત શાહે એશીઆમાઇનરના મુલકો એક પછી એક પોતાના તાબા હેઠલ કરી લીધા ત્યારે એ મુલકબી તેના મુલક સાથે જોડાઇ ગયો હતો. ત્યારબાદ એ રાજ રૂમીઓના તાબા હેઠલ ગયું અને જુદદીનના રાજાઓ થોડુંક સુધી એના મસનદ ઉપર એ રૂમીઓ બેસાડવા લાગ્યા પરંતુ આખરે શેહેનશાહ વેસપેશીઅનના જમાનામાં ઈ૦ સ૦ ૬૯–૭૯ સુધીમાં એને સદંતર રોમનાં મુલકો સાથે પછી જોડી નાંખવામાં આવ્યું હતું.

હવે મજકુર એનતીઓકસના બીજા એક સરદાર અરતક્ષોઆસે (અર્દેશરે) જે મોટાં આરમીનીઆનાં રાજનો પાયો નાખ્યો તે પાછળથી એશીઆની તવારીખમાં ઘણું મોટું જબરદસ્ત રાજ થઇ ગયુંછે પણ તેબી આખરે શેહેનશાહ લેજનના દોરમાં ઈ૦ સ૦ ૧૧૪ માં થોડુક રૂમીઓના હાથમાં ગયું હતું. રાજપર આવતાંજ આ નવા પાદશાહે અરતક્ષતાનું શેહેર બંધાવી ત્યાંહા રાજની ગાદી મુકરર કરી. એણે આસરે પચીસ વર્ષ સુધી અલે રાજ કર્યું હતું પરંતુ આખરે એનતીઓકસ ઈપીફાનીસે ઈ૦ પુ૦ આસરે ૧૬૫ માં એનાં દેશ ઉપર ચઢાઇ કરી એને હરાવીને કેદ પકડયો જેથી એ મુલક એપીઅનનાં કેહા મુજબ પાછો સીલુકસના નબીરાઓના હાથમાં આવ્યો હતો. આ બનાવની પંદર શોલ વર્ષ બાદ જયારે પારથીઆના શેહેનશાહ મેતરદત* ૧ લાએ આશરે ઈ૦ પુ૦ ૧૫૦ મા સામની ઉગમન તરફનાં દેશાવરો પોતે જીતી લઇ મોદીઆ, એલીમાઇસ (સુસીઆન્યાં) તથા બાબેલાનના મુલકો પોતાને સ્વાધીન કરી લીધાં ત્યારે અરમાનીઓએબી વલી અલે સ્વતંત્રતાનો જુન્ડો ઉરાડીઓ અને એ દેશની ગાદી ઉપર મોવઝેસ ખોરેનાઇસીના કેહા મુજબ એ શેહેનશાહે પોતાના ભાઇ અને અરસસનાજ ખાનદાનવાલા વઘઅરશગ (વલઆરસસ) ને પોતાની ઓહેવરી હેઠલ ઈ૦ પુ૦ ૧૪૯ માં રાજા નેમ્યો. એ પાદશાહે અંહીઆં બાવીશ વર્ષ વેર રાજ ભોગવ્યું હતું અને એની ધજા કુહેકાફ (કોકેસસ)ના પાહાડો આગલથી તે ઠેઠ નીસબીસ શેહેર સુધી અને કોઆસપીઅન શરોવરથી તે ઠેઠ ભુમધ્ય શમુદ્ર સુધી ઉડી રહી હતી. એનો પછી એના બેતા અરશગે (આરસસે) અત્રે તેર વર્ષ સુધી પાદશાહી ચલાવી હતી અને એબી પોતાના બાપ જેવોજ લડાએક હોવાથી અકશરકરી એને પોનતસના પાદશાહો સાથે મોહોટાં યુદ્ધો કર્યાં હતાં. ત્યારબાદ એનો બેતા અરદાશીસ (આર્તક્ષીસ) અંહીઆંના મશનદ ઉપર ઈ૦ પુ૦ ૧૧૪માં બીરાજીઓ જેને જસતીન ઓરતોઆદીસતીસ એવું નામ આપી ગયોછે. મજકુર અરમાનો ઇતીહાશ કર્તા મોવઝેસ કેહેછે જે એને અલે પચીશ વર્ષવેર રાજ ચલાવીહું હતું અને જસતીનના કેહા મુજબ ઈ૦પુ૦ ૧૦૦ મા પારથીઆના શેહેનશાહ મેતરદત ૨ જા સાથે ઘણુંક સુધી એ લડાઇઓમાં ગુંથાયો હતો. એની પછી એનો છોકરો દીકરાન અથવા તીગ્રાન (તીગ્રાનીસ) ૧ લો જેને ઘણુંક સુધી સલેબો કેહેછે જે એના બાપે હરોલમાં પારથીઅનોના તાબા હેઠળ સોપ્યો હતો તે હવે ઈ૦ પુ. ૮૯ માં એ દેશની ગાદી ઉપર આવ્યો. એણે મજકુર મેતરદત શાહ સાથે સગાઇ તથા દોસ્તીનું નાતું જારી રાખ્યાથી આરમીનીઆની ગાદી ઉપર એબી સૌથી મોટો બખતાવર પાદશાહ ગણાઇ ગયોછે.† એની બાહાધુરીને લીધે મેતરદતે

* અસલમા અવસ્તાઈ લુગટ મીથ્રદાત કરીછે જેપરથી પેહેલવીમા આ નામ ઉતપન થએલુછે અને એનુ ગ્રીકમાં મીથ્રદેતીસ તથા ફારશીમાં મેહેરદાદ એમ થાએછે. આપણા પારશીઓમાં મેહેરવાનજી એ નામ હજુરવેર જે રેવાજમાં આવેછે તેબી પ્રથમમાં મીથ્ર એવાં અવસ્તાઇ વીશેશ નામ ઉપરથી નાંકલેલુંછે અને જેનો અર્થ મેહેરયજદ તમારો નીગેહબાન હોજો એમ થાએછે. મીથ્રદાતનો માએનો મેહેર યજદનો આપેલો કરી હુકેછે અને એ ફરેસ્તો ઘણીએક શકતીઓ ધરાવેછે એમ અવસ્તા ઉપરથી માલુમ પડી આવેછે.

† એ પાદશાહે ચોત્રીશ વર્ષ સુધી રાજપાત ભોગવ્યું હતું. એની બચગીમાં પાર-

એને પોતાનો જમઇ કસ્યો એટલુંજ નહિ પરંતુ ગોરદીઉસની ભલામણથી રૂમીઓ આમણે પોતાના સસરા સાથે થઇ ઘણી બલતવારીથી લડવા એ ઉસ્કેરાયો, અને એ બન્ને પાદસાહો વચ્ચે આમન સામન એવા કોલકરારો થયા કે જેબી મુલકો અને શેહેરો દુશમનો સોડથી તેઓ બન્ને જણા મળી જીતી લેય તે સઘળાં મેતરદત શાહના તાબા હેઠળ આપવાં, અને જેબી લુટ તથા બંદીવાનો લડાઇમાં પકડાય તે સઘળું આરમીનીઆના રાજાને સ્વાધીન કરવું. આ પ્રમાણે સઘળું નક્કિ કીધા પછી દેશેદેશ એલચીઓ મોકળી સીમબ્રાઇ, ગાલોગ્રીસીઅન, સારમેરીઅન અને બાસ્તારનીઅન લોકોને રૂમીઓ સામણે મેતરદત શાહે હવે ઉસ્કેરી મેલીઆ એટલુંજ નહિ પણ તુરાનીઓનું એક મોહોટું લશકરબી કામ પડેતો પોતાનીજ શાહેતાહે આવે માટે સઘળી મમતા દેખડાવી તેઓને મોટા મોટા બાડવા આપી પોતાની પક્ષમાં કરી લીધું.

હવે એજ અરસામાં ચાતો તેની થોડા માસ પૂર્વે બીથીનીઆવાળો રાજબી પુન્ન વયે ઇ૦ પુ. ૯૧ માં મરણ પામ્યો જેથી તે દેશની ગાદી ઉપર તેનો વડો છોકરો નીકામીદીસ ૩ જો હવે તખ્તનશીન થયો. એ શાહજાદો એક કંચનીને પેટે અવતરેલો હોવાથી મેતરદતે તેને ગાદી ઉપરથી હાંકી કાહાડી તેને બદલે તેના નાના ભાઇ સોકરાત (સાકરતીસ) લકબે નેકબખ્તને તખ્તનશીન કીધો. હવે આ પદભ્રસ્ત શાહજાદોબી રૂમની દરબારમાં જઇ રડી કુટી પડયાથી સેનેટે મેતરદતની વિરૂદ્ધ ચુકાદો કરી તેને પોતાના બાપની ગાદી ઇ૦ પુ. ૯૦ માં પાછી અપાવી જે અપમાનબી મુગે મોહોડે મેતરદત શાહે હજુર ખમવાને દરૂસ્ત વિચારયું. પણ બીજે વર્ષે રૂમીઓની મદદ અને છુપી ઉશ્કેરણીથી એ નાદાન શાહજાદો મેતરદત શાહનાં પડોશનાં મુલકો ઉપર ચહડી જઇ આમાસત્રીસનાં શેહેર સુધી પાનતસના આ બલવંત પાદશાહનો સઘલો ફુલવંત મુલક તારાજ કરી નાખીને પોતાને મુલક મોહોટી લુટ લેઇ પાછો ફર્યો. આ

થીઅનો સાથે સુલેહ રાખવા એને પોતાનાં દેશનાં કેટલાંએક પ્રાંતો ઉપરથી પોતાનો હક ઇલાકો ઉઠાડી લેવાની ફરજ પડી હતી પરંતુ ઇ૦ પુ. ૯૦ થી તે ઇ૦ પુ. ૮૭ સુધીમા પારથીઆના શેહેનશાહને તેની ભૂમીમાં હરાવી મોટી કીર્ત્તિ સાથે પેલાં પ્રાંતો પાછાં પોતે જીતી લીધાં. આદીઆબીનીનો મુલક એ પોતાને સ્વાધીન કરી બેથો તથા આલેપેતીન મોદીઆ તથા ગોરદીનો યાને ઉપલાં મોસાપોતેમીઆના રાજાઓને પોતાની બાહેધરી કબુલ રાખવા એણે ફરજ પાડી તથા તેઓ સોડથી પોતે ચોથાઇ વટીક લેતી કરી. ત્યારબાદ અફરાત નદી ઓળંગી ગ્રાઇપસના છોકરા ફીલકુસ (ફીલીપ) સોડથી ફણે આખો સામનો મુલક સીલીસીઆનાં પ્રાંત સાથે પોતાના હાથ કરી લીધો અને ઇ૦ પુ. ૮૩ થી ૬૯ સુધી ચોદ વર્ષ વેર પામફીલીઆની સરહદ આગળથી તે ઠેઠ કાસપીઅન સરોવરના કિનારા સુધી એનાં રાજની ધજા ઉડતી હતી અને એજ અરસામાં એણે તીગ્રરનોસરતા નામનું નામીચું શેહેર પણ પોતે વસાવ્યું હતું. ઇ૦ પુ. ૭૫ માં આસ્યબુરજીનને કાપાદોસીઆની ગાદી ઉપરથી હાંકી કાહાડી તે દેશ કેટલોક વેરાન કરી ત્રણ લાખ કેદીઓ એ પોતા સાથે પકડી લેઇ ગયો હતો. મીસ્રદેતીસનો હમસરીક હોવાથી પામ્પીને હાથે જયારે તે નામવર શેહેનશાહ આખરે હારી ગયો ત્યારે રૂમી સિપાહોથી એણેબી મોટી શિકસ્ત ખાઇ પોતાનાં જીતેલાં સઘળાં મુલકો ખોઇ દીધાં અને એના હાથમાં ફકત પોતાની બાપીકી

લશકર સામણે થવા અને નોકામીદસની શુદ્ધી ઠેકાણે લાવવા મેતરદત શાહ પાસે જોકે મોટી ફોજ હાજર હતી પરંતુ તેને માલમ હતું જે આ સઘલું તોફાન રૂમીઓની છુપી ઉશ્કેરણીથી થયલું છે માટે એ લડાઇનો સઘળો દોશ તે પોતે રૂમીઓને માથે નાખવા લાગ્યો અને પોતાને ગયલી નુકસાનીનો બદલો ભરી અપાવવા પીલાપીદસ નામના પોતાના એક જબાંદરાજ એલચીને રોમની દરબાર ખાતે મોકલી આપ્યો. પણ રૂમીઓ હજુર જાહેર રીતે પોતાની દુશમની જણાવવા અસકત હોવાથી મીઠું મીઠું બોલીને પેલા એલચીને ઉપરને ઉપર રમાડવા લાગ્યા. આખરે પીલાપીદસે સેનેટને ઘણીજ તુંડીથી જણાવ્યું જે અગરજો તમો અમારી સરકારને બરાબર ઈનસાફ નહિ આપશો તો અમારો નામવર પાદશાહ પોતાનુ સુઝયું કરી લેવાને તદનજ શક્તિવાન છે. આવા એના છેલ્લે પાતલેના ઉત્તરથી રૂમીઓને બહુ રીશ ચહડી અને તેઓએ પેલા એલચીને દરબાર છોડી જવા કહ્યું જેથી રૂમીઓ સાથનું દોસ્તીનુ નાતું જાહેરાત રીતે તોડી નાખવાની એ પાદશાહને હવે આઇન ફરજ થઇ પડી અને રૂમના શુરવીરોને નજદીકે બે દાએકા સુધી એણે પોતાની જવાંમર્દી અને તેજ બુદ્ધીથી ત્યારબાદ એવાનો જબરા હફાવ્યા હતા કે હેનીબાલ પછી તેઓને એવો જબરદસ્ત કોઇ બીજો દુશમન મળ્યો નહિ હતો.

એ લડાઇ સપર પેહેલાં ઇ૦ પુ૦ ૮૯ માં શરૂ થઈ. આરમીનીઆના રાજા તીગ્રાને કાપાદોસીઆ ઉપર ચહડી જઈ રૂમે નેમેલા રાજા આસ્યબુરજીનને હાંકી કાહાડી તે દેશની ગાદી ઉપર મેતરદત શાહના છોકરા આસ્યરડને ફરીને તખ્ત નશીન કીધો. મજકુર બિચારો આસ્યબુરજીન આ હલ્લા સામણે થવા તદન અસ્કત

ગાદીનાંજ મુલકો હવે રહી ગયાં; પરંતુ ઇ.પુ. ૬૫માં પામપી સાથે મિત્રાચારી થયાથી ગોરદીનીનો પ્રાંત પાછો ફના સ્વાધીનમાં આવ્યો હતો. એના સિક્કાઓ ઉપર સપર પેહેલીવારા ગ્રીક હરફો દિસેછે. ફની પછી એનો છોકરો આરતાવસદીસ (આર્તાવાજ) ૧ લો આરમીનીઆની ગાદીનો ઈ.પુ. ૫૫ માં માલેક થયો. એ પાદસાહે ગ્રીક ભાષાનો સારીકાની મુતાલો કરેલો હતો અને એ ભાષામાં ફની કલમથી તવારીખ, નાટકો વિગેરે ઘણાએક નાના રસાલાઓ રચાંપલા હતા. કરાસસ સાથે પારથીઆપરની ચહડાઇની વેળાએ ઇ. પુ. ૫૪ માં એ પેહેલાં રૂમીઓની બોરદુફ હતો જેથી ઓરોદીસે જ્યારે એનાં મુલકો ઉપર સ્વારી કરી અને રૂમથી એને કાંઇપણ મદદ મળી શકી નહિ ત્યારે એણે પોતાની છોકરીને પારથીઆના આ મજકુર શેહેનશાહના જવાંમર્દ બેટા પેકોરસ સાથે પરણાવી આપીને રૂમને છોડી હવે પારથીઅનો સાથે પોતે મિત્રાચારીનો ગાંઠ બાંધ્યો. એનતનીએ ઇ૦ પુ૦ ૩૬ માં જ્યારે પારથીઅનોને દબાવ્યા ત્યારે પાછો એ રૂમની શાહેતામાં હતો અને તે સરદાર સાથે મીદીઆ આત્રોપેતીનનાં એજ નામ ધરાવનાર જરથોસ્તી પાદસાહ સામણે લડાઇમાં બી ફ ગુફીઓ હતો પણ તેમાં રૂમીઓનું તથા એનું લશકર મીદીઆના પાદસાહ આરતાવસદીસથી મોટી સિકસ્ત ખાઇ પાછું હડ્યું. આ માઠા બનાવનો સઘળો દોશ એનતનીફ એને સર નાખીને ઇ. પુ. ૩૪ માં એનાં દેશ ઉપર ચહડી જઇ એને પકડીને મેસર મોકળી આપ્યો કે જાંહાં કલીઓપાત્રા રાણીએ એને ઇ૦ પુ૦ ૩૦માં મારી નખાવ્યો હતો. એનાં કેદ પકડાવા પછી આરમીનીઅનોએ પોતાની ગાદી એના છોકરા અરતક્ષીઆસ (આર્તક્ષીસ) ૨ જાને

હોવાથી તરત રોમ તરફ નાહાસી ગયો. તેને પાછો તેની ગાદી ઉપર બેસાડવાના હેતુથી રૂમીઓએ હવે એકુવીલીઅસ તથા માનલીઅસ માલવીનસ નામના પોતાના બે શુરા સરદારો પાસે એશીઆમાં મોટું લશકર આરાસ્તે કરાવ્યું અને તેને ત્રણ ભાગોમાં પછી વેંહેંચી નાખ્યું. પેહેલાંની સરદારી પરગેમશના રૂમી હાકેમ લ. કાસીઅસના હાથમાં હતી. તેની સોડે થોડુંક ઘોડેસ્વાર તથા ચાલીસ હજાર પાએદલ સિપાહોનું લશકર હતું. બીજું એટલુંજ લશકર પામફલીઆના રૂમી હકિમ કુવીનતસ ઓપીઅસની સરદારી હેઠલ આપવામાં આવ્યું હતું. ત્રીજાની સરદારી કાપાદોસીઆમાં મજકુર માનલીઅસ માલતીનસે પોતાના અશતકમાં રાખી હતી અને તેની સોડે પણ ચાલીસ હજાર પાએદલ તથા બીજું મોટું ઘોડેસ્વાર લશકરખી હતું કે જેની સંખ્યા ચોકસ રીતે હાલ માલમ પડતી નથી. તે સાથે નીકામીદસેખી પોતે પોતાની તથા રૂમી સરદાર એકુવીલીઅસની સરદારી હેઠલ બીજું પચાસ હજાર પાએ-

સપુરદ કીધી. સાર પેહેલાંતો રૂમીઓએ મીદીઆના મજકુર રાજા આરતાવસદીસની સાહેતાથી એને પોતાની ગાદી ઉપરથી નસાડી મેલ્યો; પણ પાછળથી ઓકતેવીઅસ તથા એનતની વચ્ચે સળગી ઉઠેલી માંહોમાહેની લડાઇની વેળાએ એ પાછો પોતાની ગાદી ઉપર આવ્યો અને મીદીઆ આત્રોપેતીનના પાદશાહને હવે હરાવી તેને કેદ પકડયો અને એજ વેળાએ પોતાનાં મુલકના સઘળા રૂમી રેહેવાસીઓને કટલ કરવાનો એને પરવાનોબી આપ્યો હતો, ને જે અમલમાં વટીક આવ્યો હતો. ઇ. પુ. ૩૪ થી ઇ. પુ. ૧૯ સુધીઅંદર વર્ષેવેર રાજ ભોગવ્યા બાદ એને એના એસીઓએ મારી નાખ્યો. એની પછી એનો ભાઇ તીગ્રાન ૨ જો રૂમીઓની સાહેતાથી એ દેશની ગાદીનો માલેક થયો અને ત્યારબાદ તીગ્રાન ૩ જો અંહીઆંના મશનદ ઉપર બીરાજીઓ જેને રૂમીઓએ પદભ્રસ્ત કરીને આરતાવસદીસ ૨ જાને ઈ. પુ. ૬ મા એ ગાદી એક વર્ષ સુધી સવાધીન કરી પરંતુ પાછી તે એને ઇ. પુ. ૫ માં શોપવામાં આવી હતી. એની પછી એની વીધવા રાણી ઈરેતો અત્રે રાજ ચલાવવા લાગી પણ તેને ઈ. પુ. ૨ માં જોર જુલમથી ઉઠાડી મેલીને રૂમીઓએ આર્યેપુરજીન નામનાં કોઇએક પારથી અનઉમરાવને ઈ. સ. ૨ માં એ દેશની ગાદી ઉપર બેશાડીઓ. એ પછીના અરમાની પાદશાહોનો ટીપ આ મુજબ સાં: માંરતે' નામનો એક ફરાંશીસ આલેમ નીપજાવી કાહાડેછે:—

આરતાવસદીસ ૪ થો ઇ. સ. ૪ સુધી.

રાણી ઈરેતો પાછી તખ્તપર આવી ઇ. સ. ૫ સુધી.

હવે રાજમા અનધા ધુનધી થોડુંકવેર ચાલી.

વોનોનીસ ઈ. સ. ૧૬ સુધી.

રાજમા વલી અનધા ધુનધી ચાલી ઈ. સ. ૧૭ સુધી.

પોનતસવાલો ઝીનો અરતક્ષીઆશના નામથી બેઠો ઈ. સ. ૧૮ સુધી.

તીગ્રાન ૪ થો.———

અરસસ ૨ જો ઇ. સ. ૩૫ સુધી.

આઇબીરીઆવાલો મીથ્રદેતીસ.———

રહાદામીસતસ ઇ. સ. ૫૧ સુધી.

તીરદાદ(તીરીદેતીસ)૧લો ,, ૫૨ ,,

તીગ્રાન ૫ મો ,, ૬૦ ,,

તીરદાદ પાછો મશનદ ઉપર બેઠો ઇ. સ. ૬૨ સુધી.

એ પછીનો અરમાનીઓની તવારીખ આગલ ચાલતાં વીશતારવામાં આવશે.

દલ અને ૭ હજાર ઘોડેસ્વાર લશકર બીઠ્નીઆમાં એકઠું કરી રાખ્યું હતું તે વળી જુદું. આવા રૂમી સરદારોના હાથ હેઠળ સફ સમારી ઊભેલાં બોહોલા લશકર સાંમણે હાથ મેલવવા મેતરદત શાહ જેવા જંગી પેહેલવાનને સપર પેહેલાંતો કાપાદોસીઆના મુલકોમાં હવે ફરજ પડી. તેણે માનલીઅસ માલતીનસનાં તમામ લશકરને સદંતર હરાવી આરયબુરજીનને ફરી નસાડીને એ દેશ ઉપર પોતાનો પગ વધારે મુસ્તકીમ કીધો. તાંહાંથી બલાનાં એક મોટાં વાદળ પેઠે તે પોતે હવે બીઠ્નીઆમાં દાખલ થયો અને નીકામીદીસનાં સઘલાં લશકરનો આમનીઉસ નદી આગળ મોહોટો પરાજય કરી રૂમી સપેહસાલાર એકુવુલીઅસને કેદ પકડયો અને રોમનો હોકમ આવે તે આગમજ આ સઘળું રમખાન એ સરદારેજ પ્રથમમાં મચાવીઉ હતું માટે તેને ગધેડે બેસાડી રસ્તે રસ્તે ફેરવી હાથે જંજીર પેહેરાવી ઘોડાની પાછળ પાછળ દોડાવીને લશકરની સનમુખ ઘણો બેહુરમત કરી આખરે સીસું તાવી તેનાં ગળાંમાં ગરમ ગરમ નાખીને ઘણો વવાની વવાનીને ઘાટકી રીતે મારી નાખ્યો. ત્યાર બાદ બાકી રહેલાં બીજાં બે રૂમી લશ્કરો સામણે લડી તેઓનોબી એક પછી એક પરાજય કરી સઘળું લશકર બારેવાત કરી નાખ્યું તથા ઓપીઅસનેબી કેદ પકડી તેને પણ ઘણો બેહુરમત કીધો. એનાં આવાં બુલંદ એકબાલને લીધે આસપાસનાં રાજો વટીક હવે એની શાહેતાએ આવ્યાં. કહેછે જે બાવીશ જૂદી જૂદી વર્ણો હવે એના ઝુંડા હેઠળ એકથી થઈ હતી અને તે સઘળી વર્ણો સાથે એ પાદસાહ ખુદ પોતે તેઓની દેશી ભાષાઓમાં ઘણીજ સ્પષ્ટ રીતે વાતચીત કરી શકતો હતો. એનાં લશકરમાં એ વેળાએ બે લાખ પચાસ હજાર પાયદલ અને ચાલીસ હજાર ઘોડેસ્વાર તથા ચારસેં વાંહાંણોનો એક મોટો જબરદસ્ત કાફલો અને એકસો ત્રીસ જૂદનાં મોટાં રેઠા હતાં એમ રૂમી ગ્રંથકારો જરા સહુરાવીને લખી ગયાછે. તે સઘળાં લશકરને પોતાની રૂબરૂ એકઠું કરી રૂમીઓ સામણે હવે પછી ઘણી વધારે બલતવારી અને હિંમતથી લડવા તથા તેઓનાં દિલનો જોસ્સો ઉસ્કેરવા એક ઘણું રંગીન અને અશરકારક ભાષણ પોતે તેઓની સનમુખ હવે જે કરી સંભલાવ્યું તેનો સંક્ષેપ જસતીન આ મુજબ લોગાસ પામપસના અસલી દફતર ઉપરથી નિચે મુજબ આપી જાયછે:—

તે બોલ્યો જે "રૂમીઓ સાથે સુલેહ કે લડાઇ ચાહવી તે વિશે ગોર કરવાનું જો મારા હાથમાં હજુરવેર બાકી રહ્યું હતેતો હું બહુ ખુશી થતે, પરંતુ તેઓ સપર પેહેલાં આપણાં દેશ ઉપર ચહડી આવ્યાથી આપણને હવે તેઓની સામણે થવુંજ જોઇયે; અને ગમે એવા નબલા પોચ્ચા શખ્સોનાં મનમાખી એવો વિચાર આવ્યા વિના રેહેશે નહિ, કારણ કે, રાહજણો સામે પોતાના જાનમાલના બચાવ ખાતર નહિતો કીનો લેવાના હેતુથીબી સઘળાં માણસો વખતે પોતાની તરવાળ મિયાનમાંથી કાહાડવાને ચુકતાં નથી. પણ આપણેતો આ ખરે જયારે તેઓ સાથે હવે લડાઇનાં રણમાંજ ઉતરયા છૈયે તો કેવી રીતે અને કયા કયા ઉપાયોથી આપણને એ લડાઇને લંબાવવી જોઇયે? મારી પૂર ખાતરીછે જે જો તમો હિંમત ધરશો તો આપણે ફતેહ પામ્યા વોના રેહેનાર નથી. હું જેમ જાણુંછું તેમજ વળી મારા સિપાહોનેબી સારીકાણી રોશન છે જે રૂમીઆનેબી જીતી શકાય તેવુછે, કેમકે તેઓએ એ-

કુર્લીઅંસનાં લશકરને બોહનીઆની તથા માલતીઅસનાં લશકરને કાપાદોસીઆની ખુનખાર લડાઇઓની વેળાએ સારો સવાદ ચખાડેલોછે અને આપણી આવી પોતાની અજમાયસ થાનેખી બીજાં પર રાજોએ તેઓને આપેલી શિકસ્તો વિશેખી જો તમારે જાણવું હોયતે તેવા દાખલાઓ પણ મારી સોડે બિસ્યા મોજુદછે. મારા સાંભળવામાં આવ્યું છે જે ફકત પાંચ હજાર માસીદોનીઅન સિપાહીની કુમકથી પીરસે રુમીઓને આગલ ત્રણ લડાઇઓમાં હરાવ્યા હતા; અને હેનીબાલ ઇટલીમાં સોલ વર્ષ સુધી એ લોકો ઊપર ફાવતો ચાલ્યો હતો. આખરે પોતાના દેશીઓની હસદ અને અદેખાઇનેજ લીધે અને નહિ કે રુમીઓનાં બલથી તે પેહલવાન રોમ શેહેરને જીતી શક્યો નહિ. મેં સાંભલ્યુંછે જે આલપ્સની પેલી પારના ગાલ લોકોએ ઇટલી ઉપર હુમલો કરી ત્યાંહ ઘણાએક મોહોટાં શેહેરો પોતે વસાવેલાંછે અને જોકે એશીઆની ભૂમી ઘણી લડાએક નથી તોબી એ ગાલ લોકો તાંહાં જે સંસ્થાણો કરી પડયાછે તે થાનેખી વધારે મોહોલો મુલક એ સત્તા તરફ એ લોકોનાં હાથમાંછે. મારી જાણમાં આવ્યુંછે જે રોમને એ ગાલ લોકોએ એક વેળાએ લઇ મેલ્યું હતું એટલુંજ નહિ પણ જીતીબી લીધું હતું અને ફકત એકજ ટેકડી લેવાની બાકી રહી હતી એટલામાં રુમીઓએ તેઓને તરવાલથી નહિ પણ સોનાનાં દામો આપી પાછા પોતાને દેશ વિદાય કરયા હતા. હવે એજ ગાલ લોકો જેઓથી રુમીઓ આટલા બધા બિહતા હતા તેઓતો ખુદ પોતે હાલમાં મારાં લશકરને જેબ આપેછે; અને ઇટલીમાં જે ગાલ લોકો વશેછે તેઓથી તેઓની ભૂમીજ માત્ર જરા વેગળીછે; પરંતુ હિમ્મત અને લડાઇની કુનેહ તથા જાતબુનીઆદીમાં એ બન્ને દેશાવરોના ગાલ રેહેવાશીઓ તો એક એકને આબેહુબ મળતા આવેછે. તેજબુદ્ધીમાં જોવોતો એશીઆના મારા ગાલ વતનીઓ ઇટલી માહેલી પોતાની વર્ણ થાને ઓર ઉલતા ચહડે તેવાછે, કેમકે ઇલીરીકમ અને ત્રેસનાં મોટાં બિઆબાનો ઓલંગવાથી તેઓ વધારે કમાયલ તથા ખડતલ બન્યાછે. મારા સાંભલવામાં આવ્યુંછેજે રોમ શેહેરનો પાયો નખાયા પછી આખું ઇટલી જો બરાબર જોશોતો તેનાં સ્વાધીનમાં આજ સુધી આવ્યુંજ નથી. તાહાંના કેટલાંએક લોકોતો સ્વતંત્ર થવાને અને બીજાઓ રાજ અધીકારીઓ થવાના ઇરાદાથી હંમેશ પોત પોતામાં લડયા કરેછે અને ઇટલીનાં ઘણાંએક પ્રાંતો એતો રુમનાં લશકરોને વારંવાર તરવાલોથી કાપી લોહીની નેહેરો તાંહાં ચલાવીછે અને સેમનાઇતાએતો તેઓને જંજીરમા જીકડી તેઓના પડવા ઉપર પાતું અને દાઝયા ઉપર દાહામ દેઇ પાછા પોતાને શેહેર રવાના કરયા હતા. પણ હવે ગેઈ ગુજરી વાતો તથા બનાવોને ગોયા એકકોરે હડસેલો. હાલમાં પણ આખું ઇટલી મારસાઇ લોકો સાથે લડાઇમાં ગુથ્યુંછે, કારણકે તેઓ હવે કંઇ છુતાપણું માગતા નથી પરંતુ રાજકારભારમાં શેહેરીઓ તરીકે સઘલા હકો પોતાનાં લોકો સારુંખી મેળવવાનો તેઓ હાલ દાવો લેઇ બેઠાછે. તે સાથે તાંહાનાં બરે લોકોમાં માંહો માંહે સળગેછે જેથી તેઓ આપસ આપસમાં મરઇમરે તેવુંછે. વળી જરમનીમાંથી હજારો હજાર જંગલી અને ધાટકી સીમબ્રાઈ લોકોનાં ટોળાં બલાનાં એક વાદળ માફક એ દેશની ઉપર હાલમાં ઉતરી પડયાંછે જેઓના એકંદર હુમલાબી સામે

થવા એ લોકો અશક્તછે. આવા આવા સબબોને લીધે હું ધારૂંછું જે આપણે જો બાહાદુરી અને હિંમતથી લડશું તો આખરે એઓ ઉપર ફાવ્યા વના રેહેશું નહિ કારણ કે, હાલમાં એ લોકો ચો તરફથી ફસી પડેલા અને શંકોચમાં આવી ગયલાછે."

"હવે હાલના હિંગામનો મામલો જોતાં આપણને તેનો લાભ લેઇ લેવો જોઇયે અને આપણું જોર વધારી મેળવાની તક હમણાં હાથથી જવા દેવી જોઇયે નહિ, કારણકે, રૂમીઓ જ્યારે હાલ રોકાનમાંછે તે વેળાએ જો આપણે આલગાઈ પકડશું તો તેઓ પોતાનાં દુઃખમાંથી જ્યારે આગળજતા ફારેગ થશે ત્યારે આપણને તેઓ સામે લડવાને ઘણી હરખતો આડી આવશે. લડાઇ ઉઠાવવી કે નહિ તે કંઈ હવે સવાલ રહ્યો નથી પણ સવાલ એછે જે આ વખત હવે આપણને દુશમનો ઉપર ફાવવા માટે લાભકારકછે કે નહિ? જોશોતો રૂમીઓએ મારી બચગીના વખતમાં મોટાં ફ્રીજીઆનો મુલક, જે મારા બાપને એજ રૂમીઓએ તેઓને એરીસ્તાનીકસ સાથની લડાઇમાં આપેલી કિંમતી મદદના બદલામાં બક્ષિસ તરીકે આપી દીધો હતો, જે મુલક મારા બપાવાના બાપને સીલુકસ કેલીનીકસે પોતાની છોકરી પરણાવતી વેળાએ રીતમાં આપ્યો હતો, તે મુલક જ્યારે મારી સોડેથી ખુંચી લીધો ત્યારથીજ એ લોકોતો મારી સામે લડાઇ શરૂ કરી ચુકાછે એમ હું માણુંછું. જ્યારે તેઓએ પાફલાગોનીઆનો મુલક જે મારા બાપના તાબામાં લડાઇથી નહિ પણ તાંહાંના પાદશાહનાં મોત બાદ મિરાસમાં મલ્યો હતો તે ઉપરથી મારો હક ઇલાકો છોડી દેવાની મને ધમકી આપી ત્યારેબી શું એ મારામારીનું બી ફરીને રોપવાને એ લોકોએ સાફ વેતરણો કરીછે કે નહિ? પણ એઓનાં આવા તુન્દ ફરમાનો સામે વારંવાર થવા મે મક્કમ ઉપાયો લીધા નહિ અને સઘલું શાંત રીતે અને મુગે મોહોડે ખમ્યા કીધું. હવે જોવો જે કેઇ બાબદમાં હું તેઓની મરજી પ્રમાણે ચાલ્યો નથી? શું મેં ફ્રીજીઆ અને પાફલાગોનીઆના મુલકો ઉપરથી મારો હક ઇલાકો છોડી દીધો નથી? પ્રજાઓનાં સાધારણ કાનુનો પ્રમાણે કાપાદોસીઆનો મુલક જે મેં લડાઇમાં જીતી લીધો હતો તેનાં ઉપરથી મારા છોકરાને શું એ લોકોએ ઉઠાડી મેલીઓ નથી? જોકે એ ફતેહથી લડાઇના કાએદા મુજબ એ મુલક હવે ખુદ મારો પોતાનો થવો જોઇયે તે મુલક એ લોકોએ જોશોતો મારી સોડેથી જોર જુલમથી ગોયા ખુંચી લીધોછે. બીઠનીઆના પાદસાહ કરીસતાસ સાથે સેનેટે લડાઇ ઉઠાવી પોતાની મોજ સારૂ તે બિચારાને એ લોકોએ શું ઠાર કરયો નથી? અને જે કામ ગોરદીઉસ અથવા તીગ્રાનને હાથે થયું તેનો ટોપલો એઓએ સઘળો મારે સર નાખ્યો. ને છુટાપણું એ લોકોએ બીજી સઘળી પ્રજાઓ સોડેથી ખુંચી લીધુંછે અને લેયછે તે અલબતાં મારૂંજ દીલ દુખવવા સેનેટે મજકુર કાપાદોસીઅનોને તર્ત બખશેશ કરયું અને જારે તાંહાંના રેહેવાશીઓએ સ્વતંત્ર રીતે રાજ ચલાવાને બદલે ગોરદીઉસને પોતાનો પાદસાહ નેમવા માટે કાલાવાલા કીધા ત્યારે રૂમીઓએ આ મજકુર ઉમરાવ મારો ફકત દોસ્ત હોવાથી તેઓની અરજી બાહાળ રાખવાને પોતે ના પાડી. તેઓનાજ ઉશકેરવાથી નીકામીદીસે મારાં મુલકો ઉપર સ્વારી કરી હતી અને જ્યારે તેનો કીનો લેવા મેં મારી મરજી દેખાડવી ત્યારે મારી વિરૂદ્ધ એજ લોકો થયા હતા અને એ

જાહેર નાચનારીના એ છોકરાને હાથે મારાં મુલકો બરબાદ થાએ તેથી તે મુલકો મેં તેને સ્વાધીન આપવા ના પાડયું જેનું છીતું શોધી હાલમાં એ લોકોએ મારી સામણે આ જંગ મચાવીઉછે."

"પાદશાહોનાં વાંકને ખાતર નહિ પરંતુ તેઓનાં બળ અને રોબની અદેખાઇના મારયા હંમેશ એ લોકો તેઓ ઉપર હુમલા કરેછે, અને મારી સાથેબી એવી ચાલ એઓએ ચલાવીછે એટલુંજ નહિ પણ બધી વેળાએ બીજા સઘળા રાજાઓ સાથેબી એજ પ્રમાણે એ લોકો વરત્યાછે. મારો બાપાવો ફારનાસીસ જેને તેનાં એશોઓનો લવાદીથી પરગેમસના પાદશાહ યૂમનીસનાં મોત બાદ તે દેશની ગાદીનો વારેશ નેમવામાં આવ્યો હતો તેની સાથેબો એજ મુજબ એઓ નિવડયા હતા તો જોકે એજ યૂમનીસની મેહેરબાનીથી તેનાંજ વાહાણોમાં સપર પેહેલીવાર એસીઆમાં એ લોકોનો પગદંદોબી કરી આપવામાં આવ્યો હતો અને તેનાંજ લશકરની અને નહિકે પોતાનાં લશકરની શાહેતાથી એજ રૂમીઓએ એશીઆમાં મહાતમા એનતીઓકસ તથા ગાલ લોકોને જીત્યા એટલુજ નહિ પણ ત્યાર પછી તરતજ માસીદાનના રાજા પરસાસનેબી પોતાના તાબા હેઠલ કરી લીધો હતો. તેની સાથેબો પાછલથો એઓએ છેડતી શોત્રી દુસમેની કરી હતી તથા તેને ઇટલીમાં પેસવાની મનાઇ કરી હતી અને જોયું જે તેની સાથે લડાઈ કરતાં તો હવે પોતાને ખરાબ લાગે માટે, તેનાં મોત બાદ તેના છોકરા આરીસતાનીકસ સાથે મોટું યૂદ્ધ મચાવ્યું હતું. નોઊમીદીઆના રાજા માસીનીસાની કિંમતી શેવાને એ લોકો સોથી સરસ આભારીછે અને એમ એઓ એકરાર પણ કરેછે અને કોઇબી પાદશાહની શેવાને એ લોકો તેથી વધારે અગતની બાહાલ રાખતાજ નથી, કારણ કે એવું કેહવાયલુંછે જે તેનીજ મદદથી એ લોકો હેનીબાલ ઉપર ફતેહ પામ્યા હતા, સાઇફક્ષને કેદ પકડી ગયા હતા અને કારથેજને તારાજ કરી નાખ્યું હતું. પેલા બંને સીપીઓ આફરીકેનસો સાથે તેનેબી રોમ શેહેરને બચાવનાર તરી કે ત્રત્ય પુરૂષ કરી એઓ પોતે એકરાર વટીક કરેછે; પરંતુ આફ્રિકાની અંદર તેના નબીરા સાથે હમણાજ એ લોકો લડાઇ કરી ફારેગ થયાછે અને તેના બાપાવાની આવી કિમતી શેવાની મુરવત ન રાખતાં તે બિચારા હારેલા પાદશાહને એઓએ કેદ કરયોછે અને તેને માથું લગાડવા પોતાની ફતેહનો નિશાણ તરીકે તેને રસ્તે રસ્તે ફેરવ્યો છે. સઘળા પાદશાહોને ધિક્કારવા એતો એ લોકોનો કાનુનજછે, પણ તેઓના ખુદ પોતાના પાદશાહો એવાતો થઇ ગયાછે કે તેઓનાં નામથી તેઓને શરમાવવું જોઇયે. તેઓ એ દેશના અસલી વતનીઓના યાતો ભરવાડ હતા, યાતો સેબાઇન લોકોના ભવીશ વરતનાર ઠગારાઓ હતા. કોઈ કોઇ ઓતો દેશનિકાલ થયેલા કોરીનથીઅનો અને તમકન લોકોના નોકર યાતો ગુલામો હતા; અને મગરૂર એવું નામ તેઓ ધરાવતા હતા જાનેકે ગોયા એ નામમાં એ લોક પોતાની મોહોટી કીર્ત્તિ અને વાખવાખી સમજેછે! તેઓનાજ કેહેવા પ્રમાણે તેઓના શેહેરનો પાઓ નાખનાર (રોમીઉલસ) ને એક વરૂએ પોતાનું દુધ ધવરાવી ઉછેલીઓ હતો જેથી એ તમામ ટોલાંનો ખવાશજ ગોયા વરૂના ખવાસ જેવો છે અને એ વેહેશી ફાડી ખાનાર જાનવર માફક એ લોકોબી લોહીનાં તરસીઆ અને જાલેમ તથા પૈસો મેલવવા સારૂ ભુખાં અને આતુરમંદ રેહેછે."

"જાત બુનીઆદ સારૂં જો હું ખુદ પોતાને એ લોકો સાથે સરખાવીતો એવા ભેલશેલ લોહી ધરાવનાર પારકા દેશનો આસરો પકડનાર વતનીઓ થાને મારૂ કુલ વધારે ઊચું છે. બાપ તરફથી મારા નીઆકગાનોની નશલ કુરઉશ અને દારયવુશ જેઓએ પારસીઓની ઇરાનની શેહેનશાહતનો પાયો નાખીઓ તેઓ સુધી ઠેઠ પોહોચેછે; અને માએ તરફથી મારા ખાનદાનનો શીલશીલો છેક શીકંદર અને સીલુકસ નીકેતોર જેણે માસીદાનદેશની શેહેનશાહત સ્થાપી તાંહાં સુધી પોહોચે છે. હવે મારા ટોળાં સાથે જો એ લોકોનાં ટોળાંને સરખાવોતો હું એક એવા ટોળાંને માથે છેઉ કે જેઓ રૂમના બળની સાથે બરોબર ઊતરીઆં હતાં એટલુંજ નહિ પરંતુ માસીદોનીઆનાં જબરાં રાજની સામનેબી તેઓ તકી રેહાં હતાં. મારા તાબા હેઠલની કોઇબી રઇયેત પારકાં રાજની જુસરી હેઠલ કદાચ કાલે પણ ગઈ નથી અને પોતાના દેશી રાજાઓ શીવાએ કોઇબી પર રાજોની બોહેધરી તેઓએ અદ્યાપી કબુલ રાખીજ નથી. કાપાદોસીઆ અથવા પાફલાગોનીઆ, પોનતસ અથવા બોથનીઆ અને મોહોટાં તથા નાહાનાં આરમીનીઆના રાજો તરફ તમો જો નીગાહ પોહોચાડશોતો તમારા જાણ્યામાં આવશે જે શીકંદર જેને તમામ એશીઆ ખંડ હાથ કરીઓ તે અને તેની પછી તેની ગાદીના તમામ વારસો આ સઘલાં રાજોનો કોઈ કાલેબી વચ્ચે પડીઆ નથી. સોથીઆ તરફ હવે જો તમો જરા લક્ષ આપશો તો તમારી જાણમાં આવશે જે એ દેશને પોતાના તાબા હેઠલ આણવા ખાતર નહિ પરંતુ માત્ર ઠેઠ અંદર ધુસવા સારૂ મારી આગમજ એક ફકત દારયવુશ અને કૂીલકુસે હિંમત ચલાવી હતી અને ઘણી મેહેનતથી તેઓ તાંહાંથી પાછા ફરયા હતા તોબી તે મુલકમાંથી આ રૂમીઓ સામે થવા મારાં લશકરમાં ઘણાએક દીલાવર મરદાનો મોહોટા જોઠા મેં હાલ એકઠો કરીઓછે. મારી વય ઘણી નાદાન હતી અને મને ઘણી અજમાએશ ન હતી તેથી આગલ હું પોનતસનાં જંગનાં મેદાનોમાં જારે ઉતરીઓ ત્યારે મારા મનશે મને જાહાજી હિંમત રેહેતી ન હતી તથા મને બીહક લાગતી હતી; અને સીથીઅનો ઘણા જોરાવર હથિયારનાં તથા બાહાદુર હોવા છતાં તેઓનાં બીઆબાનો તથા તાંહાં પડતી બેહદ ઠંડીને લીધે તેઓનો સારો બચાવ જે થઇ શકતો હતો તેથી તાંહાં લડાઇ કરવી મને ઘણી મુશકેલ તથા ધાસ્તી ભરેલી થઇ પડી હતી, તે સાથે તેઓનું કોઈ ચોકસ વતન ન હોવાથી તથા તેઓ પોતે જાતે કરકાબાસદ હોવાથી તેવા ભટકતા દુશમેનો સોડેથી આટલી બધી હેજગારીનાં બદલામાં કાંઇપણ લુટ મલવાની આશાબી રેહેતી ન હતી. પરંતુ હમણાં તો આપણે હવે જુદીજ તરેહની લડાઇમાં ગુથીએ છેએ, કારણ કે, એસીઆની હવાથી વધારે સમતોલ હવાવાલો મુલક અને ઘણાએક જુદા જુદા શેહેરોની રચનાં તથા એ આખા લતા તરફની ફળવંત ભુમીથી વધારે સરસ મુલક તો કેંડે છેજ નહિ માટે તમો સાહેબો તમારો ઘણો ખરો વખત લડાઇમાં નહિ પણ ગોયા મોજ મજાહમાંજ કાહાડશો. માજી એતેલસનાં રાજની દોવલત વિશે જો તમોએ આગળ સાંભલીઉ હશે અને લીડીઆ તથા આયોનીઆનાં અસલી રાજોનાં બેહદ દ્રવ્ય અને જાહોજલાલી વિશે જો તમોએ આ પૂર્વ લક્ષ આપીઉ હશે તો તમારી ખાતરતસલ્લી થશે જે એ લડાઇ જેવી શેહેલથી તમો કરી શકસો તેવીજ તે

તમોને વધારે લાભકારકજ થઇ પડશે, કેમકે, આપણે એ સઘલો માલ બજાનો કંઈ લડાઈ કરી જીતી લેવા જતા નથી પરંતુ ફકટ ગોયા હાથ કરી લેવા જઇએ છેએ. આખું એસીઆ રૂમીઓના શુબાઓનાં લોહી ચુશવાથી, તાંહાનાં કરો ઉઘરાવનારાઓનાં જુલમથી તથા માંગતા લેહેનાના કજીઆ તેઓ ઘણી શરમ ભરેલી રીતે ચુકવેછે તેથી એટલું તો હવે કંટાલી ગયુંછે કે તેઓ એ રૂમી લોકોને બહુજ ધિકારેછે અને મારી રાત દીન વાત જોતા બેઠાછે એટલુંજ નહિં પરંતુ તેઓએ મને મોહોડે ચહડીને વટીક બોલાવીઓછે. માટે તમો મારી પાછળ માત્ર હીમતથી ચાલો અને તમો જોશો જે મારી સરદારી હેઠલ આ બેહોલું લશકર હવે શું-શું પરાક્રમો દુનીઆની સનમુખ કરી બતલાવશે નહિ? તમો જાણોછો જે મેં કોઇ લશકરની મદદથી નહિ પણ ફકત મારીજ જવાંમરદી અને દલેરીથી કાપાડોશીઆના રાજાને મારી નાખી તે દેશ કેવો મારે હાથ કરી લીધોછે અને આખુ પોનતસ અને સીથીઆ જેમાં મારી પૂર્વે કોઇ અંદર સલામતીથી દાખલ વટીક પણ થઇ શકતુ ન હતું તે મુલક કેવો માનવી જાતોમાં સપર પેહેલીવાર મેંજ જીતી લીધોછે. મારા ઇનસાફ તથા મારી શખાવત વીશે મારા સિપાહીઓ જે મને વાપરી ચુક્યાછે તેઓજ તમોને સાફ ગવાહી આપશે પરંતુ તે વીશે મારી તરફથી તો અલે ફકત આટલુંજ જણાવવું જોઇએ જે મારી શખાવતનેજ લીધે મારા બાપનો આખો મુલક મારે હાથ આવ્યોછે એટલુંજ નહિ પણ કોલચીસ, પાફલાગોનીઆ અને બાસફરસ આગલના તમામ પારકાં દેશો વટીક મને મીરાશમાં મલીઆંછે." *

---

* આ ભાષાણ સાથે કાલગેકસ અથવા ગાલગેકસ નામનાં આગલા ઈંગ્રેજોનાં કોઇએક બળવંત સરદારે પોતાના દેશીઓની ફોજ સનમુખ કરી સંભલાવેલાં અસરકારક ભાષાણને સરખાવો અને જુઓ જે મેતરદત શાહનાં રૂમીઓ સામણેનાં આવા સખ્ત વિચાર સાથે તે કેટલુ બધુ એકમલતુ આવેછે. એ સરદારને ગ્રામપીઅનના ડુંગરાઓ આગળ ઇ. પુ. ૮૪ માં થયલી એક જબરદસ્ત લડાઇ આગમજ પોતાના લશકરને આગ્રીકોલાની રૂમી ફોજ સામણે ઘણી બલતવારીથી લડવા જે ઘણુક જોસમાં બોલવુ પડયુ હતુ તે આખુ ભાષાણ નામીચો રૂમી ગ્રંથકર્તા તેસીતસ પોતાના સસરા આગ્રીકોલાનાં વૃત્તાંતમાં સદાબરં ટાંકી ગયોછે ને જેનો ઇનતેખાબ હેઠલ આપવા આ પ્રસંગે હું દુરૂસ્ત વીચારૂછું. આપરથી પારકાં દેશનાં વટણીઓ રૂમીઓ સારૂ આગળા જમાનામાં શું શું વિચારો બાંધી ગયાછે તે વાંચનારાઓને સેહેજમાં જણાઈ આવશે. તે સરદાર બોલ્યો જે "આ લડાઇનાં સબબો તથા આપણી માંઠી હાલત વીશે જયારેબી હું બારીકીથી ગોર કરૂછું ત્યારે મારો પીટ્ઠો ગોયા ઉછળઇ આવેછે ને આજ રોજે આપણાં એકસંપી લશકરની મેહેનત અને જવાંમરદીથી બ્રીટન દેશને ચોમેર સ્વતંત્ર કરવા આપણે હવેથી પાયો નાખી શખશુ એમ મને સંભવ જાયછે કારણ કે ગોલામગીરી ભોગવ્યાથી આપણો આત્માં અદ્યાપી ઠેઠ નીરાજલી અવસ્થામાં આવી ગયલો નથી. દુન્યાના આ પીન્ડારાઓ જમીનને પાયમાલ કરી નાખ્યા બાદ હવે દરીયાને લુટવા મંડયાછે. એઓનાં દુશમેનો જો દ્રવ્યવાણ હોયતો

આ ભાષણ થઇ રહ્યા પછી આખાં લશકરે તેનો પ્રત્યુત્તર મોહોટા હરખ અને આતુરતાથી આપ્યો, અને પોતાની. નોકરી તથા જાનમાલ એ નામવર પાદશાહની શેવામાં બરબાદ કરવા સઘળો તરેહની તેઓએ પોતે જમાનતો આપી. આ પ્રમાણે આ સઘલાં લશકરને ઉસ્કેરી જસ્તીન કેહેછે જે ગાદીઉપર બેઠાને ત્રેવીશમે વર્ષે આ પ્રફુલ્લીતમગજનો શાહાજાદો રૂમીઓ સાથે હવે મોહોટી ઉઠલ પાડલ કરી નાખે તેવી ખુનખાર અને ભયંકાર લડાઈ લંબાવવામાં ગુંઠયો.

ગાલેશીઆ, ફ્રીજીઆ, તથા એશીઆ માહેલાં તમામ રૂમી સંસ્થાનો જેવાં કે લીસીઆ, પામફીલીઆ, પાફલાગોનીઆ વીગેરે સઘલાં મુલકો એ નામવર પાદશાહે એક પછી એક હવે જીતી લઇ આયોનીઆ તથા લીસીઆનાં ફકટ થોડાંક શેહેરો શિવાય તમામ એસીઆમાહ્નરનો એ ધણી થઈ બેઠો અને તાંહાનાં લોકો તરફ પોતે ઘણીજ રેહેમ નજર રાખવા લાગ્યો. જેખી યુનાનીઓ આ લડાઇમાં કેદ પકડાયા હતા તે સઘળાઓને ખોરાકી પોશાકી સુધાં તેઓને વતન એણે પોહોચતા કરાવ્યા. આવી એની મમતા દૃષ્ટિને લીધે લોકો એનાપર ફીડા ફીડા થઇ ગયા. શેહેરો પછી શેહેરો એને તાબેદાર થતાં ચાલ્યાં. આગળા પાદશાહોનો બેહદ ખજાનો, સોનુ, રૂપું તથા લશકરી અસબાબ સઘળો એને સ્વાધીન થયો. એસીઆનો છોડવનાર (તાલનાર,) રૈયતનો બાપ અને મુરખી એવા એવા બીજા મોહોટા મોહોટા એલકાબો સઘળા લોકો ગોયા એનો પછવાડે ઘેલા જેવા થઇ જઇ એને આપવા લાગ્યા. આ સઘળો ખજાનો પોતે સંપાદન કર્યાબાદ પાંચ વરસ સુધી એ પાદશાહે તમામ રૈયતને મેહેસુલની માફી બખશી

લોભ અને લાલચના મારયા ને તેઓ જો ચારીજ હોયતો ફીરતી મેળવવાના ફાંફાં સારૂ એ રૂમીઓ સદાકાળ ઉશ્કેરાયલા રેહેછે. ઉગમણુ અને આથમણનાં બંને પ્રાંતોથી એઓ હજુર ધરાયા નથી અને એજ એક એવો ટોળોછે કે જે મુફલેસી અને તવંગરી એવી બંને સ્થીતીઓને એકસરખી રીતે પોતાની ભુખ સારૂ તારાજ કરી નાંખેછે. નાંશ કરવો, લોહીની નિખો ચલાવવી, જુડા એલકાબો અંદર લોકોનાં દેશો ખાઇ જવા તેને તેઓ શેહેનશાહત એવું નામ આપેછે; અને જાંહાં જાંહાં તેઓ બીઆબાનો કરી મેળેછે ત્યાં ત્યાં તેઓ તેને માટે "દુન્યાને હવેથી સુલેહ સંપજ બક્ષી" એવું ભપકાદાર નામ ધારણ કરેછે. આપણાં વાહાળાં બચ્ચાં અને બેશ કમ્બીલાને વેઠે પકડી પારકી ભુમીઓમાં તેઓ લડવા માટે ધકેલી દીયેછે ને આપણી બાંનુઓ તથા બેહેનો તેઓની નાસકારક ચુંગાળમાંથી જો બચેછે તો દોસ્તી અને પરોહણાંગતનાં નામથી એ નાપેકારો તેઓનું પાખ દામાનપણુ લુટેછે. આપણી સ્થાવર અને જંગમ મીલકતોને ખરાજને નામે નીચવી લીયેછે ને આપણી ખોરાકી ને ભાટાંને મશે પોતે હજમ કરી આપેછે. જંગલો સાફ કરવાં તથા ચરો બાંધવા માટે આપણા શરીરોપરખી તેઓ તરેહ તરેહવાર વેદનાઓ પાડેછે અને ચાપકાનાં મારો મારેછે ને આપણ લોકોનો તેઓ પછી ગોલામગીરીમાં વેચી નાંખી મદંતર નાશ કરતા જાયછે. દયા શું ચીજછે તેતો એ લોકો કેવળ સમજતાજ નથી....તમો શું રૂમીઓને ઘણા જવાંમરદ અને સુખી સમજોછો ? આપણ લોકોની માંહોમાંહેની મારામારીનો લાભ લેઇ તેઓ આબરૂ મેળવેછે અને આપણી ચુકોપરથી તેઓ પોતાની કીરતીમાં સદા હુમેશ કરતા રેહેછે. જે જુદી જુદી પ્રજાઓ તેઓનાં જુહુન્ડા હેઠલ જમાવ થાયછે તે ફકટ તેઓની ફતેહની ગાંઠથીજ ગોયા બંધાયલી રેહેછે. પરંતુ જ્યારેખી શીકસ્ત મળી કે તેઓ તરત બારેવાત થઈ જાયછે. એ લોકો ઘણાખરા છડા અને ઘેરબાર વિનાનાં બાવા નાહે ને તાપે જાય તેવા હોયછે. આવી મુઠીભર સંખ્યાનાં સુનેરી તથા રૂપેરી અભુશનોનાં ઠાઠ માથથી તમારે કશુ નાઉમેદ થવું જોઇતુ નથી કેમકે એવાં ભપકાદાર પોશાકનાં ચમકાટોથી તમોને કસા કારી જખમો લાગી શકનાર નથી માટે હિંમત ધરો અને સ્વતંત્રતા મેળવવા સારૂ અરે ઓ ! અંગ્રેજ બચ્ચાઓ હવે આ રણનાં મેદાનમાં બાહાદુરીથી ઉતરો અને તમારા નિયાએગાનો તથા તમારી પાછળી ઓલાદ સારૂ જરા દુરનો વિચાર કરો."

તથા ખાનગી અને તમામ જાહેર કરજોની ઝુમડીઓમાંથી તે સઘળાઓને ફણે મોકળા કીધા. એ વેળાએ સ્ત્રતોનીસીઆ શેહેરમાંથી મોનાઇમા નામની કોઇએક બેહદ શરૂપવાન યુનાની કન્યા એના હાથમાં આવ્યાથી તેણીને એણે પોતાનાં શબેસ્તાનમાં મોકળી આપી હતી તથા તેણીની સાથે પોતે પાછલથી લગન પણ કરયાં હતાં. એ ઓરત જેવી શરૂપવાન તેવીજ ડાહી પણ હતી એમ આખાં યુનાનમાં તે વેળાએ મસહુર હતું.

શિયાળો માથે આવ્યાથી પરગેમસમાં જયારે એ પોત પોતાનાં લશકર સહિત છાવણી કરી પડયો હતો ત્યારે એનાં રાજની સામણે એસીઆમાઇનરનાં સઘળા રૂમી રેહેવાસીઓ છુરી ઉસ્કેરણી લેઇ બેઠાછે એમ એને માલુમ પડયાથી સઘળા પોતાના હાકેમ અને મરજબાનો ઉપર એણે એવો દરામણો ફરમાન મોકલ્યો જે એક ઠેઉવેલ દિવસે તે સઘલા બદમાશોને કટલ કરવા. ઓરત, બચ્ચાં અને રૂમી ચાકરોને વ-ટીક એ દરામણાં અને ઘાટકી ફરમાનમાંથી બાતલ રાખવામાં આવ્યાં ન હતાં.* આવું ભયંકાર પાદશાહી ફરમાન નહિ અમલમાં લાવનાર શખસો માટેબી એવાતો સખ્ત કાએદા કાહાડયા હતા કે એના આ ઘાટકી હુકમ સામણે કોઇથી એક હરફ પણ બોલી શકાયો નહિ. તે મુડદાંઓને દાતવાની વટીક મનાઇ કરવામાં આવી હતી. તેઓની માલમતા સઘલી પાદશાહી ખજાનામાં લઈ જવા તથા તેઓના મારી નાખનારાઓને તેમાંથી થોડોક ભાગ વેહેંચી આપવાનું વટીક ઠેરવ્યુ હતું. જે ગોલામો પોતાનાં રૂમી ધણીઓને મારી નાખે તેઓને આજાદી બખશવામાં આવી હતી અને દેહેનદારોને પોતાનાં માગનારાઓનાં કરજમાંથી અરધો અરધ ભાગ બક્ષીસ આપવાનો ઢંઢેરો કાહાડયો હતો. કોઈબી રૂમીને જે શખસ સંતાડી રાખે અથવા તેઓનાં મુડદાંઓને ભુમીદા કરે તેઓ સોડેથી મોહોટા દંડ લેતો કરયો હતો અને જે કોઇ શખસ તેઓને સાંતેલા દેખડાવી આપે તેઓને મોટું ઇનામ પણ આપતું કરયુ હતું. કેહેછે જે આ ડરામણા હુકમથી નજદીક ૮૦) હજાર રૂમીઓને કાપી નાખવામાં આવ્યા હતા. કેટલાએકો-તો એથીબી બમની રકમ જણાવી જાયછે, પરંતુ તે વિશે વધુ વિસ્તાર કરતાં આપણું હૈયું અતે કમકમી આવેછે. જે રૂમીઓથી નહસાયુ તેવો રોહદના ટાપુમાં જઇ ભરાયા કે જાંહાંનાં રેહેવાસીઓએ તેઓની સારી બરદાસ્ત લીધી હતી. મેતરદતને તે વાત માલુમ પડતાં તે ટાપુ ભણી પોતાનાં વાહાણોનો કાફલો તેને તરત રવાના કર્યો જે તાંહાંથી સારાં ભાયગે માર ખાઇ ઘણાંએક વાહાણો ખોઇ પાછો ફરયો. એપીઅન અને જોસીફસ લખી ગયાછે જે એ વેળા-

* આપણે સારીકાની જાણીએ છૈએ જે રાજપાતની સલામતી અને બંદોબસ્ત સારૂ જીતેલી ફીસાદખોર રૈયત ઉપર પોતાનો રોબ અને કાબુ મજબુતી બેસાડવા કોઇ કોઇ મજબુત ઠરાવવાલા પાદશાહોને આવાં ઘાટકી અને ડરામણા ફરમાનો અમલમાં આણવાની આગલા જમાનામાં ફરજ પડતી હતી પરંતુ મેતરદત શાહ જેવા દોસ્ત આસનાઓને નવાજેશ કરનાર ઘણા દુરઅંદેશ પાદશાહને ફતેહની સાથે રેહેમ નજરને પણ મેલશેલ રાખી તે સઘળાઓને જેમ ગઇ ફ્રાન્સ અને પ્રશીઆની મોટી લડાઇની વેળાએ ફરેન્ચ લોકોએ પોતાના દેશના જરમન રેહેવાસીઓને ફ્રરાનસની ભૂમી છોડી જવા જે હોકમનામુ કાહાડયું હતું તેમ તે સઘલા ફિંસાદખોર રૂમીઓનેબી એશીઆની ભુમીમાંથી બાહેર જઇ વસવા જો ઢંઢેરો ફેરવ્યો હતેતો તે કામ સારૂ રાજદરબારી કાનુનો ખાતર કોઈબી ઇતિહાસ કર્તા તેની વર્તણુક ઉપર આજ આંગળી દેખડાવી શકતે નહિ પણ જારે તેને ફકટ ગુનેહગારોનેજ સજા કરવાને બદલે બીનતકસીરવાર ઓરત અને નિર્દોષ બાલકોનેબી એકજ ઓવારે પાણી પાવા દુરૂસ્ત વિચારયું ત્યારે તેનાં આવાં અહેરેમની ફરમાન ઉપર આપણને આજ તીરસ્કાર તથા અફસોસની નજરે જોયા વિના ચાલતું નથી.

એ કાસનાં ટાપુમાંથીબી એને મોહોટુ દ્રવ્ય હાથ લાગ્યુ હતું. મીસર દેશવાલી કલીઓપેત્રા રાણીએ કહેછે જે પોતાના છોકરા લેથાઇરસ ઉપર ફીનીશીઆમાં લડાઈ કરતી વેળાએ આગળ એ ધન તાંહાં દતાવ્યુ હતું જે વાતની ખબર મેતરદતને પડતાં તેને તાંહાં પોતાનાં માણસો મોકળી તે સઘલો ખજાનો પોતાને સવાધીન લેઇ લીધો એટલુંજ નહિ પરંતુ યાહુદીઓએ તાંહાં ૮૦૦) ટાલાન્ત યાને વીસ લાખ રૂપ્યા લડાઇની વાસ્તીથી જે દાટયા હતા તે દ્રવ્ય પણ એ પાદશાહના સ્વાધીનમાં ગયુ.

આ મુજબ આખાં એસીઆ માઇનરનો ધણી થયા બાદ બીજે વરસે યાને ઈ. પુ. ૮૭ માં એક લાખ વીસ હજાર આદમીઓની ફોજ આપી પોતાના સરદાર આરકીલઅસને યુનાન દેશ ઉપર સવારી કરવા એણે એક મોટા કાફલા સહિત રવાના કીધો. તે સરદારે આથન્સ શેહેરને પોતે જીતી લીધું અને તે બારદુ ભણી સઘળાં લડાઇનાં ફરમાનો આપવા તાહાં છાવણીનું મોટુ મઠક કીધું, તથા અંહીઆનાં પોતાના રેહેઠાણની વેળાએ યુનાનનાં ઘણાંખરા પ્રાંતો અને શેહેરો તેણે પોતાની સરકારની તરફેનમાં કરી લીધાં. એથીનીઅનો સામણે થઇ દીલાસના ટાપુવાલાઓ હુલડ કરી જે આગલ સ્વતંત્ર થઈ બેઠા હતા તેઓને એને લડાઇ કરી જીતી લઇ પાછા આથન્સ શેહેરના તાબા હેઠળ લાવી મેલ્યા અને તે ટાપુમાં ધરમને લગતું જે મોટું દ્રવ્ય હતું તે ધન એપીક્રીઉરસના પંડનાં એક આથીનીઅન ફીલસુફ નામે આરીસ્તીઆનની સરદારી હેઠળ આથન્સ તરફ રવાના કરી આપ્યું અને તેના બંચાવ સારૂ બે હજાર માણસો તેની સાથે સોંપી આપ્યાં હતાં. આ માણસોની શાહેતાથો એ ફિલશુફ એ શેહેરમાં પોતાનાં હાથમાં હાકમી રાખવા રૈયત ઉપર બહુ જુલમ જાસ્તી પાડવા લાગ્યો. તાંહાંના ઘણાએક વતનીઓને તેણે મારી નખાવ્યા અને ઘણાએકોને તેણે રૂમીઓની બારદુવાલાછે એવે બાહાણે મેતરદત શાહ ઉપર એસીઆમાં મોકલી આપ્યા. આ પ્રમાણે એ પાદશાહનુ જોર યુરોપની ભુમીમાંબી વધતું ચાલ્યાથી તેને અટકાવવા રોમની દરબારને કોઈ વધારે ચુનન્દા રૂમી સરદારને શોધી કાહાડવાની હવે આઇન ફરજ થઇ પડી. એ સરદારનું નામ સીલા કરી હતું. તેને હવેથી રૂમનાં મેતરદત સામણેનાં લશકરનો શીપેહેસાલાર નેમ્યો. પાંચ લીજીઅન (ફોજ) અને બીજુ કેટલુંએક પાયદલ અને ઘોડસવાર લશકર લઇ એ સરદાર તરતજ યુનાન દેશ તરફ નિકળી પડયો. એ વેળાએ મેતરદત શાહની છાવણી પરગેમશમાંજ હતી અને તાંહાં એ પાદશાહ પોતાનાં દોસ્ત આશનાઓને ધન ખજાણો તથા રાજપાત પોતાની મરજી પ્રમાણે ઇનામમાં બક્ષીઓ જતો હતો, જેપરથી એ જેવો કઠણ હઇડાંનો તેવોજ પોતે ઉદાર દીલનોબી હતો એમ સાફ માલુમ પડી આવેછે.

સીલાના આવી પોહોચ્યાથી યુનાનનાં ઘણાંખરા શેહેરોએ પોતાના દરવાજા આ રૂમી ફોજ સારૂ ખુલ્લા કરી મેલ્યા પરંતુ મેતરદતના હકિમ મજકુર આરીસ્તીઆનની સરદારી હેઠળ આથન્સ શેહેર ઘણી બલતવારીથી તેની સામણે થયું. આટીકામાં આવી પોહોંચ્યા બાદ સીલાએ પોતાની રૂમી ફોજને બે ભાગોમાં વેંહેચી નાંખી. એક ટુકડીને પોતે આથન્સનાં શેહેર તરફ રવાના કીધી અને બીજી ટુકડીની સરદારી પોતાને માથે રાખી તથા પીરીઅસનું બંદર જે શેહેરથી થોડેક છેટે આવેલું હતું તે તરફ પોતે હવે દરમંજલ ઉપડી ગયો. અંહીઆ અંહીઆના દેવાલજ નજદીક

૬૦ ફીટ ઉંચી તદન પથરમાંથીજ કાપી કાહાડેલી હતી. તેવાં બાંધકામની મજબુતીપર મુસતાક રહી આરકીલેઅસ તાંહાં અંદર છાવણી કરી પડયો હતો. કેહેછે જે પોલેપોનીસીઆની લડાઇની વેળાએ પેરીકલીસે એ બંદરથીજ પોતાની ફતેહની સલામતી વિચારી જેમ પોતાથી બની આવ્યું તેમ એ બાંધકામને ઘણાજ મુસતકીમ પાયા ઉપર ગોયા એક લોહોડાનાં કોટ જેવુ મજબુત કરી રાખ્યું હતું. આવી મજબુત દેવાલોથી દરી જયાને બદલે સીલાએ પોતાનું તરેહવાર બળ તે દીવાલને ભાંજી નાંખવા સારૂ કામે લગાડયું અને એક પછી એક જબરદસ્ત હોમલા તે ઉપર કરવા માંડયા. ઓરાકી વના શેહેરમાં ભુખમરો પડયાથી તેના થોડાક ભાગને આખરે વખતે સરણ થવુંજ પડતે તેપર વિચાર ન કરતાં જરા વધુ સુધી થોભવાને બદલે જલદીથી પોતે રોમ તરફ પાછો ફરવાની આશામાં અને પોતાની ગેરહાજરીથી મબાદા કાંઇ અકસમાત બની જાય નહિ તે માટે લડાઇથી જલદીથી ફારેગ થઇ જવા સારૂ પોતાની સઘળી અજમાયસ અને સરદારી સીલાએ અંહીઆ તમામ સમપસુચકતાથી કામે લગાડી જબરો મારો પોતે પેલી દેવાલોપર ચાલુ રાખ્યો. એ દેવાલ ભાંજવાનાં મોટાં પંત્રો ચાલુ રાખવા કેહેછે જે ફકટ ૨૦) હજાર ભારબરદારી ઊંટોજ રાત દીન તાંહાં કામે લગાડયામાં આવતાં હતાં એટલુજ નહિ પણ બીજો લડાઇનો પુષ્કળ સામાન સરંજામ એ કામ જલદીથી હાર પારવા રૂમીઓને અલે બરબાદ કરવો પડયો હતો. એ સઘળા સાંચાઓમાં મબલગબોજથી જે ભાગ ટુટ થતી હતી તે સાંધવા તથા તે સાંચાઓને મજબુતીથી ચલાવવા ખીશીયાર લાકડું વારંવાર ખપતું હતું અને વળી અંદર ભરાઇ રેહેલા આરકીલેઅસના લશકરના હોમલાથી તે લાકડું એટલું તો બારી નાખવામાં આવતુ હતું કે આખરે સીલાને ઘરમલે લગતાં આસપાસનાં મોહોટાં મેદાનોમાનાં ગંજાવર દરખતોબી કાપી નાખી પોતાના ઉપયોગમાં આણવાની ફરજ પડી હતી. શેહેરની બાહેર લોકોને ફરવા હરવા સારૂં જે સરસમાં સરસ ઝાડો હતાં તે સઘલાં તેણે કાપી નખાવ્યાં અને બંદરમાંથી શેહેરમાં દાખલ થવાની આખી ઉંચી દેવાલ પોતાનાં લડાઇનાં બાંધકામો ઉભાં કરવા માટે તારાજ કરી તેમાંનો સઘળો કાત પોતાના ઉપયોગમાં આણવા તેણે પોતાની ફોજને હોકમ કરયો; અને શીપાહીઓ જાન ફીસાનીથી પોતાનો બારદુએ થઇ લકે તે માટે તેઓને મોહોટાં ઇનામો આપવા તથા જુસ્સો ચહડાવવા નાંણાંની ઘણીજ ગરજ હતી તેથી આ રૂમી શેપેહેશાલારે એપીદારસ અને ઓલીમપીઆનાં દેવસ્થાનોમાંથી પોતે પુષ્કળ ધન લુટી મંગાવ્યું તથા દેલફીનાં દેવસ્થાનના કારોબારીઓ ઉપર લખી મોકલાવ્યું જે "દેવતાઓના સ્વરક્ષણ સારૂં જેબી ધન તમારી સોડેછે તે સઘળું મારી તરફ રવાનાં કરી આવજો કાંયકે તે મારા હાથમાં અનામત બંચી શકસે અને અગરજો તેમાંથી કોઇબી ભાગ જો મારા વાપરવામાં આવશે તો તેની કિંમત લડાઇ પુરી થયા પછી તમને પાછી અદા કરવામાં આવશે;" અને તે સઘલું ધન જોખી લેવા પોતે ફેરીસ નામનો પોતાનો એક દોસ્ત જે ફોસીસનો રેહેવાસી હતો તેનેબી તેજ વેળાએ તરતજ દેલફી તરફ રવાના કીધો.

હવે આનીગમધી પેલો એપીઓ જયારે દેલફી જઇ પોહોચ્યો ત્યારે દેવતાઓના માનને ખાતર પેલાં સવીલ અનામત ખજાનાઓની વચ્ચે આવવાતેને ભય લાગી જેથી પેલી મંડળી આગલ આંખમા આંસુ લાવી

પોતાને માથે જે દુખદાયક ફરજ આવી પડી હતી તેની સઘળી કેફીયત તેને કહી સંભળાવી. એટલામાં પેલી મંડળીમાંથી કોઈ શખ્સ બોલી ઉઠયો જે મારા કાનપર હમણાંજ એપાલોના દેવતાની શારંગીનો અવાજ આવ્યોછે, જેથી કેફીસે મનમા યાતો પોતે ધચુપચુ હોવાથી તેના બોલવાનો લાભ લેવા ખાતર યાતો પોતે એકીનદાર હોવાથી સીલાના મન ઉપર ધરમ સંબંધી ભય ઉપજા કરવા માટે લંબાણથી હવે પેલી સારંગીના અવાજનો અહેવાલ દરોબસ્ત લખી મોકલ્યો; પણ એ સરદારે તેનું ભોલાપણું ચેતી જઇ તરત ઠપકો વાહ્યો જે "મને ઘણુ વિસ્મય લાગેછે જે તમો એ દેવતાના આ ગાવાનો અર્થ ધાસ્તી અને ભયનો સમજ્યા છેવો. હું તો એના ગાવાથી એ દેવતા ગોયા મગ્નન અને આપણા ઉપર પ્રશનછે એવો અર્થ ઉઠાડું છું માટે તમારે કંઇ ડરવું નહિ પણ સઘળું ધન હિંમતથી લઇ આવવું અને મનેખી એ દેવતાની બસારત થઇછે જે તમોએ એ ધન ખુશી અને સુખેથી લેવુ એટલુંજ નહી પરંતુ પોતે પોતાને હાથે ઉંચકી એ ધન મને સવાધીન વટીક કરયુંછે !"

મેતરદત શાહને આરકીલિઅસની હાલત વિશે ચોકસ ખબર હોવાથી પોતાની દુરઅંદેસી અને દાનાઇ ખરચી એક તેજ યુદ્ધોના સરદાર તરીકે પોતાની છાવણીમાંથી વારંવાર ખોરાકી અને લશ્કરની દરીયાને મારગે પોતે સારી મદદ આપ્યા કીધી. સીલા આણીગમ નાંણાં વીના લશકરનાં પરાહુન થઇ જવાથી તથા આરકીલિઅસેખી પોતાના બંચાવમાં રૂમી લશકર સામણે પેદરપે મોટા મારો ઘણી બલતવારીથી ચાલુ રાખ્યાથી રૂમી લશકેર જે ઘણું મારયું ગયું તેથી થોડુંક સુધી તે પોતે ઘણો તંગીમાં આવી પડયો. બંને બોરદુવાળાઓ પોતાના હમનબરદોને સારીકાણી હંફાવવા લાગ્યા અને લશકર પણ બેઉ બોરદુવાળાવોનું એકસરખું મારયું ગયાથી અત્યાર સુધી મેતરદતનો સરદાર રૂની શીપેહેસાલારનો બરોબરીઓ હમનબરદ ઉતરયો. તે સાથે પોતાની આથન્સની શેહેર માંહેલી છાવણીમાંથી આરીસતીઆન; સોલા, અને તેની ઓરત મીતેલાની દરરોજ હવે ઠેકડી કરવા લાગ્યો તેથી રૂમી સરદારને બહુ માઠુ લાગ્યુ. તેણે જોયું જો અગરજો મેં હાર ખાધીછ તો પત અને જાન જશે એટલુંજ નહિ પરંતુ મારીઅસ અને બીજા મારા દુશમનો ઇટલીમાં મારે સારૂ મોટો શોર મચાવી મેલશે; અને આવું મોહોટું મહક રૂમીઓને જો હાથ આવશે નહિ તો મેતરદત શાહને આખરે હડાવવા રૂમના સુરવીરોને એસીઆની ભુમીમાં જરા પગ મેલવા પણ બની આવશે નહિ કેમકે એ બંદર એસીઆમાં પેશવાની તે વેળાએ કુંચી ગણાતી હતી માટે પોતે કંઇબી યુક્તીથી મારવુ કે મરવું એમ હવે તદનજ જાનપર આવી ગયો.

એટલામાં દૈવયોગે પીરીઅસમાં ધંધાઇ રહેલા બે આઠીનીઅન ગોલામોએ રૂમીઓ તરફની પાતો પોતાની મમતાને લીધે યાતો એ બંદર જો દુસમેનોનાં હાથમાં જાયતો પોતાને માફી મળે તેવા ઇરાદાથી સીસાંનાં દશ઼ઓ ઉપર આરીકીલિઅશનાં લશકરમાં શું શું બનાવો બનેછે તે લખી ગોફને કરી રૂમીઓની છાવણી તરફ અનદીથ ફેંકીઆ. આથી આરકીલિઅસે બેહદ ડહાપણ તથા બાહાદુરી દેખડાવ્યા છતાં અને આરીસ્તાનબી ઘણી મજબુતીથી શેહેરમાં રૂમીઓ સામણે થયા છતાં તેઓના સઘળા થેડાવોની સીલાને ખબર પડી ગઇ. પગમાં મજબુત જોર આવ્યાથી આરકીલઅસે હવે ચોતરફથી રૂમી ફોજ

ઉપર મોહોટો એકદમ હલ્લો કરવાનો ડેડાવ કરયો પણ પેલા લુચ્ચા ગોલામોએ વીસવાસ ઘાટ કરી એક સીસાંનો દરો રૂમીઓ તરફ વળી ફૂંકયો. તે ઉપર એમ લખેલું હતું જે "કાલે આટલે કલાકે આરકીલિઅસની પાએદલ ફોજ તમારાં બાંધકામો ઉપર અને સઘલું ઘોડેસવાર લશકર તમારી છાંવણી ઉપર છાપો મારનારછે." આ ખબરથી સીલા પોતાની હુશિયારીમાં રહી પોતાનાં લશકરને બીજી તરફ સાંતી પછી એકદમ આરકલે રસ્તે આરકીલિઅસની પેલી હલ્લાં કરનાર ફોજ ઉપર પોતે તુટી પડયો અને તેનાં લશકરને પાછુ મારી હટાવ્યું. હવે શેહેરમાં ખોરાકી વગેરે જણસોની ઘણી તાન હતી તેથી આ હલ્લાંની વેળાએ રાતનાં પેલી સઘળી ખોરાકી અંદર લઇ લેવા આરકીલિઅસની જે નેમ હતી તેમાં તે સરદાર પેલા મજકુર ગોલામોનાં વીસવાસ ઘાટથી ફાવી શકયો નહિ અને તે ખોરાકી સઘલી દુસમેનોને હાથ ગઇ. તોબી નાઉમેદ નહિ થઇ આથન્સનાં વીરાઓ પોતાના બચાવમાં વાસની માફક ઘણાં શૂરથી લડયા અને પોતાનો દેવાલ ભાંજવા જેબો ભયંકાર ઓજારો રૂમીઓ લાવ્યા હતા તેમાનાં ઘણાંખરાં બાળી ભશમ કરી નાંખ્યા અને કેટલાએકોનેતો ભાંજી કટકે કટકા કરી નાખ્યા. પેલી બોરદુ રૂમી શીપાહોએબી પોતાની ચાલાકીમાં જરાએ નાખતી નાંખી નહિ. જમીનની ભીતરમાં પેલી દેવાલ અંદર ઠેઠ તેના પાયા સુધી ખોડતા જઇ સુરંગો મેલી પેલા પાયાની હેઠલ લાકડાંનાં મોટા મોટા ભારવતિયાઓના ટેકા આપ્યા અને પછી તાંહાં ધંધક, દામાન અને એવીજ બીજી બલતી જણસો સારીકાણી નખાવી પેલા ભારવતિયાઓ હેઠલ મોટી આગ લગાડી. તેથી જારે પેલા ભારવતિયાઓ બળી રેહ્યા ત્યારે પેલી દેવાલનો થોડોક ભાગ મોટા ભયંકાર આવાજથી નિચે બેસી ગયો અને તેમાં હવે મોટું બગારૂં પડયાથી રૂમી શીપાહો હલ્લાં કરવા શેહેરમાં દાખેલ થયા અને બંને બોરદુ ઘણી ઉશાતુસીથી ઘણોકવાર લડાઇ ચાલી, પરંતુ આખરે રૂમીઓ માર ખાઇ પાછા હઠયા. બીજે દિવસે દુશમનોએ પાછો મારો શરૂ કીધો પણ શેહેરનાં વટણીઓએ રાતો રાત પેલી પડી ગયલી દેવાલ ઉપર આન રોકી બીજી નવી દેવાલ ઉઠાવી જે રૂમીઓથી ફરીને તોડી શકાઇજ નહિ.

આવા બળવંત હોમલા સામણે આથન્સના લોકો પારસીઓની બોહેધરી હેઠલ જારે રૂમનાં શીપાહોને કસો મચક આપી શકયા નહિ ત્યારે સીલા તેથી પોતે બહુ નિરાસ થઇ ગયો અને પીરીઅસ ઉપર વધારે હલ્લાં કરવાનો પોતે પોતાનો એરાદો છોડી દીધો તથા ભુખમરાથીજ ફકત એ શેહેરને પોતાને તાંબે કરી લેવાનો ઠરાવ નિશ્ચય કીધો. શેહેરમાં ચોમેર ભુખમરો હવે પડવા લાગ્યો. કેહેછે જે એક બુશલ જવના એક હજાર દરામ (દરાકમ) યાને આસરે હડોસો રૂપ્યા થઇ ગયા હતા. લોકો કિલ્લાની આસપાસનુ સઘલું ઘાસ અને જમીનપરના છોડવાઓ વટીક ખાઇ ગયા એટલુંજ નહિ પણ ઘોડાનુ માંસ તથા પોતાનાં જોડાનાં ચામડાંઓબી ઉકાળી નરમ કરી ખાઇ જવા લાગ્યા. આવા ભયંકાર ભુખમરાથી આખરે કંટાળી શેહેરના બડે લોકો તથા ધરમના ઉપાધીઆઓ આરકીલિઅસ આગલ જઇ સીલા સાથે હવે કંઇ પણ કોલકરારો કરી તેને સરણ થવા સારૂ બહુ મિનતજારી કરવા લાગ્યા પરંતુ તેમાં પણ તે સરદારે તેઓને ધમકાવી પેહેલાંતો પાછા ફેરવ્યા. આખરે તેણે જોયું જે કંઇ એલાજ રહ્યો નહિ ત્યારે પોતાના એલચીઓને તેને રૂમીઓની છાવણી તરફ સીલા

હવે કેવી તરેહથી બંદોબસ્ત કરવા માંગેછે તે જોવા સારૂ રવાનાં કરી આપ્યા. જારે પેલા રૂમી સરદારે તેઓને પુછ્યું જે તમો શી શી સરતોથી સરણ થવા માંગેછો ત્યારે પોતાની તરફની તેઓ સરતો જણાવવાને બદલે આગલા તેઓના ન્યાયગાનો કેવી કેવી કીર્તિ મીદીઅનો સામણેની લડાઇઓમાં મેલવી ગયાછે તે તથા થોસીડસ તથા ચુમોલપસ વગેરે પોતાના આગળા પેહેલવાનોની તારીફનાં બાંકાં ફુકવા મંડી ગયા જેથી સીલા તેઓનાં ભાષાણોથી કંટાળી બોલી ઉઠયો જે "ફશાહત ભરેલી તેજ જબાન ધરાવનાર ગૃહસ્થો તમો સુગા સુગા હવે પાછા જાઓ અને તમારી જબાંદરાજી તમારીજ સોડે રેહેવા દેઓ. અને તમારાં શેહેર ભણી તમારી આગળી કીર્તિના બાંકા સાંભળવા સારૂ નહિ પણ તમારા હાલનાં હુલડને માટે તમોને સજા કેરવા સારૂ મોકલેલોછે." આ તકરારની વેળાએ રૂમીઓનાં કેટલાએક ભેદુઓ જે શેહેરમાં છુપી રીતે દાખેલ થઇ ગયા હતા તેઓએ દૈવ યોગે કેટલાએક બુજરગવાર શખસોને પોત પોતામાં સીરામીકસ નામના એક જાહેર ચોકમાં આરકાલિઅસને એમ ઠપકો આપતા સાંભળ્યા હતા જે એ સરદારે દેવાલની ફલાણી બોરદુ ભણી કંઇજ બંઆવ રાખ્યો નથી એ બહુ શરમ ભરેલી વાતછે, કેમકે, તાંહાંથી નિસરણીઓ ગોઠવીને દુશમનો શેહેરમાં સેહેલાઇથી દાખલ થઇ શકે તેવુંછે. પેલા ભેદુઓએ છાવણી તરફ પાછા ફરતી વેળાએ જે બીના પોતે સાંભળી હતી તેથી સીલાને વાકેફ કીધો જેથી પેલા રૂમી સરદારે તરત તેનો લાભ લેવા ઠરાવ કીધો અને બીજી રાતનાં પોતે છુપો તે જગા તપાસવા ગયો અને જોયું જે તે તરફની દેવાલપરથી ચહડી શકાય તેવુંછે તેથી તાંહાં નિસરણીઓ ઉભી કરવાનો તરત પોતે હોકમ કરયો અને તે ભાગ તરફથી કોઇ ઘણું બલતવારીથી તેની સામણે થઇ શક્યું નહિ તેથી રૂમી શીપાહો તે દેવાલ કુડાવી હવે શેહેરમાં જહડપથી દાખલ થઇ ચુકા; અને શેહેરને બાળી નાંખવાનો કેટલાએક રૂમીઓનો જે વિચાર હતો તેની સામણે થઇ લોહીની રેલ અને લુટફાટ ચલાવાનો એ સરદારે ઘણો ડરામણો અને ધાટકી હોકમ આપ્યો. પછીતો જાંહાં જોઓ તાંહાં જબરદસ્ત કટલો ચાલી અને કેટલાંએક પેરેમાંતો ભુખમરાના માંરયા આદમીઓનું ગોસ્ત વઠીકે ખાવા સારૂ સમારેલું રૂમી શીપાહોનાં જોવામાં આવ્યું હતું. બીજે દિવસે સઘલા ગોલામોને લીલાંઉ કરી વેચી નાખવામાં આવ્યા અને થોડાકજ રેહેવાસીઓ જે રૂમી ફોજની કટલેઆમમાંથી સારાં ભાગ્યે બંચી ગયા હતા તેઓને પછી છુટાપણું બક્ષવામાં આવ્યુ હતું. શેહેરના જે કીલ્લામાં આરીસ્તાન અને બીજા સરદારો નાહાસી ભરાયા હતા તે કીલ્લાપર પછી તેને તેજ દિવસે હવે ધેરો નાખ્યો પણ તે સઘળાઓ આ ભુખમરાથી એટલાતો નિર્બલ અને આજેજ થઇ ગયા હતા કે તેઓને તેને તાબે થઇ જવાની જલદીથી ફરજ પાડી. સીલાએ પછી આરકીલિઅસ તથા તેના રજેવાલો અને બીજા સઘલા સરદારોને તરત મારી નખાવ્યા.

એ પછી થોડાક દિવસો પછી એ રૂમી સરદારના તાબામાં પીરીઅસનુ જોરાવર બંદર પણ થયું હતું. તેણે તાંહાંના સઘલા કિલ્લા બાળી ભસ્મ કરી નખાવ્યા અને ફીલો નામનાં એક વખાણાયલા આગલા મીસતરીએ હથયારો વીગેરે લડાઇનો અશબાબ રાખવા જે મોહોટુ અને અજાયબ જેવુ બાંધકામ અલે બનાવેલુ હતું તેનો તો તદનજ નાશ કરી નાખ્યો. હવે આર-

કીલિઅસે જારે આવો મામલો જોયો તારે પણ તે દીલાવર સીપેહેસાલાર શરણ થયો નહિ પરંતુ આટીકામાં મ્યુનીચીઆ નામનું એક બીજું બંદર જે હતુ તે તરફ પોતાના લડાઇના બારકસોનાં બળવંત કાફલાનો સાહેતાથી પાછો હટયો અને તાંહાં આવી પાછી પોતાના લશકરની છાવણી કરી પડયો.

બીજે વરસે યાને ઈ. પુ. ૮૬ માં હવે મેતરદત શાહે આરકીલિઅસની સાહેતાહે તેના ભાઇ તાકસીલીસની સરદારી હેઠલ પ્લુતારક તથા એપીઅનના જણાવ્યા મુજબ દસ હજાર ઘોડેસ્વાર, એક લાખ પાયદલ તથા ખુનખાર દાતરડાંઓથી આરાસ્તા કીધેલાં નેવું યુદ્ધનાં રથો ગ્રેસ અને માસીદોનીઆમાંથી ઉપડી જવાનો હોકમ મોકલ્યો. જારે આ સરદાર પોતાના ભાઇની મદદે બીજી નવી ફોજ સાથે યુનાન આવી પોહોચ્યો ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે આરકીલિઅસ મીઉનીચીઆનાં બંદરમાં છાવણી કરી પડેલો હતો જાંહાંથી તે શુરો સીપેહેસાલાર સીલા સાથે લડાઇ લંબાવ્યોજ જતો હતો, અને રૂબરૂ નહિ થઈ શકયાથી રૂમના સીપાહીઓ સારૂ જે ખોરાકી તે રસ્તે પસાર થતી હતી તેને દુશમેનોનાં લશકરમાં જવા દેતો ન હતો. એમાં એણે ઘણુંજ ડહાપણ તથા દુરઅંદેશી દેખડાવી હતી કેમકે સીલાને તેની ઘણીજ ગરજ હતી. આથી રૂમી ફોજમાં ભુખમરો ચાલુ થયાથી સીલાને એટીકાની ભૂમી પાછી છોડી જવાની ફરજ પડી અને બીઓશીઆનાં ઘણાં ફળવંત મેદાનોમાં પોતાનાં લશકરને લઇ જવાની તેને આખરે ગરજ થઇ પડી જાંહાં તેની સાહેતાહેબી હારતેનસીઅસ નામનો બીજો એક રૂમી સીપેહસાલાર પોતાની થોડીક ફોજ સાથે તેને આવી હવે મલ્યો હતો. આ બંન્ને લશકર એકઠું થયાથી ઈલિતેઆનાં મેદાનની વચ્ચે વચમાં એક ઉંચી ફલવંત ટેકડી જેની હેઠલથી એક મોહોટા પાણીનો ઝરો વઠીક પસાર થતો હતો તેવી ફલવંત ટેકડી રૂમીઓએ પોતાને હાથ કરી તાંહાં પોતાની છાવણી નાખી. આગળી ભયંકર લડાઇથી રૂમી ફોજોનોબી મોટો ભાગ કપઈ ગયો હતો તેથી એ લોકો સોડે હાલમાં બધું મલી ફકત પંદર હજાર પાએદલ અને પંદરસો ઘોડસવારોનું નાહાનું જેવું લશકર એ છાવણી પરથી આબાદ પારસીઓના લશકરને દિસવા લાગ્યું જેનો લાભ લેઈ આરકીલિઅસના સરદારોએ રૂમીઓને તરત લડાઇની સફ જમાવવાની ઘણી મેહેનતે ફરજ પાડી. અલબતાં આ સઘલી તવારીખ દુશમેન ગ્રંથકારોની એક તરફેનની લખાવતોને લીધે આપણને અત્રે લખવી પડેછે માટે તેઓ સીલા સોડે એ વેલાએ ફોજ થોડી હતી એમ જે જણાવી ગયા છે તેવાં તેઓનાં દેશાભિમાનને લીધે આપણને તે સઘલી વાત એકદમ માંની દેવી જોઇતી નથી પરંતુ ઉગમણ તરફના ગ્રંથકારો મલુકે તવાએફના જમાનાના પાદસાહોની તવારીખ સીલસીલાબંધ આપી ગયા નથી તેથી આ લખાણોમાં નાલ્લું કેટલું છે તે વાત જો કે ચોકસ રીતે સરખાવવા આપણે હાલમાં અશકત છૈયે તોબી આવાં એક તરફી લખાણોબી બારીકીથી જોતાં એ વેલાનાં જરથોસ્તી રાજોની કીર્ત્તિમાં કશો ઘટાડો થાય તેવું નથી એમ દરેક સમજુ શખ્સ ઇનસાફને ખાતર આ સઘલો મજકુર હેવાલ સુક્ષમ રીતે તપાસતાં એકરાર કરયા વીના રેહેનાર નથી.

પારસીઓ તરફના આરકીલેઅસના સરદારોએ રૂમી ફોજને પોતા સામે લડાઈનાં મેદાનમાં ઉતરવાની ફરજ પાડયાથી રૂમી લશકરે લડાઇનું રણશિંગડું ફુક્યું અને આપણી પારસીઓની ફોજેબી આખું મેદાન પોતાનાં લશકરની દોડધામથી તુર્ત ભરી નાખ્યું. આ વેળાએ મોદીઅન તથા સીથીઅન લશકરોનો દમામ અને રોબ બરેખર ઘણો દસમણો લાગતો હતો; તે સાથે બીજી તરેહ તરેહવાર જુદી જુદી વર્ણનોના સિપાહો જે આપણા લોકોનાં લશકરમાં સામેલ થયા હતા તેઓના ઘોંઘાટ અને ખખડાતથી આખું મેદાન ગોયા ધ્રુજી રહ્યું હતું. રૂમી ગ્રંથકારો મેતરદત શાહનાં લસકરના સરદાર અને સિપાહોનાં પોલાદ અને પિત્તલના બખતરોના ચમકાટ તથા તેઓના સોનાં તથા રૂપાંમાં જડાવદાર હથીઆરો તથા રંગબેરંગી પોષાકોનો તુલોતવીલ હેવાલ જે આપી ગયા છે તેથી એ પાદશાહની હશમત તથા ધજા વિશે આપણને મોટો વિચાર જાયછે એટલુંજ નહિ પરંતુ તે લશકરે આરાસ્તે કરેલી બોહોળી સફનો અહેવાળ વાંચ્યાથી ભયથી કરી ગર્ભવાળી સ્ત્રીઓનો ગર્ભ આજેબી ગોયા તુટી પડે તેવું છે. આપણી તરફનાં લશકરોનો આવો દોર તથા દમામ જોઇનેજ કહેછે જે રૂમી સિપાહોમાં એક જાતનો ભય પેસી ગયો હતો અને તેઓ પોતાના બચાવ આગળની જગાથી એક દગલુંબી આગલ ભરવાને આણાકાણી કરવા લાગ્યા. પોતાનાં લશકરને આ પ્રમાણે હારીખાતું તથા નામુરાદ થયલું જોઈને સોલાએ તેઓનો ભય દૂર કરવા ઘણુંબી માથું ફોડયું પરંતુ તે કોઇબી રીતે તેઓને ઉશકેરી શકયો નહિ. તેણે હવે મુગે મોહોડે મેતરદતશાહનાં લશકરનો ચોતરફનો મારો ખમ્યા કીધો. હવે રૂમી સિપાહોની બાહાદુરી વિશે એથી આપણી બોરદુવાળા સિપાહોનાં મનમાં એટલોતો તિરસ્કાર બેશી ગયો કે તેથી તેઓ સઘળી કવાએદોને ભૂલી જઈ આસપાસનાં દેશોમાં લુટફાટ કરવા તથા તાંહાં ખુનરેજી ચલાવા ટોળે ટોળાં થઇ ચોમેર પઠરાઇ ગયા અને જથાબંદ લુટફાટ કરતા પોતાની છાવણીથી ઘણાએક દિવસોની મંજલ જેટલા દૂર નિકળી ગયા; તથા આસપાસનાં ઘણાંએક શેહેરોને તેઓએ પાયમાલ કરી લુટી લીધાં. આ પ્રમાંણે પોતાની નબલાઇથી પારસી સરદારોના હાથે પોતાના દોસ્ત આશનાવોનાં શેહેરોને પોતાની આંખ આગળ એક પછી એક તારાજ થતાં જોઇને આ રૂમી સપેહસાલાર બહુજ નિરાશ થઇ ગયો અને હવે તે પોતાનાં નિરાશ થઇ ગયલાં લશકરમાં આશાનું કંઈક નવું લોહી ઉમેરવાની યુકતી શોધવા પડયો. આખરે તેને એક ઇલાજ સુઝયો. તેણે પોતાની છાવણીની હેઠલ આવેલા પેલા સીફીસસના ઝરાનો રસ્તો ફેરવીને તેને બીજી બોરદુ ભણી લઈ જવા સારૂં આસપાસ મોટી ખોદની કરવા પોતાનાં લશકરને હુકમ કીધો અને તેમ કરવાની તેની મતલબ એ હતી કે પોતાનું લશકર આવાં કઠણ કામથી કંટાળીને એવું ગધઈ વહીતરૂં કરવાને બદલે પોતાના હમનબરદો સાથે લડી મરવાના ઠરાવપર આવી જાય. આ તેના ઈરાદામાં આખરે તે ફાવ્યો ખરો. તેના સિપાહીઓ ત્રણ ત્રણ દિવસ સુધી કંઈ પણ વિસામો લીધા વિના રાતો દીન ખોદતાં ખોદતાં એટલાતો બેજાર થઇ ગયા કે જયારે સોલા તેઓનાં કામની તપાસ કરવાને બાહાણે એ ત્રણ દિવસ પછી જયારે પોતે ત્યાં જઈ લાગ્યો ત્યારે તે સઘળું લશકર એક અવાજે બોલી ઉઠયું જે “આવું વહીતરૂં કરવાને બદલે હવે અમો દુશમનો સામે લડી મરવા તૈયાર છૈયે

માટે હવે તમોએ અમને તેમ કરવાનો હુકમ આપવો.” તેણે હવે તુર્તજ લઢી જવાનું દરૂસ્ત વિચારયું નહિ અને પોતે અમસ્થી નાજ પાડતો ગયો, પરંતુ છેલ્લે જ્યારે તેણે જોયું કે તે જેમ જેમ લડવાને ના પાડતો હતો તેમ તેમ તેનું લશકર લડવાને માટે શૂર ઉપર આવતું ત્યારે તેણે તેઓને હથીઆર બંદ થવાનો હુકમ આપ્યો, અને તે ઉશકેરાયલાં લશકર સાથે આપણી બારદુના લશકર ભણી કુચ કરી રૂબરૂ લડાઇ કરવાની હવે તેણે ખાહેસ દેખાડવી.

એ ખુનખાર લડાઈ ચીરોનીઆનાં ઘણાં વખણાયળાં મેદાનમાં થઇ હતી. એ વેળાએ પારસીઓનું લશકર ઉપર જણાવ્યા પ્રમાણે લુટફાટ કરતું ઠેકાણે ઠેકાણે વિખરઇ ગયું હતું તેથી તર્તજ દુસમેનની સામે થવાને તેઓતો વિચારમાં પડયા, પરંતુ તેઓએ પોતાની સમયસૂચકતા રાખી દૂર ગયલાં લશકરને પાછું છાવણી તરફ ફરી વલવાને ચોતરફ જાસુસો દોડાવ્યા. એ વેળાએ આપણું લશકર ઘોડેસ્વાર સિપાહીઓની એક મોટી બલવંત ફોજ સાથે થુરીઅમની એક મજબુત ટેકડી ઉપર છાવણી કરી પડેલું હતું. એ ટેકડી રૂમી સિપાહીઓની ડાબી બારદુ ભણી એક ઉંચા પાહાડનાં શિખડ ઉપર આવેલી હતી જેથી આપણા લોકો એક એવી જગા હાથ કરી બેઠા હતા કે તાંહાંથી દુશમનોને જતાં આવતાં સેહેલથી અટકાવી શકાય તેવું હતું. જ્યારે રૂમીઓને એ ટેકડી ઉપરથી આપણી બારદુવાલી ફોજને હાંકી કાહાડવાનું ભારી થઇ પડયું ત્યારે કેહેછે જે ચીરોનીઆના બે શખ્સો જેઓ તે તરફના રસ્તાઓથી સારી પેઠે વાકેફ હતા તેઓ દૈવયોગે સોલાને આવી મળ્યા, અને તેની પાસે થોડાક બહાદુર સ્વારોની મદદ માંગી ને તે જગા ઉપરથી આપણા લોકોનાં લશકરને હાંકી કાહાડવાની તેઓએ કબૂલાત આપી. એ માંગણી પેલા રૂમી સરદારે તુર્ત બાહાળ રાખી અને પોતે એટલા વખતમાં પોતાનાં લશકરની સફ સમારવા મંડયો. પેહેલાં ઘોડેસ્વાર લશકરને વચમાં રાખી તેની બન્ને બારદુએ પોતાના પાયદલ સિપાહીઓને ગોઠવ્યા; તથા જમણા હાથ ભણીનાં લશકરની સરદારી પોતે પોતાના હાથમાં રાખી અને ડાબી બારદુની સરદારી. મુરીના નામના એક બીજા રૂમી સરદારને સ્વાધીન કીધી. વળી હરોલના પાછલા ભાગની લશકરની સરદારી ગાલબા તથા હોરતેનસીઅસ નામના બીજા બે સરદારોને આપી જેમાંની ગાલબાની ટુકડી જમણી બારદુ હોવાથી કામ પડતે સોલાની પોતાની સાહેતાએ તુર્ત દોડી આવે અને હોરતેનસીઅસને મુરીનાની ટુકડીની મદદમાં ડાબી બારદુ ભણી સફ સમારી ઉભો રેહવાને ફરમાવ્યું. આવો મામલો જોઈ આપણા સરદારોએ રૂમીઓની પેલી પાછલી ટુકડીને ઘેરી લઈ તેના પાછળા ભાગ ઉપર મારો ચલાવવાના હેતુથી પોતાના ઘોડેસ્વાર તથા તેજ ચાલના પાયદલ સિપાહોને રકમબંદ દૂર દૂર ઘણું ચતરાઈ જવા તુર્ત હુકમ આપ્યો. એટલામાં ચિરોનીઆનાં પેલાં બે માણસો પોતાની સાથના બહાદુર સ્વારો સાથે એકાએક થુરીઅમની ટેકડી ઉપરનાં આપણાં લશકરને આવતા જણાયાથી આપણી બારદુના કેટલાએક જંગલી વર્ણના સિપાહો ગભરાઇને નાહાસવા લાગ્યા અને ધક્કા ધક્કીમાં પાહાડની હેઠળ દોડી ગયા; પણ પેલા રૂમી સિપાહોએ તેઓનો દુંબાલો પકડીને તેઓ નિચે ઉતરે એટલામાં સમશેરથી કરી તેઓના આસરે લણ હજાર માણસો કતલ કરી નાખ્યાં: પારસીઓનું જે લશકર આ હલ્લામાંથી બચ્યું તે રૂમી સરદાર મુરીનાના લશકરનાં હલ્લાંથી મારયું ગયું. તે સ-

રદાર તેઓ ઉપર તુટી પડયો અને તેઓ નાહાસીને પોતાનાં મોટાં લશકરનો આસરો પકડે તેની આગમચ તો તેણે તેઓમાં મોટી ખુનરેજી કરી નાખી. એ મારામારીમાંથી જેઓ બચ્યા તેઓ એટલાતો ગભરાટથી આપણી છાવણીમાં નાહાસી આવ્યા કે તેથી આખું લશકર ગભરાટ અને ગુચવણમાં આવી ગયું અને આપણા સરદારોને આવાં બોહોળાં લશકરને પાછું ઠંડું પાડવા તથા બરાબર ગોઠવવા એટલોતો વખત નિકળી ગયો કે તેથીજ મેતરદત શાહના સરદારોને માઠાં ભાગ્યે એ લડાઇ ખોવી પડી. આવા ગભરાટનો લાભ લેઇ સોલા કંઇપણ વખત ખોયા વિના એટલાતો જોસથી તેઓ ઉપર ઉતરી પડયો અને એ બન્ને લશકરોની વચ્ચે વચ્ચમાંની જગા ઉપર તેણે એવી તો ઝડપમાં મારો પોતે પેદરપે ચાલુ રાખ્યો કે તેથી તેઓ સાથનાં યુદ્ધનાં પેલાં ભયંકર રથો જેની તેને ઘણી ધારતી હતી તે સઘળાં આપણી બોરદુવાળાઓને નિરર્થક થઇ પડયાં. એ રથો એવીતો યુકતીથી બનાવેલાં હતાં કે ખુલ્લા અને કુસાદે મેદાનમાં તેઓને મોટા ચકરાવામાં દોડાવ્યાં હોયતો તેઓનું બળ એકદમ વધી પડેછે ને તે માહેળાં દાતરડાંઓથી દુશમનનાં લશકરનો ઘાણ નિકળી જાયછે. પરંતુ આ વેળાએ એ રથોને પોતાનું બળ દેખાડવા હવે કુસાદે જગા નહિ મળવાથી તેઓ સદંતર નિરઉપયોગી અને ફકત શોભાનાં ગાંઠીઆ જેવાં થઇ પડયાં. કહેછે જે આપણી બોદકુવાળા સરદારોને આ રથોની ખામી તુર્ત જણાઇ હતી પરંતુ તે ઉપર ધ્યાન આપવાને હવે બહુજ અસુરં થઇ ગયું હતું. એ રથો સપર પેહેલાંજ એટલાંતો ધીમે દુશમનોનાં લશકરની સફમાં ગુસ્યાં કે તેઓ પોતાનું જોર અસરકારક રીતે બતાવી શકયાંજ નહિ. રૂમીઓએ તુર્ત તેઓને ઘણી સેહેલાઇથી પાછાં હઠાડી મેલ્યાં અને આપણા સરદારોની તેઓ હસી ને ઠેકડી કરવા લાગ્યા.

આ રથોને હાંકી કાહાડયા બાદ બન્ને બોરદુવાલાઓનાં મુખ્ય લશકરો હવે એકમેક સાથે હાથ મેળવવા રણમાં ઉતર્યાં. આપણી બોરદુવાળાં લશકર પાસે લાંબા ભાળાં હતા અને વળી તેઓ એક બીજાથી છુટા પડી નહિ જાય માટે તેઓને આહીન (આરદર)માં રાખવા સારૂ તેઓની ધાળોને એકબીજાની ધાળો સાથે બાંધી લેવામાં આવી હતી. આવો મામલો જોઇ રૂમીઓએ પોતાના ભાળા નાખી દીધા તથા તરવાળો હાથમાં લેઇ મેતરદત શાહનાં લશકરના ભાળાઓ ઝુતાવી લેવા લાગ્યા; પણ આ વેળાએ આપણી તરફવાળા સરદારોએ રૂમીઓના પંદર હજાર ગુલામો જે પોતા પાસે હતા તેઓને છુટાપણું બખશવાનો વચન આપીને ઉશકેરીને હવે પોતાના પાયદલ સિપાહોની વચમાં લાવી ઉભા કીધા. પોતાનાંજ માણસોને પોતાનીજ સામે લડાઇમાં ઉભેલાં જોઇને રૂમીઓને હવે બહુજ રીસ ચહડી અને તેઓ ઘણાજ ઉશકેરાઇને આપણી સામે લડવા લાગ્યા; પરંતુ પેલા ગુલામો એટલાતો બાહાદુર અને હઠીલા હતા કે તેઓ રૂમીઓના આવા જબરા મારાની કંઈ પણ દરકાર કરયા વગર ઘણીજ બળતવારીથી તેઓ સામે ટકી રહયા. આ ફોજને આપણા સરદારોએ સઘળી તરફનાં નાકાં બંધ કરીને એવી તો ઉત્તમ રીતે ગોઠવી હતી કે રૂમીઓ તેને જરાપણ વિખરી કે પાછી હઠાવી શકયા નહિ. એટલામાં રૂમીઓની જે બીજી ફોજ હતી તેઓએ પોતાની ઝડપ અને દોડધામથી બીજી બોરદુએથી આપણાં માણશો ઉપર તીરનો ભયંકાર મારો ચાલુ કરયો અને પોતાની ગોફનોથી પથરાનો મોટો વરસાદ વરસાવી

તેઓને આખરે જરા પાછા હઠવાની ફરજ પાડી.

વળી બીજી ગમથી આરકેલીઅસેબી રૂમીઓનું ડાબી બારદુ તરફનું લશકર ઘેરી લેવા પોતાની જમણી બાજુનાં લશકરને આગલ ધસવા હોકમ કરયો. હોરતનસીઅસબી પોતાનું ઘોડે સ્વાર લશકર લેઇ આરકેલીઅસનાં લશકરની બારદુભણી મારો ચલાવાના હેતુથી પોતે આગલ ધસ્યો પરંતુ તેની મતલબ પારસીઓનાં લશકરનો આ શૂરો સપેહસાલાર તુર્ત પામી ગયો અને આવો મામલો જોઇ તેણે તુર્તજ પોતાના બે હજાર ઘોડેસ્વારોને ઘણી ઝડપથી પેલા રૂમી લશકરની આસપાસ ફરી વળવા હુકમ આપ્યો. હોરતેનસીઅસ આ ઘોડેસ્વાર લશકરની સંખ્યાથી હારી જાય તેવી હાલતમાં આવી પડયો અને આપણી તરફનાં લશકરના પેલા સ્વારોથી તેનું લશકર અબ ઘડી હવે ચોતરફથી ઘેરાઇ જાય તેવો મામલો હતો માટે તેણે હવે નાહાસી ભરાઈ બેસવાનું દુરસ્ત વિચારયું. તે પોતાની છાવણીથી ઘણો વેગળો નિકળી આવ્યો હતો માટે ત્યાં પાછું ફરતાં તો ઘણોવાર લાગે માટે આસ્તે આસ્તે પાછલે પગે હઠીને પાહાડોની બારદુમાં પોતાનાં આખાં લશકર સમેત ભરાઇ બેઠો. સીલાની જમણી બારદુના સિપાહો હજુર લડાઇમાં ઉતરયા નહતા તેથી તે ફોજમાંથી થોડીક ટુકડીઓ લેઈ એ રૂમી સરદાર હવે હોરતેનસીઅસની સાહેતાહે જવા નિકળ્યો; પણ એ લશકરની દોડધામથી ચોતરફ ઉડી રહેલી ધુળ ઉપરથી આપણાં લશકરનો સપેહસાલાર પોતાની તેજ બુદ્ધિથી એ બિના પામી ગયો અને તેણે હવે હોરતેનસીઅસનાં લશકરને પડતુમેલીને સીલાનું લશકર હમણાં જે જગ્યા છોડી આવતુ હતું તે તરફ પોતાનાં લશકરને આગલ ધસવાનો હુકમ આપ્યો; અને તે એવા વિચારથી જે રૂમી સિપાહોની જમણી બારદુની ટુકડીને માથે હવે કોઈ બિજો શૂરો સરદાર રહયો નથી તેથી તે ફોજને હું જલદીથી સેહેલમાં હંકાવી શકશ.

એજ વેળાએ તાકસીલીસ પણ પિત્તલની ધાળવાળાં પોતાના ચાલકાસપીદીસ યાને પાયદળ સિપાહોને લેઈ મુરીનાની ફોજ સામણે થવા પોતે આગળ વધયો. એ વેળાએ બન્ને બારદુ તરફથી એટલાતો ઘોંઘાટ અને શોહોર મચી રહયો હતો કે તેથી આસપાસની સઘલી ટેકડીઓ ગોયા હલમળો રહી હતી. આ ઘોંઘાટથી સીલા બહુજ ગભરાયો અને પોતાનાં લશકરને ઉભું રેહી જવાનો હુકમ કરી હવે પોતે કેઈ બારદુએ જવું તેના વિચારમાં પડયો. આખરે દૈવયોગે તેને એવોજ ખ્યાલ ગયો જે પાછો પોતાની આગલી જગા ઉપર નિકળી જઇ પોતાની જમણી બારદુવાળી પેલી ફોજને મદદ આપવી. આ ઠરાવને લીધે ચાર ટુકડી (ફોહરત) પોતે હોરતેનસીઅસને આપી અને તેને મુરીનાની મદદે સિતાબીથી દોડી જવા હુકમ કરી પોતે બાકીની પાંચમી ટુકડી લેઇ દર મંજલ દોડતો પોતાની આગળી જમણી બાજુની ફોજની સાહેતાહે આવી લાગ્યો. આ વેળાએ તેણે પોતાની તે ફોજને આરકીલેઅસની પેલી ફોજ સાથે મારામારીમાં ગુંદેલી જોઈ. બન્ને બારદુવાળા જબરી કસાકસીથી એકસરખા ઉતરેલા હતા ફટલામાં રૂમી સિપાહોની નજર પોતાના શીપેહેશાલાર ઉપર પડતાં તેઓને વધારે હિંમત આવી અને તેઓને વધારે શૂર છુટયું. આખરે તેઓ આરકેલીઅસના ઘોડેસ્વાર લશકરના ઘેરા અંદરથી બાહાર પડીને તેના પાયદલ સિપાહોને નહસાડી ઘણીકવાર સુધી તેઓનો દુંબાળો એટલીતો ઝડપથી પકડયો કે તે સઘળું લશકર તદન બારેવાટ થઈ ગયું. આ ફતેહ

મેળવ્યા બાદ કંઇબી વખત ન ખોતાં એ રૂમી સરદાર હવે પોતે પેલાં મુરીનાનાં લશકરની શાહેતાહે પુર સિતાબીથી દોડી ગયો. એ સરદારનેબી જારે એણે તાકસીલસનાં લશકરનેબી મારીને હઠાવતાં દીઠો ત્યારે તેની સાથે તુર્ત પોતે મળી જઇ પેલાં હારેલાં લશકરનો તુર્ત દુંબાળો પકડી તેઓનો સદંતર પરાજ્ય કીધો. રૂમી ગ્રંથકારોનાં એકતરફી લખાણો જોતાં કહેછે જે આપણી બોરદુવાળું ઘણુંએક લશકર એ જંગનાં મેદાનમાં મારયું ગયું હતું, અને બાકીનો બીજો મોટો ભાગ આપણાં લશકરની છાવણી તરફ પાછો ફરતાં વાટમાં દુશમનોની ફોજના હાથમાં મારયો ગયો હતો. કહેછે જે આવડી મોટી ફોજમાંથી ફકત દસ હજાર માણસોજ બચ્યાં હતાં ! જેઓ ચેઆલકીસ નામનાં શેહેરમાં નાહાસી ભરાયાં હતાં. સીલા પોતાનાં શ્મરણ પુસ્તકમાં એમ જણાવી ગયોછે જે "મારી ફોજમાંથી તો માત્ર ચઉદ ! માણસોજ માર્યાં ગયાં હતાં કે જેઓમાંનાં બે માણસોતો શોધ કરતાં સાંઝની વેળાએ પાછાં છાવણીમાં તેજ દિવસે અસુરેથી આવી મળ્યાં હતાં;" જે ઉપરથી મનેતો આ સઘળો હેવાળ શહરાગત ભરેલો ભાશેછે. રૂમી ગ્રંથકારોનાં આવાં દશાભિમાનો તેઓનાં લખાણોમાંથી વારંવાર ઉભઇ નિકળેલાં આપણાં જોવામાં જે આવેછે તેથી એ સઘળી એક તરફની વાત કબૂલ કરતી વેળાએ આપણને પોતેબી જરા ગોર કરવો જોઇયેછે. અલબત આપણને આટલુંતો બાહાળ રાખવાની હવે ફરજ છેજે આ ખુનખાર લડાઇમાં મેતરદતશાહનું લશકર તેઓના સરદારની કંઇપણ ખામીથી નહિ પણ જૂદી જૂદી વર્ણોનાં જે બિનકવાયદ લશકરો આપણી ફોજમાં સામેલ થયાં હતાં તેઓની ગેરહુકમાબિયત તથા પોતાના સરદારોના હુક-મને તાબે નહિ રહી જરા જરામાં અમસ્થો ધભરાત કરીને નાહસી જવાની બાડી તબેને લીધેજ ફકત હારખાઇ ગયું હતું, પરંતુ તેઓ માહેલા તુરાની તથા મીદીઅન સિપાહોની બાહાદુરી રૂમીઓથી કસી પાંતીએ ઓછી નહિ હતી એમ વાસ્તવિક જોતાં સાફ માલમ પડી આવેછે. તે સાથે કેટલાએક ઇત્તેફાકો એવા બના ગયા હતા કે જેઓ દૈવયોગે રૂમીઓનેજ ફલદ્રુપ થયા હતા અને આપણી બોરદુવાળાઓને વિરૂધ ગયા હતા.

એકબાલને આ પ્રમાણે પોતા ઉપર પરાહુન થતાં તથા દૈવ દેવીને પોતાને છોડી મેલતાં જોયાં તોબી આ દૂરઅંદેશ પાદશાહ પોતાના મક્કમ ઠેડાવમાં હજુર તેથી પાછો હઠયો નહિ પણ ઓર એક ત્રીજુ ચુંનદું લશકર ઇ. સ. ૮૫માં પોતાનાં આગળાં લશકરની શાહેતામાં દોરીલઅસ નામના પોતાના એક બીજા સરદારના તાબા હેઠળ આપી યુનાન તરફ રવાના કરી આપ્યું.

હવે રોમની અંદર એ વેળાએ મારીઅસ અને સીલાની બોરદુવાળાઓ વચ્ચે જે મોટો જધડો માંહોમાંહે ચાલતો હતો તેમાં મારીઅસની બોરદુવાળાઓ આખરે ફાવીઆથી તે બોરદુ તરફના એક સરદાર નામે વેલીરીઅસ ફ્લાકસને કોનસલ નેમવામાં આવ્યો અને તે નવો રૂમી સરદાર એક મોટું લશકર લઇ મેતરદતશાહનાં લશકર સામણે લડવાને બાંહાને તે શેહેર છોડી આયોનીઆનો દરીઓ વટીક ઓજંગી પસારબી થઇ ગયો. એ વાતની ખબર સીલાને પડતાં તે સમજી ગયો જે આ લશકર આવે બટિ બાંહાને મારીજ સામણે આવેછે માટે તેને એસ્તેકબાલ સેવાને મસે પોતે ઘણો ઝડપમાં થેસેલી તરફ કુચ કરી ગયો, પણ ત્યાંનાં મોલીતીઆ નામનાં શેહેરમાં આવી પોંહોચતાં તો

તેને ચોતરફથી એવી ખબર મળી જે યુનાનનાં જેબી શેહેરો તે પોતાની પાછળ છોડી ગયો હતો તે સઘળાં શેહેરો મેતરદતશાહનાં બીજાં આગળથાનેખી વધારે બલવંત અને મોટા લશકરે લુટી પાયમાલ કરી નાખીઆં હતાં; કેમકે દોરીલિઅસ હવે મેતરદત શાહનાં ઘણાં મજબુત અને લડાઈ અજમાવેલા હેંસી હજાર ચુનન્દા સિપાહોનો એક જબરો કાફલો લઇ ચાલકીસ આવી, બઓશીઆમાં ઉતરી પડી, સોલા સાથે લડાઈ કરવાના હેતુથી તે સઘળો મુલક પોતાને સવાધીન લઇ બેઠો હતો. મેતરદત શાહના આગળા સરદાર આરકીલિઅસે હમણા પોતે જે લડાઇ ખોહી હતી તેની માહીતગારી ઉપરથી આ નવા ઉછાછલા સરદારને તે લડાઇની સઘળી કેફીઅતથી વાકેફ કરી તેને ઘણીએક સલાહો આપી પણ તેના આવા નેક વિચારો અને સમજાવા ઉપર પેલા સરદારે કંઇ પણ લક્ષ આપીઉં નહિ અને ઓરકોમીનસ નામનાં મેદાનની એક ઘણીજ કફોડી જગા પોતેજ પોતાની મેળે એ લત્તા તરફ શોધી કાહાડી ત્યાં એ લડાઇનો નસીબો અજમાવવા તેણે પક્કો ઠરાવ કરીઓ, કે જે સારૂ તેને તરતજ પછી ઘણું પસતાવવું પડીઉ હતું, કેમકે, એ બાબદસર આરકીલિઅસની આપેલી સલાહ ઘણીજ માકુલ તથા દુરઅંદેશી ભરેલી હતી. આવો મામલો જોઈ સોલાએ, આપણાં લોકોનાં લશકરનું મોટું બળ આપણા ઘોડેસ્વાર સિપાહીઓમાં જે હતું તેનો ફાએદો આપણા સરદારોને ન મલે એવા હેતુથી એ મેદાનની દરેક બાજુએ મોહોટી ખાહીઓ ખોદવા હોકમ કરીઓ કે જેથી આપણા ઘોડેસ્વારો રૂમીઓનાં લસકરને હાંણી પોહોંચાડી શકે નહિ. એ બેગારીઓ ઉપર આપણું લશકર એની મતલબ પામી જઈ પુર જોસથી ઉતરી પડીઉં અને તેઓને વિખરી નાખીઆ એટલુંજ નહિ પણ જે રૂમી ઘોડેસ્વાર ફોજ તેઓની શાહેતાહે ઉભી હતી તેને પણ મારી નહસાડી મેલી. જયારે રૂમી ફોજ સિકસ્ત ખાઈ આ પ્રમાણે નાહિંમત થઈ નાહાસવા લાગી ત્યારે સોલા પોતાના ઘોડા ઉપરથી તરત ઉતરી પડી પોતાના એક નાના સરદારને પકડી પેલા નાહાસ ભાગમાં પડેલા સિપાહીઓ અંદરથી પોતે પોતાની મેળે દુશમનોના તાબામાં જવા આપણા લશકરની છાંવણી સનમુખ ધસીઓ અને બુલંદ આવાજે પોતાની નાહાસ્તી ફોજને કેહેવા લાગ્યો જે "અરે ઓ! રૂમી સિપાહો મારૂં મત પુછો તો હું તો હવે મરી જવામાંજ મોટી કીર્તિ સમજુછું પરંતુ કોઇબી સખશ તમોને હવે પછી પુછશે જે તમોએ તમારા સરદારને કાંહાં છોડી દીધો ત્યારે ઓરકોમીનસનું મેદાન તેના પ્રત્યુત્તરે તમારૂં હિચકારાપણું કહી સંભળાવશે તે તમોએ ખુબ યાદ રાખવું." આ તાનાથી તેઓને બહુ માથું લાગું જેથી તેઓએ નાહાસભાગ છોડી દઇ પાછા આરકીલિઅસના ઘોડેસ્વાર સિપાહો સામણે બહુ બળતવારીથી લડીને તેઓને પાછા મારી હતાવ્યા. હવે ફરીને આપણા સિપાહો વધારે સારી રીતે સફ સમારી પાછા લડવા આવી ઉભા પણ તે વેળાએ તેઓને રૂમી ફોજે મોટી સિકસ્ત આપી પાછા હટાવી કાહાડયા. બીજે દિવશ બુલંદ આફતાબે જયારે પોતાનાં કિરણો પાછાં આ જમીનની સપાટી ઉપર ઉરાડવાં શહરૂ કર્યાં ત્યારે સોલા પોતાનાં ઘોડેસ્વાર લશકર સમેત આપણાં લશકરની છાવણી ભણી ખાહીઓ ખોદાવાનું કામ જારી રાખવા માટે પોતે આગળ વધીઓ, અને આ બેગારીઓને માર ફ.

ફરી નહસાડવા આપણી છાવણીમાંથી જે લસકર એ તરફ પડતું હતું તેને એટલીતો ઝડપથી પોતે મારી હઠાવ્યું કે પેલા સિપાહીઓએ ભયથી એકદમ છાવણી ભણી દોડી જઇ એવો તો સોહોર અને ઘભરાત આપણા લોકોનાં લશકરમાં મચાવી મેલીઓ કે તેઓ સાથે પેલા બીજા સિપાહીઓબી નાહાસ ભાગમાં પડી ગયા અને નાહિંમત થઈ ગયા. સીલા એકદમ હવે આપણી છાવણીમાં દાખલ થયો. આપણી ફોજમાંના ઘણા એક શીપાહીઓનાં લોહીથી પેલું ખેતર ગોયા શુરખ થઇ રહ્યું હતું, અને ઠેકાણે ઠેકાણે બંને બોરદુવાળાઓનાં મુડદાં એ જંગના મેદાનમાં પડેલાં દિસવા લાગ્યાં. તોબી આપણું લશકર મેતરદતના સરદારોની હેમાકતને લીધે વિખરાઇ ગયા છતાંબી ચોતરફ ઠેકાણે ઠેકાણે રૂમી સિપાહો સાથે હાથ લંબાવવા લાગ્યું પરંતુ દોરીલિઅસની મુરખાઇથી તે આખરે હાર ખાઈ ગયું. આરકીલિઅસ ખુદ પોતે ઘણું. સુધી પેલાં ખેતરોમાં ભરાઇ રહી ચાલકીસ તરફ આખરે સહી સલામત નીકળિ ગયો.

પોતાના સરદારોની હુજત અને બીન વાકેફગારીને લીધે અતીઆર સુધી સઘળી લડાઇઓમાં ફતેહમંદ ઉતરેલા આવા નામદાર શાહને આ બે ત્રણ હારો વિશેની ખબર મલતાં તેનું દિલ ઘણું ગમગીન થઇ ગયું ખરૂં પરંતુ એનું મગજ એટલું તો પ્રફુલ્લીત હતું, એનું હઇડું ખુદરતથીજ એવુંતો ચપલ અને શાંત હતું તથા એના ઠેડાવો એટલાતો મકમ હતા કે આવી આવી સિકશતો મલવા છતાં એણે હિંમત મુતલગજ નહિ છોડી ને વળી ફક નાહનું લશકર જમાવ કરી પોતાને ગએલી સઘળી હાણી પાછી ઠેકાણે લાવી મેલવા ખિત ઠેકાણે રાખી એ પાદશાહ પોતે પોતાનાં કામમાં પાછો મશગુલ થયો. બીજો પોચાં મનનો પાદશાહ એને ઠેકાણે હતે તો તે પોતાનાં પોતીઆં વટીક છોડી દેતે પણ વિપતી અને ભયની વેળાએજ પોતાનાં મનને શાંત રાખવું એજ મોટી ખુબીછે પરંતુ તેમ સઘળાઓથી થઇ શકતું નથી; માટે એની આવી સમયસૂચકતા વિશે દુશમન ઇતિહાસ કર્તાઓ વટીક એની જાબજા તારીફ ગાઈ ગયલા છે. રૂમીઓએ એનું એકબાલ પડતું જોઈ પોતાની આગલી ફતેહ અને પોત પોતાની માંહોમાંહેની લડાઇથી હવે ફારગ થવાથી વધારે હિંમત ધરી ને મારીઅસની ટોળીવાળા ફીમબીઆ નામના એક રૂમી સિપેહસાલારે એશિયાની ભૂમિમાં જઈ એ પાદસાહને ખુદ ને હરાવવાનો ઠરાવ કીધો. અતીઆર સુધીતો વાંચનારાઓએ જોયું હશે જે મેતરદત શાહનું લસકર દુશમેનોનાં પ્રાંતોવેર સ્વારી કરી તેઓને તેઓનાં ખુદ પોતાનાંજ મુલકોમાં હંફાવતુ હતું પરંતુ હવે લડાઇનું ચકર ફરીઉં અને રૂમી સિપાહો દર મંજલ એશિયાની ભૂમિમાં ઠેક એનાં મુલકોની ભૂમિસુધી ચાલી આવ્યા. આવો મામલો જોવાથી એને જોયું જે હવે મારા દુશમેનો મારી સામણે મારા દેશમાં બળવો ઉઠાડશે માટે તે વિશેનો ઇસારો એને માલમ

પડતાંજ તેવાં બદ માણસોને કટલ કરવાને એણે ડહાપણ ભરેલું વિચારયું અને તે પછી પેલાં રૂમી લશકર સામણે એક મોટી ફોજ રવાના કરી આપી. માંહા ભાગ્યે એના સરદારોએ બીથનીઆમાં હમણાં-બી ફ્રીમબ્રીઆની રૂમી ફોજના હાથ હેઠળ ઇ. સ. ૮૫ ની આખરીમાં એક મોહોટી હાર ખાધી જેથી પેલો રૂમી સરદાર, પલુતા-રક તથા એપીઅનના લખીઆ મુજબ ઠેઠ પરગેમસના દરવાજા સુધી ધસી આવ્યો કે જાંહાં એ નામવર પાદશાહ પોતાની છાવ-ણી કરી પડેલો હતો. આથી એ પોતાની ખુશીથી એ મુલક છોડી ત્રોઆદના મુલ-લકમાં પોતેન નામનું જે એક મજબુત બંદર હતું તાંહાં હઠી જઇ પોતાની છાવણી કરી પડયો. ખુશકીને રસ્તે એનો દુંબાળો પકડી ફ્રીમબ્રીઆએ એને અહીંઆં ઘેરી રાખ્યો પણ ફના પોતા સાથે દરીઆઇ કાફલો હોવાથી લુકલસ નામનો એક બીજો રૂમી સરદાર જેના હાથમાં એક મોટા દરીઆઇ રૂમી કાફલો હતો અને જે તે તરફના આશ પાસના દરીઆમાં તે કાફલા સહિત પોતા-નાં મુલકોની રખેવાળી સારૂ ચોતરફજ ફરીઆ કરતો હતો તેના ઉપર એણે એમ લખી મોકલાવ્યું જે "તમો જો એને દરી-આમાં ઘેરી પકડી આપશો તો આવી ભયંકર લડાઇનો નિવેડો આવી જશે એ-ટલુંજ નહિ પણ તેથી તમો પોતે અમર કીર્ત્તિ મેળવશો કે આવા રૂમી દુશમેનને કોઇએ નહિ પણ તમે કેદ પકડીઓ." કેહેછે જે આ બંને સરદારો જૂદી જૂદી ટોળીના હોવાથી લુકલસે ફ્રિમબ્રીઆની આ માંગણી ઉપર કશું લક્ષ આપવા દરસત વિચારયું નહિ. પણ આ કર્તાં વધુ માની શકાય તે વાતતો એ છે જે આવા જબરદસ્ત દુશમેન સામણે થવાથી કોણ જાણે શું પરી-ણામ નિપજે એવા વિચારથી ફ લડાઇ વચ્ચે પડવા આ વેલાએ પોતામાં કમ કઉવત અને ખીન માહીતગારી જોયાથી લુકલસે આણા-કાણી દેખડાવેલી હોવી જોઇયે જેથી મેતરદત-શાહ તે બંદર છોડી દરીઆને રસ્તે માઇતી-લીની તરફ ઠેઠ નિકલી ગયો કે જાંહાં રૂમીઓ તેનો દુમબાળો પકડી શકે તેવું હતુંજ નહિ. લુકલસની આવી શુસ્તી અને બિહીકથી રૂમનાં શુરવીરોને પાછળથી એ પાદશાહને હજુર બહુ હંફાવવાનું બાકી રહ્યું હતું. એજ લુકલસ પાછલથી જરા વધુ ઘડાયાથી અને લડાઇના બાબમાં પોતે વધુ માહીતગાર થયાથી એ હીંગામ બાદ પાછળથી એણે મેતરદત શાહના બે મોટા દરીઆઇ કાફલા ને મારી હઠાવી સારી કીર્ત્તિ પોતે સંપાદન કરી હતી ખરી પરંતુ આ મજકુર મોટી ભૂલ સારૂ જે ઇતીહાસ કર્તાઓ એને માથે દોશ નાખેછે, જે એને પોતાનાં દેશની શેવા બજાવાને બદલે પોતાની માંહો-માંહેની હસદથી ફ્રીમબ્રોઆની માંગણી ઉ-પર કસું લક્ષ આપ્યું નહિ તે વિચાર સાથે હું આ પ્રસંગે એકમત થઇ શકતો નથી કેમકે તે વેળાએ એને પોતાની માહીતગારી ઉપર ઓછો વિસ્વાસ હતો નહિ અને તેથીજ એણે મેતરદતનો દુંબાળો પકડવાનું દરસ્ત વિચાર્યું નહિ. માટે ઇનસાફને ખાતર આ શકનો લાભ આ રૂમી નવકાસૈન્યાધિ-પતીને આપેલો હું ધારૂછું જે વધારે વા-જબી અને દાહાપણ ભરેલો ગણાશે.

હવે યુનાનમાંખી આરકીલિઅસ તથા દોરીલિઅસ સામણે સીલા વધારેને વધારેજ ફાવતો ગયાથી તેઓએ સુલેહના કૌલકરારો ઉપર આવી જવા સીલાને તે માટે ચાંપી જોયો. આ વેળાએ રોમમાં સીલાની સામણેની બોરદુવાળાઓ વધારે ફાવી બેઠા હતા તેથી તેઓએ ત્યાં એક ઢંઢેરો કાહાડી રોમના પ્રજાસ્તાક રાજયનો સીલાને દુશ્મન ઠેરવ્યો માટે સીલાને પણ ત્યાં જવું અવશ્ય હતું તેથી તે પણ સુલેહના કોલકરારો ઉપર આવી જવાને રાજી દેખાયો. સીના અને કારબો જેઓ સીલાની સામણેની બોરદુવાળાઓ હતા તેઓ હવે રોમમાં સીલાની પક્ષવાળાઓ ઉપર ઘણી કરડી નજરે જોઇ તેઓ ઉપર સિતમ ચલાવા લાગ્યા તેથી તેઓ હવે કંટાળીને રોમ શેહેર છોડીને સીલાની છાવણીમાં આવી વસ્યા હતા, જેથી ત્યાં રૂમીઓની એક નાહાની જેવી અનજુમન બની ગઇ હતી. વળી થોડાજવારમાં સીલાની ઓરત મીતેલા પોતાનાં ચીરણજીવો સહિત રોમથી નાહાસી આવી અને પોતાના ખાવીંદને એવી માડી ખબર આપી જે આપણા દુશમનોએ આપણી જમીન પાયમાલ કરી નાખી આપણું ઘરબાર બાળી ભસ્મ કરી મેલ્યુંછે, અને આપણા દોસ્ત આસનાવો તેઓના હાથ ઉપર મારયા જશે એવી ભયમાં આવી પડયાછે માટે તે તરફ શીતાબીથી રવાના થવા પોતાના ભરઠારને તે ઘણી મીનતજારીથી અરજ કરવા લાગી. આવી આવી બરખેલાફીમાં આવી પડયાથી સીલાને મેતરદત શાહના સરદારો સાથે સુલેહ કરવાની ઘણીજ જરૂર જણાઇ. તે હવે સુલેહ કેવી રીતે કરવી તેના વિચારમાં હતો તેવામાં આરકેલીઅસ તરફથી એક વેપારી એની સાથે કંઇક છુપા બંદોબસ્તો કરવા આવ્યો, એ વાત સાંભળતાં તેને બહુ હરખ ઉપજયો અને આપણી બોરદુવાળા સરદાર સાથે તે વિશેના સઘળા બંદોબસ્તો જાતે કરવા માટે સિતાબીથી પોતે પોતાની છાવણીમાંથી બાહેર નિકળી પડયો. આ બેન્ને સરદારો વચ્ચે દરીઆને કિનારે દીલીઅમ નામનું જે એક નાહનું બંદર આવ્યું હતું તાંહાં રૂબરૂ મુલાકાત કરવા સઘળી તરેહની ગોઠવણો કરી રાખવામાં આવી હતી. આપણી તરફના સરદાર આરકીલેઅસને સારીપેઠે રોશન હતું જે સીલાને પોતાનાંજ શેહેરમાં પોતાના દુશમેનોની સામે જવાની જરૂરછે તેથી તેણે સીલાને કહ્યું જે "જો તમારી મરજી હોયતો હું મારા મુરબ્બી મેતરદત શાહને સમજાવીને તમુને લશકર તથા વાહાણો તથા નાણાંની પુરતી મદદ અપાઉં કે જેથી તમો તમારા સીના અને મેરીઅસ જેવા દુશમનો સામણે રોમ શેહેરમાં જઇ ઘણીજ બલતવારીથી લડી શકો." આ સાંભળતાંજ સીલાને ઘણીજ રીસ ચહડી પરંતુ તે તે વેળાએ અખાડા કરી જઇને બોલ્યો જે "હવે તમને તમારા આવા ફરાહુન તથા ખુની મિજાજના મુરબ્બીની ગુલામગીરીમાંથી નિકળી જવું જોઇયે અને તમો જો તમારી સરદારી હેઠલનો મેતરદત શાહનો કાફલો મારે સ્વાધીન આપોતો અમારી રોમની સરકારની બોહેધરી હેઠળ તમુને પાદશાહનો એલકાબ વટીક ધારણ કરવાની હું રજા અપાવું." આ સાંભળતાંજ આરકેલીઅસ ગુસ્સાથી બોલી ઉઠયો જે "હું મારા પોતાના મુરબ્બી તરફ નિમકહરામ થઇને

તમારી સરકારની બોહેંધરી પકડું એવો બેવફા તમો મને કોઈ કાળે પણ વિચારતા ના." જેનો સીલાએ ઘણીજ તકોબરી સાથે ગુસ્સામાં ઉત્તર આપ્યો જે "અગરજો તમો જંગલી લોકોના એક પાદશાહની ગુલામગીરીમાંથી નિકળી જવાને તથા તેનાં લશકરની સરદારી છોડી દેવાને ઘણુંજ નિચ ગણતા હોવોતો પછી તમોએ મારા જેવા એક રૂમી સરદારને રોમની પ્રજાસતાક રાજની નોકરીમાંથી નિકળી જવાની શા સબબથી ભલામણ કીધી હતી? શું તમો આપણ બન્નેને બરાબરસ્યા ગણોછો? મારી ફતેહ શું તમો ભૂલી ગયાછો? શું તમને યાદ નથી કે તમો પેલાજ આરકેલીઅસ છેવો જેને મેં આગળ બબે લડાઇઓમાં હરાવ્યો હતો અને ત્રીજી લડાઇની વેળાએ આરકોમીનસનાં બેતરો અંદર ભરાઇ બેસવાની ફરજ પાડી હતી." આવા આવા તુંદી ભરેલા સવાલો સામણે આરકેલીઅસનુ બોલવાનું કંઇ કમતી નહિ હતું, પણ તેણે જોયું જે એમ તારીમાંરી કરવામાં કંઇ ફાયદા જેવું નથી માટે તેણે સીલા શી શી કલમોથી પોતે બંદોબસ્ત ઉપર આવવા માંગતો હતો તે તેને જણાવવાને કહ્યું, જેથી સીલાએ સુલેહના કોલકરારો માટે પોતા તરફની નિચે પ્રમાણેની કલમો રજુ કરી સંભળાવી કેઃ—"મેતરદત શાહે એશીઆનાં મુલકો ઉપરથી તથા પાફ્લાગોનીઆનાં રૂમી પ્રાંત ઉપરથી પોતાનો દાવો રદ્દ બાતલ કરવો, નિકામીદીસને તેનું બીથીનીઆનું રાજ પાછું સ્વાધીન કરવું અને આર્યબુરજીનને કાપાદોશીઆની ગાદી પાછી આપવી. રૂમીઓને લડાઇના ખર્ચને પેટે તેણે બે હજાર તાલન્ત યાને ત્રીસ લાખ રૂપ્યા આપવા તથા તેના વાહાણોના બોહોળા કાફલામાંથી સામણ સરંજામ સાથનાં સિત્તેર હથિયારબંદ વાહાણો રૂમીયોને સ્વાધીન કરવાં, તથા એ સઘળા એકરારના બદલામાં રૂમીઓ મેતરદત શાહનાં બીજાં તમામ મુલકો તેના સ્વાધીનમાં બચાવી રાખવા દેસે તથા રૂમીઓ તેને પાછો પોતાનો ખેરખાહ દોસ્ત તરીકે ગણસે એવી સીલાએ કબૂલાત આપી." આ બંદોબસ્તો ઘણો વાજબીછે એમ ધારી આરકેલીઅસે મેતરદતશાહ તરફ તુર્ત એક કાસદ રવાના કરી આપ્યો. સીલા હવે આરકેલીઅસને પોતા સાથે બા આદરમાન સાથે લેઇ હેલસપોન્ત તરફ ઉપડી ગયો. પેલા કાસદ તરફથી મેતરદત શાહને સુલેહના કોલકરારોની કલમો મળતાંજ તેણે તેનો જવાબ તુર્ત રવાના કરી આપ્યો જે "આ સઘળી કલમો મારે કબૂલ મંજુરછે પણ સિત્તેર વાહાણોનો કાફલો આપવાને તથા પાફલાગોનીઆ ઉપરથી મારો હક ઇલાકો છોડી દેવાને હું મુતલગ ખુશી નથી." આ પ્રમાણેનો જવાબ આરકેલીઅસને લારીસા શેહેરમાં મળતાંજ તેણે તે વિશે સીલાને વાકેફ કીધો, જેથી સીલા ગુસ્સામાંને ગુસ્સામાં બોલી ઉઠયો જે "તમો શું બોલોછો? શું મેતરદતશાહ પાફલાગોનીઆનો પ્રાંત પોતાનાજ સવાધીનમા રાખી મેલવા માંગેછે અને મારાં માંગેલાં વાંહાંણોનો કાફલો તે શું મને આપવા ના પાડેછે? જે હાથે તેણે એક લાખ રૂમીઓને કાપી નાંખ્યા તે હાથનેખી જો હું રેહેવા દેતે તો મેતરદતશાહ પોતાનાં ગુઠણે પડી મારો તે સારૂ ઉપકાર માનીઆ વીનાં રેહેત નહી એવી હુંતો ઉમેદ રાખતો હતો. પણ ખેર એતો જયારે હું એશિઆમાં જઇ પોહોંચશ ત્યારેજ તે આ મારી સઘળી માંગણીઓ કબૂલ રાખશે." આ પ્રમાણેના તુન્દ જવાબથી મેતરદત શાહનો

જવાબ લેઈ આવનારા એલચીઓતો જરા વિચારમાં પડયા પરંતુ આરકીલેઅસે હળવેથી સીલાને થંડો પાડીને કબૂલાત આપી જે "હું પોતે પાદસાહને સમજાવીને તારી સઘળી કલમો બાહાળ રખાવી આપશ." ત્યાર પછી આરકેલીઅસ મેતરદત શાહને મળવા માટે નિકળી પડયો, અને સીલા એ પાદશાહનો કેટલોએક મુલક વેરાન કરીને પોતે માસીદોનીઆ તરફ રવાના થયો. હવે જ્યારે આરકેલીઅસ મેતરદતશાહની મુલાકાત લેઇ પોતે પાછો ફર્યો ત્યારે તેને સીલા સાથે ફૂલીપી શેહેરમાં મુલાકાત થઇ અને તેણે તેને જણાવ્યું જે "મારો સાહેબ તમારા સઘળા સુલેહના કોલકરારો મંજુર રાખવાને ખુશીછે પણ તમારી પોતાની મુલાકાત લેવાને તે ઘણો આરજુમંદછે. ફૂલાકસ જેને વાસ્તે આપણે આગળ જણાવી ચુક્યા છૈયે તેને કટલ કરીને તથા તેનું સઘળું લશકર પોતાના તાબામાં કરી લેઇને ફૂીમબ્રીઆ હવે બેહદ સેતાબીથી દર મંજલ મેતરદતશાહ સામણે થવા જે ઘસ્યો આવતો હતો તેને અટકાવવા માટે આ મુલાકાત કરવાની મેતરદતશાહની મતલબ હતી; અને એજ કારણસર એ પાદશાહને સીલાના આ કોલકરારો બાહાળ રાખવા પડયા હતા. ત્રોઆદમાં દારદેનીઆ નામની એક જગાછે તાંહાં આએ બને માહાપુરૂષો વચ્ચે મુલાકાત થઇ હતી. એ વેળાએ મેતરદતશાહ પાસે બસેં વાહાણોનો કાફલો, વીસ હજાર પાયદલ ફોજ અને કેટલાંએક યુદ્ધનાં રથો હતાં, જેઓ સાથે દાતરડાં જડેલાં હતાં. બીજા હાથ ઉપર સીલા જોડે ફકત ચાર કોહોર્ત* (બટાલીઅન) અને બસેં ઘોડેસ્વારો હતા. જ્યારે મેતરદતની આ રૂમી સરદાર સાથે મુલાકાત થઈ અને જ્યારે તેણે પોતાનો હાથ તેની સાથે સેકહેન્ડ કરવા પોતે લંબાવ્યો તે વેળાએ સીલાએ તુર્તજ તેને સવાલ કીધો જે "સુલેહના કોલકરારો માટેની સઘળી કલમો શું તમોએ કબુલ કીધીછે." આફ સવાલના જવાબમાં કંઇપણ નહિ બોલતાં મેતરદત શાહ મુગો મુગો ઉભો રહ્યો જેથી સીલા બોલી ઉઠયો જે "હાર ખાધેલા શખ્શોએ પેહેલાં બોલવું જોઇયે માટે મેતરદત શું તમને તે તરીકો ખબર નથી." આના જવાબમાં મેતરદતે લંબાણથી ખુલાસો કરતાં જણાવ્યું કે, "આ લડાઇ એહેરેમનના ભમાવવા ઉપરથી તમો રૂમીઓએ ઉભી કીધી છે" અને એ વગેરે બીજું કેટલુંક મેતરદતશાહ બોલવા જતો હતો તેવામાં સીલાએ તેને અટકાવીને તેણે રૂમીઓ સાથે ચલાવેલાં ઘાટકીપણાં વિશેનો સઘળો તુલાતવીલ હેવાલ કહી સંભળાવીને વળી પાછો મેતરદત શાહે તેના સુલેહ માટેના કોલકરારો કબુલ કીધા કે નહિ તે વિશેનો સવાલ નાખ્યો. અંતે મેતરદત શાહે તે સઘળા કોલકરારો કબૂલ કીધાથી સીલાએ તેની સાથે પછી બગલગીરી કરીને આર્યબુરજીન તથા નીકામીદીસને તેની સનમૂખ ઉભા કરી તે સઘળાઓને દોસ્તી કરાવી આપી. હવે મેતરદતશાહ પોતાની કબૂલાત મુજબ સિત્તેર વાહાણોનો કાફલો લશકરી સામણ સરંજામ સહિત તથા બીજા પાણસેં તિરંદાજો પેલા રૂમી સરદારને સ્વાધીન કરી પોતે પાછો પોતાના મુલક તરફ ઉપડી ગયો. આ સુલેહના કરારો ઇ. પુ. ૮૪ નાં સાલમાં થયા હતા. સીલાને તુર્ત માલમ પડયું જે તેણે કરેલા સુલેહના આવા નરમ કોલકરારો તેનાં લશકરને મુતલગ પસંદ નહિ હતા, કારણ કે,

* રૂમી લશકરમાં આસરે છસો પાએદલ શીપાહીઓની એક ટુકડીને "કોહોર્ત" કરી કેહેતા હતા અને એ દરેક "લીજીઅન"નો આસરે દસમો ભાગ ગણાતો હતો.

મેતરદતશાહ જે પોતે રૂમીઓનો એક વેળાએ હરતો શત્રુ હતો અને જેણે એક દાહાડામાં એશીઆની ભૂમીમાં એક લાખ ઉપર રૂમીઓને કતલેઆમ કરી નાખ્યા હતા તેને હવે રૂમીઓના દોસ્ત તરીકે એકરાર કરવો તથા તેને હમદોસ્ત તરીકે ગણવો એ વાત આખાં લશકરને મુતલગજ પસંદ હતી નહિ, પણ સીલાએ તેઓને એવી રીતે સમજાવ્યું જે "આ પ્રમાણેના સુલેહના કોલકરારો જો નહિ થતે અને એ પાદશાહ વખતે ફ્રિમબ્રીઆ સાથે એ પ્રમાણેના કોલકરારોથી મળી જતે તો પછી તેઓ બન્નેનાં બળના મારા સનમૂખ મારાથી વધારેવાર તકી શકાતે નહિ, અને તેઓ મારી સઘળી આગળી ફતેહોને એકજ દિવસમાં ધુળ મેળવી નાખતે એટલુંજ નહિ, પણ આપણને આપણાં જીતેલાં સઘળાં પ્રાંતો પણ ખોઇ દેવાં પડતે." એ પ્રમાણે પોતાનાં લશકરને વિનવ્યાથી ચાર વર્ષ સુધી બન્ને બેરદુ તરફથી કસાકસીથી ચાલેલી આ લડાઇનો હવે સમાધાનીથી છેડો આવ્યો. રૂમી ગ્રંથકારો લખેછે જે એ અરસામાં સીલાએ નજદીક એક લાખ સાહાઠ હજાર માણસો આપણી બેરદુવાળાઓનાં મારી નાખ્યાં હતાં, એટલુંજ નહિ પણ ગ્રીસ, મેસીદોન્યા, આયોનીઆ તથા એશીઆ માઇનોરનાં ઘણાંએક રૂમી પ્રાંતો મેતરદત શાહે જે ખુંચાવી લીધાં હતાં તે સઘળાં તેની સોડેથી પાછાં ઓકાવી કહાડયાં, અને એ પાદશાહની મોટી દરીઆઇ ફોજમાંથી ઘણોએક ભાગ ઓછો કરાવી પોતાના સ્વાધીનમાં લેઇ લીધો. એ પ્રમાણે રોમ સાથની આ લડાઇમાં હખામની વંશના આ નામાંકિત નબીરાની ફોજમાં થએલી સઘળી નુકસાની વિશે જોકે વિસ્તારીને રૂમી ગ્રંથકારો ઉપર મુજબ જણાવી ગયાછે પરંતુ તેઓની પોતાની બેરદુવાળું કેટલું રૂમી લશકર એ પુનઃ ખાર જંગનાં મેદાનમાં માર્યું ગયું હતું તે વિશે વિસ્તારીને બિઆન આપવાને તેઓ ગોયા આંખમિંચામણીજ કરી ગયાછે, જે સચાઇ અને ઇનસાફને ખાતર તેઓનાં દેશાભિમાનને મુતલગ શોભા આપે તેવું નથી.

હવે લોડીઆમાં થાઆતીરા નામની જગ્યાની મજબુત દિવાળો અંદર પેલો રૂમી સરદાર ફ્રીમબ્રીઆ પોતાનાં લશકરની છાવણી નાખી જે પડી રહ્યો હતો તેનો દુંબાળો આ બનાવની થોડીક મુદત બાદ સીલાએ પકડયો અને તેની સામણે આવી પોતાનાં લશકરની સર સમારી તુર્ત ઉંડી ચરો તે તરફ ખોડવા મંડી ગયો. ફ્રિમબ્રીઆનાં લશકરના તમામ રૂમી સિપાહો આવો મામલો જોઇ હથિયાર વિના ખુશીથી સીલાનાં લશકરમાં જઇ તેઓ સાથે મળી ગયા જેથી ફ્રિમબ્રીઆને બિચારાને આપઘાટ કરવાની કોશેશ કરવી પડી હતી. એ પછી સીલાએ પેલાં જીતેલાં એશીઆનાં રૂમી પ્રાંતોનાં શેહેરો લુટવાનો પોતાના સિપાહોને ધાટકી હોકમ આપ્યો અને વિશ હજાર તાલન્ત યાને આસરે ત્રણ કરોડ રૂપીઆનો તેઓ ઉપર વેરો નાખ્યો એટલુંજ નહિ પણ પોતાના દરેક સિપાહને ત્યાંના રેહેવાસીઓએ ખાનપાન પોહોંચતું કરવાનો તથા દરેક લત્તાની સરહદ ભણીના રૂમી સિપાહોને દરરોજ ચાર દરાકમ (દીરમ) યાને આસરે એક એક રૂપીઓ ત્યાંની રૈયતે આપવા ઢંઢેરો કાહાડયો. વળી દરેક સરદારને પચાસ દરાકમ યાને આસરે સાહાડાબાર રૂપા અને બબે દગલા એક ઘરમાં તથા બીજો બાહાર પેહેરવા સારૂં આપવાની ત્યાંની રૈયતને તેણે ફરજ પાડી. આ મુજબ એ લત્તા તરફની સઘળી રૈયતને સિક્ષા કરી, સીલા પોતાનાં તમામ બારકસો સાથે

ઈરીસસનું બંદર છોડી ત્રણ દિવસ પછી પાછો પીરીઅસનાં બંદરમાં આવી લંગરવાર થઈ પડયો.

એજ અરસામાં આ નામીચા રૂમી સપેહસાલારે વિદ્યાર્થીઓની ફક અરજી એવા બજાવી હતી કે જે તેણે લડાઇમાં મેલવેલી કીર્ત્તિઓ કરતાં વધારે સરસ ગણાએછે. આથેન્સ શેહેરમાં આ સરદાર આવી પુગ્યો તેના આગમચ એપીલીકાન નામનો ત્યાંનો એક માતબર રેહેવાસી તુર્તનો મરણ પામેલો હતો જેનું આખું નામીચું કિતાબખાનું એણે પોતાના ઉપયોગ માટે પોતાને સ્વાધીન કરી લેઇ રોમ તરફ મોકળી આપ્યું. એવું કહેછે જે આ કિતાબખાનાંમાં અરસ્તુ (આરીસટોટલ) ના સઘળા ગ્રંથો હતા. સિકંદર પાદશાહનો આ નામીચો ઉસ્તાદ જેનાં પ્રફુલીત મગજ વિશે વિદ્યાર્થીઓમાં આજ પણ મોહોટા શોહોર મચી રહેલોછે તે કામેલ ફિલસુફ આ ફાની દુન્યા છોડી જ્યારે ચાલતો થયો ત્યારે થીઓફ્રેસતસ નામના પોતાના એક દાનાવ શાગરેદને પોતાનાં સઘળાં લખાણો મિરાસમાં આપી ગયો હતો. એ મજકુર થીઓફ્રેસતસે એશીઆમાં પરગેમસનાં પ્રાંતની નજદીકીમાં સેપસીસ નામે જે શેહેર હતું ત્યાંના નીલીઅસ નામના એક વખાણાયલા આલેમ ઉપર એ દફતરોને જાળવી રાખવા સારૂં મોકળી આપ્યાં, જેથી આ નીલીઅસ જ્યારે મરણ પામ્યો ત્યારે એ સઘળાં પુસ્તકો તેના વારેસોના સ્વાધીનમાં ગયાં હતાં; જેઓએ એ દફતરોને એક પેતીમાં મુકી રાખ્યાં હતાં, પણ જ્યારે પરગેમસના પાદસાહોએ એવાં એવાં પુસ્તકોની પોતાના પાદસાહી કિતાબખાંનાં માટે ખોળ કરવા માંડી ત્યારે આ વારેસોએ તે પુસ્તકો તેઓના હાથમાં નહિ જાય માટે તેઓને ભોયરાંમાં સાંતી રાખ્યાં. આએ ભોયરાંમાં એ પુસ્તકો નજદીક એકસો ત્રિસ વરસ સુધી ધુળ ખાતાં પડી રહ્યાં હતાં. એ મુદત બાદ જમાનાના દોરે એ ખાનદાનના નખીરાઓના હાથમાંથી જ્યારે તેઓની સઘળી દોલત ખુંચી લીધી ત્યારે તેઓ તે દફતરોને, આપીલીકાન નામના એક ઘણા તાલેવાન આથીનીઅનને વેચવા માટે, આથેન્સ ભણી લેઇ આવ્યા. જગાની ભિનાસ તથા વખતનાં ગુજરવાથી એ દફતરો ઘણીજ માઠી અવસ્થામાં આવી પડયાં હતાં, પરંતુ એપીલીકોને તેઓના તુર્ત નકલો કરવાનો પોતે હુકમ આપ્યો. આ પુસ્તકોમાં ઠેકાણે ઠેકાણે શબ્દો ગેપ થઇ ગયા હતા પણ તેની નકલો ઉતારનાર નવીસંદાઓ તે હરફો પોતાની સમજ પ્રમાણે ઉમેરતા ગયા જેમાં તેઓએ સારાપેઠે ગોતું પણ ખાધેલુંછે, અને જે વિશે વિદ્યાર્થીઓમાં આજસુધી કજીઓરેશી ચાલતી આવીછે. સીલા જ્યારે એ દફતરો આથેન્સથી રોમ લેઇ આવ્યો ત્યારે તીરેનીઅન નામના એક વખાણાયલા રૂમી વ્યાકરણીએ તેનો હુકમ લેઇ એ ગ્રંથોની પોતે એકેકી નકલ કરી લેઇને રોહોડવાળા એનડ્રોનીકસ નામના એક મહા પંદીત ઉપર મોકળાવી આપી હતી, જેમાં એનડ્રોનીકસે ઘટતો સુધારો કીધો તથા પ્રજા માટે તેઓને ખુલ્લી મેલી જેથી રોશન મગજવાળા અરસ્તુનાં દફતરોએ ગોયા આજવેર નવો જન્મ લીધોછે. આપણા માજી "ડિરેકટર ઓવ પબલીક ઇનસટ્રકશન" પ્રોફેસર એલેકઝાનડર ગ્રાંટ અરસ્તુનાં દફતરોનો હાલમાં એક ઘણો નામીચો શરેહ કેરનાર તથા ટીકાકાર ગણાયછે અને એની કલમથી તે પુસ્તકોના સુધારેલા તરજુમાં અંગ્રેજી ભાષામાં છપાઇ પ્રસિદ્ધ વટીક થયાછે, જે હાલમાં ઘણાજ શુદ્ધ તથા અભ્યાશ કરવા લાએક ગણાયછે.

હાંસલ કલામ એછે જે આ મજકુર ચીરોનીઆ તથા ઓરકોમીનશની બને મોહોટી લડાઇઓથી જે નજીવુ જેવું પરીણામ નિપજ્યું હતું તેપર બારીકીથી ધ્યાન પોહોચાડતાં સીલાની કીર્તિમાં કંઇ મોહોટો વધારો થતો નથી તેમજ બીજા હાથ ઉપર

મેતરદત શાહની પ્રતીસ્થાપ્ની તેથી કંઇ ઓછી થતી નથી. ગોયા બંને બોરદુવાળાઓની રાજી ખુશીથી હવે સમાધાનીથી આખરે આ પેહેલી લડાઇનો અંત આવ્યો કેમકે આ રૂમી સીપેહેસાલાર સારીકાણી જાણતો હતો જે મેતરદત શાહ જેવા બળવંત અને જંગી પાદશાહને સદંતર હરાવવો તે કામ તેનાથી હજુર બની શકે તેવું ન હતું સબબ એજે આ મક્કમ કેડાવ વાળો પાદશાહ એટલોતો હથીલો તેને આ જંગની વેળાએ માલુમ પડયો હતો અને તે સાથે કાળા દરીઆની આસપાસનાં તમામ કોસ્તાનો તે હજુર માલેક હોવાથી તેનો સોડે એટલોતો મોહોટો દરીઆઇ કાફલો અથાગી મોજુદ હતો કે તેથી આ બંને બોરદુવાળાઓને માંઠુ ન લાગે અને જલદીથી સુલેહ થઇ જાય તે સારૂ તેને તેનો સાથે ફક્ત મોહોડેનાંજ કોલકરારો કરવાની ફરજ પડી હતી. એ કોલકરારો લખતપર આવ્યા ન હતા માટે આ બંને હમનબરદો એકમેક સાથે હાથ મેલવી પોતાની ખાતરી કરી ચુકા હતા જે આખરે આપણે આ લડાઈ લંબાવ્યાથી કસો કાંદો કાહાડી શકસુ નહી માટે એકસરખા ઉતરીઆથી તેઓએ ઉપર મુજબ તોર શોધી કાહાડી ફરીને એકમેક સાથે દોસ્તીનો હાથ હવે લંબાવ્યો હતો. આ સુલેહનાં કોલકરારોથી પારસીઓની કીર્તિને કસું અપમાન મલીધું ન હતું અને કસી તરેહની તેને નંહાંખ લાગી ન હવી કેમકે આપણા પાદશાહે જે ચીજો અને દેશાવરો ઉપરથી પોતાનો હક ઇલાકો આ વેળાએ ઉઠાવી લીધો હતો તેપર વાજબીની રાહે જોતાં તેનો દાવો ચાલી શકે તેવો ન હતો અને દરીઆઇ ફોજતો આગમજથીજ તેને જયારે લડાઇ ચાલતી હતી ત્યારેજ પોતાનાં સરદાર મારફતથી સીલાવે આપવા કેહી હતી કે તેથી તે બિચારાની મુસીબતની વેળાએ તેને પોતાનો બંચાવ કરવા રોમ શેહેરમાં સેહેલાઇથી બની આવે.

અરમાની ગ્રંથકાર મોવસેસ ખોરનાતસી સીવાય કોઇબી આગલા અગરબ પ્રાંતના લખનારાઓ આ લડાઈ વિશે કસો પણ ઇશારો પોતાનાં દફતરોમાં કરી જતા નથી અને ગયાબી નથી એ બહુ શરમીંદગી ભરેલી વાતછે પરંતુ આ છેલો લખનાર એ વીશે આ મુજબ ધડપુછડાં વગરનું એક નજીવું જેવું બિયાન આપી ગયોછે અને કેહેછે જે "હકવાજબી રીતે જોતાં પારસીઓ (પારથીઅનો) ની શેહેનશાહતમાં આરમીનીઆનાં પાદશાહ અરદાશીસની પદવી જે બીજી ગણાતી હતી તેથી તે સંતોસ ન પામતાં તેને પારથીઆના પાદશાહ અરશચાગનને પોતાને સપર પેહેલો દરજજો આપવાની ફરજ પાડી. આથી કરી તેને ઇરાનની અંદર પોતા સારૂ એક મેહેલ બંધાવ્યો અને પોતાની તસવીર હવેથી તાંહાંના સિક્કાઓપર પડાવવા માંડી. તેણે અરશચગાનને ત્યારબાદ ઇરાનનો હાકેમ નેમ્યો અને પોતાનાં છોકરા દોકરાન અથવા તીગ્રાનને આરમીનીઆનો શુબો બનાવ્યો તથા આઇબીરીઆવાળા મોહોટા પાદશાહ મેહેરદાતીસ (મીથ્રદતીસ) સાથે પોતાની છોકરી અરદશમાંહનાં લગન કરી આપ્યાં. એ પાદશાહ જે મેહેરદાતીસ કે દારાંનો શુબો થતો હતો અને જેને જીટેલા આઇબારીઅનો ઉપર શીકંદરે હાકેમ નેમ્યો હતો અને જેનો હકુમત ઉતર તરફનાં કોહેસ્તાનો તથા કાળાસમુદરની આસપાસનાં મુલકોપર ચાલતી હતી તેના ખાનદાનમાથી ઉત્રી આવેલો હતો. એ પછી મજકુર અરદાશીસે લીદીઆના રાજા કરીસસને કેદ પકડી બે મોહોટા દરીઆવો વચે જે વીસ્તીર્ણ મુલક આવ્યોછે (યાને એસીઆ માઇનરનો પ્રાંત) તેને જીટી લેઇ આઠમણ પ્રાંતનાં દેશાવરોપર ફતેહ મેળવવા માટે ઘણાએક જંગી વાંહાણોનો કાફલો લેઇ તે તરફનો સમુદ્ર પોતે ઓળંગાવી ગયો. એ વેલાએ રૂમમાં અનધા ધુનખી હાલત ચાલતી હતી

તેથી એ પાદશાહનો સામણે કોઈપણ રાજ બળતવારીથી લડી શક્યું નહિ. આખરે એનાં સીપાહીઓ માંહોમાંહે મરાઇ મરાવા લાગ્યા અને અરદાશીસ પોતાનાં સવારોનાં હાથથીજ માર્યો ગયો. એનાં મોહોટ બાદ એના બેટા અને વારેસ દીકરાને યુનાનો (રૂમી)ઓનાં લશકર પર હલ્લાં કર્યાં કેમકે તે લોકોએ હવે પોતાનો વારી આવ્યાથી આરમીનીઆની ભુમી ઉપર સ્વારી કરી હતી. દીકરાને હવે આ યુનાની (રૂમી)ઓને આગળ વધતાં અટકાવ્યા અને પોતાના બનેવી મેહેરદેતીસ (મેહેરદાદ)ને મોહોટી ફોજ આપી તેનાં સ્વાધીનમાં મદશ્યગ (મજાકા) અને કાપાદોશીઆની ભુમીની અંદર આવેલાં પ્રાંતોની હકુમત શોંપી પોતે પાછો આરમીનીઆ ભણી નિકળી આવ્યો. આ ફતેહની ઇધાણી તરીકે ઘણાએક વર્ષો સુધી એ મુદત બાદ આરમીનીઆનાં શેહેરોમાં ઉંચા ઉંચા ઉસ્તાદ કારીગરોને હાથના બનાવેલાં યુનાની દેવતાઓનાં પુતલાં લોકોને દેખડાવવામાં આવતાં હતાં." મોવસેસનો આ હેવાલ હવે બારીકીથી તપાસતાં એમાંથી મેતરદત શાહે રૂમીઓ સાથે ઉડાવેલી આ પેહેલી લડાઇ વિશેનો કેટલોએક ઇસારો સાફ માલુમ પડી આવેછે પરંતુ એમાં ઘણીએક જુદી જુદી બાબદોને ભેલસેલ કરી નાખી આ અરમાની ગ્રંથકાર મોહોટો ગુચવાડો કરી નાંખેછે અને પોતાનાં દેશની કીર્તિ વધારવા જે કામનો જસ પોનતસના રાજને મળવો જોઇએ તે આરમીનીઆના રાજને ભુલથી આપી ગયોછે અને મેતરદતને બદલે પોતાના રાજા અરદાશીસને અમરથો એ તારપર ચહડાવી જાયછે. એમજ આગળ ચાલતાં પારથીઆનાં શુરવીરોએ જે નામાંકીત ફતેહ કરાસસની બળવંત રૂમી ફોજ ઉપર મેળવી હતી તેનુ માન પણ તે જુદાઇથી પોતાનાં દેશ આરમીનીઆને આપી ગયોછે. આવાં આવાં ખોટાં દેશાભીમાનને લીધે ઘણાખરા આગળા અરમાનો ગ્રંથકારો તથા જેસીફસ અને યુસીબીઅસ જેવા ઉગમણુ પ્રાંતનાં ઇતિહાસ કર્તાઓપર આપણાથી હાલ સદંતર ભરોશો રાખી સકાતો નથી કેમકે તેઓ આઠમણુ તરફનાં આગળા ફક તરફની અને ઇત્તર ગ્રંથકારોનાં પુસ્તકોમાં ભુલચુક સુધારવાને બદલે ઉલટા આપણી શીલશીલાબંધ તવારીખમાં ઘણો વધારે ગુચવાડો કરી મેળેછે અને સચાઇ બરોબર રીતે સોધી કાહાડવામાં આપણને મદદને બદલે ઓર ઉલટા તેઓ વેથીઆ જેવા થઇ પડેછે. ઇસુની પાંચમી સદીનાં ખ્રીસ્તી લખનારાઓ અરમાનીઓની દંતકથા તથા યુનાનીઓનો કાંહાની કથાઓને એકમેક સાથ ભેલસેલ કરી નાંખી પોતાનાં દેશાભીમાનનાં જહનુની ખ્યાળથી ખરી તવારીખ લખવા જે પછાત પડી ગયાછે તેથી તેઓનાં દફતરો આજે પુર ભરોશો રાખવા જોગ થઇ પડતાં નથી એ બહુ દલગીરી ભરેલુંછે અને તેઓપર પુરતો એતબાર ન રાખવા દાકતર મામસન વાજબીની રાહે પોતાનાં વાંચનારાઓને જે ભલામણ કરેછે તે કંઇજ નહી પણ મને બી ઘણી દુરસ્ત તથા સહી લાગેછે. ઉગમણુ તથા આઠમણુ પ્રાંતનાં ગ્રંથકારોનાં આવા આવા મુખ્તેલાફ હેવાલોને એકમેક સાથ બરોબર કરી દેખડાવવા તથા સરખાવવામાં જેમ માલકમ પોતાની કદીમ ઇરાનની તવારીખમાં વધારે ગુચવાડો કરી નાખી ગયોછે તેમજ સાં મારતાં જેવો ફરાંસીસ લખનાર આજબી તેથી આપણી અઘડાઇઓમાં વધારે હુમેરો કરતો જાયછે માટે એવી રીતે તવારીખનાં દફતરોનાં ઠેઠ જીગરમાં પેશી જઇ તેમાંથી સાચો સારાંઉસ ઉપજાવી કાહાડવો તે કામ જરમન પંડીતો પોતાની વધારે દુરઅંદેશી અને દાનાઇને લીધે ઘણુ માતેબર તરીકે ગણી સકતા નથી અને તેને પડતું મેળવામાં તેઓ જે વધારે સલામતી ભરેલું તથા વાજબી વિચારેછે તો તેમાં હું કંઇપણ વાંધા જેવું અને જોતો નથી.

બાબ ૧ લો.—ભાગ ૨ જો.

મેતરદત શાહને રૂમીઓ સાથે બીજી અને ત્રીજીવાર થએલી ખુનખાર લડાઇનો તફસીલવાર હેવાલ.

હવે સીલા જયારે આ મુજબની સઘળી સમાધાની થયાથી પોતે રોમ તરફ ઉપડી ગયો ત્યારે તે એશીઆનાં રૂમી પ્રાંતોની હકુમત મીઊરીના નામના પોતાના રૂમી સરદારના સ્વાધીનમાં આપી ગયો હતો અને વળી એ તરફ બંદ તથા ફિસાદ નહિ થાય માટે ફ્રિમબ્રીઆના હાથ હેઠળની બે રૂમી ફોજ (લીજીઅન) તેના સ્વાધીનમાં તેણે અપાવી હતી. સોસરો પોતાના ગ્રંથમાં જે ક્યુરીના વિશે શુભાખીત ભાષણ આપી ગયોછે તે શખ્સનો આ એ મીઊરીના બાપ થતો હતો અને એ જુવાન મીઊરીના પણ પોતાના બાપની દેખરેખ હેઠળ આ વેળાએ સવર પેહેલીવાર રૂમી ફોજમાં દાખલ થયો હતો.

રૂમીઓ સાથની લડાઇમાં મેતરદત શાહને જે થોડીઘણી હાણી પોહોંચી હતી તેનો લાભ લેઇ, કેટલીએક પ્રજાઓ જેઓને તેણે આગળ એશીઆમાં જીતી લીધી હતી, તેઓએ તેની બાંહેધરી હેઠળથી પાછા નિકળી જવાને એક મોટું હુલ્લડ ઉઠાવ્યું. બોસફોરસનું રાજ બંદ કરીને એના તાબા હેઠળથી નિકળી ગયું. કોલકીસના રેહેવાસીઓબી આતરફ બંદ ઉઠાવા લાગ્યા અને તેઓનો દાખલો પકડવાને તે તરફની બીજી વરણોબી આનુરબંદ થઇ હતી. પેહેલાંતો એ બલવાખોરોએ જુવાન મેતરદતને હવે પોતાનો પાદશાહ બનાવવાની મેતરદત શાહને એલતેમાસ કીધી અને તેઓની માંગણી આ પાદશાહે કબૂલ રાખીને પોતાના આ છોકરાને તે રાજગાદી આપી. એ પ્રમાણે જુવાન મેતરદતને આ બેદીલ બલવાખોરોએ પોતાના પાદશાહ દાખલ કબૂલ રાખ્યા પછી તેઓએ એક મોટો ફિસાદ પાનતસના આ બળવંત પાદશાહની સામણે ઉઠાવ્યો. મેતરદત શાહને હવે કુદરતી રીતેજ બરાબર શક ગયો જે આ ફિસાદની ઊશ્કેરણી તેના પોતાના છોકરાએ કરેલી હોવી જોઇયે અને તેથી તે ઘણોજ રીસમાં આવી ગયો અને તેણે પોતાના છોકરાને તુર્તજ પોતાની દરબારમાં પાનતસ ખાતે પાછો બોલાવી લીધો. આ છોકરો દરબારમાં આવી પોહોંચતાંજ પાદશાહે તેને સોનાંની જંજીરમાં જકરી લીધો અને પોતાનીજ સામે તેણે આવી નાફરમાની બતાવી માટે તુર્તજ તેને કટલ કરવાનો હુકમ આપ્યો. આ છોકરાએ પોતે નિર્દોષ હતો તે વિશેની પોતાના બાપની ખાત્રી કરવાની ઘણી તજવીજો કીધી

પણ ફ્રોકટ. ત્યારે તેણે પોતાના બાપને રૂમીઓના સાથની લડાઇની વેળાએ જે કિંમતી મદદો આપી હતી તથા પોતાના બાપની તરફથી રૂમીઓના સાથે બહુજ બાહાદુરીથી લડયો હતો તેની તેને સઘલી યાદ આપી અને પોતાની ઉપર રેહેમ નજર કરવાને માંગી લીધું પણ આ મક્કમ ઠરાવનો પાદશાહ પોતાના આએ ધાટકી હુકમથી પાછો ફરયો નહિ. દુશમનોના ભમાવવા ઉપરથી પોતાના છોકરાને શક ઉપરથીજ મારી નખાવવાથી આ પાદશાહની કીર્ત્તિમાં બહુ ઘટાડો થાયછે. આ પ્રમાણેના મક્કમ ઠરાવવાળા પાદશાહથી તેના પોતાના છોકરાનેજ માફી નહિ મળી તો પછી તેની તરફથી દુશમનોએ તો રેહેમ નજરની થોડીજ આશા રાખવી જોઇયે, અને જે વાતથી રૂમી લોકો પણ સારીકાણુ વાકેફ હતા. પેલા બલવાખોરોને પાછા તાબે કરવા એણે વળી લશકર અને લડાઇનાં બારકસોની તૈયારી કરવા માંડી જેથી રૂમીઓ વળી પાછા ગભરાટમાં પડયા કે રખેને એ બાહાણે એ પાદશાહ પાછો હમારી સાથે લડાઇ કરવા ઉતરી પડે અને તેમ માનવાને તેઓને કારણ પણ હતું, કારણકે, એ પાદશાહે સીલા સાથે કીધેલા કોલકરારો પ્રમાણે કાપાદોશીઆનો સઘળો પ્રાંત હજુર સુધી કંઇ આર્યપુરજીનને સ્વાધીન આપ્યો નહિ હતો. એનો સરદાર મજકુર આરકીલેઅસ પણ હવે એની ગેરઇતરાજીમાં આવી ગયો કેમકે હવે એ પાદશાહને એવો ખીઆલ ગયો જે રૂમીઓને વધારે સારા બંદોબસ્તો કરી અપાવવામાં એ સરદારે મારી સાથે નિમકહરામી કીધીછે. આ વાતની ખબર આરકીલેઅસને પડતાંજ તે પણ હવે બિહીને ત્યાંથી નાહાસીને મીઉરીનાની છાવણીમાં જઇ રૂમી ફોજ સાથે મળી ગયો અને મીઉરીનાને સમજાવી ફુસલાવીને તેને મેતરદત સામણે લડાઇ લઇ જવાને ઉસ્કેરી મેલ્યો. પેલો રૂમી સરદાર પણ કંઇપણ દુર અંદેશી કર્યા વગર એવા જબરા પાદશાહને સેહેલાઇથી હરાવીને માન સંપાદન કરી લેવાના ખોટા ખ્યાલથી ઝડપમાં ઉસ્કેરાઇ જઇને કંઇપણ બાહાંનાં વગર મેતરદત શાહનાં મુલકો ઉપર એકાએક ઈ. પુ. ૮૩ માં ચહડાઇ લેઇ ગયો જેથી મેતરદત શાહને રૂમની ફોજ સાથે વળી બીજીવાર લડાઇમાં ઉતરવાની માઠી ફરજ થઇ પડી. આથી પેલા મુજી બલવાખોરોને શિક્ષાએ પોહોંચાડવાનું કામ એ પાદશાહને થોડું ફેર મુલતવી રાખવું પડયું હતું.

આ રૂમી સપેહેસાલાર તુર્તજ હવે કાપાદોશીઆમાં દાખલ થયો અને પોતાની સરકારે કરેલા આગળા સુલેહના કોલકરારો ઉપર પાણી ફેરવીને એ દેશમાં કોમાના નામનું જે એક મજબુત શેહેર હતું તે પોતાને સ્વાધીન લેઇ બેઠો. મેતરદતે લડાઇને બદલે તુર્તજ તેની ઉપર એલચીઓ મોકળાવી એવી ફરિયાદ ઉઠાવી જે, "રૂમીઓએ મારી સાથે જે સુલેહના કોલકરારો કર્યાછે તેની સરત પ્રમાણે તમો ચાલતા નથી એ બહુ શરમીંદગી ભરેલુંછે." પણ પેલા રૂમી સરદારે તેનો પ્રતીઉત્તર વાળ્યો જે "એ સુલેહના કોલકરારો વિશે મને કશું માલમ નથી. તે સાથે એ બંદોબસ્તો સીલા સાથે ફકત મોહોડેના હોવાથી અને લખાણ ઉપર નહિ આવ્યાથી હું તેપર અમલ કરવાને બંધાયલો નથી." આ જવાબ મોકળીને એ રૂમી સરદારે પોતે મેતરદત શાહનાં દેશો લુટફાંત કરવા માંડયા અને શિયાળામાં તે પોતાની છાવણી તે દેશાવરોમાં રાખી પડયો. આથી મેતરદતને રોમ તરફ એલચીઓ મોકળાવવાની ફરજ પડી અને તેણે સીલા તથા તેની સેનેટ

ઉપર સઘળી કેફિયત મોકળાવી આપી; જેથી રોમ તરફથી એક જીનીઓ સેનેટના કંઇપણ મજબુત ઠરાવ વિના મ્યુરીનાની છાવણીમાં આવી મળ્યો અને પોન્તસના આ પાદશાહને હવે કોઇપણ રીતે નહિ સતાવવા માટે મોહોડેથી ફરમાન તે પોતા સાથે લેઇ આવ્યો. આ ફરમાન ઉપર કંઇપણ લક્ષ ન આપતાં મીઉરીનાતો આગળ મુજબજ આપણા લોકોના પાદશાહના મુલકો વેરાન કરતો ગયો. આવો મામલો જોઇ મેતરદત શાહ પોતે એ રૂમી સરદાર સાથે લડાઈનાં મેદાનમાં પોતાનો હાથ લંબાવવા હેલીઝ નદી તુર્ત પસાર કરી લશકરની સફ સમારી ઉભો રહ્યો અને મીઉરીનાની રૂમી ફોજનો એ જંગનાં મેદાનમાં એવોતો એણે કચડઘાન કાહાડી નાખ્યો કે તેથી એ રૂમી સપેહેસાલારને ફ્રિજીઆના ભૂમિમાં નાહાસી જવાની ફરજ પડી અને આપણા પાદશાહનું સઘળું લશકર દર મંજલ કાપાદોશીઆની ભૂમીમાં ચાલી આવી તે દેશ પાછો ઇ. પુ. ૮૨ માં પોતાના સ્વાધીનમાં લેઇ લીધો.

એ વેળાએ રોમની ગાદી ઉપર સીલાને હવે ડિક્ટેટરના મોટા ઓહ્દા ઉપર નેમવામાં આવ્યો હતો તેથી તેણે ગેબીનીઅસ નામના બીજા એક એલચીને મ્યુરીનાની છાવણી તરફ મોકળી આવી એવો હુકમ કેહેવાડયો જે "આગળી સુલેહના કોલ પ્રમાણે તમારે એ પાદશાહ સામણે લડાઈ કરવાથી હાથ ઉઠાવવો અને આર્યબુરજીનને પોનતસના રાજા સાથે દોસ્તીનું નાતું મજબુત કરાવી આપવું. મીઉરીનાની મોટી હાર થયાથી પોતાની સરકારના હોકમ મુજબ તેને પાછી બીજીવાર એ પાદશાહ સાથે સુલેહ કરી પાછી સમાધાની લાવી મેળી. એ સુલેહના બંદોબસ્તો આ બન્ને ખોરદુવાળાઓ વચે નજદીક ત્રણ વર્ષ સુધી લડાઇ ચાલુ રહ્યા બાદ ઈ. પુ. ૮૧ નાં શાલમાં થયા હતા. અને તે મેતરદત શાહને વધારે લાભકારક હતા કેમકે તેણે આર્યબુરજીન સાથે પોતાનાં એક ચાર વર્ષનાં નાહાનાં બાળકને હરોળને બાહાણે મીઉરીનાજ મોકે અપાવી કાપાદોશીઆની હાકમી જો બરાબર જોશીતો પાછી પોતાનાજ તાબામાં કરી લીધી હતી અને જ્યારે ગરજ પડે ત્યારે આર્યબુરજીનને તે સઘળો દેશ પાછો છોડી આપવા અને પોતાનાં લશકરને તાંહાંથી કાહાડી નાખવાની ફકત પોતે મોહોડેનીજ કબુલાત આપી હતી. એ સુલેહની ખુશાળીમાં પાદશાહે પછી એક મોટી જીઆફત આપી હતી જેમાં એક ફકત ગેબીનીઅસ શિવાય સઘળા રૂમી સરદારો સામેલ થયા હતા. આ મેહેફલની મિજલસમાં સામેલ થનારાઓમાંથી જે કોઈ શખ્સ સઘળાથી ઘણો શરાબ પી છાકટો નહિ થાય તેને તથા જે કોઇ ઘણું ખાનું ખાઇ બરાબર જેરવે તેને તથા સર્વેથી સરસ ગાયણકારને તથા બેહદ ખુશમિજાજવાળા તથા હસમુખાને ઇનામો વટીક આપવાની બાદશાહે કબુલાતો આપી હતી.

આ પ્રમાણે સુલેહ થઇ રહ્યા બાદ એ પાદશાહે એક પછી એક પેલાં બળવાખોર પ્રાંતોને પાછા શેહેલાઇથી ઇ. પુ. ૮૧ થી ૭૪ સુધીમાં પોતાના તાબા હેઠળ કરી લીધાં. કોકેસસ પાહાડ આગળ એકીઅન નામનો જે ટોળો એ વેળાએ વસતો હતો તેને ચીટી લેતાં એનાં લશકરે જે થોડીક હાર ખાધી હતી તે શિવાય બીજી સઘળી લડાઇઓમાં એ પાદશાહ વળી પાછો ફત્તેહજ પામતો ચાલ્યો હતો, અને એક મોટું લશકર સઘળો રૂમી કવાયદ શિખે એકઠું કરવામાં એ પોતાનો બાકીનો વખત રોકયો જતો હતો. પાછી પોતાની દરીઆઇ ફોજ વધારી ૪૦૦ વાહાણોનો એક મોટો કાફલો એણે એકઠો કરી રાખ્યો એટલુંજ

નહિ પણ હેન્ધુબ નદીનાં ઠેઠ ઘણાં દૂરનાં પ્રાંતો પેરથી એણે લશકર બોલાવી મંગાવ્યું અને તેઓને સઘળી રૂમી કવાયદ આપી પોતાનાં લશકરમાં ઉમેરતોજ ગયો. રોમ સાથે વળી આગળ જતાં બીજી લડાઇ ઉભી થાય તે સારૂં એ અરસામાં એટલું તો મોહોળું લશકર એણે એકઠું કરી રાખ્યું હતું કે તેથી એની મેહેનત, એની તેજ બુદ્ધી, એની બેહદ ઝડપ, તથા એની જવાંમર્દી વિશે આજબી તમામ ઇતિહાસ કર્તાઓ વાજબીની રાહે તારીફ કર્યા વિના રેહેતા નથી અને આવું ચુનન્દું લશકર રૂમીઓ સાથે બલતવારીથી થઇ શકે તે માટે કોમબી બનવી કોશેસ તથા સુધારો પોતા તરફથી જારી રાખવામાં એણે કંઇ-પણ મેહેનતની બકાત રખી હતી નહિ.

આખરે સોલાએ એને ઠેઠ ઇ. પુ. ૭૮ માં પેહેલી સુલેહના કરાર પ્રમાણે કાપાદોશીઆનો આખો પ્રાંત હવે છોડી જવાની એને સમજાવી પટાવાને ફરજ પાડી અને ત્યારબાદ તેજ વર્ષમાં એ રૂમી ડિક્ટેટર મરણ પામ્યો. વળી પાછો એ કાપાદોશીઆનો પ્રાંત આર્યેબુરજીન સોડેથી ઓકાવી કાહાડવા માટે મેતરદત શાહનું પ્રફુલ્લીત મગજ પછાત પડયું નહિ. એણે એ પ્રાંત પોતે વેગળો રહીને ઝુટાવી લેવાની યુક્તીઓ રચી. એના જમાઇ તીગ્રાંનાસે એ વેળાએ આરમીનીઆમાં ઇ. પુ. આસરે ૭૫ માં તીગ્રાનોસરતા નામનું એક નવું શેહેર પોતાનાં નામ ઉપરથી વસાવ્યું હતું માટે એણે તેને કાપાદોશીઆનાં પ્રાંતને ઝીટી લેઇને ત્યાંના રેહેવાસીઓથી પોતાનાં આ નવાં શેહેરને તથા પોતાના દેશની બીજી ઉજડ જગાઓને ભરી નાખવા વિશેની સલાહ આપી. આ સલાહ ઉપર અમલ કરી તીગરાને કાપાદોશીઆ ઉપર હુમલો કીધો અને ત્યાંનાં ત્રણ લાખ આદમી પોતા સાથે લેઇ જઇ પોતાની ભુમી તેઓથી આબાદ કીધી તથા ત્યારબાદ એ જવાન શાહજાદો જયાંબી ગયો ત્યાંથી ફત્તેહ સાથે પાછો ફરતી વેળાએ તે દેશના વટણીઓથી પોતાનો મુલક ભરતોજ ગયો.

એ હિંગામમાં સ્પેન (યનદલીબ) ની અંદર સરતોરીઅસે પોતે રોમની સામણે ફાવતો આવ્યાથી મોટું નામ સંપાદન કરયું હતું માટે મેતરદત શાહે તેને પોતાની મોરદુ કરવાની તજવીજો કીધી. મેતરદત શાહને તેના દોસ્ત આશનાઓએ હવે પોરસ જેવા નામીચા આગળા ચુનાની સરદાર સાથે સરખાવીને તેને ઉશ્કેર્યાઓ કે "સરતોરીઅસ જે હેનીબાલના જેવોજ બળવંત છે તેની સાથે મળીને તમોએ રૂમની ઉપર હુમલો કરવો કે જેથી તમારાં બેનાં બળ સામે રૂમીઓ ટકી શકે નહિ." એપીઅન અને પ્લુતાર્ક જેવા બે રૂમી ગ્રંથકારોના જણાવવા મુજબ એ પાદશાહે પોતાના દોસ્તોની ઉશ્કેરણીથી તુર્તજ ઇ. પુ. ૭૫ માં એલચીઓ રવાના કરી આપ્યા. અને તેઓને સરતોરીઅસ સાથે જેવા ગમે તેવા બંદોબસ્તો કરવાની સઘળી સત્તા પોતે પોતાના હાથ દસકતથી લખી આપી. આએ એલચીઓએ સ્પેનમાં જઇ પોહોચતાંજ સરતોરીઅસ આગળ પોતાના પાદશાહનું કાગજ રજુ કીધું જેમાં મેતરદતે, સરતોરીઅસ જો રૂમીઓ સાથે લડાઇ લંબાવ્યોજ જાયતો તેને એક મોટો દરીઆઇ કાફલો તથા પૈસાની મદદ આપવાને જણાવ્યું હતું અને તેના બદલામાં એશીઆની ભુમીમાંથી જે મુલકો રૂમીઓએ તેની સોડેથી છીનવી લીધાં હતાં તે પાછાં પોતાને સ્વાધીન લેવા માટે સરતોરીઅસની મદદ માંગી હતી. સરતોરીઅસે આ વાત તુર્તજ પોતાની સેનેટ આગળ રજુ કીધી

અને તે કબુલ રાખવી કે નહિ તે વિશે તેણે તેઓનાં મત પુછયાં. સઘળા સેનેટરોએ આ માગણી તુર્તજ એક અવાજે બાહાળ રાખી કેમકે તેથી તેઓને હાથ નાણું તેમજ લડાઈનાં વાહાણો જયાથી રૂમીઓ સાથે ઘણું સુધી લડવાને તેઓ શક્તિવાન થતા હતા અને વળી તેના બદલામાં મેતરદત શાહે પોતાનાં આગળાં જેટલાં મુલકો પોતાને સ્વાધીન લેવા માટે માંગેલી કબુલાતમાં તેઓએ કંઈપણ વાંધા ભરેલું જોયું નહિ. પણ હવે સરતોરીઅસે એક ખરા રૂમી બચ્ચા માફક પોતાના સેનેટરોને સાફ જણાવ્યું જે "મારાં દેશની કીર્તિને નુકસાન પોહોંચે તેવા કોલકરારો હું મુતલગ બાહાળ રાખી શકતો નથી. મારા દુશમનો ઉપર સચાઇ અને ઇમાનદારીનાં હથિયારોથી ફાવવામાં હું કીર્ત્તિ સમજુંછું અને તેવાં પવિત્ર હથિયારો કામે લાવતાં મને હાર વઠીક આવી પડે તો તેની મને જરા શરમ નથી." એમ બોલી તેણે પોતાની રાજદરબારી મિજલસમાં મેતરદત શાહના પેલા એલચીઓને બોલાવી મંગાવ્યા અને તેઓને જવાબ આપ્યો જે બીથીનીઆ તથા કાપાદોશીઆનાં પ્રાંતો જેઓ ઉપર રૂમીઓનો વાજબીની રાહે જોતાં કશો હક ઇલાકો નથી અને જે પ્રાંતો વળી હમેશાં બાદશાહોના હાથ હેઠળજ રેહેતાં આવ્યાંછે તેઓને તમારા પાદશાહના સ્વાધીનમાં રાખવાને હું કંઈ પણ વાંધા ભરેલું જોતો નથી પરંતુ એશીઆ માઇનરનાં જે પ્રાંતો રોમની પ્રજાસત્તાક રાજની ઓહોદારી હેઠળછે અને જેઓ ઉપરનો મારો હક ઇલાકો મેં કોલકરારોથી મેલી દીધોછે તે રૂમી પ્રાંતો ઉપર તમારો પાદશાહ ફકત પોતાનો પગ મુકે એટલી પણ હું કબુલાત આપી શકનાર નથી. મેતરદત શાહને જયારે આ પ્રમાણેનો ઉત્તર મળ્યો ત્યારે તે ઘણો અજાયબ થઈ પોતાના વજીર ઉમરાવો આગળ બોલ્યો જે "સરતોરીઅસ જો રોમની અંદર સેનેટનો સભાસદ થાય તો તે આપણને લોહોડાંના ચના વટીક ચવરાવે તેમાં કંઇજ શક જેવું નથી, કેમકે, હજુરતો તે એટલાંટિક સમુદ્રના છેક છેડે ખુણે પડેલોછે તેટલાંમાંજ તે આપણને આપણા મુલકની સરહદ બાંધી આપવા માગેછે અને એશીઆમાં જો આપણે લડાઇ ઉઠાવ્યે તો તે આપણી સામે થવાની પોતાની મરજી જણાવેછે." તોપણ આ બન્ને મહાપુરૂષો વચ્ચે સુલેહના કોલકરારો એકમેકનાં વચન શીજે નિચે પ્રમાણે થયા જે;—મેતરદત શાહને બીથનીઆ તથા કાપાદોશીઆનાં પ્રાંતો તેના સ્વાધીનમાં આપવા માટે તથા તે કામ સરંજામ પોહોંગાડવા માટે સરતોરીઅસે, તે તરફ પોતાની એક ફોજ પોતાના એકાદ નામવર સરદારના હાથ હેઠળ મોકળાવી આપવી અને એના બદલામાં મેતરદત શાહે સરતોરીઅસને ત્રણ હજાર તાલન્ત યાને આસરે પિસ્તાળીશ લાખ રૂપીઆ તથા પોતાના વાહાણોના કાફલામાંથી ચાલીસ ચુંનંદા વાહાણો બક્ષીસ કરવાં.

જે સરદારને સરતોરીઅસે મેતરદત શાહની મદદમાં એશીઆમાં રવાના કરીઓ તેનું નામ મારકસ મારીઅસ કરીને હતું જે આગળ રોમની સેનેટનો એક સભાસદ હતો તથા એક આંખે કાણો હતો પરંતુ પાછળથી રૂમીઓએ તેને પોતાનાં દેશમાંથી દેશનિકાળ કરયો હતો. એ સરદાર જ્યારે કિઠન રસ્તાઓ પસાર કરી મેતરદત શાહની છાવણીમાં આવી પુગો ત્યારે તેને બાઇજતથી એ પાદશાહે પોતાનાં મુલકમાં ઉતારો આપીને પોતાનાં સઘળાં બળવંત લશકરનો સપેહેસાલાર નેમ્યો; પણ એમાં સરદારીના ગુણો ઓછા હતા નહિ તેથી જેવી આશાઓ એના ઉપર બાંધવામાં આવી હતી તેવો આગળ જતાં એ નિવડયો નહિ, તોપણ એણે રૂમીઓની એશીઆની ભૂમી ઉપર પગ મેળતાંજ સીલાએ, ત્યાંના વટણીઓ ઉપર આગળ નાખેલા કરો કાહાડી નાંખ્યા. આ પ્રમાણે થયાથી સઘળાં રૂમી શેહેરોએ પોતાના દરવાજા ઉઘાડી વગર લડે મેતરદત શાહના તાબામાં તેઓ પોતાની મેળે ચાલી ગયાં. હવે બીથનોઆવાળો નીકામીદીસ ત્રીજો ઇ. પુ. ૭૪ માં મરણ પામ્યો અને તેને પેટે કંઇ છોકરાં નહિ હતાં તેથી પરગેમસવાળા આતલસ પાદશાહ માફક તેણે પોતાનાં છેલ્લાં વસીઅતનામાની રૂએ પોતાની ગાદી રૂમીઓને સ્વાધીન આપી જેથી મેતરદત શાહને રૂમીઓ વચ્ચે વળી ત્રીજીવાર મોહોટી લડાઇ સલગી ઉઠી, કેમકે, મેતરદતે જોયું જે એ મુલક રૂમીઓનાં સ્વાધીનમાં જવા દીધાથી એ જબરદસ્ત હરીફો મારાં દેશની આક્રમણ ભૂમીની બરાબર અડોઅડમાં આવી લાગાથી મારાં મુલકો ઉપર વારંવાર સ્વારીઓ લેઇ આવશે. આવા વિચારથી રૂમીઓનું લશકર બીથીનીઆ તથા પરગેમસનાં પ્રાંતો પોતાને સ્વાધીન કરી લેએ તેની આગમચ તે મુલકો તેણે પોતે પોતાને સ્વાધીન કરી લીધા એટલુંજ નહિ પણ એશીઆ માંહેલાં બીજાં કેટલાંક રૂમી પ્રાંતો પણ ત્યાંનાં હાકેમોના જુલમાતથી કંટાળેલાં હોવાથ એના સ્વાધીનમાં આવી ગયાં જે રૂમીઓથી મુતલગ દેખી શકાયું નહિ માટે તેઓને એ પાદશાહની સામણે ફરીને જંગના મેદાનમાં ઉતરવાની નાચારીએ વળી ત્રીજીવાર ફરજ પડી હતી. એ ખુનખાર લડાઇ બંને બોરદુએ ઘણી હુસાતુસીથી નજદીક નવ વરસ સુધી ચાલુ રેહી હતી એમ પ્રોફેસર રાલીનસન વિચારેછે પણ બીજા ગ્રંથકારો લગભગ બાર વરસવેર જણાવી જાયછે. ગમે તે હોય પરંતુ એક દાયકા ઉપરાંત એ લડાઇ ચાલુ રહી હતી એમ કેહેવામાં આપણે અલ્લે કશી ભૂલ કરી શકસુ નહિ. જમતીનતો એ તમામ લડાઇઓ આ બંને હમનબરદો વચ્ચે નજદીક છેંતાલીસ વરસ સુધી નરમ ગરમ રીતે ચાલુજ રહી હતી એમ જણાવી ગયોછે અને તેમાં કોઇ વેળાએ રૂમીઓ તો કોઇ વેળાએ મેતરદત શાહ વારા ફરતી ફાવતા ચાલ્યા હતા અને આખરે એકબાલ બરગસ્તે આવીઆથી સીલા, લુકલસ અને પામપી જેવા નામીચા રૂમી સરદારોએ એને જોકે હરાવ્યો હતો પરંતુ તે તમાંમ વખત સુધી પુર જોસથી એ લડાઇ ચાલુ રાખવા એ વધારેને વધારે કીર્તિવાન અને માહાત્માં જણાઈ ગયો હતો અને ફતેહની વેળાએ તો શું પણ એની હારની વખતેબી રૂમી શીપાહો એનાથી વધારે કાએલ અને દેહેસતનાક રેહેતા હતા. છેલે સરવાળે દુશમેનોથી હારના મારીઆ આજેજ થઇને નહિ પણ પોતાની રાજી ખુશીથી આપઘાટ કરી મોટી વએ એ પોતે પોતાની બાપીકી ગાદી ઉપર મરણ પામ્યો હતો.

અને રાજપાત પોતાના છોકરા ફારનાસી-સને હવાલે કરી ગયો હતો.

આગળી માહીતગારી અને બદબખ્તાલે ઉપરથી હવે ધડો લેઇ એને આ લડાઇની વેળાએ પોતાના સરદારોનાં ઝવેરાત તથા સોનેરી જડાવદાર બખ્તરોને લશકરમાંથી સદંતર કહડાવી નાંખ્યાં હતાં કેમકે તેથી પેલા સરદારોનાં બળમાં કંઈ વધારો થતો નથી પરંતુ ઓર તેથી દુશમનોમાં તે લુટવા સારૂ વધારે શુર ચહડેછે. તેણે. રૂમી ધપછપ મુજબ શમશેરો બનાવી તેઓ સારૂ મજબુત અને ભારી ભીઆનો બનાવવા હુકમ આપ્યો. ઘોડા ઘણા મજબુત બાંધાનાં લઇ તેઓને સારી લશકરી કવાયદ અપાવી અને તેઓ ઉપરના સણુ-ગાર સારૂં કસુંબી લક્ષ આપવા પોતે દુરસ્ત વિચારયું નહિં; અને રૂમી પાયદલ શીપાહોની કવાયદ પ્રમાણેની કવાયદવાલી એક લાખ વીસ હજાર માણસોની મજબુત ફોજ પોતે ઉભી કરી તથા સોલ હજાર ઘોડેસ્વારો દુશમનો સનમુખ ઘણી બળતવારીથી ટકી શકે તેવી કવાયદવાળા ચુંટી કાહાડી તેઓ સાથે દાતરડાંઓથી ગરકાવ કરી નાખેલાં એકશો યુદ્ધનાં રથો સોંપી આપ્યાં. એ રથો ઘણી ઝહડપથી ઘશડવા તેઓમાં ચાર ચાર મજબુત અને શિતાબ ચાલના ઘોડાઓ જોડતા હતા. તે સાથે એ-ણે વળી ફક મોટી દરીઆઇ ફોજબી જમાવ કરી આગલ મુજબ રૂપેરી તથા કસબી સોનેરી વાવટા તેઓપર ઉરાડવાને બદલે તેઓમાં હલાં કરવા તથા બનચાવ રાખવાનો સઘળો સામાણ સરંજામ ભરી રખાવ્યો હતો અને આ બોહળાં લશકરનાં ખાનપાન સારૂ પુશકળ ખોરાક લઇ રાખ્યો હતો. એ તમામ શીપાહોનો પગાર ચુકવવા પોતા સોડે પુષ્કળ દ્રવ્યબી એકઠું કરી રાખ્યું હતું તથા કંઇબી તરેહની ગોઠવણ પોતા તરફથી આગમજથી કરી રાખવામાં કશી પણ બકાત એણે રાખી ન હતી અને સારમાસીઆ (રૂસીઆ,) બાસતરનીઆ વિગેરે જબરદસ્ત તુરાની (શીયથન) ટોળાના સરદારોને વટીક પોતાની બારદુમાં કરી લીધા હતા.

રૂમીઓએ આવાં લશકર સામણે થવા મોટી ફોજ સાથે પોતાના બે નામીચા સરદારોને એસીઆ તરફ રવાના કરાઆ. એકનું નામ લુકલસ કરી હતું જેના અસ્તકમાં સીલીસા, કાપાદોસીઆ તથા એસીઆ-'માઇનરનાં સઘળાં રૂમી સંસ્થાનો શોપવામાં આવ્યાં હતાં. બીજા સરદારનું નામ કોતા કરી હતું જેને બીથનીઆ તથા પ્રોપાનતીસનાં મુલકોની સરદારી આપવામાં આવી હતી. મજકુર લુકલસ સારૂં આગળ આપણે કંઇ ઉપર એકવાર જણાવી ચુકીઆ છીએ કે એ જ્યારે આગળ એસીઆમાં હતો ત્યારે એના તાબા હેઠળનાં રૂમી પ્રાંતોમાં સારીકાણી સુલેહ સંપજ રૈયતમાં એણે જાળવી રાખી હતી પરંતુ અસલમાં એને ધારા સંબંધી કેલવણી સંપાદન કરેલી હતી તેથી પાછળથી એમાં સરદારીના સરસ ગુણો જણાઇ આવવાની લોકો જાહાજી ઉમેદ રાખતા ન હતા. એનું મન બુદરતથીજ ચપળ હોવાથી લડાઈ સંબંધી પુખ્ત માહિતગારી જે ઘણેક વર્ષે હાથ આવી શકેછે તે એને એની જવાનીનીજ વયમાં આપો આપ પોતાની જાતી મેહેનત અને તજસુસથી હાથ આવી હતી. કોઇબી જાહેર ખાતામાં લશકરી કવાયદની ધારા મુજબ કેલવણી ન લેવાથી તે ખુટ પુરી પાડવા એ ખુશકી તથા દરીઆને રસ્તે મુસાફરી કરતી વેળાએ કારઆજમુદા જંગી શીપાહોથી સવાલો પુછી પરછી લડાઇઓ સંબંધી સઘસી વાતોથી પોતે વાકેફ થતો હતો અને બાકીનો વખત તવારીખો વાંચી તેમાંથી પોતે લડાઇઓની કુનેહ સંબંધી

તમામ માહિતગારી ચોપડીઓ મારફતથી મેળવતો હતો. માટે રૂમ જયારે છોડયું ત્યારે જોકે એમાં સરદારીના ગુણોનો જાહાજો ભંડોળ ન હતો પરંતુ ફ્રસીઆમાં આવી પુગા પછી એ પોતાની જાતી મેહેનત, આશની-દેખેરદ અને પુછપરછ બુદ્ધીથી એક ચુનનદો સરદાર બનો ગયો હતો. આવા ધડા દરેક જુવાનિયાઓને લેવા લાયકછે કેમકે તવારીખના સફાઓમાં જેબી માહાન પુરૂષો થઇ ગયાછે તેઓ પોતાની જાતી મેહેનત અને પુછપરછ સદા જારી રાખ્યાથી આખરે વગવસીલા વીના પોતાનાંજ એલમનાં બળથી દીપી નીકલેલાછે અને કમાલીઅતપણું સંપાદન કરી ગયાછે, જે ઉપરથી ફ્રાન્સ દેશના શૂરા પેહેલવાન તથા આ ચાલુ સદીની શહરૂઆતમા આખાં યુરોપ ખંડણે પોતાના પગને અંગોથે દાબી રાખનાર શેહેનશાહ નાપોલીઆં બોનાપાર્તના આ શુભાખીત શબ્દોને કેટલી પુસ્તી મળી શકેછે. એ જાંહાં પેહેલવાન કહી ગયોછે જે "*La carrière ouverte auxtalens*" યાને "બુલંદ કારકીર્દી સદા કાળ આખરે અકલમંદો સારૂ ખુલ્લીછે."

રૂમી મેહેસુલ ઉઘરાવનારો તથા વીઆજખોરાઓના જુલમાતમાંથી છોડવવાની તથા હવેપછી એમ નહિ થવા દેવાની એસીઆમાઇનિરનાં જેબી પ્રાંતોમાંથી લુકેલસ પસાર થતો ગયો તે વેળાએ લોકોને પાછા પોતાની બોરકુ કરી લેવા તે મોટી મોટી ઉમેદો આપવા લાગ્યો અને તાંહાંનાં વતનીઓને સમજાવવા પતાવવા લાગ્યો તેથી રસ્તામાં તેને વધારે વખત લાગી ગયો હતો માટે કોતા તેની આગમજ એસીઆની ભુમીમાં આવી પોહોચ્યો હતો; અને પોતાના ભાઇબંધની ગેરહાજરીમાં કાંઇબી મોટું કામ કરી લઇ એકદમ નામચીન થઇ જવાની આ ટક સારીછે એમ તે પોતાને દીલસે વિચાર કરવા લાગ્યો. આવા ખ્યાલથી તેણે એખલાએ મેતરદત શાહ સાથે લડાઈ કરવા તરત પોતાની રૂમી ફોજની સંપ સમારી. લુકલસ ડેઠ ફરીજીઆ સુધી આવી પોહોચ્યોછે અને તરત તેને હવે જલદીથી આવી મળશે માટે લડાઇ થોડુંક સુધી મોકુફ રાખવાતેને તેના સરદારોએ ઘણોએ સમજાવ્યો પણ એતો જાને પોતાને ફતેહજ મળી જશે કે જેમાં પોતાના હમસરીકને પોતાની કીર્તિમાં મુતલગ ભાગ આપવો પડશે નહિ એવા જુદા ખ્યાલથી લડાઇ કરવાની પોતે ઘણી ઝહડપ કરવાલાગ્યો. એ લડાઇમાં મેતરદત શાહે એને ખુશકી તથા જમીન બંનેપર હરાવ્યો. દરીઆઇ લડાઇમાં એને સાહાઠ વાહાણો સઘળાં તેઓના સામાણ સરંજામ સાથે ખોવાની ફરજ પડી અને ખુશકીપરની લડાઇમાં એના સરસ અને ચુનંદા આઠ હજાર સ્વારો મારીઆ ગયા જેથી એ બિચારાને ચાલસીદાન શેહેરમાં નાહાસી ભરાઇ જવાની ફરજ પડી કે જાંહાંથી એનો હમસરીક જો એને આવીને મદદ કરીને બંચાવે તોજ એનો છુટકો થઇ શકે એવી માંઠી હાલતમાં એનુ સઘલું રૂમી લશકર આવી પડયું. એ શીપેહેસાલારની ટેહેકરાઈ અને ઉતાવલાંપણાંથી એના સઘલા સરદારો બહુ ફરાહુન થઈ ગયા હતા. લુકલસ તરતજ પોતે પોતાના હમસરીકને તેની માંઠી હાલતમાંથી બંચાવવા સારૂ જલદીથી લશકર લઇ તેની શાહેતાહે જઇ પોંહોચ્યો. એમાં એ નવા સરદારે સપર પેહેલીવારજ કીર્તિ મેળવી હતી અને જે વિશે આગળ આપણે ઇસારો કરી ચુક્યા છૈએ. હવે મેતરદત શાહે રૂમી ફોજ ઉપર બંને ખુશકી તથા જમીન ઉપરબી ફતેહ મેળવ્યાથી તેણેતો ચાલસીદાન ઉપર પણ ઘેરો નાખી તે જગા પોતાને હાથ કરી લીધી અને ત્યાર બાદ ઇ. પુ. ૭૩ માં પ્રોપાનતીસમાં સીઝીકમ નામનું જે શેહેર

હતું તાંહાંનાં રેહેવાસીઓ આ લડાઇમાં રૂમીઓની તરફેણમાં હોવાથી તે શેહેરનીબી આસપાસ જઇ ઘેરો નાંખ્યો. એ શેહેર હાથ કરવામાં એણે ઘણી દુરઅંદેસી વાપરી હતી, કેમકે, એ મઠક હાથ આવ્યાથી બીથનીઆમાંથી સેહેલથી એસીઆ માઇનરમાં એનું લશકર અવાર નવાર એકમેકની મદદે જઇ શકે અને રૂમીઓ ઉપર તેથી એને આયંદે વધારે ફાવવાને બની આવે. આ રસ્તો મોકળો કરવાના વિચારથી એણે આ શેહેરબી તરત લેઇ મેલવાનો પક્કો ઠેરાવ કરયો અને જલદીથી પોતાની મુરાદમાં ફાવે તે સારૂ ચારસો વાહાણોથી એ શેહેર ઘેરી લેઇ પોતાની ત્રણ લાખ માણસની ફોજને ટુકડીઓમાં વેહેંચી નાખી ખુશકીને રસ્તેબી એ શેહેરને ઘેરી લીધું. લુકલસ તરતજ એવું મઠક એના હાથમાં નહિ જવા દેવા તે તરફ શીતાબીથી પોતે આવી પોહોંચ્યો અને તાહાની એક ઘણી ઉંચી જગા તેણે પોતાને હાથ કરી લીધી કે જેથી તેને પોતાને ખોરાકી પોશાકીની મદદ મળી શકે અને આપણા બોરદુવાળાઓની ખોરાકી વારંવાર અટકાવવાને તેને બની આવે. એ વેળાએ તેની સોડે ત્રીસ હજાર ચુનનદા રૂમી શીપાહો અને હડી હજાર ઘોડેસ્વારો હતા. મેતરદતનાં* લશકરની મોહોટી સંખ્યાને લીધે એને જોયું જે તેઓને આગળ જતાં ખોરાકીની ઘણી તાન પડશે માટે નાંહીંમત થવાને બદલે એવા ખ્યાલથી એને વધારે હિંમત આવી અને રૂમી સીપાહો જે ડરી ગયા હતા તેઓને લડાઇ કરયા વિના ફતેહનો રસ્તો દેખડાવવા વારંવાર પોતે ભાષાણો કરી હિંમત આપવા લાગ્યો. સીલાની માફક માણસનું લોહી અમસ્થું બરબાદ કરવા કરતાં કંઇ કુનેહથી પોતાની મુરાદમાં ફાવવા એને જે આ કલ્પના દોડાવી હતી તેમાં એને વધારે સાબાસી અને માન ઘટેછે અને એવા કિંમતી દાખલા દરેક સરદારોને પકડવાની ઘણી ગરજછે. એ ઘેરો ઘણો લાંબો વખત સુધી નાખી મેળવામાં આવ્યો હતો અને તેમાં મેતરદત શાહે ઘણુંજ બળથી પોતાના બેહદ સાંચાઓથી ચોતરફથી તે જગા ઉપર મારો ચાલુ રાખ્યો. પેલા માંહેલા વટણીઓએબી પોતાના બંચાવમાં કાંઇ ઓછી બાહાદુરી દેખડાવી ન હતી અને જાનપર આવી ઘણીજ હિંમતથી આપણાં લશકરનાં હલાં સામણે થઇ આપણા લોકોના યંત્રોને પાતે બાળી નાખવા. પાતે તેઓને બીજા હજારો ઉપાયો કામે લગાડી નિરઉપયોગી કરી નાખવામાં કંઇબી કુનેહો બાકી રાખી ન હતી. એટલામાં લુકલસનાં આવી પોહોચ્યાની વાત સાંભળી તેઓને બેહદ શુર ચઢીયું હતું અને એ સરદારે તેઓને કેહી મોકલાવ્યું જે અગરજો તમો આવીજ હિંમતથી લડાઇ જારી રાખશો તો તમારે ખાતરી રાખવી કે એ જગા એવીતો મજબુત રીતે આવેલીછે કે પારસીઓના લશકરથી તે કદાચ કાલે પણ લેઇ શકાસે નહિ. ઉપર જણાવ્યા મુજબ લુકલસેબી હવે પોતાની ફોજને ફવાંતો સલાંમતી ભરેલાં મઠકો ઉપર ગોઠવી રાખી હતી કે સામ સામે થઇ મેતરદતના લશકરના ભયંકાર મારા સામણે થવા તે વારંવાર છટકવા લાગ્યો અને તેમાં પોતાની સલામતી જોઈ નહિ માટે મેતરદતનાં લશકરની ખોરાકીપર હલાં કરી તેને તેનાં લશકરનાં હાથમાં ન જવા દઇ તાંહાં ભુખમરો ચલાવવાના સઘળા પ્રયત્નો કામે લગાડવાના કસા ઉપાયો બાકી રાખ્યા નહિ. તે સાથે જેબી લશકરની ટુકડી પેલી ખોરાકીના બંચાવમાં આપણી બોરદુવાળાઓ તરફથી તેની સામણે થવા લાગી

* સંસકૃટમાં એ નામ મીત્રદત્ત કરી છે જેનો અર્થ શૂર્યનો આપેલો એમ થાયછે.

તેઓને વારંવાર મારી હથાવી તેઓના રસ્તામાં સઘળી તરેહની અઘડાઇઓ પોતે નાખવા લાગ્યો અને પેલી ખોરાકી મેતરદતનાં લશકરમાં નહિ પોંહોચે તે સારૂ સઘળાં નાંકાં ઘેરી બેઠો. આથી આપણાં લશકરમાં આખરે ભુખમરો ચાલુ થયો અને તેઓ ભાજીપાલા ઉપર રેહેવા લાગ્યા એટલુંજ નહિ પણ કેટલાએકોતો માણસોનું ગોસ્ત વટીક નાચારીના માર્યા ખાવા લાગ્યા. મીથરદત જે સીસરોનાં જણાવ્યા પ્રમાણે પોતાના જમાનામાં મોટો કુનેહબાજ સીપાહ જે ગણાતો હતો તે આવા બિનવાકેફ સરદારની વારંવાર આવી ઠગાઇ ભરેલી યુક્તિઓથી આખરે કેહેછે જે નીરાસ થઇ ગયો કેમકે તે રૂમી સરદાર એનાં લશકરની બરોબર રૂબરૂ થઇ શકયો નહિ પણ લડાઈ કરવાની અમસથી જુઠી ધામધુમ કરી જારે તે લશકર મોકલે ત્યારે તાંહાંથી ખશી જઇ તેની સાથે દીનપર દીન ઠગાઈ જારી રાખવા લાગ્યો માટે આવા ભયંકાર ભુખમરાને લીધે નજદીક બે વરસ સુધી ઘેરો નાખ્યા બાદ આખરે તેને આ કામ પડતું મેળવાની ફરજ પડી અને દરીઆને રસ્તે પોતે નાહાસી ગયો અને તેના સરદારો તમામ લશકર સહિત નીકોમીદીઆની ભૂમી તરફ પાછા ફર્યા કે જાંહાં લુકલસે જઇ તેઓનો હુમબાલો પકડયો અને ગ્રેનાઇકસના મેદાનમાં હવે સામા સામી હાથ મેળવી તરતજ તાહાં એ લશકર માંહેલા વીસ હજાર સીપાહીઓને ઠાર કરયા તથા ઘણાએકોને કેદ પકડયા. એ લડાઇમાં કેહેછે જે સીપાહી, નોકર, ખાનસામાન વગેરે આપણી બોરદુવાળાઓનાં સઘલાં મળી નજદીક ત્રણ લાખ માણસ માર્યાં ગયાં હતાં એમ રૂમી ગ્રંથકારો લખી ગયાછે. હવે આ સઘળો એકતરફી હેવાલ ધ્યાનથી વાંચતાં એમાં સહરાઘટ મને ઘણીજ લાગેછે અને એમાં સચાઇ થોડીજ હોય એમ મને ભરાંત જાયછે. એક વખત તો આગળ આપણે વાંચ્યુંછે કે સીલાએખી ભુખમરાથી સપર પેહેલાં મેતરદતનાં લશકરને પીરીઅસનાં બંદર ખાતે હરાવ્યું હતું માટે તેવા માઠા બનાવથી ખોરાકી વિશે પુરતી ચોકસી મેતરદત શાહ જેવો દુરબીન પાદશાહ આ બીજી વેળાએ નહિ રાખે એ વાત મારા ધ્યાનમાં ઉતરી શકતી નથી અને તે નાહાસી ગયો તથા તેનાં ત્રણ લાખ માણસો મારયાં ગયાં એ શહરાગાત, જેમ ખશીઆરશા (ઝરકસીસ) પાદશાહ, યુનાની ગ્રંથકારો પ્રમાણે, સાલામીશની લડાઇ બાદ એક માછીનાં કોઠીઆંમાં બેસી નાહાસી ગયો હતો ! તે પ્રમાણેનાં સદંતર બનાવટ ભરેલાં દાસ્તાનોને વધારે મળતી આવેછે.

સોજીકમ ઉપરના ઘેરાથી આ પ્રમાણે મેતરદતને હાથ ઉઠાવવો પડયાથી તે હવે નીકોમીદીઆ ગયો અને તાંહાંથી હીરાકલીઆં પોનતીકા તરફ રવાના થઇ તે મુલક પોતાને સવાધીન લઈ બેસી તાંહાંથી દરીઆને રસ્તે, તરત મબાદા દુશમનો હવે પોતાનાં મુલકપર ચહડી આવે તેથી પોનતસ તરફ ઉપડી ગયો અને હેલેસપાન્ત તરફ પોતાનો થોડોક દરીઆઇ કાફલો અને દસ હજાર ચુનનદા સવારોનું એક લશકર પોતાના ત્રણ સરસ સરદારોના તાબા હેઠલ રાખી ગયો. લુકલસે હવે રૂમી દરીઆઇ ફોજની શાહેતાહથી મેતરદતના ત્રણે સરદારોનાં આ લશકરને બે વાર હરાવ્યું, પેહેલાંતો તેનીદાસ તરફ અને બીજીવાર લેમનાસના ટાપુ આગળ; જેથી આપણો દરીઆઇ કાફલો,ઇટાલીના કોસ્તા ભણી ઉનડી જઇ, તેણે રોમનો કોસ્તો લુટી લીધો અને તાંહાંના રેહેવાસીઓને દેશતમાં નાંખી દીધા. મજકુર બે લડાઇની વેળાએ એ રૂમી સરદારે કેહેછે જે આપણાં સઘળાં માણસોને

મારી નાખ્યાં હતાં અને ત્રીજી લડાઇની વેળાએ પેલા ત્રણે સરદારોને કેદ પકડયા હતા જેમાં મેતરદતની સાહેતાહે સરતોરીઅસે મારકસ મારીઅસ નામના જે રૂમી સેનેતરને મોકલ્યો હતો તે સરદાર પણ કેદ પકડાઇ ગયો હતો. રૂમના આ માજી સેનેતરનો ફતેહની નિશાણ તરીકે એક શાહાબોલો કાહાડવો એ પોતાની જાતને છાજે નહિ તેથી તેણે પેલા રૂમી સરદારને તરત મારી નખાવ્યો. બીજા સરદારે વીખ લઇ પોતે આપઘાટ કર્યો અને ત્રીજાનો શાહાબોલો કાહાડવા તેણે તેને પોતાની સાથે રેહેવા દીધો. આ બે ફતેહોથી એ તરફનો સઘળો કોસ્તો હવે મોકલો થયાથી લુકલસે એસીઆ માઇનર તરફ પોતાનું લશકર ફેરવ્યું. સફર પેહેલાં બીથનીઆ તેણે પોતાને તાબે કીધું અને ત્યારબાદ પાફ્લાગોનીઆનાં પ્રાંતનેબી પોતાની શાહેતા હેઠલ લાવી મેળી તરત મેતરદતની પાયતખ્ત ભૂમિ પોનતસ તરફ પોતાનું લશકર લઇ તે રવાના થયો. આ સવારીની વેળાએ આ રૂમી શેનાપતીનાં લશકરને ખોરાકી વિના એટલીતો કશતી ખેંચવી પડી હતી કે એણે ઘંઉનો એક કોથળો પોતાની ખાંધપર લાધી તીસ હજાર ગાલેશીઆના બેગારીઓને પોતાનાં લશકરની સાથે રેહેવા ફરજ પાડી હતી. પરંતુ એ દેશમાં દાખલ થતાં અને તાંહાંના શેહેરો તથા પ્રાંતોને એક પછી એક પોતાના તાબા હેઠળ લેતાં તાંહાંથી પછી એટલીતો ખોરાકી એના સવાધીનનાં આવી હતી કે એક મોટા બળદ ફક્ત એક દરામ યાને નજદીક પોણા પાંચ આને મળી આવતો હતો અને દર ગોલામ દીઠ એને ચાર દરામથી વધુ આપવું પડયું ન હતું.

હવે આનીગમથી મેતરદતને પણ યુકશાઇનનો દરયો ઓળંગતી વેળાએ તોફાનથી ઘણુ હેરાન થવુ પડયું હતું અને તેથી પોતાના બાકીના દરીઆઇ કાફ્લાનો તથા જે લશકર પોતાનાં દેશના બંચાવ સારૂ પોતા સાથે એ લાવ્યો હતો તેનો ઘણોખરો ભાગ ડુબી ગયો હતો. જયારે લુકલસ પોનતસ જઇ પોહોચ્યો ત્યારે તેને એ પાદશાહને બીજું નવું લશકર ઘણી ઝડપથી એકઠું કરતાં જોયો કેમકે એણે પોતાની તેજ બુદ્ધીથી તરતજ જાણ્યું હતું જે હવે એ સરદાર મારાં મુલક ઉપર વખતે ઉતરી પડશે. પેલા રૂમી સરદારે એ પાદશાહનાં મુલકમાં પેસતાંને વારજ એમીસસ અને યુપેતોરીઆ નામનાં બે મુખ્ય શેહેરો જે એક મેકની નજદીકીમાં આવેલાં હતાં તેઓ ઉપર ઘેરો નાખ્યો. આ માંહેલુ બીજું શેહેર તરતનું નવુંજ વસાવવામાં આવેલું હતું અને યુપેતરનો એલકાબ જે એ પાદશાહને આપવામાં આવેલો હતો તે એલકાબ ઉપરથી એણે તેનું નામ યુપેતોરીઆ કરી રાખ્યું હતું. અકસર કરી એ શેહેરમાં એ પાદશાહ પોતે રેહેતો હતો અને આસ્તે આસ્તે એને પોતાનું પાયતખ્ત શેહેર કરી નાંખવાનો એનો ઠેડાવ હતો. આ બંને શેહેરો ઉપર એકજ વખતે ઘેરો નાખી આ રૂમી સરદાર બેસી રેહ્યો નહિ પરંતુ થરમોદાન નદી ઉપર થમીસસાઇરા નામનું ત્રીજું એવુંજ વખણાયલું જે શેહેર હતું તાંહાંબી પોતાનાં લશકરની એક ટુકડી તેણે રવાના કરી આપી.

રૂમી સરદારો પોતાના શેનાધીપતીના આવા ઠેડાવ સામણે હવેથી બડબડાત કરવા લાગ્યા કે આપણે નજીવાં શેહેરોને ઘેરા નાખવામાં આપણો કિંમતી વખત નકામો બરબાદ કરી મેતરદતને તે અરસામાં પોતાનું લશકર વધારે એકઠું કરવાની તથા તેને વધારે જોરાવર થવાનાં સઘળાં સાધણો કરી આપ્યે છેએ. પરંતુ તે સીપેહેસાલારે પોતાના બંચાવમાં તેઓને ઠંડા પાડવા માટે તેઓ આગળ નીચે મુજબ એક શુભાખીતુ

ભાષાણ કરી સંભળાવ્યું. તે બોલ્યો જે "હુંબી તેજ માંગુછું, મારીબી એવીજ મરજીછે કે આપણા દુશમેનને વધારે હિંમતથી પોતાનું તમામ લશકર જમાવ કરવા બની આવે અને તે આપણી સામણે ઉભો રહી એક ભયંકાર લડાઇ કરે અને વારંવાર આપણી ચુંગાલમાંથી છટકી જયા નહિ કરે તે માટે હું જાણી જોઇને તેને વધારે વખત આપવામાં દુરૂસ્ત વિચારૂછું. શું તમે જોતા નથી ? કે એની પછવાડે મોટાં બીઆબાન જંગલો તથા લાંબા લાંબા રણો આવ્યાંછે તાંહાં એ વખતે છટકી ગયોતો આપણને એનો દુમબાળો પકડવો અને તાંહાં એની સાથે યુધ્ધ કરવું તદનજ માહાલ થઇ પડશે. એ જંગલો તરફથી આરમીનીઆ થોડાજ દીવસમાં જઇ શકાયછે ને તાંહાં પાદશાહોના પાદશાહ તીગ્રાનની દરબાર આવેલીછે જેનું બળ એવુંતો જબરૂંછે કે તે પારથીઅનો જેવા શુરવીરો ઉપરબી ફાવી શકયોછે. ગ્રીકોનાં આખાં શેહેરોનાં શેહેરો તેને મીદીઆની ભૂમિમાં ખાલી કરી નાંખ્યાંછે, સીરીઆ (સામ) અને પાલેસ્તાઇનનાં મુલકો પોતાના સવાધીનમાં કરી બેઠોછે, સુલુકસના વંશના પાદશાહોની તેને તદન બુનબેખ ઉખેડી નાખીછે અને તેઓની ઓરત અને દીકરીઓને પોતાની સાથે લઇ જાઈ તેઓને બંદીખાને નાંખ્યાંછે. એ જબરો પાદશાહ મેતરદતનો રફીક તથા દામાદ થાયછે. શું તમો એમ વિચારોછો જે જારે એ પાદશાહ તેની દરબારમાં જઈ તેની સાહેતા માંગશે તારે તે શું પોતાનાં સસરાને છોડી દઇ આપણી સાથ લડાઈ નહી ઉઠાવશે ? માટે મેતરદતને જલદી હાંકી કાહાડતાં આપણે તીગ્રાનનેબી આપણો હરીફ કરવાથી વધારે સંકતમાં આવી પડીશું, કારણ કે તે પાદશાહબી આપણી સાથ લડાઇ ઉઠાવવા ઘણું થયું બાંહાનાં શોધતો બેઠોછે તેથી પોતાના સસરાને મદદ કરવાનાં વધારે માન ભરેલાં કામ ઉપર તે જીભલું દેવાને કદી ચુકનાર નથી. ત્યારે આપણે શાને સારૂ મેતરદતને આપણી સામણે થવાનાં વધારે સાંધણો કરી આપ્યે અથવા તેને એવો રસ્તો શું કામ દેખડાવ્યે કે કાંહાંથી તેણે જઇને વધારે મદદ લેવી જોઇએ કે જેથી તે આપણી સામણે આ લડાઈ ઘણુંજ સુધી લંબાવ્યોજ જાય, ને આવો બળવાન પાદશાહ વલી પોતાની મોટાઇ અને મગરૂબીની વીરૂધ જઇ તીગ્રાનની મદદ અને કુમક શોધે એવી આપણે શું કામ તેને દુખદાયક ફરજ પાડવી જોઇએ ? એ કારણને લીધે એ પોતાનાજ દેશના સીપાહીઓ જેવા કે કાલચીસ, તાઇબરનીઅન તથા કાપાદોશીઅનો જેઓને આપણે વારંવાર હરાવ્યાછે તેઓનેજ વખત મળેથી એકઠા કરી આપણી સામણે લાવે તો તે રસ્તો શું વધારે સરસ અને પસંદ કરવા જોગ નથી ? કેમકે નહિતોકે આરમાની તથા મીડીઅન સીપાહોનીબી બેટરી અંદર આપણને એમ ન કરવાથી વધારે આવી જવું પડશે."

મજકુર ત્રણ જગાઓ ઉપર જારે રૂમી ફોજ પેલો ઘેરો નાખી પડી હતી તેટલામાં મેતરદત બીજુ નવું લશકર એકઠું કરી વસંતની શરૂઆત થાય એટલાંમાંતો કબીરા નામની જગા ઉપર પોતે છાંવણી નાખી પડયો. આથી લુકલસને એમીસસ તથા યુપેતોરીઆનાં શેહરોની આસપાસનો ઘેરો છોડી જવા તરત ફરજ પડી અને તે સરદારે એ પાદશાહની સામણે થઇ અંહીઆ એની સાથે બે મોહોટાં યુધ્ધો કીધાં જેમાં મેતરદત શાહ ફતેહ પામ્યો અને એ રૂમી સીપેહસાલારે મોટી હાર આવી. આથી તેને ફરીને પોતાનો નસીબો

એક બીજી લડાઇમાં અજમાવવાની ફરજ પડી અને મેતરદત જેવો પોતાની છાંવણી કોઇ બીજી સરસ જગા ઉપર લઇ જવાની તૈયારી કરતો હતો એટલામાં તેનાં લશકરમાં કોઇએક જાતનો ભય પેસી ગયો જેનો લાભ લઇ પેલો રૂમી સરદાર તરતજ તેના ઉપર તુટી પડયો અને મેતરદતને સદંતર હરાવ્યો જેથી એ સરદારને એક પણ નોકર કે ઘોડા વિના પાંઉપીઆદો નાહાસી જવાની ફરજ પડી હતી. પેહલું તેનુ લસકર જે નાહાસ ભાગમાં પડયું હતું તે સાથે એનેખી પાંઉપીઆદો નિકળી જતાં જોઇ એક એના ગોલામે એને ઓળખ્યો અને તરત પોતાના ઘોડા ઉપરથી ઉતરી જઇ પોતાના સાહેબને તે ઘોડો આપી પોતે પગે ચાલતો થયો. રૂમીઓ એની એટલાતો અડોઅડ આવી ગયા હતા કે તેઓ તરતજ એને વખતે પકડી શકતે પરંતુ એનું મગજ ભયની વેળાએખી એવુંતો શાંત રેહેતું હતું કે એણે એક નવી યુક્તી શોધી કાહાડી પોતે ઝડપમાં તાંહાંથી સટકી ગયો. એણે જોયું જે રૂમી સીપાહો લુટફાંટમાં ખરા બાહાદરછે માટે જે રસ્તેથી પોતે પસાર થતો ગયો તે આખે રસ્તે પુશકળ માળ ખજાનો જમીનપર રેડતો ગયો જે લુટવા પેલા સીપાહીઓ એટલાતો મશગુળ થઇ ગયા કે આવો જબરો શીકાર તેઓના હાથમાંથી સદંતર છટકી ગયો. સીસરો કેહેછે જે ઍવીજ રીત એજ દેશમાં આગળ મીદીઆ નામની એક શેહેનશાહજાદીએખી પોતાના બંચાવમાં કામે લગાડી હતી જેની આ વેળાએ મેતરદતને તરત યાદ આવ્યાથી તેને પોતે પણ તે રીત નકલ કરી લીધી હતી. કેહેછે જે પેલી શાહાજાદીનો દુમખાલો તેના બાપે પકડયાથી તેણીએ ઝડપમાં તેના હાથમાંથી સતી જવા પોતાના ભાઇ આબસાઇરતુસના તરત કટકે કટકા કરી નાખ્યા અને આખે રસ્તે તેમાંથી એક એક કટકો નાખતી ચાલી જે એકઠા કરવા તેનો દુખી બાપ બિચારો જેવો રોકાયો એટલામાં તેની પેલી બેટી તેની ચુંગાળમાંથી નિકળી ગઇ હતી.

એ પછી લુકલસે પેહલું કાબીરાનુ શેહેર પોતાને સવાધીન કરી લીધું જેમાંના કેટલાએક કિલ્લાઓમાંથી તેના સવાધીનમાં પુશ્કળ માલ ખજાનો આવ્યો હતો. તાંહાનાં ઘણાખરા કિલ્લાઓમાં સંખ્યાબંધ ગ્રીક બંદવાઓને તથા પાદશાહના કેટલાએક ઓસીઓને વટીક કેદ રાખવામાં આવેલા હતા માટે આ બનાવથી તે બિચારા સઘળાઓનો છુટકો થઇ ગયો હતો. એમાં એક તો નોસા કરી પાદશાહની એક બેહેન હતી જે સારાં ભાગ્યેગે રૂમીઓના હાથમાં આવ્યાથી મોતની ચુંગાળમાંથી પોતે બચી ગઇ હતી કેમકે મીતરદતે પોતે પોતાના ઓરત તથા બેહેનોને ઘણી એકાંત અને સલામતી ભરેલી જગા ઉપર મોકળાવી રાખી હતી કે તેઓને કસી તરેહની ઇજા રૂમીઓથી પોહોંચે નહિ પરંતુ પોતાનો આવો માઠો હાલ બની ગયાથી નાહાસી જતી વેળાએ તેણે જોયું જે રખેને સારો કબીલાખી હવે રૂમીઓના હાથમાં જાય માટે પોતાના એક ગોલામ બાકાઇદસને પેલી શાહાજાદીઓને ઠાર કરવા તરત તેઓના કિલ્લામાં પોતે મોકળી આપ્યો. એ જલાદ જ્યારે પેલા મેહેલની અંદર આવી પોહોંચ્યો ત્યારે તે વેળાએ પાદશાહની રોશનક (રોક્ષાના) અને સેતારા (સતાતીરા) નામની બે કુમારી બેહેનો જેઓની ઉમ્મર નજદીક ચાલીસની ભરતીમાં હતી તેઓ તથા આયોનાના સુલકની બેરીનીસ તથા મોનાઇમાં નામની પાદશાહની બે રાણીઓખી તાંહાં હાજર હતી. આ માંહેલી છેલ્લી રાંણીની બેહદ ખુબશુરતી

તથા ડહાપણ વિશે આપણે આગળ બોલી ચુકા છૈએ. એના ઉપર પાદશાહ બહુ મોહીત પડયો હતો તેથી તેણીની ઉપર પંદર હજાર સોનેરી સિક્કા તરત માંગાની સાથ મોકળી આપ્યા પરંતુ તેણીએ તેથી કસો મચક આપ્યો નહિ ત્યારે ઇરાનીઓની પરણવાની રસમ પ્રમાણે તેના સારૂં એક પાદશાહી તાજ પોતે મોકળી આપ્યું તોબી તેની પાદશાહ સાથે પરણવાની મરજી ન હતી પણ તેના બેસીઓની બીંહોસથી આખરે તેણીને તેનો હાથ કબૂલ કરવા ફરજ પડી હતી. એ લગન તેની ખુશીનાં ન હોવાથી તે પોતાની ખુબશુરતીને હંમેસ બદ આશીર્વાદ દેતી હતી કે તેને લીધે તેણીને પાદશાહ સાથ પરણવાની ફરજ પડી નહિતો કે તે પોતાની ખુશીનો કોઈ ગરીબરો માટી વખતે કરી જતે તો તેણીને પોતાની મરજી પ્રમાણે સઘળું ચાલવાને બની આવતે અને પોતે માટી બઇએર તરીકેના સઘળા આશિર્વાદો આપી શકતે. આથી તે પોતે સદા ઉદાસ રેહેતી હતી, કેમકે તેણીની આસપાસ ઓરતોની લાજ જાળવવા માટે ધારા મુજબ તે વેળાએ જે પેહેરા રાખવામાં આવતા હત તે ચાલ તેણીને મુતલગ પસંદ પડતી ન હતી. હવે પેલા જલાદે મેહેલમાં આવી તેઓને પાદશાહનાં આ નાખુસ ફરમાન વિશે જણાવ્યું અને બોલ્યો જે તમોને ઝડપમાં મરવાની જેબી રીત પસંદ હોએ કે જેથી તમને રીબવું પડે નહિ તો તે રીત અમલમાં આણવા મને પાદશાહનો હોકમછે, માટે તમો કેવી તરેહથી મરણ પામવા માંગોછો તે મેહેરબાનીની રાહે તરત મને જણાવો? મોનાઇમાંએ ત્યારે પોતાનાં માથાંનુ તાજ કાહાડી તેની દોરીથી પોતાને હાથે લટકાઈ જવાનો પ્રયત્ન કરયો પણ મેલી દોરી મજબુત ન હોવાથી તરત ટુટી ગઇ જેથી તે બોલી ઉઠી જે "અરે ઓ! મોત લાવનારી નજીવી જેવી વસ્તુ આટલીતો તું આ મારી શોકકારક શેવા બજાવ," એમ કેહી રીસમાં આવી પેલું તાજ જોસમાં પોતે જમીનની ઉપર ફેંકી દીધું અને પોતાની ગરદનને પેલા જલાદને સવાધીન કીધી. બેરીનીસેતો પોતે ઝેહેરનું પ્યાલું માંગ્યું અને જેવી તે પોતે પીવા જતી હતી એટલાંમાં તેની માએ મીનતજારી કરી તેમાંથી અરધું પોતે પીવા માંગ્યુ જેથી તેતો બુઢ્ઢી હોવાથી તરતજ મરણ પાંમી પણ બેરીનીસ તો પોતે જુવાન હોવાથી પેલાં ઝેહેરની અસર તેણીની ઉપર જલદીથી થઇ શકી નહિ અને તેનાં દુખથી ઘણીજ તરફડવા લાગી એટલામાં બાકાઇદસે ગુંગળાવી તેને જલદીથી મારી નાખી. પાદશાહની બેહેન રોશનકેતો પોતાના ભાઇને લાખ લાખ ગાળો દઇ ઝેહેર માગી પોતાનો આતમાં બરબાદ કરયો પણ સીતારા તો પોતાના ભાઇની આ ચાલથી બહુ મઘન થઇ ગઇ અને તેણીએ તેનો મોટો ઉપકાર માન્યો ને હજારો હજાર દુવા દીધી કે પોતે પોતાની સલામતી સારૂં ભયમાં આવી પડયા છતાં પોતાના બેશીઓની દુશમેનને હાથ ઇજત નહિ લુટાય માટે તેઓનેબી પોતે યાદ રાખવા તે ચુકયો નહિ અને સંભાળ રાખી તરત રેપુ દોડાવી સ્વતંત્રતાથી મરી જવાનાં સઘળાં સાંધણો તેઓને પોતે ફરી અપાવ્યાં.

આ માઠા બનાવની લુકલસને જયારે ખબર પડી ત્યારે તે પોતે જાતે જરા દયાળુ હોવાથી તેને ઘણું દુખ લાગી આવ્યું ને મેતરદતનો દુમબાળો પોતે છોડયો નહિ પણ જયારે તેને માલુમ પડયું જે તેં તો સેનોથી ચાર દાહાડાના રસ્તા જેટલે છેતે નિકળી ગયોછે અને તેણેતો પોતાના જમાઈ તીગ્રાનનાં આરમીનીઆનાં દેશ ભણીનો

રસ્તો લીધોછે ત્યારે તે તરત પોતે પાછો ફરયો અને રસ્તામાંનાં કેટલાંએક શેહેરો તથા કેટલીએક વરણોને પોતાને તાબે કરી લેઇ એપીઅસ કલાદીઅશ નામના પોતાના એક એલચીને તીગરાનની દરબાર ખાતે મેતરદત શાહને તરત રૂમીઓને સવાધીન લેવા મોકળાવી આપ્યો અને એમીસસનું શેહેર જે મુરીના નામના જુવાન સરદારને હજુર તાબે થતુ ન હતું તે તરફ પોતે તેની સાહેતાહે લશકર લઇ ઉપડી ગયો. એ શેહેર મેતરદતનો એક ઘણો બાહાદર સરદાર જે પોતાના જમાનામાં એકકો ઇજનેર ગણાતો હતો અને જેનું નામ કાલીમેકસ કરી હતું તેણે ઘણી બળતવારીથી ઘણું વેર રૂમીઓના મારામાંથી બંચાવી રાખ્યું હતું પણ જયારે તેની ખાતરી થઇ કે આપણે હવે ઝાઝા દિવસ ટકી શકશું નહિ ત્યારે તે શેહેરને આગ લગાડી દઇ તેને સારૂ જે વાંહાણ કિનારા ઉપર પડેલું હતું તેમાં બેસી પોતે તાંહાથી તરત નિકળી ગયો. લુકલસે પેલી આગ હોળાવી નાખવા ઘણાએ પ્રયત્નો કરયા પણ તે સઘળા ફોકટ ગયા; એટલામાં તેના સીપાહીઓબી તાંહાં લુટફાંટ કરવા મંડી ગયા કે જેની સાંમણે એ સરદાર થઇ શકયો નહિ. એવામાં વરસાદનું એક જબરૂં ઝાપટું આવ્યાથી ઘણીએક ઇમારતો બળતી બચી ગઇ અને લુકલસ તાંહાંથી નિકળી ગયો તે આગમજ જેબી ઇમારતો બળી ગઇ હતી તેઓને પાછી ફરીને તેણે બંધાવી નાખી હતી. એ શેહેર અસલમાં આથીનીઅનોએ વસાવ્યું હતું. આરીસ્તાનના જુલમની વેળાએ જેબી આથીનીઅનો પોતાનો દેશ છોડી ગયા હતા તે સઘળા અત્રે આવી વસેલા હતા અને તાંહાના રેહેવાસીઓ માફક તેઓને સઘળું છુટાપણું મેતરદત શાહે બખશેલું હતું.

એ વેળાએ રૂમનાં એશીઆનાં પ્રાંતોની સ્થીતી કેવી હતી તે વિશે થોડું ઘણું બયાન અત્રે આપેલું વ્યર્થ જશે નહિ અને તે સાથે પારસીઓનાં રાજ હેઠળ તેઓની હાલત કેવી હતી તેનો મુકાબળો અત્રે આશાછે જે વાંચવા લાયક થઇ પડશે. રૂમી અમલદારોના જુલમ તથા કર અને બ્યાજના ભારે બોજાથી તેઓની એશીઆ ખંડ માંહેલી પારકી રૈયત ગોયા તદનજ નીચવાઈ ગઇ હતી એમ તાસીતસ વીગેરે તેઓનાજ લખનારાઓ સારાં ભાગે કબુલ વઠીક કરી ગયાછે. એ બ્યાજખોરાઓ પોતાના દેનદારોનાં બચ્ચાં છોકરાં વઠીક વેચી નખાવતા હતા એટલુંજ નહિ પણ પેલા બિચારાનાં શરીર ઉપરબી તરેહવાર વીપતી અને કાંહાનીઓ પાડતા હતા. તેઓનાં દેવસ્થાનો માહેલી મુરતી પોતાનાં લેહેણાને બદલે વેચી નાખતા તથા હરાજનરાજ કરાવતા હતા કે જે સાથે ગોલામગીરીની હાલતબી સરખાવતાં સરસ કેહી શકાય. સીલાએ તેઓપર આગળ જણાવ્યા મુજબ જે વીસ હજાર તાલાન્ત યાને નજદીક ત્રણ કરોડ રૂપ્યાનો વેરો નાંખ્યો હતો તે તેનાં ચક્રવર્ધિ બ્યાજથી હવે છ ઘણો પેલા બ્યાજખોરાઓથી વધી ગયો હતો; અને જોકે બિચારા તાંહાનાં વતનીઓ અસલ રકમ યાને બમણી રકમ સરકારી તીજોરીમાં ભરી ચુકા હતા તોપણ બ્યાજનાં બ્યાજ ગણતાં હજુર તેઓને તેથીબી ત્રણ ઘણી રકમ દેવી રહી હતી જેથી પોતાને બ્યાજે નાંણા આપનારના જુલમથી બિચારા ગરીબ લોકોને દાંતે ખાસડું લેવુ પડતું હતું. આથી લુકલસે તેઓની હાલતપર દયા કરી તેમાં કંઇક છુટ મેળાવી જેથી પૈસાથી મસ્ત થઇ ગયલા પેલા માંગનારાઓએ રોમના ઘણાએક સુભાષીત ભાષણ કરનારાઓ તથા સતાવાળાઓને પોતાનાં

નાણુંના બળથી પોતાની ઓરદુ કરી લઇ, એ સરદાર ઉપર તેઓ ચોતરફથી ઉતરી પડયા હતા પણ તેઓની તે કંઇપણ દરકાર રાખતો ન હતો જે બાબદ તેની કીર્તિમાં ઘણો વધારો કરે તેવીછે.

એ સાથે હવે મેતેરદતના અમલને સરખાવો. તે પાદશાહે તેઓને સઘળા કરોના બોજામાંથી છુટા કરયા હતા અને બરોબર જોશો તો પારસીઓનું રાજ પર લોકોને ગમે તેવું વખતે જાલેમ લાગે પરંતુ કેટલીએક બાબદો શિવાય નામીચા જરમન ફિલસુફ શ્લિગલના જણાવ્યા પ્રમાણે તે નીતિનો વધારો કરે અને મધ્ય ગુણો આદમીઓમાં દાખેલ કરે તેવા કાનુનોથી સદંતર ભરપુર હતું. આગળ ચાલતાં આજ જરમન માંહાં પંડીત કેહેછે જે દુનીઆની તવારીખમાં જેખી બુલંદ શેહેનશાહતો અવાજી થઇ ગઇઓછે તેઓમાં પારસીઓની સલતનત અકસર કરી ઘણીજ નરમ અને સરવેથી સરસ અને ઘણીજ ઉદાર દીલ દેખડાવનારી હતી તેમાંતો કશો શક નથી જેથી પારસીઓના નીયાએગાનો પોતાના વડીલોના કોલપર નીતીશાસ્ત્રના કાનુનો જાળવ્યાથી જુમલે નજદીક બે ત્રણ હજાર વરસ સુધી પાદશાહી મીરાસ ભોગવી ગયાછે તો તે નિતીશાસ્ત્રનાં નિયમો પ્રમાણે સ્વભાવીકછે તેમાં કોઇબી બારીકબીન વિદ્યાર્થીને તાણાજાણી કરવા કશો સબબ મળશે નહિ એમ મારો આ વેળાએ આધીન વિચારછે.

બાબ ૧ લો.—ભાગ ૩ જો.

મેતરદતની બાહેધરી કરીઆથી રૂમીઓએ અરમાનીઓનાં જરથોસ્તી પાદશાહ તીગ્રાન સાથે ઉઠાવેલી લડાઇનો શેહેલો.

આ જરથોસ્તી પાદશાહ જેનાં વિશે આગળા બાબોમાં આપણે જણાવી ચુકા છઇયે જે અસલમાં નાંહાનાં જેવા એક પાદશાહી વંસમાંથી તેને મેતરદતની સલાહથી ચોતરફ પોતાનાં રાજને પ્રતેહોપર પ્રતેહો મેલવી એટલું તો વધારી મેલ્યું હતું કે તેથી તેને પોતા સારૂ હવેથી "પાદશાહોનો પાદશાહ" ફરો મોટો ઈલકાબ ધારણ કરયો હતો. સીલુકસનાં વંશનો પરાજય કરી તેનાં ખાનદાનને તદનજ પાયમાલ કરી નાંખ્યા બાદ તથા પાર્થીઅન વંશનાં જબરદસ્ત તુરાની શેહેનશાહોની મગરૂરી અને દમામને વારંવાર ઓખરો કરી ગ્રીક લોકોનાં શેહેરનાં શેહેરો તારાજ કરી મીદીઆની ભુમી તાહાંનાં રેહેવાસીઓથી તેને ભરપુર કરી નાંખી એ પાદશાહે સામ તથા જેરૂશલમ (પાલેસ્તાઇન)નો આખો મુલક પોતાના તાબા હેઠલ કરી લીધો અને સીનાઇત નામનાં અરબ ટોલાઓને ધારા બાંધી આપ્યા પછી ઘણી આપખુદીથી એ તરફનાં આખા લતાના પાદશાહો ઉપર પોતે શાહેખી ભોગવવા લાગ્યો. એની રૈયત એને બેહદ માન અકરામ તથા ઇજ્જત ઇરાનનાં આગલા શેહેનશાહોની રીત મુજબ આપવા લાગી તથા એની સોડે પુસ્કળ માલ ખજાનો હાથ આવ્યાથી એનો તોર અને

દબદબો એ વેળાએ બેહદ વધી પડયો હતો.

પેલા રૂમનાં એલચીની શેહેનશાહ સાથે ઇ. પુ. ૭૦ માં દરબારમાં મુલાકાત કરાવતી વેળાએ તે દિવશે પાદશાહે રૂમી લોકોને પોતાનો રોબ તથા દબદબો દેખડાવવા મોહોટાં લાહુ લશકર સાથે તેની ભેટ લીધી હતી. પોતાની સરકાર તરફની માંગણી કરતી વેળાએ પેલા રૂમીએ મેતરદત શાહની તેની આગમજ ઘણીફક રાવ રાની કરી અને બોલી કે જે તમો તેને અમોને જો સવાધીન નહી કરશોતો આપણી વચ્ચેની દોસ્તીમાં ખલલ થશે એટલુંજ નહી પણ અમોને તમારી સાથ લડાઇ ઉઠાવવાને હમારી સરકારને ફરજ પડશે. આવા તેનાં ભપકામાંને ભપકામાં દમ ભરાવવાથી પેહેલાંતો તીગરાને તે ઉપર જાહાજાું લક્ષ આપ્યું નહિ પણ જ્યારે પેલા રૂમી એલચી એપીઅસકુલાદીઅશે પોતાનાં સરદારનુ કાગજ તેને હાથો હાથ સવાધીન કીધું તેમાં લુકલસે એનાં સરનામા ઉપર શેહેનશાહ નહી પણ પાદશાહ કરી લખ્યું હતું તેથી એને બહુજ રીસ ચહડી કેમકે આસપાસની સઘળી પાદશાહતો તેને શેહેનશાહના નામથી લખતી હતી અને એ એલકાબનો એ પોતે બહુ ભુખોખી હતો. તે સાથે પેલા એલચીએ બી જરા તુંદ મીજાજ દેખડાવ્યાથી આવી વર્તણુક કોઇએ આગળ પોતાની સાથે ચલાવેલી ન હોવાથી અને આજ પચીસ વરસ આરમીનીઆની ગાદી ઉપર એને બેઠાને થયાં તે અરસામાં કોઇબી દેશનાં એલચીઓએ એની સનમુખ આવી એ અદબી નહી વાપરયાથી એને પોતાનો જોસ્સો ઘણાં કડવા શબ્દોમાં પેલા એલચી સનમુખ કહી દેખડાવ્યો અને પોતાને આપેલાં અપમાનનાં બદલામાં લુકલસને કાગજ લખતી વેળાએ તેનાં એલકાબો જણાવ્યા વિનાં પોતેબી તેનાં ઉપર ફકટ લુકલસ કરી સરનામું કરયું અને બોલ્યો જે મારી ઓરત કલીઓપાત્રાનો મેતરદત શાહ બાપ થાયછે માટે અમો વચ્ચે સગાઇનું નાતું એટલુંતો જબરૂં છે કે મારાથી એ પાદશાહને તમોને સવાધીન કરાએજ નહિ. તેમ કરતાં જો તમો રૂમી લોકો ઇનસાફનાં કાયદાથી ઉલટાં ચાલી મારી સાથેબી લડાઇ ઉઠાવશો તો હું મારા મુલકો બંચાવવાને સામરથવાન છું અને તેથી તમોને આયંદે પસતાયા વિનાં છુટકો નથી.

આ અરમાની પાદશાહનાં ઠાઠ માઠ વિશે રૂમી ગ્રંથકારો લખી ગયાછે કે એ વેળાએ નસીબાનાં વારંવાર હસવાથી પોતે તેની મસ્તીમાં એટલોતો મસ્ત થઇ રહ્યો હતો કે જારેબી એ પોતે બાહેર નિકળતો ત્યારે એના ઘોડાની બંન્ને બોરદુએ પાંઉપીઆદા બે પાદશાહો એ પોતા સાથે ચલાવતો હતો. પોતાનાં દસતરખાંન ઉપર તથા પોતાનાં હરેક કામે નોકરોની માંફક પેલા પાદશાહો એની આસપાસ ઉભા રહી વારંવાર કરતા હતા પણ પારકાં મુલકોનાં એલચીઓની મુલાકાત લેતી વેળાએ તો પોતાનો વધુ રોબ દેખડાવવા એની આસપાસ એવા ઘણાએક ખંડીઆ રાજાઓ જોવામાં આવતા હતા અને પેલા પરાહનાઓને એના બળ તથા કીર્તિ વિશે મોટો વિચાર ઉત્પન્ન થાય તે સારૂં પોતાના તખ્તની બંન્ને બોરદુ જાણે ગોલામ હોય તેવી રીતે તેઓને બે સંપ સમારી ઉભા રેહેવા તે બિચારાઓને ફરજ પડતી હતી. પણ દૈવ દેવી કોઇપણ માનવી ઉપર તે પોતે જાતે હંમેસ વચુપચુ મનની હોવાથી સદા પ્રસન રેહેતી નથી તે વિશે આ શેહેનશાહને પોતાની આ ખાંલી ફુકરાજી વેળાએ- જરા સાદો ખ્યાલ વઠીક ગયો નહિ કેમક પારકાનાં ઘેરની આગ હોળવવા જતાં રૂમી ફોજના મારા હેઠલ એ હવે એવોતો

સમ આવી પડયો હતો કે એનાં પોતાનાં ઘણાં ખરાં જીતેલાં મુલકો ઊપરથી આખરે એને પોતાનો હાથ ઊઠાવી લેવાનો ઘણી દુખદાયક ફરજ માથે આવી પડી હતી.

એપીઅસ કલાદીઅસ જ્યારે હવે પોતાના શરદારની છાવણીમાં આવી પોંહોંચીઓ અને આ પેગામ વીશેની લુકલસને તેણે ખબર આપી ત્યારે રૂમીઓએ તીગ્રાન સાથે લડાઇ ઊઠાવવા વીશેનો ઢંઢેરો ઇ૦ પુ૦ ૬૯ માં બાહેર પાડયો અને આ લડાઇ શરૂ કરવા સારૂ આ રૂમી શીપાહસુદ ઘણી શીતાબીથી પોતે પછી પોનતસ તરફ પાછો ફરીઓ. એ વેળાએ રૂમી લશકરમાં આ લડાઇ ઊઠાવવામાં ઘણી હુલડાઇ વાપરવામાં આવીછે, એમ ત્યાંનાં શીપાઇઓ માંહો માંહે બડબડવા લાગ્યા કેમકે તીગ્રાન પાસે જર તથા જોર બીશીઆર છે માટે વખતે આપણે એમાં ફાવી શકસું નહીં એમ તેઓ માનવા લાગ્યા. ઇનશાફની રૂહે જો હાલ આપણે એ બાબદશર દરીઆફત કરીએ છઇએ તો એમાં રૂમીઓનોજ વાંક નીકલશે કેમકે તેઓને આ લડાઇ ઊઠાવવી જોઇતી ન હતી અને ફોકટમાં આદમીજાતનાં પ્રાંણો બરબાદ કરવા ન હતા, કેમકે *વીઆને પોતાનાં શશરાને તેનાં દુશમેનોને સ્વાધીન ન કરીઓ તો તેમાં તેણે વાજબી કરીઊ હતું એમ વીવેકની નજરે જોનારને તરત માલુમ પડી આવશે, પરંતુ રૂમીઓતો હાલમાં આ દુનીઆનીજ પાદશાહી એક હાથ કરી લેવા બેઠા હતા માટે હરેક રાજો સાથે છેડતી શોધવામાં તેઓ કંઇ બકાત રાખતા ન હતા.પણ કેહેવાત મશુર છે કે સેરને માથે હમેશ શવાસેર બી મલેછે તેમ એ લોકો શામને પાછલથી પારથીઆવાળા તથા ત્યાર બાદ સાસાનીઓ જેવા દીલેર મરદો એઓને ફુફરેતીશ તથા તાઇગ્રીસ નદીનાં પુર્વ ભણી આવેલાં દેશાવરો તરફ અતરાતા નહી જવા દેવા સારૂ ઘણીએક ખુનખાર લડાઇઓમાં જો પેદરપે શીકશતો નહી આપતા ગયા હતેતો એ લોકો હિન્દુસ્થાનથી તે ઠેઠ ચીન શુધી એશીઆના આખા ખંડમાં ફરી વળતે તો તેમા તાજુબ થવા જેવું કંઇ લાગતેનહી.હવેલુકલશે આવી મેતરદતનાં પાએતખ્ત શેહેર શીનોપેને બી પોતે જીતી લીધું અને જેમ આગળ અમાસીઆના લોકોને સ્વાતંત્રપણું બખશવામાં આવીઉં હતું તેમ અંહીઆનાં રેહેવાશીઓને બી એણે છુટાપણું આપીઊ અને એ બંને શેહેરો ગોયા આપઅખતીઆરીથી પોતાનુ રાજપાટ ચલાવે તેવી તેઓને હવેથી પરવાનગી આપી. વલી હીરાકલીઆ નામનુ ત્રીજું શેહેર રૂમીઓનો બીજો શીપેહેશાલાર કોતા જેને મેતરદતે આગળ સારી શીકશત આપી હતી ને ત્યાં ઘેરો નાખી લાંબા દાહાડા પડી રેહો તોબી ત્યાંના રેહેવાશીઓએ તેને કશો મચક આપીઓ નહી ત્યારે તે રૂમી સરદારને ઠગાઇ વાપડવાને ફરજ પડી અને જ્યારે આ નીચ યુકતીથી પેલુ શેહેર તેને તાબે થંયુ ત્યારે તેણે તે શેહેરનાં વતણીઓ સાથે બહુ ધીકાર ભરેલી ચાલ ચલાવી હતી. તેણે તે શેહેર લુટી પોતાનાં ગજવાં તર કીધાં,લોકો ઊપર તે બેહદ જુલમ જાશતી કરવા લાગ્યો અને આખરે તે શેહેરને ઘણું ખરૂં બાળીભશમ કરી નાખ્યું. રોમ તરફ એ શરદાર જ્યારે હવે પાછો ફરીઓ તયારે જાણે એણે તે શેહેર મોટી જવાંમરદીથી જીતી લીધું હોય તેમ સેનેત આગલ શઘલો એક તરફી હેવાલ રજુ કીધો;આથી તેઓએ એને પોનતીકસનો મોહોટો એલકાબ આપ્યો પરંતુ ત્યાર બાદ તાંહાંના લોકોએ રૂમની દરબારમાં એલચીઓ મોકલી એના લોભ તથા ઘાતકીપણા વીશેની શઘલી બીનાઓથી ત્યાંના રેહેવાશીઓને જ્યારે વાકેફ કીધા ત્યારે તેઓને એ લોકો

ઊપર બહુજ દયા આવી અને એનેતે આ ઘાતકી સરદારનો જભો તરત ઊતારી લઈ તેને બહુ રૂશવાહ કરીઓ ને જે અપમાનને એ શરદાર તદનજ યોગ્ય હતો, એમ કેહેવા આપણે આજબી કદી આંચકો ખાશું નહી.

પોતાના એક શરદાર સોરનાતીઅસને પોતાતસમાં છ હજાર આદમીઓની રૂમી ફોજ શાથે રેહેવા દઇ લુકલશ હવે બાર હજાર પાયદલ તથા ત્રણ હજાર ચુનંદા રૂમી શીપાહો શથે કાપાદોશીઆમાં થઈ યુફ્રેતીશ શનમુખ આવી પોંહોંચીઓ અને શીઆલાનીઅચવચમાં એ નદી પશારકરી ત્યારબાદ દજલા (તાઇગરીશ) નદી ઓરંગીએ રૂમી શરદાર આરમીનીઆનાં શેહેનશાહનાં પાએ તખ્ત શેહેર તીગ્રનોસરતાની નજદીકીમાં પોતે આવી પોતાનાં રૂમી લશકરની શફ શમારી. અહીઆં તીગ્રાન પોતાનાં સામ (સીરીઆ) નાં મુલકમાંથી તરતનો આવી પુગેલો હતો અને તેનાં ખુશામતીઆઓ તેના લશકરની શંખીઆથીજ લુકલશ હવે ઘભરાઇ જઈ એશીઆ છોડી જતો રેહેશે એવી ખોટી ખોટી તેંહેકરાઇ તથા બડાઈ કરવા લાગ્યા. આ પર આ મગરૂબ પાદશાહ એટલુંતો લક્ષ આપતો બેઠો હતો કે જેબી કાશદોએ દોરતા આવી રૂમી લશકરનાં કેઠ શેહેરની નજદીકીમાં આવી પોંહોંચવા વીશે એને પેહેલાં ખબર આપી તો તેઓને નવાજેશ કરવાને બદલે તરત એને ધીકારની રાહે કતલ કરાવીઆ અને પોતાનાં લશકરને કવાએદ આપવાને બદલે પેલા ખુશામતીઆઓનો ભટાઇથી પોતે છાકટ જેવો બની રહ્યો. મેહેતરદતશાહનીબી શભ્યતાને અર્થે તેની આવી માઠી અવસ્થાની વેલાએ શારી પરોણાહગત કરવાને બદલે અને તેને શારી કાની દીલાશો આપવાને ઠેકાણે તેને પોતાનાં શેહેરમાં મેહેલમાં વટીક ઉતારો આપ્યો નહીં અને તેને ધીકારની રાહે તેને બહુ માઠું લાગે તેવી અવસ્થામાં પેહેલાંતો એક ઘણી ભીની તથા બીનસુખાકારી ભરેલી જગામાં પડી રહેવા દઇ તે ગોયા જાને બંધવો હોએ એમ તેના પર શીપાહીઓનાં પોહોરા રાખીઆ. પરંતુ પેલા રૂમનાં એલચી શાથે આ શેહેનશાહને હવે તોડછોડ થયાબઠી પોતાનાં શશરાને મોહટા માન અકરામથી પોતાની દરબાર ખાતે બોલાવી લાવવા એણે તરત હોકમ મોકલાવીઓ. આ બંને શસરા જમાઇ વચે છુટથી ખીલવતમાં મોલાકાત થઈ ને વેલાએ તેઓ આગલ કોઇબી માણસ હાજર હતું નહીં અને બંને જણોનાં દીલમાં કસી પાંતાનો ખોટો વશવશો નહી રેહે તે સારૂ તેઓએ છુટથી એક મેક શાથે વાતચીત કરી પોત પોતામાં હવે બગલગીરી કીધી અને આ શઘલી ગેર શમજુતી તથા હીન નશીબનો તેઓ પોત પોતાના દોસ્ત આશનાઓ ઉપર દોષ મેલવા લાગ્યા. આ શખુનચીનોમાં એક મેલોદોરસ નાંમનો પારશી હતો જે સીપીસ શેહેરનો રેહેવાશી હતો. તેની ચતુરાઇ તથા બુદ્ધી એટલાતો તેજ હતા ને તેના પર પાદશાહનો બેહદ ગાહા હોવાથી લોકો તેને "પાદશાહનો બાપ" કરી કેહેતા હતા રૂમ.ઓ શામણે મદદ માંગવા પોતાનો ઘણો ખેરખાહ દોસ્ત જાની એ પાદશાહે આ પારશીને તીગ્રાન તરફ આગલ રવાના કરીઓ હતો, અને એના આવવાનાં શબબ વીશે જ્યારે આ અરમાની શેહેનશાહે તેને શવાલ કરીઓ ત્યારે તેણે પોતાની શરકારની શું ઇચ્છાછે તે વીશે શઘલો હેવાલ દરોબસ્ત કેહી શંભલાવીઓ. આ ઊપરથી તીગ્રાને તેને સવાલ કરીઓ જે "તમારા ધણીનો આ માંગની વીશે મેતરોદોરશ તમારી શું મને શલાહછે". ત્યારે પેલો પારશી એલચી જરા દાહ્યો થવા એમ બોલીઓ "જે એલચી

તરીકે તો અમારો પાદશાહ મેતરદત જે આ માગની કરેછે તે પ્રમાણે ચાલવાને હું તમોને ભલામણ કરૂંછું પરંતુ તમારા શલાહ આપનાર તરીકે જો મારૂં મત તમો પુછો તો આ માગની ઉપર નહીં અમલ કરવા હું તમને શાફ જણાઉં છું. " આ તેની ચાલ ખરેખર ઠપકાનેલાએક હતી ને જે વાત નો પાંટલો હવે તીગ્રાને મેતરદત આગલ ફોડી નાખીઆથી તેની આવી નીમખ હરામી તથા વીશવાશઘાતનાં બદલામાં તેને પોતાની દેહનો દંડ આપવો પડીઓ હતો. એટલામાં લુકલશની ફોજ શેહેરના દરવાજાની ઘણી નજદીકી વેર આવી પોહોંચી તોબી કોઇએ કેહેકે જે આ પાદશાહને ચેતાવવા દરૂશત ધારીઉ નહી. આખરે મેહેરબુરજીન (મેથ્રબરજાનીસ) નામના તેના એક માનીતાએ તીગ્રાનને આ વીસેની ખબર આપી જ્યારે એ પાદશાહે તેને હોકમ કરીઓ કે લશકર લઇ જાઓ ને લુકલશને પકડી લાવો? આથી મેહેરબુરજીન રૂમી લશકરની શામણે થયો પણ તેમા તે તથા તેની આખી ફોજ માંરી ગઇ. આથી તીગ્રાનની આંખ હવે ઉઘડી અને તેને દસ હજાર શવારો આપી મેતરદતને બીજું લશકર જમાવ કરવા પોનતસ ખાતે રવાના કીધો અને એમ જણાવ્યું જે વખતે લુકલસ આરમીનીઆમાં ઠેઠ ગુશી જાએ તો તમારે તરત મારી શાહેતાહે દોડીઉ આવવું અને પોતે લશકર ચો તરફથી જમાવ કરવા તીગ્રાનોસરતામાં પેહેલાંતો રેહેવા દરૂશત વીચારીયું પરંતુ મેહેરબુરજીનનાં લશકરની આવી હાર જોઇ ત્યારે પોતે પોતાનાં આ પાએતખત શેહેરને છોડી તારસનાં પાહાડ ભણી જઇ તાંહાં છાવણી નાખી અને પોતાના આખા લશકરને તે તરફ દર મંજલ નીકલી આવવાનો પોતે હુકમ મોકલાવ્યો. લુકલશે હવે એ શેહેરની આશપાશ ચો તરફથી પોતે ઘેરો નાખીઓ. એમાં તરેહ તરેહવાર દેશોની વસ્તી હતી અને અંહીઆં માલ ખજાનો પુશકલ હોવાથી અહીઆનાં અમીર ઉમરાવોએ એને બેહદ આસસ્તા કરી નાખી ઊ હતુ માટે લુકલસે એવો ખીઆલ કીધો જે આ પાદશાહ એ શેહેરને મને તાબે નહી થવા દેવા માટે પોતે આવી જલદીથી રૂબરૂ મોટી લડાઇ મારી સાથ કરીઆવીના રેહેનાર નથી તેથી પેલો ઘેરો તેને પુરજોશથી ચલાવવા માંડીઓ. આ કલપના સારા ભાએગે તેની ખરી પણ પડી. હવે પેલી તરફથી મેતરદતે જોયુ જે રૂએને પાદશાહ આ રૂમી સરદાર શાથે રૂબરૂ ઊભો રહી લડાઇ કરે માટે કાસદોપર કાસદો તેથી છાવણીમાં મોકલી એ પાદશાહને આ રૂમીઓ સાથ રૂબરૂ લડાઇ નહી કરવાની મજબુત ભલામણ ચાલુ રાખી અને કેહેવડાવીઉ જે આપણાં ઘોડેશવાર લશકરની મારફતથી લુકશના લશકરમાં ખોરાકી વીગેરે જણશો નહી પોંહોંચે તેવીજ ધુકતી માલ લાંબો વખત સુધી તમારે ચાલુ રાખવી અને પોતાના શરદાર તાકસીલ્લાને પણ એજ ભલામણ શીખે તરત આ પાદશાહની છાવણી તરફ મોકલી આપીઓ. તેણે આવી તીગ્રાનનેબી એજ શલાહ આપી જે રૂમી ફોજમાં શારી કવાયદ તથા લડાઇ વારંવાર જોયાથી ત્યાંના આ શીપાહીઓમાં શારો અનુભવ હાથ આવ્યાથી તે લોકો શામ શામેની લડાઇમાં આપણાંથી જીતી શકશે નહી માટે મેતરદશાહની ઓહોલી અજમાએશનો આ લાભ લેવા તથા તેની શલાહ મુજબ અમલ કરવા આ પાદશાહ સોડે ઘણી મીનતજારી પોતે કરવાલાગ્યો. પેહેલાંતો એણે પોતે ઘણુ લક્ષથી આ તેઓની સુલાહ ઉપર ધીઆન આપીઉં પરંતુ જ્યારે દેશેદેશનું લોક એનાં લશકરમાં આવી શામેલ

થયુ ત્યારે એના શલાહ આપનારો પોતાંની બડાઇ અને તેહેકરાઇનાં બાંકાં એટલાતો જોશથી ફુકવા મંડી ગયા કે જેઓ આ લડાઇ તરત કરવાની તરફેનમાં હતા તેઓ તેકસીલાજો હવે વચમાંપડીઓછ અનેતેઓ ની આડે આવીઓછ તો તેને તરત ઠાર કરી નાખવાનો તેઓ તેને દમ ભરાવવા લાગ્યા ને મેતરદતને જાહેરમા પોતે માઠું બોલવા લાગ્યા કે તે પાદશાહ પોતાના જમાઇને આ લડાઇમાં શેહેલથી જે કીરતી મલી જાએ તેની અદેખાઇનાં મારો આ આવી શલાહ આપી અમશથી ધીલ કરાવા માગેછે. આથી તીગ્રાન વલી ભમાયો અને જોયું જે રખેને મારો શશરો આવી આ કીરતીમાં ભાગ લઇ જાએ માટે વધારે ઢીલ નાખવા પોતે દુરુશત વીચારીજ નહીં અને શીતાબીથી પોતાનાં લશકરની શરદારો લેવા તારસના પાહાડ આગલથી પોતાના પાએતખ્ત શેહેર તરફ પાછો ફરીઓ અને જતી વેલાએ પોતાના ડોશત આશનાઓ તથા પેલા ચાપલુશી બોરાઓ આગલ એમ બોલી ગયો જે હું ઘણો દલગીર છું કે રૂમના શઘલા શરદારો શાથે નહીં પરંતુ ફકત તેઓનાં એકજ શરદાર શાથે મને આ લડાઇમાં આમન શામન હાથ મેલવવો પડેછે. શારી કવાયદને બદલે પોતાનાં લશકરની શંખ્યાઉપરથી એના મનમાં આખુંમારો આવી ગઇ હતી કેમકે એ વેલાએ એની શાડે વીશ હજાર ગોફન ફેકનારા; પંચાવન હજાર શવારો, જેઓમાનાં શતર હજાર ઘોડેશવારો તો બખતર શીબે તઇઆર રહેલા હતા અને બીજા એક લાખ પચાશ હજાર પાયદલ શીપાહોની ફોજ જમાવ થઇ રહી હતી. આ બોહોલાં લશકરને એને જુદી જુદી તુકડીઓમાં વેહેંચી નાખી ઉં હતું. એ શીવાએ એ લશકરની પછવાડે બીજા પાંત્રીશ હજાર બેગારીઓ, રશતો શાફ રાખવા, નદી નાંલા અટકાવવા, પુલો બાંધવા તથા તેવાજ બીજા ઇજનેરી કામો શર લશકરી શફ શમારો જે ઉભા હતા તેતોવલી જુદા જેથી આ આખુ લશકર જોતાંજ શામનેના જબરા હરીફનીબી ફુફરી ફાટી જાય એવો રોબ તથા દમામ દુરથો મારતો હતો. આવી બોહોલી શંખ્યાં વીશે હાલમાં ધીરેશાંશતે અવલોકન કરતાં એમાં રૂમી ગ્રંથકારોની શહશાશત ઘણી હોય એમ મને ભાશેછે પરંતુ એ પાદશાહ આટલું મોટું લશકર થોડા દીવશમાં આ મુજબ જો એકઠું કરી શકીઓ હોએતો એ હીંગામમાં એ પાદશાહબી ઘણો જોરાવર ગણાવવો જોઇએ એમ આ હેવાલ ઉપરથી સ્પષ્ટ દીશેછે. લુકલશને આવી બોહોલી શંખીઆ વાલી ફોજ શામનેના હરીફ શાડેછે એવી ખબર મલતાંબી તેણે પોતાની હીમત છોડી નહીં અને તરત પોતે પોતાની રૂમી ફોજને જુદી જુદી ટુકડીઓમા વેંહેંચી નાખી. એક છ હજાર રૂમી પાએદલ ફોજની શરદારી તેને મીઉરીનાની શરદારી હેઠલ આપી તેને પોતાનાં લશકરની પછવાડે પડી રેહેવાનો હોકમ કરીઓ અને બાકીની ચોવીશ કોહોર્ત યાને દશ બાર હજાર માનશોની ફોજ તથા શઘલુ ઘોડેશવાર લશકર અને આશરે એક હજાર ગોફન ફેંકનારાઓને પોતાં શાથે લેઇ તીગ્રાનની શામને થવા એક મોટાં મેદાનમાં આવી પોતાના લશકરની છાવણી નાંખી પડીઓ. આ બંને હમનબરદાની છાવણી વચે એક મોહોટી નદી વેહેતી હતી જેથી શામણેથી બંને જનોને પોતાના દુશમન શાડે લશકર કેટલુંછે તે દુરથી શાફ માલમ પડી આવતું હતું. રૂમીઓ શાડે આ પ્રમાણે થોડા માણશો જોઇ તીગ્રાનનાં મલતીઆઓ મનમાં બહુ

મગન થવા લાગ્યા . અને નરેહવાર એક એકમાં ઠઠા મશ્કેરીઓ કરવા લાગ્યા અને આ પાદશાહશોડે તેનાં શરદારો તથા જેજુદા જુદા મુલુકોનાં રાજાઓ એકઠા થયા હતા તેઓ તીગ્રાનને દુરરહી આ શઘલો તમાશો જોવા ને ખુદ પોતાને એખલાનેજ આ સરદારી આપવાનીઉજરખાહી કરવા લાગ્યા.પાદશાહપોતેખી તેઓ શાથે આ ઠઠા બાજીમાં મશગુલ થયો હતો અને મજાખમાં દુશમેનનાં લશકર વીશે એમટકોર કર્યોજતો હતો જે "એલચો તરીકે આશઘલાઓ જો એલ એકઠ્ઠ થયા હોએતો એ લશકર બહુજ મોટું ગણાએ પરંતુ દુશમેન તરીકે એઓ અંહીઆં આવીઆ હોએતો એ શંખીઆ બહુજ નજીવી જેવીછે!" આ તેનાં મજાખમાં બોલવાનાં શબ્દોની તેનાં લાગતા વલગતાઓમાં તે વેલાએ ઘણી તારીફ થઇ રહી હતી અને આ મુજબ પેહેલો દીવશતો ઢોંગ શોંગમાંજ ગુજરી ગયો. બીજે દીવશે શુર્યોદય થતાં લુકલશે પોતાનાં લશકરને છાવણી છોડી આગલ વધવા હોકમ કરીઓ, આપણી બોરદુવાલાઓનું લશકર પેલી નદીની પેલી પાર પુર્વ ભણી જમાવ થયલું હતું અને એ નદી એવી રીતે વેહેતી હતી કે તેની પશચીમ ભણી તેનાં જરા દાભા હાથ તરફથી વાંક આવેલો હતો કે જાંહાંથી તેને શેહેલાઇથી ઓરંગી શકાએ તેમ હતું.હવે એ તરફનો રસતોલેવા લુકલસનું લશકર દાબી બોરદુ'ભણી જડપમાં કુચ કરી જતું હતું જેપરથી તીગ્રાન એમ ભમાયો જે રૂમીઓએ હવે નાંહાંશવા માંડીઉછે માટે પોતે મુછમાં હશી તાકસીલા શોડે તેઓ સારૂ આ મુજબ ધીકાર બતાબ્યો જે "તમો પેલાં અજીત રૂમી લીજીઅન (ફોજ) નાં શીપાહોને જુઓછો ! નીગાહ કરો જે તેનો નાહાંશી શકેછે!" આનો પરતી ઉતર તાકસીલાએ આ શેહેનશાને એમ આપ્યો જે "તમોને તમારો નેક શીતારો આજે તમારા લાભમાં મોજેજા જેવી રીતે ફતેહમંદી આપે એવી મારી દીલો જાનથી ઇશ્વર શોડે પ્રાર્થનાંછે પરંતુ આ લીજીઅનોની ઢપ છપ ઉપરથી મનેતો કંઇ એમ ભાસ્તું નથી કે એ લોકો નાંહાસ ભાગમાં પડીઆ હોએ". હજુરતો તાકસીલા આ પ્રમાણે બોલવાનું શમાપ્ત કરી રહો નથી એટલામાં લુકલસનાં હોકમથી પેહેલી લીજીઅનનાં વાવટા ઉપરની ગરૂડ પક્ષોની નીશાન ને તેને જમની બોરદુ ભણી ફરી જતાં દીઠી અને તેની પછવાડે શઘલી ફોજે પેલી નદી ઓરંગી જવા મટે જહડપમાં ચાલવા માડયું. આથી તીગ્રાનની ખુમારી ઉતરી ગઇ અને બે લણ વાર તે બોલી ઉઠીઓ જે "જુઓ ! તે લોકો આપણી તરફ આવેછેકે શું?" પેલુ લશકર એ નદી ઓલંગી એટલુંતો જહડપમાં તેઓની બરાબર આવી પોહોચ્યોઉ કે આરમાણીઓની ઘણી ખરી ફોજ પોતાની સફ વઠીક બરોબર શમારી શકી નહી, આવો મામલો જોઇ તીગ્રાંને જહડપમાં આવી પોતાના લશકરની વચોવચ્ચમાંની શરદારી પોતે હાથમાં લીધી, જમની બોરદુ ભણીની શરદારી મીદીઆનાં પાદશાહાનાં હાથમાં અને દાભી તરફની શરદારી આદીઆબીનીના પાદશાહનાં શવાધીનમાં પોતે શોંપી આપી અને બખતરવાલા ભારી બોજદાર શવારોનો ઘણો ખરો ભાગ એ વેલાએ જમની બોરદુવાલા લશકરની હરોલમા ઉભો રાખ્યો. જયારે લુકલશ પેલી નદી પશાર કરી જવાની તઇઆરી કરતો હતો ત્યારે તેના શરદારો તેને તે દીવશે લડાઇમાં નહી ઉતરવાની તેને મજબુત મનાઇ કરતા હતા કેમકે તે દાહાડાને ઘણો હીનો દીવશ કરી તેઓ માનતા હતા અને શીહા રોઝ કરી કેહેતા હતા કારણ એ જે તેજ દીવશે સેપી-

ઓનાં* લશકરે સીમબ્રાઇ લોકોથી લડાઇમાં આગલ મોટી શીકસત ખાધી હતી. લુકલશે તેઓને એવો પ્રતીઉત્તર આપ્યો જે ત્યારે તો "હું એ દીવશ યાને છઠી અકટોબરને રૂમીઓ શારૂ ઘણો મુબારક દીવશ બનાવીશ". એમ કહી તેઓને નાં હીમત નહી થવા પોતે બહુ શમજાવવા લાગ્યો અને હરોલમાં શપર પેહેલાં પોતે ચાલવા લાગ્યો તથા પેલી નદી પસાર કરી ગયો. કેહેછે જે ભીંગડાં રોકાં તીખાં લોહોડાનાં એકચકચકીત પોશાકથી એ વેલાએ એણે પોતાનો સીનો ઢાંકીઓ હતો જેની હેઠલ એક બખતર પેહેરેલું હતું અને તેની ચો તરફ જાહાલન નાખેલી હતી. એ પોશાક ઘણોજ દીપકતો હતો અને એ પોતાનાં હાથમાં એક નાગી તરવાલ ધરી તેને ચો તરફ પોતે હવામાં ઘુમાવતો હતો કે જેથી પેલાં આખાં લશકરને શુર ચહડે કારણ એ જે આ લડાઇ દુર દુરથી તીરો ફેંકીને નહી પણ શમશેરથી કરીને ચલાવવાની તેની મરજી હતી અને આપણી તરફનાં લશકર ઊપર એકદમ ટુટીપડી તેઓને તીર ફેંકવાના હુનરમાં જે શારી માહીતગારી હતી તેમાંથી અટકાવી તરવાલપર તેઓને લાવી મેલવાની તેની પુર મરજી હતી.

ઉપર જણાવ્યા પ્રમાણે આપણા ભારે બોજવાલા બખતરદાર શવારોને એકટેકડીની હેઠાનમાં હરોલમાં રાખવામાં જે આવ્યા હતા ને જેઓપર આપણાં લોકની શઘલી મદારા હતી તે ટેકડીને મથાલે જગા શખત અને તેની ઘલ પાનસો પગથીઆંથી વધુ ન હોવાથી તે પર જલદીથી ચહડી જવાએ તેવુ હતું માટે આપણી તરફવાલા શરદારોની આ ભુલનો જોતાંને વાર એણે તરત પોતે લાભ લેવાનો ઠરાવ કીધો. પોતાના ગ્રેશીઅન તથા ગાલેશીઅન શવારોને આ અરમાની શવારો ઊપર બાજુપરથી મારો ચલાવાનો આ રૂમી શેપેહેશાલારે હવે હોકમ આપ્યો અને એમ ફરમાવીઉં જે તમારે તેઓનાં લાંબા લાંબા ભાલાઓને તમારી તરવાલોથી ફકત બોરદુ ભણી ખીશાડતા રેહેવું. એમાં એણે મોહોટું દાહાપણ વાપડયું હતું કેમકે તેઓનું મુખ્ય જોરજ તેઓનાં ભાલાઓમાં હતું અને એ ભાલા આવી યુકતીથી શગવડથી કામ લાગી ન શકે તથા પેલા શવારો પોત પોતાના ભારી બોજને લીધે જહડપથી ફરી ન શકે તેથી તેઓનું પોણું જોરજ ગોયા આથી ટુટી જવા બરાબર હતું. હવે જયારે આ રૂમી શવારો પોતાનાં શેપેશાલારનો આ હોકમ બજાલાવવા આગલ ધશીઆ ત્યારે લુકલસ ખુદ પોતે બે ટુકડીઓ લઇ પાંઊપીઆદા હરોલમાં ચાલતો પેલી ટેકડી પોતાનાં તાબા હેઠલ કરી લેવા આગલ વધીઓ. તેની આવી હીમતથી તમામ પાએદલ શીપાહીઓને મોટું શુહર ચડયું અને પેલી ટેકડી ઊપર તેઓએ ચહડવા માંડયું. જયારે આ શરદાર તેના સીખડ ઊપર આવી પોહોચીઓ ત્યારે તાંહાંથી તેણે પોતાની રૂમી ફોજ આગલ પોતાનો દેખાવ કરી તથા શારીકાની આપણી બોરદુવાલાં લશકરની શંફ વીશે અવલોકન કરી બુલંદ અવાજે પોકાર મારીઓ જે "ફતેહ આપણીછે માટે શીપાહીઓ મારો દુમબાલો પકડો કેમકે જીહીત આપણનેછે." એજ વેલાએ પોતા શાથની પેલી બે ટુકડીઓ લઇ અરમાનીઓનાં પેલા બખતરવાલા શવારો શનમુખ પોતે આગલ ધશીઓ ને પોતાનાં માણશોને એવો હોકમ કરયો જે આપણાં હમનબરદોનાં પેલાં શવારોની બોરદુમાં જઇ તેઓનાં પગનાં ગુરા તથા જાંગ આગલ

* આ સરદારને સીપીઓ નામનાં પેલા ઘણાં વખણાયલા રૂમી સરદાર સાથે ભુલાવો ખાવો નહી.

બખતર ન હોવાથી તાંહાં તરવાલનો જબરો મારો ચાલુ રાખજો અને ભાલા મુતલગ કામમાં લાવશો નહીં. આવો મામલો જોઇ પેલા અરમાની શવારો પોતાને માથે કોઇ શમજુ શરદાર ન હોવાથી હીમત છોડી દેઇ નાંહસ ભાગમાં પડીઆ અને ઘભરાટમાં ને ઘભરાટમાં મોટી ચોચારીઓ પાડતા પોતાનીજ પાએદલ ફોજની ઉપર ટુટી પડીઆ. આથી ચો તરફ ઘોંઘાટ થઇ ગયો અને લશકર નાહીમત થઇ જેવું નાંહાંશવા જતું હતું કે તેઓને રૂમી શીપાહીઓએ આવી ઘેરી લીધુ અને ચારે ખોરદુએથી તેઓએ તેઓ ઉપર મોટો ભયંકાર મારો ચલાવ્યો. તીગ્રાનેબી થોડા એક શીપાહીઓ શાથે નાહશવા માંડીઉં અને પોતાનાં છોકરાને પોતાની પાછલ જોઇ આંખમાં આંશુ લાવી તેને પોતાનું તાજ બખશીઉં અને કોઇ બાજે રસ્તેથી જલદીથી સટકી જઇ દુશમેનોનાં હાથમાંથી બચી જવા તેની શોડે મોનતજારી કરવા લાગ્યો. આ જુવાન શાહાજાદાએ આવા ભયંકાર વખતમાં તે તાજ પોતાને માથે મેલવા દુરૂસ્ત ધીચારીઉં નહીં માટે તરત તેણે તે પોતાનાં એક અતલગનાં દોશતનાં શવાધીનમાં આપીઉ જે તે પરથી તરતજ પછી કોઇ રૂમી શીપાહીને હાથ પકડાઇ ગયો હતો અને તેને લુકલશ શનમુખ કોઇ પાદશાહી નગારો જાણી જલદીથી ઉભો કરવામાં આવ્યો હતો. આ વેલાએ માંહા ભાએગે મેતરદશાહ તાંહાં હાજર ન હોવાથી આ ફુકરાજીઓર અને એકબાલનાં હશવાથી છકી ગયલા જુવાન શેહેનશાએ આ લડાઇમાં મોટી ભયંકાર શીકશત ખાધાથી કેહેછે જે એનાં નજદીક એક લાખ પાએદલ શીપાહીઓ તથા ઘણુંખરૂં ઘોડેશવાર લશકર મારીઉ ગયું હતું અને રૂમીઓના ફકટ પાંચજ શીપાહીઓ મારીઆ ગયા હતા તથા એકશો જના ઘણાં ઘાહેલ થઇ પડીઆ હતા. બંને ખોરદુવાલાઓ તરફની આ શંખીઆ માલ ડેશાભીમાનને લીધે રૂમી ગરંથકારો દરોગ લખી ગયા છે એમ માનવા કોઈબી શખ્શ બારીકીથી જોતાં એમાં હાલમાં શક નાખી શકશે નહી એમ મને આ શઘલાં એક તરફની દાસતાન ઉપરથી ભાશેછે. પરંતુ અરમાની લશકરે એ લડાઇમાં હાર ખાધી એમાં તો કશો શક નથી અને એથી લુકલશની તેજ બુધી ને દાનાઇ વીશે તેનાં દેશનાં ગ્રંથકારો જે તેની તારીફનાં બાંકાં ગાઇ ગયા છે તેને તે શઘલી પાંતીએ યોગ્ય હતો એમ આપણને તેને ઇનશાફ આપવા ખાટર બોલીઆ વીના ચાલતું નથી. આ પરથી એનાંમાં શરદારીનાં બે મોટા ગુણો એકજ વેલાએ હોવા જોઇએ એમ સ્પષ્ટ ભાશેછે કેમકે દુશમનોના આવાં બોહોલાં લશકરમાં કવાએદ નહી જોવાથી તેનો લાભ તરત લઇ લેવા એ ચુકીઓ નહીં અને તીગ્રાનનો તેથી આવી જહડપને લીધે ઘાન નીકલી ગયો. એથી ઉલટુ દુશમેનોનું બલ જયારે એ ઘણું જબરૂ જોતો હતો ત્યારે એ પોતે તે વેલાએ ઉતાવલ અને જહડપ કરીઆને બદલે લાંબો વખત ગાલી નાખી પોતાના હમનબરદોને કંટાલોઆપી પછી તેઓને લાંબી મુદતે તકમલેથી તાબે કરી લેવામાં એ પોતાનું ડાહાપણ વધારે શમજતો હતો અને એવી ચાલ આગલ એને મેતરદત શાથે ચલાવી હતી કેમકે તે પાદશાહ કંઇ તીગ્રાન જેવો નાદાન નહીં હતો, માટે તેને ઘણો બલવંત જાની હુંલડાઇ કરી તેનાથી શીકસ્ત ખાઇ જાએ તેથાને લાંબે દાહાડે તેને જીતી લેવામાં એણે તેવેલાએ પોતાની બાહાદુરી તથા દુરબીની દેખડાવી હતી. આ બંને ગુણો એકજ શરદારમાં હોએ એવા દાખલા થોડાજ તવારીખ ઉપરથી આપ

ણને મલી આવશે અને જેવો જેવો વખત તે પ્રમાણે અમલ કરવો એવો એનો દાખલો. શરવે શરદારો ને નકલ કરવા લાએક છે એમ ઘણા એક ઇતીહાશ રચના રાઓ તથા આગલા કારઆજમુદે રૂમી શરદારો એક આવાજે એકરાર કરી ગયા છે. આ લડાઇ આગમજ એ શરદાર ઘણો ધીરોછે એમ બધાઓને શક હતો માટે મેતરદતશાહ આ લડાઇની વેલાએ જહડપમાં હાજર થઇ શકીઓ નહીં. તેને જોયુ જે જેમ આગલ મારી શામને બીલ નાંખીઆ કીવી હતી તેમજ એ તીગ્રાન નેબી લાંબા દાહાડા શુધી હંફાવશે માટે તે પોતાનાં જમાંઇ શાથે મલી જવા વાતમાં ધીમે ધીમે પોતાનાં લશકર શાથે ચાલ વા લાગયો. પણ રશતામાં જયારે કેટલા એક અરમાની શવારોને ભયનાં મારેલાં દોડતા જોયા ત્યારે એ પોતે આ બનાવ વોશે મનમાં તરત ચેતી ગયો. એટલામાં ઘણાએક નાંગા તથા ઘાએલ થએલા શવારોએ તેને આવો પોતાની શીકસ્ત વાશેનો ટુલોટવીલ હેવાલ કહી શંભલાવાયો. આથી જહડપમાં એ પોતે તીગ્રાનની શોધમાં આગલ ધસીઓ. તેના આવા પડતા દાહાડા ઊપર શઘલા તેનાં દોસ્ત આશનાઓ તેને છોડી ઘણી ખરાબી હાલતમા નાખી સટકી ગયા હતા તેવી માઠી હાલતમાં આખરે જયારે શોધતા શોધતા એ શેહેનશાહ મેતરદતને હાથ આવ્યો ત્યારે તેને તેની શાથે ચલાવેલી ચાલ તેણે બહુ શોભા આપે તેવીછે અને જે પરથી એ પાદશાહમાં બુલંદ દીલખી હતું એમ શાફ માલુમ પડી આવેછે. તીગ્રાંને આગલ પોતાના શશરાનાં માઠા દીવશો ઊપર જે માઠી ચાલ ચલાવી હતી તે પર જરાબી પોતે લક્ષ ન આપતાં તરતજ પોતે પાંછો પીઆદો થઇ પોતાનો ઘોડો પોતાનાં જમાઇને સવાધીન કીધો અને ગોયા તેની હાર તે પોતાનીજ હાર થઇહોએ એમ માની તેની આગલ રૂદન કરવા લાગયો, શઘલા પોતાનાં રખેવાલો તથા શરદરોને તેને શવાધીન કરીઆ અને પોતાના જમાઇને દીલાશો આપી હીમત નહીં છોડવા ઘણું શમજાવ વા તથા પતાવવા લાગ્યો અને બંને જના પાછુ બીજુ નવુ લશકર ચો તરફથી જમાવ કરવામાં ફરીને પોતે મશગુલ થયા.

તીગ્રાનનાં લશકરની આવી માઠી અવસ્થા થઇ ગઇ તે વોશેની ખબર જેવી તેના પાએતખત શેહેર તીગ્રાનોસરતમાં ચોમેર ફેલાઇ કે તાંહાંના ગ્રીક રેહેવાશીઓએ તરતજ હુલડ કરીઊં અને લુકલશ ના હાથમાં તે શેહેર શવાધીન આપવાનો ઠેડાવ કીધો. આથી અરમાનીઓ તથા તેઓ વચે આમન શામન લડાઇ ચાલી અને ગ્રીકોએ શેહેરના દરવાજા ખુલ્લા મેલી દુશમેનોને અંદર લીધા. રૂમી ફોજ એથી આ શેહેરમાં ઇ૦પુ૦ ૬૯માં દાખલ થઈ અને લુકલશે ૮૦૦૦) રૂપેરી તાલન્ત યાને આશરે એક કરોડ તેવીશ લાખ રૂપીઆ ની નગદી તથા શઘલો પાદશાહી ખજાનો અને બીજુ ઘણુંએક ધન શપર પેહેલાં પોતાને શવાધીન કરી લઇ આખાં શેહેરમાં પોતે પોતાની ફોજને લુટ ચલાવાનો પછી હોકમ આપ્યો. આ લુટ શીવાએ દરેક શીપાહીઓને એ શરદારે પોતાં તરફથી આઠસો દરાકમ યાને આશરે બશો રૂપીઆ ભેટ આપ્યા પરંતુ પેલા રૂમી શીપાહીઓ તોબી બડબડવા લાગ્યા અને એ શેહેર કાપાદોશીઆ, સીલીશીઆ વગેરે બીજા દેશે દેશનાં લોકોથી આગલ જે વશાવવામાં આવીઊ હતું તેવા પર લોકોને પોત પોતાને દેશ પાછા નીકલી જવા લુકલસે તેઓને પોતે છુટાપણું વટીક બખશીઊ. આથી તેઓ ઘણાંજ ખુશીમાં આવી

ગયા હતા અને ટોળાં ને ટોળાં થઇ તે શઘલાંઓ એટલાનો જહડપમાં એ શેહેર છોડી ગયા કે થોડાજ દાહાડામાં એ શેહેર શુમ શામ થઇ પડીઉં હતું અને તેની શઘળી આગલી જાહોજલાલી ઘડીક ની વચે ગોયા ધુર મલી ગઇ હતી. દાયોન—કાસીઅસ નામનો એક ભરોશા ભરેલો અને અપક્ષપાત રૂમી ગ્રંથકાર એમ લખી ગયોછે જે લુકશે પોતાની આ ફતેહ બાદ તીગ્રાનનો દુમબાલો પકડી તેને આ નવુ લશકર જમાવ કરવાની કશી મેહેતલ નહી આપી હતે તો એ પાદશાહ આરમીનીઆનો પોતાની આ બાપીકી ભુમીમાંથી નાંહાશી ગયો હતે, અને આ લડાઇનો શદંતર તેથી છેડો આવી જતે. આપ્રમાણે અમલ ન કરીઆથી એના રૂમી લશકરમાં તથા રોમ શેહેરમાંબી એના હેતુ વીશે હવેથી જરાક શક ઉતપન થયો કે એમ કરી લડાઇ લાંબા દીવશ શુધી લંબાવી પોતાનાં હાથમાં શરદારી કાએમ રાખવાનાં એ આવાં આવાં ફાંફાં મારેછે; અને એમ જાહેરાતમાં એનાં ઉપર હવે લોકો દોષબી મેલવા લાગ્યા. આથી ઘણા ખરા રૂમી લોકોનું દીલ એનાં ઉપરથી ઊતરી ગયું અને તેઓને એને બદલે કોઈ બીજો શરદાર નેમવાની ફરજ પડી ને જે વીશે આગલ જતાં વીગતે બોલવામાં આવશે.

આરમીનીઆનાં શેહેનશાહ ઊપર કરેલી એની આ ફતેહથી હવે ઘણીએક નવી પરજાઓએ રૂમનાં લશકરને મુબારકબાદી આપવા તથા તેઓની બાંહેધરી કબુલ કરવા એની શનમુખ પોતાના એલચીઓ મોકલાવ્યા. પારથીઆના પાદશાહ તરફથીબી એક એલચી એ વેલાએ રૂમીઓ શાથે શુલેહનુ નાતુ તથા દોસ્તી ચાલુ રાખવાનો પેગામ લઇ એની છાવણીમાં આવી પોહોચીઓ. આ પેગામ બાહાલ રાખવા લુકલસે પેલા એલચીને બાઇજત સાથે પોતાની છાવણીમાં બોલાવીને તેની ભેટ ઘણાં માન અકરામથી પોતે લીધી હતી અને પોતાનાં એલચીઓનેબી એ વીશે કઇક બંદોબસ્ત કરવા પારથીઆની દરબાર ખાતેબી મોકલી આપીઆ. જયારે આએલચીઓ પારથીઆની દરબાર ખાતે જઇ પોહોચીઆ ત્યારે તેઓને માલુમ પડીઊ જે તાંહાંનાં પાદશાહનું મન હજુર ઘચુપચુછે અને રૂમીઓની કે તીગ્રાનની બોરકુ લેવી તે વીશે તેણે કશો પકો થેડાવ પોતાને મનશે હજુર કરેલોજ નથી તથા તીગ્રાનની શાહેતાહે જો પોતે જાએતો પોતાની મદદનાં બદલામાં આપ્યું મીસાપોતેમીઆ તેની શાહેથી હજમ કરવાના છુપા બંદોબસ્ત કરવામાં તે ગુહાએલો હતો. આ વાતની ખબર લુકલશને પડતાં તેણે મેતરદત તથા તીગ્રાનને પડતા મેલ્યા અને હવેથી પારથીઆના પાદશાહ ઉપર શવારી કરી તેણે બીહરાવવા પોતાનાં મનશે બીઆલ કીધો. આથી એને જોયું જે આ ત્રણકે એશીઆના બલવંત પાદશાહોને એકજ વેલાએ હરાવીઆથી મારી કીરતીમાં મોહોટો વધારો થાશે પણ તે વીચાર તેનો શપના જેવો હતો કેમકે અહીઆં એ સુતલગ ફાવી શકતે નહી કારણ એજે એ તુરાંની જરથોશ્તીઓનુ ખમીર ઘણું શુરૂ તથા જુદીજ કીશમનુ હતુ અને તે તરફ જો એને એ વેલાએ હાથ મેલવીઓ હતે તો એની આગલી મેલવેલી શઘલી કીરતી કદાચ ધુલ મલી જતે. પરંતુ શારાં ભાયગે એનાં આ શપનાઇ વીચાર શામણે એની ફોજજ બડબડવા લાગી જેથી એને આ કામ પડતુ મેલવા તથા તીગ્રાનનીજ પછવાડે હજુર લડાઇ ચાલુ રાખવાનો આ ખરે થેડાવ કરવો પડીઓ. આ ઢોલની વેલાએ પેલી બોરકુ ભણી મેતરદત તથા

તીગ્રાન, બીજું નવું લશકર ઉભું કરવા બહુ મેહેનતમાં પડેલા હતા. પડોશના લોકોની મદદ મેલવવા પોતરફ એલચીઓ તેઓએ શીતાબીથી રવાનાં કીધા તથા પારથીઅનો શોડેથીબી મદદ માંગી અને ઈ૦ પુ૦ ૬૮ માં એક મોહોટો રૂકો એ પાદશાહે પોતાના હાથ દશ્ખતથી ફરાતીસ ઊપર લખી કાહાડી, પેલા એલચીઓને તરત પારથીઆ ભણી મોકલી આપયા. એ કાગજ શારાં ભાગ્યે સાલસ્ત નામનાં એક રૂમી ગ્રંથકારના જે જુઝો અદ્યાપી બચી શકીઆછે તેઓમાં હજુરવેર આપણાં વાંચવામાં આવેછે, માટે તેનો થોડાક શારાંઉશ એ દશ્તાવેજ ઘણો અગતનો માની નીચે ટાંકવા મેં દુરશ્ત વીચારીઓછે:—

પારથીઆના પાદશાહ આરસસીસ (ફરાતીસ) ઊપર મેતરદત શાહે લખેલો કાગજ.

“ એકશંપ થઇ હમારી શાથે આ લડાઇમાં શામેલ થવા જે પાદશાહો હાલ ઘણા આબાદ હાલતમાંછે, તેઓને જે બોલાવવામાં આવ્યાછે તેઓએ શપર પેહેલાં તો વીચાર કરવો જોઇએ જે શુલેહ તેઓની મરજી ઉપર આધાર રાખી શકેછે કે નહી અને બીજુ એજે તેઓ શાડે જે માંગણી કરવામાં આવીછે તે ઇનશાફની રાહે વાજબીછે કે નહી અને તેથી તેઓનો ખુદ પોતાનોજ લાભ, શલામતી તથા કીરતી, બરોબર રીતે જાલવી શકાએછે કે નહી. અગરજો આપણો દુશમન હંમેશ લડાઇ કરવાના છીદ્રાં શોધતો નહી બેઠો હોએ અને કોઇ પણ ગુનાહ કરવાથી આચકો ખાતો ન હોએ તો તમો શદા શુલેહ શંપજમાંજ તમારા દહાડા ગુજારો તેવું છે, માટે રૂમીઓને જેર કરીઆથી તમો તમારી કીરતીમાં મોટો ઉમેરો કર્યા વીના રેહેશો નહી. મારા જેવા એક હીન નશીબના પાદશાહ શાથે મારા પડતા દીવશોમાં તમારા જેવો બલવંત પાદશાહ એકશંપ થાએ અથવા નહી તો તીગ્રાન શાથબી મલી જાએ, તેમ જો હું તમારી જોડે માંગની કરૂ તો તે મારા બોલવામાં કાંઈ ઘડો નથી એમ વખતે માલુંમ પડે, તોબી હું આટલુતો હીમતથી જણાંઉછું જે તીગ્રાને તમારી શાથ ચલાવેલી આગલી લડાઇ અને તમારી શાથ શરખાવતાં મારી નબલી હાલત વીશે જો તમો શાહેબ બરોબર રીતે અમોને ઇનશાફ આપોતો આ હમારા બને હેતુઓથી અમારી કરેલી આ માગનીને તેથી વધારે મજબુતી મલી શકે તેવુંછે. તીગ્રાન પોતે શારીકાની શમજેછે જે તેણે તમોને તેની શામણે ફરીઆદ ઉઠાવવાનું વાજબી કારણ આપીઉછે, માટે તમો જેબી બંદોબસ્ત તેની શાથ કરવા માંગો તે બાહાલ રાખવા તે પોતે હાલ તૈઆરછે અને હું મારે શારૂં તો આટલુ તમોને કહી શકુછું જે નશીબાએ મને દગો દઇ જેબી મારી શાડે હતુ તે શઘલું છીનવી લીધુછે, તેથી બીજાઓને શારી શલાહ આપવા હાલમાં હું શામરથવાન થએઓછુ; અને જે શલાહ શાંભલવા જેઓ પોતાનાં ઘણાં ચહડતા વખતમાં હોએ તેઓને બહુજ યોગ્યછે. તે શાથે મારા ઉપર પડીઆથી હું તમોને ઘડા વટીક આપી શકશે અને જે ઉપાયો મેં લીધા તે કરતાં વધારે મજબુત ઉપાયો અમલમાં આણવા હું તમોને દેખડાવી પણ શકસ. ખબરદાર તમો કાંઈ ઠગાશોનાં કે એ રૂમીઓ ફકત હમારી શાથેજ લડાઇ શોધેછે. અશલથીજ એ લોકો પોતાની ફતેહો ચોતરફ વધારીઆ જવા, અતીઅંત લોભી તથ માલ ખજાનો શંપાદન કરવા

બેહદ ભુખા હોવાથી; આવા આવા બે શખશોને લીધે દુનીઆની શઘલી વરણો, પાદશાહતો અને રાજ્યો શાથ ગોયા લડાઈજ લેઇ બેઠા છે." * એ પછી મેતરદતશાહ, રૂમીઓએ એકપછી એક જીહતી લીધેલા પાદશાહોનાં નામો વીશતારેછે જે વીશે આગમજ આપણે બીઆન આપી ચુકા છેએ માટે તે ભાગ ફરીથી અત્રે ઉતારવા હું દુરૂશ્ત વીચારતો નથી. એ પાદશાહોને વારંવાર એ લોકોએ તેઓ વચે

---

* સાસાની શેહેનશાહોનાં દોરમાં પાછલથી આ રૂમીઓ જયારે ઈસાઈ ધરમમાં વટલી ચુકા હતા ત્યારે નાંણાં સંબંધી એવોનાં લોભ તથા તેથી વેહેતી લોહીની નદીઓ વીશે મેતરદત્ત શાહના ઉપલા વીચારોને અનૂસરતા તાંનાંના શબ્દો ખોશરૂ પરવીઝનાં એક નામીચા એલચી ખુરાદબુરજીને તે વેલાના કેસર (સીઝર)ને આ હેઠલ મુંજબ છુંટથી કહી સંભલાવ્યા હતા. ફીરદોશી મજકુર ખુરાદબુરજીન શોડે ધરમ શંબંધી તકરારની એક મીજલસમાં આપ્રમાણે શેહેનશાહ મારીસ સનમુખ બોલાવેછે.

"ન બીની કે ઈસાએ મરીઅમ ચેગોફત,   બદુગાહ કે બકુશાદ રાઝે નેહુફત
કે પીરાહનત ગર સેતાનદ કસી,   મપાવીઝ બાઉ બતુન્દી બસી.
વગર બર ઝનદ કફ બરૂખસારે તું,   શવદ તીરે અઝ ઝખ્મ દીદારે તું.
મઝાવર તુ ખશ્મો મકુન રૂહે ઝર્દ,   બબાબાન તુ ચશ્મો મગુ હીચ સર્દ.
બકમતર ખુરશ બસ કુન અઝ ખુરદની,   મજુ અર નબાશદત ગુસ્તરદની.
અઝીન સર બદીરા બબદ મશમરીદ,   બીઆઝાર અઝીન તીરગી બુગઝરીદ.

શુમારા હવા બર બેરદ શાહ ગશ્ત,   દીલ અઝ આઝ બીસીઆર બીરાહ ગશ્ત.
કે અએવાનહા તાન બકેવાન રસીદ,   શુતર મીકશદ ગન્જ તાનરા કીલીદ.
અબા ગન્જહા નીઝ ચન્દીન સીપાહ,   ઝેરેહાએ યાદી વ રૂમી કુલાહ.
બ હરજાએ બીદાદ લશકર કશીદ,   અઝ આસુદગી વીગહા બર કશીદ.
હમે ચશ્મ ગરદદ બીઆબાન જે ખુન   મસીહા નબુદ અનદરીન રેહેનમુન."

યાને "તમો નહીં જોતા કે મરીઅમના બેટા હજરત ઈસાએ પોતાનો મજહબ જાહેર કરતી વેલાએ તમોને શું શું કેહેલું છે કે, અગરજો કોઈ તમારો પોશાક લઇ લીએતો તમારે તેની શાથે ઘણી મારામારી કરવી નહી. વલી કોઇ તમારા ગાલ ઉપર તમાચો મારે ને જેના જખમથી તમારૂ દીદાર સુજી આવે તોબી તમારે તમારા આ મારનાર ને ગોસ્સે થઈને કંઇબી માઠા શબ્દો ઓચરવા નહી. થોડું ખાજો અને તમારી શોડે ઓઢવા, પાંથરવાનું કઈ નહી હોય તો તેવીનાંબી ચલાવી લેજો. બદીનો બદલો બદીથી આપવાનો વીચાર ના કરસો અને આ દેહ ત્યાગ કરો તેજી આગમજ કોઇનેબી ઇજા ના પોહોચાડસો." અવે જુઓ કે આ ફરમાનથી હાલમાં તમારા લોકો કેવા ઉલટા ચાલે છે. "તમારાંમાં લોભ હવે અતીઅંત વધી ગયોછે અને તેનાં ભમાવ્યાથી તમો ગોયા તમારી અક્કલ ખોઈ બેઠા છેઓ. તમારા મેહેલો ઠેઠ સનીશચર શુધી બુલંદીએ પોંહોચીઆછે ને તમારા ખજાંનાંઓની કુંચી ઉંટો ઉપર લાદીઆમા આવેછે, તે શાથે રૂમી કુલાહ અને ઉંન્ચાં ઉંન્ચાં બખતરોથી આરાસ્તા થએલું લાહુ લશકરબી તમારી શોડે હાલમાં બીશીઆરછે, તોબી તમો બેદાદ રીતે હર કોઈના મુલક ઉપર સવારી કરી આસુદગી તથા સુલેહશંપજ જાલવવાને બદલે તમારી ફોજની તરવાલોથી બીઆબાનનાં બીઆબાનો લોહીની નદીઓથી ભરપુર કરો નાખોછેઓ અને જો કે તમોને એમ કરવાને હજરત ઈસા તો કંઇ આવી રેહેનુમાઈ કરી જતોજ નથી!"

અદાવત પાડી પછી વારાફરતી જીહતી લીધેલાછે એમ બોલીઆ બાદ એ નામવર પાદશાહ પોતાની આગલી રૂમીઓ ઉપરની ફતેહ તથા પાછલથી થએલી હાર વીશે વીગતે હેવાલ આપેછે અને આગલ ચાલતાં પછી વલી બોલેછેજે "માટે હું તમોને ઘણી નમનતાઇથી અરજ કરૂંછું જે અવે વીચાર કરો કે જયારે અમો આખર વખતે પાએમાલ થઇ જઇશું ત્યારે તમો એઅપલા એ રૂમી શીપાહો શામણે થઇ શકશો તથા તેઓને અટકાવી શકશો? યાતો તમો શું એમ માની શકશો કે એ લોકો ફકત મારોજ દેશ ફતેહ કરવા ચાહેછે અને ત્યાર બાદ આગલ એઓ વધી શકશેજ નહી? હું શારીકાની જાણુંછું જે તમો ઘણા બલવંત છેઓ; તમારી શોડ લશકર, હથીઆર અને માલ ખજાનો બીશીઆરછે અને તેજ કારણને લીધે અમો તમો શાથે એકશંપ થઇ મજબુત થવાનો ઇરાદો રાખીએ છેએ; નહી તો કે પછી એમ નહી બને જે એ લોકો તમનેબી લુટી વધારે તવંગર થઇ જાએ. ટુકામાં, વીગ્રાનનો ઇરાદો એવોછે કે એ લોકોને પોતાના દેશમાં દાખલ થઇ લડાઇ કરવાથી અટકાવવા અને મારા શીપાહો જે શારી કવાએદ લીધેલાછે તેઓને શાથે લઈ હું રૂમીઓના ખુદ પોતાનાં દેશ ઉપર હલ્લો કરવાનો ઇરાદો રાખુછુ કે તેથી એ લોકો આપણી તરફ ચતરાતા અટકે, માટે વીચાર કરો કે અમોને એ લોકો જીતે યાતો અમો એ લોકોને જીતીએ પરંતુ તમો તો ભયમાં આવી પડીઆ વીના રેહેવાના નથી. તમો શું જાણતા નથી કે આડમણ ભણી દરીઓ આવીઆથી રૂમી લોકો જતા અટકીઆછે માટે તેઓ આપણી તરફ હવે વધીઆ જાએછે, એઓની બુનીઆદ તથા ઉતપતી વીશે જો તમો ધીઆન આપશો તો તમોને માલુમ પડશે જે ઘેરબાર, બઇરાં, જમીન તથા રાજપાતો જેબી એઓને મલેલાંછે તે શઘલાં જબરદસ્તીથી એ લોકોએ બીજાઓ શોડેથી છીણવી લીધેલાંછે. બાપદાદા તથા દેશ પરદેશ વીનાનાં દરેક નાતનાં લુચ્ચા ફીશાદખોરાઓથી એ નીચમા નીચ ટોલાંની ઉતપંતી થએલીછે ને જે માનવી જાતના હીન નશીબને લીધે આજ કાલ પાદશાહી મીરાશ લઇ બેઠેલાછે. પોતાના દોશ્ત આશનાઓ તથા મદદગારો, પડોશીઓ યાતો દુરની જબરી યાતો નબલી પ્રજાઓને ઠગવા અથવા પાએમાલ કરવા બોદાનાં કે મનુશ જાતનાં કોઇબી ધારાઓની એ લોકો કસી પરવાહ રાખતા નથી, જેઓ તેઓના ગોલામો નહી થાએ અને અકશર કરી જેઓ કે પાદશાહી એલકાબ ધરાવતા હોએ તે શઘલાઓને તેઓ પોતાના શત્રુ તરીકે શમજેછે કારણ એજે થોડાંજ ટોલાઓ શવતંત્ર અને આપઅખતીઆર રાજ પશંદ કરેછે. ઘણાંખરાં તો આદેલ અને સાચા ઘણીઓના તાબા હેઠલ રેહેવા વધારે દુરશત વીચારેછે. રાજપાતમાં તેઓનાં હમશરીક હોવાથી તેઓનો હમારા ઉપર ઘણો કરદો દોરોછે કારણ એ જે તેઓ શારીકાની જાણેછે જે તેઓનાં જોર જુલમનો હમો કોઇ દીનબા આખરે તેઓ ઉપર બદલો લેવા ચુકનાર નથી. પણ તમોનો સીલુસીઆ જેવાં મશ મોટાં શેહેરનાં તથા ઇરાંન જેવા બેહદ ફલવંત અને જબરાં રાજનાં ઘણી હોવાથી હાલમાં એ લોકોથી ઠગાઈ તથા પાછલથી લડાઇ શીવાએ બ.જુ શું જોવાની ઉમેદ રાખોછો? શઘલી વરણો શાથે અને અકશર કરી જાંહાંથી એ લોકોને બેહદ ખજાનો લુટમાં મલે તે તમામ રાજો શાથે એ રૂમીઓ લડાઇ લઇજ બેઠેલાછે. દગા ફટકા કરી, હીમત અને શાહશીકપણાંથી

નવી નવી લડાઇઓ ઉભી કરતા રહી એ લોકો માહાબલવંત થઇ પડયાછે અને એ પ્રમાણે ઉપાયો ચાલુ રાખી શઘલા રાજપાતો આખરે એ લોકો યાતો તારાજ કરી નાખશે યાતો પોતે પાએમાલ થઇ જશે. એક બાજુએ તમો મીસાપોતેમીઆ તરફથી અને બીજી બાગદુએ અમો આરમીનીઆ તરફથી એ લોકોને ઘેરીલઇ ઓરાફી પોશાકી તથા લશકરની મદદ એઓમાં અટકાવીશું તો એ લોકોને પાએમાલ કરી નાખવામાં ઘણુ વીકત પડશે નહી. એઓ અત્યાર શુધી આપણી માંહોમાંહેની અદેખાઇ અને દવેશભાવને લીધે ફાવી ગયાછે અને આપણા લોકો પોતાની મુરખાઇને લીધે તે જોઇ શકતા નથી તથા આ શાધારન દુશમેન શામને એકઠા થઇ તેને તારાજ કરી નાખવાની ખુબી હજુ-રવેર પીછાનતા નથી માટે હમારા જેવા બે મોટા પાદશાહોને મદદ થઇ આખી દુનીઆના આ પીંડારાઓને જીતી લેશો તો તમારી કીરતી અંદ્રા કાલ શુધી તમામ જાહાનમાં મશહુર રેહી જશે. આવા આવા સબબોને લીધે હું દીલોજાનથી તમોને આ મારી ભલામણ ઉપર અમલ કરવા વીશેની મીનતજારી કરૂછુ અને તમોને ચેતાંઉછુ જે અમારી શાથ એકશંપ થઇ જઇ આપણા આ શાધારન દુશમેન શામને હમોને શાહે થઇ એ રૂમીઓને અતીઆરથીજ જીતી લીધા હોએ તો શારૂ; નહી તો કે હમારા પડી ભાગવાથી એ લોકોની શેહેનશાહત વધારે આગલ લંબાશે માટે હમારી બેરદુ થઇ આ લડાઇમાં ભાગ લેવાની મારી આ રીત પશંદ કરવા હું તમોને મજબુત ભલામણ કરૂ છુ."

માહાંભાએ મેતરદતનીઆ વાજબી ભલામણ તથા માગણી ઉપર ફરાતીસે કુંઇ દુરઅંદેશી કરીઓજ નહી અને આ કાગજ ઉપર કશું લક્ષ આપયું નહી. જો પારથીઆવાલાઓબી એ લડાઇમાં શામેલ થયા હતે તો રૂમીઓનો જોર ટુંકાથી એશીઆના ભુમીમાં જે આગલ ચાલતાં ઘણીએક ખુનખાર લડાઇઓમાં લખો માણશોનાં જીવની ઘાત થઇછે તેમાં આયંદે મોટો અટકાવ બેશક થયા વીના રેહેતે નહી, અને દુનીઆની પાદશાહી લેઇ બેશવાનાં એઓનાં વધતા જતા લોભ તથા ફાંફાંનો જો શારો અટકાવ થતે તો જેમ મેતરદતશાહ અગમચેતી કરી ગયોછે તેમ મણુશ જાતનાં કલીઆણ કરનારાઓ તરીકે તવારીખનાં દફતરોમાં એ પારથીઅનોની શાહેતા વીશે તારીફના બાંકા આજ ફુકાતેતો તેમાં આપણે જરાબી આશચરીય પામતે નહી. જયારે પારથીઆ તરફથી કશો જવાબમલીઓજ નહી ત્યારે આ બંને પાદશાહોને નાચારીએ પોતાનાંજ લશકર ઉપર આધાર રાખી લડાઇમાં ગુઠાવાની આછન ફરજ થઇ પડી.

મોટુ લશકર જમાવ કરવા માટે તીગ્રાને સામનાં મુલકનાં પોતાનાં હાકેમ મગાદત (મેઆદેતીસ)ને બી પોતાનાં તમામ લસકર શહીત પોતાને આવી મલવાનો હોકમ મોકલીઓ. એ શુંબાએ એની બાંહેધરી હેઠલ એ મુલકમાં ચઉદ વરશવેર હાકમી ભોગવી હતી. આથી શામનાં મુલકમાં કછ લશકર રહ્યું નહી જેથી સીલુકશનાં ખાનદાનનાં એનતીઓકસ યુસીબસનાં છોકરા એનતીઓકશ-એશીઆટીકશ નામના એક મુખ્ય હકદાર વારશે એ મુલકનો થોડોક ભાગ પોતાનાં તાબા હેઠલ કરી લઇ તાંહાં શુલેહશંપજથી ચાર વરશવેર રાજપાત ભોગવીઉ હતુ. આવી આવી યુકતીઓથી આખરે ઇ૦ પુ૦ ૬૯ માં મેતરદત અને તીગ્રાનનુ લશકર જલદીથી જમાવ થઇ તૈઆર થયુ. એ લશકરમાં

શીનેર હજાર માણશ હતુ જેઓને મેતરદતે શઘલી રૂમી કવાએદ શારીકાની પોતે શીકવી હતી; અને ભર હુનાલામાં એ લશકરે હવે લડાઇ શારૂ પોતાની શફ શમારી. આ બંને પાદશાહોએ પોતાની છાવણી ઘણી શલામતી ભરેલી જગા ઉપર કરી અને તેપર રૂમી ફોજ હલ્લો નહી કરે તે માટે તેને બહુ મજબુત કરી રાખી હતી. આગલી માહીતગારો ઉપરથી રૂબરૂ થઇ આમનશામન લડાઇ કરવામાં દુરૂશત નહી વીચારી મેતરદતે હવે રૂમી ફોજને વારંવાર શતાવાનો ડેઉાવ કીધો, તેઓનો શામાન શરંજામ તથા ખોરાકી પોતે અટકાવવા લાગ્યો તથા તેઓના શવારોને કુચ કરતી વેલાએ હેરાન હેરાન કરવા માડયા. એમ કરવામાં તેને પોતાની શરદારોનાં શારા ગુણો દેખડાવી આપયા હતા કેમકે એવી યુકતીથી આખરે રૂમીઓને લાંબે દાહાડે ખોરાકી વીના કંટાલી એ દેશ છોડી જયા વીનાં ચાલતેજ નહી. હુકલશે ઘણીએક યુકતીઓ કરી પણ મેતરદતે તેની શઘલી કુનેહો ચેતતો રહી ખુલાં મેદાનમાં રૂમી લશકર શાથે રૂબરૂ લડાઇ કરવામાં પોતાની શલામતી જોઈ નહી અને આશતે આશતે મજકુર ઉપાયો અમલમાં લાવવાના પોતાના ડેઉાવનેજ તે મજબુતીથી વલગી રહ્યો. પેલા રૂમી શરદારે જયારે આપણા પાદશાહને ઘણો પોહોચેલો અને શીહારો દીઠો ત્યારે કંટાલી આખરે તેને એક નવી યુકતી શોધી કાહાડી; અને પોતાની આ મેદાન માહેલી છાવણી ઉઠાવી લઇ આરમીનીઆના પાય તખ્ત શેહેર આરતક્ષતા ભણી પોતે ચાલતો થયો કેમકે તે વેલાએ તીગ્રાનનો શઘલો માલ ખજાનો તથા બઇરી છોકરાંઓ શઉ તાંહાં રેહેતાં હતાં. શઘલુ રૂમી લશકર આ પ્રમાણે ચાલતુ થયું તે જોયાથી પેહેલાં તો આપણી તરફવાલા શરદારો એમાં શો ભેદછે તે વીશે વીચારમાં પડીઆ પણ પછી તો તેઓ શમજી ગયા જે એ લોકો આરતક્ષતા શેહેર તરફ ઉપડી જાએછે, માટે રશતામા તેઓને તાંહાં જતા અટકાવવા તીગ્રાનને તેઓનો દુમબાલોપકડવા ફરજ પડી અને જહદપમાં ચાર મોહોટી અને લાંબી કુચ કરી, બીજે રશતેથી પોતાનાં લશકરને તે રૂમી લશકરની આગમજ કાહાડી ગયો. આથી આ બંને લશકરો વચે રૂબરૂ લડાઇ કરાવવાની લુંકલશની ટાંકેલી નેમ આખરે પાર પડી કેમકે આરતક્ષતા તરફ જતાં આરસાંમીની અથવા અરશાનીઆ નામની જે મોહોટી નદી વેહેછે તે નદી રૂમી ફોજ જયારે. ઓરંગાવી ગઇ ત્યારે તેની પાછલ રૂમી લશકરને હવે વધુ આગલ નહી વધવા દેવા આપણા શરદારોને પોતાની ફોજની શંફ શમારવા ફરજ પડી. એ વેલાએ ત્રણ પાદશાહોએ આપણી ખોરદુવાલા લશકરની શરદારી પોતપોતામા વેંહેંચી લીધી હતી. અહીઆં એક મોટી ખુનખાર લડાઇ આ બંધે હમનબરદો વચે થઇ જેમાં માઠાં ભાયગે તીગ્રાનનાં લશકરે શીકશ્ત ખાધી ને જે વિશેનો શઘલો દોષ રૂમીઓ પોતાના દવેશવભાવને લીધે મેતરદત ઉપર મેલી જવા કશો આચકો ખાતા નથી અને બોલેછે જે ત્રણે પાંદશાહોમાં એ પાદશાહે અલ્લે શારો દેખાવ કરોઓ નહતો કેમકે રૂમી લીજીઅનને રૂબરૂ જોવા એ પોતે એટલોતો અસ્કત હતો કે તેઓએ એનાં ઉપર જેવો મારો ચલાવવા માંડયો કે તેવો એજ પેહેલાં નાહાશભાગમાં પડયો. આથી પેલું લશકર ઘણું ઘભરાતમાં આવી ગયું તથા પોતાની હીમત છોડી બેઠું અને તેઓની આ શીકશ્તનુ મુખ્ય કારણખી એજ હતુ. એમાં રૂમીઓ પોતાના હમનબરદને બરોબર ઇનશાફ આપતા નથ

કેમકે મેતરદત પોતે શપર પેહેલો નાહાશીએ તેની અતીઆર શુધીની વરટણુક તરફ જોતાં આપણું માનવામાં આવી શકતુ નથી. એમાં એને હીચકારો બનાવવા કેટલાએક રૂમી ગ્રંથકારોએ જે પ્રયત્ન કરીઓછે તે શારૂ વાજબીની રાહે સીઝરો બોલે છે જે, જે રૂમીઓ મેતરદત શાહાને હીચકારો કરી કેહેવા માંગેછે તેઓ બરોબર જોશીતો પોતેજ હીચકારા છે. એક દુશમન ગ્રંથકારનો આ એકરાર એની કીરતીને મોહોટી જેબ આપે તેવોછે. એમ કદાચ બની શકે કે એનાં લશકરના કોઇક બીજા શરદારો પોતાની ટુકડી ઉપર બરોબર હોકમ ચલાવવામાં પોતે નીરબલ હોવાથી રૂમીઓથી બીહીને નાહાશભાગમાં પડીઆ હોએ જેથી લશકરે પોતાની હીમત ઘભરાતમાં ને ઘભરાતમાં આખરે છોડી દીધી હોએ તો તે વાત માની શકાય તેવી છે. એ પછી આ લડાઇનો જલદીથી છેડો આનવા લુકલશે આરતક્ષતા ભણી કુચ કરી જવાનો ડેડાવ કીધો પણ તે શેહેર જતાં હજુર ઘણાં દીવશનો રશતો હતો તથા શીઆલો લગભગ માંથે આવી પોહોતો હતો તેથી ઉતર તરફ બીશીઆર કરાં તથા યખનાં તોફાંનોથી આ ફોજને ઘણી વીપતી ભોગવવી પડે, માટે એવાં ઠંડાં દેશમાં જવા, તે લોકો અત્યાર શુધીના પોતાની શખતી અને કુચથી જે થાકી ગયા હતા તેથી તેઓએ આગલ વધવા ના પાડીઉ. આથી લુકશને તેઓને પાછા ગરમ દેશ ભણી હટારવાની ફરજ થઇ પડી માટે જે રસ્તેથી આવ્યો હતો તેજ રસ્તે પાછો હટી તારશનો પાહાડ ફરીને ઓરંગી મીસાપોતેમીઆ તરફ તે પાછો ફરીઓ અને તાંહાંનુ નીશબીશનુ મજબુત શેહેર તાબે કરી પોતાના લશકરની છાવણી શીઆલામાં તે શેહેરમા નાખી પડીઓ. અહીઆં એનાં લશકરે હવે એની શામણે જાહેગતમાં બલવો ઉઠાવવાનાં ચીન્હો શપર પેહેલીવાર દેખડાવા માંડયાં. એ શરદારની કડવી નજર તથા એનાં શાલા કલોડીઅશની બદ ચાલને લીધે રૂમી શીપાહો હવે તેઓથી નારાજી થયાથી આ બલવો ઉઠીઓ હતો. શીસરો કેહેછે જે આ કલોદીઅશ શાતે ગાંથ પુરો હતો અને શઘલી તરેહની બદીથી પોતે ભરપુર હતો. તે એટલોતો વીભીચારી હતો કે પોતાની બેહેન જે લુકલશની બઇરી થતી હવી તેણીની શાથેબી તે મોહબતમાં લપટાએલો હતો. અને બને બોરદુવાલાઓ વચે લાકડાં શલગાવી આપવામાં બેહદ લુચાઇ ભરેલી કુનેહ વાપરતો તથા આંખમાં જરા પણ શરમ ધરાવતો ન હતો. ટુકમાં હુશીઆરીથી હરેક ચીજને ખરાબ કરવામાં તેનામાં હરેમનના શઘલા ખવાશો હતા જે તેને પોતે કઇ કીશમનો માણશછે તે હવે રૂમીઓને શાફ દેખડાવી આપીઉ હતુ. લુકલશથી પોતે જરા નારાજી થયાથી પોતાનાં આ બંનેવી વીશે તરેહવાર જુઠી વાતો તેને હવે બાટેનમાં ફેલાવવા માંડી જેથી તેનાં લશકરનો પીઆર તેનાં ઉપરથી ઉતરી ગયો હતો. શીપાહીઓની શાક વીશે જાણે તેને ઘણું લાગતુ હોએ અને તેઓનો ગોયા તે મોહોટો બેરખાહ હોએ તેમ પોતે ઢોંગ મચાવવા લાગ્યો અને તેઓને હંમેશ એમ શમજાવવા લાગ્યો જે તમો ઘણાં હીન નશીબના છેઓ કે તમારે માથે આવો કરડો અને લોભી શરદાર છે, જે તમોને તમારી મેહેનતનાં બદલામાં ઇનામ અકરામ આપીઆ વીના લાંબા દીવશો વેર તમને દુરદુર દેશોમાં પોતાની મતલબશર રહજડાવીઆ કરેછે. તમારી શાથે જુઓ પોમપીના શીપાહીઓને શરખાવો કે જેઓએ તમારી બરોબર જરાય કશતી ખમી નથી તથા કશી પણ મોહોટી ફતેહો

મેલવી નથી તોબી તેઓ કેવા તાજા થઇ ગયાછે. જાતે મોઠા તથા ખોટા દેખાવ એવીતો રીતે પોતે ધારણ કરતો કે તેનાં દીલની વાત કોઇપણ શખ્શ પામી શકે નહી માટે તેના આવાં ચાપલુસીખોરા શબ્દોથી લલચાઇ પેલા શીપાહો લુકલશથી એટલાતો ફરાહુન થઇ બેઠા કે તેઓ તેને પછી મુતલગ ગાંઠવા લાગ્યા નહી. એટલામા મેતરદત, તીગ્રાનના આપેલા ચાર હજાર તથા પોતા શોડે બીજા જે ચાર હજાર શવારો હતાં તે આઠ હજાર શવારો લઇ પોનતસમાં પોતે પાછો દાખેલ થયો. તેને જોતાંનેવાર લોકો પાછા તેનાં ઊપર ફીદા થઇ ગયા અને રૂમીઓનાં જુલમથી કંટાલો ગયાથો તથા તેની આગલી જાહોજલાલી શાથે શરખાવતાં હાલનાં તેનાં પરેશાન હાલથી દયા ખાઇ શઘલી રૈયત તેની તરફેન થઇ ગઇ; કારણુ કે લોકો હમેશ પડી ભાગેલી મોહોટાઇ તરફ ઘણાં માંન અકરામથી જુએછે માટે પોતાના પાદશાહાનો આવો બદબખ્ત હાલ જોઇ તેઓનાં દીલમાં મોહોબતનો આતશ આ વેલા શલગી ઉઠીઓ. આ પ્રમાણે નવી કુમક મલ્યાથી તથા આશપાશના રાજો તથા પાદશાહોએબી તેની શાહેતાહે બીજુ નવુ લશકર મોકલી આપયાથી મેતરદતને ઘણી હીમત છુટી અને રૂમીઓ શામને હવે પોતે જોશથી લડી શકશે એમ તેની ખાતરજમાં થઇ માટે તેનો મુલક તેને પાછો જે આપોઆપ શવાધીન થઇ ગયો તેથી પણ ન ધરાઇ રૂમી શીપાહો શાથે હમણા એ ઘણા જોશથી રૂબરૂ લડીઓ અને ફેબીઅશની રૂમી ફોજને તદનજ હરાવી ચોતરફ નહશાડી મેલી તથા તે રૂમી શરદારને કાબીરામાં પાછો. ઇ૦ પુ૦ ૬૭ માં બંદ કરી મલી ચોતરફથી તેને ઘેરો રાખીઓ. ત્યાર બાદ લુકલશનાં મોકલેલા બે નામીચા રૂમી શરદારો નામે ત્રીઆરીઅસ અને સોરનેતીઅસનો દુમબાલો પોતે ઘણી જવાંમરદીથી પકડયો અને તેઓને એક ભયંકાર લડાઇમાં મારી હઠાવી તેઓ પર મોટી નામાંકીત ફતેહ મેલવી ને શાત હજાર રૂમી શીપાહોને એ જંગનાં મેદાનમાં કટલેઆમ કરી નાખ્યા; જેઓમાં દોહોડશો શેનચુરીઅન અને ચોવીશ લીબીયુનો જેવા નામીચા ઓધા ધરાવનાર અમલદારો મારયા ગયા હતા. આવી ભયંકાર શીકશ્ત રૂમીઓએ ઘણુ શુધી ખાધી ન હતી અને મેતરદત શાહને માઠાં ભાયેગે આ જંગનાં મેદાનમાં એક ભયંકાર જખ્મ લાગયાથી તેનાં શીપાહો તેની શલામતી વીશે જો ચીંતાતુર ન બેઠા હતે તો આ આખું રૂમી લશકર એ વેલાએ શઘલુજ મારીઉ ગંયુ હતે પણ તેનાં આ જખ્મને લીધે તેઓને નાહાશી જવાની હાલમાં શારી જોગવાઇ મલી હતી. એટલામાં તેઓની શાહેતાહે લુકલશ હવે પોતાની શીઆલાની છાવની ઉઠાવી દર મંજલ શીતાબીથી ચાલતો આવ્યો, પરંતુ એટલામાંતો શઘલુ રંધાઇ ચુકુ હતુ અને રૂમી લશકર શઘલું પરાગંદે થઇ ગયું હતું. એ શરદારે આવતાંનેવાર એ જંગનાં મેદાનમાં બેશુમાર રૂમી શીપાહોનાં મુરદાં પડેલાં દીઠાં જેઓને દાતવાનો પોતે હોકમ ન આપયાથી પેલા તેના શીપાહીઓ તેનાપર વધારે કોપાયમાન થઇ ગયા; અને તેઓમાં ફીશાદ હવે એટલોતો વધી પડયો કે તેને શરદારતરીકે માન આપવાને બદલે ઓર ઉલટા તેને ધીકારની રાહે દોલાપર દોલા ચહડાવી તેઓ જોવા લાગ્યા અને તીગ્રાન તથા મેતરદતની શામને થવા તંબુએ તંબુ તથા દરેક શીપાહીઓ શોડે વઠીક જઇ જોકે એ પોતે જાતે મીનતજારી અને કાલાવાલા કરવા લાગ્યો પરંતુ તેઓએ તેને કશો મચક આપયો નહી અને તુંડીથી તેઓએ તેને એવો પરતી ઉતર આપયો જે દુશમેનો શોડેથી ખજાનો લુંટી તમો પોતેજ માલ જે તવંગર થવા માંગોછો, માટે તેઓ શામને તમો લડાઇ કરવા દુરશત વીચારતા હોવો તો તમો એખલાજ જઇને તેઓ શાથે કાંએ લડતા નથી? આથી લુકલશ બીચારો તદન નીરબલ થઇ પડીઓ, તેની શોડે કશો ઇલાજ હવે બાકી રહયો નહી અને તેનાં હાથ પગ શદંતર ભાગી પડીઆ.

બાબ ૧ લો ભાગ ૪ થો.

મેતરદત શાહ પોતાના ગયેલા મુલકો પાછા પોતાને શવાધીન લેયછે, તેથી રૂમીઓએ તેની શામને થવા પોમપી અથવા પોમપીઉસને એશીઆનાં મુલકોની શરદારી આપી, તથા તે પછે મેતરદત શાહ મરણ પામ્યો તે વીશે.

મેતરદત શાહની બાજી આ પ્રમાણે વલી ફ્રરીને ચહડતી જોઇ રોમની શેનેતે એશીઆની ભુંમીની શરદારી માનીઅસ એસીલીઅસ ગલેબ્રીઓ અને સી. પાઇ-સોને શોપી તેઓને કોનસલો નેમીઆ. આ માંહેલા પેહેલાને બીથનીઆ તથા પોનતશનાં પ્રાંતોની સરદારી આપી કે જાંહાં તેની આ-ગમજ લુકલશ શરદારી ભોગવતો હતો અને તેનાં લશકરનો ફીમ્બરીઆની ફોજ જે થોડોક વીભાગ હતો તેમાનાં સઘલા શીપાહીઓને પછી રજા આપવામાં આવી. આ શઘલી ખબરો રૂમી શીપાહોને મલતાં, લુક લશ તરપ વધારેને વધારે તુંદ અને કોપાય માન થઇ તેના હોકમો ઉપર હવે કશું લક્ષ તેઓએ આપવા માંડયું નહીં અને તેને મીઆનજ કરવા લાગ્યા નહીં. લુકલસ હવેથી પડી ભાગ્યો માટે તેની શરદારીના ગુણો વીશે થોડાક શબ્દો અતરે બોલેલા બ્યર્થ કેહેવાશે નહીં. દાયન કેસીઅસના કેહવા પ્રમાણે એમાં સભ્યતાનો મુતલગજ હતી નહીં. જાતે ઘણો કરદો અને વારંવાર મી-જાજ ખોઇ દેવાની તબે પડી ગયાથી એનાં લશકરની બેદીલીના તે ગુણો મોહોટા શબબો થઇ પડીઆ હતા. તોબી પોતાનાં જમાનાનાં ઘણાં બાહોશ શરદાર તરીકે એને જે કીરતી મળેલીછે તેમાં તો કશો શક નથી કેમકે એમાં શરદારીનાં બીજા શઘલા શારા ગુણો હતા પરંતુ શીપાહોનો પીઆર પોતા ઉપર ખેંચી લેવા એને મુત લગ આવડતુ ન હતુ કેજે એનામાં એક મોહોટી ખાંમી હતી. એની શાડે કોઇ જઇ શકતુ નહતું, હોકમ આપતી વેલાએ મી-જાજ ઘણોજ તુંદ રાખતો અને શીપાહો ને તેઓની નોકરીમાં જરાબી જો ચુક પડી ગઇ તો તેઓને મોહોટી શજા કરતો હતો અને દયાનો અંશ મુતલગ તેમાં આમેજ ન કરીઆથી તથા તેઓને મીઠા શબ્દોથી હીમત આપી ફુસલાવી, તેઓને બનતી જોગવાઇએ બક્ષીસ કરવાની તથા તારીફ કરી તેઓને ઉશકેરવા અને તેઓના દીલ રમાડી પતાવી હસાવીને રીજાવવાની એમાં આવરત ન હોવાથી પેલું લશકર જે પાછલથી પોમપી શાથે ઘણું શારૂં નીવડીઉ હતુ તે એની શાથે આખરે નાં ફરમાની કરી બેઠું અને તેથી એનાં બીજા શઘલા શરદારીના ગુણો તથા આગલી ફતે-હો છેલે શરવાલે શઘલી ધુર મલી ગઇ હતી. શેખશાદીની આ શીખામણ શઘલા ઉધરતા જવાનોને એનાં દાખલા ઉપરથી પોતાનાં અંતઃકરણમાં ગોખી રાખવાની કેવી ગરજ જછે; કેમકે જબાન શીરી તો મુલક ગીરી. એ વાતમાતો હવે કશો શક રેહેલો નથી. એ શાહેર બોલેછે જે,

> બશીરીન ઝુબાની વ લુત્ફો ખુશી,
> તવાની કે પીલી બમુઈ કશી.

યાને "મીઠી જબાન, મેહેરબાની તથા હ-શમખા ચેહેરાથી હરેક શખસ એક હાથી નેખી ગોયા એક બાલથી કરીને ખેંચી શકે છે." માંઠાં ભાએગે એ ગુણ આ રૂમી શરદારમાં ન હોવાથી એની કીરતીને મોંહો ટી જાંખ લાગી ગઇ હતી અને એના બીજા શઘલા શરશ ગુણો તેથી ઘંકાઇ

ગયા હતા. આ રૂમી શરદારે પોતાની બડાઇ દેખડાવવા વચમાં સેનેતપર જે એમ કાગજો લખીઆં હતાં કે મેતરદત શાહ તદન હારખાઇ ગીયોછે અને પોતાના મુલકો પાછા પોતાના તાબામાં કરી લેવા તે હવે તદન અશકતછે, તેથી પોનતસનુ રાજ રૂમીઓને ગોયા શવાધીન થયું હોએ તેમ તે ઉપર અમલ ચલાવવા જુદા જુદા અમલદારોની નેમનુકો રોમ ખાતે થઇ ચુકી હતી, પરંતુ જયારે પેલા અમલદારો પોનતશ જઇ પોહોચીઆ ત્યારે તો તેઓએ તેથી શઘલો ઉલટોજ મામલો દીઠો અને તે મુલક પાછો મેતરદતનાં શવાધીનમાં આવેલો હતો એટલુંજ નહીં પણ લુકુલશનો એ મુલકપરતો શું પણ પોતાનાં લશકર ઉપરથી તેનો અમલ ચાલતો નહતો અને તેનાં સીપાહીઓ તેને ઘણા ધીકારથી જોતા હતા. એટલામાં કોનસલ એસીલીઅસ ગલેબ્રીઓ, એસીઆમાં આવી પોહોચીઓ અને તેણે આવી પેલાં લશકરને એમ જણાવ્યું જે પોતાની શરદારી ચાલુ રાખવા આ લડાઇ લુકુલશ લંબાવીઓ જાયછે એમ રોમમાં તેનાં ઉપર હવે જાહેરાતમાં ડપકો મેલવામાં આવેછે અને સેનેતે એનાં લશકરનાં થોડાક ભાગને કાહાડી મેલવાનો હોકમ બી મોકલીઓછે તથા રૂમી ફોજને હવે પછી એને પોતાનાં શરદાર તરીકે ગણવાની મનાઇ કરવામાં આવીછે. આથી પેલા શીપાહીઓને તેણે પોતાની મરજી પ્રમાણે એને અપમાન આપવાની ગોયા છુટ કરી આપી હતી. આગરજો રૂમીઓની બીમખ્ખ હરામીનો નમુનો જોયો હોએ તો આ એકછે એમ હરેક તવારીખ વાંચનાર કહ્યા વીના રેહેશે નહીં. આથી બીચારો લુકુલશ શદંતર હવે ઓખલો પડી ગયો અને મેતરદત શાહ ચોતરફ જીતતો જઇ પોનતશનો શઘલો મારીનો મુલક બી રૂમીઓ શોરેથી તેણે છીનવી લીધો એટલુંજ નહીં પણ કાપાદોશીઆનો તમામ દેશ બી ઇ૦ પુ૦ ૬૬ માં પાછો રૂમીઓ શોરેથી પોતે જીતી લીધો. આથી રોમમાં ચોમેર ધભરાટ થઇ ગયો અને લુકુલશ શામને તાંહાંના રેહેવાશીઓએ મોહોટો પોંધાટ અને શોહોર મચાવી મેલ્યો. પોમપીને બેહદ શતા મલીઆથી હાલમાં તે ચાંચીઆઓ શાથની લડાઇથી ફારગ થઇ ચુકયો હતો માટે માનીલીઅસ નામનાં પ્રજા તરફથી ચુટી કાહાડેલા એક શભાશદે રાજ કારભારી મંડલીમાં એવો ઠેહાવ પશાર કરાવ્યો જે "લુકુલસનાં હાથ હેઠલનાં શઘલા પ્રાંતો તથા લશકરની શરદારી હવેથી પામપીને શવાધીન કરવી અને એસીલીઅસ ગલેબ્રીઓ જેને બીથનીઆમાં શરદાર નેમવામાં આવ્યો હતો તે પ્રાંત બી તેનાંજ શવાધીનમાં આપી મેતરદત તથા તીગ્રાંન શામને લડાઇ ચાલું રાખવાનો તેને હોકમ આપી એ વીશેની શઘલી શતા આ નવા શરદારને શપુરદ કરવી અને ચાંચીઆઓ શામણે ઉઠાવેલી તેની આગલી લડાઇમાં જેમ તેને દરીઆઇ વરથી ખાતાનાં લશકરની શઘલી શરદારી શોપવામાં આવી હતી તે શઘલી શતાબી તેનીજ શોડે હવેથી રેહેવા દેવી" યાને ભુમધ્ય શમુદ્રનાં આખા કોશ્તા ઉપર દરીઆથી ત્રીશ લીગ દુર વેર શરવે ઠેકાણે જેમ તેનાં ધ્યાંનમાં આવે તેમ અમલ કરીઓ જાએ એમ તેને આપખુદ શતા આપી હતી. મતલબ એજે એકુજ માણશના હાથમાં રૂમની શેહેનશાહતનો આ ઠેડાવને લીધે ગોયા હવેથી આખી દોરી શોપવામાં આવી હતી કેમકે જખી પ્રાંતો જેવા કે ફરીજીઆ, લાહોનીઆ, ગાલેશીઆ, કાપાદોશીઆ, સીલીસીઆ, ઊપલુ કોલચીસ તથા આરમીનીઆની શરદારી તેને જાહેરાત રીતે જે શોપવામાં આવી નહતી તે વાસ્તવીક જોતાં આગલા મેહેલા

કેડાવ અંદર તે શધલી આવીચુકી અને આ બીજા કેડાવથી લુકલશનુ આખુ લશકર જે મેતરદત તથા તીગ્રાન શામને આગલ થયુ હતુ તે શધલી જોરાવર રૂમી ફોજ-ની મેનાજ શવાધીનમાં હવેથી અપાઇ ચુકી. પોમપીનાં હાથમાં આટલો બધો એક હથ્થુ અખતીઆર અપાએલો જોઇ અમીર ઉ-મરાવોને આ વાત પશંદ પડી નહીં ને તે એઓએ જોયું જે એમ થવાથી આ દામ-લા ઉપરથી રૂમનું છુટાપણું આગલ ચા-લતાં વખતે લુટાશે માટે માંહોમાંહે એમ ચેકશર કીધા જે બને તેમ આ કેડાવની શામને થઇ આપણા લોકોનાં પ્રજાસતાક રાજની આંચ હવે એકદમ આગલજતી મુજાઇ નહી જાએ તે શારૂ મેહેનત કરવી જોઇએ અને આ કેડાવને બને તેમ રદ બાતલ કરાવવો જોઇએ. પરંતુ સીઝર (કૈ-સર) અને સીસરો જેવા બેઉ ફીશાદ ભરેલુ બોલનારાઓ જેઓનો કાબુ રૂમીઓ ઉપર આ પ્રસંગે વધારે ચાલતો હતો તેઓ માનીલીઅશના આ કેડાવની તરફેન હોવાથી પેલા અમીર ઉમરાવોનુ કશું ચાલ્યું નહીં, અને પામપીનેજ આ શધલો અખતીઆર એક હાથ અપાવવામાં આવ્યો. આ વેલાએ રૂમીઓ શનમુખ "માનીલીઅ શનાં પાસ વીશે" એવે નામનું એક શુંદર ભાશણ સીસરોએ કરી શંભલાવ્યું હતું, જેથી લોકોનો દીલ પામપીની તરફેનમા બેહદ ઉશ્કેરાયાં હતાં. પોતાના ભાશણની શરૂઆતનાં પેહેલા બે ભાગોમાં આ લડા-ઇની ગરજ તથા અગત વીશે લંબાનથી બોલીઆ બાદ આ નામીચો અલંકાર રૂમી ભાશણ કરતા પોતાનાં બીજા ભાગમાં [illegible] એમ શાબીત કરે છે જે આ કામ શરે-જામ પાહોંચાડવા ફકત એકલો પામપીજ આપણા લોકોમાં લાયક જોવામાં આવેછે. [illegible] કારગર અને આ [illegible] જામ પુગાડવા માટે કેવી તરેહનો શરદાર આપણ રૂમીઓને જોઇએ તથા તેમાં કેવા કેવા ગુણો હોવા જોઇએ તે વીશે લંબાનથી બોલીઆ બાદ લોકોને એ એમ દેખાડવા મંડી જાએછે જે આ શધલા ગુણો પામપીમાં બધા શારીકાની એકઠા થએલા જોવામાં આ વેછે; અને અકશેર કરી તેની ઇમાનદારી સાહસીશાહી, બીન સ્વારથપણું, પ્રજાનુ શારૂ કરવાનો તેનો હેતુ તથા શભ્યતા વીગ્રે ભારે મેલીને બોલતાં આ નામીચા ભાશણ કરતાનો જોશશો આ મુજબ ઉભાઇ નીકલેછે. "મરશેમીમાં તથા આપણું મદદગાર શહેરોમાં આપણા મોકલેલા શેરદારો તથા ફોજદારોની બેહદ જુલમ, જબરી, લોભ તથા વીભીચારપણાથી રૂમી-ઓનું નામ જે હાલમાં વગોવાયું તથા ધીકાર ભરેલું થઇ પડેલું છે તે માટે નીતીની હાલ આપણને વધારે ગરજછે. આથી કરી પામપીની મદદ, શીઆનપણુ ભરેલી તથા બીન કપટો ભરેલી ચાલથી લોકોનાં કલી આન શારૂ તેને રૂમથી મોકલવામાં આ-વ્યો છે એમ નહી પરંતુ ગોયા તે આકાશ પરથી ઉતરી આવેલો છે એમ લોકો તેને શારૂ બીચારવા વીના રેહેશે નહી અને અશલી રૂમીઓની બીન સ્વારથપણાં તથા નેકીનાં ગુણો વીશે જે શધલું કેહેવામાં આવેલું છે તે ખરૂં અને બરોબર છે એમ લોકો હવેથી માનવા શરૂ કરશે તથા એવા ફોજદારોનાં હાથ હેઠલ બીજાઓ ઉપર શરદારી ભોગવે તે કરતાંને રૂમીઓનાં તાબા હેઠલ રેહેવાનુ લોકો વધારે પશંદ કરે તો તે બરોબર અને વાજબી કેહેવાશે એમાં કશો શંદેહ નથી." આ વેલાએ પોમપી પ્રજાનો બહુજ માનીતો હતો માટે પેલા દાનાવ શનેટો જેઓનો હેતુ બરોબર જો શેતો ઘણોજ શારો અને જેઓ પેહેલાં એની શામને થવા બહુજ હીમત ધરાવતા

હતા તેઓ આ ભાશાણથી મબાદા લોકો તેઓપર ગુશશે થઇ જાએ તેથી બીહીને મુંગામંતર થઇ ગયા અને માનલીઅશની આ દરખાશત લગભગ એકમતથી પશાર થઇ ગઇ. આથી પોમપી જોકે તે વેલાએ તાંહાંથી ગેરહાજર હતો તોબી તેને જે શતા આગલ સીલા પોતાનાં લશકરી બલથી પોતાનાં દેશમાં માહોમાહે ધાટકી ભરેલી લડાઇ ચલાવી ખુંચી બેઠો હતો તે એના શવાધીનમાં લોકોની રાજી ખુશીથી એકદમ આવી ગઇ હતી. દાયન કાસીઅસ નામનો એક અપક્ષપાત અને દાનાવરૂમી ગ્રંથકાર જેનાં વીશે હવે પછી આપણને વારંવાર બોલવું પડશે તે ખુલલેખુલો એકરાર કરેછે જે આ હોકમનામુ પશાર કરાવા કેસર અને સીસરોએ જે બહુ મેહેનત પેહેલે ધરથીજ લેવા માંડી હતી તેમાં તે લોકોની ખાનગી મતલબ હતી માટે પરજાનાં લાભ તરફ આ હુકમનામુ પશાર કરાવતી વેલાએ તેઓએ કશુંબી લક્ષ આપ્યું હોએ એમ આપણને માનવું જોઇતું નથી. કેસર પોતે બેહદ લોભી હોવાથી તથા મહા પ્રાકરમો કરી પોતે આગલ ચાલતાં શેહેનશાહ થઈ જવાની મકશદ ધરાવતો હતો તેથી સેનેત કરતાં,લોકોનો કાબુ રૂમીઓ ઉપર એ વેલાએ જે જોરથી ચાલતો હતો તે માટે પોતે રઇઅત શાથ મલી ગયો, અને તેઓનો ગોયા મોટો ખેરખાહ હોએ એમ તેઓને તે દેખડાવા લાગ્યો. એમ કરવામાં એની મકશદ રૂમીઓને હવેથી એકજ શખ્સના તાબાહેઠલ રેહેવા શીખવવાની હતી કે જેથી તેઓને એવી તબેહ પડી ગયાથી પાછલ જતાં પોતાનુ કામ પોતાની ધારેલી મકશદ પ્રમાણે શરનજામ ઉતરે માટે પોમપીને આટલું બધુ માન અકરામ તથા અખતીઆર અપાવવા સારૂ તે બહુજ ખંતી હતો. એને ચહડાવવામાં તે પોતે પોતાને ચહડવા શારૂ ગોયા અત્યારથીજ રસ્તો બાંધીયો જતો હતો અને શારીકાની જાણતો હતો કે રૂમીઓ શદાકાલ ફેરશાર મતના રેહેછે માટે જે દાહાડેથી પાંમપી તેઓની બતરીસીએ ચહડીને પડી ભાગ્યો કે તેવોજ શંધલો રાજ કારભાર મારે હાથ લેઇ લઇ શેહેનશાહી મીરાશે પોહોચી જવામાં મને જાહાજી હરખત નડશે નહી. સીસરોબી પોતાની મોહોટાઇ વધારવા ખંતી હોવાથી આ તકરારમાં તેણે પોતાના સ્વાર્થને લીધે મોહોટો ભાગ લીધો હતો. પ્રજાશતાક રાજ ચલાવવામાં પોતેબી ભાગ લેવા ખંતી હોવાથી ભાશાણ કરીને નહી કે ખુનરેજી કરી પોતાનો કાબુ લોકોનાં મન ઉપર વધારવ અને અમીર ઉમરાવો તથા બીજા વચલો વાગેનાં લોકોની બે ખાશ ટોલીઓ જે રાજમાં હાલ થવલી હતી તેઓને પોતાની શીરીન જુબાનથી એ એમ દેખાડાવવા માંગતોહતો કે જેબી બાજુ તરફ હું ઢલુ છુ, તે બાજુને કેવી મારા ભાશાણની શહરાગાતથી જીહતાવી આપુછુ તથા પોમપીને ચહડાવીઆથી તેની મારફતથી પોતેબી વધુ પગભર થવા એ ઉમેદ રાખતો હતો. એનો ખ્વાશ હમેશ દહીને દુધમાં પગ રાખવાનો હતો ને કોઇ વાર એક ટોલીનો તો કોઇવાર બીજી ટોલી તરફ થઇ જઇ બંને બોરદુવાલાઓનો માનોતો થવા એ શદા ખંતી રેહેતો હતો.

ચાંચીઆઓ શાથની લડાઇનો છેડો લાવ્યા બાદ પામપી હજુરતો સીલીસીઆમાં પડી રેહુલો હતો એટલામાં તેને કાગજો મલીઆં જે આખી રઇએતે તેની તરફેનમાં ચુકાદો કરી એશીઆની ભુમીની સધલી સરદારી વધારે અખતીઆર શાથે તેને શવાધીન આપીછે. એનાં દોસ્ત આશનાઓ જે તે વેલાએ એની હજુરમાં હતા તેઓએ આ ખબરથી ખુશ થઇ એને જયારે મુબારકબાદી આપી ત્યારે એ પોતાની જાંગ અપાડી

ભવાં ચોળી, આ નવી શરદારીથી પોતે ગોયા દલગીર થઇ ગયો હોએ એવુ કુંજરાહેલુ મોહોડુ કરી બોલી ઉઠીઓ જે " અરે ઓ! દેવતાઓ કેટલી બધી અતીઅંત જેહેમતો શારૂ તમોએ મને શરજાવીઓ છે? બીન કીરતીવાન તથા અંધકારમાં રહેલા માણશ તરીકે હું શું વધારે સુખી અને આરામથી નહી રહી શકત! લડાઇમાં શદા મશગુલ રેહેવા અને મારી પીઠ ઉપરથી હથીઆરો નહી છોડવા શું હું શદાકાલજ એવી દલદેશરી હાલતમાં રહીશ? મારી શામને જે દુશભાવી શખ્સો લાગી રેહાછે તેઓની અદેખાઇ અને હશદમાંથી શું મારો કદી છુટકો થનારજ નથી અને મારા દેશમાં મારી બઇરી છોકરાંઓ શાથે શુલેહ શંપજ ભરેલી જીંદગી ભોગવવા શું મારા નશીબમાં લખેલુજ નથી?" તારૂં મારૂં કરનાર શખ્સોને ધડો ને ચાનક આપવા આ કેવા સાદા અને બુલંદ કલામોછે. નેપોલીઅન બોનાપાર્ટ જેવો જાંહાં પેહેલવાન આખી દુનીઆંના રાજપાતો કચરી નાંખ્યા બાદ સેન્ત હેલીનાનાં ટાપુમાં બદબખ્ત દાહાડે ઘેરાયાથી કીરતી વીનાંની એકાંત જીંદગી ભોગવનારાઓની કેટલી અદેખાઇ કરતો હતો અને તેઓની હાલત પોતા શાથ શરખાવતાં તેવોમાં શુકરાનાં કરવાના કેવા ઉમદા સબબો જોતો હતો તે એનો વૃતાંત વાચનારાઓ શારી કાની જાણતાહશે. માટે પોમપી આ શબ્દો દીલોજાનથી બોલીઓ હતો કે ઢોંગ કરી પરજાને ઠગવા ખાતર તે વેલાએ બોલીઓ હતો તે તેનાં દીલની વાત તો મેહેર દાવર જાણે અને તે શાથે આપણને હાલ કસી દરકાર પણ નથી પરંતુ પાછલી તેની ચાલચલગત ઉપરથી ઇતીહાશ કરતાઓ એવુ ધારેછે જે એમ બોલવામાં એના દીલનાં છુપા લોભો એને ગમે એવું શાધુપણાંનુ ડોલ ઘાલવાછતાંખી આખરે માલુમ પડી આવીઆ વીનાં રહ્યા નહીં હતા તવારીખ લખનારાઓને પોતાના ચરીત્રોમાં હરેક પાદશાહ પેહલવાન તથા માહ પુરૂશનાં દીલમાં શું હતું તે શાથ કસી ગરજ રેહતી નથી, તે તેઓની વાતનાં તેઓ ફકત પોતાના કીરતારને જવાબદાર છે. આપણે તો તેઓના કામો ઉપરથી શારાંઉશ કાહડી તેઓ વીશે તેઓની તરફેન કે વીરૂધ મત બાંધવા બંધાએલા છૈએ અને તે ઉપરથી માણુસ જાતને શીખામણ મલે અને આગલ ચાલતાં નવા રાજ કારભારીઓ તથા શરદારોને તેપરથી શારો બોધ લેવા બની આવે તેવા સાધારણ કાયદા મુકરર કરી તેપર અમલ કરવાની તેઓને ભલામણ કરવાની આપણી ફરજ છે; જેથી હવે પછીનાં આપણાં બચ્ચાં શારા શારા રાજોના આશરા હેઠલ શુખ ચેનથી વસી શકે અને નીતીનો વધારો થાએ ને તેથી તેઓ આ તથા આવતી દુનીઆનુ શઘલું સુખ પોતાને શારૂ શંપાદન કરીશકે. ગમે એવો ડોલ ગાલો, ગમે તેવી શીરીન તથા ચરબ જુબાનથી લોકોના વાહલા થવા તમો વારંવાર પ્રયત્નો જારી રાખો પણ યાદ રાખજો જે તે શઘલી ઠગાઇઓ મોડે વેહેલખી લોકો ચેતી જયા વીના રેહેનાર નથી. તેમજ પોમપીનાં હકમાંખી આ વેલાએ થયુ. તેનાં દોસ્ત આશનાઓ જેઓ તેને શારીકાની પીછાનતા હતા અને બાહેરના દેખાવથી એકાએક ભુલાવો ખાએ તેવા ન હતા તેઓ એનો લોભ તથા પોતાનો કાબુ લોકોપર ચલાવવાની એની જીગ્નાસા વીશે અત્યારથીજ શક દેખડાવવા લાગ્યા. પોતાનાં તાબા હેઠલનાં પ્રાંતોની શરદારી લેતાંવારજ પોમપીએ હવે અદેખાઇના મારીઆ લુકલસની લાગણી તરફ કસી પણ દરકાર ન કરતાં તેને શરવ પાંતીએ પોતે શતાવવા માડયો. તેને કોઇ માન અકરામ નહી આપે તથા તેના હોકમ મુજબ

હવેથી કોઇ નહી ચાલે એવો પોતે ઢંઢેરો ફેરવ્યો, અને તેની પડતી હાલત ઉપર જરાએ મોઠું મન પોતે દેખડાવ્યું નહીં, તથા તેનાં કરેલાં શઘલાં કામો પોતે રશતામાથીજ ફેરવી નાંખતો ચાલીઓ. જેબી પ્રાંતોપર લુકલસે આગલ વેરો નાંખીઓ હતો તે વાટમાંથીજ પોતે માંફકરતો ગયો. જેઓપર શરદારે બક્ષીસો કરી હતી તે તેઓ શેઠેથી ખુંચી લેતો રહ્યો અને લુકલસના હમશરીકોને દેખડાવા લાગ્યો જે તમોએ તેની હીમાયત કરવામા મોટી ભુલ કરી છે. નામીચા ગ્રીક ભુગોલ વીદીઆરથી સ્ત્રેબોના મામાને મેલદેતીશ શાથે પોતાની ખાનગી મારામારીને લીધે નહી બાહાજી આથી લુકલશ શાથે તે મલી ગયો ને રૂમીઓનાં શવાધીનમાં તેને કાપાડોશીઆ માંહેલાં પંદર શેહેર અપાવ્યાં હતાં માટે તેનાપર આ માજી શરદારે ઘણીએક નવાજેશો કરી હતી અને બીજી વધારે મોહોટી બક્ષેશો કરવાની પોતે આગલ ચાલતા જમાનત વટીક આપી હતી; જે પોમપીએ તેની શેઠેથી હવે શઘલી છીનવી લીધી હતી આ વીશે જોકે યુરોપીયન ગ્રંથકારો મોહોટો શોહોર મચાવી મેલેછે પરંતુ જો બરોબર જોશોતો ઇનશાફની રાહે તેને પોતાના પાદશાહ તથા પોતાનાં દેશને પારકી જુશડી હેઠલ પોતાના શવારથને શારૂ લાવવાનાં બદલામાં ઘટતી શજા મલી હતી એમ હું વીચારૂછું. એ વીશે એ ભુગોલ વીદીઆરથી એમ બોલી જાએછે જે "દોરીલેઅસ નામનો મારી માએનાં બપાવાનો બાપ હતો જેનો એજ નામનો એક ભાણેજ હતો ને તેના બાપનુ નામ ફીલીતેરૂસ કરીને હતું. આ બીજા દોરીલેઅસ ઉપર મેતરદત શાહનો ઘણો પીઆર હતો જેથી તેને કોમોનીનાં પરાંતની દશતુરી તથા તે શાથે બીજી ઘણીએક જાગીરો એનઆમ રીતે એ પાદશાહે બક્ષીસ કરી હતી, પરંતુ પાછલથી રૂમીઓ તરફ થઇ જવા શારૂ આ દેશનાં વતનીઓને ઉશકેરવા જતાં એની દગાબાજી માલુમ પડી ગયાથી પાદશાહની એ વેરઇતરાજીમાં આવી પડીઓ. એનાં પડી ભાંગવાથી એનુ આખુ કુટંબ પણ બેહોરમત થઇ ગયું. પાછલ થી મારી માંએનો કાકો મોઆફરનીસ વલી પડી ને એ પાદશાહનો માનીતો થયો હતો, પરંતુ એ પાદશાહની ગાદી એોએ પડી ભાગે તેવી હાલતમાં એ વેલાએ આવી રેહેલી હતી આથી બીજી વખત તે તથા તેના દોશતે આ પાદશાહ ઉપર આવી પરેલી જફાને લીધે વલી પાએમાલ થઇ ગયા હતા, અને એની ઓરદુમાંથી જેઓ એનાં આ ખરાબ વખતમાં દુરઅંદેશીથી ખશી ગયા હતા તેવોજ માલ બચી ગયા હતા. એવો માં એકતો મારો મમાવો હતો જે લુકલસ શાથે આ પાદશાહની બાજીપડતી જોઇ એ પાદશાહે આગલ તેના છોકરા શીઓફીલસ તથા તેનાં ભત્રીજા તીબીઉસને જે મારી નખાવ્યા હતા તેનો કીનો લેવાં શારૂ તે આ રૂમીઓ શાથ જઇ પોતે મલી ગયો. લુકલસે તેને શલામતી બખશવાનો કોલ આપયાથી તેણે એ પાદશાહનાં પંદર કીલ્લાઓમાં હુલડ ઉઠાવ્યું, જેનાં બદલામાં તેને તેણે મોટી મોટી કબુલાતો આપી હતી. પણ જ્યારે પોમપીએ આવી લુકલસ શેઠેથી રૂમી શીપાહીઓની શરદારી પોતાને હાથ કરી લીધી ત્યારે તેને પોતપોતા વચેની મારામારીને લીધે જેઓએ આ માજી શરદારને કસી પાંતીની પણ મદદ કરી હતી તે શઘલાઓને પોતાનાં દુશમન કરી તે માનવા લાગયો; અને જ્યારે એ લડાઇનુ શેવટ લાવી પોમપી રૂમ તરફ પાછો ફરીઓ ત્યારે તેણે રોમની શેનેતને એમ જણાવ્યું જે એ લડાઇની આખરી પ્રતેહ શાથે મેં આણીછે માટે પોનતસનાં કેટલાએક

શાહુઓને ઈનામો અને જાગીરો બક્ષવાની અખતીઆરી મારા શીવાએ કોઈબી બીજા શરદારને આપવામાં આવે તો મને બહુ ઘેર ઇનશાફી થાએછે માટે સેનેતે તેનુ આ કેહવું માથે ચહડાવ્યુ"* અને સંલેઓના સગાઓ બીચારા તેથી રડી રેહા તેમાં શું માઠું થઉ તે હું શમજી શકતો નથી. કેહેવત મશહુરછે કે "કર ને જો" તેવો હાલ આખરે આપણાં આ નામાક્રીત ભુગોલ વીદ્યારથીનાં શગાઓનો થઈ પડીઓ. જો તેવોને પોતા ઉપર ગુજરેલી ગેરઇનસાફીનો કીનોજ લેવો હતો તો તેનાં ઉપાયો બીજા હતા; નહી કે પોતાનાં દેશને પોતાનાં છુપાં વેરો શારૂ પારકા રાજની જુશરી હેઠલ આણી મેલવું અને ફરેન્ચ જનરલ બાઝેન માંફક ડગાઈથી દુશમેનોને પોતાનાં કીલલામાં ઘુશવા દેવા. માનવી જાતની તવારીખમાંથી પોતાની આગમજના કારભારીઓનાં કામો પોતા થાને હલકાં કરી દેખડાવી પોતાના કામોને તેથી વધારે ચહડતે દરજજેનાં કરી દેખડાવવાના ઘણાક દાખલાઓ મલી આવશે પરંતુ આ વેલાએ પોમપીએ પોતાની આગમજનાં શીપેહેશાલારની કીરતીને જાંહાંખ લગાડવા જે ચાલ ચલણ ચલાવી હતી તેવી ખરાબ અને નીચ ચાલ બીજા ઘણાજ થોડા સખસોએ ચલાવી હશે. જોકે એની બેહદ ફતેહ અને ઉનચા ગુણો વીશે એને તાર પર ચહડાવનારાઓ ઘણી તારીફનાં બાંકાં ફુંકી ગયા છે પરંતુ આવી નીચ અને અદેખી ચાલથી એની કીરતીને મોહોટી જાંહાંખ લાગવી જોઇએ. આવી રીતે પોમપીએ પોતાની હાકમી શહર કરતીવેલાએ પોતે કઇ કીશમનું માણશ છે તે શાફ જણાવી આપયું હતું. આ તેની ચાલ વીશે લુકલશે મોહોટો વાંધાટ કરી મેલીઓ. તેઓ વચે શમજુતી કરાવાના હેતુથી તેઓનાં અરશ પરશનાં દોસ્ત આશનાઓએ તેઓને એકમેક શાથે રૂબરૂ કરાવ્યા. આ મુલાકાત શભ્યતાથી મીઠા મીઠા શબ્દોમાં એકમેકનુ દીલ રીજવવા આતુર શપર પેહેલાં મોટાં માન અકરામથી થાઇ હતી પણ તે શઘલો અમશ્યો બાહેરનો ઢોંગ હતો, અંદરથીતો દરેક જણનાં પેટમાં છરી હતી, માટે આગલ વધતાંતો તેઓ એકમેક ઉપર પુર જોશથી ઉતરી પડીઆ. પોમપી લુકલશને તું બહુ લાલચુ છે એમ બોલવા લાગયો અને લુકલશ તેના પ્રતી ઉતરમાં તોનાંપર તું અતોઅંત લોભીછે એવો ઠપકો મેલવા લાગ્યો. આખરે તેઓ એક એકથી દુશમેનીનું વધારે બી વાવી છુટા પડીઆ અને લુકલસ રોમ તરફ નીકલી ગયો. તે પોતા શાથે એ વેલાએ એક મોટું કીતાબખાનું જે તેને પોતાની ફતેહની વેલાએ એકઠું કીધું હતું તે પોતાને ઘર લઇ ગયો અને તાંહાં ઘણા એક આલેમ ઓલમાંઓ તે છુટથી આવી વાંચવા લાગ્યા, જેઓને તે પોતાનાં ઘરમાં મોટાં માન અકરામથી દાખલ કરતો હતો. આખરે ઘણી મેહેનતે તેનાં આવા આલેમ દાશત આશનાઓની મેહેનતથી તેની કદર રોમ ખાતે પીછાનવામાં આવી અને તેની ફતેહનો એક મોટો શાહઓલો વઠીક કાહાડવામાં આવીઓ હતો. રોમ ખાતે ચેરીઝ નામનુ ફલણી એ વેલાએ શપર પેહેલાં એનેજ દાખલ કરીઉ હતું જે પછી તાંહાંથી આખા યુરોપમાં ફેલાયું હતું. કાપાદોસીઆમાં સીરાસસ નામનાં શેહેરનુ એ બી હોવાથી એ મેવાનુ નામ ચેરીઝ કરી રાખવામાં આવ્યું હતું ને જે હજુર વેર તાંહાંના શાખીઓમાં એજ નામથી મશહુરછે અને તે ઘણુ કરી દેખાવમાં તથા લેહજતમાં આપણાં કરમદાંને મળતું,

* જુઓ એની ભુગોલની ૧૨મી ચોપડીનાં પ્રકરણ ૩ ની આવી ૯૯ મી.

આપેછે. પણ તેમાં થલીપો ચીની પોર જેવો જરા મોહોટા રહેછે.

પેહેલાંતો પોમપીએ પારથીઆનાં શેહેનશાહ ફરાતીસ લકબે દેવતાને રૂમીઓની બોરદુમાં કરી લીધો અને તેની શાથે મદદ મેલવવાના તથા તેને ગરજ પડે તો મદદ આપવાનાં બંને બંદોબસ્તો પોતે કરી લીધા અને મીથ્રદેતીશ શાથેબી શુલેહ કરવાનું નામું મોકલ્યું, પરંતુ તેને હજુર ઉમેદ હતી જે ફરાતીશ મારી બોરદુએ થશે માટે સુલેહની માગણી પોતે નામંજુર રાખી. તોબી શુલેહના કોલકરારો જાણવા તેણે પોતાના એલચીઓને પામપીની છાવણીમાં મોકલાવ્યા. પામપીએ મેતરદતશાહના એલચીઓને કહ્યું જે સુલેહના કોલકરારો આપણે કરીએ તે આગમજ તમારા પાદશાહે પોતાનાં લશકર શોડેથી લડાઇનાં હથીઆરો છોડાવવાં જોઇએ અને જેબી શખ્સો હમોને છોડી તમારી શાથ મલી ગયાછે તે શધલાઓને પાછા અમારે શવાધીન કરવા જોઇએ. આથી મેતરદતના લશકરમાં એવા બીસીઆર શખ્સો હોવાથી તેમાં ફાટફુટ પડી હુલડ થઇ પડે તેવું હતું કેમકે તેઓનાં રફીકો પોતાનાં દોસ્તોને આ મુજબ દુશમેનોને શવાધીન કરેલા જોવા મુતલગ ખુશી હતા નહી, માટે મેતરદત શાહે તેઓને દીલાશો આપયો જે મારે આ માગણી કબુલ રાખવાની કશી પણ મરજી નથી અને આપણાં એલચીઓને ફકત રૂમીઓનાં લશકરની હાલત તપાશવા એ બાહાને તાંહાં મોકલેલાછે અને પોતે શોગંદ લીધા જે રૂમીઓ શાથે આતો શું પણ બીજા કોઇપણ બંદોબસ્તોથી હું સુલેહેતો મુતલગજ કરનાર નથી. હવે પોમપીએ ફીનીશીઆ તથા બોસફોરસ વચેનો આખો કોસ્તો પોતાનાં દરીઆઇ ખાતાનાં લશકરથી મજબુત કરીને ઠેકાણે ઠેકાણે વાહાંણો તથા ચોકી પેહેરા મજબુત રાખી ખુશકીને રસ્તેથી પોતે મેતરદત શામને લડાઇ કરવા આગલ વધીઓ આપણીશોડે આ વેલાએ ત્રીશ હજાર પાએદલં શીપાહીઓ તથા બે હજાર શવારો હતા તોપણ મેતરદતનાં નામનો તાપ એટલોવો મારતો હતો કે આ રૂમી શીપેહેશાલારે તેનાં લશકરપર એકદમ હુમલો કરવા પોતે હીમત કરી નહીં કેમકે તેવેલાએ એ પાદશાહનુ લશકર એક પાહાડ ઉપર એવુંતો મજબુત રેહેઠાણ કરી પડીઉ હતુ કે તાંહાંથી તેને હાંકી કાહાડી શકાએજ નહીં પરંતુ તાંહાં પાંણીનાં વાંધા હતા માટે પોમપીએ આવી પોતાનાં લશકરની જયારે સફ શમારી ત્યારે મબાદા લડાઇની વેલાએ પોતાનાં લશકરમાં પાણીની તાન પડે તેવા વીચારથી મેતરદતે તાંહાંથી પોતાની છાવણી ભુલથી ઉચકીનાંખીને તેને પોતે પછી બાજે ઠેકાણે લઇ ગયો. આવો મામલો જોઇ પોમપીએ તરત એ જગા પોતાને હાથ કરી લીધી અને તાંહાંનાં જાહાડપાંન તથા જમીનના દેખાવ ઉપરથી આ રૂમી શરદારને હેવો ખીઆલ ગયો જે અહીઆં ઘણાએક જહરા આવવા જોઇએ માટે પોતે ઠેકાંણે ઠેકાણે ઊંડા કુવા ખોદવા તરત હોકમ કરીઓ. આથી શારાં ભાએગે તેનાં લશકરમાં પાણી બીશીઆર થઇ પડયું, અને મેતરદતનાં ઇજનેરોએ ચુક કરીઆથી આવી મજબુત જગા પારસીઓએ અમશથી છોડી દીધી. ત્યારબાદ તે ચતરાનો ચતરાતો મેતરદતની છાવણીની ઠેઠ નજદીકીમાં આવી પડીઓ અને તેની આશપાશ મજબુત કોટથી કરી તે આખી છાવણીને પોતે દુર દુરથી ઘેરવા લાગયો. એ ઘેરાવો નજદીક આઠ લીગ શુધી લંબાવામાં આવીઓ હતો અને ઠેકાણે ઠેકાણે ચોકશ તફાવતે મજબુત કીલ્લાઓથી તેને મકમ કરવામાં આવીઓ હતો. સાસા સબ-

બોથી રૂમીઓનું આ કામ મેતરદતશાહે તેઓ વચે કંઇપણ હરખત નાંખીઆ વીનાં શમપુરણ કરવા દીધુ તે વાત ચોકશ રીતે હાલ માલુંમ પડી શકતી નથી, જેપરથી કેટલાએક હીતીઆશ રચનારાઓ, એ પાદશાહ વખતે બીવો હોય એમ જે શારાંઉશ આણવા માં ગેછે તે શદંતર એકતરફેની અને કલપીત જેવો ભાશેછે. દુશમનોને એમ કરવા દીધામાં માનવાલાએક વાતતો એમ દીશેછે જે એ પોતાનાં કઉવત ઉપર કદાચ વધારે મુશતાક રેહ્યા હશે. પોમપીએ આ ઘેરાવાથી એનાં લશકરમાં આગલ ચાલતા ભુખમરો પડે તેવો નેયમ રાખીઓ હતો અને તે શારૂ આસ્તે આસ્તે આપણી બોરદુવાલાઓની છાવણી તરફ ખોરાકી જતી અટકે તેવાં શાંધનો તે પોતે અખતીઆર કરતો ચાલીઓ. આથી મેતરદતનાં લશકરમાં કેહે છે જે આખરે ભુખમરો પડવા લાગ્યો, અને તેઓ એક ફકત ઘોડા શીવાએ પોતાના બીજા શઘલા ભારબરદારી જાનવરો કાપી ખાવા લાગયા. પચાશ દીવશ શુધી આ પ્રમાણે ઘેરાઇ રેહા બાદ લાટીન ગ્રંથકારો લખેછે જે એ પોતાનુ ચુનંદુ લશકર રાતનાં પોતાની શાથે લઇ કોઇ બીજી જગયા ઉપર નીકલી ગયો અને પછી રૂમીઓનાં જોવામાં આવ્યો નહી. અહીઆંથી પોતાની છાવણી ઉઠાવી નાખ્યા આગમજ એ પાદશાહે પોતાના નીરબલ તથા આજારી આદમીઓને ઠાર કરાવ્યાં હતાં એવો દોશ પણ તેઓ એનાં ઉપર મેલી ગયા છે. પરંતુ ભુખમરો પાડવા વીશેનો તેઓનો આ શઘલો હેવાલ મારા ધીઆનમાં ઉતરી શકતો નથી કેમકે એને જવા આવવાનો જયારે બીજો રસ્તો હતો ત્યારે ખોરાકી તે રસ્તેથી વારંવાર અંદર કેમ નહીં આવા શકે તે વીશે આ બેખબરા લખનારાઓએ જો જરા વીચાર કરીઓ હતે તો કવચીત પણ તેઓ એમ લખવા હીમત કરતે નહી. તે શાથે વારંવાર એ પાદશાહ રૂમીઓની આવી બાજીથી ઠગાય, તથા વલી આ વેલાએ એનુ લશકર પણ કંઇ એટલું બધું મોહોટું ન હતું કે તેઓની આવી બેહુંદી વાત આપણે હાલ કબુલ રાખી પણ શકીએ. ગમે તે હોએ પણ પોમપીએ પછી હવે એની શોધ તરત જારી રાખી એનો દુમબાલો પકડયો અને યુફરેતીશ નદી આગલ એ જે છાવણી કરી પડીઓ હતો તેની અરોઅર આવી પોતેબી પેલો ઘેરો ઉચકી નાંખી તાંહાં આવી પોતાનાં લશકરની શંફ શમારી, અને જોયું જે રખેને આ નદી પશાર કરી એ પાદશાહ વલી આગલ ચતરાઇ જાએ માટે રાતો રાત પોતાના લશકરની આશપાશની બાહીઓ ઓરંગાવી એના લશકરની તે શનમુખ આવી ઉભો. એમ કરવામાં એની મતલબ આપણી બોરદુવાલાં લશકરને ઘેરી લેવાની હતી કે જેથી તેઓ નહાસી શકે નહીં અને બીજે દીવશે બરી બામદાદને વખતે એને તેઓ ઉપર હલ્લો કરવાનો નક્કી ઠેડાવ કીધો. પણ એનાં શઘલા જુના અમલદારો એની શનમુખ આવી તે રાતનાં ચાંદનું ઘોરા દીવશ જેવું પડતુ હતું તેથી રાતો રાતજ શખુન કરવા એની સનમુખ મીનતજારી કરવા લાગ્યા. આ હીમ્મતકારી ચાલપર અમલ ન કરવાને બદલે એણે તેઓને ઘણા ઉશકેરાએલા જોઇ તેમ કરવા પોતે તરત હોકમ આપ્યો અને લશકરની હરોલમાં પોતે પછી શીતાબીથી ચાલવા લાગ્યો.

આવા અનધારેલા અકશમાતથી રૂમીઓના આ હલ્લા શામને આપણુ લશકર તઇઆર ન હોવાથી ચોમેર ઘભરાટમાં પડી ગયું અને આનીગમ પેલીગમ નાંહાશ ભાગ કરવા લાગ્યું જેથી આ અંધાધુન્ધી

હાલતમાં મેતરદતશાહનાં નજદીક દશ હજાર માણસ મારાં ગયાં હતાં અને તેની શઘલી છાંવણી દુશમનોને શવાધીન થઇ હતી એમ રૂમી ગ્રંથકારો લખી ગયા છે. મીંથ્રેદેતીશે તોબી પોતાનાં આઠશો શવારો સહીત હાથમો શમશેહર પકડી રૂમી લશકરમાં પણ પોતે મોહોટી ખુનામરકી કરી નાંખી ને તેઓનાં આવા હીચકારા ઘેરામાંથી પોતે શલામતીથી મારતો મારતો આખરે બાહેર નીકલી ગયો. એ લડાઈમાં એની એક ઓરત હીપસીકરેશીઆએ પોતાનાં ખાવંદ શાથે મોહોટી જવાંમરદી દેખડાવી હતી જેથી તેસીતસ તેનાં નામની પછવાડેનાં તેણીનાં ઓરતનાં નાંમના અક્ષરોને ફેરવી નાંખી હીપસીકરેટીસ એવું મરદનું નામ તેણીને આપી ગયોછે ને એ રાણીની બાહાદુરીની પોતે ઘણી તારીફ કરી ગયોછે. કહેછે જે પેલા આઠશો શવારોબી મની ગયાથી ફકત ત્રણજ શવારો હવે એ પાદશાહની શાથે આ માઠા બનાવની વેલાએ એની શરોબર રહી ગયા હતા જેઓમાં એકતો એની આ મજકુર દીલાવર ઓરત હતી. તે પોતે ઇરાંની મરદનો લેબાશ પેહેરી ઘોડા ઉપર એ વેલાએ હાથમાં તરવાર ધરી શવાર થએલી હતી; અને પોતાના ખાવંદની શાથે થાકયા વીનાં લાંબે રસ્તે શુધી તેનો દુમબાલો પકડી રહી તેને દીલાશો આપતી હતી. આખરે એ બંને જનાં એક કીલલામાં આવી લાગયાં જાંહાં કે આ પાદશાહનો કેટલોએક ખજાનો તથા બીજો શામાન શરંજામ રાખવામાં આવેલો હતો. અહીઆં આ બંને માટીબઇએરે જરા વીશામો લેઇ પોતાના કીમતી પોશાકો પોતાનાં હજુરીઆઓને બક્ષેસ આપી પોતાનાં અતલગના રફીકો દુશમેનોનાં હાથમાં નહી પકડાઇ જાએ માટે રાજી ખુશીથી તેઓને જેહર પીવા દેવાસારૂ પોતાનો શીસો તાંહાં ખુલલો કરી મેલીઓ. આ માઠો બનાવબી ઇ० પુ० ૬૬માંજ બનેઓ હતો. આ નાહાસભાગમાં પડેલા પાદશાહને હવે ફરીને બીચારાને પોતાના જમાઇથી મદદ ચાહવા શીવાએ બીજો કસો છુટકો રહ્યોજ નહી માટે તીગ્રાન શાહે પોતાના એલચીઓ મોકલાવી તેના મુલકમાં આવી વસવાનો પોતે પરવાનો મંગાવ્યો, તથા વલી પોતાના મુલકો પાછા શવાધીન કરી અપાવવા લશકરની તેનો શાહેથી મદદબી માંગી. એ વેલાએ આ અરમાની પાદશાહ પોતાના છોકરા શાથે લડાઇમાં ગુથાયલો હતો. તેણે પેલા એલચીઓને પકડી તરત બંદીખાને નખાવ્યા અને આ હુલડ તેની શામને મેતરદતની ઉશકેરણીથી થએલું છે એમ બાહનુ દેખડાવી જે કોઇ શખશ એ પાદશાહને મારી નાખે યાતો જીવતો પકડી આપે તેને ૧૦૦ તાલંત યાને આસરે હડી લાખ રૂપીઆ ઇનાંમમાં બક્ષીસ તરીકે આપવાનો પોતે ઢંઢેરો ફેરવ્યો. એ જુઠો શાહેલો ઉરાડવામાં તેનો મુલ મતલબ રૂમીઓ તરફેન હવેથી થઇ જવાની હતી, જે આ નીચલા હેવાલથી શાફ માલમ પડી આવશે.

આ ફતેહ પછી પોમપીઉસ હવેથી તીગ્રાન શામને થવા પોતાના લશકરને આરરમીનીઆ ભણી લઇ ચાલીઓ. તાંહાં આવી જોએછે તો તે પાદશાહ પોતાના એજ નામ ધરાવનાર છોકરા શાથે એવેલાએ લડાઇમાં ગુંથાએલો હતો. આપણે આગલ જણાવી ચુકા છીએ જે એ પાદશાહ મેતરદતશાહની કલીઓપાત્રા નામની છોકરી શાથે પરણેલો હતો. તેણીને પેટથી તેને ત્રણ છોકરા તવલુદ થયા, જેઓમાનાં બે જનાઓને એ નાદાન પાદશાહે કાંઇપણ શબબ વીનાં મારી નખાવ્યા હતા. એવા ઘાટકી બાપના જુલમથી કંટારીને તેનો આ ત્રીજો છોકરો નાહાસીને પારથીઆનાં શેહન-

શાહ ફ્રરાતીસની દરબારખાતે જઇ ભરાયો હતો અને એ શેહેનશાહની છોકરી શાથે તેનાં લગન પણ થયાં હતાં. તેનો આ મહા બળવંત સસરો તેને લશકર આપી પોતાશાથે પાછો આરમીનીઆ લઇ ગયો ને તે બંને સસરા જમાઇએ અરતક્ષતા શેહેર ઉપર ઘેરો નાંખ્યો. પરંતુ તે શેહેર ઘણુ મજબુત હોવાથી અને તાહાં બચાવ શારૂ શઘલાં સાંધનો પુરેપુરાં જોવાથી ફ્રરાતીસે થોડુક લશકર એ ઘેરો લંબાવવા પોતાંનાં જમાઇનાં શવાધીનમાં રેહવા દઇ બાકીનાં લશકર શાથે પાછો તે પોતાને દેશ ફરયો. આવો મામલો જોઇ તીગ્રાન તરત પોતાના ચુનંદા શવારો સાથે પોતાના છોકરાના લશકર ઉપર ઉતરી પડયો, અને તે લશકરને હરાવી તેને પોતાનાં દેશમાંથી મારી હઠાવ્યું. આ માઠા બનાવ પછી તે જુવાન શાહાજાદાએ પોતાના મમાવા મીથ્રેદેતીશ શોદે જઇ, મલીજવાનો પોતે પકો ઇરાદો કર્યો, પરંતુ વાટમાં તેને એવી ખબર મલી જે મેતરદતશાહે તો મોહોટી હાર ખાધી છે જેથી તેનાંથી મદદ મેલવવાની આશામાં પોતે નાઉમેદ થયાથી રૂમીઓની શાહેતા મેલવવાનો તેને હવે ઠેડાવ કર્યો અને પામપીની છાવણીમાં જઇ તેની મદદ માગવા વીશેની મીનતજારી કરવા લાગયો. પોમપીએ તેને બાઇજતથી પોતા શોદે બેશાડયો અને તેનાં આવવાથી પોતે બહુ મધન થયો કારણ એજે તે પોતેબી આરમીનીઆ ઉપર શવારી કરવાનો હાલમાં ઇરાદો રાખતો હતો માટે આવો ભોમીઓ પોતાને ઘણો અગત્યનો થઇ પડશે એમ તેને વીચાર્યું, અને પોતાને અરતક્ષતા ભણી લઇ જવા તથા ભોમીઆ તરીકે શઘલો રશતો રૂમી શીપાહોને દેખડાવવા તેણે તેને તરતજ અરજ કરી. તીગ્રાન આ ખબરથી ઘણો ઘભરાયો અને રૂમીઓની આવી બલવંત ફ્રાજ શામણે તે થઇ શકશે નહી એવી તેની ખાંતરજમાં થયાથી આ રૂમી શરદારની શખાવત તથા તેના મોટા દીલગુરદા ઉપર પોતાનો આશરો બાંધવાનો પોતે ઠેડાવ કર્યો. જે એલચીઓ મીથ્રેદતીશે તેનાપર આગલ મોકલાવ્યા હતા તેઓને તેણે પોમપીને શવાધીન કરવા તેની છાવણી ખાતે રવાના કરી આપ્યા અને તેઓની પુછવાડે પોતેબી રૂમીઓની છાવણી ભણી શીતાબીથી નીકલી ચાલીઓ. પોતાનાં બચાવ વીશેની કશીપણ શંભાલ લેયાવીનાં તીગ્રાન હવે રૂમી છાવણીમાં દાખલ થયો અને પોતાનાં શરોર તથા તાજને પામપીઉસ તથા રૂમીઓના પગ આગલ ધર્યું અને બોલ્યો જે શઘલા રૂમીઓમાં મને તમો (પામપી) ઉપર વીશવાશ મેલવા પુરતો ભરોશો છે માટે તમે જે રીતે મારા નશીબાનો ચુકાદો કરો તેપર હું અમલ કરવાને રાજી છું. જે માણવીને કોઇ પણ જીતી ન શકે તેવા તમારા જેવા માણશથી હું હાર ખાઉતો તેમાં હું કશું શરમ ભરેલું ગણતો નથી અને નશીબાએ તમને શરવે માણવીઓ ઉપર સરેશ્ત કર્યાછે તો તેવા માણવીને તાબે થવામાં હું કાંઇ એબ જેવું જોતો નથી. રૂમીઓની છાવણી આગલની ચર શોડે જારે આ અરમાની પાદશાહ પોતાના ઘોડા ઉપર શવાર થએલો આવી પોહોચીઓ ત્યારે પોમપીના બે હાદીકાંમપો (લીકતરો) તેની એશતેકબાલ આવી ઉભા અને પાદશાહને અરજ કરી જે કોઇબી પરાહણાને રૂમીઓની છાવણીમાં ઘોડેશવાર દાખલ કરવાનો અમારામાં રવાજ નથી માટે તમારેબી પાઉપીયાદા થવું જોઇએ. તીગ્રાન આ હોકમને શીતાબીથી તાબે થયો ને પોતાની તરવાલ મીઆનમાંથી ખેચી પેલા હેદીકાંમપોને શવાધીન કીધી અને પછી જ-

યારે પોમપીની શનમુખ પોતે આવી પોહો-ચીઓ ત્યારે પોતાનુ તાજ કાહાડી તેના પગ આગલ મેલવા જઇ જમીનપર પડી જેવો તેને પગે લાગવા જતોહતો કે તેવોજ પોમપીએ તેને અટકાવ્યો અને તેનો હાથ પકડી પોતાના ખાશ તંબુમાં લઇ જઈ તેને પોતાની જમની બોરદુએ બેશાડયો અને તેના છોકરાને પોતાની દાબી બાજુ બેશવાનો હોકમ કીધો. ત્યારબાદ આપણે હવે કાલે મલી વરી ફરીને વાતચોત કરશું એમ બોલી પોમપી પેલી મીજલશમાંથી ઉઠી ગયો અને પાદશાહને તથા તેના છોકરાને રાતે પોતાની શાથે ભોજન કરવાને બોલાવ્યા; પરંતુ પેલા છોકરાએ તેનો બાપ જો તાંહાં આવે તો તે ખાંનાંમાં હાજર રેહેવા પોતાની મરજી ન દેખડાવી, તથા પોતાના મુરબીને આ વાત ચોતની વેલાએ કશુ માન અકરામ પણ આપ્યું નહીં અને ગોયા તે કોઇ પરાહણો હોએ તેમ તેની તરફ દવેશભાવ દેખડાવ્યો તેથી પામપીને આ તેની વર્તણુંક માટે બહુ રીશ ચહડી.તોબી તીગ્રાન વચેની આ મારામારીનો સઘલો ફેશલો કરવા તેણે પોતે કબુલાત આપી ને રૂમીઓશાથે વગર કારણે તેને લડાઈ ઉઠાવી તેઓને અમસ્થા ખરચમાં નાખ્યા, માટે એ લડાઇનો શઘલો ખરચ જે છ હજાર તાલંટ યાને આશરે નેવું લાખ રૂપીઆનો થયો હતો તે તેને ભરી આપવા જણાવ્યું અને યુફરેતીશ નદીની બંને બોરદુ તરફનાં જેબી સ્વસ્થાનો તે જીતી લઈ પોતાને શવાધીન કરી બેઠો હતો તે પાછાં રૂમીઓને શવાધીન કરવા તેને કહ્યું ને ફકટ આરમીનીઆનો, પોતાનો બાપીકો મુલકજ તીગ્રાનને તેના સવાધીનમાં રેહેવા દેવા જણાવ્યું. તે શાથે એ મુલકની બાજુ તરફના બે પ્રાંતો નામે ગોરડીઆના તથા સોફીનાંને પોતાની હઈ-આતીમાંજ પોતાના આ છોકરાનો શવાધીનમાં આપવા અને બાપના મરણ પછી આરમીનીઆનો શઘલી ગાદી તેનેજ મલે તેવો ચુકાદો કીધો. રૂમીઓને તેને નેવું લાખ રૂપીઆ ભરવાના હતા માટે સોફીનીમાં જેબી માલ ખજાનો હતો તે તીગ્રાનનાંજ શવાધીનમાં પામપીએ અપાવ્યો, કારણ એજે નહી તો કે તે પોતાનુ આ કરજ રૂમીઓને અદા કરી શકતે નહી. આ ચુકાદો અરમાનીઓનાં આ પાદશાહને મન પતીજ લાગયો; કારણ કે તેથી તેનુ તાજતો શલામતજ રહ્યું હતું; પરંતુ આ તેના છોકરાને એ ફેશલો મુતલગ પશંદ પડયો નહી કેમકે તેણે તો કાંઇ મોહોટી ઉમેદો બાંધી હતી માટે પોમપીને કેહેવા લાગયો જે તમારી આગલી કબુલાત પ્રમાણે મારી શાથ ચાલવા તમો હાલ બંધાએલા છો. એપર જયારે કશું લક્ષ આપવામાં આવ્યું નહીં ત્યારે તે આ ચુકાદાથી ઘણો નારાજી થઇ તાંહાંથી શટી જઇ કાંઇ નવું હુલડ વરી મચાવાનો પોતે મનશે વીચાર કરવા લાગ્યો, પણ પોમપી તેની આ મતલબ તરત શમજી ગયો અને તાંહાંથી તેને કેથે બાહેર નહી છટકવાનો પોતે હોકમ કરીઓ. ને જયારે એવીજ હઠ લઇ બેથો કે મારા બાપના શવાધીનમાં પેલો શઘલો ખજાનો જે સોફીની પ્રાંતમાં હતો તે હું નહીજ શવાધીન કરૂ ત્યારે પોમપીએ તરત તેને કેદખાનામાં નખાવ્યો. ત્યારબાદ પામપીને માલુમ પડયું જે એ છોકરો હજુર અરમાની અમીર ઉમરાવોને બંદ ઉઠાવવા ઉશકેરતો ફરેછે અને પારથીઅનોનેબી તેમ કરવા ભલામણ કરેછે માટે પોતાની ફતેહનો શાબોલો કાહાડતી વેલાએ રૂમમાં તેને તેમાં ચલાવવાનો ઠેડાવ કરી મજબુત દેખરેખ અંદર પોતાની શાથ રાખી મેલ્યો. આ વાતનો ખબર જાહારે પારથી

આના શેહેનશાહ ફરાતીશને પડી ત્યારે તેણે પોતાના જમાઇને પોતાને શવાધીન કરવા પોમપીને કેહવડાવી મોકલાવ્યું અને માંગની કરીજે યુફરેતીશ નદીનેજ તમારી ફતેહની હદ્દ ગણી હદ કરવી અને તેથી વધારે આગલ રૂમીઓએ ચતરાવવી નહી. તેના પ્રતી ઉતરમાં પામપીએ પારથીઆના શેહેનશાહને જણાવ્યું જે તમારા કરતાં આ જુવાન શાહાજાદા ઉપર તેના બાપનો હક વધારે પોહોચેછે અને મારી ફતેહ જેમ મારા ધીઆનમાં આવશે અને મને વાજબી લાગશે તાંહાં શુધી ચતરાવીશ કે જે વચે તમારે પડવાનો કશો હક ઇલાકો નથી. હવે જ્યારે પેલો સોફીની પ્રાંતનો શઘલો ખજાનો તીગ્રાનને શવાધીન થયો ત્યારે તેને પેલા નેવું લાખ રૂપીઆ રૂમીઓને ભરીઆ એટલુજ નહી પરંતુ દરેક રૂમી શીપાહોને ૫૦ દરાકમ યાને આશરે ૧૧ રૂપીઆ, દર શો શીપાહીઓનો ઉપરીવાલા જમાદારોને એક હજાર દરાકમ યાને આશરે હડીશો રૂપીઆ અને દરેક ત્રીબ્યુનને દશ હજાર દરાકમ યાને આશરે હડી હજાર રૂપીઆ પોતાની ગીરોથી ભેટ આપ્યા. આવી તેની શખાવતને લીધે રૂમો શીપાહીઓનો તે બહુ માનોતો થઇ પડીઓ અને તેઓએ તેને રૂમી લોકોનો દોશત તથા એક શંપીલો એવો એલકાબ આપયો. આ એની ચાલ માફ થઇ શકે તેવી છે પરંતુ રૂમીઓની બાંહેધરી, લડીયા વીના આવા જોરાવર પાદશાહે એકદમ પોતે બાહાલ રાખી તેથી આ એની વર્તણુકથી એનો કીરતીને બહુ ઝાંખ લાગે તેવુંછે; અને ઇતીહાશ કરતાઓની એ તાનાજનીમાં આવી શકે તો તેમાં કોઇ પણ રાસ્ત ઇનશાફ તોલનારને માઠુ લાગી શકનાર નથી. પોમપીએ આરીય બુરઝીનને હવેથી તમામ કાપાદોશીઆનો મુલકબી ફરીને શવાધીન કરીઓ અને તે શાથે સોફીના અને ગોરડીઆનાંનાં પ્રાંતો જે તેને પેલા જુવાન તીગ્રાન શારૂ લઇ રાખ્યા હતા, તેબી આરીય બુરઝીનનેજ શવાધીન કીધાં અને આરમીનીઆમો શઘલો બંદોબસ્ત આ મુજબ કરી આ રૂમી શીપેહેશાલર મીથ્રેદેતીસનો દુમબાલો પકડવા હવે પોતે ઉતર ભણી રવાનાં થયો; પરંતુ જ્યારે તે સાઇરસ અથવા સીરનસ નદીનાં કીનારા ભણી આવી પોહોચીઓ ત્યારે તેને આલબાનીઅન તથા આઇબીરીઅન જેવાં બે જોરવર ટોલાંઓએ આગલ જવાનો રશતો આપીઓ નહી. એ ટોલાં એ વેલાએ કાસપીઅન તથા યુકશાઇનના દરીઆ વચે રેહેઠાન કરી પડેલાં હતાં. આથી તેણે તેઓ શાથ લડાઇ કરી તેઓને મારી હઠાવવાની ફરજ પડી, જેથી આલબાનીઅનોએ પછી શુલેહ ચાહાવાથી પામપીએ તેઓ શાથે સુલેહના કોલકરારો કરીઆ ને તે આખો શીઆલા તેણે પછો તેજ દેશમાં કાહાડયો. બીજે વરશે યાને ઇ૦ પુ૦ ૬૫ ની સહરૂઆતમાં તેણે પાછી આઇબીરીઅનોનાં મુલક ઉપર શવારી કરી. એ લોકો ઘણા લડાએક હતા અને અત્યાર શુધી તેઓને કોઇએ પણ જીત્યા ન હતા. મીદીઅનો પછી પારશીઓ અને ત્યારબાદ માસીદોનીઅનો વારા ફરતી આખા એશીઆના મુલકોની શેહેનશાહત પોતાને હાથ જે કરી બેઠા હતા તે શઘલા હીંઘામો ઉપર એ લોકો પોતાનું છુટાપણું તથા આપખત્યારી જાલવી શકયા હતા. ઘણીએક મેહેનતથી પામપીએ આખરે એઓને તાબે કીધા અને શુલેહના કોલકરારોપર આવી જવા તેઓને ફરજ પાડી. એ લોકોના પાદશાહે દોસ્તીની ઇધાની તરીકે રૂમી શીપેહેશાલાર ઉપર એક તખ્ત, એક તેબલ તથા એક બીછાનું મોકલી આપી, તે ભેટ કબુલ રાખવા તેને નમન-

તાઈ શાથે અરજ કરી. એ શામાન શઘલો સંગીન તથા બતશુંનાનો બનાવેલો હતો અને પોમપીએ તરતજ તેને રૂમની તીજોરી શારૂ તેનાં રખેવાલના શવાધીનતમાં મોકલી આપ્યો. કાલચાસના લોકોનેબી એણે એવેલાએ વાટમાં જીતી લીધા હતા ને તેઓના પાદશાહ ઓલથાસીસને કેદ પકડીઓ અને પાછલથી પોતાના શાહબોલામાં તેને ફતેહની નીશાની તરીકે રૂમમાં ચલાવ્યોબી હતો. ત્યાહાંથી તે આલબાનીઆ તરફ તાહાના લોકોને શજા કરવા પાછો ફરીઓ, કારણ એજે જ્યારે આઇબીરીઆ તથા કાલચીસના લોકો શાથે એ લડાઇમાં ગુથાએલો હતો ત્યારે તે લોકોએ રૂમીઓ શામને ફરીને લડાઇ ઉથાવી હતી.

એ વેલાએ પાદશાહ ઓરોદીસનો ભાઇ કોસીસ એ આલબાનીઅનોનાં લશકરનો શીપેહેશાલાર હતો. એ શાહાજાદાએ જેવાં આ બંને લશકરો શામશામાં લડાઇની શફ શમારી આવી ઉભાં કે તરતજ પોતે પોમપી તરફ નેમ ટીકાવી પોતાનો ઘોડો તે તરફ દપટાવી પોતાનો ભાલો તેનાપર ફેંકીઓ; પરંતુ પામપીએ તે પોતાના ભાલાથી શીતાબીથી ઘણી શાહુચેતી રાખી જીહલી લીધો અને પાછો એ શાહાજાદાનાં દીલપર એટલાતો જોશથી ફેંકી દીધો કે તેથી તે મુરદુ થઇ પોતાના ઘોડાના પગ હેઠલ પડીઓ. આથી આલબાનીઅનોને મોટી શીકસત મલી અને નાહાશ ભાગ કરતાં તેઓનો મોહોટો ભાગ મારીઓ ગયો. આ ફતેહને લીધે પાદશાહ ઓરોદીસને રૂમીઓ શાથે ગયે વરસ જે બંદોબસ્તો કરીઆ હતા તેવાજ વલી ફરીને, ઘણોએક હદીઓ તથા ભેટ મોકલી શુલેહના કોલકરારો કરવાની ફરજ પડી, અને તેપર બરોબર અમલ કરવા અને હવેથી એ કબુલાતો પાલવા પોતાના એક છોકરાને ઓલમા પણ તેણે આપ્યો.

એ અરસામાં પેલા કીલા તરફથી સીનોરીઆ તરફ પછી નાહાસી ભરાઇ મેતરદત શાહ વલી ફરીને બીજું નવું લશકર જમાવ કરી આરમીનીઆ તરફ નીકલી આવવાની જેવી તઇઆરી કરતો હતો કે તેવામાંજ તેને તેના જમાઇની બેઇમાની વીશેની શઘલી વાંત માલુમ પડી ગઇ. એથી તે ઊગમન તરફ તરત પાછો હઠયો અને ફાસીસ નદી ઓરંગી પોતાની શીઆલાની છાવણી યુકશાઈનના દરીઆની ઇશાન ખુણ ભણી દીઆસ્કોરીઆસનો પ્રાંત જેને હાલ જમાનામાં મીંગ્રેલીઆ કરી કેહેછે તાંહાં નાખી પડીઓ. તાંહાથી તે પાનતીકેપીઅમ તરફ પાછો હઠયો અને ૬૦ પુ૦ ૬૫ નાં વંશતની શહરૂઆતમાં એ પાદશાહ સીમીરીઅન બાસફોરસ તરફ કુચ કરી ગયો. ત્યાં એને કેટલાંએક તુરાની (સીથીઅન) ટોલાંઓએ ખુશીથી રસ્તો આપયો હતો પણ કેટલાએકોએ જે એને પોતાનાં દેશમાથી રસ્તો આપીઓ નહી તેઓને એને મારી હથાવવાની એ વેલાએ ફરજ પડી હતી. એ (સીમીરીઅન બાસફોરસના) રાજને હાલનાં વખતમાં કરીમ તારતારી કરી કહેછે અને તે વેલાએ એ પ્રાંત મેતરદતની શેહેનશાહાતમાં ગણાતો હતો અને પોતાના છોકરા માહાચેહેર (મચારીસ) ના તાબા હેઠલ સોપવામાં આવેલો હતો એમ આગલ આપણે જણાવી ચુકાછઇએ. પણ રૂમીઓએ જયારે પાછલથી સીનોપે શેહેર ઉપર ઘેરો ઘાલીઓ અને તેઓનુ દરીઆઇ લશકર તે શેહેર અને એના રાજ વચે યુકશાઇનનો દરીઓ જે આવેલો હતો તેની માલેકી રૂમીઓને હાથ કરી બેઠું હતું ત્યારે એ જુવાન શાહજાદો કબજમાં આવી ગયાથી તેને રૂમીઓ શાથ શુલેહ કરવાની ફરજ પડી, અને અત્યાર શુધી તે કબુ-

લાતો તેણે ઇમાનદારીથી પાલીઆ કરી હતી. તેને શારીકાંની માલમ હતું જે આ કોલકરારો મારા બાપને મુતલગ પશંદ નથી અને મારી આ ચાલથી તે મારા ઉપર બહુ ખપા થએલોછે માટે હવે તેની રૂબરૂ થવા તેના દીલમાં મોહટો ભય પેદા થયો; અને પોતાના બાપનુ મન મનાવવા હજુરતો તે વાટમાંજ હતો એટલામાં તેનાં ઉપર પોતાના એલચીઓને રવાના કરી આપ્યા અને કેહવડાવ્યું જે મને મારી મરજી ઉપરાંત આ પ્રમાણે નાચારીથી મારી બેતંગ હાલતને લીધે તે બંદોબસ્તો બાહાલ રાખવા ફરજ પડી હતી ને જેમાં કે મારો કશો ચારો રેહો નહતો. પણ મેતરદતશાહ આ, તેનાં આવાં શમજાવ્યાથી મુતલગ દગમગીઓ નહી માટે દરીઆને રશતે તે પોતાના મુલકમાંથી તરત શટી ગયો પરંતુ તેને પકડી લાવવા એ પાદશાહનાં વહાણો જે તે લતા તરફ ફરતાં હતાં તેઓનાં હાથમાં એ શાહજાદો આખરે શપડાઇ ગયો અને પોતાના બાપના હાથમાં જવા કરતાં તેણે આપઘાત કરી પોતાનો જાન બરબાદ કરવામાં પોતે વધારે દુરશત વીચાર્યું. ઉતરમાં આ મુજબ આ લડાઇનો છેડો આવી ગયાથી પામપીએ, મેતરદત જે હવે ઘણો દુરવેર હઠયો હતો તેથી તાંહાં શુધી તેનો દુમબાલો પકડવામાં દરૂસ્ત વીચારયું નહીં તથા પોતાના લશકરની તેમા શલામતી જેવું ધારયું નહીં; માટે તે પોતાનાં લશકરને હવે દક્ષીણ તરફ લઇ ચાલીઓ અને વાટમાં પોતે મીદીઆ આલો પેતીનનાં જરથોશતી રાજા દરાયસને તથા કોમાજીનીનાં પાદશાહ એનતીઓકસને રૂમીઓની બાહેધરી લડાઇ કરીને બાહાલ રખાવવા ફરજ પાડી. તાંહાંથી તે શામના મુલક તરફ ગયો અને તે શઘલો દેશ પોતાના તાબાં હેઠલ કરી લીધો. એનાં હાથ હેઠલનાં એક શરદાર નામે સકારૂસે એજ વેલાએ સીલીસીરીઆ અને દમાશકસ (દમશક)નાં પ્રાંતો રૂમીઓ શારૂ જીટી લીધાં અને ગેબીનીઉશ નામનાં બીજા રૂમી શરદારે તાઇગરીશ નદી શુધીનો શઘલો મુલક પોતાના તાબા હેઠલ કરી લીધો. એનતીઓકસ યુસીબીઅસનો છોકરો એનતીઓકશ એશીઆતીકશ જે સીલુકશના ખાનદાનનો હકદાર વારેશ ગણાતો હતો અને તીગ્રાન શાથે આગલ લડાઇ કરી, તેનાં મેલી દેવાથી કેટલાએક પ્રાંતોની હાકમી પોતે લુકલશના હોકમથી પોતાને હાથ કરી બેશી ત્યાં ચાર વરશ શુધી જે રાજપાટ ભોગવી ગયો હતો, તે આવી હવે પોમપીને પોતાના બાપદાદાના તખત ઉપર પાછો બેશાડવા બીનતજારી કરવા લાગ્યો. પણ પામપીએ તેની મુલાકાત લેવા ના પાડયું અને તેનાં શઘલા મુલકો પોતે લઇ લઇ તેઓને રૂમનાં તાબા હેઠલના પ્રાંતો વચે વેહેચી નાંખ્યા. એમાં એ રૂમીશરદારે તે બીચારા શાથે ઘણી બેર ઇનશાફી કરી હતી, કેમકે તીગ્રાન જેને રૂમીઓને આગલ ઘણું દુઃખ દીધું હતું તેવા પાદશાહના હાથમાં તેને આરમીનીઆનો મુલક રેહેવા દીધો અને આ બીચારો એનતીઓકસ જેને રૂમીઓને કશી પાંતીએ છેડીઆ ન હતા તેને ગાદી ઉપરથી પદભ્રસ્ત કરીઓ. કેહેવત મશહુર છે કે "આ બેત કીશકા"? તો બનીએકા; "સોલુટ લેઓ"? તેવી નીચ વર્તણુક એ બીચારા ગરીબરા રાજા સાથે એણે ચલાવી હતી એમ વરતવા સારૂ પોતા તરફથી શબબ એમ આ રૂમી શરદારે દેખડાવ્યો હતો જે રૂમીઓએ તીગ્રાન શેઠથી શામ (સીરીઆ)નો આખો મુલક જીતી લીધેલો છે માટે એ ફતેહનું ફળ શાને શારૂ આપણને બીજાને ખાવા આપવું જોઇએ, તે શાથે એનતીઓકસમાં પોતાના દેશના બચાવ શારૂ, હીમત કે બલ કશું પોતામાં તો છેજ નહીં.

માટે એ મુલકો તેના શવાધીનનાં રેહેવા દીધાથી યાહુદી તથા અરબો તેના મુલક ઉપર શદા ચહડાઇ કરીઆ કરી તે પ્રાંતો વેરાન કરીઆ કરશે માટે બેહેતર એ છે જે એ મુલકો આપણે લઇજ લેવા જોઇએ. આવી તકરાર ઉઠાવ્યાથી ગરીબ બીચારા એનતીઓકસને હવે પછી એક શાધારન માણશ તરીકે પોતાની જીંદગીનાં બાકીનાં દાહાડા ગુજારવા પડયા હતા અને સીલુકસનાં ખાનદાને એસીઆની ભુમીમાં લગભગ હડીશો વરશ શુધી રાજપાટ ભોગવ્યા બાદ તે ઇ૦ પુ૦ ૬૫ માં એ રાજાનાં દોરમાં હવે પડી ભાગુ હતું, માટે તે ખાનદાનનો એ શખ્શ શઉથી છેલો પુરૂશ ગનાએછે.

મીસરમાંખી એજ હીંગામમાં મોહોટા ફેરફાર થઈ ગયો હતો. એલેકજાનદ્રીઆ (શીકંદરીઆ) નાં રેહેવાશીઓએ પોતાના પાદશાહ એલેકજાનદરથી કંટાલી તેની શામને બળવો ઉઠાવી તેને શેહેરમાંથી હાંકી કાહાડી તાંહાંની ગાદી ટોલેમી ઓલીતીસનાં શવાધીનમાં શોપી જેથી રૂમીઓને આ મારામારી વચે ગુથાવું પડયું હતું, પરંતુ તે વીશેની શઘલી તવારીખ શાથે આપણને કશું કામ નથી માટે તેનો ચુનોચરા હેવાલ અત્રે આપવા હું દરૂસ્ત વીચારતો નથી. એ પછી પ્લુતારકના જણાવ્યા મુજબ પામપીઉસ ખુદ પોતે દમાશકસ (દમસ્ક) શેહેર તરફ ગયો, જાંહાંથી મીસર તથા જુદીઆનાં યાહુદીઓનાં રાજ વીશે તેણે ઘણીએક બાબદોના ફેશલા આણ્યા હતા. એજ વેલાએ તાંહાં બાર જુદા જુદા મુલકોના નવા નવા રાજાઓ એકજ વેલાએ આવી પોંહોંચી રૂમીઓની બાંહેધરી એની શનમુખ પોતે કબુલ રાખી ગયા હતા. ગાદીપર આવવા સારૂ બાપ બેટાઓ વચે એ જમાનામાં મોહોટા જઘરો ઉઠતો હતો અને એક મેકનુ ખુન કરવા તેઓ કશી પાંતીએ આંચકો વઠીક ખાતા ન હતા પરંતુ તેથી એક ઉલટોજ દાખલો બંને બાપદીકરાને શોભાઆપે તથા તેઓનાં માન અકરામમાં હુમેરો કરે તેવો વેલીરીઅસ માક્ષીમસ નામનો એક રૂમી ગ્રંથકાર જણાવી ગયોછે. કાપાદોશીઆનાં જરથોસ્તી રાજા આરય બુરજીને પોતાની રાજી ખુશીથી પોતાનુ તાજ પોતાને હાથે પોમપીની રૂબરૂમા પોતાના છોકરાનાં માથા પર મેલ્યું. આ બનાવથી હરેક નાલાએક છોકરો પોતાના બાપનીજ હઇઆતીમાં પોતાને તાજ મલી ગયાથી ઘણો મઘન થયા વીનાં રેહેતે નહીં, પરંતુ આ શાહાજાદાએ આંખમાં આંશુ લાવી તે તાજ લેવા ઘણી પોતા તરફથી નાખુશી જનાવી અને પોતાનાં બાપનાં હોકમને તાબે થવા ઘણી નમનતાઇથી તેને ના પાડીઉ અને પોતાનાંજ વીચારને મજબુતીથી વલગી રેહો. આથી પામપીને તેઓની વચે પડવા ફરજ પડી અને પેલા શાહાજાદાને પોતાના બાપનાં હોકમને માથે ચહડાવવા ઘણુએ તેણે શમજાવીઉ જેથી આખરે તેને ઘણી નાંખુશીથી તે તાજ બાહાલ રાખવા ફરજ પડી. એ દેશનો હેવાલ હવે પછી વીગતે આપવામાં આવશે જાહાં એની પુરવે બી આરીયરથ (આરીઆરથીસ) નામના બે બાપ દીકરાઓએ પણ એવીજ બુલંદ ચાલ એકમેક શાથે ચલાવી હતી અને આવાં મોટાં દીલનો આ એક બીજો દાખલો પણ દરેક જરથોશ્તીઓને પોતાના આગલા પાદશાહોની વરટણુક તરફ માન અકરામથી જોવા તવારીખનાં શફા આપણી શનમુખ જે લાવી ધરેછે તેપરથી તે જમાનાંમા મેજાઇ (મોબેદ) લોકો માંજદીઅશના ટોલાંના શાહજાદાઓને ધરમ તથા નીતી શબંધી ઘણા ઓત્તમ ધડા આપતા હતા એમ અનુમાન થઇ શકેછે અને જે વાતને અત્રેઆ વઠીક ટેકો આપી જાએછે.

મેતરદતશાહના તાબા હેઠલ પોનતસ તથા કાપાદોશીઆના ઘણાએક કીલ્લા હજુરવેર ટકી રહેલા હતા માટે પોમપીએ તે દરેક કીલ્લા પોતાને શવાધીન કરી લેવા અગત્યનુ વીચાર્યું. તાંહાં જઇ તે શઘલા કીલ્લા એક પછી એક તેણે પોતાના તાબા હેઠલ કરી લીધા અને પોનતસમાં આસપીસ (અશ્પેશીહા ?) નામનું જે એક શેહેર હતુ તે તરફ જઇ પોતે શીઆલામાં પછી છાવણી નાંખી પડીઓ. હવે બોસફોરસ આગલ એ પાદશાહનો જે એક કીલ્લો હતો તાંહાં ઘણોએક માલ ખજાનો શાંતેલો હતો અને તે પોતાની એક રાણી સત્રાતોનોસેનાં શવાધીનમાં મેતરદતશાહે સોપીઓ હતો તે કીલ્લોખી પેલી મુજી ઓરતે પોમપીને પોતાની રાજી ખુશીથી શવાધીન કરી દીવો અને તેની શાથે પોતે એવો બંદોબસ્ત કરીઓજે મારો છોકરો ઝીપારીસ જો તમારા હાથમાં કોઇ કાલેખી સપડાઇ જાએતો તેને મને પાછો તમોએ શવાધીન કરવો. તે શાથે તેણીએ કેટલોક હદીઓ પણ એ રૂમી શીપેહેશાલાર ઉપર મોકલી આપ્યો જેમાંથી પોતાના દેહેડાની શોભા શારૂ લાએકનો માલ ખજાનો જે હતો તેટલો પોમપીએ શઘલો કાહાડી લઇ બાકીનો પેલી રાણીપર પાછો રવાનાં કરી આપ્યો. મેતરદતને પોતાની ઓરતની આ નીમખહરામ ચાલચલણ વીશે માલુંમ પડયાથી તેણે બહુ રીશ ચહડી અને ઝીપારીસને તેની માએની આવી ધીકાર ભરેલી ચાલ માટે તેણીની શનમુખજ પોતે મારી નખાવ્યો. આ કમકમાત ભરેલો દેખાવ તેણીએ પેલી સામુદ્રધુણીની બીજી બારદુએથી જોયા કીધો હતો અને પેલો કીલ્લો પોતાની મતલબ જાલવવા શારૂ દુશમનને શવાધીન કીધો તેનો બદલો એ રાણીએ આ મુજબનો જોયો હતો કે પોતાનાં પેટુના બચ્ચાંનો પીયારો જાન તેણીએ બેરબાદ કરાવ્યો હતો. હવે પોનતસમાં કેઅન ઇયાને નવું શેહેર નામે એક મજબુત જગા હતી જેમાં મેથ્રિદેતીસ પોતાનો ઘણોખરો ખજાનો તથા ઘણોક કીમતી અશબાબ તે જગા કોઇથી નહી જીતી શકાએ તેવી મુશતકીમ કરવામાં આવેલી હતી તેથી તાંહાં રાખી મેલતો હતો. પોમપીએ તે જગાખી પેલા કીમતી ખજાનાં તથા માલ અશબાબ શીખે પોતાને તાબે કરી લીધી. તેમાં એનુ સ્મરણ પુશતક જેમાં એની જીંદગીમા બનેલા શઘલા બનાવોનુ ચરીત્ર એણે પોતાને હાથે લખી રાખ્યું હતું તે દફતર બી એ રૂમી શરદારને હાથ આવ્યું હતુ જેપરથી એનાં ઘાતકી સ્વભાવ વીશેનાં કેટલાએક પુરાવા આપણને મલી આવેછે. જેમ એ પોતાના દોશ્ત આશનાઓ તરફ ઘણી રેહેમ નજર અને ઢીલી દોરી રાખતો હતો તેમજ પોતાનાં દુશમેનો તરફ એ બહુ કુરૂરદીલ દેખડાવતો હતો, પછી તે દુશમેનો પોતાનાં અતલગનાં શગાં કે છોકરાઓ વટીક હોએ તોબી ઇનશાફને ખાતર યાતો દવેશબુદ્ધીથી તેઓ તરફ બહુ સખત દીલ જે એ દેખડાવતો હતો તેમાં એનો હેતુ શારો કે માઠો હોએ તે એનાં દીલની વાતતો શરવ શકતીવાન પ્રમેશ્વર જાણે, પરંતુ આપણને તો એનાં કામ ઉપરથી એને પીછાનવો જોઇએ. એમાં એનો હેતુ બદલોકોને ઘટની શજાએ પોહોચાડવા ને તેમાંથો ઇનશાફને ખાતર પોતાના છોકરાને વટીક છોડવો નહી; એમ જો હોએ તો એની આવી વરતણુક તરફ આપણે કેટલેએક દરજજે માન અકરામ શાથે જોયા વીનાં રેહેશુ નહી પરંતુ તેમાં કીનાં જેવી મતલબ હોયે તો આવી બદ ચાલ વીશે એની કોઇ પણ દાનાવ શખસ વખાણ કરી શકશે નહીં. એ પુશતકના એક ભાગમાં કેહેછે જે

એને જેબી શખસોને વીખ દઇ પોતે મારી નખાવ્યા હતા તેઓના નામો જણાવેલાં હતાં. એઓમાં એકતો એનો છોકરોજ હતો જેનુ નામ આરીયરથ કરી હતું અને બીજો સારદીસવાલો આલકેઉસ નામનો કોઇ એક શખસ હતો જે એની શાથે ગાડીઓની જાહેર શરતમા એક વેલાએ એનાં ઉપર જીહત મેલવી ગયો હતો. આવી નજીવી બાબદશર એ પાદશાહ આવો નીચ ઉપાંય અમલમાં લાવે એ વાત હાલ મારા માનવામાં આવતી નથી. જેમ હેનીબાલ વીશે સરીએ સરીઆંમ કેટલાંએક જુઠાં તોહોમતો રૂમી ગ્રંથકારો દાવા દુશમેનીને લીધે જે મેલી ગયા છે તેવુજ આખી જુંઠુ તોહોમત એનાં દુશમેનોએ જાણી જોઇ એને માઠુ લગાડવાની ઇચ્છાથી લખેલું હોયે એમ મને સ્પશ્ત ભાંશેછે. પ્લીની કેહેછે જે એને દવાઇ ઉપર રચેલું એક માહાભારત પુશતક બી અહીઆંથીજ પામપીને હાથ લાગયું હતું કે જેનો એ રૂમી શરદારે લીનીયુસ નામનાં કોઇએક વ્યાકરણીની મારફતથી લાટીન જુંબાનમાં તરજુમો કરાવી પ્રજાની જાણ શારૂ પાછલથી તે ભાશામાં જાહેરાતમાં આંણયો હતો. આ પાદશાહમાં જે ઘણાએક અજાએબ જેવા ગુણો હતા તેમાં એક ગુણ કેહેછે જે એ હતો કે એ દવાઇનાં કાંમમાં પોતે ઘણો કવી હતો. જેહેરની શામને એક જાતનુ તીરીઆક પણ એનેજ શપર પેહેલાં શોધી કાહાડયું હતું, જે હજુર વેર એનાં નામથી હકીમોમાં મશહુર છે, અને તે એટલું તો ગુણ ગારૂછે કે વઇદ લોકો અદ્યાપી તેણે પોતાનાં વેહેવારમા કામે લગાડેછે. જેમ હિન્દુઓની દંતકથામાં જણાવ્યા પ્રમાણે બનારસના એક રાજા ધનવનત્રીએ અશલી હિન્દુ લોકોનાં ઓશધ વિદ્યાનો પ્રથમમા પાયો નાખ્યો હતો અને તેના એજ નામથી એક રોપો આજબી દવાઇના કામમા ઘણો ગુણ ગારો ગણાયછે અને જેમ શીનંગે ચીનાઓને મલમ પટાનો હુનર અસલમાં શીખવ્યો હતો તેમજ પોનતસ તરફના લતા તરફ આ પાદશાહ ઓશધ વિદ્યાનો ગોયા બાપજેવો પોતાનોં જમાનામા થઇ ગયો છે કે જે વાત એની કીરતીને બહુ જેબ આપે તેવી છે.

જોસીફસ, દાયનકાસીઅસ, એપીઅન તથા પલુતારક જેવા ચંચલ લખનારાઓનાં કહ્યા પ્રમાણે આસ‍ીસ શેહેરમા જયારે પામપી રેહેઠાન કરી પડયો હતો ત્યારે તાંહાં ઇ૦ પુ૦ ૬૪ માં તે દેશની હાલત અને શ્થીતીને અનુશરતા આવે તેવા બંદોબશ્તો કરવામાં પોતે મશગુલ રેહેલો હતો અને વશંતની મોશમ થઇ કે તેવોજ તે એજ કારણશર સામના મુલક તરફ પાછો પોતે કુચ કરી ગયો. મેતરદતશાહ હવેથી બાસફોરસનાં રાજમાં પોતાની રાજધાણી કરી પડાઓ હતો તેથી તાંહાં જઇ તેને શતાવવામાં એ રૂમી શરદારે પોતે દાહાપણ ભરેલું વીચાર્યું નહીં, કારણ કે તેમ કરવા સારૂ તેનાં લશકરને યુક્ષાઇનનો આઓ દરીઓ ખુશકીને રસ્તેથી પ્રદક્ષણાં કરવો પડતે, ઘણાં એક દેશોઓરંગવાં પડતે, ઘણાંએક બીઆબાનો પશાર કરવાં પડતે તથા ઘણાંએક જંગલી ટોલાંઓ શાથે લડાઇમાં હાથ લંબાવવો પડતે કે જેનું પરીણામ એ નીપજતે જે આખુ રૂમી લશકર ભુંખ, પીઆશ અને થાકથી રસ્તામાજ વખતે પોહોતું થઇ જતે તથા એ પોતે ઘણો વીપતીમાં આવી પડતેં, માટે નાકાંઓ ઘેરી લઈ રૂમી દરીઆઇ ફોજને એવીતો મજબુત રીતે ઠેકાણે ઠેકાંણે એણે ગોઠવી રાખી કે તે આ પાદશાહને ખોરાકી પોહોચતી બંદ કરવામાં ગોયા શદાજ મશગુલ રહે. આ ગોઠવણથી એણે ધારયું જે આખરે હું આ પાદશાહને તાબે થવા ફરજ પાડશ, પણ તે વીચાર એનો શપનાઈ ખીઆલ જેવો હતો માટે

હવેથી એ લતો એ શરદાર છોડી જતી વેલાએ પોતાના શરદારને એમ કહી ગયો હતો જે ભુંખ અને ગરજ જેવા માનવી જાતના બે જબરા દુશમનોને હું હવે એ પાદશાહની પછવાડે મેલી જાઉછું કે જેઓ રૂમીઓ થાનેબી એને વધારે શતાવીઆ વીનાં રેહનાર નથી.

ઠેઠ રાતા સમુંદર શુંધી પોતાની ફતે હવે પછી ફકટ કીરતી મેલવવાના ખોટા ને તકલીદી હેતુથી ચતરાવવા સારૂ શામનાં મુલક તરફ બેહદ જડપ તથા જોશથી પોમ્પી હવે નીકલી પડીઓ કારણકે આગલ સ્પેન તથા આફ્રીકાનામુલકોનીશરદારી વેલાએ ભુમધ્ય શમુદ્રને બંને છેડેની શાસુદ્ર ધુણી વચે આવેલો ઠેઠ એટલાન્તીક માહાશાગર શુંધીનો આખો બતો તો એને રૂમીઓ શારૂ જીહતી લીધો હતો અને આલબાનીઅનો સાથે લડાઈ કરતી વેલાએ એની ફતેહ છેક કાશપીઅન શરોવર શુંધી લંબાઇ હતી, માટે હવે પછી રાતા સમુદ્રર શુંધી મારી ફતેહો જો લંબાઇછે તો રૂમીઓની નજરમાં મારી કીરતી બહુ વધી પડશે એમ એનાં મનમાં ગરવ થયો. આવા બીઆલથી જ્યારે એ પોતે શામનાં મુલકમાં આવી પોહોચીઓ ત્યારે ઓરાનતીસ નદી આગલ આવેલાં એનટીઆક તથા સીલુસીઆનાં બે નામીચાં શેહેરોને એણે છુટાપણું બખશયું. ત્યારબાદ એ દમશક શેહેર તરફ રવાનાં થયો અને તાંહાંથી અરબો ઉપર શવારી કરી રાતા શમુદ્ર શુધીનાં તમાંમ મુલકો પોતાને તાબે કરી લેવાનાં એ વીચારમાં હતો એટલામાં એક એવો અકશમાત બનીઓ જે તેથી એણે એ બીઆલ પડતો મેલી પાછું પાનતસ તરફ શીતાબીથી ફરીને નીશરી આવવું પડયું.

આ બનાવની થોડુંક આગમજ મેતરદત શાહેબી પોતાના જમાઇ તીગ્રાનના દગા ફટકાથી હવે નાસીપાસ થઈ નાચારીના મારીઆ પોતે પણ રૂમની છાવણી તરફ પોતાના એલચીઓ મોકલાવી શુલેહનાં કોલકરારોપર આવી જવા પોમપીને પોતાની ખાહેશ જણાવી, અને એમ કેહવડાવીઉ જે તીગ્રાન માંફક તમો મારાં બાપીકાં મુલકો મારા શવાધીનમાંજ જો રેહેવા દેઓતો હું તમને નાણાંની એક મોટી રકમ ખરાજ તરીકે ભેટ આપી બીજાં શઘલાં મારાં જીતેલાં પ્રાંતો રૂમીઓને શવાધીન કરવાને રાજીછું. પોમપીએ આ માંગનીનાં બદલામાં એવો ઉતર મેતરદતશાહ ઉપર રવાનાં કરીઓજે તમોબી તીગ્રાંન માફક મારી શનમુખ નમનતાઇથી આવી ઉભા રેહો તો હું તમારી આ માંગણી કબુલ રાખવાને ખુશીછું, પણ એ પાદશાહનું બુલંદ દીલ આવી હલકાઇ દેખડાવવા રાજી ન હોવાથી એણે પોતાના છોકરા તથા પોતાનાં કેટલાએક અટલગના રઈકોને પોમપીની છાવણી તરફ જો તેની મરજી હોએ તો મોકલાવાની ફકત મરજી દેખડાવી પરંતુ પોતે ચાલી ચલાવીને આવવા તો તદનજ નાં પાડયું. આથી પામપી તેની આ માંગની બાહાલ રાખી શકયો નહી ને શુલેહનુ આ નાટુ વચોવચમાંજ તેથી શદંતર ભાગી પડયું. આથી મેતરદતશાહ વલી આગલી પોતાની જહડપ માંફક બીજું મોટું લશકર એકઠું કરવા ચોમેરથી શઘલી તઇઆરીઓ કરવા લાગ્યો. આવી તેની બેહદ જડપ વીશેની વાત પોમપીને માલુમ પડતાંજ તે પોતે જાતે તેપર દેખરેખ રાખવા શામનો મુલક છોડી પાનતસતરફ શીતાબીથી હવે નીકલી આવ્યો, અને એ દેશનાં આગલાં પાએતખ્ત શેહેર આમીસસમાં આવી થોડાક દીવશો સુંધી પોતે પછી તાંહાંજ છાવણી નાખો પડીઓ. અહીઆં એની

ટેહેકરાઇ તથા લાભનેલીધે જે ચુકો આગલ લુકલશે કરી હતી તેવીજ ચુકો એને હાથેબી થઈ ગઇ હતી જેમાં દેવતાઓએ પલુતાર્ક કહેછે જે એને વાજબી રાહે શજાએ પોહોચાડી દુનીઆના લોકોના ઠપકામાં શારીકાંની લાવી મેલીઓ હતો. હજુરતો મેતરદતશાહ શાથે લડાઇ ચાલું હતી તેટલામાથીજ લુકલસે આગલ ગોયા તેને શદંતર હરાવીઓ હોય તે પ્રમાણે તેનાં મુલકોનાં વીભાગો કરવામાં, બક્ષીસો આપવામાં તથા ખીતાબો વેહેચવામાં જે ભાગ લીધો હતો તે શારૂ પોમ્પીએ તે વેલાએ તેને બહુ થપકો આપયો હતો તથા તેનાં ઉપર પોતે જાહેરાત રીતે ઉતરી પડીઓ હતો. આવીજ ચાલ દૈવયોગે એનેબી આ વેલાએ ચલાવી હતી કેમક લડાઇ આખર થાએ તાંહાં શુધી કોઇબી ફૂતેહમંદ શરદારને એ પ્રમાણે અમલ કરવાની કસી પણ છુટ હોવી નથી માટે આ લડાઇનું શેવટ મનમાનતુ આવી ગયુ એવા ખોટા ખયાલથી એણેબી એ પાદશાહનાં મુલકોનાં હવે વીભાગો કરવા માંડયા તથા તાંહાની હાકેમી પોતાના લાગતા વલગતાઓમાં વેહેચી આપવા લાગયો. પરંતુ મેતરદતશાહતો હજુર જીવતો હતો અને એવા એક અખુત ઉપાયો કામે લગાડનાર બલવંત પાદશાહથી એને અદ્યાપી ચોકેલું રેહેવું જોઇતું હતું કેમકે જુહડાબંધ હારથી એ નાંમદાર પાદશાહ નાઉમેદ થાએ એવો ઇશવરે એને ગોયા શરજાવેલોજ ન હતો અને જેમ જેમ હાર ખાએ તેમ તેમ નવી નવી હીમત ધરી નવાં નવાં શાધનો કામે લગાડી વધુ બલવંત અને ભયંકાર થવા એમાં શદા ટેવ હોવાથી પોમપીને એનાથી હંમેશ બીહીનેચાલવું જોઇતું હતું. તેને બદલે તેતો એમજ શમજીઓ જે એ લડાઇનો શદંતર ગોયા હવે છેડોજ આવી ચુકયો છે માટે મજકુર ચુકો પોતેબી કરવા લાગયો. જ્યારે એનાં દુશમનો એમજ માનતા હતા કે હવે એ પાદશાહ થઇ ચુકયો ત્યારેતો તે વેલાએ આ મકમ ઠેડાવવાલો રાજા જે લશકર પોતે હાલ એકઠું કરી બેઠો હતો તેની શાહેતાથી રોમ ઉપર એક જબરદશ્ત હલ્લો કરી હેનીબાલ માંફક રૂમીઓને તેઓનાં પાએતખત શેહેર શુધી ઠેઠવેર ગુશી જઇને ધ્રુજાવવાનાં ઇરાદામાં પોતે મશગુલ રહેલો હતો અને તે વીશેની શઘલી તઇઆરીઓ પોતે કરવામાં ગુથાએલો હતો. આ લડાઇની વેલા રૂમીઓની સદા પક્ષ અને બાજુમાં રેહેવાથી પોમપીએ હવે આ બખશેસો વેહેંચી આપતી વેલાએ ગાલેશીઆના શાહજાદા દેજોતેરસને નાહાનું આરમીનીઆ બક્ષેસમાં આપયું અને તેને પાદશાહનો એલકાબ વટીક પોતે ભેટ કરયો. આ ભેટની નીમખ હલાલીમાં એ નવો પાદશાહ શદા પોમપીની બોરદુ સેતો હતો જેથી આગલ જતાં કેસરની નજરમાં એ બહુજ અકારો થઇ પડયો હતો અને પોતાનાં બચાવમાં સીસરોની ફશાહત ભરેલી જુબાનની મદદ મેલવવાની તેને આખરે ફરજ થઇ પડીહતી. પોનતસમાં કોમાનીઅન નામનો જે એક ટોલો હતો તે માહાતાબની પરશતશ કરતો હતો તેઓનો તેણે હવે આરકીલેઅસને મોટો ધરમગુરૂ નેમ્યો ને તેનાં શવાધીનમાં તે જગાની પાદશાહત પોતે બખશેશ કીધી. આથી આ દેવીનાં જે છહજાર પુજારા હતા તેઓની તેને હાકમી મલી હતી. આ જુવાન આરકીલેઅસ એજ નામ ધરાવનાર મોટા આરકીલેઅશનો બેટો થતો હતો જે અશલમાં મેતરદતશાહની બોરડુમાં હતો પરંતુ પાછલથી તે પાદશાહની બોરડુમાંથી નીકલી જઇ રૂમીઓ શાથ આવી મલી ગયો હતો એમ આપણે ઉપર કેથે જણાવી ચુ-

કયા છઇએ. આ બંને બાપ દીકરાઓ રૂમીઓને પાછળથી ઘણા ઉપીયોગી થઇ પડીઆ હતા, જેનાં હેસાંનના બદલામા મોટો આરકીલેઅસ તો હવે મરણ પામીઓ હતો તેથી તેના છોકરાને આ જગા બક્ષીસમાં મલી હતી; અને કોમાનાનાં પ્રાંતને લગતી ગાદી દશતુરના એલકાબ શીએ તેનાં સવાધીનમા હાલ આવી હતી. એ વેલાએ કલીઓપાત્રાના બાપ પ્તોલેમીને મીસર દેશના રેહેવાશીઓએ તાંહાની ગાદી ઉપરથી પદભરશ્ત કરી તેની વડી છોકરીને રાણી નેમી હતી, જે આ આરકીલેઅસ શાથે પરણી હતી કેમકે ઠગાઇથી આ નવા રાજાએ પેલા કાજ કરનારાઓને એમ જણાવ્યું હતું જે હું મેતરદત શાહનો બેટો થાઉછું. પરંતુ છ માશ શુંધી રાજ ભોગવ્યા બાદ પોતાના શશરાને મીશરની ગાદી પાછી અપાવવા જતાં ગેબીનીઉસ નામનાએક રૂમી શરદારના હાથ હેઠલ એ ઠગારો તે લડાઇમાં મારીઓ ગયો, અને તેની પછી તેનો છોકરો ને ત્યારબાદ લાકોમીદાસ એ પ્રાંતની દશતુરી ત્યાંના રાજ કારભાર શીએ લઇ બેઠો. આ છેલા રાજાના જમાનામાં એકસોવીસ સતેદીઆ સુધી એ ગાદીનો વીસ્તાર બીજો વધારી આપવામાં આવ્યો હતો.

પોમપીને આ મુજબ હાલમાં પોનતશ તરફ ગએલો જોઇ તેની ઘેરહાજરીમાં અરેબીઆ પેત્રીઆના પાદશાહ આરીતસે સામનાં મુલકો ઉપર કેટલીએક સવારીઓ કરી તાંહાં લુટ કરવા માંડી જેથી તાંહાંના રેહેવાશીઓ તેનાથી ઘણા કંટાલી ગયા હતા. આથી પામપીને તરત તે મુલક તરફ જવા ફરજ પડી. વાટમાં, ત્રીઆરીઉશે આગલ મેતરદતશાહથી જે જગા ઉપર મોહોટી શીકસ્ત ખાધી હતી તે જગા ઉપર જયારે એ સરદાર આવી પોહોચીઓ ત્યારે ત્યાં ઘણાંએક મારીઆ ગીએલા રૂમી શીપાહોનાં મુરદાં તેણે પડેલાં જોયાં જેઓને બાઇજતથી તેણે ભુંમીદા કરવા હોકમ આપ્યો. આથી એ શરદાર હાલમાં રૂમી શીપાહોને વધારે માનીતો થઇ પડીઓ હતો. અરબા સ્થાન ઉપર શવારી કરવાનાં હેતુથી હવે એ અહીઆંથી સાંમ તરફ દર મંજલ ધશીઓ પરંતુ આ હેઠલી અગત્યની ખબરને લીધે પાછી એનો આ આગલી ધારેલી નેમ પાર પડી શકી નહી. જોકે મેતરદતશાહે પોમપી શાથે શુલેહના કોલ કરારોપર આવી જવાની શઘલી આશા હવે ખોહી દીધી હતી, જો કે એની તરફનમાંથી ઘણીએક એની રઇઅતો એનાં હીન નશીબાને લીધે હવેથી નીશરી ગઈ હતી તોબી એ પાદશાહે પોતાની હીમત છોડી નહી અને પેનોનીઆ ઓરંગાવી ઇતાલીમાં જઇ આલ્પશ નો પરવત હેનીબાલ તથા બોનાપારત માંફક પશાર કરી રોમપર ઊતરી પડવાનો એણે ઉપર જણાવ્યા મુજબ કેડાવ કીધો. આવું દીકત કામ ઉઠાવવામાં એ ફતેહ પામે તેવું તો ન હતું પરંતુ એની શોક ખજાનો એટલો તો બેશુમાર હતો, એની હીમત એવી તો મરદાનાં હતી, એનુ રૂમીઓ શામેનુ વેર એટલું તો જોશમાં હતું અને એનુ મન એટલું તો દ્રઢ હતું કે પોતે બુઢ્ઢો થયા છતાં આવું માહાભારત કામ ઊંથાવવામાં જેજી બેશુમાર શકતી અને મુશકેલીઓ પોતાને ખમવી પડશે તે વીશે જરાબી એ દર ખાઈ ગયો નહી. આશપાશના ઘણાએક તુરાની ટોલાઓને પોતાનાં લશકરમાં દાખલ કરી વલી એકમોટી ફોજ પોતાની તરીફનમાં એણે કરી નાંખી અને આલપશની શનમુખ જયારે પોતે આવી પોહોચ્યો ત્યારે ગાલ લોકોને પોતાની શાથે આવી મલી જવા તાંહાંના પાદશાહ ઉપેર પોતાના એલચીઓ વટીક રવાના કરી આપીઆ. એણે ધારીઉ જે ઇતાલી અને સીસીલીમાં રૂમીઓનાં ગોલામોનો જોશ

હાલમાં જે નરમ પડીજાયોછે તે મારા ત્યાં જવાની ખબરથી તરત વખતે ઉશકેરાયા વીનાં રેહેશે નહી અને આંચીઆઓ * પાછા હીમત પકડી દરીઆ ઉતરની પોતાની ખોઈ દીધેલી શરદારી ફરીને મેલવવા રૂમીઓને પાછા મહુમહુ પોકરાવવા નીશરી પડશે અને જે જે મુલકો રૂમી શરદારો તથા ફોજદારોનાં જુલમ અને લોભથી ઘણું થયું કંટાલી ગીઆ છે તેઓ મારી મદદથી એ લોકોની જુશડી હેઠલથી નીકરી જવા મારી શાથ આવી મલી જ્યા વીનાં રેહેનાર નથી. આવા આવા ખીઆલથી એનાં દીલનો જુશશો ચોતરફથી ઉશકેરાઈ રેહો હતો અને એનું લશકર એનાં છોકરાની તથા રૂમીઓની છુપી ઉશકેરનીથી જો પાછલથી ફરીબેઠુ ન હતે તો આવું માહાભારત કામ એક વેલાએ પોતાને માથે ઉડાવી રૂમીઓને હજુર દાંતમાં ખાશડું

---

* સીલોસીઆના આ જનીતા આંચીઆઓ જેઓને પામપીએ આગલ જેર કરીઆ હતા તેઓએ પ્લુતાર્કના જણાવ્યા મુજબ આસરે ઈ૦પુ૦ ૬૮મા પારસીઓના એક ફરેસ્તા મેહેર યઝદની મીથ્રાના નામથી જુનાની તથા રૂમીલોકોમા પરશતશ કરવાની રશમ પ્રથમમા દાખલ કરી હતી અને તેમ પોતાના દેશ ની ઘણી એક બુતપરસ્તી રશમો તેઓ આમેજ કરી નાંખી ગયા હતા' આગલ આપણે જણાવી ચુકયા છીએ જે આરમીનીઆ, કાપોદોસીઆ તથા એસીઆમાઈનરનાં બીજા ઘણા ખરા પ્રાંતોમા- એ ફરેસ્તાની માનવીજાતના તાલનાર તરીકે મોહોટી પરશતશ થતી હતી. શેહેનશાહ ત્રેઝનના દોરમા કેહેછે જે રૂમીઓમા આ નવા પંથે ઘણો મજબુત પગ પેશારો કરીઓ હતો અને આરમીનીઆનો પાદશાહ તીરદાદ (તીરીદેતીશ) શેહેનશાહ નીરોના હાથથી પોતાનાં બાપીકા દેશનુ તાજ પોતાને માથે મેલાવવા જયારે રોમની દરબાર ખાતે જઈ પોહોચીઓ ત્યારે તેણે આ બાટકી શેહેનશાહને તારવર ચહડાવા સારૂ છેક મેહેરયઝદ શાથે શરખાવીઓ હતો. ત્યાર બાદ શેહેનશાહ એદ્રીઅનનાં જમાનામાં એ ધરમ ચોમેર રૂમીઓમા પ્રસાર થયો હતો અને પાલાસ તથા પુંબ્પુંલુંસ જેવા બે ચંચલ રૂમીઓએ મોહોટા દફતરો આ નવા પંથ ઉપર રચીઆં હતાં જે માંઠાં ભાગ્યેગે હાલના જમાના વેર બચી શકીઆં નથી પરતું પારફીરી તેઓપરથી પોતાનાં એક લાટીન રીસાલમા જે જે ઉતારો કરો ગયોછે તે રીસાલો અદયાપી મોજુદ છે અને તે પરથી એ ધરમ કેવી રીતે આસ્તે આસ્તે રૂમીઓમા તરક્કીપર આવતો ગયો તે વીશે થોડાક ઈશારો હજુર વેર આપણાં જોવામાં આવેછે. શેહેનશાહ જુલીઅન જે ખ્રીસ્તી ધરમનો હરરતો વેરી હતો તેને આ નવાં પંથને એટલુતો ઉતેજન પોતાના દેશમાં આપ્યુ હતું કે તેથી તેનાં દુશમેનો ટેકોરમા તેને "આફતાબ પરસ્ત" એવું નામ આપી ગયા છે અને એના દોરમા કેહેછે જે એ ધરમ રૂમીઓમા પોતાની ભરજુવાનીમાં આવ્યો હતો. ત્યાર પછી છેક ઈ૦ સ૦ ૩૭૭મા ગ્રાકસ નામના એક રૂમી પ્રેફેકત પ્રેતોરીઓ યાને શેહેનશાહી બાદીગાર્દના સરદારે જે ગોફાઓમા મેહેર યઝદની પરશતેશ થતી હતી તેઓમા ઘણા કમકમાત ભરેલા દેખાવો નજરે પડવા લાગ્યા તેથી તે શઘલા ગોફાઓને તેણે જોર જુલમથી આખરે બંદ કરાવ્યા અને એ પંથનો રૂમીઓમાથી પોતે સદંતર કાંટો કાહડી નાખ્યો. તોબી ઈસતમબોલમા એ ધરમ આશરે આહરશો વરશની મોહોટી લાંબી હેઆતી ભોગવી ગયો હતો અને તેને

આપીઆવીનાં તો એ પાદશાહ રેહેતે નહી એમાં એની આગલી વરતણુંક તરફ જોતા તો મને કશો શક હાલમાં લાગતોનથી. પણ આ કાંમ ઉઠાવવામાં એને પાનસો લીગ થાનેબી વધારે જગાઓ પરથી કુચ કરી જવું પડતે, નાનુતારતરી, પોદોલીઆ, મોલ-દેવીઆ, વાલેકીઆ, લાનસીલવેનીઆ, હંગરી, સ્તીરીઆ, કારીનથીઆ, કીરલ અને લામબરદીનાં હાલનાં શઘલા પ્રાંતો એક પછીએક પસાર કરી જવાં પડતે અને બોરીસથીની, દાનીઉબ તથા પો જેવી લણ મોહોટી નદીઓ ઓરંગવી પડતે માટે આવી દીકત ને ભયભરેલી મુશાફરીના વીચા-રથી એનુ લશકર એટલુતો એના છોકરાની ઉશકેરનીથી હવે ના હીમત થઇ ગયું કે એ કામ એ નહી ઉઠાવે તે શામને તેઓએ મો-હોટું બંદ ઉઠાવ્યું અને એને ગાદી ઉપરથી ઈ૦પુ૦ ૬૪માં પદભરસ્ત કરી એને બદલે એના છોકરા ફારનાસીસને તખ્તનશીન કીધો. મેતરદતશાહે જોયુ જે આખી જગતે તથા મારા એકબાલે મને હવે છોડી દીધો છે અને મારા પેટનો છોકરો વટીક મારો થતો નથી તથા મને જાહાં જાઉ તાંહાં પણ મારી શલામતી શારૂં નાહાસી ભરાવા દેતો નથી માટે રખેને તે જીવતાંજીવત મને મારા દુશમનોને પકડી આપે તેથી નાચારીને મારીઓ પોતાના ઓરડામા તરત ગયો અને તે વેલાએ જેબી તેની ઓરત, દી-કરી તથા રાખેલી ઓરતો તાંહાં હાજર હતી તે શઘલીઓને જેહેરનુ પીઆલુ આપી પોતેબી વીખ ગલી ગયો. જયારે પેલું જેહેર એની આસરમ ને શરીરના મજબુત બાંધાનેલીધે એની ઉપર અશર કરી શકયું નહી ત્યારે એને પોતાની તરવાલ મીઆ-નમાંથી કાહાડી પોતાને એક જબરદસ્ત કારી ઘાહ કરીઓ પરંતુ તે ઘાહ પણ એવો નહતો કે જેથી એ પોતે તરત મરણ પામે માટે પોતાનો એક ગાલ શીપાહી જે તે વેલાએ તાંહાં હાજર હતો તેને પોતાને હવે મારી નાખવાની અરજ કરી ને પોતાનો આતમા તેની શાહેતાથી ઈ૦ પુ૦ ૬૩ માં પોતાના કીરતારને શવાધીન કીધો. દાયન-કાસીઅસ જેવો ભરોશેદાર લખનાર તો શાફ જણાવેછે જે એના આ મુજી છોક-રાએજ પોતાને હાથે એને મારી નાખીઓ હતો અને એ કામ પાર પડાવામાં રૂમી-ઓની છુપી ઉશકેરની પણ હતી તેમાં તો કસો શંદેહ નથી ને જોકે તેઓના લખનારા ઓ એ વાતના શદંતર અખાડા કરી ગયાછે તો તેનો શો મુજાકો છે. શઆઇ મોડેવેહેલે પણ બાહેર પડીઆ વીનાં રેહે-નાર નથી.

આ જબરા પાદશાહે શાહાથ વરશ શુંધી રાજપાટ પોતે ભોગવીયું હતું અને મરણ પામ્યો તે વેલાએ એની ઊમર ઓ-હોતેર વરશની હતી. એના દીલમાં મોહોટી ભય શદા એજ હતી કે રખેને મને રૂમી-ઓને હાથ જીવતાં જીવત પકડાઇ જવું પડે કે જેથી તેઓ પોતાની ફતેહના શાહા-બોલામાં મને ગાડી શાથે મોટાં અપમા-

---

બદલે તાંહાં પછી ખ્રીસ્તી ધરમ ઘણાં જો-શમા દાખેલ થયો હતો સબબ એજે જેમ મેહેર યઝદ આદમી જાતને ટાલનારછે તેવોજ દાવો હજરત ઇસાએબી કરેલોછે માટે રૂમીઓને આ એક પંથમાથી બીજા પંથમા નીશરી જવા હવે જાહજુ મત ફેરફાર જેવું કસુ લાગ્યું ન હતું અને બરોબર જોસોતો ખ્રીસતી ધરમનો આ નવા પંથે ગોયા રોમની શેહેનશાહતમા મક્કમ પગ પેસારો કરી આપ્યો હતો એમ ઘણા એક દાનાવ પાદરીઓ વટીક એકરાર કરી જાયછે.

નથી ચલાવીઆ વીનાં રેહેનાર નથી. આ માઠો બનાવ કવચીત પણ ન બને તે શારૂ તે હંમેશં પોતા શાથે જેહેરનુ પડીકુ રાખી મેલતો હતો કે જો બીજા શરવે ઉપાયો કામે ન આવેતો આ છેલો ઉપાય તો પોતાની શાડે છેજ ને ખરો. રૂમીઓ શાથ એનો છોકરો છુપોમલી ગયાથી એ તરત ચેતી ગયો જે તે મને પકડી વખતે પામપીને શવાધીન કરી દેઆ વીનાં રેહેશે નહી તેથી આ મજકુર ઉપાય તરત એણે શીતાબીથી પોતાનાં કામમાં આણયો. ઇતીહાશ કરતાઓમાં એવો ખીઆલ જે ચાલું છે કે જે વીખ એણે પોતે ખાધું હતું તેથી એ મરણ મામયો ન હતો, તેનો શબબ એ જે એનાં સરીર ઉપર કોઇબી તરેહનુ જેહેર એણે આગલ તરેહવાર તીરીઆકો ખાધાં હતાં તેથી અશર કરી શકે તેવું નહતું તે વીચાર હાલમાં હવે ગલત માલુમ પડી ચુકોછે, કારણ કે શઘલાં જુદી જુદી જાતનાં જેહેરોપર એકજ જાતનું તીરીઆક શદા અશર કરી શકતુ નથી એમ ઓશધ વિદ્યા જાણનારાઓ એક આવાજે હાલ બાહાલ રાખેછે. એનાં મરણનાં આ માઠા બનાવની ખબર એના આ મુજી છોકરાએ તરત એક એપીઆની મારફતથી નજદીકનાં રૂમી શરદારો ઉપર શીતાબીથી રવાનાં કરો આપી ને તેઓએ પોતાના રૂમી કાશદોને દર મંજલ જડપમાં રવાનાં કરી પોમપીને એ વાતની ખુશખબરી આપવા તેની છાવણી ભણી તેઓને તરતજ દોડાવ્યા. એ વેલાએ આ રૂમી શરદાર પાલીસ્તાઇનમાં જેરીકો નામે જે શેહેર હતું તાંહાં વાસો કેરી પડેલો હતો ને ત્યાંહાં એ પોતે હીરકેનુસ નામના યાહુદીએ.ના મોટા ધરમગુરૂ તથા એરીસ્તાબ્યુલશ નામના તેઓના પાદશાહ વચે એ દેશની ગાદી શંબંધી જે વાંધો ચાલતો હતો તેનો ફેશલો લાવવામાટે રોકાએલો હતો. એટલામાં એને મેતરદતના મોહોટની ખબર પેહેલીવાર પડી. એ ખબર ખાશ કાશદો મારફતથી પોનતસ તરફથી એના લશ્કરનં-તોએ પોતાના હાથ દસખતનાં કાગજોથી એનાપર લખી મોકલાવી હતી. પેલા કાશદો પોતાના ભાલાઓ ઉપર લારલનાં ફુલો વધાવી જેવા પામપીની છાવણીમાં શીતાબીથી આવી પોહોચીઆ કે આખુ લશકર એ લોકો શું ખુશ ખબર લાવ્યાછે તે જાણવા બહુ આતુર થઇ રહ્યું કેમકે રૂમીઓમાં જારે કોઇ મોહોટી ફતેહ યાતો કોઇ ઘણીજ અગત્યની બાબદ જણાવવી હોય ત્યારેજ એ પ્રમાણે પેલા કાશદોમાં પોતાનાં ભાલાઓને લારલનાં ફુલોથી એક મોહોટી ખુશ ખબરી તથા વધાઇ દાખલ શીનગાર કરવાનો રવઇઓ હતો. ઉનચી જગા પરથી પેલો શરદાર એ ખુશખબરો પેલાં લશકર શનમુખ કહી શંભલાવે તેવો રવઇઓબી રૂમીઓમાં ચાલુ હોવાથી એવી જગા તે વેલા તરતતે છાવણીમાં ન મલીઆવીઆથી જહડપમાં પેલા શીપાહીઓએ વાર ન લાગે માટે પોતાની ગાડીનાં ઘોડાના ઓધીરો એક પર એક મેલીને ઉનચો માંચરો બનાવીઓ. આપર કઇ પણ કીરોઆ કરમ કરવા અત્રે જંગલનો મામલો હોવાથી ન બની શકીઆથી પામપી તે વીનાં નાચારીએ પેલા માચરા ઉપર ચહડીઓ. તેણે તાંહાંથી પેલુ કાગજ ઉએડી મેતરદતના મોહોતની ખુશ ખબરીનો વાત પોતાના લશકરની શનમુખ બુલંદ આવાજે કેહી શંભલાવી તથા એ કેમ મરણ પામયો તથા એનો છોકરો આવી રૂમીઓને હવે કેવી રીતે શરહણ થઇ ગયો છે કે જેથી આ ભયંકાર લડાઇ આટલાં વરશ શુધી લંબાયા બાદ આખરે હવે પુરી થઇ છે તે વીશેની શઘલી કેફીઅત તેણે પેલા લશકર શનમુખ વાંચી શંભલાવી. આથી આખુ લશકર તથા આ રૂમી શીપેહેશાલાર વટીક આવા ભયંકાર દુશમનનાં મરણથી કેહેછે જે હવે બહું હરખમાં આવી ગયા હતા.

જમાનાની ચહડતી પડતી બાજીએ—
"ફરેદુન હશમતો જમશીદ જાહી
શીકંદર શોવકતી દારાં પનાહી!"
અનવારે સોહેલી.

યાને "ફરેદુન જેવી હશમત ધરાવનાર તથા જમશેદ જેવો મરતબો રાખનાર ને શીકંદર જેવો દબદબો ભોગવનાર તથા દારાં જેવી પનાહ આપનાર"—આવા બલવંત પારશી શેહેનશાહનો આખરે આવો બુરો અન્ત આન્યો માટે આવા દુરબીન અને દાનાષ પાદશાહની વરતણુક વાશે થોડાક શબ્દો અત્રે જણાવેલા હવે વ્યર્થ કેહવાશે નહીં. સર્વે દુનીઆની તવારીખો જોતાં એનાજેવા મેહેનતુ, દુર અંદેશ અને ભય તથા વીપતીને કુચ્ચ બીશાડમાં નહીં ગણનાર તથા જમાનાની ફેરફાર બાજીથી નાંશબર નહીં થઇ પડનાર તથા હીમત અને કોશેશને શદા ચાલુ રાખનાર, દુશમનના પાદશાહો થોડાજ મલી આવશે. એમાં કેટલાએક ઘણા શરશ ગુણો હતા, તેમાં એકતો એ જે જબરદશતોને જેર કરવા ને બીજો એને રઇઅતની શારીકાની પાસબાની રાખી તેઓ પર કરના જાહજા બોજા પડવા દેવા નહીં. એલમ અને હુનરનો પોતે જાતે શોખીહોવાથી વૈદક શાસતરમાંબી એ ઘણો કુશલ ગણતો હતો એટલુંજ નહીં પરંતુ શરદારીનાબી ઘણાં ઊંચે દરજજેનાં ગુણો એનામાં જોવામાં આવતા હતા. તે શાથે એ મોહોટો રાજ અધીકારી પણ થઇ ગયો હતો એમ એના દુશમન લખનારાઓ વટીક એકરાર કરી જયા વીનાં રેહેતા નથી. એ આદેલ હતો અને ગુનેહગારોને શજા કરવામાં જરા આચકો ખાતો નહીં. તે અહીંઆ શુધી કે મરને તે પોતાનો છોકરો હોય પરંતુ તે રાજ દરબારી કશા વાંકમાં આવી ગયો હોય તો તેનેબી શજાએ પોહચાડયા વનાં એ રેહતો ન હતો. જેમ એ પોતાના દોસ્ત આશનાઓને નવાજેશ કરતો હતો તેમજ તરતી દુબતી શોધનાર આપમતલબીઆ બાહેરથી દોલધાલુ શખસોને એ તરત પીછાનતો હતો અને તેઓની મોહોબોલી દોસ્તીથી નહીં ઠગાઇ જયારે દાવ ફાવતો ત્યારે તેઓને એ ઘટતી શીક્ષા કરયા વીના રેહતો ન હતો. એ ઘણો કરદી નજરનો હતો ખરો પરંતુ જયારે આપણે એની તે વેલાની રાજદરબારી હાલત વીશે ગોર કરયે છઇએ અને જે ભયંકાર કાંમ રૂમીઓને જેર કરવાનું એણે માથે ઉઠાવ્યું હતું તેમા વારંવાર એનાં મલતીઆઓની ગેર કમાલીઅતપણાથી યાતો દગલબાજીથી એને જે નુકશાન ખમવું પડતું હતુ તેથી કોઇ એઇ વાર એનો ગોશો પોતાની હદમાં રહી શકતો ન હતો તો તેમાં એની સ્થીતી તરફ જોતાં જરા રેહેમ નજરથી હાલમાં જોવાની આપણી ફરજ છે. શઘલાં એનાં કાંમો શુક્ષમ રીતે તપાસતાં શેખ સાદીનાં આ કલાંમો મને યાદ આવેછે કે તે પ્રમાણે અમલ કરવા એ સદા ખંતી હોય એમ એની વરતણુક ઊપરથી શાબેત થાયછે અને રાજપાટ ચલાવતી વેલાએ એ ખાશોઅત બહુ અગત્યનીછે કેમકે નહીતો કે એના ઓહલાં રાજમાં બંદોબસ્તો બરાબર રહી શકતે નહી, ઇનશાફ ઊંધો વલતે અને ખરાબ માણશો પોતાની જોહાકી ચાલમાં શદા ફાવી જયા વીના રેહેતે નહીં. આ જાણીતો કવી આ પ્રમાણે પોતાના વાંચનારાઓને એક બોધ દીએછે જે વીશેબીજા લખનારાઓ ગમે તેમ તોલ કરે પરંતુ રાજ પાતો ચલાવતી વેલાએ ઇનશાફ ખાતર તથા રઇઅતની પાશબાની શારૂ તેપર અમલ કરનાર પાદશાહ શારૂં હું કશુ પણ હલકુ મત કદી બાંધી શકનાર નથી. એ શાહેર કેહેછે જે :—

"બા બદાં બદ બાશ વ બા નીકાં નીકું,
જાએ ગુલ ગુલ બાશ વ જાએ ખાર ખાર."

યાને " બદ લોકો શાથે બદ નીવર અને નેક બખ્તો શાથે નેકીથી ચાલ, જાંહાં કાંટા હોય તાંહાં કાંટો થઇજા અને ગુલાબનાં ફુલો હોય તાંહાં તું ફુલ જેવો શુધંધી નીવર." મતલબ એજે જેવું જેવું માણશ તે પ્રમાણે તેને લઠાજો આપતો રેહે કે નીતીનો વધારો થાએ, જાલમો ઉધા પડે, નેક માણશોને પોતાનાં કામ પ્રમાણે સારોબદલો મલે અને ખુશામતીઆ તથા જબાંદરાજ ઠગારાઓનો ઓટો દમામ અને દોર નાબુદ થાએ. વેલીરીઅસ પેતરકીઉલશ નામનો એક ચંચલ રૂમી ઇતીઆશ કરતા એની વરતનુક વીશે આ પ્રમાણે સંક્ષેપમાં બોલેછે "કે આવા પાદશાહ વીશે બોલવું કે ખામોશી અખતીઆર કરવી એ બહુંજ દીકત કામ છે. લડાઈનાં મેદાનમાં પુર શીતાબીવાલો તથા હીમતમાં નર શંહી જેવો મરદાનાં, કોઇ કોઇવાર નસીબાના જોરથી પરંતુ શદાજ પોતાના નહી જીતી શકાએ તેવા મકમ ડેડાવોને લીધે ઘણો માહાવીર; દાહાપણ અને શલાહમાં જુઓતો ખરેખરો એક શરદાર જેવો અને ભય ભરેલાં કામો હીમતથી ઉઠાવવામાં એક શીપાહ બચ્ચા જેવો એ જવાંમર્દ હતો. રૂમીઓને ધીકારવામાં એ ગોયા બીજો એક હેનીબાલ થઇ ગયો છે." લોગાસ પામપસ તો એને શીકંદર થાનેબી મોહોટો પાદશાહ કરીને ગણે છે અને સીસરો ફકત આ માહાતમા ઈમાથીઅન શુરવીરો પછીનો બીજો નામચીન પાદશાહ એને ગણી જાયછે અને જે રૂમીઓ એનાં વીશે દાવા દુશમેનીથી હલકુ મત ધરાવતા હતા તેઓને આ પ્રમાણે પોતાના એક શુભાખીત બાશાનમા તે ઠપકો આપેછે."કે એક દુશમન તરીકે અરે ઓ ! કેતો શું તમો એને શારૂ હલકુ મત ધરાવોછો કે જેણે વરશોના વરશો પછી ઘણાંએક રૂમી શરદારોને જુહડા બંદ લડાઇઓમા હરાવીયા કીધા હતા ? અને જોકે છેલે શરવાલે એને પોતાના દેશમાથી હાકી કાહડવામા આવ્યો હતો તોબી એની જીંદગાની એટલીતો અગત્યની રૂમીઓમા માનવામા આવતી હતી કે એના મરણના શમાચાર જયારે મલીઆ ત્યારેજ આપણા લોકો ડર પડીઆ હતા અને હવે એ લડાઇનો અંત આવ્યો એમ ત્યારેજ તેઓ માનવા લાગ્યા હતા'"? * આ ખરી વાતછે જે રૂમીઓ શામે આવો કોઇબી પાદશાહ બલવતવારીથી અદ્યાપી કોઇકાલે પણ થયો ન હતો તે શાથે આ વાત પણ કોઈથી ઇનકાર કરી શકાસે નહી કે એનામાં ઘણાએક ઉત્તમ ગુણો હતા. એનુ મન એટલું તો મોહોટું, પ્રફુલીત અને ચપળ હતુ કે તેથી હરેક બાબદ એ જહડપમાં પોતે ઉચકી લેતો હતો. એની જાતી અકલ (આશનીદેબેરદ) એવી તો બુલંદ દરજજેની હતી કે દીકતમાં દીકત કામો ઉઠાવવામાં એ શકતીવાન થઇ શકતો હતો. એનો આતમા એટલોતો સ્થીર અને સાંત હતો કે ગમે તેવો બદ નસીબો આવો અને પોતા ઉપર ગમે તેવી જફાઓ ઉપર જપ્રા પડો તોબી એ હાર ખાઇ જતો ન હતો. મેહેનત અને બેહદ જહડપનું તો કંઇ પ્રમાણજ નહીં ને નવી નવી કુનેહ અને યુકતીઓનો તો એ ગોયા એક અખુત ભંડાર હતો ને તેથી દુશમેનોથી લડાઇઓમા મોહોટી શીકશતો ખાધા બાદ એ વારંવાર તેઓ શામને વધારે ને વધારે બલતવારીથી આવી તેઓને એકાએક વીશમીત અને ભયમાં નાખી દેતો હતો અને નવી નવી લડાઇઓમાં ફરીફરીને તેઓને ગુથાવવા ફરજ પાડતો હતો. જોકે શરદાર તરીકે એનામાં હેનીબાલ કે નેપોલીઅન માંહ્યના શઘલા ગુણો શમપુરણ હતા એમતો

* જુઓ એણે કોનસલ મ્યુરીનાના અને ચીબીઉન માનીલીઅસનાં પસાર કરાવેલા ધારાનાં બચાવમાં કીધેલાં ભાશણો.

આપણાંથી હાલ કહી શકાએજ નહી પરંતુ સીલા, લુકલસ તથા પામપી થાને એમાં શરદારીનાં ગુણો ઓછા હતા એમ મોં૦ રોલેન નામનો એક નામાંકીત ફરાંસીસ ઇતીહાસ રચનાર જે શારાંઉશ ઉપજાવવા માંગે છે તે શાથે હું એકમત થઇ શકતો નથી. ખરૂંછે જે એ શરદારોથી એણે કેટલી એક શીકશતો ખાધી હતી પણ તેમાં વાંક ઘણો ખરો જોશોતો એનાં મલતીઆઓ, શરદારો તથ હલકે દરજજેની એની એશીઆ ખંડની લશકરી ફોજોનો હતો કે જેઓને તમામ રૂમી કવાએદો તથા કુનેહ અને હથીઆરોથી શીખવેલા તથા મજબુત કરેલા હોવા છતાં રૂમી શીપાહો જેવા બાહદુરીના જાતી ગુણો તેઓમાં નહોવાથી વારંવાર ભયની વેલા તેઓ નાંહીમત થઇ નાંહાશ ભાગમાં પડી જતા હતા ને જેમાં પછી એનો કશો ઇલાજ રેહી શકતો ન હતો. એણે પોતાના શગાં વાહાલાં તથા મા બેહેનો ને છોકરાઓને વટીક મારી નખાવીઆ હતા માટે દયાનાં ગુણોમાં એ બહુ કમ હતો અને તેથી આપણને વારંવાર જે કમકમાત ઉપજેછે તેવા એના ઘાતકી શવભાવની તરફેનમાં આપણાથી હાલમાં કસુ બોલી શકાએ તેવું નથી એ બહુ દલગીરી જેવુછે. પરંતુ જયારે આપણે એના શારા અને માઠા ગુણોનો શમતોલ કરીએ છીએ ત્યારે એનાંમાંથી શ્રેસ્તગુણો વધારે નીશરેછે માટે એને પારસી ટોલાંના કુરઉશ તથા દારયવુશ, અરદેશર તથા શાહપુર જેવા મેહોટા નાંમાંકીત શેહેનશાહોની શફમાં મેલવા હું જરાએ આચકો ખાતો નથી અને દલગીરી એટલાજ શારૂ ઉતપન થાએછે જે એના દેશના ઇતીહાશ રચનારાઓમાં આવા નામવર શેહેનશાહનુ નામ વટીક અદ્યાપી જણાએલું નથો કે જે બુલંદ નામ હરેક ટોલાંની કીરતી અને મગરૂબીમા વધારો કરે તેવુ છે. જે મોહોટું લશકર એ વારમવાર એકઠું કરી શકતો હતો તે પરથી એનો રોબ તથા વગ વસીલો પરલોકોમાબી ઘણો મોટો હોએ એમ સ્પશત ભાશેછે. તે શાથે એની જબાનમાં એવીતો શીરીની ભરેલી હતી કે તરેહ તરેહવાર દેશના લોકોને પોતાની ભાશા શાસ્ત્રોની સારીમાહીતગારીપરથી તેઓના દીલ પોતાની બારદુએ રીજાવી લેવા એનામાં મોહોટી કુનેહ જોવામા આવતી હતી; કારણ એ જે પચીસ ઉપર ભાષાઓનો તો એ ખુદ પોતે ગોયા એક જીવતો જેવો કોષ હતો. એની સોડે આવા શીરીન કલામો, ખુશ મીજાજપણું તથા બોહોલો માલ ખજાનો જો નહી હતે તો એ વારંવાર આટલું બોહોલું લશકર નહી તો કે એકઠું કરી શકતે નહી કેમકે દુશમેનોપર વેર લેવા તથા તેઓને જેર કરવા શારૂ ફીરદોશી કહેછે જે:—

"બ ઝર મીતવાં લશકર આરાસ્તન,
વ અઝ ઝર હમે ફીનહા ખાસ્તન."

ઇયાને "જરથી કર્રાને લશકરો આરાસ્તા થઇ સકેછે અને તેથી દુશમેનો ઉપર પછી છુપા કીનાં લેઇ શકાએ છે", કારણ એ જે પઇસો છે તેજ ગોયા લડાઇનું મુખ્ય સાંધણ છે અને તેવાં સાંધણ વીનાં જબરા હમનબરદો હેઠળ પડી શકતા નથી માટે બોહોલો માલ ખજાનો સંપાદન કરી, તેને કેવી રીતે નીતીનો ખરચ રાખીને જાળવી રાખવો તે બીનાં આ નામદાર અને દુર અંદેશ પાદશાહ સારીકાણી શમજતો હતો પરંતુ તે જમાવ કરતાં એની રઇઅત કરનાં બોજાથી નીચવાઇ ગઇ હોય કે એણે કસી લુચાઇ કે નીચ યુકતીઓ વાપડી હોય તેવો દોશ દુશમેન ગ્રંથકારો વટીક એના ઉપર જે મેલી ગયા નથી તે વાત એની કારકીરદીને બહુ જેબ આપે તેવી છે. ટુંકામાં બોલીએ તો એ ગોયા જંગલનો

એક મસ મોહોટો ભયંકાર અને દરામનો સીંહ હતો જે પોતાનાં પારધીને વારંવાર હાથ તાલી આપીને તેનાં જબરા હુમલામાથી છટકી તેને સદા હંફાવીને મહુમહુ પોકરાવતો હતો અને અરસસ તથા સાસાનના ખાનદાનનાં નબીરાઓએ ઉગમન પ્રાંતની ભુમીઓમાં રૂમીઓનાં લોભથી ચેતી તેઓને તે તરફનાં દેશાવરો ભણી વધારે નહીં ચત્રાવા દેવા જે ભયંકાર યૂદ્ધો પાછલથી મચાવીઆં હતાં, તેનો આ નામીચા સુલતાને પોતાની દુરઅંદેશી અને દાનાઇથી ગોયા પ્રથમમાં હવે પાયો નાખી દેખડાવ્યો હતો.

આપણા લોકોની કહાણી કથાઓમાં જણાવ્યા મુજબ જેમ આપણો જાંહાં પેહેલવાન રૂસતમ હફતેખાનનાં હફતેખાનો સેહેલાઇથી પસાર કરી જતો હતો અને પૈદરપે શરાબની જામો ઉઠાવી એક આખુ ઘોરંખર કવાબ કરીને ખાઇ શકતો હતો, જેમ હિન્દુઓનો રામ પોતાના મહાબળને લીધે ભારીમાં ભારી ધનુશ યાને બાણ પોતે ઉઠાવી તેઓનો સેહેલાઇથી ઉપયોગ કરી શકતો હતો, જેમ પાહુધાઓમાં સામસન ગોયા બળદેવ જેવો ગણાતો હતો અને યુનાનીઓમાં જેમ હરકીઉલીસ મોહોટા દરામના અઝદાહોને સીતાબાથી પોતાના એકજ જરબથી જમીનદોસ્ત કરી નાખતો હતો તેમજ આ સુલતાન વીશે નાહાનપણથી એ ગાદીપર આવ્યો ત્યારથીજ એ તરફના લટાઓ ઉપર ચોમેર એવી અફવાહો જે ફેલાઇ રેહી હતી તેથી દાનીઉબ નદીના મુખથી તે ઠેઠ કોહેકાફ અને કીઆસપીઅન સરોવર શુધીના તમામ પેહેલવાની ટોલાં જેવાં કે એલીઅન, સીથીઅન, સારોમેસીઅન, કોલચીઅન, સીરીઅન, ફીનીશીઅન, ગુરજીસ (આઇબીરીઅન યાને જયારજીઅન) તથા બાહાદુર બાસતરનીઅનો આપણા આ પાદશાહને પોતાનો પેશરો તથા સીપેહેસાલાર અને મુરબી કરીને બાહોલ રાખવા સદાકાળ મધન અને મગરૂબ રેહતાં હતાં. એનાં મસ મોહોટાં અને રાક્ષી સરીર ઉપર કેહેછે કે જે બખતર બેસતું આવતું હતું તેનો આખા એશીઆ ખંડમાં ચોમેર તારીફ થઇ રેહેલી હતી એટલુંજ નહીં પણ રૂમીઓ વટીક તેથી આશ્ચર્ય પામતા હતા. પવનપેરે બેહદ સીતાબીથી નાહાસતાં હરણને એ પાદશાહ પોતે પાઉપીઆદો તેનો દુમબાલો પકડી કેહે છે જે ઘણી જુહડપથી ધરી લાવતો હતો. મુંજીમાં સુજી ઘોડાઓ ઉપર એ સવાર થઇ શકતો હતો અને ટપ્પેટપ્પે ઘોડા બદલી એક દીવશમાં એ ૧૨૦ માઇલ શુધીની સવારી થાકીઆ વીનાં સેહેલાઇથી કરી શકતો હતો. ગાડીઓની મોહોટી સરતોમાં બી સોળ ઘોડા એકી ટગરે એક હાથે હાંકી તે સરતો એ પોતે જીતી આવતો હતો અને તેમાંથી કોઇ એને માહાત કરી શકતું નહતું. પોતાના રથસ ઉપર સવાર થઇ જયારે આ શેહેનશાહ નખચીરગાહનાં મેદાનોમાં ખારાજતો હતો ત્યારે જહડપમાં દોડતો પોતાનાંતીરોથી સીકારોને એ આબાદ વીધી નાખતો હતો અને કેહેછે જે તેમાં એ કોઇ કાળે પોતાની એકે નેમ પણ ચુકયો ન હતો. હવે શરીરની કસરતોમાં જેવો એ કુશલ ગણાતો હતો તેવોજ દસતરખાન ઉપર ખાન પાન, મોજજોગ અને રંગીલા પણામાં એનો કોઇ બ.જો જોડીઓ મલી આવતો ન હતો અને તેમાંથી શઘલાં ઇનામો એ પોતેજ લેઇ શકતો હતો. યુંનાની હુનર તથા ગાયનનો એ અતીઅંત શોખી હતો અને તે જાતનાં ફીલસુફો, સાહેરો અને ઇતીહાશ કરતાઓને પોતાના હજુરીઆઓમાં રાખી તેઓ શાથ એ પોતાની ફુરશતને વખત ફીલસુફી

તકરારો તથા સ્વપનાઓની તાસીર વિશે વાદવીવાદ ચલાવતો હતો. અસલી પારસી તથા યવનો (યુનાનીઓ) નાં તશવીર તથા કોતરકામો અને બીજી ઉકમાઇની વશતુઓનો એણે પોતે એક અછો સગ્રંહ કરી રાખીઓ હતો ને જેમાં એની સોડે વીટીઓનું જે સંગ્રેહસ્થાન હતું તે કેહછે કે ઘણુંજ નામીચુ ગણાતુ હતું. શેહેનશાહ અકબર માફક એની દરબારમાં સરસમાં સરસ ગવઇઆ અને ઠઠા મશકેરીઓર લહવવાઓ ઉભાઇ જતા હતા જેઓમાં જે પોતાનાં હુનરમાં શરસમાં શરસ નીવડતો તેણે આ સુલતાન વારંવાર બક્ષીસો વટીક કરતો હતો. એના જનાનખાનાઓમાં ઘણી એક યુનાની સ્ત્રીઓ જોવામાં આવતી હતી તેથી મરદીનાં કામમાંબી એ પોતે શરસ ગણાવાનો જે નીચ શંકો રાખતો હતો તે વાત હાલમાં એની કીરતીમાં હુમેરો કરે તેવી નથી. તે શાથે વલી એ પોતે જાતે થોડો ઘણો વેહેમીબી હતો, પરંતુ તે એની ખામી એના જમાનામાં ચાલતી રીતભાતો તરફ નજર કરતાં હાલમાં માંફ થઇ શકે તેવીછે. જો કે એ પોતાના રાજ સાંમે હુલડ અને બંડ ઉઠાવનાર ફીસાડ ઓગઓને વારંવાર સખત અને ઘટતી શજાએ પોહોચાડતો હતો તોબી તેઓનાં સગાવાહાલાં અને દોશત આશનાઓ જે પોતાની ભોલાઇથી યાતો સગાઇના ગાંઠને લીધે બેહનીઆક રીતે નાચારીના મારીઆ તેઓ શાથ સામેલ થઇ જે ફસી પડતા હતા તો તેઓ તરફ એ સદા રેહેમ નજર અને મોહોટા દીલગુરદા દેખડાવતો હતો જે પરથી એ આદેલ અને બુલંદ દીલ ધરાવતો હતો એમ સાફ જણાઇ આવેછે. આવા નામવર પાદશાહનાં મહત કરમો ધીરે સાંસતે આપણ દરેક જરથોસ્તીઓને અવલોકન કરવાની ફરજ છે

કારણ એ જે તે ચરીતો આપણુંજ લોહી ધરાવનાર નાતીલા ઇરાંની પાદશાહોને લગતા વરગતાં છે. જો આપણે સીપાહ બચાનો પેશો કરતા હોઇએ તો એના જુહડા બંદ દાખલાઓ ઉપરથી લશકરો કેમ એકઠાં કરવાં અને તેઓને સારી કવાએદો અને હથીઆરો આપી કેવી રીતે પોતાનાં તાબા હેઠલ રાખવાં તે હુનર અછી તરેહથી આપણને મુતાલો કરવો જોઇએ અને જો રાજ અધીકારીઓ હોઇએ તો શેહેનશાહતો કેમ નીભાવવી, રઇઅતની કેવી રીતે પાશબાની કરવી કે જેથી તેઓનાં દીલ આપણી તરફેનમાં શદા ઉશકેરાએલાં રેહે, ઇનસાફને કેવી રીતે ઉતેજન આપવું ને લોકો ઉપર કરના બોજા કેવી તરેહથી જાહાજા પડવા દેવા નહી તે શરવે બાબદો એની ચાલ ચલણો ઉપરથી આપણને શીખી લેવી જોઇએ. શું શું શબબો અને ફીઆકીઆ નીતીભરેલા દાખલાઓથી એનો ઉદય થયો અને કીઆં કીઆં કારણોથી એ આખરે પડી ભાગયો તે શઘલી બાબદો મનમાં સમતોલ કરી એનાં બેહતર દાખલાઓની નકલ કરી કનેશ્ત દાખલા આપણને પડતા મેલવા જોઇએ કે નેથી દુનીઆદારીનાં વેહેવારમાં આપણેબી ઇજત શાથે પોતાનો રોજગાર ગુજારી શકીએ અને આખરે આપણો હાલબા એની માફક જબુન થઇ શકે નહી કારણ એ જે અતીઅંત લોભ, બેહદ હટીલાહી, મરઆદા વીનાંની ધ્રેશ બુદ્ધી અને ટેહેકરાઇ કેવી માહાં બુરી ચીજ છે અને તેઓનો એ કેવો છેલે શરવાલે જાણવા લાએક ભોગ થઇ પડીઓ હતો તેનો એની જીંદગી ગોયા અજુરવેર એક જીવતો જેવો નમુનો છે અને અતીઅંત લોભ તેજ પાપનું મુલછે તે શીદધાંત એની વરતણુક ઉપરથીબી આખરે ખરો પડી શકેછે માટે એવી ચાલ ચલગતોથી નીશલ

રેહેવું એ આપણા દરએક માનવી જાતની ફરજછે. હવે એની શીકંદર જેવી ધોધાટ ભરેલી પરંતુ તેથાંને કેટલેએક દરજજે વધારે ઉપયોગી, નતીજાવાલી ને નીતી શાશત્રના કાંણુનોને અનુશરતી કારકીરદી; કારણ એ જે તે રૂમીઓ જેવા એક જબરા જાલેમ પર રાજની ગોલામી જીહસડીમાંથી પોતાના દેશને તથા એશીઆખંડનાં તમામ રેહેવાશીઓને છોડવવાનાં માહા શુભ કામમાં બરબાદ કરી ગોયા ભોગ આપવામાં આવી હતી; તો તે વિશેનો આ ટુંક હેવાલ ખતમ કરતી વેલાએ એ પાદશાહનાં આચરણ તથા એનાં મહા બલ વિશે મારે અહે આટલું તો જણાવવું જોઇએ જે પસંગનો મોટો નામદાર અપરાશીઆબ જેને અવશ્તામાં ફરંઘરસીહ કરીને લખેલો છે અને તેને સારૂ આ હેઠલા શબ્દો ફીરદોશીએ જે લાગુ પાડેલા છે તે જો કોઇબી પ્રાચીનકાલના પારસી શેહેનશાહને લાગુ પડતા હોએ તો તે આપણા આ પેહેલવાનને વાજબીની રાહે સારીકાંણી બેસતા આવેછે. એ સાહેરોનો પાદશાહ બોલેછે જે:—

"બ હીજા ચું ગરદદ દીલાવર બુવદ,
બ રજમ અંદરશ દેહ બરાબર બુવદ.
બ યક જા શકીન નબાશદ બજંગ,
ચુનીન અસ્ત આહીને પુરે પસંગ."

યાને "લડાઇનાં મેદાનમાં એ પાદશાહ જયારે બીરાજતો હતો ત્યારે એ ખુદ પોતે ઘણો દીલાવર લાગતો હતો અને તે જંગની દરમીઆન પછી દશ માણશોને પોતે એખલો પુરો પડી શકતો હતો. હરેક યુદ્ધની વેલાએ એક જગા ઉપર એ શાબેત કદમ રહી શકતો ન હતો અને તે જંગની દરમીઆનમાં સારીકાંણી દેખરેખ રાખવા શારૂ ચોમેર ફરીઆ કરવાની એનામાં ટેવ હતી." એટલુંજ નહી પણ અરવાચીન કાલમાં યુરોપની ભુંમીમાં થઇ ગએલા એક નામીચા પેહેલવાન અને શ્વીદન દેશનાં રાજા ચાર્લેસ ૧૨ માને સારૂ ડા૦ જાનસને ઓચરેલા આ નીચલા અંગ્રેજી બેતોબી એણે સારીકાણી લાગુ પડી શકેછે:—

"A frame of adamant, a soul of fire;
No dangers fright him and no labours tire;
No joys to him pacific sceptres yield.
Warsounds the trump, he rushes to the field."
JOHNSON.

એ બેતોનો અરથ એ થાય છે કે "જેનું પથ્થર જેવું શરીર, જેનો આતશપેરે બલતો આતમા, દેહેશતને જે કુચ બીશાદમાં નહી ગણનાર અને કોઇબી મેહેનતથી જે નહી હતનાર. શુલેહભરેલું રાજપાટ અમનચમનથી ભોગવવામાં જેને ચેન પડતું ન હતું અને લડાઇનું રણશીંગડું જો ફુંકીઉતો તરત તે જંગના મેદાનમાં એ પોતે નખાવી દેતો હતો." અરે ઓ ઉમર ઇબનુલ ખત્તાબ! પારસીઓનું માહાભારત કીતાબખાણું બાલી નાંખી તેં કેવું નખોડવાલી મેલીઉછે કે આવા શુરવિરાની જલુસી તથા મહા પ્રાકરમો વિશે તો શું પરંતુ એનું નામ વટીક પણ શું. ફીરદોશી કે શું તબરી ને શું મીરખુન્દ કે શું હમજા ઇશફહાંની જેવા દાનાવ ઇરાણી લખનારાઓ જે જણાવી ગયા નથી તે કેવું વીલાપ કરવા જોગછે અને જે નામ કે પારસીઓની તો શું બલકે આખા એશીઆ ખંડની તવારીખમા ઘણું જેબ આપે અને આફતાબપેરે પ્રકાશી નીકલે તેવું બુલંદ દરજજેનું છે.

સત્રોબો કેહેછે જે જયારે એ પાદશાહ મરણ પામ્યો ત્યારે પોનતસનાં મુલકની હદ નીચે મુજબ પામપીનાં જોવામાં આવી હતી. એ રાજનો છેડો અસલ હેલીસ યાને કજલ ઇરમક નામની નદી આગલ આવી અટકી રહેલો હતો અને તેણે બીજે છેડે

એમાસ્ત્રીસ (એમાસીરા) * તથા પાફલેગોનીઆનો થોડોક ભાગ હદ તરીકે ગણાતો હતો; અને સીનોનુસ (સીનોન) નદીની પશ્ચમે તાઇબરીની નામનો જે ટોળો રહેતો હતો તાંહાંથી તે ઠેઠ આરમીનીઆની ભુમીની હદ વેર, એ રાજની શીમાં આવી રહેલી હતી. આ હદમાં આ પાદશાહે આથમણ દીશા ભણીનો દરીઆનો આખો કીનારો ઠેઠ હીરાકાલીઆ જેને હાલ ઇરીકલી અથવા બનદરે મીલી કરી કેહેછે તાંહાં સુધી પોતે હાથ કરી લેઇ વધારો કર્યો હતો અને ઊગમણે ઠેઠ કોલચીસની સરહદ આગલથી તે નાના આરમીનીઆ શુધીનો શઘલો વચમા આવેલો દેશ પોતાના રાજને તાબે કરી લીધો હતો. જયારે એનો ઘણોખરો મુલક પોમપીના હાથમાં આવ્યો ત્યારે તેણે કોલચીસ તથા આરમીનીઆની ભુંમી તરફ આવેલો એ રાજનો ભાગ જે જે પાદશાહોએ તેને આ લડાઇમાં મદદ કરી હતી તેઓને બક્ષીસ આપ્યો હતો અને બાકીનો મુલક અગીઆર વીભાગોમાં વેહેંચી નાખી બીથનીઆની હકુમતની શરહદમાં આપી દીધો હતો. માહેલા પ્રાંતોમાનાં કેટલાએક લોકોને એણે પાફલીમનના ખાનદાનના પાદશાહોના શવાધીનમાં કરીઆ હતા. ત્યાર બાદ રૂમીઓએ એ દેશની હદમાં વારંવાર જુદા જુદા ફેરફારો અને વીભાગો કીધા હતા અને પોત પોતાના લાગતા વરગતાઓમાં તેઓને વેહેંચી આપી કેટલાંએક શેહેરોને છુટાપણુ તો કેટલાંએકોને પોતાની મરજી મુજબના રાજા અપાવ્યા હતા. હવે આ મરનાર પાદશાહનાં આ મુરદો છોકરાએ રૂમીઓની ખાતરજમાં કરવા સારૂ આમાસીસમાં એના રૂવાનને પોમપીને દેખડાવા મોકલીઉ. તે શાથે તેનાં ઉપર મોહોટા હદીઓખી તે વેલાએ તેણે તેનો માનીતો થવા માટે મોકલી આપ્યો જે પોમપીએ ઘણી ખુશીથી બાહાલ રાખ્યો અને મેતરદત શાહના રૂવાંનને પછી સીનાપે શેહેરના પાહાડો ઉપર પોતાના બાપદાદાઓના કુબ્બામાં અંદર નાખવા ઘણી ઇજત અને તેને લાએકના પાદશાહી દમામ શીખે તાંહાંથી રવાના કરી આપ્યુ અને તેની પાએદસ્ત શારૂ તેને લાએકનો ખરચ કરવા નાણાની મોહોટી રકમ વાપરવા પોતે હોકમ વટીક મોકલીઓ. જે જે શખ્સોનાં હાથમાં મેતરદતશાહે આગલ જે જે જગાઓ આપી હતી તે શઘલી હવે આ રૂમી શરદારે તેઓ શોડેથી છીનવી લીધી. આ માએલી કેટલીએક જગો પરથી તો બીશીઆર ખજાનો એના હાથમાં આવ્યો હતો અને અકશર કરી તીલોરશ શેહેરમાં જાંહાં એ પાદશાહનો ઘણો અગત્યનો શામાન શરંજામ તથા કીમતી જહવાએરાત રાખવામાં આવતુ હતું તાંહાંથી બેસુમાર ગંજ એણે હાથ લાગ્યું હતું. એનુ મુખ્ય હથીઆરખાનુ પણ એજ જગાપર આવ્યું હતું. એ

* અસલમાં એ શેહેર હખામની શેહેનશાહ દારાંના ભાઇ હુક્ષથર (ઓક્ષાથરીસ) ની બેટી એમાસત્રોસે વસાવીઉ હતું. એ શાહાજાદી હીરાકીલીઆના રાજા દાયોનીસીઅસ શાથે પરણી હતી. સીસામસ, સાઇતોરમ, અને ક્રોમના જે વીશે હોમર વટીક બીઆન આપી ગયોછે તથા તીઇઉમ એવાં ચાર શેહેરોને જોડી નાખી તેમાંથી આ એક શેહેર એણીએ બનાવીઉ હતું. પાછલથી આ છેલું શેહેર પાછુ એમાંથી નોખુ પાડવામાં આવીઉ હતું અને સીસામસને એમાસત્રીસનો કીલ્લો એવું નામ આપીઉં હતું. સાઇતોરમમાં અશલ સાનોપેના રેહેવાશીઓ શારૂ મોટુ બજાર ભરાતુ હતું અને ફરીકશુંસના બેટા સાઇતોરસના નામ ઉપરથી તેને એ નામ મલીઉ હતું એમ ઇફોરસ નામનો આગલો એક ગ્રીક ગ્રંથકાર લખી ગયોછે.

સામાનમાં શુનામાં જડેલાં અકીકનાં બે હજાર તો પીઆલાંજ હતાં અને માણશ તથા ઘોડાઓ શારૂ તરેહવાર ફરનીચર, પલેતીકામ તથા લશકરી અશબાબ એટલો તો મોહોટો એને હાથ આવ્યો હતો કે તેઓનું ફકત લીસ્તજ ઉતારતાં રૂમી અમલદારોને બરોબર આખા ત્રીશ દીવશો લાગ્યા હતા. પોતાનાં બાપનું ખુન કરવાના બદલામાં આ રૂમી શીપેહેશાલારે ફારનાસીસને હવે બાસફોરશનુ તમામ રાજ બખશીસમાં આપ્યું અને તેને રૂમીઓનો દોશ્ત તથા એક મલતીઆનો એલકાબ વટીક આપ્યો અને ઇફીસસ શેહેર તરફ પાછો નીકલી તયાં જઇ પોતાની શીઆલાની હવે પછી પોતે છાવણી નાખી પડીઓ તથા પોતાનાં શીપાહીઓને તેઓને લાએક નાણાની તેણે ભેટ કીધી. દરેક શીપાહીને તેણે પંદરશો દરાકમ યાને આશરે ૨૩૭૦ બક્ષીસમાં અપાવ્યા તથા દરેક શરદારને તેઓની પડવી પ્રમાણે મોહોટી બખશેશો મલી જે શઘલાંની એકંદર રકમ કેહેછે જે શોલ હજાર તાલન્ત યાને આશરે બે કરોડને ચાલીશ લાખ રૂપીઆની થઇ હતી. એ શઘલો ખજાનો દુશમેનોનાં હાથમાંથી એનાં અસતકમાં આવ્યો હતો અને તે શીવાએ બીજા વીશ હજાર તાલન્ત યાને ત્રણ કરોડ રૂપીઆ રૂમના તીજોરીમાં પોતા શાથે નાખવા જે એ લઇ ગયો તેતો વલી જુદા, કે જે ખજાનો જે દીવશે એ પોતે રૂમમાં દાખલ થયો તે દીને તાંહાંના રૂમી ખજાનચીના શવાધીનમાં એણે આપ્યો હતો. એની ફતેહનો શાહબોલો ઇ૦ પુ૦ ૬૧ માં બે દીવશ શુધી રોમમાં ઘણા ઠાઠ માથ શાથે નીકલીઓ હતો. એના રથની આગમજ ત્રણ સો ચોવીશ નામીચા બંદીવાનો ચાલતા હતા જેઓમાં એકતો જુદીઆનો પાદશાહ આરીસતાબ્યુલસ તથા તેનો છોકરો એનતીગોનસ કરી હતો, બીજો કોલચીસનો પાદશાહ ઓલથાસીસ કરી હતો, ત્રીજો આરમાનીઆના શેહેનશાહ તીગ્રાનનો તેજ નામ ધરાવનાર પુત્ર તથા મેતરદત શાહના પાંચ છોકરા, બે છોકરી તથા બે બેહનો કરીને જોવામાં આવતાં હતાં. આ મરહુમ પાદશાહના શરીરને બદલે એનુ તખત, નીંજો તથા શુનાથી ઓતી કાહાડેલું એનુ બાર ફીટ ઉનચુ મોટુ બાવલું ફતેહના ઇંધાની તરીકે પામપીના આ શાહાબોલામાં ચલાવામાં આવ્યું હતું; જે ફુકરાજી અને ફોકટની બીસમી અલે હસી કાહાડવા જોગછે, કારણ કે એ પાદશાહ કોઇ કાલે પણ પામપીઉસને સરહન થયલો નહતો. હવે પાછલથી જયારે પામપી અને સીઝર (કેસર) વચે માહો માહે મારામારી ચાલી ત્યારે પલુતારકનાં જણાવ્યા મુજબ આ ફારનાસીસે પોમપીની બારકુ લીધો હતી તેથી તેને સીઝર શાથે એક મોહોટી લડાઈ કરવી પડી હતી જેમાં તેનાં લશકરે કપાદોશીઆમાં જીલા * નામનું જે એક શેહેર હતું તાંહાં આગલ મોટી શીકસ્ત ખાધી હતી અને પાનતસનાં મુલકમાંથી તેને કેસરે ઇ૦પુ૦ ૪૭ માં પછી હાંકી કાહા-

---

* એ શેહેર જીલીતીસનાં પરગનામાં સેમીરામીસની ટેકડી ઉપર વસાવામાં આવીઉ હતું. અહીઆં આંવાં અરદુઇસુર (એનાઇતીસ) નું મોહોટું દેહેરું હતું જેની અરમાનીઓ પણ બેહદ પરશતસ કરતા હતા. અહીઆં પારશીઓનાં તેત્રીસે ફરેશતાઓના બાજ આફ્રરગાન વીગેરેની કીરીઆ ઘણા જખલુત ખરચથી કરવામાં આવતી હતી એમ નામીચો ભુગોલ વીદયાર્થી સ્ત્રેબો લખી ગયોછે; અને પોનતશનાં શઘલા રેહેવાસીઓ હરેક પોતાના મોહોટાં કામ કાજો વીશેના શોગંદ અહીઆના આતશકદેઓ તથા દરેમેહેરોમાં આવી લેતા હતા, અને એનો રાજ કારભાર મોબેદોનાં શ-

ડીઓ હતો. આ મુદત બાદ યાતો તેની આઠ દશ વરશ આગમજ પોમપીએ પોતાના દોર-ના વેલાએ અલે પ્રાજીમોનીતીસ નામનુ જે એક ગામડુ હતું તેને નીઓપોલીતીસ એવુ નામ આપી તાંહાં મોટુ એક શેહેર મચાવી મેલીયું હતું જાંહાં રૂમીઓની શત વીનાં આરસેસીસ નામનો કોઇ એક ઠગારે પાદશાહી અખતીઆર ચલાવા મંદી જઇ તાંહાંના લોકોને હુલડ કરવા સારૂ ઉશકેરતો હતો ને જેને પાછલથી આ પાદશાહના છોક-રાઓએ પકડી મારી નાખીઓ હતો. અહી-આં ઘણાં એક ગુણગારા ગરમ જહરા આ-વેલા હતા અને એક ટેકડીનાં શીખડ ઉપર સીજીલીઅમ અથવા આઇજનકુલેસી ના-મનો એક મજબુત કીલ્લો હતો જેમાં ભરપુર પાંણીનું એક મોટુ ટાંકુ હતું જે વારંવાર એ દેશના પાદશાહોને ઘણુ ઉપી-યોગી થઇ પડતું હતું પરંતુ સત્રેઓનાં જ-માનામાં મરામત વીનાં તે ભાગી ટુટી પડીયું હતું. આ કીલ્લો એટલો તો મજ-બુત હતો કે પોલીમો અને લાઇકોમીદીસ નામના અલેનાં બે ખંડીઆ રાજા તેને ઘેરી લઇ હલ્લાં કરીને નહી લઇ શકીઆ જેથી તે કીલ્લાને ફારનાસીસને તાબે કરી અપાવવા, આ રાજાઓને આખરે તાંહાં પછી ભુખમરો પાડવાની ફરજ થઇ પડી હતી. આથી પેલો આરસેસીસ ખોરાકી વીના મેદાન તરફ નાહાસતાં ઘેરાઇ ગયાથી અહી-આનાં પાહાડો ભણી *નાહાસી ભરાયો પરંતુ તાંહાંના કુવા પોમપીએ આગલ તાંહાં રાહ-જન તથા લુટારાઓ ભરાઇ બેસતા હતા માટે મોટા પથરાઓથી જે પુરી નાખીઆ હતા તેથી નાહાસવા સારૂ તાંહાંથી બીજી કોઇ જગા તેને નમલી આવ્યાથી તે ઠગારે એ પાદશાહના છોકરાઓનાં હાથ હેઠલ શપડાઇ ગયો અને અંતે મારીયો ગયો. ત્યાર બાદ ફારનાસીસની શામને આસેન-દર નામનાં કોઇ એક તેના શરદારે જે હુલ્લડ ઉઠાવ્યુ તેમાં લડાઇમાં ગુથાતાં એ મુજી પાદશાહ મારીઓ ગયો હતો.

આ બંને બાપ દીકરાઓના શીક્કા વધતા ઓછા હજુરવેર શીક્કાશનાસોને હાથ લાગે છે. મેતરદત શાહનો એક તેત્રેરી-દરાકમ (ત્રણ દેરમ) વાલો શીક્કો મી૦ હમફરીનાં પુશતકમાં આપવામાં આવેલો છે જેમાં એક તરફ એ પાદશાહની તશ-વીર જોવામાં આવેછે અને બીજી બારુએ પારસીઓના એતેકાદ મુજબ મેહેરયજદ જે જંગલ અને આકાશની પાશબાની રાખનાર તરીકે જે ગણાએછે તેવા એ ટોલાંના મવકલ ફરેશ્તા તરફ માનની ઇપાની તરીકે શીતારા, ચંદ્ર, હરણ, ઉડ-તો ઘોડો અને વરસીઆના ચીતારો કો-લલા આપણી નજરે પડેછે. એના છોકરા

વાધીનમાં હતો જેઓ અલે ઉભાઇ જતા હતા તથા મોટી મોટી જાગીરો અને ઘણો એક માલ ખજાનો અત્રે ધરાવતા હતા. પોમપીએબી અહીઆંની શાહેબી અહી-આનાં દશતુરનાજ શવાધીનમાં રેહેવા દીધી હતી. સલ્લેઓનાં જમાનામાં અહીઆની હાકેમી રાણી પાઇથોદોરીસના શવાધીનમાં હતી, પરંતુ તે વેલાએ અહીઆની આવક ઘણી ઘટી પડેલી હતી, ઘણાએક મોબેદો અલેથી નીકલી ગયેલા હતા તથા ધરમને લગતાં ઘણાંએક પવીતર મકાનો બીશમાર હાલતમાં આવી પડીઆં હતાં. એ શીવાએ અમીરીઆ નામનાં ગામડાંમાં મેન્સ નામનું માહાતાબનુ એક બાજુ દેહેરૂં હતું જેબી એજ રાણીના શવાધીનમાં આવ્યું હતું. એને ફારનીસસનુ મેન્સ કરી કેહેતા હતા અમે એનાં શોગંદ પાદશાહો વટીક લેતા હતા ને અંહીઆં પણ ઘણાએક પુ-જારા રેહેતા હતા તથા એ દેહેડાંનેબી મોટુ માન અકરામ આંપવામાં આવતું હતું.

ફારનાસીસનાં શીક્કાઓ ઉપર પાદશાહોનો પાદશાહ અને કેથે કેથેતો મોહોટો પાદશાહોનો પાદશાહ એવા એલકાબો કોત્રાવેલા આપણા વાંચવામાં આવેછે. એના પછી એ દેશનો ઘણો ખરો ભાગ રૂમીઓનાં શવાધીનમાં ગયો હતો પરંતુ થોડાક મુલકોમાં આસનદરે બાસફોરસનો હાકેમ એવા એલકાબથી રૂમીઓની ઓહેદારી હેઠલ થોડુક શુધી હાકમી ભોગવી પાછલથી પોતે પાદશાહનો એલકાબ ધારણ કરીઓ હતો એમ તેના શીક્કાઓ તપાશતાં હાલ માલુમ પડી આવેછે. તેની પછી તેનો બેટો દરાયસ એ દેશની ગાદીનો માલેક થયો ને તેને મારક એનતનીએ બાહાલ રાખીઓ હતો. ત્યાર બાદ એજ શેહેનશાહે પોલીમો અથવા પોલીમન નામનાં કોઇ એક નવા ઉઠી ઉભા થએલા શખ્સને ઇ૦ પુ૦ ૩૭ થી ઇ૦પુ૦ ૧૪ શુધી એ દેશની ગાદી બક્ષી હતી જે પરવાનગી આખરે આગશ્તસે પણ બાહાલ રાખી હતી. પોતાના દાવાને વધારે મજબુતી આપવા આ નવા પાદશાહે ફારનાસીસની દીનામીસ નામની છોકરી શાથે પ્રથમમાં લગણ કરીયાં કે જે રાજકન્યા આગલ આસનદર સાથે પરણેલી હતી; પરંતુ એ રાણીને પેટે એને કસાં છોકરાં થયા વનાં તે મરણ પામી હતી જેથી એ રાજા પછી પાઇથોદોરીસ નામની કોઇક સ્ત્રી શાથે બીજીવાર પરણીઓ હતો. એનાં જમાનામાં એનાં દેશ ઉપર એસપરગીતાન નામના સીનદી કાનદીની આશપાશ વશનાર જંગલી ટોલાં ચહડી આવ્યાં જેઓને શપર પેહેલાં તો એણે શારીકાની હરાવીયાં હતાં પરંતુ આખરે એ તેઓને હાથ કેદ પકડાઇ ગયો તેથી તે લોકોએ એને ઠાર કરી નાખ્યો હતો. તોબી એની આ વીધવા તેઓ શામને ઘણી બલતવારીથી લડી હતી અને છેલેસરવાલે જોકે તેઓએ તેણીને બોસફોરસમાંથી તો નહશાડી મેલી તોબી પાનતસનો મુલક તો તેણીના શવાધીનમાંજ રહી ગયો હતો. એ પાદશાહના શીક્કાની એક બોરદુપર એનુ પોતાનું માથુ ને બીજી બોરદુએ શેહેનશાહ આગસતસનાં મોહોડાંનો ચીતાર જોવામાં આવેછે. એની આ વીધવાનાં શીક્કાઓ ઉપર એક તરફ શેહેનશાહ તાઇબીરીઅસનો ચોતાર અને બીજી બોરદુએ એક તરાજુ તથા ગ્રીક ભાશામાં "બાસીલીસા પાઇથોદોર ફીતોરસ" કરી એક લેખ નજરે પડે છે. પોલીમન પછી તેનો છોકરો પોલીમન ૨ જો હવે ફક્ત પાનતસનાંજ રાજનાં મશનદ ઉપર આવ્યો કારણ એજે બાસફરશનો મુલક તો તેની આગમજ આસપરગીતાનોનાં શવાધીનમાં ગયલો હતો. એ પાદશાહ આશરે ઇ૦ સ૦ ૩૭ માં મરણ પામયો હતો. એના બીજા ભાઇને મોહોટા આરમીનીઆની ગાદી મલી હતી; અને નાનાં આરમીનીઆનુ તખ્ત આખરે આરકીલઅસનાં શવાધીનમાં જે આપવામાં આવ્યુ હતું તેની શાથે એ રાંણી ફરીને વલી પરણી ગઇ હતી પરંતુ જલદીથી તેણીને ફરીને વીધવા થવું પડીઉ હતું. એ રાજ (નાનુ આરમીનીઆ) બા શારૂ ફલવંત હતું અને સોફીની માફક અહીઆંબી જુદા જુદા નાના રાજાઓ સ્વતંત્રતાથી રાજ પાટ ભોગવીઆ જતા હતા જેઓ કોઇવાર આરમીનીઅનો શાથે મલીને ચાલતા તો કોઇવાર આનઅખતીઆરીથી અમલ ચલાવીઆ જતા હતા. ચાલદાઇ (ચલાઇબીસ) અને તાઇબરીની નામનાં ટોલાં પણ તેઓનાંજતાબા હેઠલ હતાં અને લેપીઝુસ તથા ફારનેસીઆ શુધી તેની હદ આવેલી હતી. જારે મેતરદતશાહ માહા બલવંત થઇ પડીયો ત્યારે તે કોલચીસનાં પ્રાંતનો તથા સીસીસાનાં છોકરા એનતીપેતરે જેબી મુલકો તેનાં શવાધીનમાં આપીઆં હતાં તેબી શઘલાં મુલ-

કોનો તે પછી પોતે ધણી થઇ બેઠો હતો અને તે શઘલે ઠેકાણે એ નામવર પાદશાહે એટલીતો દેખરેખ રાખી હતી કે તેઓની શલામતી શારૂ તેણે તાહાં પોનોસો કીલ્લા બંધાવીયા હતા અને તેઓમાં પુશકલ ખજાનો ભરી રાખવામાં આવીઓ હતો. એઓમાં હાઇદરા, બાસગોદરીજા અને સીનોરીઆનાં કીલ્લા બહુ મોહોટા ગણાતા હતા. આ છેલો કીલ્લો મોહોટા આરમીનીઆની શરહદ ભણી આવીઓ હતો એમ આગલ આપણે કેથે જણાવી ચુકયા છૈએ. પાલીમનરજાના શીક્કાઓપર તેની રાણી ત્રીપીનીનો ચોવાર જોવામાં આવે છે ને જેને વીશે રૂમી ગ્રંથકારે કસો ઇસારો વટીક કરી ગયેલા નથી. શેહેનશાહ કલોદીઅસ અને કેલીગયુલાનાં રાજમાં રોમના એશીઆ ખંડનાં પ્રાંતોમાં ઘણોએક હુમેરો થયો હતો જેથી રૂમીઓને પોતાનાં મુલકોની શરહદમાં તરેહ તરેહવાર નવા ફેરફારો કરવાની ફરજ થઇ પડી હતી ને જેમાં આખરે પોલીમનને દાવો પાનતસની ગાદી ઉપરથી ઉઠાડી દેવામાં આવ્યોહતો અને શેહેનશાહ નીરોનાં રાજમાં ઇ० સ० ૫૪ થી ઇ०સ० ૬૮ શુધીમાં તો એ બાકીનો મુલકબી રૂમીઓ પોતેજ હજમ કરી ગયા હતા. આ પાદશાહ બીજીવાર પેલી વખણાએલી રાંણી બેરીનીસ શાથે પરણીઓ હતો જેનાંથી જલદી એને પછી છુટા છેડા કરવા ફરજ પડી હતી. એ દેશની ભુગોલ તથા અહીઆં જેબી જુદાં જુદાં ટોલાં વશતાં હતાં તે શંબંધી શઘલી બાબદો એઓના દફતરમાં લંબાનથી જણાવામાં આવીછે જે દરોબસ્ત અતે જો ઉતારી હોએ તો વાંચનારાઓને વખતે તેથી કંટાલો ઉપજે માટે તેમાંથી ફકતઅગત્યનો શારાંઉશ લઇ બાકીનો ભાગ મને અતે પડતો મેલવો પડયો છે. એ વંશનાં પાદશાહોની વંશવાલીની ટીપ અતે પાછલ ટાંકી બતલાવીછે.

પાનતસનાં મેતરદતવાલાં જરથોસ્તી વંશની વંશાવલી.

(૧)—આર્યબુરજીન ૧ લો.
(ગ્રીક. આર્યોબરજાનીસ.) ઈ. પુ. ૩૬૩—૩૩૭.

(૨)—મેતરદત ૧ લો. (ગ્રી. મિથ્રદેતીસ) ઈ.પુ. ૩૩૭—૩૦૨.

(૩)—મેતરદત ૨ જો. (ફા૦ મેહરદાદ.) ઈ.પુ. ૩૦૨—૨૬૬.

(૪)—આર્યબુરજીન ૨ જો........ ઈ. પુ. ૨૬૬—૨૪૫.

(૫)—મેતરદત ૩ જો............ ઈ. પુ. ૨૪૫—૧૯૦.
એ એનતીઓકસ ૨ જાની છોકરી સાથે પરણ્યો હતો.

- (૬) ફારનાસીસ ૧ લો. ઈ. પુ.૧૯૦—૧૬૦.
  - (૭) મેતરદત ૪ થો (લકબે યુર્ગતેસ) ઈ. પુ. ૧૬૦—૧૨૦.
    - (૮) મેતરદત ૫ મો (લકબે યુપેતર અથવા મહાતમા.) ઈ. પુ. ૧૨૦-૬૪.(પોતાની બેહન લાઓદીસે વિગરે એને બીજી ઘણીક બાનુઓ હતી.
      - આરકેથીઅસ.
      - ૯ ફારનાસીસ ૨ જો ઈ. પુ. ૬૪-૪૭.
      - આર્યરથ.
      - મેતરદત.
      - મહાચેહર (ગ્રી.મચારીસ.)
      - ઝીફારીસ.
      - બીજા લણ છોકરા.
      - કલીઓપાત્રા આરમીનોઆવાલા
      - બીજી છ છોકરીઓ.
    - એક છોકરો જેનું નામ માલમ નથી.
    - લાઓદીસે (પોતાના ભાઈ મેતરદતની સાથે.)
    - લાઓદીસે ૧ આર્યરથ ૬થા સાથે અને ૨ જો બીથીનીઆના નીકોમીદીસની સાથે.
    - રેશતક તથા બીજી બે છોકરીઓ.
- લાઓદીસે-(એનતીઓકસ ૩ જાની સાથે)
- લાઓદીસે-(એંદ્રામેકસના છોકરા એકેઅસની સાથે)

બાબ ૨ જો.

કાપાદોશીઆવાલા આર્યેરથ (આયારથીસ) તથા આયબુરજન (આર્યબરજાનીશ) વંશના માજહોઅશનાન પાદશાહો.

એસીઆમાઇનરમાં કાતપટુક અથવા કાપાદોશીઆ નામનો એક મોહોટો રસાલ દેશછે જેહખામની વંશનાં પારશી શેહેનશાહોના દોરમાં ઉતર અને દક્ષણ એવી બે છતરપીઓમાં વેહેચાએલો હતો. દક્ષણ તરફનુ કાપાદોશીઆ જો કે પારશીઓનાંજ રાજને શવાધીન હતું પરંતું પુતાન (ઓતાનીશ) નામના જે સુબાને ઉતર તરફનાં કાપાદોશીઆનાં પ્રાંતની ગાદી દાર્યવુશ વીશ્તાસ્પે (દરાયશ હીશ્તાશપીસે) શવાધીન કરી હતી તેનાંજ ખાનદાનના હાથમાંએ બંને રાજોની માલેકગીરી શીકંદરની પુરવે ચાલુ જોવામાં આવેછે. અહીઆનાં દેતામીસ * અને આરીઆમન (આરીઆમનીસ) નામનાં બે રાજાઓ શારૂ દાયોદોરસ જે હેવાલ આપી જાએછે તેઓ પણ હખામની વંશનાં રાજની ઓહેધરી હેઠલ એ દેશની ગાદી ચલાવતા હતા; પરંતુ શીકંદરે પારશીઓની શલતનતની જયારે આખરી આની મેલી ત્યારે ઇ૦પુ૦ ૩૩૧ માં આરીઅમનનાં છોકરા આર્યેરથે † એ દેશમાં સ્વતંતાનો જુંહનડો ઉરાડી અહીઆં પારશીઓનું બીજું નવું આપઅખત્યાર રાજ શથાપીઉ. એ રાજ ત્રણ શો વરશ ઉપર તેનાં

* એ રાજા પુતાન જેને કતીસીઅસ અનાપ્રસ કરી લખી ગયોછે તેનો નબીરો થતો હતો. પુતાન હખામની ખાનદાનનો હતો તેવીશે જુઓ મારી "તવારીખે કદીમ ઇરાન" ને શફે ૧૬૮ મે એ ખાનદાનનાં શેહેનશાહોની આપેલી વૂંશાવલીની શાંકલી.

† હખામનો વંશનાં પાદશાહોનાં વખતમાંબી એ નામ પારશીઓમાં વપરાતું હતુ. આરતેઝરકસીસ નીમનની શઘલી બઇરીઓને પેટ તેને ૧૧૫ છોકરા જે થયા હતા તેઓમાં ત્રણ પરણેલી ઓરતને પેટના હતા. તેઓનાં નામ દરાયસ, આર્યેરથ (આરીઆરથીસ) અને ઓકસ કરીને હતાં એમ જસતીન બોલેછે. તે સાથે વલી મેતરદત(મીથ્રદેતીસ), મીથ્રબરજાનીશ(મેહેરબુરજીન), મીથ્રબાતીશ (મેહેરબાદ) અને આરીયબુરજીન(આર્યેબરજાનીશ) નામોબી પારશી ઉમરાવોનાં મશહુર હતાં એમ કારનીલીઅસ નીપાસ વીગરેનાં પુશતકો ઉપરથી શાફ દીશેછે.

હવે આ મજકુર આર્યેરથ લુસીઅનના કેહા મુજબ ૮૨ વરશનો વએ મારાએઃ ગયો હતો જેથી એનો જનમ ઇ૦ પુ૦ ૪૦૪ માં થવો જોઇએ. એના મારાઆ જવા વીશેની વાત દાયોદોરસ, એરીઅન તથા એપીઅન એક આવાજે એકરાર કરી ગયાછે. એનાં બાપ આરીઅમનની વય ૫૦ વરશની હતી જેથી તેનો કાલ ઇ૦ પુ૦ ૪૦૪ ની આગમજ ગણાયો જોઇએ અને દરાયસ ઓકસે (અરતખશત્રા ૩ જાએ) જયારે મીશર દેશ ઉપર ચઢાઇ કરી ત્યારે તેની શાથે એનો ભાઇ હોલોફરનીશ બી તાંહાં ઇ૦ પુ૦ ૩૫૦ માં હાજર હતો. પરદીકસ ઇ૦ પુ૦ ૩૨૧ નાં હુનાલાની મોશમ આગમજ મરણ પાંમીઓ હતો અને એનો શાથનાં જંગનાં મેદાનમાં મજકુર આરીઅરથ ૧લો મારીઓ ગયો હતો એમ દાયોદોરસની શતાને આધારે કુસીઅસ જે લખી ગયો છે તે વાકીય કુસીઅસની કલમથીજ ગઠલ મઠલ થઇ ગયો હશે અને દાયોદોરસ પોતે તેમ લખી ગયો નહોએ એમ વીસીલીંગ વીચારેછે. (જુઓ કલીનતનની ફાસ્તી હેલીનીસીનાં જીલ્દ ૩ જાને શફે ૪૩૧ મે.)

ખાનદાનના હાથમાં રહ્યું હતું અને તેની સીમા ઠેઠ તારસના પરવત શુધી પોંહોચી ગઈ હતી. એની બીજી તરફની હદ વીશે સેલ્બો એમ જણાવે છે જે તેમાં ફેરફારો શદા ચાલું રેહાથી અશલમાં તે ચોકશ હદ કાંહાં કાંહાં શુધીની આવી હતી તે બરોબર માલુંમ પડી શકતુ નથી. નજદીક એક દાહેકા શુધી સ્વતંત્રતાથી આ પાદશાહે અંહીઆં રાજપાત પોતાનાં ભાઈ હોલોફરનીસ સાથે ભોગવીઆ બાદ એનાંપર શીકંદરનાં એક શરદાર પરદીકશે શવારી કરી ને એને એક મોટી ખુનખાર લડાઈમાં હરાવીઓ પરંતુ એ ફતેહના બદલામાં આપણા આ રાજા ઉપર જે જે વીપતીઓ તથા ધાહો પડીઆ હતા તે શીવાએ બીજો કશો ફાએદો પરદીકસને મલીઓ નહતો એમ જસતીન લખી જાએછે કારણ કે એ પાદશાહ આ લડાઇનાં રનમાંથી તરત પોતાનાં શેહેર તરફ પાછો હઠ્યો અને પોતાની ઓરત તથા બચ્ચાં છોકરાંઓને મારીનાંખી પોતાનો મેહેલ તથા શઘલો અશબાબ દુશમેનોના શવાધીનમાં નહી જાએ માટે તે શઘળું પોતાના ગોલામો શીખે બાલી ફનાં ફના નાખ્યું હતું. એ લડાઇમાં એની શાડે ત્રીશ હજાર પાએડલ તથા બીજુ મોટુ ઘોડે શવાર લશકર હતું. આખરે એ પાદશાહ કેદ પકડાઓ જેથી એને એનાં મુખ્ય શરદારો શહીત પરદીકશે ઇ૦ પુ૦ ૩૨૨ માં ફાંસીને લાકડે ચહડાવીઓ અને એનુ રાજ યુમનીસને તેણે સવાધીન કીધું. અહીઆં એ રાજા ઇ૦પુ૦ ૩૧૫ ની શહેરઆતમાં મરણ પામ્યો તાંહાંવેર ફકત નામનુ રાજપાટ ચલાવ્યો જતો હતો. પોતાના કાકાનાં કેદ પકડાવાથી એનો ભત્રીજો આર્યરથ ૨ જો જે આરમીનીઆમાં જઇ ભરાએલો હતો તે આ તક જોઇને આરમીનીઆના પાદશાહ આરદોઆતીશે તેને લશકરની જે મદદ આપી હતી તે લશકર શીખે પાછો કપાદોશીઆમાં દાખલ થયો અને તાંહાં મોટુ હુલડ ઊઠાવી માસીદોનીઅનોના સરદાર એમીનતસને મારી હઠાવી શઘલી યુનાની ફોજને તાહાંથી હાંકી કાહાડી પાછી ગાદી તેણે પોતાનાં શવાધીનમાં કરી લીધી. એ પછી એનતીગોનસે તથા સીલુકશેબી પાછુ એ રાજ એની શાડેથી છીનવી લેવા કશી કોશેશ કરી નહતી જેથી ત્યારબાદ શુલેહ શંપજ ભરેલી રીતે એ પાદશાહે અહીઆં પોતાના બાકીના દીવશો ગુજારીઆ હતા અને જયારે આશરે ઇ૦ પુ૦ ૨૮૦ માં એ રાજા મરણ પામ્યો ત્યારે એને પોતાનુ તાજ પોતાના વડા છોકરા આરીઅમન ૨ જાને શવાધીન આપ્યું. એ પાદશાહના રાજમાં, એને સામના પાદશાહ એનતીઓકસ થીઆસ શાથે દોશતી રાખી પોતાના વડા છોકરા આરીઅરથ ૩ જાને તે પાદશાહની છોકરી સ્ત્રેતોનીસે સાથે જે પરણાવી આપી; તે શીવાએ બીજા કસાં જાણવા લાએક બનાવો બનીઆ ન હતા. એ છોકરાપર એનો એટલો તો પીઆર હતો કે તેને પોતાની સાથે રાજપાતમાં શામેલ વઠીક એણે કરીઓ હતો અને એ બંને બાપ દીકરાઓએ મલી શુલેહ શંપજથી એ દેશમાં આશરે શાહાવરશ (ઇ૦ પુ૦ ૨૮૦ થી ૨૨૦) શુધી પાદશાહી ચલાવી હતી. આરીઅરથ ૩જાનાં મરણ બાદ તેનો બેટો આરીઅરથ ૪ થો. દાયોદોરસ તથા જસતીનનાં કેહા મુજબ બાલપણથીજ એ દેશના મશનદ ઉપર આવ્યો હતો. * એનાં દોરમાં એ રાજ

* આ ઘણું અજાએબ જેવું છે જે એ વેલાએ એક ફકત મીશર શીવાએ શઘલાં દેશોમાં જે રાજા થયા હતા તે શઘલા પોતાની બાલ અવસ્થામાંજ હતા અને પાછલથી તે શઘલાઓ વધતા ઓ-

શપરપેહેલીવાર એસીઆ માંઇનરનાં બીજાં શવતંત્ર રાજોનાં તથા રૂમીઓનાં શંબંધમાં વઠીક આવીઊ હતું. એનાં લગ્ન માહાતમા એનતીઓકસની એક ઘણી બાહોશ છોકરી એનતીઓચીસ શાથે ઈ૦ પુ૦ ૧૯૨ માં થયાં હતાં. એ રાંણી વહાંજની હોવાથી તેણીએ પોતાના ખાવંદને ઘણું શુધી ઠગયો હતો અને તેને એમ શમજાવીઆ કીધું હતું જે આરીઆરથ તથા હોલોફરનીસ અથવા ઓરોફરનીશ નામના જે બે મારા છોકરા છે તે તારેજ પેટથી અવતરેલા છે. પાછલથી તેણીનો એ મરજ નાબુદ થયાથી તેણીને પેટે એ પાદશાહથી બે છોકરી તથા મેતરદત નામનો એક છોકરો અવતરેઓ હતો, જયારે તેણીએ પોતાના ખાવંદ આગલ પોતાની શઘલી ઠગાઇ માની દીધી હતી અને પોતાના પેલા કરી લીધેલા બે છોકરાઓમાંથી એકને રોમ તરફ અને બીજાને આઇઓનીઆ તરફ શીખવવાને બાંહાંને મોકલાવી આપીઆ તથા પોતાના ખરા છોકરા મેતરદતનું આરીઆરથ નામ રાખી તેને તેણીએ યુનાનીઓની રીતભાત પ્રમાણે શઘલી કેલવણી પોતે અપાવી હતી. એ શીવાએ એ પાદશાહની બીજી પણ એક ઓરત હતી જેને પેટે એક છોકરી અવતરેલી હતી ને જેણીને પરગેમસનાં પાદશાહ યુમનીસ શાથે ઈ૦ પુ૦ ૧૮૮ માં પરણાવી આપી હતી. સીલુકસનાં ખાનદાન શાથે આ પ્રમાણે એને બેવડુ શગાઇનુ નાતુ થયાથી એણે એનતીઓકસની હોયથી બાહે ધરી હતી ને તેને રૂમીઓ શાથે ઊઠાવેલી લડાઇઓમાં પોતે ઘણી શારી મદદ આપી હતી તથા ઈ૦પુ૦ ૧૯૦માં મેગનીસીઆનાં મોહોટાં જંગી મેદાનમાં રૂમીઓથી સાંમના આ પાદશાહને મલેલી જબરી શીકશ્ત, જેથી તેનુ રાજ પડી ભાગ્યું હતું તે લડાઇની વેલા એણે પોતબી રૂમીઓ શાંમણે શારો ભાગ લીધો હતો. પરંતુ હવે એનતીઓકસની હાર જોઈ રૂમીઓનુ બળ એને શમજ પડી ગયાથી એણે પોતાના એલચીઓ રૂમ તરફ ઈ૦ પુ૦ ૧૮૮ માં મોકલી * એ વાતની પોતે રોમની શેનેતથી માંફી ચાહી અને શગાઇને લીધે મને એ પાદશાહને તમારી શામને મદદ આપવા ફરજ પડી હતી એમ તેઓપર પોતાના આ એલચીઓ મારફતથી એણે કેહવાડી મોકલાવ્યું. આ માફી રૂમીઓએ જોકે બાહાલ રાખી તોબી તેઓએ એની આ ચુકના બદલામાં બસો તાલન્ત યાને આસરે પાંચ લાખ રૂપીઆનો દંડ એનાંપર નાંખીઓ હતો પરંતુ એના જમાઇ યુમનીસનાં વચમાં પડીઆથી સેનેતે એ દંડમાંથી એને અરધાં નાણાં માફ કરાવ્યાં અને એનાં ઊપરથી પોતાનો ગોશસો કાહાડી નાખીઓ હતો. ત્યારબાદ ઈ૦ પુ૦ ૧૮૩ થી ૧૭૯ શુધી પોનતસના રાજા ફારનાસીસ સાથે એના આ જમાઇને જે લડાઇ ઊઠી હતી તેમાં એણે તેને સારી મદદ કરી હતી. આ ત્રણે રાજાઓ વચે રૂમીઓ પછી વચમાં પડીઆ અને પોતાનાં એલચીઓને આ ત્રણે રાજોમાં મોકલી શુલેહ કરાવી નાખવાનુ કામ પોતાને માથે તેઓએ ઉચકી લીધું પરંતુ ફારનાસીસે તેઓનો આ માંગણી

છા નામચીન વઠીક થઇ ગયાછે. જુઓ, માસીદાનમાં ફીલીપ, રોમમાં એનતીઓકસ અને કારથેજમાં હેનીબાલ જે શઘલાઓ નાની વયમાંથીજ પોતપોતાનાં દેશના રાજ કારોબારમાં ભાગ લેવા મંડી ગયા હતા, અને પાછલથી ઘણી શારી મનશકતી દેખાડાવી ગયા હતા.

* એ વેલાએ એસીઆમાં રૂમીઓને, સુંબો માનીલીઅસ કરી હતો જેની સોડે આ એલચીઓ આવીઆ હતા એમ પોલીબીસ તથા લીવી એકરાર કરો ગયાછે.

કબુલ રાખી નહી. આથી આ બનાવની બે વરશ પછી ફારનાસીસને આખરે પોતાની બાજી ઘણી નબલી જોઇ વધારે નાખુશ બંદોબશ્તો એ બંને જનો શાથ કરવા ફરજ પડી હતી. એ પછી આરીઆરથને ગાલેશીઆનાં ગાલ લોકો શાથે લાંબુ શુધી લડાઇમાં ગુથાવું પડીઊ હતું કારણ કે તેઓ એના દેશનો થોડોક ભાગ પોતે હજમ કરી જવા માંગતા હતા. એનો એનાં પોતાનાં એકપુરા છોકરા આર્યરથ ઊપર બહુજ પીઆર હતો અને તે છોકરાનોબી પોતાના બાપ ઊપર એટલો બધો તો ચાહ હતો કે તેથો તેને ફીલોપેતર યાને બાપને ચાહનારો એવો એલકાબ વટીક મલીઓ હતો. આ એલકાબને આ જુવાંન શાહાજાદા શારીકાની યોગય પણ હતો એમ આ હેઠલા બનાવ ઉપરથી વાંચનારાઓને પશંદ કરવા જોગ એબા એક બાજો ધડો છે એમ સાફ માલુમ પડીઆ વીનાં રેહેશે નહી. પોતાના પીઆરની ઇચ્છાની તરીક એણે જીવતાં જીવત કેહે છે જે પોતાનું તાજ પોતાના આ છોકરાને માથે મેલવાનો ઠેડાવ કરીઓ અને રાજપાત તેને શવાધીન આપી પોતે ગોશેનશીની અખતીઆર કરવાનો વીચાર કરીઓ. પરંતુ આ છોકરાનો પીઆરબી પોતાના બાપ ઊપર બેહદ હોવાથી તેની હઇઆતીમાં એ દેશની ગાદી પોતાના શવાધીનમાં લેવા તેણે સાફ નાં પાડયું. આથી ઇતીહાશ કરતાઓ તેની લાખ લાખ વખાણ ગાઇ ગીઆછે અને શઘલા પુત્રોને પોતાના બાપને હંમેશ માન અકરામ આપતા રેહેવા શદા એ દાખલો અવે પછીના ઊઘરતા જવાનો શોડે ધરવા તેઓ દુરશ્ત વીચારી ગયાછે. એની શાથ શરખાવતાં જુઓ તીગ્રાનનો પોતાના બાપ શાથ ચલાવેલી માંઠી ચાલ કેવી ધીકાર ભરેલી દીશેછે અને પોતાને પેટનાં ફરજંદ આવાં નીવડે તે યાને તેઓ નહીજ અવતરે તો તે બેહેતર કેહેવાએ તે કેહેવાતમાં કેટલી શચાઇ છે તે શાફ માલુમ પડી આવે છે. હવે એનતીઓકસ એપીફીનોસ જયારે ઇ૦ પુ૦ ૧૬૪ નો આખરોમાં મરણ પામીઓ ત્યારે રૂમ તરફથી એક એલચીખાતુ એની દરબારમાં આવીઊ હતું. પોલીબીઅસ તેનો શબબ એમ જણાવી ગયેછે જે દેમીત્રીઅસ સોતરે શામનુ રાજ પોતાનાં શવાધીનમાં કરી લેવા શારૂ રૂમની સેનેતપર તેણે અરજી મોકલી હતી. આ તેની અરજી સેનેતે તે વેલાએ નાંમનજુર રાખી હતી અને તે વીશે એલચીઓ મોકલાવી આર્યરથને ત્યારબાદ તેઓએ તે વીશેની ખબર પોહોચડાવી હતી. એ પછી થોડુએકમાજ એ પાદશાહ ઇ૦પુ૦ ૧૬૩—૧૬૨ નાં શીઆલામા મરણ પામ્યો હતો. એણે ઇ૦ પુ૦ ૨૨૦ થી ઇ૦ પુ૦ ૧૬૩ શુધી આશરે ૫૮ વરશવેર એ દેશની ગાદી ભોગવી હતી અને પોતાના રાજના પાછલાં પચીશ વરશ તો રૂમીઓ શાથે ઘણીજ મીત્રાચારીમા કાહાડીઆં હતાં. એનાજ દોરમાં એ ખાનદાનના શીકકા શપર પેહેલીવાર વપરાશમાં આણવામાં આવીઆ હતા. એ શીકકા રૂપેરી હતા અને એક દરાકમ તથા દશ દરાકમ એવા બેજ જાતના પાડવામાં આવતા હતા. એ જાતના સીકકા હાલમાં ઘણાજ કમયાબ છે એમ સીકકા શનાસો જણાવી જાએછે.

પનોતો પુત પાળણાંમાંથી માલુંમ પડી આવેછે તે પ્રમાણે આ મરહુમ પાદશાહનો બેટો આર્યરથ ૫મો જે હવે એ દેશની ગાદીનો ઇ૦ પુ૦ ૧૬૨ માં માલેક થયો તે તેની પાછલી બાજી શારી વરતણુકો ઊપરથી પણ તે બહુ શારો માણશ થઇ ગયોછે એમ સ્પશ્ત માલુમ પડી આવેછે અને તેથી દાયોદોરસ તેની બહુજ વખાણ ગાઇ ગયોછે. તવારો-

બનાં દફતરોમાં ઉપર જણાવીઆ મુજબ એ પાદશાહ ફીલોપેતરનાં વાજબી એલકાબથી પોતાનુ નામ નોશેરવાન માંફક ગોવા અમર કરી ગયોછે. તખતપર આવતાંજ એણે ઇ૦ પુ૦ ૧૬૦ માં રોમ તરફ એલચીઓ * મોકલાવી રૂમીઓ શાથ બાંધેલી એનાં બાપની દોશતીનાં નાતાંમાં પોતે મોટો વધારો કરીઓ અને યુનાની ગ્રંથકારોની ફીલશુફીનો પોતે મોહોટો અભયાશ કરવા માંડયો. આથી એની દરબારમાં ઘણાએક આલેમોએ આવી આશરો લીધો હતો અને ઘણાંએક દાનાવ યુનાનીઓ તાંહાં આવી વશીઆ હતા કે જેઓ કે એની પુરવે કાપાદોશીઆના નામથી વટીક શદંતર અનજાણા હતા. સામના પાદશાહ દેમીત્રીઅસ સોતરની એક બહેન હતી જેની શાથ પરણીઆથી પોતાના દોસ્ત રૂમીઓને કદાચ માઠુ લાગે તેથી તે પાદશાહની કરેલી આ માંગણી એણે બાહાલ વટીક રાખી નહી. આથી દેમીત્રીઅસને એના ઉપર બહુ રોશ ચહડો. તે શાથે એ પાદશાહે તેના શાથ શુલેહના બંદોબશ્તો કરવાબી પોતાની નાંખુશી દેખડાવી. આથી દેમીત્રીઅસનાં દીલમાં એના ઉપર કીનાનો આતશ વધું શલગીઓ હતો અને એની શાથ તે પછી છીટાં શોધતો બેઠો હતો. એટલામાં એનાં પેલા મોહોબોલા બાઇ હોલોફરનીસે દાયોદોરસના જણાવીઆ મુજબ એ દેશની ગાદી ઉપર પોતાનો હક પોહોચેછે એમ દાવો ઉઠાવીઓ અને ઇ૦ પુ૦ ૧૫૮ માં દેમીત્રીઅસની શાહેતાથી એને નહશાડી એ દેશની ગાદી તેણે પોતાને શવાધોન કરી લીધી અને તાંહાં ઘણી જુલમાત રીતે પોતે હવે રાજ ચલાવવા લાગયો. ઘણાએક એ દેશનાં વતણીઓને આ ઠગારાએ મારી નાખીઆ. મોટા મોટા અમીર ઉમરાવોની જાગીરો પોતે છીનવી લીધી અને જુપીતરનુ દેહેરૂ જેને એ દેશના વતણીઓ ઘણા પુરાતન કાલથી મોહોટું માન અકરામ આપતાં આબા હતા તે દેહેડાંને વટીક એણે લુટીઉ. પોતાનાં ઘાતકી કામોથી મબાદા આગલ ચાલતાં એ દેશમા એની શામને હુલડ ઉઠે તેથી આયોનીઆમાં પ્રીની શેહેરનાં શરાફોને તાંહાં એણે પોતા શારૂ ચારશો તાલન્ત યાને દશ લાખ રૂપીઆની થાપન અનામત જમે પડાવી. હવે બીચારા આર્યરથનો આવો બરગશ્તે હાલ થઇ પડીઓ તેથી તે રોમ તરફ જઇ ભરાયો અને રૂમીઓથી પોતે પોતાની બાકી ગાદી ફરીને શવાધીન કરી લેવા સારૂ મદદ માંગી. પરંતુ આ ઠગારાએ પણ પોતાના એલચીઓને રૂમ તરફ રવાના કરી આપ્યા જે ઉપરથી સેનેતે એવો થડાવ કરીઓ જે આ બંને ભાઇઓએ શમજુતીથી એકમેક શાથ મલીને હવેથી એ દેશની ગાદી ચલાવવી. આ સત્યતા વીશે પોલીબીઅસ તથા એપીઅન જેવા બંને ભરોશાદાર ગ્રંથકારો એક આવાજે એકરાર કરી ગયા છે. પદભરરત થયાને બીજે વરશે એણે પોતે પરગેમશના રાજા આટલસ ૨ જાથી મદદ માંગી. એ પાદશાહ તરતનોજ એ દેશની ગાદીનો માલેક થએલો હતો જેથી તેણે એની આ માંગનીને બાહાલ રાખી ને પાછો એને એખલાનેજ રૂમીઓની શાહેતાથી પોતાનાં બાપનાં મશનદ ઉપર ઇ૦ પુ૦ ૧૫૪ માં બેશડાવીઓ. રાજપર આવતાંજ એણે પ્રની શેહેરનાં પેલા રેહેવાશીઓ શોડેથી પેલા દશ લાખ રૂપીઆ હોલોફરનીશને નહી પણ પોતાને તરત શવાધીન

* આ એલચી બાતાની હરોલમાં નીશાન તરીકે એક શુનેરી તાજ જોવામાં આવતું હતું એમ દાયોદોરસ જણાવેછે.

કરવાની માંગણી કરી પરંતુ તેઓએ તે વાત બાહાલ રાખી નહી અને વાજબી રાહે એમ જણાવ્યું જે એ નાંણું એ માજી પાદશાહે અમારે તાંહાં અનામત મેલીઉંછે માટે એની હાજઆતીમાં હમારાથી બાજા કોઇને તે શવાધીન કરી શકાએજ નહી. આવો વાજબી અને ઘટતો ખુલાશો તોબી એણે તેઓ શાહેથી મંજુર રાખીઓ નહી અને એ ખજાનાંપર પોતાનોજ હક પોહો-ચેછે એમ જણાવી તેઓનાં શેહેરપર ચહડી જઇ એણે તેને તારાજ કરી નાંખીઉ. પરંતુ તોબી પેલા શરાફોએ પોતે વીશવાશઘા-કરીઓ નહી અને એનાં હાથમાં પેલા આ-નામત નાંણાંમાંથી એક દમડી વટીક જવા-દીધી નહી. જસતીનનાં જણાવ્યા મુજબ પે-લો હોલોફરનીશ પોતાની આ હારબાદ એન-તીઆક જઇ ભરાઓ અને તે દેશની ગાદી પોતાનાં શવાધીનમાં કરી લેવાનાં હેતુથી તાંહાંના રેહેવાશીઓને હુલકાવી પોતાના આ-ગલા મુરબી દેમીત્રીઅસનીજ હવેથી તાંહાં ઘોર ખોદવા લાગયો. શારાં ભાગ્યેગે એની આ છુપી ઉશકેરની તથા મશલેહત દેમીત્રીઅશને જલદીથી માલુંમ પડી ગઇ તેથી તેણે હોલોફરનીશને સીલુશીઆનાં બં-દીખાનામાં કેદ નખાવીઓ કે જેથી તેની ભય આર્યરથનાં મનમાં સદા ચાલુંજ રેહે; અને પોતે આગલ જતાં એ દેશની ગાદી એને આગલ ઓઠું કરી પોતાને શવાધીન કરી લેવાની જે ઉમેદ રાખતો હતો તેથી આ ઠગારાને મારી નાખવામાં હાલ તરતતો એને દરૂરત વાચારીઉ નહીં. પરંતુ આ તેની નીચ મુરાદમાં તે ફાવી શકીઓ નહી, કેમકે એનતીઓકનાં રેહેવાશીઓએ આ-ખરે તેની શામને બંદ ઉઠાવીઉ ને જે બેસાડીદેવા સારૂ દેમીત્રીઅસ તેઓની શા-મને થયો ખરો પરંતુ તે દેશના રેહેવાશી-ઓને મીશર દેશનાં ટોલોમી, પરગેમશ-વાલા મજકુર આતાલસ તથા કાપાદો-શીઆવાલા તેના આગલા હમનબરદ શદરહુ આર્યરથ જેવા ત્રણ બળવંત રાજા-ઓની મદદ મલી ગયાથી તેઓએ એલેક-જાનદર બલા નામના કોઇક ઠગારાને ઉઠી ઉભો કરીઓ. આ જુવાન ધુતારો કોઇ નીચ બુનીઆદનો હતો પરંતુ એણે એવો જુઠો શોહેલો દેશમાં ઉઠાડીઓ જે હું એનતી-ઓકસનો છોકરો થાઉછું માટે શામની ગાદીનો હકદાર વારેશ હું છેઉ. આથી દેમીત્રીઅસ તરફ શઘલા લોકો નારાજી હોવાથી અમીર ઉમરાવો વટીક આ ઠગા-રાની બોરદુ થઈ ગયા. તે શાથે આવા ત્રણ જોરાવર પાદશાહોબી તેની બોરદુમાં થઇ ગયાથી તેણે શામનાં મુલક ઉપર તરત ચઢાઇ કરી. દેમીત્રીઅસ તોબી તેઓ શામને ઘણી બલતવારીથી લડીઓ અને પેહેલીજ જપાજપીમાં તેણે પોતાનાં દુશમે-નોને મારી હઠાવીઆ પણ જયારે આ એક-શંપી રાજાઓએ તેની શામને વલી બી-જીવાર લડાઈ કરી ત્યારે રનનાં મેદાનમાં તે પોતે વાઘની માફક નીકરી પડીઓ અને દુશમનોનાં હજારો માણશોનો પોતે ઘાંન કાહાડી નાખીઓ પરંતુ લડતાં લડતાં એ લડાઇની દરમીઆંન આખરે ઘણી જવાં-મરદીથી તે શુરો પાદશાહ મારીઓ ગયો અને આ ધુતારો એલેકજાનદર બહ્લા તેથી શામનાં મુલકનો પોતે થોડુક શુંધી માલેક થઇ બેઠો. એ પછી આર્યરથે બીથ-નીઆ વાલા પુરૂસીઅસની શામને આત-લશે ઈ૦ પુ૦ ૧૫૬ થી ૧૫૪ શુંધી ઉઠાવેલી લડાઇમાં તેની આગલી પોતા શાથ ચલા-વેલી શારી ચાલચલણના બદલામાં તેને ઘણી અગતયની મદદ પોતે આપી હતી અને ત્યારબાદ ઈ૦ પુ૦ ૧૩૩ માં રૂમીઓએ પર-ગેમસનાં પ્રાંતની હાકમી પોતાને શવાધીન લેવા જતાં તેઓને એરીસ્તાનીકસ શાથે

જે શખત લડાઈ કરવી પડી હતી તેમાં એ પાદશાહે રૂમીઓની મોરદુ લીધી હતી અને તેઓની તરફથી તેઓનાં કાનસલ ફ્રાસસની શરદારી હેઠલ એ પોતે જાતે લડીઓ હતો જેમાં એ નામવર પાદશાહ ઈ૦પુ૦ ૧૩૧ માં તે લડાઇની દરમીઆંનમાં બાચારો મારીઓ ગયો હતો. એની વરતણુંક તપાશતાં તેમાંથી કસી ઘાતકી કે દગબાજી ભરેલી ચાલ આપણાં જાણવામાં આવતી નથી. એનાં દાદ અને ઇનશાફને લીધે એની રઇઅતનો એનાં ઉપર બહુ પીયાર હતો. જેવો એ પોતાની રઇઅતની પાશબાની શારૂ પોતાનાં લોકોમાં વખણાએલો હતો તેવોજ પોતાનાં પડોશીઓનાં મુલકો ઉપર અમરથો ચહડી જઇ તેઓને શતાવવા પોતે દુરૂસ્ત ધારતો નહતો તેથી આશપાશનાં રાજોનોબી એ ઘણો માંનીતો થઈ પડેલો હતો. એક વેલાએ આરમીનીઆનાં પાદશાહ આરતક્ષીઆસે પોતાના એક પડોશીનો દેશ એની શાથ મલી એ બંને જણાઓએ પોતપોતામાં વેહેંચી લેવા એને કહેવાડી મોકલાવીઉં ત્યારે એણે તેની આ ધીકાર ભરેલી ભલામન પોતે નાં પાડી એટલુંજ નહી પણ પોતાને આવાં ખરાબ કામમાં શામેલ થવા જણાવીઉં તેથી આરતક્ષીઆસ ઉપર એ બહુ ખફા થયો હતો. એશીઆની ભુંમીમાં શીકંદર પછી લગભગ ત્રણ શદી શુધી આવો શાચી દીઆનતવાલો, આદેલ અને નેક પાદશાહ આ મલેકુલ તવાયફોનાં દોરમાં કેથે કોઇબી દેશના ગાદીને આરાસ્તા આપી ગએલો આપણાં વાંચવામાં આવતો નથી. એણે લગભગ બત્રીશ વરશ શુધી મોહોટાં માન અકરાંમ શીબ એ દેશની ગાદીને જેબ આપી હતી અને એનાં શીકકાઓ થોડાજ જુજ હજુરવેર આપણે હાથ આવેછે. એનાં મરણની વેલાએ એના છ છોકરા ઘણી નાંહાની વયના હોવાથી એણે પોતાની વીધવા લાઓદીસેને પોતાના રાજની લગામ શવાધીન કરી હતી અને તેણીને પોતાનો વડો છોકરો મોહોટો થઇ ઉમરે પુગે તાંહાંવેર વકીલાતન તરીકે નેમી હતી. રૂમીઓએ આ રાણીનાં ભરથારની નીમખહલાલીને લીધે એ દેશ શાથે લાઇકોનીઆ તથા સીલીસીઆનાં પ્રાંતો હવે જોડી આપાઆ હતા. કહેછે જે એ રાણી એવીતો લોભી અને કસકુનમ જાદી હતી કે પોતાનાં હાથમાં રાજ કારભાર ઘણું શુંધી ચાલુ રેહે માટે જે વરશમાં પોતાનો ભરથાર મરણ પામ્યો તેજ વરશમાં પોતાનાં પાંચ છોકરાઓને તેણીએ વીખદેઇ મારી નાખીઆ અને બાકી રેહેલા શઉથી નાણા છોકરાનેબી મારી નાખવાની તે પેતરણમાં હતી એટલામાં શારાં ભાયગે પાહુધીઓનાં એક પાદશાહ જોએશ માંપ્રક તેનાં બીજા અતલગનાં એશીઓએ તેને તેણી આ નાપેકાર માએનાં હાથ હેઠલથી લઇ જઇ પોતાને તાંહાં રાખીઓ. એ રાજા એ દેશની ગાદી ઉપર પછી તરતજ હવે આર્યરથ ૬ ઠાનાં નાંમથી બીરાજીઓ હતો કારણ કે લોકોને આ રાંણીનાં આવાં ઘાતકી કરમ વીશે માલુમ પડી ગયાથી તેઓએ આ મુજી ઓરતને ઘણાં તીરશકારથી જલદીથી મારી નાંખી હતી. એ પાદશાહે પોનતસવાલા માહાતમાં મેતરદતશાહ શાથે દોશતીનુ નાંતુબાંધી તેની બેહેન લાઓદીસે સાથે આશરે ઇ૦ પુ૦ ૧૧૫ માં પોતે જે લગણ કરીઆં હતાં તે શીવાએ બીજુ કસુ નવું જેવું આપણે એને વીશે જાણતા નથી અને જે રાંણીના પેટથી એને બે છોકરા તવલુદ થયા હતા કે જે બંનેનાં નામો આર્યરથ કરીનેજ હતાં. આગલ જણાવીઆ મુજબ એ બીચારાને એનાં આ શાળાએ ઇ૦ પુ૦ ૯૬ માં મારી નખાબ્યો અને જે વીશેનો શકશો દેરોબસ્ત

હેવાલ ગયા બાબમાં આપણે જણાવી ચુકીઆ છેએ માટે અત્રે તે ફરીને ઉતારવાને હું દરૂશત જોતો નથી. એનાં મરણ બાદ એ દેશની ગાદી મેતરદતશાહ પોતે ખાઈ જવાની બાજી બાંધતો બેઠો હતો તેમજ બીથનીઆવાલો નાંઇકોમીદીસ ૨ જો જેની શાથે આ વીધવા રાંણી ફરીને પરણી હતી તે પાદશાહનોબી દોરો એ રાજપર હવે હોવાથી મેતરદત શાહે આગલ રેહી પોતાના ભાણેજ અને મજકુર રાજાનાં વસ પુતર આર્યરથ ૭ માને ઇ૦ પુ૦ ૯૫ માં એ ગાદી અપાવવા સપર પેહેલાંતો અગત્યનું વીચારીઉ. આ જુવાન રાજા હવેથી પોતાના મામાના કેહાશર નહી ચાલીઆથી મેતરદતશાહે ઇ૦ પુ૦ ૯૪ ની આખરીમાં તેને એક બીલાત ગાહમાં બોલાવી તરત પોતાને હાથે થાર કરીઓ અને એ દેશની ગાદી પોતાનાં આઠ વરશની વયના એક નાનાં બાલકને શવાધીન આપી અને તેનુંબી આર્યરથ એવું નામ રાખી એ દેશની ગાદી પોતે પછી હજમ કરી ગયો. પરંતુ કાપાદોસીઆનાં રેહેવાશીઓએ આ મરનાર પાદશાહનાં બીજા ભાઇ આરીઅરથ ૮ માને ઉથી ઉભો કરી તેની બોરદુએ થઇ મેતરદતશાહ શાંમને મોટું હુલડ ઉઠાવ્યું જેમાં તેએ ફાવી શકીઆ નહી કેમકે આ બલવંત પાદશાહે તેને મારી આ દેશમાંથી હાંકી કાહાડીઓ જેથી ધાશ્તીનો મારીઓ તે બીચારો ત્યારબાદ તરતજ મરણ પાંમીઓ હતો. આ શાહજાદાનાં મરણથી આર્યરથનાં અશલી ખાનદાનની નશલ હવેથી એ દેશમાંથી નાબુદ થઇ ગઇ માટે મેતરદત તથા નીકોમીદીસ પોતાની મતલબનાં ઠગારાઓને ઉથી ઉભા કરી એ દેશ તેઓનાં તાબા હેઠલ અપાવવાની પેરવી કરવા લાગ્યા પરંતુ રૂમની શેનેટ તેઓની આ ઠગબાજી શમજી ગઇ તેથી એ દેશના રેહેવાશીઓને પોતાની મરજી પ્રમાણેનો રાજા શોધી કાહાડવાની છુટ તાંહાંની શરકારે હવે અપાવી.

આથી લોકોએ આર્યબુરજીન (આર્યોબરજાનીસ) નામનાં કોઇ એક ઉમરાવને ઇ૦ પુ૦ ૯૩-૯૨ માં ચુટી કાહાડી એ રાજની ગાદી તેનાં શવાધીનમાં આપી. ગાદીપર બેસતાંનેવાર આ નવા રાજાએ પોતા શારૂ ફીલોરોમીઉસ યાને રૂમીઓને ચાહનાર એવો એલકાબ ધારણ કરયો હતો, અને આ નવાં જરથોશ્તી ખાનદાનનાં હાથમાં એ દેશની ગાદી ત્રણ પેહડીવેર એ મુદતબાદ રૂમીઓની બાહેધરીને લીધે ચાલું રેહીહતી. રાજપર આવતાંજ પેહેલાંતો આ બીચાર આર્યબુરજીન ઉપર શેંકડો વીઘનો પડીઆં હતાં જે વીશેનો શઘલો વીગતવાર હેવાલ આપણે આગલ આપી ચુકાઇએ; માટે તેનો જુજ શારાંઉસજ અત્રે ઉતારીએ છેએ. મેતરદત શાહની ઉશકેરનીથી આરમીનીઆનાં રાજા તીગ્રાનનાં મીત્રાસ અને બેગોઆસ નામના બે શરદારોએ એ બીચારાને તરતજ નહસાડી મેલી એ રાજની લગાંમ મેતરદતશાહનાં મજકુર છોકરા આર્યરથને ફરીને શવાધીન અપાવી. આ બનાવ પછી બીજે વરશે યાને ઇ૦ પુ૦ ૯૨ માં રૂમીઓએ ફરીને એને એ દેશની ગાદી શવાધીન કરાવી અને ત્યારબાદ ઇ૦ પુ૦ ૮૮ શુંધી ચાર વરશવેર અહીઆં એણે શુલેહ શંપજથી રાજપાન પોતે ભોગવીઉ હતુ; પરંતુ મેતરદતે ફરીને એને તે મુદતબાદ હાંકી કાહાડી એ મુલક પાછો પોતાને શવાધીન લઇ લીધો અને રૂમીઓ શાથ ઉઠાવેલી પોતાની સપર પેહેલી લડાઇનાં આખા અરશામાં અહીઆં પોનતસની ધજા ઉડતી હતી. જયારે રોમ અને પોનતશનાં બંને જોરાવર રાજો વચે ઇ૦ પુ૦ ૮૪ માં શુલેહના બંદોબશ્તો થયા ત્યારે આર્યબુરજી-

નને ફરીને એ દેશની ગાદી મલી અને તાંહાં છેક ઈ૦ પુ૦ ૬૭ શુધી એ પાદશાહે વલી શુંલેહશંપજથી રાજપાટ ચલાવીઉ; પરંતુ મેતરદત અને તીગ્રાંને મલી એને આ દેશમાંથી વલી બીજીવાર નાહાસીજવા ફરજ પાડી. આખરે પોમપીએ ઈ૦ પુ૦ ૬૬ માં એબંને પાદશાહોને મારી હઠાવી એ દેશની ગાદી શઉથી છેલીવાર પાછી આર્યબુરઝીનને તાબે અપાવી અને તેની આશરે બે વરશ પછી એ પાદશાહે પોતાનુ તાજ પોતાનીજ હઇઆતીમાં પોતાના છોકરા આર્યબુરઝીન ૨ જાના શવાધીનમાં આપ્યું. એ વેલાએ પોમપી સામનાં મુલકમાં હતો અને મેતરદતશાહ હજુર હેઆત હતો. એણે ઈ૦ પુ૦ ૯૩ થી ઈ૦ પુ૦ ૬૪ સુંધો લગભગ ત્રીશ વરશ વેર એ દેશની ગાદી ભોગવી હતી અને એના રાજમાં એ દેશની શીમાં પોમપીએ ચોતરપ ઘણી વધારી આપી હતી. આ આર્યબુરઝીન ૨ જાને તેનાં બાપ ઉપરના બેહદ પીઆરને લીધે ફીલોપેતર એવો એલકાબ મલેલો હતો. એને અકસર કરી ઈ૦ પુ૦ ૬૪ થીજ પોતાના દેશની લગામ પોતાનાં શવાધીનમાં લીધી હતી પરંતુ તે રાજ એ ઘણું શુંધી પોતે ભોગવી શકીઓ ન હતો કારણ કે સીસરોને જયારે સીલીસીઆનાં પ્રાંતની હાકમી ઈ૦ પુ૦ ૫૧ માં મલી ત્યારે તેની પુરવે એ પાદશાહ મારીઓ ગયો હતો અને એ દેશની ગાદી ઉપર તે વેલાએ એનો છોકરો આર્યબુરઝીન ૩ જો લકબે યુસીબસ યાને દાવર (પવીતર) રાજપાત ભોગવતો હતો. એણે ફીલોરોમીઉસ યાને રૂમીઓને ચાહનારો એવો એલકાબ પણ પોતે ધારન કરીઓ હતો. આ બંને એલકાબો એના એક શીક્કા ઉપર અશાપી આપણાં જોવામાં આવેછે અને નામીઆ રૂમી ગ્રંથકાર સીસરોનો એ એક ઘણો જાની દોશ્ત થાઇ ગયોછે. પ્રોફેસર રાલીનશન, મી૦ હેનરી કલીન્તનની ગણત્રી ઉપરથી આ બંને પાદશાહોને એકજ શમજેછે ને વાતને શીકકાઓ ઉપરથી હુ ધારૂંછું જે જોકે હજુરવેર પુશ્તી મલી શકતી નથી પરંતુ આ ત્રણ જુદા જુદા એલકાબો ધીઆનમાં લેતાં એ પાદશાહો મને જુદાજ માલુમ પડેછે, કારણ કે આરીયબુરઝીન ત્રીજાને પોતે કસુ ફરજંદ હતુ નહી તેથી તેની પછી તેનો ભાઇ આર્યરથ છેલો એ દેશની ગાદીનો માલેક થયો હતો; માટે મલેખો જે એમ બોલે છે જે "ત્રીજી પેહેડીએ * આ વંશ ખતમ થયું હતુ" તો તે પરથી પ્રોફેસર રાલીનશનની ગણત્રી ખરી પડી શકવી નથી. હવે સીસરો જયારે ઈ૦ પુ૦ ૫૧ માં રોમ છોડી એશીઆમાં આવી પોહોચીઓ ત્યારે આરીયબુરઝીનની શારી શંભાલ રાખવા તેને સેનેતે મજબુત ભલામણ કરી હતી ને જેપર આ નામચીન રૂમા હાકમે પોતે શારૂ લક્ષ પણ આપીઉ હતું કેમકે સીલીસીઆમાં આવી પોહોચીઓ ત્યારે તેણે એમ માલુમ પડીઉ હતું જે એ પાદશાહ શામને એના ભાઇ આર્યરથની તરફેનમાં તાંહાંનાં લોકો હવે હુલડ ઉઠાડવા ધારેછે અને એ બીચારાને એના બાપની માફકજ ઠાર કરવાનો તેઓનો ઇરાદો છે. સીસરોએ જલદીથી આ વાતનો ખુલાશો આર્યરથ શાહથી માંગીઓ જેણે પોતાનાં વીશેની આ અફવાહ ખોટીછે એમ

---

* બીજી પેહેડીએ" અને નહી કે ત્રીજા પાદશાહે એ વંશની આખરી આવી હતી એમ મલેખો બોલો ગયો છે અને સીસરો આર્યબુરઝીન યુસીબસને આર્યરથ છેલાનો ભાઇ કરી શાફ જણાવી જાએછે ને જે શાહ જાદો ઈ૦ પુ૦ ૪૫ માં રોમમાં હતો માટે કલીન્તનના આ વીચાર શાથે હું એકમત થઇ શકતો નથી.

તરત ખુલાશો કરીઓ અને જણાવ્યું જે એ ઉશકેરનીમાં મારો કશો હાથ નથી અને જોકે મને વારંવાર એ ગાદી લેવાની ચોકશ શખ્સો તરફથી એલતેમાશ કરવામાં આવેછે પરંતુ મારા ભાઇની હઇઆતીમાં તેનાંપર મારો પીઆર વીશેસ હોવાથી મેં એ વાત મુતલગ પશંદ રાખીજ નથી. વલી તે શાથે તેને પેટે કશું ફવજંદખી નથી માટે હું આ ફીતુરથી તદનજ વેગલોછું. આથી શમજાવી પતાવી પોતાનાં હોદ્દાની રૂહે એ ફીશાદ સીસરોએ આખરે પોતે બેશાડી મેલીઓ હતો. તેને લાંચ રૂશવત તથા વગવસીલો ચલાવી શામનેની બારૂ વાલાઓએ પોતાની તરફેનમાં કરી લેવા માટે ઘણાએ પ્રયત્નો કરય: પરંતુ સીસરોએ મકમ ઠેડાવ રાખીઓ હતો જેથી તેણે આ પાદશાહની જીંદગી તથા તાજ પોતે બચાવી લીધું હતું. એ વેલાએ કોમોનાં (અલબોસ્તાન)ના મોટા ધરમગુરૂની તેને બહુ ધાશતી હતી કેમકે તેના પાશે નાંણાની તથા લશકરની શારી શંખયા હતી; તે શાથે એ દેહેડાનાં પુજારાઓ ઉપરખા તેનો વગવશીલો એટલો તો ચાલતો હતો કે આર્યબુરજીને જો આ બલવાખોરો શાથે લડાઇ ઉથાવી હતે તો તેને વાત ઘણી ભારી પડી જતે માટે શમજાવી, ફુશલાવીને સીસરોએ તે ધરમગુરૂનેજ આ દેશમાંથી બાહેર વીદાએ કીધો જેથી એ તમામ ફીટનો પછી તરત બેશી ગયો. કોમોનાં નામનાં બે શેહેરો સલેબોના જણાવીઆ મુજબ એ લતા તરફ એ જમાનામાં આવેલાં હતાં ને જે માહેલું એક શેહેર પોનતસમાં હતું અને બીજું કાપાદોશીઆમાં હતું. અંહીઆં આ બંને ઠેકાણે ઇનીયુંસ (બેલોના) નાં મોહોટાં દેહડાં હતાં, જેને લોકો માંહ કરીને કેહેતા હતા એમ આ ગ્રીક ગ્રંથકાર લખી ગયો છે; અને એ દેવીની પુજા એકજ તરેહથી એ બંને શેહેરોમાં કરવામાં આવતી હતી; તથા એ ધરમનાં મકાનોનાં ખરચ શારૂ મોટી જાગીરો આ બંને શેહેરોમાં મુકરર કરવામાં આવેલી હતી. એ ધરમગુરૂઓ અકશર કરી પાદશાહી ખાનદાનવાલા જોઇનેજ કરવામાં આવતા હતા અને પાદશાહોથ.જ તેઓનો દરજજો ફક્ત હેઠલ ગનાતો હતો તથા જીવે જાગે તાંહાંવેર તેઓને હાથ દશતુરીની ગાદી રેહેતી હતી અને તેઓતર બેશુમાર પુજારાઓ ફીદા હોવાથી એ ધરમ ગુરૂઓનાં બળનો તાપ રાજમાં ઘણોજ મારતો તથા કતોનીઅન નામનાં અલેના એક ટોલાં ઉપરતો તેઓનો વગવસીલો વિશેસ હોય એમ સલેબોનાં લખાન ઉપરથી અનુમાન થઇ શકેછે. એ ટોલુ અકશર કરીને એજ શેહેરમાં વશતુ હતુ એમ હાલમાં જણાએલું છે.

પોમપી અને સીઝર વચે માહોમાંહે ઉઠેલી લડાઇમાં આર્યબુરજીને પોતે પોમપીની બારૂ લીધી હતી અને તેને લશકરની થોડીક મદદ કરી તેની તરફથી ફારશેલીઆની ખુનખાર લડાઈની વેલાએ પોતે તાંહાં હાજર પણ હતો. આ લડાઈમાં પામપી હારી ગયો હતો જેથી આર્યબુરજીન સીઝરનાં દવેશભાવ હેઠલ આવી પડીઓ હતો પરંતુ તેણે મોટુ મન રાખી એને ફક્ત દંડજ કરી પોતે જવા દીધો હતો. એ દંડ ઘણો મોહોટો હોવાથી એનાથી ભરાઇ ન શકયો જેથી સીઝર જયારે મીસરમાં હતો ત્યારે એને તેનાંપર એમ કહાવી મોકલાવીઉ જે પોનતસવાલો ફારનાંસીસ મારો દેશ વારંવાર લુટફાટ કરેછે માટે તમો તેને શમજાવશો નહી તો એ વેરો મારાથી તમને ભરી શકાએ તેમ નથી. આથી ફારનાસીસની શુધ ઠેકાણે લાવવાં સીઝર પોતે કાપાદોશીઆને રશતેથી પધાર થયો અને તાંહાં

થી ઉઠડી જતી વેલાએ કેટલાએક એવા બંદોબસ્તો તે પોતે આ દેશમાં દાખલ કરી ગયો કે જે ઉપરથી એવો સારાંઉશ નીકલી શકેછે જે એ વેલાએ આ પાદશાહ તથા એના ભાઇ આર્યરથ વચે કઇક ધેરશમજુતી ચાલતી હતી. આ ધેરશમજુતીનો સીઝરે તરત ફેશલો આનીઓ અને આર્યરથને પોતાના ભાઇની શલાહ પરમાણે શદા ચાલવાની એણે તેને ફરજ પાડી. ફારનાસીસને જીતીઆબાદ સીઝરે સીલીસીઆ તથા આરમીનીઆનો થોડોક ભાગ આર્યબુરજીનની રૂમીઓ ઉપરની શારી પ્રીતીને લીધે તેને તેણે પોતે બક્ષીસમાં આપીઆ હતા. પાછલથી સીઝર અને તેનાં ખુનીઓ વચે માહોમાહે ચાલેલી બીજી મારામારીની વેલાંએ બ્રુતસની ટોલીવાલાઓએ જોયુ જે એ પાદશાહ હમારી બોરદુતો મુતલગજ લેવાનો નથી કેમકે સીઝરે આગલ તેની શાથ ઘણી શારી ચાલ ચલાવેલી હતી. પરંતુ એણે તોબી તેઓ શામને જાહેરાતમાં તો કસો ભાગ પોતે લીધો નહતો અને તેઓ શાથે મલી જવા પોતાની ધેરમરજી દેખડાવી. આથી કાસીઅસને એના ઉપર બહુ રીશ ચહડી અને એનાંપર ચઢાઇ કરી પોતે એને કેદ પકડીને ઇ૦ પુ૦ ૪૨ માં મારી નાંખ્યો. આ બંને આર્યરથ બીજા તથા ત્રીજાએ મલી એ દેશની ગાદી ઇ૦ પુ૦ ૬૩ થી ૪૨ શુધી લગભગ એકવીશ વરશ શુધી ભોગવી હતી. એનાં મરણ બાદ એનો ભાઇ આર્યરથ ૯ મો લકબે ફીલાદેલફુસ યાને ભાઇને ચાહનાર એ દેશનાં શીહુઆશન ઉપર આવ્યો. એની શામને સીસીનાં નામનાં એ દેશના એક વટણીએ આ રાજની ગાદી મને વાજબીની રાહે મલવી જોઇએ એવો દાવો ઉઠાવીઓ. આગલ આપણે વારંવાર મેતરદતશાહનાં કાપાદોશીઆનાં એક રેહેવાશી આરકીલેઅસ વીશે બોલી ચુકા છેએ જે અશલમાં તે પાદશાહનાં લશકરનો શીપેહેશાલાર હતો પરંતુ પાછલથી તેને રૂમીઓની બોરદુ લીધાથી કોમોના જેને કેટલાએકો હાલમાં તાંહાં અલબોસ્તાન નામની જે જગા આવી છે તે પરથી તે જગાને હાલ એ નામથી બોલાવેછે તેને તેનાં છોકરાને મોહોટો ધરમગુરૂ પોમપીએ બનાવીઓ. તેની પછી એ દેહડાની ગાદી તેના છોકરા આરકીલેઅસ ૨ જાને મલી જે મેતરદતશાહનાં મજકુર આરકીલેઅસનો નબીરો થતો હતો; અને તે ધરમગુરૂ ગલાફીરા નામની કોઇ એક ઘણી ખુબશુરત કનીઆ શાથે પરણીઓ હતો ને જેણીને પેટથી તેને સીસીના અને આરકીલેઅસ નામના બે છોકરા અવતરીઆ હતા. આ માહેલા આ વડા છોકરા સીસીનાએ હવે આર્યરથ શામને એ દેશની ગાદી ઉપર પોતે દાવો ઉઠાવ્યો અને તે વીશેની લવાડી મારક એનતનીનાં હાથમાં સોપી. આ રૂમી શરદારે આ મારામારીનો ચુકાદો સીસીનાની તરફેનમાં કરીઓ પરંતુ તેનુ શું થયુ તે વાત હાલ ચોકશ રીતે માલુમ પડતી નથી કેમકે આર્યરથ ઇ૦ પુ૦ ૪૨ માં તો એ દેશની ગાદી ઉપર બીરાજેલોજ હતો એમ તવારીખનાં દફતરો શાફ એકરાર કરેછે. આ બનાવની પાંચ વરશ પછી એનતનીની ધેરરાજીમાં એ પાદશાહ આવી પડીઓ જેથી તેણે એને ઠાર કરાવીઓ અને કાપાદોશીઆની ગાદી પોતાના માનીતા આ મજકુર સીસીનાના ભાઇ આરકીલેઅસને તેને ઇ૦ પુ૦ ૩૬ માં શવાધીન અપાવી. આ નવો પાદશાહ તેનાં નામ ઉપરથીજ જરથોશ્તી ન હતો એમ શાફ માલુમ પડે છે અને બુતપરસ્તી રશમોનો તે પોતે મોટો ધરમગુરૂ હોવાથી એનાં વડીલો આર્યબુરજીનનાં ખાનદાન શામને કડતો દોરે રાખતા હતા તે વાત બારીકીથી તપાસતાં

હાલ શપસ્ત ભાશેછે. આ નવા રાજાએ હવેથી કાપાદોશીઆની માલેકી ઠેઠ ઈ૦ સ૦ ૧૭ શુધી પોતાનાં શવાધીનમાં રાખી હતી અને એકક્ષીઅમની લડાઇની વેલાએ ઈ૦ પુ૦ ૩૧ માં એનતનીની ઓરદુમાં પોતાનાં ચુંનદા શીપાહીઓ શાથ શારી જવામરદી પોતે દેખડાવી હતી. આ ચાલ શારૂ શારાં ભાયગે એનતનીના હમનબરદ આગસતસનાં ગોશામાંથી એ શલામત બચી ગયો હતો કારણ કે તે શેહેનશાહે ૫૬ટ એનાંપરજ આવી માયા દેખડાવી હતી અને એની શાડે કાપાદોસીઆની ગાદી પોતે રેહેવાજ દીધી હતી. કેટલાએક રૂમી ગ્રંથકારો તથા જોશીફસ એમ જણાવી જાએછે જે તીઆનને આરમીનીઆની ગાદી ઈ૦ પુ૦ ૨૦ માં ફરીને અપાવતી વેલાએ એને તાઇબીરીઅસને સારી મદદ પોતે આપી હતી જેથી આગસ્તસે એને નાનુ આરમીનીઆ તથા સીલીસીઆનાં મુલકોનો ઘણોએક ભાગ બક્ષીસ તરીકે આપયો હતો; અને એની ૨૬અતે પાછલથી એનાંપર કેટલાએક ઠપકા મેલી એના વીશે આગસતસ આગલ જયારે ફરીઆદ ઉથાવી ત્યારે એજ તાઇબીરીઅસે એનો હીમાએતી થઇ એને તે થપકાઓમાંથી બનચાવી એની શારી શેવા બજાવી હતી. એ પાદશાહે પોતાનુ રેહેઠાણ હવેથી સીલીસીઆનાં કોશતા તરફ ઇલ્યુસીસન ટાપુમાં કરીઉ હતુ અને પોનતસના મરનાર રાજા પોલીમન (પાહાલન) ની પેસી નામદાર વીધવા પાઈથોદોરીસ સાથે લગન કરી તેણીના છોકરા હજુર બચગી હાલતમાં હતા તેથી પોતાનો કાબુ ચોતરફ અમનાં વધારી મેલીઓ હતો; કેમકે તેઓની આ માએ શાથે પરણીઆથી એણે પોનતશનાં રાજની લગામબી બેશક પોતાને હાથ મેલવી લીધી હતી. સીઉતોનીઅસ તથા દાયનનાં કહા પ્રમાણે એણે અંહીઆં ઘણા લાંબા વખત શુધી આબાદ હાલતમાં પોતે રાજપાત ભોગવીઉ હતું પરતું એના આખરી દાહાડા ઘણા શારા ગયા ન હતા અને એનાં પર મજકુર તાઇબીરીઅસે પાછલથી જે કીનો મનમાં રાખીઓ હતો તેથી એને એ બદ દીવશો હવે જોવા પડીઆ હતા. કેહેછે જે અગ્રીપાના છોકરા તથા આગસતસના નબીરા કેઅસ તથા લુસીઅસનો વગવસીલો આ વેલાએ રોમમાં ઘણો વધી પડીઓ હતો અને એ તાઈબીરીસે પોતે જે છોકરા કરી લીધા હતા તેઓ પણ એનાંથાને વધારે મોહોટે દરજજે હાલમાં જે ચહડી ગીઆ હતા તેથી એને મનમાં બહુ માઠુ લાગયું અને આ બંને જુવાન ઉંમારતા કેસરોથા દરી, તેઓને આવી ઉછલતી આબાદાની હાલતમાં પોતે નહી દેખી શકીઆથી પોતાની તંદુરસ્તીમા હવે બીગારો થયો છે એવું બાંહાનુ કાહાડી એ હવેથી રોહોડનાં તાપુ તરફ જઇ ભરાયો. આ પ્રમાણે એને ગોશેનશીની અખતીઆર કરીઆથી લોકો એ હવે દેશનીકાલ થઇ પડીઓ છે એમ એને ગણવા લાગયા અને પોતાની પ્રતીસ્થા એ હવે ખોઈ બેથો છે એમ ધારી એના દોશત આશનાઓ એને છોડી જવા લાગયા. તેસીતસ કેહેછે જે રોહોડનાં ટાપુથી થોડેક છેટે એલ્યુસીસનાં ટાપુમાં આ મજકુર આરકીલેઅસ જે એ વેલાએ વશતો હતો તેબી એનો આગલો ઉપકાર ભુલી જઈ એને કસુ માન અકરામ આપવા લાગ્યો નહી. તે કંઈ મમરૂબી તથા તેહેકરાઇને લીધે નહી પરંતુ આગસતસનાં મુખ્ય દોસ્ત આશનાઓ તાઇબીરીઅસ શાથની દોશતીથી પોતાને મબાદા નુકશાન પોહોચે એમ જાની તેને જે છોડી ગીઆ હતા તેઓની શલાહ મુજબ આ પાદશાહે બી આસવા હાલ રૂસ્સ્ત વીચારીઉ હતું;

પણ કાલે શું થશે તે વાત એ જાચારાને કેવળ માલુમ ન હતી. તે શાથે વલી આરમીનીઆમાં હુલડ ઉઠીઆથી આગસતસે જુવાન કેઅસ સીઝરને તે ફીટનો બેશાડી દેવા જે તાંહાં મોકલી આપ્યો હતો તે હવે પછી રોમની ગાદીનો માલિક થશે એમ જાણી એ પાદશાહે આ શાહજાદાની ઘણી ખાતરદારી કરી હતી જેથી તાઇબીરીઅસ ના મનમાં ઘણું માઠું આવ્યું હતું અને તે હવેથી એ પાદશાહને નીમખહરામ કરી મનમાં શમજવા લાગયો, એણે એ વેલાએ એ બંને શાહાજાદાઓને માઠું ન લાગે તેવા ઉપાયો લઇ બેઉ જણાઓને રાજી રાખવા જોઇતા હતા કેમકે પીઠ કોઇને માલુંમ પડતી નથી પરંતુ આ ચાલ ન ચલાવીઆથી આરકીલિઅસે ઘણી દુરઅંદેશી વાપરી નહતી એમ સ્પસ્ત ભાશેછે. એની શાથે જુઓ કારનીલીઅસ નીપાસનાં જણાવીઆં મુજબ પોમપોનીઅસ આતીકસની ચાલ શરખાવો કે તે શખસ રોમનાં પ્રજાશતાક રાજનાં બંને તરાંઓનાં મુખ્ય અત્રીકારીઓ શાથે શદા દોસ્તી રાખતો હતો ને તેમાં તેને ઘણુ ડાહાપણ તથા દુરઅંદેશી ખરચી હતી કેમકે પછી જેબી ટોલી વાલા પાછલથી રાજમાં મકમ થઇ બેશતા તેઓ તેને કસીપાંતીની ઇજા આપતા ન હતા. આ ફીનો મનમાં યાદ રાખી મેલી ત્યારબાદ જયારે જમાનાંના ચહડતી પડતી બાજીએ તાઇબીરીઅસનુ એકબાલ વલી પાછુ ખીલવીઉ અને ઇ૦ સ૦ ૧૬ માં રોમની ગાદી ઉપર તે આવ્યો ત્યારે તેણે આરકીલિઅસ ઉપર પોતાનાં દેશમાં ફીતુર મચાવવાનો અન્યાય મેલી રોમ તરફ ઇ૦ સ૦ ૧૫ મા બોલાવી મંગાવીઓ. તેની ઓરત લીવીઆએબી તેને પોતાનાં રાજમાંથી તરત રોમ તરફ નીકલી આવવાની તથા શેહેનશાહ શોરેથી પોતે જાતે આવી માફી માંગવાની ભલામણ કરી, તેને હવે શારીકાંની જાલમાં લપેટયો. આ બાજી પાતો એ પાદશાહ શમજીઓ નહી પાતો તેથી ઉલતુ ચાલવામાં પોતામાં તાકાત ન જોઇ તેથી બાહીને તે તરત પોતે રોમ તરફ નીકલી પડીઓ. શેહેરમાં આવી પોહોચીઆ બાદ તાઇબીરીઅસે તેને કસુ કોઠુ આપીઉ નહી અને પછી તરતજ તેને ગુણેગાર તરીકે સેનેત શનમુખ ઉભો કરીયો. દાયન કહેછે જે પોતાની જીંદગી બચાવવા આરકીલિઅસ અમશથો ઘેલો ગાંડો એ વેલાએ બની ગયો હતો અને ઘણાખરા લોકો એની હવે પુખ્ત ઉમર થયા ઉપરથી એમજ માનવા લાગયા હતા પણ તે શઘલું એનું ટરકટ હતું. સેનેતે તોબી એનાપર દયા લાવી એને કસી શજા કરી નહી પરંતુ ઉમરે પુગી ગયાથી અને નજલાથી બીમાર હોયાથી પોતાની પ્રતીસ્થાને આ મુજબ ધોકો લાગી ગયો છે એમ મનમાં એણે દાઘ ધરીયો, જેથી તરતજ એનુ તાંહાં ઇ૦ સ૦ ૧૭ માં મોહોત નીપજયું હતું. એને કાપાદોશીઆની ગાદી ઉપર પચાશ વરશ શુધી રાજપાત ભોગવ્યું હતું; અને એનાં મરણબાદ એ દેશની ગાદી હવેથી રૂમીઓને શવાધીન થઈ હતી, અને તેઓએ એ દેશને ત્યારબાદ પોતાનાં રાજ શાથે જોડી નાંખ્યું હતુ. એ પાદશાહના શીકકા હજુરપેર છુટાછવાયા મુશાફરોને હાથ લાગેછે; અને તેપર ગ્રીક ભાશામાં "બાશીલીઓસ આરકીલિઓસ ફીલોપેત્રીદાસ તોસ કતીસતોસ" યાને પાદશાહ આરકીલિઅસ, જે દેશનો તેણે પાયો નાખ્યો, તે દેશને પોતે ચાહાનાર એમ લખેલું આપણાં વાંચવામાં આવેછે. એ શીકકાઓપર શને શારૂ K એવો હરફ જાવતમાં જે જનાવેલો છે તે પરથી એવું અનુમાન થાઇ શકેછે જે કેસરીઆ (સીઝરીઆ) શેહેરની

ટંકશાલમાં એ શીકકો પાડવામા આવ્યો હશે અને તેપરથી ગાદીપર આવ્યાબાદ છેક વીશમે વરશે એ શીકકો પડાએલો હતો એમ માલુમ પડેછે. સીબાસ્તા નામનું એક નવું શેહેર વશાવી તાંહાં એ પોતે જે જઇ રેહેલો હતો તે પરથી એને કતીસતાસ યાને પાયો નાખનાર એવો એલકાબ કદાચ લીધેલો હશે એમ હાલ વીચારવામાં આવેલું છે. રૂમનો શેહેનશાહ આગસતસ જેનુ ગ્રીક ભાશામાં સીબાસ્તાસ કરીને થઇ શકેછે તેનાં નામ ઉપરથી એ શેહેરનુ એને એ નામ રાખ્યું હતું. એ રાજ ઘણુ બલવંત તથા એની આવક આરકીલિઅસ જયારે એ દેશ રૂમીઓને શવાધીન આપી મરણ પામ્યો ત્યારે એટલીતો મોહોટી હતી કે તેથી તાઇબીરીસે જે એકજાતનો કર પોતાનાં રાજમાં નાખ્યો હતો તેમાંથી આ નવા મુલકની આવકને લીધે અરધો અરધ ભાગ ઘટાડી નાખવા તેને ફરજ પડી હતી. તે શાથે એ મુલકમાંથી કેટલાએક કરો વલી એણે ઓછા કીધા હતા જેથી અહીઆનાં રેહેવાશીઓને જે કરો આરકીલિઅસને આપવા પડતા હતા તે કરતાં ઓછા કરો રૂમીઓ તેઓ શોટેથી લેતા હતા.

એ દેશના જરતોશ્તી પાદશાહો અકસર કરીને માઝેકા નામનાં શેહેરમાં વશતા હતા. તે શેહેર આરગીઆના પાહાડની હેઠાંણમાં આવ્યું હતું અને તેની આશપાશનાં મુલકોમાંથી બાંધ કામના પથર, લાકડાં તથા પોતાનાં ઢોરો શારૂ ચારો જે બીશીઆર મલી આવતો હતો તેથી તેને પોતાની રાજધાની કરવા એ દેશનાં પાદશાહોને ફરજ થઇ પડી હતી અને પાદશાહી ખજાનાં તથા પોતાનાં જાનમાલનાં બચાવ શારૂ તેની આશપાશ ઘણાએક કીલ્લા બાંધવામાં આવેલા હતા. અહીઆંથી મીલાસ નામની એક નદી પશાર થાય છે અને ઘુફરેતીશ નદીમાં જઇ પછી તે ખાલી થાયછે. તીરા યાને કારાહીસારને રશતે જતાં સીલીસીઆની ભાગર (દરવાજા) તથા સાઇરસની છાવણી એવે નામની બે જગાઓ આગળથી એ શેહેર છ દાહાડાનાં રસ્તા જેટલુ દુરછે; અને અહીઆંનાં વતણીઓ એક ધુનાની ધારા બાંધી આપનાર નામે ચરનદાસનાં ધારા મુજબ પોતાનાં શેહેરનાં ફોજદારી તથા દીવાની વરવાંધાઓનાં ચુકાદા કરતા તથા તે શારૂ એક ન્યાયધીશ મુકરર કરતા હતા, જેને તેઓ નોમોદીસ્ત યાને ધારાનો ગાનાર એવું નામ આપતા હતા. એ દેશનો એક પાદશાહ આર્યરથ જેનો શને તથા એલકાબ સંજોગો જણાવી જતો નથી તેણે આ મીલાસ નદી જે શાંકડી ખાડીઓ અંદરથી થઇને હેલીસ નદી શાથ જઇ મલી જાયછે તે શઘલાં મોહોડાં બંધ કરાવી આશપાશનાં મેદાનોને એક મોટાં તલાવ જેવાં બનાવી મેલીઆં અને સાઇકલેદીસ માંફક તેમાંનાં કેટલાંએક ટાપુઓ પછી પોતે પશંદ કરી તાંહાં એક મોજ મજાહ કરવાની જગા પોતાનાં ઉપીયોગ શારૂ તેણે બંધાવી હતી. એકાએક પાણીનાં જોશથી પેલાં બાંધકામો કેહેછે જે ભાગી ગયાં, અને હેલીસ નદીમાં જઇ ખાલી થયાથી તે નદીમાં પાણી બેશુમાર જમાવ થઆથી તે તરફના દેશાવરોમાં ચોતરફ મોટી રેલ આવી, ઘણીએક ઇમારતો તથા ખેતરોનો નાશથઇ ગયો અને ફરીજીઆમાં ગાલેશીઅન લોકો જે રેહેતા હતા તેઓનાં દેશમાંઆં તેથી મોટું નુકશાન થયું. પોતાને ગયલી શઘલી નુકશાની ભરી આપવા માટે હવે આ ગાલેશીઅનોએ આર્યરથ ઉપર દાવો ઉઠાવ્યો અને તે વીશેની લવાદી એ બંને જનોએ રાજી ખુશીથી રૂમીઓને શોપી. આ લવાદનામાની રૂહે આ બીચારા આર્યરથને આખરે ત્રણસો તાલનતનો દંડ તેઓને ભરી આપવો પડીઓ હતો.

એજ પાદશાહે હરપા નામનાં શેહેર આગલ બી એવીજ ભુલ કરી હતી કારણ કે તાંહાં આવેલી કારમાલાસ નામની નદીનાં મોહોડાં બંધ કરી લીધાથી, પેલા બાંધકામો ભાગી ગયાથી, સીસીસીઆનાં આશપાશનાં પ્રાંતોમાં પેલું પાંણી દોડી આવી, તાંહાં ઘણુંએક નુકશાન કરીયું હતું. જેથી તાંહાંના દાવાદારોને એને બાજો કેટલોએક દંડ ભરી આપવો પડીઓ હતો. એ દેશમાં ઘોડા, ખચર અને ઘધેડાં બારીઆર મલતાં હતાં. પુરાતન આર્યનોનાં એક અસલી રેહસ્થાન તરીકે જણાએલી વંદીદાદના જમાનાવાલી પેલી ઘણી વખણાએલી પાંચમી આસીરવાદની ભુમીના ઘણુંજ પાણી રાખનારા ઉમદા અને તેજ ઘોડા જેમ હખામનીઆન તથા મીદીઅન તખકડાનાં માંજદીઅશનાંન ઇરાંની શેહેનશાહો પોતાનાં ખાશ વપરાશમાં આણતા હતા, તેમજ રોમના શેહેનશાહો, જે ઘોડા પોતાનાં ઊપીઓગમાં લાવતા હતા, તે શઘલા આ દેશમાથી જતા હતા, અને તેઓને વાપરવા સારૂ રૂમી કાનસલોને વટીક મનાઇ કરવામાં આવતી હતી. અહીઆંથી ઘણાએક ગોલામો તથા જુઠા શાખસીઓ બેસુમાર મલી આવતા હતા; અને એ જુઠા શાખસીઓ બનાવવાનો એ દેશનાં કેટલાએક જુદ દીન લોકો તો ગોયા ધંધોજ લઇ બેઠા હતા, કે જેથી જેઓને ગરજ પડે તેઓ તેઓની શોડે આવીને તેવા ઉઠી ઉભા કરેલા શાખસીઓ ભાડે લઇ જતા હતા. નાહાનપણથીજ આવા નીચ ધંધા કરનારાઓ પોતાનાં શરીરને શઘલી તરેહનાં દુખો ખમવા સારૂ કસતા હતા કે જયારેબી પોતાનાં આ જુઠા કરમમાં શપડાઇ જાએ, ત્યારે જેબી સજા તેવોનાં શરીરો ઉપર કરવામાં આવતી હતી તેનાં દુખથી તેઓ પોકાર મારતા ન હતા. જુઠા શોગંદ ખાવામાંબી એ લોકો યુનાનીઓ જેવાજ બાઘર હતા. એ જમાનાના યુનાનીઓ જુઠા શોગંદ ખાવામાં કશુ અપમાન વીચારતા નહતા, અને "તમો જો મારા શાકશી તરીકે ઉભા રેહો તો હુંબી તેના બદલામાં તમારો શાક્ષી ઉઠી ઊભો થવશ," એવી કેહેવત એ લોકોમાં એ વેલાએ મશહુર હતી, એમ સીસરો જેવો નામીચો આગલો રૂમી ગ્રંથકાર પોતાની અજમાએશ ઉપરથી લખી જાએછે; માટે જેબી જુવાનીઆઓ ગ્રીકો જેવા એકતરફી લખનારાઓનાં લખાંણ ઊપરથી પારશીઓના આગલા નીઆએગાનોની શામને બોલવા મંડી જાયછે તેઓને તે શઘલી બાબદો શવીકારતી વેલાએ શારી શંભાલ રાખવી જોઇએ, એમ આ ઉપરથી શાફ માલુમ પડી આવશે, અને આ ઉપરથીજ મને આ તવારીખ લખવા તથા તેમાંથી શઘલાં છોડાં વીની કાહાડવા સારૂ મારી જીંદગાનીનો મોટો ભાગ બીનહાંસલે અમશથો રોકવો પડીઓ છે કેમકે આપણા લોકોમાં માઠાં ભાયગે હજુરવેર એલમની બુજ તથા કદર પીછાણનારાઓ માલ ગણત્રીનાજ માલુમ પડી આવેછે. આથી ગ્રંથ રચનારાઓને બીચારાઓને મોટા ટોટા જાએ છે, અને શારાં પુશતકો રચવાપર મેહેનત અથાગ જોઇએ છે, તેથી તેવા ગ્રંથો આપણાં લોકોમાં યુરોપીયનોની માફક જુહડાબંદ નીકલી શકતા નથી; એ બહુજ નાપશંદ કરવા જોગ બીનાં છે. સોલો અને પાઉઝેનીઅસ નામનાં બે નામીચા ગ્રંથકારો એજ દેશમાંથી જોકે હશતી પામી ગયાછે, તોબી બરોબર જોશો તો એ દેશ આલેમોની ભુમી હતીજ નહી, અને અહીઆં કોઇ મોટા મોટા પંદીતો વટીક પેદા થયલા નથી. અલંકાર રૂપી ભાશણ કરનારાઓની તો એ દેશમાં ગોયા ખુટજ હતી અને જેમ

ઉડતા કાચબા અને સુફેદ કાગડા કબ-ચોતર મલી આવેછે તેમજ જબાંદરાજ અને મોહોડાંમાં મીઠાસ ધરાવનાર તથા લોકોનુ દીલ રીજાવી લેનાર નામીચા બો-લનારા આ કાપાદોશીઅનોમાંથી મલી આવવા બહુજ મુશકેલ પડતા હતા, એમ આગલા ગ્રંથકારો લખી ગયા છે. સેન્ત બાંસીલ તથા સેન્ત ગ્રેગરી નાંઝીઅનજન જેવા નામીચા એ દેશના બે ભાશણ કર-નારાઓનેજ ફકત આ કેહેવત લાગુ પડી શ-કતી નથી કેમકે હરેક શાધારણ કાયદાઓ માં એક બે છુટતો હોયને હોય છેજ ખરી એમ દરેક વિદ્યાર્થી શારીકાંનો જાણેછે.

ઇસાઇ લોકોની જેનીસીસની પોથીમાં જાફેતના વડા બેટાનુ નામ ગોમર કરીને જણાવેલુછે ને જેનાં ખાનદાંનના નબીરા-ઓથી પાછલથી આ દેશ જે પ્રથમમાં વશાયો હતો તે ઉપરથી સીનસેલસ આ ગોમરને એ દેશનાં મુલ પુરૂશ તરીકે જ-ણાવી ગયેછે અને અરમાંનીઓ આ કાપા-દોસીઅનોને તેથી ગામીર એવું નામ આપી જાયછે. હવે આ દેશ જે પારસીઓના વડીલોનાં શવાધીનમાં ઘણીએક શદીએ વેર હતો તેથી તેઓના જમાનાની બીસ-માર ઈમારતો, કોતરકામો તથા પાહાડો ઉપર બંધાવેલાં દુખમાઓની તારાજ ની-શાનો અદયાપી મુશાફરોની નજરે પડેછે, પરંતુ તેઓને બંધાવનારનાં નામો તથા સનેઓ હાલમાં આપણે ચોકશ રીતે મુકરર કરી શકતા નથી. આઇરીસ નદીના વચો વચમેના વેહેતા જહરા ઉપર આવેલાં અ-માસીઆનાં શેહેરની નજદીકીમાં, ખડકો માંહેથી કોત્રી કાહાડેલાં દુખમાં જાબજા નજરે પડેછે, જેઓમાનાં શેહેરની નજદીકીમાં આવેલાં દુખમાં પાનતસદેશનાં સપર પેહેલા જરથોશ્તી પાદશાહોનાં હોય એમ હાલમાં અનુમાન થઇ શકેછે. અલા-દજાની પડોશમાંબી એક મોહોટાં પાહાડી અસ્તોદાનનો દરશણ યાને મોહોડાં તરફનો ભાગ વીરાંન હાલતમાં હજુરવેર હૈઆતછે. યુઇજુકમાં અગાસી રેકી એક ઉનચી જગયા ઉપર એક મેહેલની તારાજ નીશાનો આવેલી છે જેના પાયા ઉપર મેશમોટાં રાખક્ષી કદનાં પથરોનાં ચોશલાંને ચોશલાં એકમેક શાથે જોડાયલાં નજરે પડે છે અને એ ચોશલાંઓના કોઇ કોઇ ભાગોમાં તો કોતરકામો વટીક આપણાં જો-વામાં આવે છે. આ ઇમારતનાં દક્ષીણ તરફનાં મુખડાની અધવચમાં એક મશ મોહોટો દરવાજો આવેલો છે, જેની બંને બારદુઓમાં બબે શંહીઓ બેશાડેલા છે. આ શંહીઓની એક જોર ઇલાહેદી છે, પરંતુ બીજી જોરતો નીનાવેહનાં મેહેલોનાં કોરતકામો માફક પેલા દરવાજાની પડોશનાં પથરના સ્તાંભોમાંથીજ કોતરી કાહાડેલી છે, એમ મો૦ પેરોત પોતાની ગાલેશીઆનો મુશાફરીનાં પુશતકમાં જણાવી જાય છે. * આ દફતરમાં આગલ વારંવાર જણાવેલુ પેલોઆનુ પેલું પુરાતન શેહેર જે કદાચ હાલ જમાનામાં બોધાઝકોઇ નામનુ જે શેહેર આવેલુ છે તાંહાંજ અશલમાં આવવું જો-ઇએ, એમ જરમન પંદીત માક્ષદંકર જે વીચારે છે, તે શેહેરની પડોશમાં હેલીસ નદીની ઉતરમાં એક પાહાડનો જરોહ જે વેહેછે તેનાં જેડડ આગલથી કેતે પોતે કાંટા રેકી નેહેરોમાં પોતાનુ પાણી જુદી જુદી નીઆરીઓમાં જે વેહેચી નાખે છે, તાંહાં એક ઉનચુ ચુનખડીનુ મેદાન, જેની ઉપર પડારેકા ખડકો ટીંગાઇ નીકલેલા છે, તે

---

* જુઓ આ ફ્રાંસીસ મુસાફરની એક્ષપલોરાસીઆં આરચેઆલોઝીક દ લા ગાલાતી " ને શફે ૩૩૯—૩૪૦ મે તથા વલી શફે ૩૭૧ મે.

મેદાનના હેઠાનમાં એક ઇમારતની તારાજ નીશાનો આપણી દ્રશતીએ પડે છે. આ ઇમારત આશરે ૨૦૦ ફીટ લાંબી ને ૧૪૦ ફીટ પોહોલી છે. આ નદી આગલથી એક સપાટ અગાસી રોકી જગા ઉપર ચહડવા અહીઆં એક પોહોલો અને કુશાદો દાદર આવ્યો છે, અને તે જગયા ઉપર પછી પેલો મેહેલ બુલંદીથી બીરાજેછે, ને જેને કે એક દેવાલથી ઘેરી લીધેલો છે. યુઇજીપ્તનાં બાંધકામોની માફક આ બાંધકામોનાં હેઠાણમાં ૧૫ થી ૨૦ ફુટ લાંબા અને આશરે ૬ ફુટ પોહોલા મશ મોહોટા પથરોના ઢીમચાંને ઢીમચાં જોવામાં આવેછે અને આ ઇમારતનાં દીવાનખાનાની આશપાશ નાહાના મોહોટા આશરે ત્રીશ ઓરડા છે. આ મેહેલનાં પાયાનો નકશો નીનીવેહનાં મેહેલોને મલતો આવેછે અને હખામની તબકકાનાં પારસી પાદશાહોના દોરની અઘાપી બચી રેહેલી ઇમારતોમાં જેમ બાવલાંઓ ઉપસાવી કાહાડેલાં આપણી દ્રશતીએ પડેછે, તેવીજ ઢપછપનાં અહેનાં કોતરકામો છે. તવારીખનાં દફતરો પરથી આપણે આરીકાંણી જાણીએ છેએ જે એ હખામની શેહેનશાહોનાં દોર બાદ આ પેત્રીઆ (ઓધાસકોઇ) શેહેર ઘણુ શુધી એક પારસી સુબાનાં હાથમાં હતું. એચ. બાર્થ પોતાની સકુતારીથી તે ત્રીપીજુસ શુધીની મુસાફરીનાં જરમન દફતરમાં તથા મો૦ પેરોત પોતાનાં મજકુર પ્રવાસ પુસ્તકમાં એક આવાજે બોલી જાએછે જે આ મેહેલની ઉપર જે સપાટ પાહાડી જગયા આવીછે, તાંહાં મજબુત કોટાથી ઘેરી લીધેલા બે કીલ્લાઓની તારાજ નીશાનો આપણાં જોવામાં આવેછે, ને જેઓનાં પાયામાં ચુનાએલા ઉપર મુજબનાં ઢીમચાં રોકા મશ મોહોટા પથરા હજુરવેર આપણી દ્રશતીએ પડેછે. આ બીસમાર કીલ્લાઓની વાવ્ય દિશા ભણી હડી માઇલ ને છેટે એક સપાટ મેદાનની આશ પાશ જે ખડકો આવ્યાછે, તેઓમાનાં અજાએબ જેવાં કોતરકામો વિશે મુશાફરો નીચે મુજબ તુલોતવીલ હેવાલ આપી જાયછે, ને બોલેછે, જે આ ખડકોની ખપસાએલી દેવાલોને ટાંકણાંથી જરા લીસી જે કરવામાં આવએ છે, તે દેવાલોનાં ડેઠ એક ઉન્ડા ખાંચામાં ઘણાએક ઉપસાવી કાહાડેલાં પુતલાંઓ છે. એ પુતલાંઓને બે હારમાં ગોઠવેલાં છે, ને જેઓ કે એકમેક શાથ સામ સામેથી આવીને ગોયા મુલાકાત કરતાં હોય, તેમ પાડેલાં છે. બાજુપરની દેવાલોને એક છેડેથી તે બીજા છેડા શુધી જે ટાક આવ્યો છે તેનાં બાહેરનાં વાંક આગલથી આ પુતલાં જમણી તથા દાભી બોરદુએથી પાછલી દેવાલ ભણી જતાં હોએ તેમ જણાયછે. આ હારેદાર સમાવેલાં પુતલાંઓની ઉનચાઈ ફકત બેથી તે ત્રણ ફીટની છે, પરંતુ પાછલી દેવાલ જે આ શઘલાં પુતલાંઓની ગોયા નોકછે અને તેઓનાં મધ્યબીંદુ તરીકે હોય તેમ જે જણાએછે, તેથી તેઉપર પાડેલાં બાવલાંઓ તો માણસનાં કદ જેટલાં ઉનચાઇમાં છે, તથા તેઓ માહેલું મુખ્ય પુતલુ તો તેથાબી વધારે મોહોટું પાડી દેખાડાવેલું છે. એ શઘલાં પુતલાં એક ચશમી યાને તેઓનાં મોહોડાંનો કલો એકજ બોરદુ તરફનો દીશે, તેવી રીતે પાડેલાંછે. પેલું મુખ્ય પુતલું જે છે તે એક પેહેલવાનનુંછે, જેને મોહોટી દાહાડીછે, અને આ બાવલું ગોયા દાભી બાજુએથી જમણીબાજુ તરફ જતું હોય તેમ પાડેલું છે, તથા આ ટાકની દાભી તરફ જે બીજાં પુતલાં એક એકની પછવાડે આવ્યાંછે, તે શઘલાં પેલાં મુખ્ય બાવલાંની પછવાડે ચાલતાં હોય તેમ જણાયછે. ઉનચી અને અનીદાર કુલાહ પેહેરેલાં તથા ગુઠણ મંડી

પીઠમાંથી વાંકાં વલી ગીએલાં બે પુતલાં જેઓનો પોશાક તેઓના કમરબંદ આગલથી જામાની માંફક ઘડીબંદ જમીન ઉપર રેરાએ છે, તેઓની પીઠ ઉપરથી પેલો પેહેલવાન જાણે ઓરંગાવી જતો હોય, તેમ જણાએ છે. તેણે પોતાના જમના હાથમાં એક રાજ દંડ યાને આસો પકડેલો છે અને દાબો હાથ જે બરોબર દીશ્તો નથી, તે હાથમાં તેણે એક ફુલ ધરેલુ છે, જેમાંથી એક કડું યાતો બેદાં રેકી વીટી નીકલી આવતી હોય તેમ બારીકીથી જોતાં ગોયા માલુમ પડેછે. તેનુ પેરહન તેનાં ઢેઠ ગુથણયાં જેટલુંબી લાંબુ નથી, અને તેનાં માથાં ઉપર કજ્જલબાસો જેવી એક ઉનચી અનીદાર પરારેકી કુલાહ બીરાજે છે, તથા પોતાનાં પગમાં તેણે ચાંચદાર જોરા લટકાવેલા છે. તેની પછવાડે લાંએક પોશાક પેહેરાવેલા બે મરદાનાં પુતલાં ચાલે છે, કે જેવો પાહાડનાં સીખરો ઉપર ઉભેલા હોય તેમ જણાએછે. ત્યારબાદ બે પાંખદાર જીન યાને રાખ્શસો વચે બે બીજાં પુતલાં ગોલ કુલાહો પેહેરી તથા હાથમાં વાટકાઓ લેઇને ચાલેછે, ને જેઓની પછવાડે એક લાંબા પોશાકવારી આકૃતી જોવામાં આવેછે, જેને પોતાનાં હાથમાં એક વાંકી લાઠી પકડેલીછે અને તેનાં માથા ઉપર એક પાંખદાર ગોલ કુદાર બીરાજે છે. તે પછી મજકુર ત્રણ સરદારો માંફક ગુઠણેર આવે તેવાં નાહાનાં પેહરનો તથા તેવોના જેવાજ અનીદાર જોરા પેહેડેલા કેટલાએક સીપાહીઓ ચાલેછે, ને જેઓના હાથમાં કટાર યાતો ગુરજો જોવામાં આવેછે. આ સીપાહીઓની વચે બે દેવોની આકૃતી આપણી દ્રસ્તીએ પડેછે, જેઓનાં મોહોડાં ગોલ તથા વિશાલ પાડેલાં છે અને તેઓનાં હાથમાં એક ગોલ કુદારાંના બે કકડા એકમેક ઉપર ગોઠવીને આપેલા છે. આ શઘલાં બાવલાંઓમાં ફકત આ બે દેવોનાજ પુતલાંના મોહોડાંનો કલ્લો શઘલો આખો પાડી દેખડાવેલો છે, અને બીજાં પુતલાંઓ માફક તેઓનીજ સખી એક ચશમી જોવામાં આવતી નથી. તેઓનો પછવાડે વલી બીજા કેટલાએક સીપાહીઓ તથા બે ધરમગુરૂઓ ચાલેછે. આ બંને ધરમગુરૂઓને માથે અનીદાર કુલાહો બીરાજેછે, અને તેઓ ગુથણમંડી, વાંકા વલી ગીયલા છે. દાબા રસ્તા ઉપર જે બાવલાં આવ્યાં છે તેઓની હારની આખરીમાં બીન બખતરે એકમેક શાથે કદમ કદમ ચાલતા બાર સીપાહીઓનાં પુતલાં આપણી નજરે પડેછે.

હવે આ મજકુર હારબંદ પુતલાંઓને ગોયા ઇસ્તેકબાલ લેવા આવવા માટે આ ટાકની જમણી બારદુ તરફથી બીજાં નવાં બાવલાંઓ હારબંદ ગોઠવાએલાં માલુંમ પડેછે. ઉતર તરફની દેવાલની અધવચમાં આ સાપાહીઓનો જે શીપેસાલાર બીરાજે છે, તેની શામને એક મોહેટુ ઓરતનું પુતલુ આપણી દ્રસ્તીએ પડેછે. આ ઓરત એક શંહી યાતો ચીત્તા ઉપર બેઠેલીછે, જેના ચાહારે પગો ચાર પાહાડનાં સીખરો ઉપર ટેકાવવામાં આવ્યાછે, અને એ ઓરત જમણી બારદુએથી દાબી બારદુ તરફ જતી હોય તેમ લાગેછે. તેણીએ એક લાંબો જબ્બો પેહેરેલો છે ને જે ઘડીબંદ તેણીની ઘુંટી વેર રેરાયછે અને તેણીના કેશ ઢેઠ નાચે શુધી મરોડમાં છુટા લટકાઇ પડેલાછે, ને જે ઉપર કે એક નળાકાર માંથાં ઢાંકણ કુલાહ આપણાં જોવામાં આવે છે. પોતાના જમના હાથમાં તેણીએ એક આસો પકડેલો છે અને દાબા હાથમાં ઉપર જણાવેલી વીટી રોકી કંઇક ચીજ ધરેલીછે, અને તે હાથ પેલીએ પેલા સીપાહીઓનાં સરદારે જે પોતાનો દાબો હાથ આગલ લંબાવેલો છે, તેની તરફ પછી પોતે લાંબો

કરેલો છે. આ ઓરતની પછવાડે એક શીહ જેના ચારે પગો પાહાડનાં શીખરો ઉપર ટેકાવવામાં આવ્યાછે, તે જાનવર ઉપર વગર દાહાડીવાલો એક જુવાન પેહેલવાંન શવાર થયલો જણાએ છે. આ આવલું જરા નાંહાનાં કદનુ છે અને તેનો પોશાક મજકુર પુતલાંના પોશાકને મલતો આવે છે. તેણે પોતાને માથે એક ઉનચી પણ રોકી કુલાહ પેહેરેલી છે, તેનાં પગમાં ચાંચદાર જોરા બીરાજેછે અને તેના કમરબંદમાં બંને તરફથી ધાર કાહાડેલું એક ખંજર માલુમ પડેછે. તેના જમણા હાથમાં એક આસો અને દાબા હાથમાં તેણે એક લાંબો ગુરૂજ પકડેલો છે. ત્યારબાદ બંને તરફ પાડેલાં એક ગુરૂદ પક્ષો ઉપર મજકુર મુખ્ય ઓરત જેવાજ પોશાકમાં બે શત્રીઓનાં બાવલાં આ જુવાન પેહેલવાનની પછવાડે ચાલતાં જણાએછે અને તેણીઓની પછવાડે તેવાજ પોશાકમાં બીજી તેર સાહેલીઓનાં પુતલાં બીરાજેછે, જેઓએ પોતપોતાનાં હાથમાં મોરચંગ યાતો તે વાંજ બીજાં સારંગી રોકાં વજંતરો પકડેલાં છે. આ આખાં ચીત્રમાં સાહાઠ ઉપર બાવલાં સમાવેલાં છે. આ ચીત્રની પીઠ પછવાડે હઠી ગયલા એક ટાક યાને ગોખલામાં એક અજાએબ જેવા કદના શખ્સની બાજુમાં વગર દાહાડીવાલા એક જુવાન પુરૂશનો ચીતાર આપણી દ્રશ્તીએ પડેછે, જેને પોતાને માથે એક ઘણીજ લાંબી પરા રોકી કુલાહ મેલેલીછે. આ બાવલાંનો જમણો હાથ જે લાંબો કરેલો છે, તેમાં તે એક દેહડાંનો પ્રમો લઈ ચાલતો હોય તેમ જણાયછે, અને દાભા હાથથી તે એક ઘણીજ જુવાન કનીઆનો ગરદન શાથે પોતે કોઠી કરતો હોય તેમ માલુમ પડેછે. આ કનીઆનો જભો તથા માથા ઉપરનુ ઢાંકણ ઘણીએક તરફથી ઘરીબંદ જમીન પર પડીને રેશાએછે. તેઓની બાજુમાં પેલાં મુખ્ય ખુણામાં આવેલાં પુતલાંઓ કરતાં જરા નાહાની કુલાહ લટકાવેલા બાર સીપાહીઓ ગોયા કુચ કરતા હોય તેમ જણાયછે. તેઓએ પોતાના હાથમાં દાતરડાં રોકી તરવાલો ધરેલીછે, અને તેઓ પોતાની દાભી એડી તથા જમણા પગનાં અંગોઠાથી જે ચાલેછે, તેથી તેઓનાં દાભા હાથ તેઓનાં ખભાં શુધી છેક ઊંચકાઇ આવેલા છે.

હવે ચાલો આપણે આ પાહાડી કોતર કામો કીઆ જમાનાને તથા શી શી બાબદોને લગતા છે, તેની બાવતમાં હેઠલી તવારીખને અરથે જરા તપાસ લેજીએ. મારાં ભાએગે અહીઆં કશા લેખો આપણાં જોવામાં આવતા નથી અને અશલમાં જો હોય તો તેઓ એટલાતો ઘશાઇ પીસાઈ જવા જોઇએ કે તેઓની એક નીશાન પણ હાલ જમાનામાં અહીઆં મળી શકતી નથી. જો કંઇબી લેખો જમાનાની ચુંગાલથી અદયાપી એમ બકાત રહ્યા હતે તો અરવાચીન મુશાફરો તે વીશે કઇબી ઇસારા પોતાનાં દફતરોમાં કરી ગયા હતે; માટે એ લેખો ન હોવાથી આપણી મુશકેલીમાં કઇ થોડો હુમેરો થતો નથી, અને જે વીચારો હાલમાં આપવા પડેછે તે ફક્ત કલપનાં જેવા છે. પ્રોફેસર માંક્ષ દંકર ધારેછે જે આ ચીત્ર જો કોઇ ધરમ શંબંધી કીરીઆ યાતો પુજા શાથ શંબંધ ધરાવતુ ન હોય તો બે રાજાતો વચે અહીઆં જે આગલા જમાનામાં શુલેહનાં કોલકરારો થયા હતા, તેની યાદદાસ્તમાં આ ચીત્ર બનાવવામાં આવ્યુ હોય તો તે વાત માની શકાએ તેવીછે. હવે તેમ જો હોય તો આ કોતરકામો મીદીઆનાં જરથોશતી શેહેનશાહ ઉવખશત્ર (કાએકસરીસ) ના દોરને લાગુ પડેછે; કેમકે તે શેહેનશાહે હેલીસ નદીવેર પોતાના

રાજની શીમા વધારી, જયારે લીડીઆ જેને આસીરીઆ દેશના બીજા રોકા હરફોમાં જુદી કરીને કહેલોછે, તાંહાના પાદશાહ એલાઇતીસને ઇ૦ પુ૦ ૬૧૫–૬૧૦ વેર મહુમહુ ચાકરાવી, આખરે તેની બેટીનાં પોતાના દીકરા શાથ લગન કરી, જે શુલેહનાં કોલ કરારો પોતે બાહાલ રાખી આ હતા તે વાતનો શાહપાલો ગોયા આ ચીત્ર દેખડાવતો હોય એમ અટકલી શકા શકે. આ વીચાર બાહાલ રાખવા જોગછે, પરંતુ તેમાં શક માત્ર એટલોજ છે જે રમરના તથા આનકરીઆની નજદીકીમાં જે કોતરકામો આવયાં છે તાંહાંના પુતલાંઓની ધાછપ અને રોનક શાથે આ ચાંલો જે એકમેક શાથ કેટલેએક દરજજે મલતાં આવેછે, તેથી મજકુર મહીમાંને લગતું આ ચોત્ર કદાચ નહીબા હોય તો તે વાત પણ બની શકે તેવીછે. જો આ ફકત એકજ શક આપણા મનમાંથી દુર થાએ, ને જે વાતનો આગલ ચાલતાં કાઇક ફેશલો આવવોજ જોઇએ, તાંહાં શુધી જે પણ ગ્રંથકારો આ નકસ મજકુર શેહેનશાહ ઉવખશતનાં દોરને લાગુ પાડેછે, તેવોનાં મત સાથ એકમત થવા હુંબી હજુરવેર કઈ અડચણ જેવું જોતો નથી. * હવે અતરેનાં દેશાવરો ખાતે મલુકે તવાયફોનાં દોરમાં થઇ ગયેલા આર્યરથ તથા આર્યબુરજી જેવાં બે નામીચાં ખાનદાનોની વંશાવલીની શાંકલીઓ સાંમેને શફે વાંચનારાઓની જાણ શારૂ આપવામાં આવીછે.

---

* જુઓ મો૦ પેરોતની "એક્ષપ્લોરાસીઆં આરચીઓલોજીક દ લા ગાલાતી" ને શફે ૧૫૭ મે તથા મેક્ષ દંકરની હીસ્તરી આફ એનતીકુવીતીનાં દફતર ૧ લાને શફે ૫૪૯–૫૫૩ શુધી.

કાપાદોસીઆવાલાં આર્યરથવંશનાં જરથોસ્તી પાદશાહોની વંશાવલી.

- યુતાન (ઓનાશીશ)
  - ઓનાફીસ.
    - દેતામીસ.
      - આર્યમન (ગ્રીક. આરીઆમનીસ.)
        - આર્યરથ ૧ લો. (ગ્રી. આર્યારથીસ) ઈ. પુ. ૩૩૧–૩૨૨.
        - હોલોફરનીસ
          - આર્યરથ ૨ જો. ઈ.પુ. ૩૧૫–૨૮૦.
            - આર્યમન. ૨ જો ઈ. પુ. ૨૮૦–
              - આર્યરથ ૩ જો. ઈ.પુ.–૨૨૦. એ એનતીઓકસ થીઆસની બેટી સ્ત્રતોનીસે સાથે પરણીઓ હતો.
                - આર્યરથ ૪ થો. ઈ. પુ. ૨૨૦–૧૬૨
                  - ૧ બાનુનું નામ માલમ નથી.
                    - સત્રાતોનીસે જે પરગેમસનાં રાજા યુમનીસ ૨ જાની સાથે પરણી હતી.
                  - ૨ મહાતમા એન્તીઓકસની બેટી એન્તીઓચીસ.
                    - બે છોકરી.
                    - મેતરદત અથવા આર્યરથ ૫ મો લકબે ફીલોપેતર ઈ. પુ. ૧૬૨–૧૩૧.
                      - ૧ બાનુંનું નામ માલુમ નથી.
                        - દેમીત્રીઅસ.
                      - ૨ લાઓદીસે.
                        - ૫ બીજા છોકરા.
                        - આર્યરથ ૬ ઠો જે મહાતમા મેતરદતની બેહેન લાઓદીસે સાથ પરણીઓ હતો. ઈ. પુ. ૧૩૧–૯૬.
                          - આર્યરથ ૭ મો.
                          - આર્યરથ ૮ મો ઈ. પુ. ૯૬–૯૩.
            - બે બીજા છોકરા.
          - આરાઈસીસ.
    - આરોપમનેઈપુસ.

કાપાદોસીઆવાલાં આર્યબુરજીન વંશના જરથોસ્તી પાદશાહોની વંશાવલી.

૧–આર્યબુરજીન (ગ્રી૦ આર્યોબરજાનીસ) ૧ લો.

૧ લીવાર ઇ. પુ. ૯૩–ઇ. પુ. ૮૮.

૨ જીવાર ઇ. પુ. ૮૪–ઇ. પુ. ૬૭.

૩ જીવાર ઇ. પુ. ૬૬–ઇ. પુ. ૬૪.

|

૨ આર્યબુરજીન ૨ જો લકબે ફીલોપેતર
ઇ. પુ. ૬૩–આશરે ઇ. પુ. ૫૩.

|

૩ આર્યબુરજીન ૩ જો લકબે યુસીબસ યાને દાવર.
આશરે ઇ. પુ. ૫૩–ઈ. પુ. ૪૨.

૪ આર્યરથ ૯ મો લકબે ફીલાદેલફુસ
ઇ. પુ. ૪૨–ઇ. પુ. ૩૬.

ભાગ ૩ જો.

આરમીનીઆનાં જુદાંજુદાં વંશોનાં માજદી અશગાન પાદશાહો.

ત્રીજી મોહોટી જરથોશતી પાદશાહત એ વેલાએ આરમીનીઆની ગણાતી હતી, અને એ દેશનાં અરમાની રેહેવાશીઓ દેશી દેશ વેહેપારને અર્થે આજબી આપણાં જોવામાં આવેછે, અને હાલમાં જોકે હજરત ઇસાનો મજહબ પાલે છે, પરંતુ શપર પેહેલાં એ લોકો જરથોશતી મજહબ પાલતા હતા, અને ઠેઠ સાસાનીઓનાં દોરની આખરીમાં, ખ્રશતી ધરમમાં પાછલથી વટલતા ચાલીઆ હતા. આ મુલકનાં મલુકે તવાયફના દોરના જરથોશતી પાદશાહો વિશે આપણે આ બાબમા હેવાલ આપવા શરૂ કરીએ તે આગમજ એ દેશની ભુંગોલ તથા અહીઆંની તેથોબી વધારે પુરાતન કાળની તવારીખ ઉપર, થોડાક શબ્દો કેહેલા, આશા છે જે અલે વ્યર્થ ગણાશે નહીં. ઇરાંન દેશની આથમણ ભણી રૂમ (મેદીતરેનીઅન) નાં તથા કાળા અને ઇજીઅનના દરીઆવો વચે, સપાટ જમીનવાલો એક ઉન્ચો વિસ્તીર્ન દ્વીપકલ્પ આવ્યો છે, જેને આથમણ તરફના ગ્રંથકારો એસીઆ માઇનરનો પ્રાંત એવું નામ આપી જાયછે. એ પ્રાંત આશરે સાહાડી સાતસો માઇલ લાંબો ને ચાહારસો માઇલ પોહોલો છે. આ સપાટ પાહાડી જમીનની સઉથી ઉન્ચી સપાટી (લેવલ) દક્ષીણ તરફના દેશાવરો ભણી જોવામાં આવે છે. અંહીઆં ભુંમદ્ય (મેદીતરેનીઅન) સમુંદરના એક છેડાથી તે બીજા છેડા વેર, અગરબથી તે મગરબ શુધી, પાહાડોની સમાંતર હારની હારો ગોઠવાએલી છે તારસનાં પાહાડની લંગર તથા બીજા બુલંદ પાહાડોના શીખડો ઉપર બાહારો માશ જે બરફ પડી રેહેછે, તેથી તેઓનાં હેઠાણમાં આલ્પસના જેવાં લીલાં હરીઆલીવાલાં ચારાનાં ખેતરો આવેલાં છે અને એ પાહાડોનાં ઢોળાવો ઉપર ઘણા ખુશનુમાં ખીઆબાનો ઉભાઇ જાયછે. દરીઆ આગલ, આ પાહાડોનાં હેઠાણમાં અંહી તંહી શાંકલા અને ગરમ પરંતુ ઘણા ફલવંત મેદાનો આપણાં જોવામાં આવેછે અને ઠેઠ દરીઆ ભણી તારસનો આ બુલંદ પાહાડ જે આરપાર નીકલી જાયછે, તેની જુદી જુદી શાખાઓથી આ મેદાને પછી ઘણાંએક જુદા જુદા કસબાઓમાં વેહેચાઇ ગયાંછે. આ પાહાડ (તારસ)ની ટેકડીઓની ઉતરમાં, તાંહાંની જમીન ઠેઠ કાળા દરીઆ શુધી દરજજે દરજજે નીચી થતી જાયછે. આથી એ દેશ માંહેલી મોહોટી નદીઓ જેવી કે આઇરીસ, હેલીસ, બીલેઉસ, સંગારીઉસ તથા રાહીન્દેકુસ એ દરીઆમાં જઇને પછી ખાલી થાયછે. એથી ઉલટું અહીઆંના દક્ષીણ તરફનાં કોસ્તાઓ ઉપર ફકત સારસ તથા પાઇરેમસ નદીઓ શીવાએ બીજી નદીઓ વેહે છે તેઓ માત્ર નાહાનાં નાલાંઓ જેવી છે. આ નદીઓ કેથે કેથે પાહાડી જમીનો માંથી ને કોઇ કોઇ ઠેકાણે બેહદ ફલવંત ખીણોમાથી પોતાનો રસ્તો કાપતી ચાલેછે. હેલીસ નદીના અધવચના ભાગ આગ-

લથી તે આથમણુ ભણી ઠેઠ સંગારીઉસ નદી વેર આ જમીનનાં મદ્ય બીંદુમા જાહાડ પાન વગરનું નીમખનું એક ઉન્ચુ અને કુશાદે અગર આવેલું છે, જેના છેડા ઉપર જવાલામુખી પરવતોનાં મોહોડાંના ઢગલા તથા મોહોટાં સરોવરો ને ઉન્દા ઓહો જોવામાં આવે છે અને તાંહાંથીબી વધારે મગરબ તરફ ચતરાતાં ઉન્ચી પાહાડી જમીનોમાંથી પાણીના જે જહરા વેહેછે, તે એકમેકની નાચે એક એક ગોઠવાએલાં, પાહાડી અગાસી રોકાં મેદાનોને તલીએથી પસાર થઇ, પછી તે શઘલા જહરા ઇજીઅનના દરીઆવમાં ખાલી થાયછે. આથી મીઆનદર તથા હરમસ નદીની ખીણો, આ દેશના ક્રોસ્તા તથા મદ્ય ભાગો વચે, ગોયા ધોરી રસ્તાઓ ની શરેકો હોય, તેવી રીતે કામે આવે છે. આ મજકુર અગાસી રોકાં મેદાનો બેહદ ફ્લવંત હોવાથી તાંહા મોહોટા મોહોટા બાગ બગીચા અને દ્રાક્ષોના માંડવા ઉભાઈ જાયછે. અંહીઆનાં વધારે માહેલા દેશાવરોમાં ઉન્ચા પાહાડો ઉપર ઓક, સનોબર અને પલેનનાં જાહાડોનાં મશ મોહોટાં રલીઆમનાં બીઆબાનો આવ્યાં છે, જેઓની વચે કેથે કેથે પાહાડી ચરાગાની જગ્યા આપણી નજરે પડે છે ને જેઓની ઉપર આઇદા, તમોલસ, મેસોજીસ અને લાતમસના ચીરા ચીરાવાલા મોહોટા ડુંગરોનાં આપણને દરશન થાયછે. તાંહાંથી દ્રસ્તી મર્યાદાની હદ આગલ, તારસના પાહાડના બરફથી ધંકાએલા ડુગરોના રળીઆમના શીખરો આપણી આંખોને ઠંડી કરે છે. કેહેવ્રે જે ઇજીઅનના દરીઆના કીનારા આગલ આવેલાં દેશાવરોમાં ઠંડી અને ગરમી શમતોલ હોવાથી તાંહાનાં મુલકો ગોયા બાગેબેહેસ્ત જેવાં હજુરબી ગણાય છે.

એશીઆ માઇનરની આવી વખણાયલી ભુમી વીશે આ દફતરમાં વારંવાર બોલવામાં આવશે, માટે તાંહાંની ભુગોલ વીશે આ પ્રમાણે વાંચનારાઓ શાથ અત્રે હમાજોર કરાવ્યા બાદ ચાલો હવેથી આપણે આરમીનીઆનાં મુલકની સરહદ, પાહાડો, નદીનાલાં વગેરે બાબદોશર થોડાક શબ્દો શાથે લાગયા અહીઆજ જણાવી લઇએ. કાલેદરીઓ અને કીઆસપીઅન સરોવરની વચે જે પોહોલી, પાહાડી જમીનવાલી મંયોગી ભુંમી આવીછે અને જેની સાથે જે ઠેકાણે કે મજકુર એસીઆ-માઇનરનો દ્વીપકલપ આવીને જોડાઇ જાય છે તે જગ્યાની ઇસાણ કોણ તરફ અફરાત તથા દજલા નદીના મુલોની આશપાશ કીઆસપીઅન શરોવરમાં ખાલી થતી એરાક્ષીસ નદીના વેહેતા જરા ઉપર તથા વાન શરોવરની ઉન્ચી પાહાડી જમીન ઉપર આ અરમાની લોકોનો દેશ આવ્યો છે. અશલી ગ્રીક દસ્તાવેજોની સત્તા ઉપરથી અલેના પ્રથમ રેહેવાશીઓની ઉતપંતી વિશે નામીન્ચો ભુગોલ વીદયાર્થી સ્ત્રેબો એમ બોલેછે જે થેસીલીનાં પ્રાંતમા બોબીનાં શરોવર આગલ ફીરા તથા લારીસાની અધવચમાં આરમીન્યમ નામે જે એક શેહેર આવ્યું હતું તાંહાંથી આરમીનસ નામનો કોઇ એક પુરશ, જેસને જયારે એ દેશ ઉપર સ્વારી કરી ત્યારે તેની શાથ જઇને તે તાંહાં વશીઓ હતો. હવે સીરસીલસ નામે એક ફારસેલીઅન તથા મીદીઉસ નામે એક લારીસીઅન જે શીકંદર પાદશાંહની લશકરી નોકરીમાં હતાં તે બંને ગ્રંથકારો આ દેશને આ આરમીનસનાં નામ ઉપરથી પછી લોકો આરમીનીઆ કરી કેહેવા લાગ્યા એમ જણાવી ગયા છે. સોફીની પ્રાંતનાં તાબા હેઠલ અશલમાં આસીલીસીની નામે જે એક રશાલ દેશ

આવ્યો હતો તાંહાં આ મજકુર આરમીનસના કેટલાએક દાહા બાહાવાલાઓ પાછલથી જઇને વસીઆ હતા અને બાકીનાઓ સીસપીરીતીસમાં થઇ આસ્તે આસ્તે આરમીનીઆનાં મુલકની સરહદની પેલીપાર ઠેઠ કાલચીની તથા આદીઆબીનીનાં પ્રાંતોવેર ચત્રાયા હતા. આ મોહોટા બનાવની ઇંધાની નીશાની તરીકે એ દેશમાં ઠેકાણે ઠેકાણે બંધાએલાં ધરમના મકાનો, તથા તેવાજ બીજા મનારાઓને અહીઆનાં વતણીઓ પાછલથી જેસોન્યા એવું નામ આપવા લાગ્યા. કેહેછે જે આબદીરામા જેસનનુ એક મોહોટું દેહેરૂં જે આવ્યું હતું તેને પારમેનીઓએ ફરીથી મરામત કરાવીને તાંહાના રેહેવાસીઓને પાછું શપુરદ કરાવ્યું હતું. તે શાથે અહીઆનાં રેહેવાશીઓનો કદીમ પોશાક બી પ્રથમમાં આ થેસીલીઅનોનાં પોશાક ઉપરથીજ આબેહુબ નકલ કરવામાં આવ્યો હતો. એ પોશાક કમર આગલથી પતાએ કરીને સીકરી લેવામાં આવતો હતો અને લાંબા સાહા જેવો લાગતો હતો તથા ખભાં આગલથી તેને કસે કરીને બાંધી લેવામાં આવતો હતો. વલી આ થાસીલીઅનો ઘોડા તથા સવારીનાં ઘણા શોખી હોવાથી તેઓ મુજબ આ અરમાનીઓ તથા મીદીઅનો પણ એ જાનવરનો ઘણો શોખ ધરાવતા હતા. એ લોકોના રેવાજ તથા ધરમ આચાર વીશે આપણો એકનો એકજ અસલી યુનાની ભોમીઓ સ્ત્રેબો એમ જણાવી ગયોછે જે યુરૂમીઆનાં શરોવરની ઉગમન તરફ અને એરાક્ષીસ નદીના મુખ આગલ જે મીદીઅનો વશે છે તેઓની રાહ રશમો શાથે તેઓ એક મલતા આવે છે. આગલ ચાલતાં વલી એજ ગ્રંથકાર એમપણ બોલેછે જે એ લોકો એનાઇતીશ નામની દેવીને ઘણુંજ માન અકરામ આપેછે અને તેણીની તેઓ બહુજ. પરશતસ કરેછે. હવે આપણે સારીકાની જાણીએ છીએ જે અસલી ઇરાંની લોકોમાં એ દેવી અનાહીતાના નામથી ઘણીજ મશહુર હતી અને હાલનાં આપણા પારસીઓમાં એ યજદની આંવાં અરદુઇશુરના નામથી સેતાયશ તથા નીઆએશ થાયછે. તે શાથે હાલની અરમાની ભાષાબી ઇરાંની લોકોની કદીમ ભાષાઓ શાથે ઘણો અતલગનો શંબંધ ધરાવેછે એમ તમામ જબાન શનાસો એક આવાજે એકરાર કરી જાયછે. આ મજકુર દલીલો ઉપરથી પુરાતન અરમાનીઓ ઇન્દો-જરમાનીક ટોલાંઓમાંથી ઉતપન થયલા છે એમ ચોકશ રીતે શીદ્ધ થઇ ચુકયુંછે અને હીંદુ તથા પારસીઓ માફક તેઓબી પુરાતન આરીયન લોહીના ધરાવનારા છે તેમાં તો કશો શક હવે રેહો નથી. વંદીદાદમાં જણાવ્યા મુજબ આરીયન ટોલાં આ પૃથ્વી ઉપર ચોમેર પંથરાઈ યુરોપની ભુમીમાં અશલ આ મજકુર થેસીલી દેશને રસ્તેથીજ દાખલ થયાં હતાં, જેથી ઘણાંજ પુરાતન કાળમાં તે દેશને આરીય કરીને પણ કેહેતા હતા એમ પ્રોફેઅર માક્ષ મુલર, સ્તીવીનસ બાઇઝેનસીઅસની સત્તાને આધારે આપણી ખાતર જમાં કરી આપેછે. એ પછી કીઆની પાદશાહોનાં દોરબાદ પારસીઓના નીઆએઆનો બાપ્ત્રીઆની પોતાની બાપીકી ભુંમી છોડી આ લતા તરફ આવી પ્રથમમાં અંહીઆનાં દેશાવરોમાં કાએમ મુકામ કરી પડીઆ હતા, એમ આસીરીઅન લોકોની બીલા રોકી તખ્તીઓનાં ઉકલાનો ઉપરથી હાલમાં પણ શીદ્ધ થઇ શકેછે ને જે વીશે વીગતે ખુલાશો મેં આગલ "વિદ્યા મીત્ર" નાં દફતર ૩ જાને શફે ૧૨૯ મે આપ્યો છે માટે તે વીશે હવે વધારે લંબાન કરવા એલે હું દુરસ્ત વીચારતો નથી.

વાન શરોવરની અગણી કોણે પાહાડોનું જે ગુછ્છુ આ અરમાનીઓના શવાધીનમાં આવ્યું છે તેનાં દક્ષીણ તરફના ઢોડાવ ઉપર અને મોહોટી જાબ નદીનાં ઉપલા મારગમાં આરફેકઝાદનો મુલક આવ્યો છે, એમ સીમેટીક ટોલાનાં દફતરો ઉપરથી આપણે સારીકાની જાણીએ છીએ. આએજ શરોવરનીવલી દક્ષીણે કારદુચીઓનો દેશ આવેછે જેને પાછલા જમાનાનાં ગ્રીક ગ્રંથકારો ગોરદાઇઆનસ અથવા ગોરદાઈનીસ એવું નામ આપી ગયાછે અને અરમાનીઓ જેઓને કોરદથું તથા સુરીઆંનીઓ (સીરીઅનો) કારદથું કરીને કેહેછે એમ કાઈપર્ત નામનો એક જરમન પંદીત જણાવી જાય છે. હાલ જમાનાનાં કુર્દ ટોલાનાં એ લોકો વડીલો હતા ને એ ટોલોબી ઇરાની (આર્યન) લોહી ધરાવતો આવ્યો છે એટલુંજ નહી પણ એઓની ભાષા અરમાની ભાષાઓ શાથે વધારે નજદીકનો શંબંધ ધરાવતી આવીછે એમ જબાન શનાસો તથા મુશાફરો એક આવાજે કબુલ કરી જાયછે. આ કુર્દ યાને કારદુચી લોકોની આથમણે અફરાત નદીની બે શાખાઓનો જે ઠેકાણે સંગમ થાયછે, તાંહાં વલી બીજો એક સીમેટીક ટોલો વરતો હતો. ફાસીસ નદી અને કાલા દરીઆ શુધી આરમીનીઆના જે પાહાડો આપણી દ્રશ્તીએ પડેછે તેઓનાં વાય્વ કોણ તરફ જુનાની ગ્રંથકારોનું જણાવેલું મોસચાઈ નામનુ ટોલું અશલમાં વશ્તુ હતું, જેને આસીરીઅન લોકોની બીલારોકી તખ્તીઓમાં મુસકાઈ કરીને કહેલું છે, અને યાહુદીઓ જેને મીસીચ એવું નામ આપી ગયાછે' એઓની પડોશમાં વધારે આથમણ બણી, કોસ્તા તરફ જુનાની ગ્રંથકારોનું તાઇબરીનીસ નામનુ ટોલુ અશલમાં કાએમ મુકામ કરી પડેલું હતું. એ ટોલાંને યાહુદીઓ તુબાલ તથા આસીરીઅનો તાબાલ એવું નામ આપી ગયાછે. એઓથી વલી વધારે આથમણ તરફ આઇરીસ નદીનાં મુખવેર પેહેલવી ગ્રંથકારોનું ખલદી અથવા ગ્રીક લખનારાઓનુ બાલદીઅન અથવા ચલાઇબીઆનનુ પેલું ઘણું વખણાએલું ટોલું વસી ગયું હતું, ને જેને અરમાનીઓ ચાલતાઇ એવું નામ આપી જાએ છે. આ મજકુર મોસચાઇ તથા તાઇબરીનીસ ટોલાંઓની અશલ તથા ભાશા વીશે હાલમાં આપણે કસુંએ જાણતા નથી, પરંતુ હીબરૂ લોકોનાં વંશચરીત્રોમાં જાફેતના બે છોકરાઓના નામો મીસીચ અને તુબાલ કરીને જે જણાવેલાં છે, તે ઉપરથી એ લોકોબી અશલમાં કદાચ આરીયન લોહી ધરાવતા હોય એમ અટકલી શકાયછે.

કહેછે જે વાન શરોવરની આશપાશ અરમાંનીઓનો જે દેશ આવ્યો છે તે દરીઆથી પાંચ હજાર ફીટ ઉન્ચાઇમાં છે. આ પાહાડી દેશમાં ફકત એરાક્ષીસ નદીની અધવચમાં સપાટ જમીનવાલો એક મશ મોહોટો વીસ્તીર્ન કકડો આવ્યો છે આ કકડો જેને આપણે બીન કરીને પણ કહી શકએ તેની અને વાનને લગતા મુલકોની વચે હદ તરીકે માસીસ યાને આરારાતના પાહાડની સલગ હાર જોવામાં આવે છે. આ પાહાડની સઉથી ઉન્ચી ટેકડાની બુલંડી સોલ હજાર ફીટ છે અને એનો પથર રંગમાં કાલો તથા એનો દેખાવ એક મશ મોહોટા પરા જેવો લાગેછે. એનુ શીખડ બરફના પોહલા કકડાઓથી શદા કાળ ધંકાયલું રેહેછે. ફકત એરાક્ષીસ નદીનીજ બીનમાં મોહોટા પાયા ઉપર ખેતીવાડી થઇ શકેછે, અને તાંહાં તરેહ તરેહવાર જણશો જથાબંદ પાકેછે. એની દક્ષીણ બારકુ

તરફ આથી વધારે નાની જમીનનાં ઢોલાવદાર કકડાઓ ઉપર તાંહાંની ભુમી વધારે ગરમ તથા ઓથામાં આવ્યાથી બેહદ દ્રાક્ષો તે તરફ ઉભાઇ જાયછે. અહેના પાહાડી રેહેવાશીઓ ભુરવાડનો પેશો કરેછે અને અંહીઆંનાં કોહેસ્તાનોનો ચારો ઘણો શરશ હોવાથી ઉન્ચામાં ઉનચા ઘોડા તથા ઊંડોની અત્રે મોહોટી ઉતપન્તી થાય છે. ચાલો હવેથી આપણે એ દેશની કદીમ તવારીખ જણાવવા મારી કલમનાં શબ્દેજને આ આરકત્રાં અને પુર અંધાધુન્ધીવાળાં દેહેશતનાક મેદાનમાં ઘણી શંભાલથી જોવલાન આપીએ. આ દેશની પુરાતન તવારીખ અહીઆનો એક ખ્રીસ્તી રેહેવાસી મોવઝેસ ખોરીની અથવા ચોરીની જેને તેનાં લખાંનોની બેહદ શીરીનીને લીધે કહરતોથ યાને વ્યાકરણીનો મોહોટો નામીન્ચો એલકાબ મલીઓ હતો તે ઇ૦ સ૦ ૪૬૦ થી ઇ૦ સ૦ ૪૮૦ * શુધીમાં અરમાની ભાષામાં જે રચી ગયેછે, તે ગ્રંથ સારાં ભાયગે હજુરવેર જમાનાની ચુંગાલમાંથી બચી શકીઓછે અને તેનો તરજુમો લાટીન ભાષામાં ઇ૦ સ૦ ૧૭૩૬ માં વીસ્તને પ્રથમમાં છપાવી પ્રગટ કર્યો હતો અને ત્યારબાદ મો૦ લ વેલાને ફ્રાંસીસ ભાષામાં બી છપાવી આશકારા કરીયો છે. જેમ દાનીશવર † તથા ફીરદોસી પોતાના પારસી નીઆમેગાનોની જલુસી અલંકાર રૂપી પદોમાં ગાઇ ગયા છે; જેમ જેનફુન પોતાના જાતભાઇ લુદીઓ (લીદીઅનો)ની તવારીખ વીરતારી ગયેછે, જેમ જોસીફસ યાહુદીઓનો બખર બનાવી ગયો છે, જેમ માનીથો મીસર દેશનો વૃતાંત રચી ગયેછે ને જેમ બેરોસસ પોતાનાં બીઆલદીઅન પુરવજોનો ઇતીહાસ લખી ગયોછે, તેમજ અરમાનીઓની તવારીખ તેઓનુજ લોહી ધરાવનાર એક અરમાની વિદ્યારથી લખી જાય તે વાત એ લોકોની કીરતીને વધારે જેબ આપે તેવી છે. તુશ શેહેરનાં નામ ઉપરથી શાહનામાનો અમેર બનાવનાર ફીરદોશી તુસીના નામથી જેમ પ્રસીધ થએલો છે તેમજ આ અરમાની ગ્રંથકાર ચોરની (ખોરીની અથવા ખોરેનાત્સી) શેહેરનાં નામ ઉપરથી મોવઝેસ ખોરીનીનાં નામથી ગ્રંથકારોમાં મશહુર થએલો છે. આ પુશતકમાં એ દેશની શઘલી અશલી કાંહાંણી તથા દંત કથાઓનો અરકો સંગ્ર આપવામાં આવ્યો છે, જેથી આજબી એ દફતર વાંચવા લાએક થઇ પડે છે; પરંતુ રૂમી અને ગ્રીક ગ્રંથકારો જે એનીબી પુરવે થઇ ગયાછે તથા અહીઆંની અરમાની અને આસીરીઅન બીલારોકી તખતીઓના ભરોશાદાર લખાનોથી એ એટલો તો વારંવાર વીરૂધ જાયછે કે તેથી એક ખરી અને સહી તવારીખ દાખલ એ પુસ્તક ઉપર સદંતર ભરોશો હાલમાં આપણાથી રાખી શકાતો નથી. તે સાથે એલીસીઅસ તથા આગાથાનગીલસ અને બીજા નામીન્ચા અરમાની ગ્રંથકારો પોતાનાં દેશની કીરતી ફકત દેશાભીમાનને લીધે શહરાવી દેવા એટલાતો છાકટ બની ગયાછે અને મરીઆદાની હદથી એટલા તો વેગળા જાયછે કે તેઓની જણાવેલી ઘણીખરી બાબદો કબુલ રાખતાં આપણને

* કેટલાએક ગ્રંથકારો એ સને ઇ૦ સ૦ ૪૩૦ થી ઇ૦ સ૦ ૪૫૦ વેરનો જણાવી જાયછે પરંતુ મેં અત્રે વાન ગુદશમીદ તથા પ્રોફેસર દંકર જેવા જરમન પંદીતોને આધારે ઉપર મુજબનો શને અત્રે જણાવવા દરૂરત વીચારીઉ છે કેમકે તે મને વધારે સહી તથા ભરોશા ભરેલો લાગેછે.

† દેહકાને દાનેશવરનો કીમતી પેહેલવી કાવ્ય ગ્રંથ અદ્યાપી બચી શકીઓ નથી.

હાલમાં મોચબો ખાવો પડેછે; તોબી જયાં જયાં એ દેશની આપણી તવારીખની લડી બરોબર બેસ્તી આવતી નથી તાંહાં તાંહાં એ ગ્રંથો ઈતીહાશ કર્તાઓને હાથ હાલમાં શાશં હથીઆરો થઇ પડીઆં છે તેમાં તો કશો શક નથી. પોતાના દફતરની શરૂઆતમાં મોવઝેસ લખેછે જે હજરત નુહ (નોહા) ના ત્રીજા બેટા જાફેતનો ગોમર નામે એક પુત્ર હતો. આ ગોમરના છોકરાનું નામ થીરાસ, ને થીરાસના બેટાનુ નામ થોરગોમ તથા થોરગોમનાં પુત્રનું નામ હઇક કરીને હતું. કેહેછે જે એ જમાનાનો બાબુલ (બાબેલાન) નો પાદશાહ બીલસ ઘણો જાલેમ હતો, માટે તેના જુંલમાતમાંથી છટકી આ મજકુર હઇક પોતાનાં બેટા આરમીનક તથા પોતાનાં આખાં કુટુંબ પરીવારને શાથે લઇ બાબુલ (બાબેલાન) માંથી નાહાસી આરારાતના મેદાનમાં આસરે ઇ૦ પુ૦ ૨૧૦૭ માં * જઇ વશીઓ હતો. તે પછી થોડીક મુદતબાદ આરમીનકનાં બેટા કાદમસનાં સવાધીનમાં આ મેદાન સપુરદ કરીને હઇક વલી પોતાના બેટા આરમીનક શાથે હવેથી આથમણ ભણી ચત્રાયો અને તાંહાં જઇને હઇકાશન નામે એક શેહેર પોતે વશાવ્યું. હવે બાબુલનાં લશકરે જયારે આ આરારાતના મુલક ઉપર સવારી કરી, ત્યારે હઇક વલી પોતાના નબીરા કાદમસની સાહેતામાં આવ્યો અને પાદશાહ બીલસને તેણે વાન સરોવરના કીનારા આગલ હરાવ્યો. ત્યારબાદ હઇકાશન શેહેરમાંથી આ આરમીનક ઉગમન તરફ વધીઓ અને અરાગઝદના ખડકની હેઠાણનાં મેદાનમાં જઇને વસીઓ, ને જાંહાં પાછલથી આરમીનકના બેટા આરામજીસે, આરામવીર નામનુ એક શેહેર વશાવ્યું હતું. આમાસીઆજ નામે આ આરામજીસનો એક પુત્ર હતો જેના બેટાનુ નામ આરારત તથા આ આગાસ્તના છોકરાનું નામ આરામ કરીને હતું. આ શખ્સે (આરામે) દુર દુર દેશાવરો ઉપર સવારીઓ કરીને સામ તથા કાપાદોશીઆનાં પ્રાંતો આશરે ઇ૦ પુ૦ ૧૮૨૭ * માં પોતાનાં સ્વાધીનમાં કરી લીધા અને એની બાહાદુરી તથા કુવતને લીધે આસીરીઆનાં પાદશાહ નાઇનસે એની શાથે દોસ્તી રાખી એકશંપી કરી હતી. આ રાજાનાં મરણબાદ એનો બેટો આરજ એની ગાદીનો માલિક થયો. તે એટલો તો ખુબશુરત હતો કે તેનાં ઉપર આસીરીઆ દેશની રાણી શામીરામ યાને સેમીરામીસ આશક થઈ પડી, પણ તેણીની માંગની આ રાજાએ નાંકબુલ રાખી હતી. આથી શામીરામને બહુ ચીઢ ચહડી અને તેણીએ એક મોહોટુ લશકર લેઇને આરમીનીઆ દેશ ઉપર ચઢાઇ કરી, પરંતુ આરજને મારી નહી નાખવા માટે આ રાણીએ લડાઈ શહરૂ થઇ તે આગમજ પોતાનાં સીપાહીઓને તાકીદનુ ફરમાન આપીયું હતું. આ બંને હમનબરદો વચે ઘણા જોશથી જંગ મચીયું, જેમાં અરમાનીઓએ આખરે ઇ૦ પુ૦ ૧૭૨૫ * મા મોહોટી શીકસ્ત ખાધી અને આ યુદ્ધનાં દરમીઆનમાં આરજ પણ મારીઓ ગયો ને જે બનાવ માઠાં ભાયગે આ રાણીની મરજીથી ઉલટો બની ગયો હતો. જેમ રૂસ્તમે પોતાનાં બેટા શોહરાબને કેકાઉશ પાદશાહ શોડેથી નોશદારૂ માંગી તેને મોહોતની ચુંગાલમાંથી બનચાવવાનાં અમસ્થાં ફાંફાં મારીઆં હતાં તેમજ આ માશુકે પોતાના આ આશકને સજીવન કરવા માટે કેહેછે જે તરેહવાર જાદુ કોતલનાં કામો કરાવ્યાં હતાં, પરંતુ પોતાની મુરાદ માં તે બીચારીને આખરે નાસીપાસ થવું

* આ સનેઓ મેં ઉપર મો૦ સાં૦ માંરતેની ગણત્રીને આધારે આપ્યા છે.

પડીયું હતું. ત્યારબાદ પોતાનાં દેશમાંથી આ રાણીએ ઘણાએક કારીગરોને આરમીનીઆ ખાતે બોલાવી મંગાવીને તેઓની સાહેતાથી વાન સરોવરનાં કીનારા ઉપર ગરમીનાં દીવશોમાં પાહાડની સીટલ લેહેરી ઘોરવા શારૂ શામીરામકર્ત (સેમીરામીસનુ શેહેર) એવે નામનુ એક મોહોટુ જાહોજલાલી ભરેલું શેહેર પોતે બંધાવ્યું હતું, અને મજકુર આરજના બેટા કારદુસનાં હાથમાં એ દેશનું રાજ પાછું તેણીએ સપુરદ કરીયું હતું. પરંતુ આ રાજાએ બેઇમાન થઇ તેણીની શામને પાછલથી હુલડ ઉઠાવ્યું, જેમાં તે હાર ખાઇ ગયો હતો અને પોતાનાં બાપની માંફક તેબી આ જંગનાં મેદાનમાં માંરીઓ ગયો હતો. આખરે માદીઅનોએ શેમીરામ શામશે હુલડ કરીને તેણીને હરાવી ને આરમીનીઆ ભણી નહશાડી મેલી. વાન સરોવરનાં કીનારા આગલ આખરે આ રાણી મીદીઅન સવારોનાં હાથમાં સપડાઇ ગઇ અને જયારે તેણીએ પોતાની માલા તથા ઘરેહનાં પેલા પાણીમાં નાંખી દીધાં ત્યારે પેલાં શવારોએ તેણીને કતલ કરી નાંખી. આ રાણીના મરણબાદ તેણીનો બેટા જામીસ (નીનાઇઅસ) આસીરીઆનાં તખ્તનો માલેક થયો અને એ દેશનાં પાદશાહોની બોહધરી હેઠલ છવીશ પેહેડીવેર આ કારદુસના વારેસો આરમાનીઆના મશનદ ઉપર બીરાજી ગયા હતા ને જેઓનાં નામની એક ટીપ મોવઝેસ પોતાના દફતરમાં આપી જાયછે. એ રાજાઓનાં દોર પછી જયારે નીનેવેહ શેહેર પડી ભાગ્યું ત્યારે મીદીઆના જરથોસ્તી શેહેનશાહ બારબાકીસે (અરબાસીસે) આરમીનીઆ દેશનું તાજ આશરે ઇ૦ પુ૦ ૭૪૩ માં * બારોઇર નામના કોઇ એક શખ્શને સવાધીન કીધુ ને જેના વારશોએ ત્યારબાદ લાંબી મુદત શુધી આપઅખ્તીઆરીથી અહીઆં રાજપાત ભોગવ્યા કીધું હતું. બારોઇર પછી નવમી પેહેડીએ જે પાદશાહ આ દેશની ગાદી ઉપર આશરે ઇ૦ પુ૦ ૫૬૫ * માં બીરાજી ગયો હતો તેનુ નામ તીગ્રાન કરીને હતું. એ પાદશાહે મીદીઆના શેહેનશાહ અઝદેહાગ (એસતાએજીસ) ને જીહીતી લીધો હતો અને લડાઇનીજ દરમીઆનમાં તેને પોતાના ભાલાથી વીંધી નાંખ્યો હતો. આએજ તીગ્રાનની બાહાદુરી અને ફતેહને લીધે મોવઝેસ લખેછે જે પારસીઓનો પાદશાહ મીદીઅનો ઉપર સરદાર થયો હતો.

મોવઝેસનો જણાવેલો આ શઘલો હેવાલ કેઇ કેઇ સતાઓને આધારે તેને ઘડી કાહાડીઓ હોય તે વીશની તાવીલ યાને શરેહ હાલમાં આપી શકાએ તેવીછે, અને તે વીશે ચાલો હવે આપણે હેઠલ જરા જાવતમાં તપાશ લઇજીએ. જાફેત ગોમર તથા થીરાસ એવાં ત્રણે નામે જેનીસીસની પોથીમાં જાફેટીક વરણોની જે વંશાવલી યાહુદીઓનાં મહાન પુરૂશો આપી ગયા છે, તેમાંથી એને નકલ કરેલાં છે, ફરક માત્ર એટલોજ છે જે એને તેઓનો અનુકરમજ ફકત બદલેલો છે. થીરાસનો બેટો થોરગોમ જે હઇકનો પીતા થતો હતો તેનું નામ હીબરૂ લોકોની મજકુર ધરમ પોથીમાં તોરગારમાહ કરીને જોવામાં આવેછે ને જે નામ સુરીઆની લોકોએ આરમીનીઆ દેશને આપેલું હતું, એમ કાઇપર્ત પોતાના જરમન દફતરમાં જણાવી જાય છે. હવે આ તોરગારમાહ નામ યાહુદીઓના વડીલોએ વાન સરોવરની આશપાશના મુલકોને આપ્યું હતું

* આ શનેઓ મેં ઉપર મો૦ સાં૦ મારતેની ગણતીને આધારે આપ્યા છે.

એમ માલુમ પડી શકે છે. અરમાનીઓ પોતાની દેશી ભાશામાં પોતાને હઇખ કરીને કેહેતા હતા અને પોતાની ભુમીનુ નામ એ લોકોની દેશી બોલીમાં હઇખ-શતાન કરીને હતું. આ નામો ઉપરથી થોર-ગોમનાં બેટાનુ નામ હઇક કરીને મોવઝેસ જણાવી જાયછે ને જે શખ્સ અરમાની ટોલાનો મુલ પુરૂશ હતો એમ એ લિખી ગયોછે. હવે પુરાતન જમાનામાં બાબુલ (બાબેલાન) જે એસીઆની ભુમીમાં હરેક તરેહનાં શુધારાનું મુખ્ય મથક ગણાતુ હતું તથા અરમાનીઓ શાથે વેહેપાર વનજ શબંધી બાબદોમાં ઘણોએક વેહેવાર ચલાવતુ હતું, તેથી પોતાનાં કદીમ નીઆગાંનોનેબી શુધરેલાઓમાં ખપાવવા અશલમા એ દેસનો મુલ પુરૂશ ગોયા બાબેલાન-માંથી આરમીનીઆ જઇને વસીઓ હતો, એમ જે મોવઝેસ ટોલ્લો મારેછે, તે ફકત તેની મનની કલ્પનાં છે. પરંતુ આ વાત તો ચોકશજ છે જે અશલમાં અરમાની-ઓ પોતાના મુલા અક્ષરો તથા લખવાનાં હુનર વીશે આ બાબેલોનીઅનોનાજ આ-ભારી હતા. હાલની જરમન પંડીતોની શોધો ઉપરથી એમ જણાએછે જે આરી-યન ટોલાંઓ આ પૃથ્વી ઉપર ચોમેર પં-થરાયાં તે આગમજ મીસાપોતેમીઆનાં પ્રાંતમાં ઘણાજ કદીમ જમાનામાં એક તુરાની ટોલુ વસી ગયું હતું, જે શુધારાનાં ગોયા માંબાપ હોય એમ માલુમ પરે છે. એ ટોલું એલોમાઇત તથા આરીયન લોહી નહી ધરાવનાર મીદીઅનો શાથે એક મલતુ આવતુ હતું અને અકસર કરી એને અકાદીઅન એવુ નામ વિદ્યાર્થીઓ આપી જાયછે. ખીલારોકાં હરફો તથા ખગોલ વીદ્યા જે કુલ જોતીશ શાસતરમાંથી ઉત્પન થાયલીછે, તેઓનાં આ અકાદીઅનો ગોયા બાપ હતા એમ જણાય છે. એ ટોલામાં-થીજ અસલી ખીઆલદીઅનો જેઓને બાબેલોનીઅનો કરીને પણ કેહેછે, તેઓની ઉતપંતી થએલીછે. આ ખીઆલદીઅનો-માંથો એક શાખા વલી ઘણાજ કદીમ વખતમાં અફરાત તથા દજલા નદીની ઉતરની ભુમીમાં જઇને વસી હતી ને જે વરણ આસીરીઅનોનાં નામથી આજખી તવારીખોમાં મશહુર છે. ચીનાઇ અક્ષરો માફક ખીલારોકા લિખાણી અશલમા ધરમ-ગુરૂઓએ બનાવ્યા હતા અને મીશર દેશનાં હાઇરોગલીફીક જાતનાં અક્ષરો માંફક જાનવરો તથા વશતુઓનાં પ્રથમ આકારો ઉપરથી આરતે આરતે અક્ષરોનાં રૂપમ પાછલથી તેઓને બદલેલા હોય એમ જણાય છે. આ જાતનુ લખાન એલીમાઇત, આરીયન લોહી નહી ધરાવનાર મીદીએનો, અરમાનીઓ (અલારોદીઅનો) તથા પારસીઓનાં નાઆએગાનોમાં ઘણોએક શુધારો તથા વધારો ઘટાડો કરીને પછ-વાડેથી દાખેલ થયલું આપણે જાણીએ છીએ. વાન સરોવરની પુર્વે હઇક બાબે-લોનીઅનોને જે હરાવી ગયો હતો માટે તેની યાદ દાસ્તમાં તાંહાં હઇકનો કીલ્લો આવ્યો હતો ને જેને અરમાની જબાનમાં હઇકાબર્જર્દ યાને અરમાનીઓનો કીલ્લો અને હજોતસ-દસોર યાને અરમાનીઓની ખીન એવાં નામો આપવામાં આવ્યાં હતાં. આ શરોવરની દસાંને હરકથ યાને બાપ દાદાઓની છાવણી એવે નામની જગ્યા આવી છે, એમ કાઇપર્તની સતા ઉપરથી આપણે જાણીએ છીએ અને અહીઆંજ પુરવ યુફ્રેતીસ ઉપર હઇકનુ બંધાવેલું હઇકાશન યાને હઇકની ઇમારત એવે નામનું શેહેર આવ્યું છે અને તાંહાંજ એની કબર પણ આવી હતી એમ આગલા ગ્રંથકારો લખી ગયા છે. જેમ અકસર કરીને વાન સરોવરની આસપાસની જગ્યા-

એ શાથે હઈકનુ નામ જોડાએલુ આપણાં શાંભલવામાં આવે છે, તેમજ મોવઝેસે પોતાનો કલ્પનાંથી જોડી કાહાડેલા એના બેટા આરમીનક અને એના નબીરા કાદમસ તથા અમાજીસના નામો ઉપરથી આરારાત, અગાગદજનો ગડ તથા આરામવીરનાં શેહેરની આશપાશનાં મુલકોનાં નામો પણ પડીઆં હતાં એમ જણાય છે. આરારાતની ભુમી યાને આરાકસીસ નદીની અધવચના વેહેતા રસ્તા ઉપરનાં ફલવંત મેદાનમાં આ પરદેશીઓ શપર પેહેલીવાર કાયમ મુકામ કરી પડીઆ હતા, એમ જે આ અરમાની ગ્રંથકાર આપણને જણાવે છે તેઓ એની આ કથામાં જણાવીઆ પ્રમાણે દક્ષીણ તરફથી નહી પરંતુ પુર્વ તરફથી મીદીઆની ભુમીમાંથી આવવા જોઇએ અને કીઆસપીઅન સરોવરનાં કીનારાપર થઇને આરકસીસ નદીની બીનમાં આવી પુગવા જોઇએ એમ પ્રોફેસર માંક્ષ દંકર વીચારેછે. અરમાનીઓનું પોતાનુ દેશી નામ જેમ હઇખ કરીને છે તેમજ આરમીનક નામબા આરમીનાં એ નામ ઉપરથી ઉત્પન થયલું શાક જણાય છે ને જે નામ કે મીદીઅન તથા પારસીઓનાં વડીલોએ આ અરમાનીઓને આપેલું હતું. હવે આ કથામાં આરમીનકના બેટાનુ નામ કાદમસ કરીને જે જણાવેલુછે તે એ નામની બનાવટ ઉપરથી ચુનાની મુલતવો ઉપરથી મોવઝીસે નકલ કરેલું છે એમ ગ્રીક દફતર વાંચનારાઓ તરત કેહી શકસે ને આરમીનીઆની દક્ષીણે જે સીમેટીક ટોલાં વસ્તાં હતાં તેઓનુ બીઆન આપવા અને ઓલખ દેખડાવવા કદાચ એ નામ એને કામે લગાડીયું હોય તો તેમાં મને ઘણું તાજુબ થવા જેવું કઇ લાગતું નથી. ઘણી બાહોસીથી અરમાનીઓએ પોતાનાં વડીલો શાર જોડી કાહાડેલી આ કાંહાંણી કથામાં આરમીનીઆની દક્ષીણ તરફનાં નહી પરંતુ પુર્વ તરફનાં મુલકોની સાહેબી જે કાદમસને આપવામાં આવીછે, તેનો ખાતરી ભરેલો ખુલાશો એમ હાલમાં આપી શકાયછે જે "કદીમ" એવા સીમેટીક શબ્દનો અશલ અરથબી "પુર્વ" કરીનેજ થાય છે. આરમીનકનાં નબીરા અમાસીઅજના નામ ઉપરથી માસીસનાં પાહાડની હારનું નામબી ગોયા પડીયું હોય તેમજ અમાસીઅજનાં પુત્ર આરસ્તના નામ ઉપરથી એરાક્ષીસ નદીનુ નામબી ઉતપન થયલુ હોય એમ હવે માની શકાયછે. આ નદીને પુરાતન અરમાની ભાશામાં કાઇપતે કેહેછે જે ઇરાસખ કરીને કેહેતા હતા.

આ દંત કથા ઉપરથી ઘણાજ કદીમ જમાનામાં અરમાનીઓનો મુલક તથા તેઓનાં સંસાર સંબંધી રેવાજો ગોયા બે મુખ્ય વીભાગોમાં વેહેચાઈ ગયા હતા એમ તો હવે શાફ માલુમ પડી આવેછે ને જે વાતને આસીરીઅન લોકોનાં લખો તથા યાહુદીઓનાં ધરમ પુસ્તકો ઉપરથી આજ પણ સારીકાની ટેકો મલી શકેછે. આ માહેલું એક મથક ઉગમન તરફ, આરાક્ષીસ નદી ઉપર આરારાતની ભુમી જે આવી હતી તાંહાં આગલ અને બીજુ આથમણ તરફ, વાન સરોવરની આસપાસનાં મુલકો આગલ મેલી શકાયછે; ગોયા આ બંને મથકો એઓનાં મુખ્ય બીન્દુઓ જેવાં હતાં, એમ આપણે હીમતથી હાલમાં કહી શકીએ છીએ. યાહુદીઓનાં તોરાતનાં પેહેલા ભાગમાં હજરત નુહનુ વાંહાણ આરારાતનાં પાહાડ ઉપર ધશડાઈ આવી અટકીયું હતું એમ જણાવેલું છે અને તાંહાંજ વલી આગલ ચાલતાં બીજા ભાગમાં ગોમર નામની અડોઅડ તોગારમાંહ નામબી આપણાં વાંચવામાં આવેછે. એઝીકાએલની પોથીમાં તોગારમાંહની પાહાડી

જમીન ઉપર ચારો પુશકલ ઉગતો હતો અને તાંહાંથી ઘોડા અને ખચર તાબ્રેઝ શેહેરમાં વેચાવા આવતાં હતાં એમ જણાવેલુંછે. હવે એસીરીઅન લોકોની ખીલારેકી તખ્તીઓમાંખી એજ મુજબ એક ભુમીનું નામ "માત વનનાઇ" યાને વાનની ભુંમી અને ખીજીનું નામ "ઉરારતી" યાને આરારાતની ભુંમી કરીને કેહેલું છે અને તાંહાં બે જુદાં જુદાં દેશી રાજપાતો ચાલતાં હતાં એમ ખુલ્લે ખુલ્લું બીઆન આપવામાં આવ્યુંછે. વલી એમજ પાદશાહ આરામનુ નામખી ગોયા આરામની ભુંમીનું નામ દેખડાવવા વાપરવામાં આવ્યું હોય તેમ શાફ જણાઇ આવેછે. અહીઆનાં રેહેવાસીઓને આરાંમીઆન કરીને કેહતા હતા અને તેઓ અરમાનીઓના પડોશી થતા હતા એટલુજ નહી પણ વારંવાર તેઓનાં શંબંધમાં વટીક આવતા હતા. આસીરીઆ દેશના ઘણાં કદીમ પાદશાહોએ આ કોહેસ્તાની મુલકો ઉપર સવારીઓ કરી તાંહાંના રાજાઓને પોતાના તાબા હેઠલ આણવા તથા પોતાને ચોથાઈ આપવા જે ફરજ પાડી હતી તે વાતની જુજ યાદદાસ્ત મોવઝેશનાં જમાનાની પુરવે થઈ ગયલા અરમાનીઓમાંખી વખતે સાધારણ રીતે માલુમ હોવી જોઇએ એમ આ દંત કથા કદાચ દેખડાવી શકસે અને આ શઘલો હેવાલ ખોરોનાતસી શેહેરના આ ચંચલ ગ્રંથકારે યુનાની કાલમાન વિદ્યાર્થીઓનાં પુસ્તકોને આધારે ઉપજાવી કાહાડેલો છે એમ પણ હવે સાબેત થઇ શકેછે કેમકે આરામ, આરજ તથા કારદુસને નાઇનસ, સેમીરામીસ તથા નીનાઈઅસ સાથે જંગનાં મેદાનોમાં એ હાથ મેલાવેછે એટલુજ નહી પણ આસીરીઆનાં પાદશાહોની આેહેધરી હેઠલ જે છવીસ રાજા આ કોહેસ્તાની મુલકોમાં રાજપાત ભોગવી ગયા હતા તેઓનાં કલપીત નામોની આપેલી એની આ ટીપ તથા આરખાસીસે એ લોકોને આ ખરે આસીરીઅનોની જુશ્કડીઓમાંથી છોડવી પાછા સ્વતંત્ર બનાવીઆ હતા તે શઘલો દરોબસ્ત હેવાલ વધતા ઓછા ફેરફારો સીથે પુરાતન ગ્રીક ગ્રંથકારો પણ જણાવી ગયાછે, માટે પોતાની તવારીખનો આ માચરો એને યુનાની ગ્રંથકારોને આધારેજ રચેલો છે એમ બોલવા મને અલે કશો આંચકો લાગતો નથી. હવે બીજા હાથ ઉપર વાન શરોવર આગલ સેમીરામીસ રાંણીએ બંધાવેલાં શેહેરની વારતા વલી એને આરમીનીઆ દેશમાં કેકાણે કેકાણે આસીરીઅનોએ બનાવેલાં કોતરકામો, મુરતીઓ તથા બીજી તારાજ નીશાનોને આધારે જોડી કાહાડેલી હોય એમ આપણને ભાશેછે. એ કોતરકામો હજુરબી એ તરફનાં દેશાવરોમાં તાંહાનાં કોહેસ્તાનોમાં ઉભાઇ જાય છે. વાન, બાતલીસ, કરકર, ઇગીલ તથા અચલાત આગલ અને પારસી પાદશાહોના દોરમાં બંધાએલા એવાનાં બીસમાર મનારાઓપર તથા અકસર કરીને શેહેનશાહ ખશેયારશા (ઝરકસીસ) નાં જમાનાનાં બનેલાં કોતરકામો જે અહીઆં જાબજા આપણી નજરે હજુરવેર પડેછે તેઓપર આ શઘલા ચીતારો આવેલાં છે. પરંતુ અહીઆનાં દેશી રાજાઓનાં બનાવેલાં બાશમાર બાંધકામો જેઓપરનાં અદ્યાપી બચી રહેલા લેખો પરથી તે કોતરકામો ઇસુ પુર્વે શાતમી અને છઠી સદીની આખરીમાં બનેલાં હોય એમ હાલ પુરવાર થઇ ચુકયુ છે તે કોતરકામોપર મોવઝેસે પોતાની આ તવારીખ રચતી વેલાએ ઉપલાં પારકાં રાજના શેહેનાશાહોનાં બનાવેલાં કોતરકામો તથા લેખો થાને વધારે આધાર બાંધીઓ હોય એમ માની શકાય

છે. સીકંદરનાં જમાનાંની પછીનાં ગ્રંથકારો આ દેશી રાજાઓ વીશે તદનજ બેખબરા થઇ પડીઆ હતા તથા તેઓનાં કોતરકામો પરના લેખોની ભાષા તે વેલાએ જે ભુલાઇ ચાલી હતી તેથી આ લેખો ઉકલાવવા તેઓ તદનજ અશકત હતા. હવે આ આસીરીઅન તથા દેશી રાજાઓનાં કોતરકામોમાંથી જે જે નામો હાલમાં ઉકલાઇ શકીઆં છે તેઓમાં આ અરમાની પાદશાહોનાં નામોની જે ટીપ મોવઝેસ જણાવી ગયો છે તેમાનું એક નામબી મલી આવતું નથી એ ઘણું તાજુબ થવા જોગછે ને જે પરથી આ અરમાની ગ્રંથકાર પોતાનાં દેશની ખરી અને ભરોશાદાર તવારીખ લખી કાહાડવાને બદલે ઓર ઉલટી પોતાની કલ્પનાં શકતીને વધારે છુટથી દોડાવી ગયોછે એવા ભયંકાર વાંકમાં આવી શકે છે અને એનાં જમાનામાં એનાં દેશની પુરાતન તવારીખ ઘણી અફરા તફરી હાલતમાં આવી ભુલાઇ ગઈ હોય એમ માનવા આ તખતીઓપરની મજમુન તપાસતાં આપણી સોડે હાલમાં ઘણાએક મજબુત શબબો થઇ પડેછે.

મોવઝેસે જે જે મુલોમાંથી પોતાનો ગ્રંથ પ્રાચીન બાબદોસર રચી કાહાડીઓ છે તેમાં તેણે મજકુર તીગ્રાંન પાદશાહ વીશે આપેલો હેવાલ વધારે અશલી દસ્તાવેજોને આધારે ઉપજાવી કાહાડેલો હોય એમ તો હાલ શીદ્ધ થઇ શકેછે. પારસીઓના બુલંદ એકબાલવાલા શેહેનશાહ કુરઉશ (સાઇરસ) નાં દોરમાં કહેછે જે આ પાદશાહ આરમીનીઆની ભુંમીમાં રાજપાત ભોગવી ગયો હતો તથા આપણાં આ શેહેનશાહ શાથે તેને મીત્રાચારી કરી એકશંપી કરી હતી. મીદીઆનાં શેહેનશાહ એસ્તાએજીસ (અઝદેહાગ) ને હરાવીને એકજ લડાઇમાં તેને પોતે ઠાર કરીયો હતો અને તેની પરણેલી ઓરત, છોકરાં છૈયાં તથા તેનાં કેટલાએક હમશરીકોને પોતે કેદ પકડી આરમીનીઆ લઇ જાઇ ત્યાં કોઘતન નામની જગ્યાની આશપાશ વસાવ્યાં હતાં. આ કોઘતનનાં દેશી રેહેવાશીઓનાં ગીતોમાં એસ્તાએજીસના આ વારેશોને પોતાની દ્રષ્ટાંતરૂપ કથાઓમાં સાંપનાં બચ્ચાં કરીને કેહેલાં છે કેમકે મોવઝીસ કેહે છે જે "અમારી અરમાની ભાષામાં અજદેહાગનો માએનો એક મોહોટો અજદાહ કરીને થાયછે." આ હેવાલ ઉપરથી ચોકશ રીતે શાબેત થઇ શકેછે જે અરમાનીઓએ મીદીઅનોને હરાવીને તેઓની જુશડીમાંથી પોતે જે નીસરી ગયા હતા માટે આ ફતેહ શંબંધી માનઅકરામનાં તેઓ એખલા પોતેજ ધણી થઇ બેશવા માંગતા હતા, અને અગરજો તેઓએ આ એસતાએજીસનાં વારેસોને "અજદાહના બેટા" એવું નામ આપ્યું હોય તો અવસ્તામાં જણાવેલા વાદલાનાં અસલી દેવતા અઝહી-દેહાક નામને જાવતમાં અઝદેહાગ કરી પછી તેને એસ્તાએજીસ નામ શાથે તેઓ ભુલાવાથી આમેજ કરી નાખી ગયા છે એમ સાફ્ત રીતે જણાઇ આવે છે. શેહેનશાહ કુરઉશ વીશે આપેલા કથા રૂપી વૃતાંતમાં જેનોફન આ તીગ્રાંનને આરમીનીઆનો રાજ કુવર કરીને જણાવે છે અને તેને કુરઉશ (સાઇરસ) ને ઘણી કીમતી મદદો આપી હતી એમ તેનાં વીશે તે બોલી જાયછે. જયારે ઝેનોફન પોતાની બાજગશતની વેલાએ આ પાહાડી અને ઠંડાં દેશમાં પાછો હઠી આવી પોતાનાં હમશરીકોની અણીઆનાં કોહેસ્તાની દેહેકાનોની કાદવની બાંધેલી જુફડીઓમાં છાવણી નાંખી પડીઓ હતો ત્યારે તેણે તેઓથી આ તીગ્રાનનું નામ તથા તેનાં મહત કરમો

વીશેની વાતો જો સાભરી હોય તોં તે બનાવ બની શકે તેવો છે કેમકે અરમાનીઓએ એ વેલાએ તેને તથા તેના હમશરીકો શારૂ જવનો દારૂ (બીર) તથા બીજી ઘણીએક ચીજો પોહોચતી કરી તેઓની સારી પરોહણાગત કરી હતી એમ આ યુનાની ગ્રંથકાર પોતાની એનાંબાસીસમાં એકરાર કરી જાયછે.

આપણી આ જમાનાની તવારીખની લડીને બેસ્તી આણવા ચાલો આપણે આસીરીઆ જેને ઇરાંની બીલા રેકી તખ્તીઓમાં અથુરા કરીને લખેલો છે ત્યાંના પાદશાહોએ આ હીંગામમાં આ ઉતર તરફના કોહેસ્તાનોપર પોતાનો હાથ જે લંબાંવ્યો હતો તે વીશે જાવતમાં અત્રે જરા બીઆંન આપીએ. આઠમન તાઇગીરીસ (દજલા) નાં ઉગમન તરફનાં ઓબીની—સુ નામનાં મુલ આગલ કરકરનાં ખડકો ઉપર તીગલાથ પીલીસર ૧ લો જે ઈ૦ પુ૦ ૧૧૩૦—ઈ૦ પુ૦ ૧૧૧૦ વેર આસીરીઆનાં મશનદ ઉપર બીરાજી ગયો હતો તેની તશવીર કોત્રાએલી જણાય છે અને તેનાં અલે આવેલા લખોમા તે પાદશાહ બોલેછે જે મેં નેરાઇ યાને અફ્રાત તથા દજલા નદીઓ વચેનો દેશ મારા શ્વાધીનમાં કરી લેઇ મુસકાઇ લોકોએ પચાશ વરશ થયાં અમોને ચોથાઇ આપતી જે બંદ કરી નાંખી હતી તેથી તેઓને હરાવી કુમખ યાને કોમાજીનીનાં પ્રાંત ઉપર સવારી કરી હતી. એ પછી બસો ઉપર વરશ બાદ તીગલાથ આદર ૨ એ ઈ૦ પુ૦ ૮૮૯થી ઈ૦ પુ૦ ૮૮૩ શુધીમાં આ મજકુર ખડકોમાં તીગલાથ પીલીસર ૧ લાંની પડોશમાં પોતાની તશવીરબી કોત્રાવી હતી. તેની પછી તેનો વારેસ અસસુરનાસીરપાલ જે ઈ૦ પુ૦ ૮૮૩–ઈ૦ પુ૦ ૮૫૯ શુધી આહીઆની ગાદી ઉપર બેશી ગયો હતો તેણે આ નેરાઇ લોકો શાથે વારંવાર લડાઇઓ કરી તેઓનાં હડીસો શેહેરો તારાજ કરી નાંખી તાંહાનાં ઘણાએક શાહાજાદાઓને પોતે કતલ કરી નાખ્યા હતા અને તીગલાથઆદર તથા તીગલાથ પીલાસરની જોરમાં પોતાની મુરતી પણ પછી તેણે કોત્રાવી હતી. એ પાદશાહની દશમી સવારીની વેલાએ એણે દજલા નદીપર આવેલું અમીદા શેહેર જેને અરવાચીનકાલમાં દાયર બેકર કરીને કેહેછે તે શેહેર પોતાનાં સવાધીનમાં કરી લીધું હતું માટે તે શેહેરની હેઠાંનમાં કરખ નામની જગ્યા આગલ આ પાદશાહની બીજી એક મુરતી પણ અધ્યાપી જોવામાં આવેછે. એનો વારેશ સાલમનાસર ૨ જો જે ઈ૦ પુ૦ ૮૫૯–ઈ૦ પુ૦ ૮૨૩ વેર અલે રાજપાત ભોગવી ગયો હતો, તેનેબી આ નેરાઇ લોકો સાથે લડાઇઓ કરી દજલા નદીના મુખ આગલ પોતાની એક મુરતી કોત્રાવી હતી અને ઈ૦ પુ૦ ૮૪૩ માં ઉરારતીનાં અરમાની રાજાને પોતે હરાવીઓ હતો. વલી ઈ૦ પુ૦ ૮૩૧ માં એનાં લશકરે આગલા રાજા થાને કોઇક બીજુજ નામ ધરાવનાર ઉરારતીનાં રાજાને હરાવીને પછી ઈ૦પુ૦ ૮૨૮ માં વાન શરોવરની આશપાશનાં દેશાવરોનાં અરમાની રાજા ઉદાકીનો તમામ મુલક પાએમાલ કરી નાખ્યો હતો. ત્યારબાદ વલી એણે ફરીને ચઢાઇ કરી ઉરારતીનાં રાજના પચાસ શેહેરોને પોતે બાલી ભશમ કરી નાખ્યાં હતાં. બીનનીરાર ૩ જો જે અસશુરની ગાદી ઉપર ઈ૦ પુ૦ ૮૧૦—ઈ૦ પુ૦ ૭૮૧ વેર રાજ ભોગવી ગયો હતો તેણે વાન શરોવરની આગલનાં મુલકો ઉપર બે વાર અને નેરાઇ લોકો ઉપર સાતવાર ચઢાઇઓ કરી હતી. મો૦ મેનાં તથા પ્રોફેસર જારજ રાલીનસનાં જણાવ્યા મુજબ આ પાદશાહે નેરાઇ લોકોનો ત

મામ દેશ પોતાનાં સવાધીનમાં કરી લીધો હતો એમ એ પોતાનાં લેખોમાં મગરૂબ થઈને જણાવે છે. સાલમનીસર ૩ જો જે ઇ૦ પુ૦ ૭૮૧ થી ઇ૦ પુ૦ ૭૭૧ વેર રાજ કરી ગયો હતો તે ઉરારતીનાં રાજ ઉપર ૭ વાર લશકર સીએ ચહડી ગયો હતો. ત્યારબાદ તીગલાથ પીલીસર ૨ જો જે ઇ૦ પુ૦ ૭૪૫ થી ઇ૦ પુ૦ ૭૨૭ વેર આશીરીઆ દેશની સુલતનત ભોગવી ગયો હતો તેણે ઇ૦ પુ૦ ૭૪૨ માં ઉરારતીના રાજા સરદા અથવા સરદુરીને તેનાં હમશરીકો શાથે હરાવીઓ હતો અને ઇ૦ પુ૦ ૭૨૮ માં તુબાલનાં રાજા વસસારમાને ઉઠાડી મેલી તેનાં મસનદ ઉપર ચુલલીને લાવી બેસાડીઓ હતો. આસીરીઅન પાદશાહ સારાગાનનો દોર જે ઇ૦ પુ૦ ૭૨૨—ઇ૦ પુ૦ ૭૦૫ શુધી ચાલ્યો હતો તે દોરમાં વાનનાં રાજા અઝાને કતલ કરવામાં આવ્યો હતો ને જે રાજા પોતાના વડીલ ઇરાનઝુની માફક આસીરીઆનાં રાજને ચોથાઇ આપતો હતો. આ રાજાને કતલ કરી તેને બદલે તેની ગાદી ઉપર તેના ભાઇ ઉલલુસનને પાદશાહ સારાગાને બેસાડીઓ હેતો. આ નવા રાંજાએ આરારાતના પાદશાહ ઉરઝા તથા મીલદીસના કોહેસ્તાનનાં રાજા સાથે એક સંપી કરીને આસીરીઅનો શામને બંદ ઉથાવ્યું પણ એ લડાઈમાં સારાગાનજ ફતેહ પામ્યો હતો. આથી ઉલલુસન ઇ૦ પુ૦ ૭૧૬ માં આસીરોઅનોને આખરે તાબે થઇ ગયો પરંતુ ઉરઝા તો તાબે થયોજ નહી અને આરારાતમાંજ રહીને સારાગાન સામને તે લડીઆ કીધો. સારાગાન જોકે એમ મગરૂબી કરે છે જે મેં એનાં પચાશ શેહેરો ખાલી નાંખ્યાં હતાં તોબી આ રાજાએ મુંસાસીર, જે અકશર કરીને વાન શરોવરની આગલનું આરસીસા નામનું શેહેર હશે એમ અટકલી શકાયછે, તાંહાંનાં રાજા ઉરઝાન તથા મોસચાઇ ટોલાનાં રાજા મીતા અને મજકુર ચુલલીના બેટા આમબરીસ સાથે એકસંપી કરીને ઘણી બાહાદુરીથી આસીરીઅનો સામને પોતે થયો હતો. આ આમબરીસને તાઇબરીનીસ ટોલાનાં તખ્ત ઉપર તેની બાપીકી તુબાલની ગાદી ઉપર પાદશાહ સારાગાનેજ પોતે બેસડાવીઓ હતો એટલુજ નહી પણ તેનાં અરતકમાં સીલીસીઆનો પ્રાંતબી બક્ષીસમાં આપી પોતાની બેટી સાથે તેને પરણાવીબી આપ્યો હતો એમ મી૦ જારજ સ્મીથની શોધો ઉપરથી હાલ આપણે કહી શકીએ છીએ. આ લડાઇમાં માઠાં ભાયગે આ ચારે એકશંપી રાજાઓએ સારાગાનનાં હાથથી મોહોટી શીકસ્ત ખાધી હતી. આથી આમબરીસને, આસીરીઆ ખાતે કેદ પકડી ગયા અને તેનાં દેશના થોડાએક વતણીઓને આસીરીઆની ભુમીમાં લાવી વશાવી તેઓને બદલે એ પાદશાહે તુબાલનો મુલક પોતાનાં આસીરીઅનોથી વસાવી નાંખ્યો હતો. મીતા તાબે થયો, આરસીસા શેહેર જબરીથી લઇ લેવામાં આવ્યુ ને તાહાંનાં વીશ હજાર આદમીઓને કેદ પકડી તેઓનો માલ ખજાંનો તથા તેઓનાં દેવતા હલદીઆ * અને બાગા મઝદા (?)

---

* અરમાનીઓનો આ હલદીઆ નામ ધરાવનાર દેવતા જુદદીનોને લગતો કોઇ સીમેટીક દેવતા છે કે એ કોઇ જરથોશ્તી અમશાસપંદનું નામ છે તે ચોકશ રીતે હાલમાં માલુમ થઇ શકતું નથી પરંતુ હું ધારછું જે એ કોઇ માજદીઅશનાન ધરમને લગતાજ ફરેશ્તાનુ નામ હોવું જોઇએ. એ વીશેસ નામ સીમેટીક શબ્દ અરદીઆ અથવા અરતીઆને મલતું આવેછે ને જે ઉપરથી પેહેલવી લવજ અરતા યાને "જમીનને લગતુ" કરીને

યાને હોરમજદખોદાને તેઓના પવીત્ર ઓ-જાર તથા વાસણો સીખે આસીરીઆની ભુમીમાં મોકલી આપ્યા. આવો મામલો થઇ પડીઆથી ઇ૦ પુ૦ ૭૧૪ માં ઉરઝાએ બીચારાએ પોતે આપઘાત કીધો એમ સારગોનીદ તથા દુર-સારકેઆનનાં લેખોનાં ઉકલાન ઉપરથી મો૦ ઓપેર્ત જણાવી જાએછે ને જે મત સાથે જારજ રાલીનસનબો એક મત થાયછે. આ ફરાંસીસ આલેમ (મો૦ ઓપેર્ત) તો આરસીસાનાં આ મજકુર બે દેવતાઓનાં નામો હલદીઆ તથા બાગાબર્તો કરીને ઉકલાવે છે. એ પછી ઇ/સુ પુર્વે સાતમી સદીમાં આસીરીઆના પાદશાહ ઇસરહાદનને સીલીસીઅન, તાઇબરીનીસ તથા મનનાઇ લોકો સાથે લડાઇમાં હાથ મેલાવવો પડયો હતો. આ છેલું નાંમ ઉગમન અફ્રાત નદીનાં ઉપલા રસ્તા ઉપર અરમાનીઓનો મીનાઇઅસ નામનો જે પ્રાંત આવયો છે તેને બેશ્તુ આવતુ હોએ એમ મને ભાંશેછે અને જેની કે રાજધાનીનું નાંમ મનાવાઝાકર્ત કરીને હતું. જોસીફસ તથા કાઇપર્તના કહા મુજબ આ શેહેર હઇકના બેટા મનાવાઝે પ્રથમમાં વસાવ્યું હતું. ઇસરહાદનના વારેસ અસસરબનીપાલે ઇ૦ પુ૦ ૬૬૮—ઇ૦ પુ૦ ૬૨૬ મા આ મનનાઇ લોકો જેને હીબરૂઓનો પેગમબર ઇઝીકાએલ મીનની કરીને લખી જાએછે તેઓ પર વલી ફરીને સવારીઓ કરી હતી. આ યુદ્ધનાં દરમીયાનમાં આ પ્રાંતનો અરમાની રાજા અશીરી પોતાનાંજ ખીદમતગારોનાં હાથથી મારયો ગયો હતો જેથી તેનો બેટો યુઆલી, આસીરીઅનોને તરત તાબે થઇ ગયો હતો. આથી અશસરબનીપાલે આ મીનની લોકોની ચોથાઇમાં વધારો કરી તેઓ શોડેથી હવેથી ત્રીસ ઘોડા વધારે લેતા કરયા હતા અને તુબાલનો રાજા મુગાલા તથા સીલીસીઆનો રાજા સાનદાસરમી આપો આપ પોતાની રાજી ખુશીથી આસીરીઅનોને હવે તાબે થઇ ગયા હતા એમ જારજ સ્મીથની શોધો ઉપરથી ચોકસ રીતે માલમ પડેછે.

ઉતપન થએલોછે અને જેને મલતો અંગ્રેજી શબ્દ ''અર્થ'' કરી,નેછે. જેમ પેહેલવીમાં ખુશલુઇ એવાં વીશેસ નામનો લ ફારશીમાં ખુશરૂઇ કરી ર માં મુબદદીલ થઇ શકેછે તેમજ હલદીઆનો લ બી અરદીઆ અથવા અરતીઆ શબ્દના ર માં બદલાઇ ગયેલો મને ભાશેછે. હવે અરતીઆ અથવા અરતાને મલતો અવસ્તાઇ બોલ ઝેમ કરીને છે અને જે ફરેશ્તો કે જમીન ઉપર મવકલ છે તેને અવસ્તામાં શપેન્તો અરમાઇતી (સપનદાર મદ) કરીને કહેલો છે માટે હલદીઆ તેજ વખતે અરમાઇતી (સપેનદાર મદ) ફરેશ્તો હોય એમ મારો અભીપ્રાય છે. અસુરી તથા બાબુલી જેવાં સીમેટીક બુતપરસ્તી ટોલાંઓના આશેબથી આગલાં કેટલાંક માજદીઅશનાન ટોલાંબી તેઓની રીતભાત મુંજબ ઓમાનીસ(બહમન), અનાઇતીસ (અરદુઈ શુર) તથા અનાદેતીસ અથવા અનાનદેતીસ (અમરદાદ) યજદ અમશાશપંદોની બાશ દરેમેહેરો બનાવી તેઓમાં જરથોશતી ધરમનાં બાલેશ અને બીન સુરતી પુજક ફરમાનોની વટીક વીરૂધ જઇ ફકત એક નીશાંન તરીકે બુતો યાને સુરતીઓ જે મેલાવતા અને બનાવતા હતા તે વીશે સલેખો પોતાની જાતી અજમાયશ ઉપરથી એકરાર કરી ગયો છે માટે આ હલદીઆ તથા બાગામઝદાની સુરતીઓ વેહેમને અરથે આસપાસનાં મુરતી પુજક ટોલાઓની દેખાદેખી અને આસેબથી અસલી અરમાનીઓબી જો બનાવી ગયા હોય તો તેમાં તાજુબ થવા જેવું કંઇજ નથી.

આસીરીઅનોની આ તખ્તીઓ ઉપરથી હવે ખુલ્લું શાબેત થાયછે જે ઇસુ પુર્વે ૧૨ થી તે ૯ ડી સદી સુધી તો આરમીની-આનાં કોહીસ્તાનોમાં ઘણાંએક રાજો ત્યાં-નાં જુદા જુદા દેશી રાજાઓ ચલાવતા હતા અને તે સઘલાઓ માજદીઅશનાન ધરમ પાલતા હતા, એમ પણ શીદ્ધ થઇ શકેછે. સૌથી પેહલાં તો આસીરીઅનોએ અલેના પેલા બુલંદ પાહડની સલગ હારની દક્ષીણ તરફ આવેલાં દેશાવરો યાને આરા-રાતના ભુમી ઉપર સ્વારી કરવા શહરૂ કરયું કેમકે એ રાજ હયાંના એક સંપી રાજોમાં સૌથી વધારે જબરદસ્ત ગણાતું હતું. આ પાહડની બંને બોરદુએ યાને એક તરફ વાન સરોવરની નીચાણ જમીનમાં તથા બીજી તરફ આરાક્ષીસ નદીની ખીણમાં આ અ-રમાનીઅનો હયાં ઓથામાં આવ્વાથી પોતાનો બચાવ ઘણી બલતવારીથી કરયા કરતા હતા, જેથી અરમાની સરદારો ઉપર આસીરીઅનોનો દોર લાંબી મુદત સુધી ચાલી શકતો ન હતો. તો પણ આસીરી-અનોનાં સુધારાનો પ્રસાર એઓનાં આ-ટલા બધા સામે થવા છતાં પણ વધતો ઓછો આરમીનીઆ દેશમાં દાખલ થઇ ચુકો હતો કેમકે ખીલારોકા લેખોનાં લખાંણો એ લોકો પ્રથમમાં આસીરીઆનો સોહેથી શીખ્યા હતા એટલુંજ નહીં પણ એઓની ઇમારતો અને કીબલેગાહોના પર-માંબી આસીરીઅનોનાં બાંધકામો જેવાજ હતા એમ આસીરીઅન કોતરકાંમો ઉપ-રથી હાલમાં શીદ્ધ થઈ શકેછે. પાદશાહ સા-રાગાને આરસીસા શેહેરને જીતી લેવાનો ચીતાર પોતાના ખોરસાબાદના મેહલ ઉપર કોત્રાવેલો છે જે અદ્યાપી આપણી નજરે પડેછે. આ ચોતાર જો ખરો અને આ-બેહુબ કોતરાવેલો હોય તો તે ઉપરથી અરમાનીઓનાં એબાદતખાનાંઓની બાં-ધણી તથા તેઓનો નકસો આસીરીઅન દેહડાંઓની ધપછપ અને બાંધણીઓથી કંઇ મોહોટો ફેરફાર ધગવતો હોએ એમ મને ભાંસ્તુ નથી. એઓનાં કીબલાની જગ્યા તથા ધરમ શંબંધી ઓજારો અને આભુ-શનો પણ આસીરીઅનોને મલતાં આવેછે એમ મો૦ બોતા જણાવી જાએછે. તોબી બીજા હાથ ઉપર આ વાત પણ બેશક છે જે આરમાનીઓના ખોદા બાગા મઝદા યાને દાદાર હોરમજદ એ નામ આ તખ્તીઓ ઉપરનુ જો શહી થડે અને તે ઉકલાણ જો બરૂજ હોયતો આસીરીઅનોનાં આ-સેબધી તેઓની બુતપરસ્તી રાહ રશમોની શામને થઇ મજબુતીથી એ લોકો ઇરાંણી-ઓનાં જરથોસ્તી ફરેસ્તાઓને કંઇબી પા-રકી રાહ રશમો શાથ આમેજ કરયા વગર જ વલગી રેહા હતા, અને તેઓનાજ પોતે પરશતેશે કરતા હતા એમ હાલ શીદ્ધ થઇ શકેછે. એઓની તખ્તીઓ ઉપર આવેલાં આ મોહટા દેવતા યાને પરમે-શવરના આવાં નામ ઉપરથી ઇરાંનનાંજ ફરેસ્તાઓની એ જમાનાના અરમાનીઓ પરશતેશ કરતા હતા અને માંજદીઅશ-નાંન ધરમજ પોતે પાલતા હતા તે વાતની આબી ગોયા એક બીજી મોતેબર દલીલ છે કેમકે શેહનશાહ દારયવુશની તખ્તીઓ મુજબ આ લોકોની તખ્તીઓમાંથી પણ હોરમજદનું નાંમ મલી આવે છે. આગલ આપણે સલેબોને આધારે જણાવી ચુકયા છીએ જે એ લોકો પારસીઓનાં એતેકાદ પ્રમાણે જે દેવી યાને ફરેશતો એનાઇ-તીસના નાંમથી પાણીના બખશનાર તરીકે આવાં અરદુઇશુર પર મોવકલછે અને જેને ઇરાંણીઓ એનાહીતા કરીને કેહતા હતા તેણીની બીશીઆર પરશતેશ કરતા હતા ને જે યજદનુ નાંમ અરમાંની પાદશાહો ની ખીલારોકી તખ્તીઓપર "અનાંઇદ",

કરીને વાંચવામાં આવેછે. માહાં ભાયગે આ લેખો જે અકસર કરીને વાનની ભુમી આગલ જોવામાં આવે છે તે શઘલા દરેબસ્ત અદ્યાપી ઉકલી શક્યા નથી. અત્રેનાં કદીમ જમાનાનાં જે જે જરથોસ્તી પાદશાહોએ આ લેખો કોત્રાવ્યા છે તેઓ ના નામો બાગરીદુર, ઇસ્પુઇનીસ, માઇન્યુઆસ, આરજીસતીસ ૨ જો અને બાગરીદુર ૨ જો કરીને વંચાઇ શકેછે. આ માહેલાં બે નામો જેવાંકે બાગરીદુર અને માઇન્યુઆસને મો૦ લેનોરમાં બલીતદુર તથા મીન્યુઆસ અને દા૦ હીંકસ નીરીદુરીસ તથા કાંઇન્યુઆસ કરીને ઉકલાવે છે. આ પાંચે પાદશાહો એકજ ખાનદાનનાં હતા અને મજકુર અનુકરમમાં એક પછી એક એ તરફની ભુમીમાં પાદશાહી ભોગવી ગયા હતા. આ દરેક પાદશાહ પોતાની આગમજના પાદશાહનો પોતે બેટો થતો હતો એમ જણાવી જાએછે જેથી બાગરીદુર ૧ લાનો બાગરીદુર ૨ જો નબીરાનો નબીરો હોવો જોઇએ. હવે સારાગાન પાદશાહનાં એક આસીરીઅન લેખમાં ઉરઆ પછીનાં આરારાતના મશનદ ઉપર બીરાજી ગયલા એક પાદશાહનું નાંમબી આરજીસતીસ કરીને જોવામાં આવેછે ને જે ઇ૦ પુ૦ ૭૦૮ માં થઈ ગયો જોઇએ એમ શાફ જણાઈ આવે છે માટે માઇન્યુઆસનાં બેટા આરજીસતીસને મેં આરજીસતીસ ૨ જો કરીને ઉપર લખ્યો છે. આરમીનીઆનાં આ પેહેલાથી તે બીજા બાગરીદુર રાજાનાં લેખોમાં તે દરેક જનોએ પોતાનાં દોરમાં ઉઠાવેલી શઘલી લડાઇઓનું વરણન આપ્યું છે અને દુશમનોનાં પોતે કટલ કરેલાં માંણસોની શંખ્યા, ગાએ, ઢોર, તથા કેદીઓ જે લુટમાં પકડયા અને શેહેરો તથા દેવસ્થાનો જે પોતે તારાજ કરી નાંખ્યાં તે વીશેનું શઘલું દાસ્તાન તેઓમાં શમાવેલું છે. આરજીસતીસ ૨ જો અને તેનાં બેટા બાગરીદુર ૨ જાનાં લેખોમાં અસુશર એ નાંમ જોવામાં આવેછે તેથી નાંમીચો જરમન સીક્કાસનાશ દા૦ મોરદતમેન કેહેછે જે બાબેલાન સાથે તેઓએ ચલાવેલી લડાઇઓનુ એ લેખોમાં વરણન આપ્યું છે. આ ઉપરથી આ પાંચે પાદશાહોનો સને મુકરર થઇશકે છે અને આ છેલા બે રાજાઓ આસીરીઆ દેશનાં છેલા પાદશાહ અસુરીદીલીલી જે ઇ૦ પુ૦ ૬૨૬—ઇ૦ પુ૦ ૬૦૬ માં અને બાબુલ (બાબેલાંન) નો પાદશાહ નાબુચદનીઝઝર ૨ જો જે ઇ૦ પુ૦ ૬૦૪—ઇ૦ પુ૦ ૫૬૮ માં થઇ ગયો હતો તેઓનાં દોરમાં થઈ ગયા હતા એમ સાબેત થાએછે અને તેઓની આગમજ થઇ ગયલા તેઓના બાજા લણે વડીલો ત્યારે આસીરીઆના પાદશાહ સેનાચેરીબ, ઇસરહાદ્દન અને અસસુરબનીપાલનાં જમાંનામાં અનુક્રમે થઇ ગયલા હોએ એમ હાલમાં હવે શીદ્ધ થઇ શકેછે.

ત્યાર બાદ શીકંદરના જમાનાં શુધી એ આખો દેશ હખામની તબકકાનાં શેહેનશાહોનાં શવાધીનમાં આવયો હતો અને અહીંઆંની છલ્લી દરાયશ પાદશાહે પોતાનાં સાત હમશરીકોમાંના એક પારસી હમશરીક અને ઉનરાવ નામે વીદારન (હઇદરનીસ) નાં શવાધીનમાં વંશ પરમપરા બક્ષીસમાં આપી દીધી હતી ને જેનાં ખાંનદાનનો શઉથી છેહલો પાદશાહ ઓરોનતીસ કરીને હતો એમ સ્ત્રેબો જણાવી ગયો છે અને તેનાં હાથમાંથી એ રાજ પછી માસીદોનીઅનો થોડુંક સુધી ઇ૦પુ૦ ૩૨૩ માં પોતાના સવાધીનમાં લઈ બેઠા હતા પરંતુ ફરાતાફરનીસ * નામનાં એક પા-

* મો૦ સાંમાંરતે આ નામ અરદોઆતીસ કરીને આપી જાયછે.

રસી શુબાએ ફરીને તેઓનાં હાથમાંથી એ દેશની ગાદી ઇ૦ પુ૦ ૩૧૭ માં જુટી લીધી ને અહીંઆ આપઅખતીઆરીથી તે પોતે રાજ ભોગવવા લાગ્યો અને સામનાં મુલકની સીલુકસનાં ખાનદાંનવાલી શેહેનશાહતને ચોથાઇ આપતી કરીને એનાં ખાનદાંનવાલા શાહેઓ એ દેશમાં ત્યાર પછી પોતે પાદશાહી અખતીઆર ભોગવવા લાગ્યા; પણ માહાતમાં એનતીઓકસે તેઓ શોડેથીએ પાદશાહત છીનવી લઈ પોતાના બે શરદારો નામે આરતક્ષીઆસ તથા ઝેરીઆદરસ વચે વેહેંચી આપી ને તાંહાંના તેઓને હાકેમો બનાવીઆ. પાછલથી રૂમીઓના હાથે એનતીઓકસે જયારે મોહટી શીકસ્ત ખાધી ત્યારે તેનાં આ બંને અરમાની શરદારો ઇ૦ પુ૦ ૧૯૦ માં આપઅખીતીઆર થઇ પડયા અને બે નવાં રાજ પાતો એ દેશમાં તેઓ મલુકે તવાયફના દોરમાં સ્થાપી બેઠા. એ શીવાય તે વેલાએ છુટાં છવાયાં અહીંઆંના કોહેસ્તાનો અંદર કેટલાએક અહીંઆંનાં મરજબાંનો (હાકેમો) પોતેબી આપઅખતીઆરીથો રાજપાત ભોગવવા લાગ્યા પરંતુ આ મજકુર બે મોહોટાં રાજવાલાઓ પાછલથી તે શઘલી નાની માંછલીઓ પોતે ગળી ગયા હતા અને ફકત બેજ મોહોટાં રાજો અહીંઆ કરી પડયા' હતા. તેઓ માંહેલાં એકને મોહોટું યાને ખુદ આરમીનીઆ કરીને કેહેતા હતા જે આરતક્ષીઆસનાં શવાધીનમાં આવ્યું હતું એમ ઉપર આપણે બોલી ચુકા છએ. એ દેશ મીદીઆ, અલબાનીઆં, તથા આઇબીરીસ લોકોનાં મુલકોની શરહદ આગલ આવ્યુ હતું અને યુકશાઇનનાં દરીઆ ભણી ઠેઠ કાલચીસ તથા કાપાદોસીઆનાં પ્રાતોની શરહદ પેર ચત્રાએલું હતું. એની સીમા નામીચો ગ્રીક ભુગોલ વદીઆરથી સ્ત્રેબો આ મુજબ આપી જાયછે. ઉતરે કયાસપીઅન શરોવર, કોહે કાફ (કાકેસસનો પાહાડ) તથા આલબાનીઆં અને આઇબીરીઆનાં મુલકોની ઉતરમાં પારાચોઆ નામનાં જે પરવતો આવ્યા છે ત્યાંહાં શુધીની એની હદ ગણાતી હતી. દક્ષીણે અફરાત અને દજલા નદીઓ વચેનો જે મુલક કે મીસાપોતેમીઆના નામથી મશહુર છે તે આખાં મુલકની શરહદ આગલ તારશનો જે બુલંદ પાહાદ આવ્યો છે તેની ઠેઠ સનમુખ શુધી એની સીમાં પોહોચી હતી. પુર્વે મોહોટું મીદીઆ અને મીદીઆ-આત્રોપેતીન યાને આદરબીજાન તથા પશ્ચમે નાનું આરમીનીઆ અને અફરાત નદીથી તે ઠેઠ બીજા હાથ ઉપર પારીઆદરીસ તથા સાઇદીસીસનાં પરવતો આગલથી તે તાઇબરીનીઓનાં દેશાવરો પેર એની હદ થઇ પડી હતી. એરાક્ષીસ, સાઇરસ તથા ગોગારીની નદી આગલનાં અહીઆંનાં પ્રાંતો શદા હરીઆલાં રેહેતાં હતાં અને તાંહાં તરેહ તરેહવાર મેવા, તથા ઓલીવના જાહાડો શંખ્યાબંદ મલી આવતાં હતાં. ફોસની(ફાનીનાં અથવા ફાસીઆનાં?) કોમીસીની તથા ઓરચીસતીનીનાં પ્રાંતોનાં રેહેવાશીઓમાથી એ દેશનું મોહોટું ઘોડ શવાર લશકર મલી શકતું હતું એમ આગલા યુનાની તથા રૂમી ગ્રંથકારો લખી ગયાછે. ચોરીજીની તથા કામબીસીનીનાં પ્રાંતો ઉતરમાં ઠેઠ કોહેકાફની અરોઅર આવીઆથી તાંહાં બેહદ બરફ પડતો હતો જેનાં તોફાનોમાંથી દટાઇ જવાથી બનચી જવા માટે મુસાફરોને લાંબા લાંબા બુંબા રોકા પોકલ સોતા પોતાની શાડે રાખી મેલવાની ફરજ થઇ પડતી હતી કે જયારે દટાઇ જાય ત્યારે જાંહાં શુધી તેઓને મદદ મલી શકે તાંહાં શુધી પેલી ભુગરીઓમાંથી તેઓનો શવાસ ચાલેઆ કરે. એ દેશનાં તથ

મીદીઆનાં ઘોડા જે નામીચા નીસીઅન ઘોડા ઇરાનનાં પાદશાહો વાપરતા હતા તેઓનીજ જાતના હોવાથી ઘણાંજ તોહફો ગણાતા હતા, અને મીથ્રાસીનાં યાને મેહેરનગાનનાં જશનની વેલાએ અહીઆનાં પારસી શુબાઓ ઇરાનનાં શેહેનશાહો શારૂ દર શાલ વીશ હજાર નાની ઘોડી નજરાંનાં તરીકે બક્ષીસ મોકલાવતા હતા. તીગ્રાનના બેટા આરતાવસદીસે જયારે એનતનીની શાહેતાહે થઇ મીદીઆનાં મુલક ઉપર તેની શાથે મલી જઇને શવારી કરી ત્યારે તેનાં લશકરમાં એ માંહેલા છ હજાર ઘોડા તમામ બખતરમાં ગરકાવ કરેલા ને તે લશકરની શફ શમારી ઉભેલા રૂમી લશકરને દેખડાવીઆમાં આવ્યા હતા. તે શાથે બીજુંબી તેના સાથ ઘણુંએક ઘોડશવાર લશકર હતું પરંતુ આ છ હજાર શવારોએ રૂમીઓને ઘણાં અચરતીમાં નાંખીઆ હતા. ઘોડાઓને બખતરો પેહેડાવવાની રસમ મીદીઅનો તથા અરમાનીઓ માફક તે વેલાનાં અલબાનીઅનોમાં પણ ચાલું જોવામાં આવેછે અને એ ત્રણે ટોલાંઓમાં એવી જાતનાં શવારોની ઘણી તારીફ થતી હતી. એ દેશમાં માલ ખજાનો વટીક બેશુમાર હતો એમ તીગ્રાને પામપીને તરત ભરીદીધેલો મોટો દંડ શાફ ગવાહી આપેછે. તે સાથે વલી અહીઆં કાબાલાની નજદીકીમાં હીસપીરાતીસ (સીસપીરાહતીસ)આગલ શુનાની ખાનો વટીક આવેલી હતી. અહીઆનાં મુખ્ય શેહેરોમાં આરતક્ષતા અથવા આરતક્ષીઅસતા અને અરક્ષાતા કરીને બે શેહેરો આરાક્ષીસ નદી આગલ આવેલાં હતાં. આ માંહેલું પેહેલું શેહેર હેનીબાલે પાદશાહ અરતક્ષીઆસ સારૂ બંધાવેલું હતું. બીજું અરક્ષાતા નામનું શેહેર આદર બીજાંનની શરહદ આગલ તથા આરતક્ષાતા નામનું બીજું એક શેહેર આરાક્ષોનીઆનનાં મોહોટા મેદાન આગલ આવેલું હતું અને તાંહાં એલેના પાદશાહોનું પાયતખત હોવાથી ઘણુ આદમી પણ વશતુ હતું. એ શેહેરથી થોડેક દુર તીગ્રાંન તથા આરતવસદીસ પાદશાહોનો મોટો ખજાનો રાખવાની મોટી ગંજાવર હવેલીઓ હતી તથા બાબીરસા અને ઓલેની નામનાં બે મજબુત કીલ્લાઓ હતા. બીજા એવાજ જબરા કીલ્લા યુફરેતીસ નદી આગલ આવેલા હતા જેમાનાં એક કીલ્લાના હાકમ નામે આદરે, આરતાગીરા લોકોને શમજાવી મોટું હુલડ કરાવી પોતે તે કીલ્લામાં જઇને ભરાઇ બેથો પરંતુ કેસરનાં શરદારોએ લાંબે દાહડે તે કીલ્લો પાછો પોતાને હાથ કરયો અને તાંહાંની દેવાલોને પછી ભંજાવી નખાવી. અહીંયાં મોટા શરોવર આવેલા છે, એકતો માતીઆનીનો શરોવર અને બીજો આરસીની અથવા થોપીતીસ જેને હાલ જમાનામાં આરસીસા અથવા વાનનો સરોવર કરીને કેહેછે.

બીજું નાંહાનું આરમીનીઆ જે આ મજકુર આરમીનીઆ દેશની દક્ષીણે આવેલુ હતું અને ઝરીઆદરેશનાં વંશના પાદશાહોના અસ્તકમાં હતું પરંતુ આરતાનીસના જમાનામાં તીગ્રાન તેને હરાવીને તે શઘલો મુલક પોતે પોતાના તાબા હેઠલ કરી બેઠો હતો. ત્યાર બાદ રૂમીઓની શેહેનશાહતમાં આખરે તે ઇ૦ સ૦ ૭૩ માં જોડાઇ ગયું હતું. અહીયાંના રૂમીઓએ નેમેલા પાછલા પાદશાહો જરથોસ્તી નહી પણ કોઇ બીજોજ ધરમ પાલતા હતા એમ તેઓના નામો ઉપરથી શાફ ભાંશેછે ને તેથી તે પાદશાહતની જુદી તવારીખ મેં અતરે આપવા દુરસ્ત વીચારયું નથી. આરતક્ષીઆસે સ્થાપેલી પેલી મોટા આરમીનીઆ દેશની ગાદીના પાદશાહોનો દરોબસ્ત હેવાલ મેં આ

દફતરનાં બાબ ૧લાને સફે ૨૫-૨૮ મે આપ્યોછે અને એ લોકો ખ્રીસ્તી થયા તાંહાં શુધી પારથીઅનો તથા સાસાનીઓનાં સંબંધનાં આવ્યા કીધા હતા તેથી તેઓની બીજી વધુ તવારીખ આગલ ચાલતાં સાસાનીઓનાં દોરની તવારીખ લખતી વેલાએ વધારે ખુલાશાથી જણાવવામાં આવશે, કારણ કે આ બંને વંશના શેહેનશાહો આ વંશની ગાદી ઉપર પોતાનો દાવો વારંવાર મજબુત કરીઆ જતા હતા જેથી આખરે ઇ૦ સ૦ ૪૧૨ માં એ દેશનો બાકીનો ભાગ શાસાનીઓનાં રાજમાં ગરપ થઈ ગયો હતો અને એની પાદશાહત પોતાનાં તાબા હેઠલ રાખવા એ બંને વંશનાં શેહેનશાહોને ઘણુંસુધી રૂમીઓ શાથ વારંવાર લડાઇઓમાં ગુથાવું પડતું હતું. એ દેશનાં જે પાદશાહે સઉપર પેહેલાં પોતાને નામનાં શીકકાઓ પડાવીઆ હતા તેનુ નામ અરસામ (અરસામીસ) કરીને હતું જે સીલુકશનાં જમાનામાં થઇ ગયો હોએ એમ અનુંમાન થઇ શકેછે. એ પાદશાહનાં શીકકા ઘણા બેહાલ હોએછે. તેની એક બોરદુ કોઇ એક શવારનો ચીતાર અને બીજી તરફ પોતાની સબી આપેલી જોવામાં આવેછે. એ શબીને માથે અરમાની પાદશાહોના જેવી એક જાતની અજાએબ જેવી કુલાહ જોવામાં આવેછે ને કોઇ કોઇ વાર તો કીરનરોકુ તાજ આપણી નજરે પડેછે. ત્યાર બાદ સામ (સામીસ) જેનાં શીકકા ઉપરનાં ગ્રોક લેખો હજુરવેર ઉકલી શકેછે, તે પછી ઝરકસીસ તથા અબદીસર (અરદેશર) અને મીથ્રદેતીસ કાલીનીકસનાં સીકકા અત્યાપી આપણા જોવાસાં આવેછે. એ શઘલા શીકકાઓ ઉપર પાદશાહના નાંમો ગ્રીક હરફોથી લખેલા છે. એક સીકકા ઉપર એનતીઓકસ અને મીથ્રદેતીસ મલી બંને જણા એકજ વેલા એ રાજની ગાદી લઇ બેઠેલા હોએ એમ તેઓના શીકકાની એક બોરદુએ એનતીઓકસ અને બીજી બોરદુએ મીથ્રદેતીશ કરીનેજે લખેલુ છે તેપરથી માનવામા આવેછે. નામીંચા શેહેનશાહ તીગ્રાનનાં શીકકાની એક બોરદુએ તેની તશવીર મજકુર અરમાની કુલાહ શીખે અને બીજી બોરદુએ એનતીઆક શેહેરને ગોયા માનવીનુ રૂપ આપી તેને એક પાહાડ ઉપર બેશાડી તેમાંથી ઓરાનતીશ નદી જાને નીકલતી હોએ તેવો ભેલશેલ ચીતાર પાડેલોછે. એ નકસો લીસીપસ નામનાં એક નામીચા ચીતારાનાં શાગરેદ યુતીચીકલીશનાં એક અશલી વખણાએલા ચીતાર ઉપરથી જાવતમાં એ શીકકાઓ ઉપર નકલ કરવામાં આવ્યોછે એમ શીકકાશનાસો બોલેછે. ગ્રીક લેખ ફકત "બાસીલીઓસ તીગ્રાનાસ" યાને તીગ્રાન પાદશાહ એમ જોવામાં આવેછે ને જે વીશે જરા વધુ વીગત હવે પછીનાં બાબમાં આપવામાં આવશે.

આ શેહેનશાહ તીગ્રાનબી આરતક્ષીઆસના ખાનદાનનો હતો એમ કેટલાએક ગ્રંથકારો જણાવેછે અને કેટલાએકો તેથી વીરૂધ મત આપે છે. આરમીનીઆ તથા આદરબીજાનનાં તખત ઉપર વલઅરસસ (વલઆરસસીસ) ૧લાને તેના ભાઇ પારથીઆવાલા શેહેનશાહ મેતરદત ૧લાએ જે ઇ૦ પુ૦ ૧૪૯–૧૨૭ શુધી બેસાડીઓ હતો તે પાદશાહ આ તીગ્રાનના બાપનો બાપ થતો હતો તેથી એ પાદશાહ આરતક્ષીસનાં ખાનદાનનો ઠડતો નથી પછીતો કોણ જાણે તેનો શગાઇનો શીલસીલો માએ તરફથી આરતીક્ષોઆસવેર પોહોચતો હોએ તો તેમાં વખતે નવાઇ જેવું કાંઇ નથી. પારથીઆવાલા શેહેનશાહ મેતરદત ૧લાના ચીતાર જેવો ઊગાડે માથેનો એક ચીતાર જે પર-

ના બાલો એક દોરીથી શીકરેલા હોય એમ માલમ પડે છે તેબી આરમીનીઆની ગાદીને લગતો છે અને એ પાદશાહનુ નામ આતરદત (આદરદાદ) કરીને લએલુ વાચવામાં આવેછે. તેની બીજી બોરદુએ આતશનું પાતર પાડેલું છે પરંતુ એ આરમીનીઆનાં શીકકાઓપરના આતશનાં પાત્રાંનો ચીતાર આદરબીજાનનાં જરથોસ્તી પાદશાહોના શીકકા ઉપર જેમ આતશનુ પાતર પાડવામાં આવે છે તેથી શેહેજશાજ ફરક દેખડાવે છે. તીરદાદ (તીર્યીદેતીસ) નામનાં આરમીનીઆનાં પાદશાહના શીકકા આદરદાદનાં શીકકાઓ જેવાજ ખુલે માથેના દીશેછે અને તેની બીજી બોરદુ આતશનુ પાતર અને બીયાલદો પેહેલવી હરફે તે પાદશાહનુ નામ કોલાએલુ જણાએ છે. કેટલાએક એ વેલાના જરથોસતી પાદશાહો રૂમી તથા યુનાનીઓ માફક પોતાના માથાં ખુલ્લાં રાખતા હતા તેનો સબબ હું એમ ધારૂ છુ જે તેઓના તાબા હેઠલ ઘણાએક જુદદીન ટોલાઓ જે હતાં તેઓના દેશમાં તેવી કીશમના શીકકાઓ પાડેલા ચાલતા હતા. અસલમાં ઘણાખરા અરમાની શીકકાઓ ઉપર માણશની ઉંચાઇ જેટલુ એક તખત બનાવી તેને મથાલે ત્રણ નાનાં આતશનાં પાત્રાં પડાવવામાં આવતાં હતાં જેની એક બોરદુએ પાદશાહ યાતો કોઇએક મોબેદ ઉભો રહેલો દીસતો હતો અને બીજી બોરદુએ એક જુહનદાની નીશાન પાડેલી દીસતી હતી ને જેની કે મતલબખી આતશના પાત્રાનીજ હોછે કેમકે એવી બીલારોકી નીશાનની મુરાદ આતશના પાત્રાની ઠડે છે એમ પુરાતન બાબદોની શોધ કરનાર વિદીઆરથીઓ જણાવે છે. પાછલથી આતસના પાત્રઓમાંથી ગોયા હોરમજદનો આકાર નીકલતો હોએ એમ ફેરફારો જોવામાં આવે છે અને ત્યારબાદ જયારે જરતોશતી ખાલેશ ધરમની પાકીઝગીમાં કેટલીએક બુતપરશ્તી રશમો પેવશ થવા લાગી અને શુકર તથા માહાતાબની પરશતશખી જરથોશ્તી ટોલાંઓમાં ચાલું થઇ ત્યારે બોરદુપરનાં પેલા આતશનાં પાત્રાને બદલે મરઘાની નીશાન પડાવવામાં આવવા લાગી કેમકે મરઘો (પોરોદરસ) જે છે તે શરોશ યજદનું પક્ષી છે એમ વંદીદાદવાલો ૧૮ મી પરગરદમાં લખી ગયેલો છે અને નોરોજને દાહાડે આગલા પારશીઓમાં એ પક્ષીનો ભોગ આપવાનો રેવાજ હતો કે જે ચાલ વામબેરી કેહેછે જે બોખારાનાં અશલી ઇરાની રેહેવાશીઓમાં હજુરવેર જાયજ છે. આ નીશાન પુરાતન બાબેલોનીઅનોની એક મોહોર ઉપર લેઅરદનાં દફતરમાં જોયા મુજબ માહાતાબની પરશતેશનો જે ચીતાર આપવામાં આવેલો છે તેને ઘણોખરો મલતો આવેછે કેમકે અરમાનીઓ આવાંઅરદુઇશુરનેબી ઘણાં ચાહતા અને તે દેવી શારૂ ઠેકાણે ઠેકાણે મોટાં દેહડાંઓ બંધાવી તાંહાં પોતાની કુમારી છોકરીઓને ચહડાવી જતા હતા એમ સલેબો લખી ગયો છે ને જે રશમ કે તેઓએ જુદ દીનો શોટેથી શંપાદન કરેલી હતી.

હવે અરસસનાં ખાનદાનનો કાબુ જયારે એસીઆની ભુમીમાં ચોમેર વધી પડાઓ ત્યારે તે વંશ પોતાનાં માહાબલ તથા સગાઇનાં ગાંથથી ઠેઠ હીંદુસ્થાન વેર ઠેકાણે ઠેકાણે નવાં નવાં પાદશાહી વંશો સ્થાપી ગયું હતું. એની એક નાહની શાખા જે પ્રથમમાં મીસાપોતેમીઆ માહેલા ઇદેસસા (ઓરફા) નાં વખણાએલાં શેહેરમાં તખ્ત નશીન કરવામાં આવી હતી તે પાછલથી ઘણી જોગાવર થઇ પડી, આખાં આરમીનીઆ દેશની ગાદી પોતાને અશતક કરી પડી હતી માટે તાંહાંનાં રાજાઓની ટીપ નાચે મુંજબ સાં. મારતેનાં ફરાંસીસ દફતર ઉપરથી ઉપજાવી કાહાડી મેં અત્રે દાખેલ કરીછે.

ઇ० પુ० ૩૮ અરસામ અથવા અરદશાંમ.

,, ૧૦ માનુ.

,, ૫ અબગારૂસ. કેહે છે જે એને હજરત ઇસા ઉપર એક કાગજ લખ્યો હતો.

ઇ૦ સ૦ ૩૨ અનાની અથવા અનાનુસ.

,, ૩૬ સાનાદૃગ અથવા સાનાત્રોસીસ.

,, ૫૮ આરોવન્ત. એ શખ્સ માં તરફથી અરસસનાં ખાનદાન શાથે સગાઇ ધરાવતો હતો. એને આ દેશની ગાદી જુટી લેઇ આખુ આરમીનીઆ દેશ પછી પોતાનાં તાબા હેઠલ કરી લીધું હતું.

,, ૭૮ અરદાશીસ અથવા આરતાક્ષીસ ૩ જો. એ પાદશાહબી આખાં આરમીનીઆં દેશ ઉપર રાજપાત ભોગવી ગયો હતો.

,, ૧૨૦ આરતાવતઝ અથવા આરતાવસદીસ ૪ થો.

,, ૧૨૧ દીરાન અથવા તીરાનુસ ૧.

,, ૧૪૨ દીકરાન અથતા તીગ્રાન ૬.

,, ૧૭૮ વઘઅરશ અથવા વોલોગીસીસ (વલકેશ અથવા વલગેશ).

,, ૧૯૮ ખોશરો ૧ લો લકબે મદઝ યાને મોહોટો.

,, ૨૩૨ અરદેશીર બાબગાન જેને સાસાની વંશ શ્થાપ્યો હતો.

,, ૨૫૯ દરતાદ અથવા તીરદાદ (તીરીદતીશ) ૨ જો. એને રૂમીઓએ આ દેશનાં મશનદ ઉપર બેસડાવીઓ હતો. એ પાદશાહ ઇ૦સ૦ ૨૭૬ માં જરથોશતી દીન છોડીને સેન્ત (પાદરી) ગ્રેગરીના ભમાવવાથી ઇસાઇ ધરમમાં વટલીઓ હતો અને અરમાનીઓમાં આ નવો પંઠ એનેહવેથી પ્રાહેઝ કીધો હતો જેથી રાજમાં આગલ ચાલતાં મોહોટું રમખાન થઇ પડયું હતુ.

,, ૩૧૪ રાજમાં અંધાધુનધી ચાલી. આથી સાનાદૃગ ઉતર આરમીનીઆ તથા પાજુર દક્ષીણ આરમીનીઆનાં ધણી થઇ બેથા.

,, ૩૧૬ ખોસરો ૨ જો.

,, ૩૨૫ દીરાન અથવા તીરાનુસ ૨.

,, ૩૪૧ આરસસીસ અથવા એરશગ ૩ જો.

,, ૩૭૦ બાબ અથવા પારા.

,, ૩૭૭ વારાઝતદ.

,, ૩૮૨ આરસસીસ ૪ થો અને વલ આરસસોસ અથવા વઘઅરશગ ૨ જો.

,, ૩૮૩ આરસસોસ ૪ થો એખલો પોતેજ.

,, ૩૮૭ આખાં આરમીનીઆ દેશને એ શાલમાં રૂમીઓ અને સાસાનીઓએ પોત પોતામાં વેહેચી લીધો.

,, ૩૮૯ આરસસોસ ૪ થો મરણ પામીઓ. આથી કાઝોવન અને તીઆરબાદ ખુશરો ૩ જો થોડુકવેર એ દેશની ગાદી ભોગવી ગયા.

,, ૩૯૨ બેહેરામ શાહપુર (સાપોર). એણે સાસાનીઓએ પોતાનાં પ્રમુખપણાં હેઠલ અલે તખ્ત નશીન કીધો હતો.

,, ૪૧૪ ખુશરો ૩ જો ફરીને રાજ પર આવ્યો.

,, ૪૧૫ શાહપુર.

,, ૪૧૯ ગજમાંવલી અનધાધુનધી ચાલી.

,, ૪૨૨ અરદાશીસ અથવા આરતાક્ષીસ ૪ થો.

,, ૪૨૮ અલેનાં અરસસનાં ખાનદાનના રાજની હવેથી શમાપ્તી થાઇ અને એ મુલક સાસાનીઅન તખતુકાનાં ઇરાનના શેહેનશાહોના રાજ શાથે સદંતરજ આ બેરે જોડાઇ ગયો.

બાબ ૪ થો.

મીદીઆ આત્રોપેતીન યાને આદરબીજાનવાળી જરથોરતી પાદશાહતની તવારીખ.

બાખત્રીઆનુ જરથોશતી રાજ પડી ભાગ્યુ ત્યારથી તે ઠેઠ અરદેશર બાબગાનનાં જમાનાં શુધી આખુ મીદીઆ દેશ માજદીઅશનાન ધરમનુ મોટુ મથક ગણાતુ આવીઉ હતું એમ તવારીખ, શીકકા તથા લેખો પરથી એકશરખી રીતે પુરવાર થાયછે. એ દેશ મલુકે તવાયફોનાં દોરમાં હવે બે ભાગમાં વેહેચાઇ ગયો હતો; એકતો ખુદ મીદીઆ પોતે જેનું કે પાએ તખ્ત શેહેર અકબતના (હમદન) કરીને હતુ. અહીઆં પુરાતન કાલથી એ દેશનાં અસલી જરથોસ્તી પાદશાહોનાં મેહેલો ઠેઠ સલેઓનાં જમાનાં શુધી જોવામાં આવતા હતા અને પારથીઅન વંશનાં શેહેનશાહો ગરમીનાં દીવશોપર પોતાની દરબાર તાંહાં ભરતા હતા. શીઆલામાં એ વંશના પાદશાહો બાબેલાનની નજદીકીમાં તાઇગરીસ નદી આગલ સીલુસીઆનાં શેહેરમાં જઇ વશતા હતા એમ આગલા ગ્રીક ગરંથકારો લખી ગીઆ છે. બીજા વીભાગનું નામ મીદીઆ આત્રોપેતીઆન યાને આદરબીજાન કરીને હતું. અહીઆં ઠેકાણે ઠેકાણે આદરીઆનો આવેલાં હતાં એમ એના આ નામ ઉપરથી શપસ્ત ભાશેછે. આતરપતી નામનાં કોઇ એક નામદાર શખ્સે એ પ્રાંતને માસીદોનીઅનોનાં તાબા હેઠલ જતાં અટકાવ્યો ને અહીયાં મોટી બાજી જરથોસ્તી પાદશાહત તેણે શથાપી. આ શવતંત્ર રાજ તેનાંજ ખાનદાનનાં હાથમાં ઠેઠ હજરત ઇશાનાં જમાનાં શુધી લગભગ ચાર શદી શુધી ચાલું રેહેલું જોવામાં આવતું હતું એમ સ્ત્રેબો શાપ જણાવી ગયો છે. એ રાજ રૂમીઓની શેહેનશાહતથી દુર આવીઆથી વારંવાર તેઓનાં શંબંધમાં આવ્યું ન હતું જેથી આ વંશનાં પાદશાહોની શીલશીલાબંદ તવારીખ અદ્યાપી બચી શકી નથી પરંતુ એ વંશના શીકકા જે અત્યાર શુધી હાથ આવીઆ છે તે પરથી તે ઉપર કેટલુંએક અજવાલું પડી ચુંછે અને આયંદે તે વીશે મોટો ખુલાશો થઇ શકસે એવો હાલ શંભવ છે. અહીઆનાં પાદશાહો આરમીનીઆ, સામ તથા પારથીઆનાં પાદશાહો શાથે શગાઇ જારી રાખી પોતાનો ગાદીને વારંવાર મજબુતી આપી જતા હતા. એ દેશની ઉગમન તરફ આરમીનીઆ તથા માતીઆનીનાં પ્રાંતો આવેલા હતા, આથમણે તથા ઉતર તરફ એ નો ચકરાવો ઠેઠ મોટાં મીદીઆ શુધી પોહોચેલો હતો અને દક્ષીણે વેહેરકાન (હીરકેનીઆ) ના દરીઆ શુધી એની શીમા આવેલી હતી. એપોલોનીદીસ નામનો એક આગલો યુનાની ગ્રંથકાર બોલેછે જે બોલ બોલતાં એ લોકો દશ હજાર ઘોડશવાર તથા ચાલીશ હજાર પાએદલ શીપાઈઓનું લશકર એકઠુ કરી શકતા હતા જે પરથી એઓનું બલ માલમ પડી આવે છે. અહીઆનો એક જવાં મર્દ પાદશાહ જેનુ નામ દાયન કાસીઅસ આરતાઓઆસદીસ કરીને લખી ગયો છે અને જેને બીજા ગ્રંથકારો આરતાવાસદીસ કરીને લખેછે તેને આનતનીની રૂમી બલવંત ફોજને ઇ० પુ० ૩૬ મા

પોતાનાં પાએતખ્ત શેહેર પરાઅસ્પ આગલથો મારી હઠાવી, ઠેઠ પોતાનાં મુલકની બાહેર નહશાડી મેલી હતી અને જે હારની વેલા રૂમી લશકર તેને હાથથી ઘણુંજ મારીયું ગયું હતું. એ પાદશાહનાં પેહેલવી શીકકાઓ ઉપર એ પોતાને અરદેશર કરી લખે છે અને એના બાપનું નામ એ સીકકાઓ ઉપરથી દારીલ (દારીર) યાને દારાં કરીને વંચાએછે. એપીઅનના જણાવીઆ મુજબ એ દારાં પાદશાહ ૬૦ પુ૦ ૬૯માં એ દેશની ગાદીને આરસ્તા આપી ગયો હતો અને પામપીનાં હાથથી તેણે એક હાર ખાધી હતી. એ પાદશાહ પોતાને ઈતુરદત (આદરદાદ) * પાદશાહાનો બેટો કરીને લખેછે. એણે માંથે પારથીઆનાં શેહેનશાહ મીથ્રેદેતીશ પેહેલાના જેવી કુલાહ જોવામાં આવેછે ને જેની બારદુએ અરધા ચાંનની નીશાન પાડેલીછે અને કોઈક શીકકાઓ પર તો એક શીતારાની ઇંધાનીખી આપણી નજરે પડેછે. આ ઈતુરદત પાદશાહનું નામ અરમાની ભાશામાં આરદોઆતીઝ અથવા આરતોવર્ત અને પેહેલવીમાં અતુરદાત એમ મુબદીલ થઈ શકેછે. આ પાદશાહખી મજકુર આતરપતીનાં વંશનોજ હોવો જોઈએ અને આરમીનીઆનાં પાદશાહ તીગ્રાંનનો એ કાંઇક શગો થતો હતો એમ સેલેબો તથા સા. મારતાં ઉપરથી શાબીત દીશે છે કેમકે અરમાનીઓનાં આ પાદશાહે એ દેશને જયારે પોતાને શવાધીન લીધો ત્યારે તેણે અહીઆંની ગાદીપર એનેજ લાવી બેશાડીયો હતો. ત્યારબાદ વારંવાર એ પાદશાહો કોઇવેલા અરમાનીઓની તો કોઇ વેલા પારથીઆના શેહેનશાહોની બોહેધરીમાં જતા હતા એમ એઓને માથેની પારથીઅન કુલાહ અદ્યાપી શાબૂત ધવાહી આપે છે કેમકે એ ત્રંણે વંશનાં પાદશાહો એકમેકની સાથે શગાઈનાં ગાંઠથી ગુંચવાઇ રેહેલા હતા. મજકુર પાદશાહ આરતાવાશદીસ (અરદેશીર)નું તાજ પોતાનાં બાપ દારીલનાં તાજથી જરા જુદુ જોવામાં આવેછે અને તેમાં એ પાદશાહે રૂમી ફોજ ઉપર મેલવેલી ફતેહથી રૂમીઆનાં તાજની જગા વધારે નકલ કરેલી હોય એમ જણાએ છે, કે જે ઇધાની પડાવવા એનતનીનો આ હમનબરદ સારીકાની લાએક હતો કેમકે તેને પોતાનાં પાયતખ્ત શેહેર પરાઅસ્પ જેને ફરાતા, આગપતાન (હગમતાન અથવા અકબતાના,)વર, ગઝા, ગઝાકા, કનઝાક (કંદસગ અથવા કંગદેઝ), આઝરગુશસ્પ, આઝરબાદગાન, આતુનપાદેગાન, આઝરખશ (દરખશ,) શીઝ (શીઝા અથવા અરરાન) અને તખ્તે સુલેમાન કરીને પણ કેહેતા હતા તેને એ શરદારનાં હલામાંથી પોતે બંચાવી લીધું હતું. એ-શીવાએ આ બંને બાપ દીકરાનાં કેટલાએક હલકી જાતની બનાવટનાં શીકકાઓ પારથોઅનો માંફક બારે માથેના પડાવેલા શીકકા શનાશનાસોને હાથ લાગેછે. એ લણે પાદશાહોના શીકકાઓની બીજી બારદુએ ધારા મુજબ એક મોબેદ એક નાના આતશનાં પાલાં શનમુખ ઉભો રેહી તેપરનાં આતશને બોએ દીએ છે. એ વતરોગે એ વંશનાં બીજા બધા બાકીના પાદશાહોની તવારીખ હાલમાં ગુમ થઇ ગએલીછે.

અંહીઆં કપુતાન દઝાઓ (આશમાની શરોવર)નો મોહોતો શરોવર આવેલોછે જેને હાલ જમાનામાં ઉરૂમીઆનો શરોવર કરીને કેહછે. અરમાની અને

* કટીસીઅઝની સતાને આધારે દમાશકસવાલો નીકલસ હબામની વંશનાં પાદશાહોના જમાનામાં આત્રદેતીઝ નામબી ચાલું હતુ એમ જણાવી જાએછે કે જે મજકુર પેહેલવી નામ ક્તોરદત અને ફારશી નામ આદરદાદને મલતુ આવેછે.

પારથીઅનો જેવા એ લોકોના જબરા પડોશીઓ વારંવાર એઓનાં દેશપર હલાં કરી લુટફાટ કરતા હતા પરંતુ એ લોકો તેઓ શામને થઇ તે જુટી લીધેલાં મુલકો પાછાં પોતાનાં શવાધીનમાં લઈ લેતા હતા. કેસરની બોરદું લેઈ અરમાનીઓ શોડેથી સીમબાસીનો મુલક પાકો. એ લોકોએ પોતાને શવાધીન લઇ લીધા હતો અને તેજ વેલાએ પારથીઅનો શાથે એઓએ ભાલાચારીનું નાતુંબી બાંધીઉ હતું. અંહીઆના કાદુસી નાંમનાં પાહાડી ટોલાં ઘણા સારા પાએદલ શીપાહીઓમાં ખપતાં હતાં અને ભાલાઓ જહડપથી ફેકેવામા તેઓ ઘણાં ઉશતાદ ગણાતા હતા. એ શીપાહીઓ પાહાડી જગાઓપર ઘોડાઓપર બેશીને નહી પરંતુ પાંઉ પીઆદા લડતા હતા. એ શીવાએ અલે મારદી તથા કુરતાઇ ટોલાઓ જે ઇરાન તથા આરમીનીઆમાં વટીક વશતાં હતાં તેઓ અંહીઆંથી રખડી રહજડી ચોરી કરીને પોતપોતાનાં પેટ ભરતાં હતાં અને તેમજ તપાઇરી નામનાં પાહાડી ટોલાંબી એજ પેશો લઇ બેઠેલાં હતાં તથા ઝેગરાસુ અને નીશાતીસની આશપાશ વીખરાઈ ગીએલાં હતાં. ઉતર તરફનો ભાગ પાહાડી હોવાથી તાંહાંની જમીન રશાલ ગણાતી નથી પરંતુ એ દેશના બીજા ભાગો ઘણા ફલવંત ગણાએછે.

બાબ ૫ મો.

ફારસીસ્તાન (પરસીસ) વાલા પારશીઓનાં નાનાં ખંડીઆ રાજાઓની તવારીખ.

ઈરાનના હીણ નસીબના પણ દીલાવર શેહેનશાહ દારાં (દારાએસ કોડોમાનસ) સાથે હખામની વંશનો ઝલકતો સિતારો ગુરુબ થયો હતો માટે એ શેહેનશાહની કારકીરદી ને અકશર કરીને એના બુલંદ દીલ વીસે અતરે થોડાક શબ્દો જણાવેલા હું ધારૂછું જે વ્યર્થ જશે નહી. કેહે છે કે એના એક નિમકહરામ છતરપ (સતરપ—શાહતરાબ) બીસસે એ નામવર પાદશાહનું કદાવર અને રૂપાળું શરીર ખંજરના જખમથી અરબેલાની મોટી લડાઇ બાદ જયારે આ ખાકની ઉપર બેકરાર હાલતમાં લોટાવ્યું ત્યારે એવો એતેફાક બન્યો જે પાલીસ્ટ્રેટસ નામનો ઇશકંદર પાદશાહનો કોઇ એક યુનાની નોકર ત્યાં પડોશના એક ઝરાનાં પાણીથી પોતાની તરસ મટાડવાને આવી ઉભો હતો. આ શખ્સની નજર આ નામવર પાદશાહનું જખમી અને ઘાયલ શરીર જે તડફડતું ઘણી બેચેન હાલતમાં એકાંતમાં રસ્તાની બારદુએ જે પડેલું હતું તે ઉપર પડતાંજ તરતજ તે પોતે તેની સોડે દોડી ગયો. તેનાં પગલાંના આવાજ ઉપરથી જયારે શાહ દારાંએ પોતાની આગળ કોઇ શખ્સ આવેછે એવો ખયાલ કીધો ત્યારે તેણે પોતાની આંખો ઉઘાડી ઘણા ઝીણા અવાજથી જરા પાણી પીવાની ઇસ્તેહા દેખડાવી, જેથી પેલા યુનાની શરદારે પેલા તેની પડોશના ઝરામાંથી થોડુંક પાણી લાવી તેનાં મોહોડામાં નાખ્યું. આથી આ પાદશાહને જરા રાહત અને આસાએશ મલી, તેથી પેલા શખ્સનો ઉપકાર માનતી વેલાએ તે પોતે બોલ્યો જે "અરે ઓ મરદ તું કોણ છે તે હું તને પિછાણતો નથી જે ગમે તે તું હોય પરંતુ તેં મારા ઉપર જે મોટી કરમ બખશીશ કરીછે તેનો બદલો આવા મારા પરીશાન હાલને લીધે આપી શકાતો નથી તે હું મારાં હિણ નસીબનો શોથી આ છેલો દાખલો સમજુછું પણ આશા રાખુંછું જે પાદશાહ ઇશકંદર જયારે આ બનાવ સાભલશે ત્યારે તે તુંને એનો નેક બદલો આપ્યા વીના રેહેશે નહીં; કેમકે તે મારો દુશમન હોવા છતાં તેને મારી તથા મારાં કુટુંબ તરફ જે મોહોબત અને વફાદારી દેખડાવીછે તેના બદલામાં મારો આશિર્વાદ તેને એછે જે અરે ઓ! તેત્રીસે ફરેસ્તાઓ તેના નીઘેબાન હોજો! આ મારાં બોલવાંની સચાઇના હદીઆ તરીકે હું આ મારો હાથ એક કોલ તરીકે તુને આપુંછું તે તું ધર!" એમ કહી પાલીસ્ટ્રેટસનો પોતે હાથ પકડીઓ અને તરતજ પછી પોતાનો પવીત્ર આતમાં પોતાના કીરતારને સ્વાધીન કીધો.

તવારીખના દફતરોમાં આવાં નેક માણસનો આવો બુરો હાલ જોઇ આપણું શરીર કમકમી આવેછે ને આપણી આંખોમાંથી નવધાર આશુંઓનો વરસાદ વરશેછે કે અરે ઓ! ઇશ્વર આવા તે નેક બખ્તોનો આતે શું બુરો અંત!! જે યુનાની યવન (ગ્રીક) લુટારાએ હજારો બલકે લખો માણસોના જાન બરબાદ કરી

ફક્ત નામ મેલવવાની અમસથી તકલીદી કુંકરાજી ને બડાઇની ખાએસ સારૂં પોતાને કાંઇ પણ ચોડાવવાનું તથા હાણી પોહોચાડવાનું સાહ દારાંથી કસું પણ કારણ ન મળયા છતાં તે નામવર પાદશાહનો પ્રલવંત મુલુક તદન પાએમાલ કરી નાંખ્યો, જેણે પારસીઓનું મોહટું કીતાબખાનું બાળી નાખ્યું, જેણે પારસીઓના પવીત્ર ધરમને મોટી હાંણી પોહોંચાડી તથા તેઓનાં દીન દફતરોને સપર પેહલીવાર શાસપેગાન (પસારગદા ?) નાં મોટાં મહાભારત કીતાબખાંનાજી અંદર આગ લગાડી બાળી ભસ્મ કરી નાખ્યાં, તેવા મુજી માણસને માફી બખશવી તેબી ઘણું થયુ એમ કેહેવાતે; પરંતુ તેતો રૈહયું, પણ તે કરતાબી પોતાને આવી ખરાબી અને બેહદ નુકશાની પોહોંચ્યા છતાંબી પોતા ઉપર આવા જુલમ પાડનારનો ઉપકાર માનવો એ કોઇ માનવી જાતથી નહીં પણ માત્ર ફરેસ્તાઇ ખસલતના પુરૂશો સીવાય બીજા કોઇથીબી બની શકેજ નહીં.

તમામ દુનીયાની તવારીખો વાંચતાં ને તેમાંથી પાદશાહ, પેહેલવાન, પેગમબરો, તથા ફીલસુફોનાં વૃતાંતો ઉથલાવતાં આવું ખાલેસ અને નીર્મલ બુલંદ દીલ એક ફકત હાતમ સીવાય બીજા કોઇબી શખસનું આપણા જોવામાં આવતું નથી. સીમેટીક ટોળાના પેગમ્બરેનો પેસરો મુસાએ ઇમરાન (મુસા-મોઝોસ) પોતાના તોરાતમાં આવા બુલંદ કલામ જણાવી જતો નથી. બુજરગી ભરેલો ઇસા (મસીહા—જીસસ) પોતાનાં ફાસીના લાકડાં ઉપર જે દુશમનોએ ફીસાદ કરી તે પોતે બેગુનાહ હોવા છતાં તેનો પવીત્ર જાણ બરબાદ કરાવ્યો, તેવા ગુનેહગાર શખસો તરફ માફી શીવાય વધારે ઊત્તમ દીલ દેખડાવી ગયો નથી ને "પેગમબરે આખર જમાન" મહમદ બીન અબદુલ્લા પોતાના કાફર દુશમનો તરફ મરતી વેલાએ, તરવાળ અને કુરાન જોર જુલમથી આપવાના તાકીદનાં ફરમાન શીવાય બીજું કાંઇ ફરમાવી ગયો નથી. તુરાની ટોલાનો મોટો રાહબર, દાનાઇ અને નીતી ભરેલો કાનફુનજી (કોનફયુસીઅસ), પોતાનાં ધરમ પુસ્તકોમાં ચીનાઓને વધારે ઊત્તમ દાખલો દેખડાવી જતો નથી. આરીઅનોનો મોટો રાહનુમા, સત વખસુરે વખસુરાન હજરત જરથોસ્તો સ્પીતમ (સેપેનતમાન જરથોસ્ત) પોતાનાં મોતના બીછાનાં ઉપર દેવ (હીંદુ) લોકો તરફ વધારે ઉદાર દીલ દેખડાવી ગયો નથી. રૂસતમ જેવો દીલાવર મરદ, મરતી વેલાએ પોતાના ખુની ભાઇને તીરથી વીંધી નાખી જાયછે. સીઝર (કેસર) જેવો સુરો અને નામાંકાત સપેહસાલાર, પોતાના ખુની ભત્રીજા બ્રુતશ તરફ તરફડતો તરફડતો ધીરરકાર જણાવી ગયોછે ને નેપોલીઅન બોનાંપારટ જેવો ઓગણીસમી સદીનો જાહાં પેહલવાન સેનટ હેલીનાનાં એકાંત ટાપુમાં મરતી વેળાએ પોતાના શત્રુ અંગરેજો તરફ ઘણો જોશમાં બબાડી ગયો છે. ફીરદુસી જેવો ડાહયો અને તેજ જબાનનો અલંકાર રૂપી મુસલમાન સાહેર, પોતાને દુઃખ આપનાર પાદશાહ મહમુદ તરફ પોતાના દીલનો ગુસ્સો ઘણાં કડવા શબ્દોમાં કહી સંભળાવી ગયોછે, ને બેકન જેવો રાક્ષી મીજાનો નાંમાકીત અરવાચીન ફીલસુફ, કોઇ કાલે પણ આવું ઉત્તમ દીલ દેખડાવી જતો નથી.

આ શઘલી બાબદો ઉપર જયારે આપણે મનને ધીરે સાંરતે મુસતકીમ રાખી ઘણી બારીકીથી ખ્યાલ કરયે છૈયે ને આ પરપોટા જેવી જીંદગીમાંબી જે તરેહવાર ફેરફારો જરીજરામાં બની જાયછે તે વીશે ઘણી સંભાલથી વીચાર કરયે છીયે ત્યારે

એક લાટીન ગ્રંથકારના નીચલા ઘણા અસરકારક ને માયાકુલ શબ્દો આપણાં મન ઉપર ઘણી મજબુત રીતે અસર કરેછે ને એ લખાણમાં જે બેહદ સચાઇ છે તે આપણી આગલ ગોયા એક આઇનાની માફક આવી આપણા ઉપર પડતા હાંદેસા અને વીપતીની વેલાએ આપણાં મનને રીઝવેછે ને આપણા દુખીઆરા આતમાને કોઇ કોઇવાર ઘણો દીલાસો તે ઉપરથી મેલવવાને મોટો સબબ થઇ પડેછે. એ લખનાર બોલેછે જે:—

QUID hujus conditione inconstantius aut mutabilius, qui nuper inter felicis felicissimus, mox inter miseros miserrimus,

યાને "માણવી જાતનાં સઘલાં તકલીદી કામોમાં આ (દારાંના) દાખલાથી આપણાં મન ઉપર વધારે અસરકારક બીજો દાખલો તે કયો મલી આવશે, કેમકે જે શખસ આપણાં જોતાં જોતાં થોડુંક અગાઉ સુખીમાં સુખી માણસ જે ગણાતું હતું તે આંખ વીંચે એટલામાં તો ઘણું દુખીમાં દુખી માણસ થઇ પડેછે!"

આગલ આપણે જણાવી ગયા છેએ જે પરસીસ (ફારસીસતાન) નાં પ્રાંતમાંથી શીકંદર પછી પારશીઓનાજ નાટીલા પાદશાહો પેહેલાં માસીદોનીઆ તથા પાછલથી પારથીઆંવાલા આરસસીસ વંશનાં જબરા શેહેનશાહોની બોહેધરી હેઠલ રાજપાત ભોગવતા હતા. માંઠાભાયગે આ ખંડીઆ રાજાઓ રૂમાઓ કે ગ્રીકો શાથ કશા પણ શંબંધમાં આવ્યા ન હતા અને કાંઇ પણ ધાધાટ કરીઆ વીનાં અત્રે જુજ અખતીઆર ઉપરજ શુકરાનાં કરી બેઠા હતા તેથી એ પાદશાહોનાં નામો તથા આચરણો વીશે આપણે આજ અંધારામાં રહી ગયા છેએ. તે શાથે કોઇ નવા લેખો કે શીકાઓબી એઓને હાથની બનાવતનાં અદ્યાપી ઉગમન પ્રાંતનાં વિદ્યાર્થીયોને હાથ આવ્યા નથી કે એઓની તવારીખ શીલસીલાબંદ આપણે તેપરથીબી નીપજાવી શકીએ. અહીઆં નાચારીએ તેથી હવે પાછલા જમાનાના ફારશી ગ્રંથકારોની શના આપણને બાહાલ રાખવી પડેછે પરંતુ તેમાં એટલોતો મુખતેલાફ હેવાલ આવ્યોછે કે તે ઉપરથી શચાઇનો તોલ બરોબર રીતે થઇ શકતો નથી. ખુનદમીર કેહેછે જે એ વંશનો શપર પેહેલો રાજા અશગ કરીને હતો જે તેના તથા ફીરદોશીનાં કેહ પ્રમાણે કેકાઉશના ખાનદાનનો હતો અને બીજા ગ્રંથકારો તો તેને શેહેનશાહ દારાંનો છોકરો વટીક ઠોકી બેશાડે છે. ઘણાએક ગ્રંથકારો એ પાદશાહ તથા એના વારસો વીશે કસુ પણ જણાવી જતા નથી અને બીજાઓ એવું ધારેછે જે અશકાનીઅન શેહેનશાહોનાં દોરની વેલાએ તેઓબી ઇરાનનાં કેટલાએક પ્રાંતો ઉપર રાજપાત ભોગવી ગયા હતા. એક ફારશી ઇતીહાસ કરતાનો આ એકરાર ફારસીસતાનવાલી પારશીઓની નાની પાદશાહત વીશે સઘલો જે બોલી ગયોછે તેને ચોકશ બેસતો આવેછે અને તેને પારથીઆવાલા આરસીસ વંશનાં જુદાં શેહેનશાહી ખાનદાન શાથે ભેલશેલ કરી નાંખીઆથીજ ફારસી ગ્રંથકારો બરખેલાફીમાં આવી, નાશીપાશ થઇને એ વંશને પડતો મેલી ગયા છે ને જો કે બરોબર જોશો તો આ નાનાં ખંડીઆ રાજા પારથીઆનાં શેહેનશાહોનાં તાબા હેઠલ ગણાતા હતા ખરા પરંતુ તે રાજાઓ તેઓથી ઇલાહીદાજ શમજવા જોઇએ. ફારશીમાં કાફ અને ગાફ યાને ક ને ગ ની એકજ શુરત આવ્યાથી તથા પેહેલવીમાંબી એ બંને હરફો લગભગ એક મેક શાથે દેખાવમો મલતા આવવાથી એચુક પડી ગઇછે. એ વંશનાં પાદશાહોની ટીપ તેઓના રાજનાં વરશો

શીએ શાહનામેહ અને તારીખે ગુઝીદેહ તથા તારીખે જલાલી અને જીનતુલ તતારીખ ઉપરથી નીચે મુજબ હું ઉપજાવી શકુછુ ને જેમા આયંદે કઇક નવો શોધો ઉપરથી આશા છે જે જેખી ગુચવારો ચાલુંછે તેનો મનપતીજ રીતે ફેશલો આવી જશે. ફીરદુસી નો શાક જણાવી જાયછે જેદારાં પછી તેનો એકનો એકજ છોકરો નામે શાસાન હીંદુશથાનમાં નાહાસી ભરાયો હતો અને તેની ઓલાદ તાંહાં ચોથી પેહેડીવેર તેજ નામ ધારણ કરીને ઘણી ગરીબી હાલતમાં આવી ગઈ હતી માટે અશગ જેને આ દેશની ગાદી હવે મલી હતી તે દારાંનો છોકરો તો નહીજ પરંતું હખામની વંશનો કઇ દુરનો એસી હોવો જોઇએ, નહી તો કે શીકંદરનાં વારેશો તેને એ દેશની ગાદી શવાધીન કરી શકતે નહી. જીનતુલ તવારીખ કરતા એ વંશના શાત રાજાઓના નામની ટીપ તેઓનાં રાજનાં વરશો શીએ નીચે મુજબ પોતાનાં આ વખણાએલાં દફતરમાં આપી જાયછે.

રાજાઓ.		રાજ ચલાવીયાનાં વરશો.
અશગનો	છોરો અરદવાન.	૨૩
અરદવાનનો ,,	ખુશરૂ	૧૯
અસરનો ,,	પલ્લાસ	૧૨
પલ્લાસનો ,,	ગોદરેજ	૩૦
ગોદરેજનો ,,	નારસી	૩૦
નારસીનો ,,	નારસી ૨ જો.	૧૮

ફીરદુશી ફકત નવ પાદશાહોનાં નામો જણાવી જાયછે પરંતુ તે શઘલા એકજ ખાનદાનના હોય તેમ તેની મજમુન ધીઆંનથી વાંચતાં માલુમ પડી શકતુ નથી. તે શાથે તેઓ વચેનાં ઘણાખરા પાદશાહો મેલી દઈ ફકત તેઓ માહેલા ઘણા નામચીન પાદશાહોજ શારૂ તેની મોલવાની મતલબ હોય એમ શાહાનામા ઉપરથી મને ઝપસ્ત ભાશેછે. એ પાદશાહો નીચે પ્રમાણે એ દેશની ગાદીને આરાશ્તા આપી ગયા હતા એમ આ મલેકુલ શાહેરા બોલી જાયછે અને એઓની પાદશાહી તેનાં જણાવીઆ મુજબ બસો વરશ શુધી ચાલી હતી પરંતુ ખુંદેશવાલોતો ૨૬૪ વરશ આપી ગયો છે ને જે ગણતરી મને વધારે ચોકશ લાગે છે, કેમકે તે દફતર શાહાનામાંથાનેખી વધારે પુરાતન છે.

૧ લો, અશગ. એ પાદશાહ કોબાદનાં ખાનદાંનનો હતો.

૨ જો, ગુદંશાહપુર. એ રાજા ઓશરેનાં વંશનો હતો.

૩ જો, ગોદરેજ. એ અશગાની ટોલાનો હતો અને એને અશકાની ટોલાવાલા ગોતારજીસ સાથે ભેલશેલ કરવો જોઇતો નથી કેમકે આ એકજ નામ ધરાવનારે પાદશાહો જુદાં જુદાં વંશનાં હું જીનતુલ તવારીખની મજકુર શતા ઉપરથી શમજુછુ.

૪ થો, બેજન. એ કીઆની વંશનો હતે યાને હખામની ખાનદાંનનો હું ધારછુ.

૫ મો, નારસી.

૬ ઠો, હોરમજદ મોહોટા જે ઉપરથી બીજો હોરમજદબી તેની પછી થઈ જવો જોઇએ એમ શારાંશ નીકલી શકે છે.

૭ મો, આરસ જે ઘણો મરદાનાં હતો.

૮ મો, અરદવાન.

૯ મો, બેહેરામ. એ અશગાની ટોલાનો હતો અને એને અરદવાન મોટો કરીને પણ કેહેતા હતા. એને પારથ આવાલા છેલા શેહેનશાહ અરદવાન શાથે ભેલશેલ કરવો જોઇતો નથી કેમકે તે શેહેનશાહનુ અશલ નામ બેહેરામ કરીને કોઇબી રૂમી ગ્રંથકાર લખી ગયો નથી; માટે આ બંને અરદવાનો જુદાજ શમજવા જોઇએ.

કેટલાએક ફારશી તવારીખ લખનારાઓ એ વંશને અશકાની અને શેહેનશાહો શાથે ભેલશેલ કરી નાંખી એ તબાકાનાં

૧૮ જણાઓએ ૫૦૦ વરશ શુધી અલે રાજપાત ભોગવીઉ હતું એમ જણાવી તેઓની ટીપ નીચે મુજબ આપેછે. અલબતાં જયારે પારથીઆવાલા શેહેનશાહો એ લતા તરફ ચોમેર માહા બલવંત થઇ પડીઆ ત્યારે તેઓએ પોતાનાં ખાનદાનનાં કોઇ કોઈ નબીરાઓને એ ગાદી ઉપર બેહીઆનાં અશગાની ખાનદાનવાલા રાજાઓની છોકરીઓ શાથે પરણાવી રાજ પાતનાં ધની કરીઆ હોય તો તે વાત માની શકાએ તેમ છે. હવે એ જમાનાના અરમાની ગ્રંથકારો જેઓ પારથીઆવાલા આરસસીસનાં માહા બલવંત ખાંનદાન શાર રૂમીઓ થાનેબી વધારે વાકેફ હોવા જોઇએ તેઓ એ મોટાં ખાંનદાનનાં છ વીભાગો કરી ગીઆ છે. *૧લાં તો પારથીઆવાલા આરસસીસનાં ખાનદાનવાલા શેહેનશાહો. ૨ જા એજ ખાનદાનનાં આરમીનીઆનાં પાદશાહો. ૩ જા એજ ખાનદાનનાં કાબુલ તથા બાખ્તલીઆની ભુમી આગલ કચખુકન તથા થેતાલસ ટોલાઓનાં દેશનાં પાદશાહો, જેઓ પાછલથી પંજાબ શુધી ચત્રાઇ હીંદુશ્થાનનો કેટલો એક ભાગ પોતાના તાબાહેઠલ લઈ બેઠાહતા એમ તેઓનાં પેહેલવી શીકકાઓ જે અદ્યાપી આપણે હાથ આવે છે તે પરથી શાફ માલુમ પડી આવેછે. બાકી રેહેલાં ત્રણ ખાંનદાનો જુદા જુદા પાદશાહી વંશો શાથે લગનનાં ગાથેથી જોડાઇને પોતાની અશલી પારથીઆની મોટી ગાદીનાં બલથી એ તરફનાં દેશાવરોમાં રાજપાત ભોગવીજવા જોઇએ માટે એ બાકીના ત્રણ ખાનદાનમાનું એક ખાનદાન પાછલથી ફારસીસ્તાનની ગાદી ઉપર આવ્યું હોય એમ માનવા મને હાલ કશો આંચકો લાગતો નથી. એ મજકુર અઢાર પાદશાહોની ટીપ આ મુજબ છે.

૧ લો, અશગાનીઅન બીન દારાં.
૨ જો, બેહેરામ બીન અશગ.
૩ જો, હોરમજ બીન પલ્લાસ.
૪ થો, ફીરૂઝ બીન દાબન.
૫ મો, ઓશરો બીન હોરમજ.
૬ ઠો, અરદવાન બીન ફીરૂઝ.
૭ મો, ઓશરો બીન અશગાનીઆં.
૮ મો, પલ્લાસ બીન અશગાનીઆં.
૯ મો, નારસી બીન અશગાનીઆં.
૧૦ મો, અશક બીન અશકાનીઆં.
૧૧ મો, ગોદરેજ બીન બેહેરામ.
૧૨ મો, ઓશરો બીન પલ્લાસ.
૧૩ મો, હરમઝાં બીન અસકાંનીઆં.
૧૪ મો, ઓશરો બીન ખુશરવાન.
૧૫ મો, અરદવાન બીન અશકાંનીઆં
૧૬ મો, બેહેઆફરીદ બીન અશકાંનીઆં
૧૭ મો, ગોદરેજ બીન અશકાનીઆં.
૧૮ મો, અરદવાન બીન અશકાનીઆ.

હવે હસન બીન મહમદ બીન બાકી શીરાજી, તારીખે જાફરી તથા લુબબુલ તવારીખ અને તેવીજ બીજી અસલી ફારસી સતાને આધારે ઇ. સ૦ ૧૬૧૦ માં મનતખબુલ તવારીખ નામનું એક ઘણું કીમતી કાલમાન પુશતક જે લખી ગયો છે તેમાં આ બંને અશગાનીઅન તથા અશકાનીઅન ટોલાના એ રાજની ગાદીનાં માલેક પાદશાહોની જે ટીપ ઉપજાવી કાહાડી ગયેછે તે મને ઘણો વધારે ભરોશાદાર લાગેછે માટે એ ટીપ તેઓનાં રાજનાં વરશોની જુદી જુદી ગણતી રીતે આ પ્રમાણે મેં હેઠલ ટાંકી બતાવીછે.

* જુઓ જુરનાલ આશીઆટીક નામનાં ફરાંસીસ ચોપાનીયાંનાં શને ૧૮૬૬ નાં ફેબરવારી માશનાં અંકને સફે ૧૨૬ મે ઇવારીસ્ત પ્રુદ્દહોમની કલમથી શાશાની વંશની અરમાની ગ્રંથકારોને આધારે લખાએલી તવારીખ.

	રાજ કરવાનાં વરશો.
૧ લો, અશગ	૧૫—૧૨—૧૦
૨ જો, અશગ ૨ જો	૨૦—૭
૩ જો, શાહપુર	૪૨—૬૧—૬૦
૪ થો, બેહેરામ	૧૧—૫૦
૫ મો, પલ્લાસ	૧૦—૧૨
૬ ઠો, હોરમજ	૧૯—૧૨—૧૬
૭ મો, નારસી	૧૪—૪૦— ૨

તારીખે જાફરીમાં આ નારસીને બદલે અનીશ કરીને કોઇક બીજુજ નામ આવેલુ છે.

૮ મો, ફીરોઝ	૧૭
૯ મો, પલ્લાશ ૨ જો	૧૨—૨૧
૧૦ મો, ઓશરો	૪૦—૭—૨૧
૧૧ મો, પલ્લાસ ૩ જો	૨૪—૨૨
૧૨ મો, અરદવાન	૧૩

એને બદલે લુબબુલ તવારીખમાં પલ્લાશ નામ મેલેલુ છે.

૧૩ મો, અરદવાન બીન અશગ	૨૩
૧૪ મો, ઓશરો ૨ જો	૧૬—૧૯
૧૫ મો, પલ્લાસ ૪ થો	૧૨
૧૬ મો, ગોદરેજ	૩૦
૧૭ મો, નારસી ૨ જો	૨૦

હબીબુસ શેહેરમાં નારસીને બદલે બેજનનું નામ આવેલું છે.

૧૮ મો, ગોદરેજ ૨ જો	૧૦
૧૯ મો, નારસી ૩ જો	૧૧
૨૦ મો, અરદવાન ૩ જો અશકાની વંશનો છેલો પાદશાહ જેને અરદેશરે હરાવી પારથીઆના રાજની શ્માપ્તી આણી હતી.	૩૧

એ રાજનાં તાબા હેઠલ સુસીસનો પ્રાંતબી ગણાતો હતો જેથી એ વંશનાં રાજાઓ અકસર કરીને સુસાના મેહેલ અંદર રેહેતા હતા અને તાંહાંનાં મેહેલને ઘણો આરાસ્તા કરી મેલેલો હતો તોબી પરસીપોલીસ અને પારસાગર્દ આગલનાં મેહેલોનેબી એ લોકો કઇ થોડુ માન અકરામ આપતા ન હતા; કેમકે અહીઆં પારશી રાજાઓનો મોટો ખજાનો, દોખમાં તથા માલ અશબાબ રેહેતો હતો અને જુદા જુદા શાહાજાદાઓ જેવી જેવી જેની આઇપત તે પ્રમાણે જુદા જુદા મેહેલોમા ઘણાં યાતો થોડા ભપકાથી વશતા હતા. એક મેહેલ ઉતરમાં ગબા શેહેર આગલ અને બીજો દક્ષીણમાં દરીઆને કીનારે ગ્રા નદી આગલ તાઓસી (તાગ અથવા તાઉઅગ) નામની જગાની નજદીકીમાં આવેલો હતો. અંહીઆં પાલીસુંચોરીસ, હબામીનીદા તથા મજુસી (મેજ્નાઇ) ટોલાં વશતાં હતાં. કુરતાઈ અને મારદી નામનાં ટોલાઓબી લુટફાંટ કરી અલે પોતાનાં પેટ ભરતાં અને બાકીનાં ટોલાં ખુરજીગર્યમાં પેશો કરતાં હતાં. મજુસી ટોલાં પોતાનો વખત દીનધરમનાં કામોમાં ગુજારતાં હતાં. અંહીઆં ચોઆસપીસ, કોપ્રાતાસ (આબે કાલ) પાસી તીગરીસ, સાઇરસ, એરાક્ષીસ (બનદમીર) અને મીદસ (આબે કુરીન?) નામની નદીઓ વેહેતી હતી. એ માહેલી સાઇરસ નદી પારસાગર્દ આગલ સીલીપરસીસ યાને પોકલ પરસીસ નામે જે એક જગાછે તેમાંથી પસાર થાયછે અને જાંહાં જાંહાંથી એ નદીઓ વેહેછે તાહાંની જમીન ઘણી રશાલ હોયછે તેથી સુસીસમાં ઘઊં અને જવ પુશકલ પાકેછે અને માસીદાનીઅનોએ અંહીઆં તથા બાબેલાનમાં શપર પેહેલાં દ્રાક્ષનાં થડો રોપીઆં તે આગમજ અલે તે મેવો ઉગતો નહતો પરંતુ હાલમાં તે અહીઆં પુશકલ ઉગી નીકલેછે એમ સલેબો જણાવી ગયોછે. એ લોકોની ઉતર અને પુરવમાં મલીમ્રાઇ અને પ્રાતાસીની નામના રાહજન ટોલાં વશતાં હતાં જે વારંવાર એ દેશપર ચહડી આવી લુટફાટ કરી

આશપાશના પાહાડોમાં ભરાઇ જતાં હતાં પરંતુ જયારથી પારથીઅનોએ એ પ્રાંત ઉપર પોતાનો દશ્ત લંબાવીઓ છે ત્યારથી એ ટોળાઓનો ઉપદ્રવ કમ થયો છે પણ જયારેબી તે લોકો માંહોમાહે લડાઇમાં ગુથેછે ત્યારે એ ગેહજન ટોળાં પાછાં પોતાની લુટફાટની ચાલ છોડતાં નથી. સલેઓના જમાનામાં એ પારથીઅનો પોત પોતામાં હુલડ કરી બેઠા હતા ત્યારે એ ટોળાંબી પોતાની આ નીચ ચાલમાં ઔત્રે ફાવી ગયાં હતાં. આ બંને પ્રાંતો તથા કીરમાનીઆનાં પ્રાંતની રીત ભાત તથા ભાશા ઇરાંની તથા મીદીઅનોને મલતી આવેછે અને તે વીશે જે વીગતવાર હેવાલ સલેઓ આપી ગયો છે તે મારી તવારીખે કદીમ ઇરાંનમા ઈબાચાને શફે ૬૦ થી ૬૨ વેર શદાબરો પરગત કરેલોછે તેથી તે ભાગ ફેરીને હું અલે ટાંકવા દુરશ્ત વીચારતો નથી. સુસા શેહેરમાં દરેક પાદશાહ કીલ્લાની અંદર પોતાનાં રાજની ઇધાંની તરીકે એક પોતાને શારૂ મેહેલ અને તીજોરીખાનુ બાંધતા હતા જેમાં જે ચોથાઇ મલતી હતી તે પોતા શારૂ તેઓ એકઠી કરી રાખતા હતા. દરીઆનાં કીનારા ભણીનાં દેશોમાંથી તેઓને રૂપુ તથા અંદરનાં દેશાવરોમાંથી ગાએ ઢોર, વસાના, તરેતરેહવાર રંગ, બાલ તથા ઉન વીગેરે જનશો લોકો તેઓ શારૂ નજરાનાંમાં મોકલતા હતા. શુનાં અને રૂપાંને તાંહાં પછી પેલા તીજોરીખાનામાં તેઓ રાખી મેલતા હતા અને શીકકાઓ પાડવામાં તેઓને જાહજાં વાપરી નાંખતા ન હતા જેથી એ વંશના તથા દેરીકસંનામનાં દરાયશના શીકકા બેશુમાર હાલ હાથ લાગી શકતા નથી. અલબતાં દેશમાં ચલન શારૂ જેટલું નાણું જોઇએ તેટલા શીકકાઓ તો તેઓને પડાવવા ફરજ પડતી હતી, પરંતુ તેઓની શંખીઆ ઘણી મોટી ન હોય એમ હાલ એ રાજાઓના શીકકા જે મલી આવતા નથી તેપરથી સલેઓનાં આ લખાંનને વધારે પુરતી મલેછે. એ બીચારાઓનો દાહાડોજ બરગશ્તે તેથી ઘણાખરા શીકકાઓ પરાવધીનુ એ લોકોને શુજ પડાઉજ નુહી જેથીજ એઓનાં નામો આજે વીશરાઈ ગયાં છે અને દાટેલા ધન ખજાનો એઓને કસો ઉપયોગમાં આવીઓ નથી કેમકે તેતો ફેછી પારકે હાથ ગયોછે. આપરથી જે માલ ખજાનો ખરચે તેનેજ કામ આવે એ કેહેવત ગોયા ખરી પડેછે અને શુમ લોકોને તેપરથી એક શારો ધડો લેવો જોઇએ પછીતો મરી ગયા એટલે શઘલું જાંહાંનું તાંહાંજ રહી જાય છે. જે ખરચ્યું અને ખેરાદ કરીયું હોયછે તેજ પોતાની શાથે આવેછે બાકી શઘલું મીટ્યા છે; મારૂં તારૂં શઘલું જાંહાંનું તાંહાંજ રહી જાયછે; પરંતુ જીવતાં જીવત એ વાત માનવી જાતનાં ધાઆનમાં ઉતરી શકતી નથી. જયારે અજલનો ફરેસ્તો આવેછે ત્યારે તેને એ શઘલું શુજ પડેછે પણ તે વેલાએ તો અશુરૂં બહુંજ થઇ ગયું હોય છે હિંદુઓનાં ગીતામાં એક વાત કહીછે કે એક પૈશાદાર શુમ જયારે મરવા પડીઓ ત્યારે તેને લક્ષમી દેવી શાથે વાતચીત થઈ હતી. દેશે દેશનાં પાદશાહોનોબી તે મોટા શરાફ હોવાથી તે શઘલા તેને જોવા આવતા હતા. જેપરથી લક્ષમી દેવીએબી જોયુંજે એ ને મને ઘણી શંભારી રાખીછે માટે હું એની પાસે હવે નહી જાઇસતો કાલી ટીલી મારે સર આવશે. આ પરથી તેબી તેને જોવા ગઈ પરંતુ જયારે પેલા શરાફે તેને પુછ્યું કે તમો મારી શાથ હવે ચાલશો કેમકે મારા દાહાડા હવે આખરી આવી ચુકયા છે; ત્યારે લક્ષમી દેવીએ ઉતર

વાલીઓ જે તમે મને એકની એકજ જગાએ ગાડી રાખીઆથી તમારાં મશાંન શુધી મારામાં ચાલવાની શકતી નથી અને મારા ગુરાજ રહી ગીએલા છે તેથી મારાથી હવે મુતલગ ચાલી શકાતુ નથી. શારાંઉશ એજે તમે મને વાપરી હતે અને ખેરાતમાં આપ લે કીધી હતે તો મારા ગુરા જરાખી છુટા પડતે જેથી હું તમારી શાથ ચાલી શકતે પરંતુ તમને તમારી જીંદગી માં તો આવું કશું શુજ પડીયુંજ નહીં માટે મનેતો હવે જાંહાંનુ તાંહાંજ પડી રેહેવું જોઇએ. એમ બોલી પેલી દેવી તાંહાંથી ગેબ થઇ ગઇ અને પેલા બીચારા શરાફનો પ્રાંણ તરતજ તેણીના આવા ચ-મકાવાનાં શબ્દોથી જરા ઊશકેરાયાથી તેનાં નાતવાન શરીરમાંથી નીશરી ચાલતો થયો. એવા એવા ઘણાએક દાખલા તવારીખ આપણી શનમુખ લાવી ધરેછે પરંતુ તેઓની અત્રે જગા થઇ શકતી નથી. મહમદ ગીજનવી તથા કારૂનના દાખલા જુઓ તપાશો કે છતે ધણે તેઓ પોતે પોતાનાં નામો આજખી કેવા ધીકારથી પોતાની હવે પછીની ઓલાદે શારૂ ધરી ગયાછે. એક ફારસી શાહેર વાજખીની રાહે બોલેછે જે.

"કાહરૂન હલાક શુદ કે ચેહેલ ખાને-
એ ગંજ દાશ્ત.
નોશીરવાન નમુર્દ કે નામે નીકુ ગુજાસ્ત."

યાને "કારૂનતો હલાક થઇ ગયો કે જે ચાલીશ ઘેર ભરી માલ ખજાનો ધરાવતો હતો પરંતુ નોશીરવાન આદેલ તો મુવો નથી કેમકે તે પોતાનાં ઇનશાફ અને શ-ખાવતથી પોતાનું નામ ગોયા અમર કરી ગયો છે."

અવસતાવાણીનું પુરાતનપણું.

"કે મારા એ દીને કોહન નંગ નીસ્ત;
બ ગેતી બેહ અઝ કીશે હુસંગ નીસ્ત." શીરદોશી.

આ શઘલાં નાંહનાં છરાની યાને આર્યન લોહી ધરાવનાર રાજપાતો તથા તે સાથે આ દોરમાં હસ્તી ભોગવી ગયેલા પારથીઅનો જેવાં માહા બલવંત અને પ્રમુખ પુરાની ટોલાના શાહેબ લોકો વધતા ઓછા ફેરફારો શીએ માજદીઅશનાન ધરમ પાલતા હતા તથા પેહેલવી ભાષા બોલતા હતા માટે એ ભાષા તથા એ બેહેતરીન ધરમનાં પુરાતનપણા વિશે હવેથી થોડાક વિચારો અત્રે જણાવેલા આશા છે જે કેવળ બીન હાંસલ ગણાશે નહીં. અત્યાર શુધી થાએલી નવી નવી શોધોને આધારે આટલું તો હવે પુરવાર થઇ ચુકયું છે જે પેલો બુજરગી ભરેલો ઇબ્રાહીમ ખલીલઉલ્લા, બની ઇસ્રાઇલનાં ગુમરાહ થયલાં ટોલાંને જયારે દેવ-ગ્નાન વિદ્યા શિખવતો હતો અને સીમેટીક ટોળાંઓનાં વિખરાયલાં ગાડરાંઓને એકઠાં કરવાનાં ઘણાજ દીકટ કામમાં ગુંથાએલો હતો ત્યારે યાતો તેની પણ ઘણુંક પુર્વે એશીઆ ખંડના વચલા ભાગમાં વંદીદાદવાલી "બાખધીમ-શ્રીરામ એરેદવો દરપ્રશામ" યાને પેલી ઉંચા વાવટાવાલી બાખલીઆની શેહેનશાહત, જરથોશતી ધર્મની બોહેધરી હેઠલ, કાવીઆની દરપ્રશ આકાશની બુલંદી વેર ઉગાડી રહેલી, તથા ઘણીજ દબદબા ભરેલા શાને આસપાસના રાજયો વચે રોશન રોજની માફક ખીરાજી નિકલેલી હતી. હયાં હજરત જરથોશતે બાખત્રીઆના પાદશાહ કએ વીશતાસ્પના દોરમાં અસલી અવસ્તા વાણી તથા તે જમાનાની બાખતીઆ દેશની ચાલુ ભાષામાં કરેલી જંદ યાને શરેહમાં જણાવ્યા મુજબ એક ખુદાને પુંજવાનું પવિત્ર અને શુભ કામ આર્યન ટોલાંઓને શિખવવા માટે પોતે સપર પેહલીવાર આરંભ્યુ હતું. વંદીદાદમાં જણાવ્યા પ્રમાણે દાદાર હોરમઝદે અશલમાં આ નેક કામનો પેગામ, આ હાડમંડ દુન્યામાં લઇ આવવા સારૂ પાદશાહ જમશેદને સપરપેહલીવાર હુકમ કર્યો હતો; પણ તે પાદશાહે આવું અઘરૂં કામ માથે ઉડાવવાની પોતામાં તાકાત નહીં જોવાથી તે ના પાડયાથી હજરત સ્પીતમ જરથોસ્તે આ પેગમ્બરીનું કામ પોતાને માથે ઉઠાવવા તથા પોતા ઉપર જેબા તે જમાનાનાં મજબુત બુતપરસ્ત લોકોથી પીડા અને વિપત્તિ ભોગવવી પડે તેની દરકાર ન કરતાં શઘલું દુ:ખ શોસી બુતપરસ્તી રશમના વેહમોનો કાબુ તોડવાનાં હોરમઝદનાં આ બુલંદ ફરમાનને પોતાને માથે ચહડાવ્યું હતું. એટલાજ સબબ ઉપરથી અવસ્તાવાણીમાં હજરત જરથોસ્તને પાકઝાદ તથા બેહદ શાહામણો એવા ઉતમ વિસેશનો દાદાર હોરમઝદે વારંવાર પોતે લગાડેલાંછે, તથા ખુદાની ખલકને હોરમઝદનાં પવીત્ર ફરમાનો જાહેર કરી આબાદાન કરવા શારૂ સપર પેહલાવાર આ દુન્યામાં તેને મોકલવામાં આવ્યો હતો, એમ આપણાં લોકોનાં ધર્મનાં દફતરોમાં જાબજા જણાવવામાં આવેલું છે. આ ઇલકાબો જે સપરપેહલીવાર આર્યોના આ મોટા નામવર પુરૂષ ઉપર નાઝલ થયા હતા તેની નકલ સીમેટીક ટોલાના સૌથી છેલ્લા રાહબર હજરત

મહમદે પણ કરીને પોતા ઉપરબી તે કુરાનમાં લાગુ પાડેલા છે અને મુસલમાન લોકોના એતેકાદ પ્રમાણે તેઓના પેગમ્બર હજરત મહમદ શિવાય બીજા કોઇબી માણવી જાતને બેહદ શોહામનો તથા પાકઝાદનો એલકાબ લાગુ પડી શકતો નથી એમ હદીશ ઉપરથી આપણને માલમ પડેછે. હવે એસીર્યા દેશના નાંઇનસ પાદશાહે બાખ્તરીઆ દેશના છેલ્લા પાદશાહ ઓક્ષાર્ત્રીસ (બાખ્તરીઆ) નો પરાજય કરીને એ રાજયની સમાપ્તી આણી તે મુદત તથા પાદશાહ કએ વીશતાસ્પના જમાના વચે કેટલો વખત ગુજરી ગયોછે તથા એ દેશની ગાદી ઉપર એ અરસામાં કેટલાક પાદશાહો બીરાજી ગયાછે તે વાત હાલમાં ચોકસ રીતે આપણને માલમ પડી શકિત નથી, પરંતુ એક મોટો જમાનો ગુજરી જવો જોઇએ એમ ફરવરદીન યશ્તમાં આવેલાં વિસેશ નામોની લાંબી ટીપ ઉપરથી ચોકસવાર રીતે હાલમાં પુરવાર થઇ શકેછે. તે સાથે ઇરાની લોકોની તવારીખની પોઠીઓમાં બલખ શેહર જેને આગલા આરબો તેનાં બેહદ પુરાતનપણાંને લીધે ઉમાઊલ બલલાદ ઇયાને શેહરોની માતા એવું નામ આપી ગયાછે, તેનો સપરપેહલીવાર પાયો નાખનાર તરીકે પાદશાહ કએ ગુશતાસ્પનું નામ જણાવવામાં આવેલુંછે. તીરીઅસ કહેછે કે આ છેલ્લા પાદશાહ ઓક્ષાર્ત્રીસનાં ચાર લાખ આદમીઓનાં લશ્કરને મારી હટાવવા પાદશાહ નાંઇનસને નજદીક વીશ લાખ આદમીઓનું બોહલુ લશકર આ જંગની દરમ્યાનમાં મોકલાવવાની ફરજ પડી હતી જે ગણત્રી ધ્યાનમાં લેતાં તથા આગલા યુનાની ગ્રંથકારો જરથોસ્તનો સને એક આવાજે બેહદ પુરાતન કાલમાં જે મેલી ગયાછે તે વિસે ધીરે સાંસતે ગોર કરતાં એ કદીમ હિગામ વિસે અડસટો બાંધી શકાએ તેવોછે ને તે અડસટો એછે કે પ્લીની જે એવું જણાવી ગયોછે કે હજરત જરથોસ્ત ઇસુની આગમે ૬૪૨૯ વરસો પુર્વે થઇ ગયોછે, તે વાત કદાચ ખરી પણ હોય તો તેમાં કાંઇ ઘણું આશ્ચર્ય થવા જેવુ લાગશે નહીં. માઠાં ભાગ્યે એ વીસે છુટથી ગણત્રી આપવા યુરોપના આલમાઓ પોતાના ધર્મ પુસ્તક બાઇબલમાં મનુષ્ય જાતની વસ્તી આ હાડમંદ દુન્યાંમાં ઈશુની ચાર હજાર વરસો પુર્વે નં હતી એવા બીનસાબીત થયલા ખ્યાલથી ઓચંબો આઇ જાયછે, પરંતુ જેમ કુદરતી વીદ્યા આગલ જતે આપણી આગલ નવા નવા અજાયબ જાહેર પાડતી જશે તેમ તેમ આ ખ્યાલ તકલીફ ડોછે કે ખરોછે તે વીશે બીનતાશુબે જોનાર વિદ્યાર્થીઓની ખાતરી થતી જશે; અને સચાઇ જે છે તે ખુદબખુદ આપોઆપ જાહેર થઇ પડશે.

અવરતા વાણીના બેહદ પુરાતનપણા વિસે બાજો મોતેબર દાખલો એછે કે વંદીદાદમાં જયારે તે જમાનાનાં દેશોની ગણત્રી આપવામાં આવેલીછે ત્યારે ત્યાં બાબીલોન (બાબુલ), નીનેવેહ, અગબતાના, પસારગદ, સુસા, પરસીપોલીસ વાગેરે હખામની વંશના તથા તેની પણ પુર્વે થઇ ગયલા બીજા જોરાવર રાજાઓનાં રાજયોમાં વસાઇ ગયલાં કેટલાંક ઘણાં વખણાયલાં શેહેરોનાં નામો વીસે જરાએ ઈશારો પણ જણાવવામાં આવેલો નથી, જે ઉપરથા આટલું તો ચોકસ રીતે હાલમાં પુરવાર થઇ શકેછે જે એ નામીચાં શેહરોની હસ્તી પુર્વે હજરત સપીતમ જરથોસત થઇ જવો જોઇએ. પુરાતન બાખ્તરીઅનો જેની શેહનશાહતને પીરદાદી કયાની વંશની શેહનશાતને નામે ઓલખાણ આપી જાયછે તે જમાનામાં જેના દેશો પારસીઓનાં નીઆએગાનોમાં જણાયલાં હતાં તેમા

સૌથી પુર્વે હપ્ત હિંદુ યાને પંજાબ આગલની સાત નદીઓ આગલ આવેલો હિંદુસથાનનો ગરમ દેશ આપણી નજરે પડેછે; દક્ષિણે હરખહતી યાને આરાકોશીઆનાં રલીઆમણાં મેદાનો આપણું ધ્યાન ખેંચેછે; ઉતરે આરીઅનવેજ (ઇરાનવેજ) ને છેક પશ્ચિમે રઘ (રગે) શેહર આગલ આવી વંદીદાદ વાલો પોતાની ગણત્રીમાં અટકી જાયછે. તે શિવાય વેકેરેટ યાને દરંગીઆના એટલેજે શીસ્તાન, શુગ્ધો, બાખદી (બલખ), મુરૂ (મરવ) યાને મુરગોનો દેશ, હરોયું, જેને હાલ હેરાત તથા ખીલારોકા હરફોમાં હરીવ કરી કહેલું છે, વેહેરકાન (ગુરગાન), યાને વરૂઓનો દેશ ઇત્યાદી. હવે રગે શેહર મીદીઆ દેશની પુર્વે બાજુએ આવેલું છે માટે અગબતાના જેવું મીદીઆ દેશનું ઘણું પુરાતન પાએતખ્ત શેહર જો અવસ્તા વાણીના જમાનામાં હૈયાત હતે તો વંદીદાદવાલો તેનું નામ આપવા પણ ચુકતે નહી. એ અગબતાના શેહેરનો ઇશુની સાતસો વર્ષ પુર્વે પાયો નખાયલો હતો, એમ ગ્રીક ગ્રંથકારો ઉપરથી આપણને સાબીતી રોશનછે, અને મીદીઆ દેશ ઇશુની પંદરસો વર્ષ પુર્વે સારીકાની માલમ હતો એમ જેનેસીસની પોઠીમાં જણાવેછે. આ ચોઠી ખરી તવારીખને લગતા હાલ સુધી ઘણાં અસલી બચી રહેલા દસ્તાવેજોમાં એક ઘણાજ પુરાતન દસ્તાવેજ તરીકે ગણાયછે. હવે બાબીલોન શેહેરનો ઇશુની બે હજાર વર્ષ પુર્વે વખણાયલા પાદશાહ નમરૂદે (નીમરાદે) સપર પેહલીવાર પાયો નાખ્યો હતો અને એજ અરશામાં જુંહના તખીરા અસરે, આસીરીઆ જેવાં જબરદસ્ત રાજયનાં પાએતખ્ત શેહર નીનેવેહનેબી પ્રથમમાં વસાવ્યું હતું એમ પુરાતન ઇતિહાસ રચનારાઓ જણાવી ગયાછે.

ત્રીજી ઘણી કવિ અને મજબુત બુરહાન એછે જે નુહ (નોહા)ની મોટી રેલ જેથા ઇશુની સાડીત્રેવીશસો વર્ષ પુર્વે આ દુન્યાંની વસ્તી જે પાએમાલ ને ગારદ થઇ ગઇ હતી તે વીસે જરાબી ઇસારો આપણ લોકોનાં ધર્મનાં દફતરોમાં કેડે કરવામાં આવેલો નથી અને વંદીદાદમાંથી કોઇબી સીમેટીક વીચાર મલી આવતો નહીં એટલુંજ નહીં પણ સીમેટીક ટોલાનાં એક દેશનું નામ વટીક પણ આપણાં વાંચવામાં આવતું નથી જેથી એ ટોલાં રાજ પાતોના ધણી થઇ બેસી ચોમેર પૃથ્વી ઉપર વખણાતાં આલ્યાં, તેની આગમજ આપણાં લોકોનાં ધરમનાં મુખ્ય દફતરો રચાઇ રેહેવાં જોઇએ, કેમકે તેઓમાં તે જમાનાના તુરાની તથા હિંદુ યાને દેવ લોકોનાં ટોલાં વીસે જોકે વારંવાર બયાન જોવામાં આવેછે તોપણ સીમેતીક ટોલાંઓ વીસે કશોબી ઇશારો જણાતો નથી માટે અવસતા વાણી રચાઇ તે વેલાએ એ ટોલાં કસી પણ બીસાતમાં નહીં હોવાં જોઇએ, એમ આ મજકુર દલીલ ઉપરથી પુરવાર થઇ શકેછે. ઘણા કદીમ જમાનાથી તે હાલવેર દર પાણશો હજાર વરસે કુદરતના ભયંકાર બનાવો જેવીકે આગ, રેલ, મોટાં તોફાનો ને સખ્ત તાપ અને થંડાથી ઘણાંએક દેશો તથા મણુષ્ય જાતની સ્થીતી ઉપર તરેહ તરેહવાર ફેરફારો થતા આલ્યા આવેછે. એટલાજ સબબ ઉપરથી અસલી એરીઅન વતનમાં જયારે વરશના નજદીક દશ મહીના ઉપર શીઆલો રેહેવા લાગ્યો ને ત્યાંની આબો હવા માણસ જાત તથા જીવજંતોથી બરદાસ્ત નહીં થઇ શકે તેવી થવા લાગી ત્યારે વંદીદાદમાં જણાવ્યા મુજબ પાદશાહ જમશેદ ઉપર એ વતન જલદીથી છોડી જઇ દખણ તરફનાં દેશોમાં એક મોટો ગોફો યાને શેહેર બુ-

નાવી રાખવા તથા તે જગો તરફ જલદીથી મોટાં તથા શેહામનાં નર નારીઓનાં તોખમો તથા સઘલી જાતનાં સોહામનાં ચોપગાં જાનવરોનાં તોખમો અને ઘણાંજ ઉંચા તથા ઘણાજ ખુશબોદાર ઓરવરોનાં બીયાં લઇ જવાનો તરત હુકમ નાઝેલ થયો કે તેથી આ હાડમંદ દુન્યાંની સઘલી એરીઅન વસ્તી જમેસ્તાનની બેહદ થંડીને લીધે હારમાર ને પાયમાલ થતી બચી શકે. જમશેદનાં વસાવેલાં આ શેહેર વીશે તખતે જમશીદ નામ ગોયા હજુર સુધી એક જીવતો જેવો નમુનો છે કે તેવા રલીઆમણાં શેહરની અસલી ઇમાદદારેત ઉપરથી પારસીઓના વડીલોએ ફારસીસ્તાન પ્રાંતમા આવી વાસો કર્યો બાદ ત્યાંના પાયેતખ્ત શેહેર પરસીપોલીસનેબી એક યાદદાસ્ત તરીકે એ નામ પ્રથમમાં આપ્યું હોય તો તેથી આપણે કાંઇ ઘણા આશ્ચર્ય થઇ શકીશું નહીં. અવસ્તા વાણીનો જમશેદના ગુફાનો આ વિચાર નુહ (નોહા) ની કિસ્તીના આકારમાં સીમેતીક ટોલાંઓના ધર્મનાં દફતરોમાં વતીક નકલ થયલો જણાયછે, તફાવત માત્ર એટલોજ છે કે જેમ શીઆલાની બેહદ થંડીથી આરીઅનોની વસ્તી ચોમેર પૃથ્વી ઉપર વિખરાઇ ગઇ તેમ નુહ (નોહા)ની જબરદસ્ત રેલ તથા તોફાની વાવુથી સીમેતીક ટોલાંઓબી પછી દેશદેશ પરાગંદે થઇ ગયાં હતાં. તોરાત અને ઇનજીલનો આ વિચાર અસલમાં આપણ લોકો ઉપરથીજ નકલ થયો જોઇએ તેની ગવાહી નુહ એ નામજ ગોયા આપણને દેખાડી આપેછે, કેમકે એ વિશેશ નામનું મુલ સીમેતીક ભાષાઓના કોઇબી ધાતુમાંથી નહીં પણ આરીઅન ભાષામાં ન અથવા નક્ષ યાને પાણીમાં વાહણને લઇ જવું એવો જે એક ધાતુછે તેમાંથી મલી આવેછે અને જે ઉપરથી ફારસી નુસ (પીવું,) લાટીન શબ્દ નેવીસ અને સંસ્કૃત નૌ તથા જરમન નાઅન (વાહાણ) તથા નાસ એટલે કે ભીનું એવા શબ્દો પછી ભાષા શાસ્ત્રના કાયદા મુજબ ઉપજ થયલા છે. હવે મુસાઇ, ઇસાઇ, તથા મહમદીઆન લોકોના એતેકાદ મુજબ નુહની પછી તેના છોકરાઓ જે આ હાડમંદ દુનીઆમાં પંઠરાવા માંડયા તેમાં તે લોકોએ પોતાના વડીલ સામને પોતાનાં ટોલાંની બુજરગી વધારવા નુહના વડા છોકરા તરીકે જો કે ગણેલો છે તો પણ જયારે તેની ઓલાદનાં નાંમો આપવામાં આવ્યાં છે ત્યારે જેનીસીસની પોઠીના દશમાં બાબમાં જાફેત ઇઆને આરીઅનોના નીઆએગાનોને સપર પેહલો ભાઇ કરી ગણ્યોછે યાને માણસ જાતની વસ્તીઓમાં સીમેટીક ટોલાં કરતાં આરીઅનોને ગોયા વધારે પુરાતન કરીને ગણેલા છે. અસલી યુનાનીઓનાં ધર્મ પુસ્તકો તરફ નેગાહ કરતાં એસિઆના બાવંડ (વર) જપીતાસ (જાફેત) નેબી મનુષ્ય જાતના બાપ તરીકે કહેલોછે જે ઉપરથી મારી ઉપલી ગણત્રીને વધારે મજબુતી તથા તકવીઅતપણું મલતુંજાય છે.

ચોથી મોટી દલીલ એછે જે અવસ્તા વાણીમાં ઘણીએક નદીઓ વીશે જે બીઆનો આપવામાં આવ્યાં છે તે સઘલી નદીઓ હાલનાં તાતાર દેશની ઉગમન તરફની શરહદ આગલ આવેલીછે. તેઓમાં ઇરાનની આથમણ તરફનાં કિનારા ભણી આવેલી બે મોટી વખણાએલી નદીઓ જેવી કે દજલા (ટાઇગ્રીસ) તથા ફરાત (યુફ્રેટીસ) નાં નામો જોવામાં આવતાં નથી, એટલુંજ નહી પણ મીસર દેશની પેલી વખણાએલી નાઇલ નદી જેને ઉગમન પ્રાંતના ગ્રંથકારો દરીઆએ નીલ કરીને નામ આપી ગયાછે તે તથા હિંદુ

લોકોની મોટી તીર્થની જગાઓ જેવી કે ગંગા અને જમનાં નદીઓ વીશેની કશો ઇસારો કરેલો જણાતો નથી. આ માંહેલી ગંગા નદી પ્રોફેસર મેક્ષમુલરનાં જણાવ્યા મુજબ હિંદુ જેવા બુતપરસ્ત લોકોમાં મશુની ઓછાંમાં ઓછી તેરશો વરશ પુર્વેતો મોટી વખાણાએલી તીર્થની જગા તરીકે જણાએલી હતી ને એ લતા તરફ કેટલાએક અગતનાં નવાં નવાં શેહેરો વસાવી હિંદુ આરીઅનોએ મોટું જાહોજલાલી ભરેલું રાજપાટ પોતે સંપાદન કરેલું હતું. એ શેહેર કનોજનાં નામથી હજુરવેર મશહુર છે જેને આગલા ગ્રીકો કેનોગાઇજા કરી લખી ગયાછે તથા વાન બોહલનનાં કેહા મુજબ જેનીસીસની પોઠીમાં ઇનાક (ખનાક) કરી કેહેલું છે. સિંધુ નદી આગલનાં દેશોમા હિંદુઓ આવી વસીઆ બાદ તાંહાંનાં અસલી તુરાની રેહેવાસીઓ જેઓને વેદમાં દાસીઆસ કરી લખેલા છે ને જેઓને કેટલાએક ગ્રંથકારો કુશાઇત કરી પણ કેહેછે તેઓને હાંકી કાહાડી છેક ગંગા અને જમનાં નદી ભણીનાં દેશો તરફ પોતાની શલતનતને વધારતા જતાં નજદીક હજાર બારશો વરશનો બીજો મોટા જમાનો ગુજરી જવો જોઇએ એમ શંસ્કૃત ભાશાનાં ઘણાએક માભારત અસલી દફતરોનાં ઓહોલાં લખાંનો ઉપરથી હાલનાં યુરોપના કેટલાએક ફાજેલ વિદ્યાર્થીઓ વિચારેછે. પરોફેશર મેક્ષમુલર કેહે છે જે અસલમાં વેદનાં શલોકો સિંધુ નદીનાં કીનારા આગલનાં દેશોમાં આવી રેહા બાદ હીંદુઓનાં નીઆએગાંનોએ રચીઆ હતા. એ શલોકોમાં ગંગા નદી વીશે કશુંએ જણાવેલું નથી તેનું કારણ એછે જે તે વેલાએ હિંદુઓએ છેક એ નદી ભણીનાં દેશો શુધી પગપેસારો કરેલો ન હતો. હવે વેદમાં હજરત જરથોસ્તને ઇંદરના દુશમેન તરીકે એક ઠેકાણે કેહેલો છે માટે આ પેગમ્બરના ચેલાઓએ હિંદુઓના વડાલાને બાખત્રીઆની ભુમીમાંથી હાંકી કાહાડીઆ તે હિંગામ ને હજરત ઇસાનાં પેદા થવાનાં જમાનાં વચે નજદીક મજકુર ગણતરી પરમાંણે ઓછાંમાં ઓછો ચોવાશો, પચોશો વરશનો મોટો ગાલો નજરે પરેછે. તે શાથે જારે પંજાબ તરફના લતા ઉપર હારમાર થઇ હિંદુ બુતપરસ્ત ટોલાંઓ આવી પોહોચ્યા તારે તે દેશોની ફલવંત ભુમીઓમાં પાંચ નહી બલકે સાત જુદી જુદી નદીઓ વેહેતી હતી જે ઉપરથી એ જગાને હિંદુઓએ સપ્ત સિંધુ યાને સાત નદીઓનો દેશ કરી કેહેલોછે અને તાંહાંના અસલી તુરાની રેહેવાસીઓને સેનધવ એવું નામ તેઓએ આપ્યુંછે જે ઉપરથી ગ્રીક શબ્દ ઇનદોઆઇ તથા ઇંગ્રેજી બોલ ઇનડીઆ પછી ઉત્પન્ન થએલોછે. હવે હખામની વંશના પાદશાહોનાં દોરમાં પંજાબમાં ફકત પાંચ નદીઓજ વેહેતી હતી તે વાત આપણને આગલા ગ્રીકોનાં દફતરો ઉપરથી સારીકાની રોશન છે; માટે વંદીદાદ ને વેદમાં જણાવેલી સાત નદીઓમાંની બે નદીઓ જેવી કે સિંધુ તથા સતલજ પાછલથી એક મેક સાથે જે જોડાઇ ગએલ.આ છે ને કામને સરનજામ પોહોચતાંતો એક ઘણો મોટો જમાનો તે તરફ ગુજરવો જોઇએ એમ ભુરચણા શાસ્ત્રીઓ કહી શકશે.

પાંચમી ઘણી અગતની તકરાર એછે જે અવસ્તા વાણીમાં હજરત જરથોસતને આરીયેનવેજ જેવાં ઇરાનીઓનાં સહુથી અસલી વતનમાં ઘણો વખાણાએલો કરી લખેલોછે ને અકશર કરી આ પેગંમબરનો જન્મ પણ તેજ વખાણાએલી ભુમીમાં થઓ હતો એવો અર્થ કેટલાએક હાલનાં ફાજેલ જરમન ઉગમણ પ્રાંતનાં વિદયાર્થીઓ

આપણુ લોકોનાં ધર્મ પુસ્તકોની સતા ઉપરથી ઉઠાડેછે. તાંહાંથી એ માહા પુરૂષ આરીઅનોની બુલંદ શેહેનશાહાત જે તે જમાનામાં બાખદી (બલખ) શેહેરમાં જે લઇ જવામાં આવી હતી તે તરફ રવાનાં થાઇ તાંહાંના પાદશાહ કએગુશતાશપને પછી બુતપરસ્તી રશમોનો તીઆગ કરવા ને એકજ ખોદાને મુરતી વગર પુજવાનું કામ શપર પેહેલીવાર આ ઇરાંની ટોલાં સારૂ શિખવ્યું હતું. હવે વંદીદાદમાં જણાવ્યા મુજબ મણુશ જાતની વસતી શપર પેહેલીવાર એક મોહોટી અનજુમનના આકારમાં દાદાર હોરમજદે એજ જગા ઉપર ભરેલી હતી યાને આરીયન ટોલાંઓ ચોમેર પૃથિવ ઉપર પંથરાઇ ગયાં તેની પુર્વે તેઓને આ શપર પેહેલી ભુમીમાં પાક પરવરદેગારે એકઠાં કરી રાખ્યાં હતાં. આ પ્રમાણે જારે આ પેગંમબરનો જન્મ આરીયનોનાં ઘણા અસલી મુકામ ઉપર થયો હોય તારે એવા નરઓતમ શખસનો જન્મકાળથી ઘણાજ કદીમ હીગામ તરફ લઈ જવો જોઇએ. તે શાથે વંદીદાદના ઘણા પુરાનાં લખાંણોની મજમુન ઘણી બારીકીથી તપાશીએછિએ તો તેઓમાં મણુશ જાતની ઘણી ઉનચે દરજજેની સ્થિતી યાને તેઓની માદર જાત યાને અશલી હાલત વિશે વધારે વીસ્તારથી બીઆન અપાએલું જણાએ છે. આપણે સારીકાની જાણીએ છીયે જે હરેક ટોલાંઓ પોતાની શપર પેહેલી હાલતમાં ભરવાડનો પેશો કરી, જાનવરોનો શીકાર કરી, માછલાંઓ મારી, આંમડાનો પોશાક પેહેરી, રખડી રહજડીને પોતાનો વખત ગુજારે છે. પછી જેમ જેમ તેઓની હાલત શુધરતી જાયછે તેમ તેમ તેઓ ખેતીવાડી કરવા, ઘરબાર બાંધવા તથા કપડાં વણવાનાં હુનરો શોધી કાહાડી પોતાની ઇનશાની હાજતો વધારે શુધરેલા ટોલાંઓની રીતભાંત પ્રમાણે પુરી પાડેછે. હવે અસલી આરીયનો ભરવાડનો પેશો કરી, ભટકી પોતાની હાજતો પુરી પાડતા હતા પરંતુ બલખમાં આવી તેઓએ પોતાની સલતનત સ્થાપી તેની થોડુંક પુર્વે તેઓમાંની કેટલીએક વરણોએ જમીન ખેડી ખુરજીગરીનો પેશો અખ્તીઆર કરેલો હતો. એટલાજ શબબ ઉપરથી વંદીદાદમાં આ ઓતમ પેશાની જબજા વખાણ ગાએલી છે. આરીયન શબ્દની ઉતપંતી પણ કેટલાએક જરમન ઓલમાઓ આર ધાતુમાંથી થએલીછે એમ વીચારેછે ને જેનો અર્થ ખેડવું એમ થાએછે કે જે ઉપરથી આપણો ગુજરાતી શબદ હોર બનેલો છે. હજરત જરથોસ્તે એ ટોલાઓની અસલી હાલત ફેરવી તેઓમા બે મોહોટા શુધારા કીધા. એકતો એને બુતપરસ્તી રસમો છોડી એકજ નીરંજન નીરાકાર પરમેશ્વરને નેક મનશની, નેક ગવશની ને નેક કુનશનીથીજ ફકત ભજવુ ને બાજું તો ભરવાડની હાલત છોડીને તેને બદલે ખુરજીગરીનું કામ કરવું. આથી કરી એ લોકોમાં શપર પેહેલીવાર ફાટફુટ પડી ને બે તરાં થઇ ગયાં. જેઓએ હોરમજદી દીન કબુલ રાખી તેઓ બલખનીજ ભુમીમાં પડી રેહા પરંતુ હિંદુના નીઆએગાંનો હઠીલાઈથી પોતાની બાપીકી બુતપરસ્તી રસમોને વળગી રહી એ દેશ છોડી સિંધુ નદીનાં મુલકો તરફ ઉતરી પડીઆ. ઇશ્વર તરફ મણુશ જાતની ફરજ શમજાવતાં, દરેક માણશને પોતાના પડોશીઓ ને પોતાની આશપાશનાઓ તરફ શી શી ફરજો અદા કરવાનીછે તેની ચોકશ સમજન આપીઆ બાદ, બદ વમાશનાર દેવોને નહશાડવા, ખુરજીગરીનાં હથીઆરને અવસ્તાવાંણીમાં ઘણું બેજ કરી વીચારેલું છે કેમકે તેથી મણુશ જાતની હાલત શુધરે

છે, દોલત તથા આબાદાનીનો વધારો થાયછે, આસઆય ફુટેછે, આદમીઓની વરધી થાએછે ને શરવે પ્રકારની બદીઓનો નાશ થતો ચાલેછે.

આગલ આપણુ સાબીત કરી ચુકા છીયે કે હજરત નુહનું નામ વતીક આરીઅન ભાષાનુંછે તથા સેમેતીક ભાષાના કોઇપણ શબ્દ સાથે તે મતલગનો સંબંધ ધરાવતું નથી. આટલુંજ નહીં પણ આરારાતનો વેલો વખણાએલો પાહાડ જેનાં શીખડ ઉપર ઇસાઇ તથા મુસાઇ કોલ પ્રમાણે આ પેગમબરની કિશ્તી પોતાનો કીમતી ખજાનો લાધી આખરે અટકી પડી હતી તે પાહડનાં નામની ઉત્તપન્નતીબી સેમેતીક ભાષાના કોઇ શબ્દમાંથી નહીં પરંતુ ઝંદ જેવી એક આરીઅન ભાષામાં હર એવો જે એક શબ્દછે તેમાંથી મલી આવેછે; જેમ કે ઝંદમાં હરેબેરે જઇતી યાને બુલંદ (ઉંચો) પાહડ જેને ફારસી ગ્રંથકારો કુહે અલબરજ એવું નામ આપી ગયા છે તથા જેની કે તારીફ અવસ્તા વાણીમાં વારંવાર ગવાએલી આપણાં વાંચવામાં આવે છે. એ હરને લગતો શબ્દ અવસ્તામાં ગએરી, સંસકરત ગીરી તથા પેહલવીમાં ગર કરીછે. આ માહેલો છેલો શબ્દ આપણી ગુજરાતી ભાષામાંબી પાહડ સારૂ વપરાય છે, જેમકે વલસાડની પડોશના એક પાહડને આપણા મોબેદો હજુરવેર પાંદરોગર કરીને કેહેછે. તે શાથે જુનાંગર, ગરનાર તથા કપરગર જયાં બુધનાં નાંમીચા ચેલા અને હીમાએતી પાદશાહ અશોખનાં મહાભારત કોતરકામો આવ્યાંછે તે શહ્રલાં વીશેષ નામોમાં પણ ગર એવું આ મજદુર પેહેલવી મુલ તત્વ આપણાં જોવામાં આવેછે. હવે આરારાત પાહડના નામમાં ઉપર જણાવ્યા પ્રમાણે હર એવું જે ઝંદ મુલ આવેલુંછે તે બારીક શોધ વીસે અશલમાં આપણે ડાકટર સ્પીગલના આભારી થએલા છીયે કેમકે તે ઓલમાએ પરથમમાં આ ઇસારો પોતાના "ઇરાન દાસ લાંડ" નામનાં એક જરમન પુસ્તકમાં કરેલો છે.

ચાલો ફરીને આપણે હવે જેનીસીસની પોઠી તરફ જરા નેગાહ પોહચાડયે. આ પોઠીમાં આ સરસ્તીની પેદાસ વીસે જે વીભાગો આપેલા છે તે પેહલવી બુંદેશમાં જણાવેલા વીભાગો સાથે અકસર કરીને એક મલતા આવેછે માટે એ બંધે કોઠા એક એકની નીચે ટાંકી બતાવ્યે છીયે કે વાંચનારાઓ એકી નગરે તેઓ વચેનો સંબંધ જોતાંને વાર તરતજ કળી શકે.

બુંદેશ પ્રમાણે.

અસરતારીકશ યાને બેહદ અંધારૂં.

૧ લા ધંબારમાં—આસમાન સેતારાઓ સાથે.
૨ જા „ બીઆં યાને પાણી પેદા કીધું.
૩ જા „ જમીન.
૪ થા „ ઓરવર.
૫ મા „ ગોસપંદ.
૬ ઠા „ મરદુમ યાને માણસ.

જેનીસીસ પ્રમાણે.

પરમેશ્વંર — ઇશ્વરનો અરવાહ પાંણી ઉપર ફરતો.જમીન બીનઆકાર તથા ખાલી.

૧ લે દિવશે—અજવાલાંથી અંધારૂં છુટું પાડયું.
૨ જે „ આકાશથી પાણીને છુટું પાડયું.
૩ જે „ જમીન ને ઘાંસ તથા નાહાનાં રોપાથી ઘાંકી.
૪ થે „ આકાશપર બે મોહોટી રોશની તથા શીતારાઓ ઉત્તપન્ન કીધા.
૫ મે „ પ્રાંણીઓ.
૬ ડે „ આદમ યાને માણસ.

આપણ જરથોસ્તી લોકોના એતેકાદ

પ્રમાણે હોરેમન યાને શેહતાનને દાદાર હોરમઝદે મીનોઇ જેહાંનમાંથી જયારે હાંકી કાહડયો ત્યારે આ ગેતી યાને દુન્યાને રસ્તે દોજખ તરફ પસાર થતાં પરથમમાં આ જહાનમાં તેણે સઘલું "અસરતારીકશ" એટલે વગર હદનું અંધારૂં જોયું. પારસીઓના ન્યાગાનોનો આ વીચાર અફલાતુનના ફીલસુફીમાંથી નકલ થએલો જણાએછે કેમકે આ યુનાની ઉસતાદ આ દુન્યામાં સઉથી પેહલાં સઘલે "કેઓસ" યાને અંધારૂં હતું એમ જણાવી ગયો છે. હવે હોરેમને જયારે એકેકાણે સઘલે અંધારૂં દીઠું ત્યારે ખુશી થઇ પોતાનીજ આખરે ફતેહ થઇ ચુકીછે એવો તેણે મનમાં ગર્વ ધર્યો જે ગર્વને તોડવા પેહલા ધંબાર યાને દોરમાં દાદાર હોરમઝદે પછી "સપહેર" યાને આસમાનને સેતારાઓ સાથે પેદા કીધું કે તેથી પેલું અંધારૂં જલદીથી નાબુદ થાએ; બીજા ધંબારમાં મીઆં એટલે પાણી; ત્રીજા ધંબારમાં જમીન; ચોથા ધંબાર યાને દોરની ફસલની વેલાએ ઓરવર એટલે ઝાડ પાન, પાંચમા ધંબારમાં ગોસપંદ, તથા છઠા અને છેલા ધંબાર યાને દોરની ફસલમાં માણસ જાતને ખાકમાંથી બનાવી તેનાં કાલબુદમાં નુરે યાને નુર એટલેજે જાન મેલ્યો.

બાવા આદમ જેને આ ઉપરથી ગીલશાહ યાને ખાકનો પાદશાહ કરીને કહેલો છે તેની ઉત્તપતતી વીસેનો આપણુ લોકોનો જે એતેકાદ છે તેવોજ એતેકાદ મુસાઇ લોકોનોબી છે. ફરક માત્ર એટલોજ છે કે આપણાં લોકો કહેછે કે પેલાં કાલબુદમાં નુર મોકલ્યું પણ યાહુદીઓ કહેછે કે તેમાં પછી પોતે દમ ફુકયો, કે જેથી માણસ એક જીવતો આત્માં થયો."

સરસ્તીની પેદાશ વીશેનો અવસ્તાવાણીનો આ હેવાલ ઇસાઇ તથા મુસાઇ લોકોનાં ધર્મનાં પુસ્તકોના હેવાલ સાથે કેટલેક દરજજે આ પ્રમાણે મલતો આવેછે એટલુજ નહી પણ યુફ્રેટીસની ખીણમાં ઘણુંજ પુરાતન એસીરીઅન તથા બાબેલોનીઅન જેવાં સેમીટીક ટોલાંઓમાં વટીક એવી દંતકથા ચાલુ હતી એમ નામીચો અસલી બાબીલોનીઅન ઇતીહાસ કર્તા બેરોસસ જણાવી ગયોછે. વલી હાલમાં એક ઘણોજ પુરાતન બીલારોકા હરફોનો એસીરીઅન લેખ જે હાત લાગ્યોછે તે સાથેબી આ હેવાલ કેટલેક દરજજે મલતો ઊતરેછે. એ લેખ ઇશુની સાતસો વરશ પુર્વેનો કોત્રાએલોછે અને એની પેહલી તખ્તોની શરૂઆત આ મુજબ થાએ છે, જે એક નમુના દાખલ અંતરે આપયે છિયે:—

"જયારે ઉચે આસમાનો ઉથાવ્યાં નહતાં અને નીચે જમીન ઉપર એક રોપો ઉગ્યો નહી હતો તથા ભીતરમાં એક બોજ પણ પેદા થયલુ ન હતું ત્યારે તીઆમત યાને દરીઆનાં અંધારાંમાંથી એ સઘલું ઊતપન્ન થયું હતું. સઉથી પેહલાં તેઓ (દરીઆ)નાં પાણી મુકરર થયાં પણ હજુ તો એક ઝહાડબી ઉગ્યું ન હતું તથા એક ફુલબી ખીલ્યું ન હતું. તે વેલાએ દેવતાઓએ કાંઇબી ઊત્પન્ન કીધું હતું નહી, એક રોપો પણ ઉગ્યો હતો નહી, અને સઘલું અંધાધુંધી હાલતમાં હતું. દેવતાઓજ માત્ર પેદા થએલા હતા, અને તેઓએ ઉપદેવતાઓને પેદા કરી ઉધાર્યા હતા. આકાસની બુલંદી તથા જમીનની પસ્તી યાને નીચાઇ હતી તથા દહાડાઓનો દોર હતો અને લાંબો જમાનો ગુજરી ગયો હતો." ત્યાંબાદ આસમાન તથા જમીનની ઊત્પન્નતીનો સઘલો હેવાલ વીસ્તારીને આપવામાં આવ્યો છે જે કે માણસની હસ્તી વેર આવીને પછી ખતમ થાએછે.

હવે મી૦ ટોમસ પેન નાંમનો એક ચંચલ અમેરીકન ગ્રંથકર્તા આપણને સપર પેહલાં એવો ઇસારે કરી ગયો હતો કે માઝદીઅસનાન ટોલાંના આ અસલી એતેકાદની મકસદ બરાબર નહીં સમજયાથી તેમાં કાંઇ જુજ ફેરફારો કરીને મજકુર કોઠામાં ટાંકી દેખાડયા મુજબ તોરાત તથા ઇનજીલવાલાઓએ પાછવાડેથી પોત પોતામાં તે એતેકાદોની નકલ કરેલી છે. આ બોલવાની સાબીતી એકદમ બાહલ રાખ્યા આગમજ આપણને બુનદેશના જમાના તરફ સપર પેહલાં જરા નેગાહ પોહચાડવી જોઇએ. ખરૂં છે કે એ પુસતક સાસાની પાદશાહોના દોરમાં તે જમાનાની ચાલુ પેહલવી ભાષામાં રચાએલું છે પરંતુ અવસ્તાવાણીનાં કોઇ ઘણાં અસલી પુસ્તક ઉપરથી તે બનેલું છે તે વાતમાં તો આપણાં મનમાં કશીબી શક રેહતો નથી કેમકે શરૂઆતમાંજ એ પુસ્તકનો રચનાર "ઝંદ આકાસ" યાને ઝંદ આધાણી એવે નામનાં કોઇ ઘણાં કદીમ પુસ્તકનો પોતે આભાર કબુલ કરે છે, જે પુસ્તક હાલમાં તદનજ ગુમ થઇ ગએલું છે. વલી ધ્રંબારની આફરીનમાંબી એવોજ હેવાલ આબેહુબ નકલ થએલો આપણાં વાંચવામાં આવેછે, માટે આ બંધે રીસાલા રચનારાઓએ અવસ્તા વાણીનાં કોઇ અસલી દફતરમાંથી આ પ્રમાણે પેહલવી ભાષામાં ઉતારા કરેલાછે એમ તરત માલમ પડી આવેછે. તે સાથે ભુગોલને અર્થેબી મારાં આ મજકુર બોલવાને વધારે ટેકો મલી શકે તેવુંછે, કેમકે બુનદેશમાં જણાવેલી ભુગોલ ઘણી જુની હોય એમ ભાસેછે. કાંશએ-રૂદ જાંહાંથી શોસીઅસ હવે પછી પેદા થનાર છે તે નદીનું નામ વંદીદાદની છેક ૧૯ મી પરગરદમાંથી પણ મલી આવેછે, માટે આ પેહલવી દફતરમાં જણાવેલી ભુગોલ કલ્પિતછે એમ જે ડાકટર હાઉગ વિચારેછે તે વિચારને જાહાજો ટેકો મલી શકતો નથી ખરૂં છે કે બુંદેશમાં આપેલાં કેટલાંક નામો હાલનાં અવસ્તામાં આપણા જોવામાં આવતાં નથી પણ તેનું કારણ એછે કે જયારે એ દફતર રચાયું ત્યારે હાલ થાને વધારે નુશકો બચી રહેલા હતા જેમાંના ઘણાખરાઓ હજુરવેર આપણી શોડે બચી નહીં રહ્યાથી ગુચવારો લાગેછે ખરો, પણ બુંદેશવાલાએ એ નામો હાથે કરી ગોઠવી બેસાડયાં હોય તે થપકો તેના ઉપર લાગુ પાડી શકાતો નથી, કેમકે તેમ કરવામાં તેની મતલબ કાંઇ માલમ પડતી નથી. અરનેસ્ત બુનસન આ પેહલવી પુસ્તક પાદશાહ કુરઉસ (સાઇરસ) નીબી પુર્વે રચાવું જોઇએ એવો જે પોતાનો અભિપ્રાય આપેછે તે વિચાર એની એબારતબંદી ઉપરથી પણ વધુ નવી દલીલ મલે નહી ત્યાં સુધી, આપણાથી એકેદમ બાહાલ રાખી શકાતો નથી. આટલું તો ચોકસ કહી શકાએછે કે એ દફતર અવસ્તાવાણી ઉપરથીજ નકલ થએલું છે. એમછે તો પારસીઓનો દુન્યાની પેદાશ વિષેનો આ એતેકાદ યાહુદીઓ, જયારે શપર પેહલાં તેઓના સંબંધમાં આવ્યા ત્યારે, તોરાતમાંબી નકલ કરી ગયા છે એમ બોલવું કાંઇ બેજા કેહવાશે નહીં, કેમકે આતો ચોકસછે કે આપણાં લોકોમાં કેઆમતના દાહડા વીષે જે વીચાર ચાલુછે તેજ વીચાર યાહુદીઓએ અસલમાં આપણ ઉપરથીજ લીધેલોછે, કેમકે કુરઉશની પુર્વેનાં તેઓનાં લખાનોમાંથી તેવો વીચાર કેડે જોવામાં આવતો નથી. એક વખત એવો હતો કે આ દુન્યાની પરથમ પેદાશ વીસેનો આપણ લોકોનો આ એતેકાદ મુસાઇ લોકોમાંથી નકલ કરવામાં આવેલો છે એમ ઘણાખરા એોલમાઓ ધારતા હતા, કેમકે તે વેલાએ હજરત

જરથોસ્તનો સને ઇસુની ફકત પાનશો વરસ પુર્વે મેલાએલો હતો પરંતુ એ સને હવેતો હાલની નવી શોધો ઉપરથી તેથોબી ઘણોજ પુરવે ગયોછે, માટે શું દેશવાલાનાં કેહવા પ્રમાણે ઝંદ પુસ્તકોમાંથી એ સઘલું બયાન જયારે તેણે નકલ કરેલુંછે ત્યારે તો એ અસલી વીચાર બાખત્રીઆની પુરાની પારસીઓની સલતનત વેલાએ આરીઅન લોકોમાં ચાલુ હોવો જોઇએ, કેમકે આ વાત હવે ચોકસછે કે અસલી બાખત્રીઅનોના જમાનામાં ત્યાંના આપણા નેઆએગાનો અવસ્તા ભાષા બોલતા હતા. ઇસુની બીજી સદીની આખરીમાં થઇ ગએલો ડાએોજીનસ લેઆરશીઅસ નામનો એક વખાણાએલો ગ્રીક ગ્રંથકર્ત્તા, કલીઆરકસ તથા બીજા પોતાંની પુરવે થઇ ગએલા ગ્રીક લખનારાઓની સત્તા ઉપરથી એમ જણાવી ગયોછે કે "માજદીઅસનાન (મેજાઇ) લોકોમાંથી જીમના સોફીસતો યાને નાગા ફીલસુફો એટલે કે બ્રહામણો ઉતપન્ન થએલાછે તથા યાહુદીઓબી તેઓમાંથીજ નીકલેલા છે" યાને જરથોસ્તીઓ અસલી અને યાહુદીઓ નકલી છે. આ ફકરાથી પણ મજકુર વીચારને તવારીખને અરથેબી વધારે મજબુતી મલે તેવુંછે.

અવસ્તાવાણીનાં પુરાતનપણાં વાસે છઠી ઘણી મોતેબર દલીલ એ છે જે મીસર દેશની ઘણીજ કદીમ અને જબરદસ્ત શેહનશાહત, જયાંના એક પાદશાહે ઘણાજ અસલી જમાનામાં છેક હીંદુસ્થાન ઉપર પણ શવારી કરી હતી તથા જયાનાં મેમફીસ અને થીબસ જેવાં વખાણાએલાં શેહરોની તારીફ ઇસુની એક હજાર વરસ પુરવે તો ચોમેર પ્રથવી ઉપર ફેલાઇ રહેલી હતી એમ હોમર વગેરે બીજા ઘણાએક વખાણાએલા પુરાતન યુનાનીઓનાં લખાનોથી આપણ આજ પણ સારીકાની રોસન છીએ તે દેશની હશતી વીસે એક હરફ પણ આપણ લોકોના ધર્મનાં દફતરોમાં કેડેબી જોવામાં આવતો નથી, એટલુંજ નહીં પણ સીકંદર પાદશાહનો પેલો નામીચો શીક્ષાગુરૂ રોસન મગજનો અરસતુ વટીક ફીલસુફી ઉપર લખેલા પોતાના એક કીમતી ગ્રંથના પેહલા બાબમાં સાફ ખુલી રીતે જણાવી જાએછે કે "માજદીઅસનાન લોકો મીસર દેશના રેહવાસીઓ થાનેબી ઘણાજ વધારે પુરાતનછે." સેમેટીક ટોલાના ધર્મનાં દફતરોમાં એ દેશ વીસે વારંવાર બયાન આવેલું આપણા જોવામાં આવેછે અને ત્યાંના હોમરે અમર કરેલા શો દરવાજા વાલાં થીબસ શેહરની તારીફનાં બાંકાં તથા ફરાહુન પાદશાહોની ફતેહમંદ કારકીર્દીનાં નગરાંના આવાજો જે આપણે કાને પોહોછે તે ઉપરથી ચોકસ રીતે પુરવાર થાયછે કે ઇબ્રાહીમ પેગંમબરની પુરવે એ દેશ સારીકાની પ્રખ્યાત હોવો જોઇએ. હીરોદોતસના જમાનામાં ત્યાંના બુતપરસ્ત ધર્મના ઉપાસીઓ પોતાની ઉત્પંત્તી અગીઆર હજાર વરસો થાનેબી વધુ પુરવેની જણાવતા હતા પરંતુ જયારે એ દેશ પારસીઓ સોડેથી બુલંદ એકબાલના સીકંદર પાદશાહના તાબા હેઠલ આવ્યો ત્યારે તે જમાનાનો એક વખાણાએલો મીસરી ગ્રંથકર્ત્તા નામે માનીથો જેણે પોતાનો ઇતિહાસ યુનાની ભાષામાં રચ્યો હતો તે આ મજકુર ગણત્રીમાંથી કેટલાએક ટકા બાદ કરી આટલીતો ચોકશ ગણવી આપી ગયોછે કે તેની પુરવે પાંચ હજાર વરસો આગમજ એ દેશની અસલી પાદશાહત હસ્તીમાં હોવી જોઇએ અને જે ગણત્રીને ત્યાંના કદીમ પાદશાહોનાં બનાવેલાં ગંજાવર મુકામો તથા કોતરકામો જે હજુર સુધી વખતની જાલમ ચુંગાલના હાતમાંથી બચી શકયાંછે તેથી પણ આજ કેટલીએક પુષ્ટિ મલી શકેછે.

આહરીઅનેમ વએજો જેવા ઈરાની ટોલાંઓનાં અસલી વતનની આબોહવામાં વંદીદાદમાં જણાવ્યા પ્રમાણે જયારે એકાએક મોટા ફેરફાર થઇ ગયો અને પાદશાહ જમશેદ તથા ફરેદુનના જમાના પછી તમામ આરીઅન ટોલાંઓ સપર પેહલીવાર ચોમેર પૃથ્વી ઉપર પથરાવા માંડયાં ત્યારે જયાં જયાંબી તેઓ વીખરાતાં ચાલ્યાં ત્યાં ત્યાં તેઓ તુરાની ટોલાંઓના સંબંધીમાં આવતાં ગયાં. આ ઉપરથી આટલું તો ચોકસ થાયછે કે આરીઅન ટોલાંઓ આગમજ તુરાની ટોલાંઓ ચોમેર પૃથ્વી ઉપર ફેલાઇ ગયાં હતાં જે વાતને ચીન્ની તથા પીરૂની ભુમીઓમાં તાંહાંનાં અસલી તુરાની રેહેવાસીઓને હાથનાં બનેલાં વાસણોની ખપછી ઉપરથી વઠીક ટેકો મલી શકેછે. ભુશાસ્ત્રીઓ યુરોપ તથા અમેરીકાની ભુમીમાં મણુષ્ય જાતની વસ્તી જરવાને અફરને યાને ઘણાજ જેફીનાર જમાનાથી ચાલતી આવેલીછે એવા ઘણાએક મોતેબર દાખલાઓ હાલમાં નવા શોધો પરમાણે આપણી નજર આગલ ધરે છે. ડાકટર લાઇલ જેવા નામીચા ભુરચના વિદ્વાંથી મણુષ્યંજાતનાં હાથથી બનેલી કેટલીએક પકવેલી ઇટરડીઓ મીશર દેશની જમીન ખોદતાં છેક ભીતરમાંથી જે મલી આવેછે તેનાં ઘણાએક આશ્ચર્યકારક દાખલાઓ પોતાનાં ગ્રંથમાં આપી જાયછે. તેઓમાં એક દાખલો એવો છે જે લીનાન બે નામનો એક મીશરી કનટ્રાકટર નાઇલ નદીના એક કીનારા આગલ ખોદની કરતાં જમીનની છેક ૭૨ ફીટ ઊંડાઇની અંદરથી આવી એક ઇંટરડી મેલવી શકીઓ છે. દરીઆને કીનારે આવેલી એ તરફની જમીન ઉપર મોસીઉ રોઝેરની ગણત્રી પ્રમાણે હડી ઇંચ ભર જમીનનો પોપરો બંધાતા બરોબર શો વરશ થાયછે; માટે આ અવલોકન ધ્યાનમાં લેતાં તો બોહોતેર ફીટ જમીનનો પોપરો તે તરફ એ ઇંટરડી ઉપર બંધાઇ રેહેતાં તો નજદીક તીસ હજાર વરસ થાનેબા મોટા જમાનો ત્યાં ગુજરી જવો જોઇએ યાને આદમજાતની વસ્તી ત્રીસ હજાર વરસો પુર્વેબી હતી એવું આ ઇંટરડી રોશન રોજની માફક ગોપા પુરવાર કરી શકે છે. ડાકટર દાનીઅલ વીલશન નામના બીજા એક મોટા અમેરીકન ભુરચનાશાસ્ત્રીને, મીસીસીપી નદીના કીનારા આગલ નીઉઆરલીન શેહેરની પડોસમાં જમીનની છેક અંદરથી મણુષ્યજાતનું એક આખું હાડ તે તરફની ભુમી ખોડતાં હાથ લાગુંછે જે ઉપરથી એ નદીના કીનારા આગલ ૫૭,૦૦૦ વરસો પુરવે મણુષ્ય જાતની વસ્તી હોવી જોઇએ એમ ડાકટર બેનેટ ડાઉલરની સતા ઉપરથી એક બીજો મોતેબર દાખલો તે જણાવી જાયછે. સરવના ઝાડોનાં ઉપરાસાપરી દટઇ ગએલાં ચાર મોટાં જંગલોના એક એક ઉપર બંધાઇ ગએલા પોપડાઓની છેક સોલ ફીટની ઊંડાઇ હેઠલથી કેહેછે જે એ આખું હાડ હાથ લાગેલું છે. પ્રોફેસર મદજ નામનો બીજો એક અમેરીકન ભુશાસ્ત્રી આપણી પૃથ્વી જયારે ગલેશીઅલ યાને પખ એટલે જે બરફનાં દોરમાંથી પસાર થઇ તે દોરની આખરી વેલાએ પણ માનવી જાતની હસ્તી હતી એમ જે કેટલાએક ભુશતર વિદ્યારથીઓ વીચારેછે તે વીચારને આધારે કેટલીએક નવી નવી શોધો ઉપરથી આદમીજાતની ઉતપત્તી છેક બે લાખવરશની વાત ઉપરબી હોવી જોઇએ એવી કેટલીએક માઆકુલ દલાલો રજુ કરી જાયછે. તે કેહેછે જે મીસીસીપી નદીના કીનારા ઉપર બંધાએલા લોકોનાંકાર જમીનના અરવાચીન પોપરાની

ત્રણશે માઇલની હદ શુધીમાં તો દશ મોહોટાં બીઆબાનો એક એક ઉપર એક એક રેતી સાથે આંમેજ થઇ, સીચાઇને ગારદ થઈ ગયલાંછે. કેહેછે જે દક્ષિણ અમેરીકાના ખોરકાં શરોવરની જાતનાં જાહાડો શાથે એ બીઆબાનો માંહેલાં ગંજાવર દરખ્તો એકમલતાં આવેછે ને તેઓ માંહેલાં કેટલાંએક જાહાડોનો બ્યાસ પચીસ ફીટ ઉપરનો જણાએલો છે તથા એક સરોવરની ઉમર તો ૫૭૦૦ વર્ષની અંકાએલી છે. એ દરેક બીઆબાનોને મચતા મચતાં દશ હજાર વર્ષનો મોહોટો દોર ગુજરી જવો જોઇએ. તે શાથે એક બીઆબાનનું ગારદ થવું ને તેનાં ઉપર ફરીને બીજાં બીઆબાનોનાં રચાવાનાં દોરો વચે બીજો તેટલોજ મોહોટો જમાનો નીસરી જવો જોઇએ. આવી ગણત્રી અને તકરાર કોઇબી ઇનશાફની કચેરીમાં રજુ કરી હોય તો પ્રોફેસર મદજ જણાવેછે જે તે કોઇનાં બાપથી પણ હવે ઇનકાર કરી શકાસે નહી * વલી સાઇબીરીઆનાં પ્રાંતમાં તથા યુરોપ અને એસીઆ ખંડમાં આવેલો રૂશીઅનોનો દેશ જેને ફરવરદીન યસ્તમાં "સેરેમનામ દખેનામ" કરીને કેહેલો છે તે દેશમાં થાએલા શોધોને આધારેબી મારી ઉપલી રજુ કરેલી દલીલોને વધારે તવીકઅતપણુ મલી શકેછે. મો૦ જે૦ પોલીઆકાફ જેને રૂશીઅન ઓલમાઓની એક તોલકીએ યારસોલાફ અને વલાદમીરનાં પ્રાંતો ખાતે ગરમીના હીગામમાં ભુશતર વિદ્યાની શોધો શારૂ જે મોકલાવ્યો હતો તે નામીચો મુશાફર અને ભુશાસ્ત્રી એમ જણાવેછે જે એ તરફનાં દેસાવરોમાં એક ગંજાવર ખાઇ ખોદતાં ઘણીજ અગત્યની શોધો મારે હાથ લાગીછે. આ જમીનનાં જે દોરને કે નવા પથરાઓ (નીઓ લીઠીક) નો દોર કરીને ભુશાસ્ત્રીઓ કેહેછે ને જે દોર કે મજકુર યખનાં દોરની પછીનો દોર ગણાયછે તે દોરમાંથીબી માનવી જાતનાં માથાઓની ખોપરી તથા તેઓનાં હાથની બનાવતની ચકમકની ચકચકીત કરેલી હથોરો તથા કુહાડીઓ ઘણાં અશલી જાતનાં હેવાનોનાં અસ્તોદાનો શાથે જથાબંદ આંમેજ થએલી એનાં જોવામાં આવીઓ છે ને જે જાતનાં હેવાનો કે હાલમાં તે લતાઓ તરફ મુતલગ જોવામાં આવતાંબી નથી કેમકે હાલનો આપણો દોર શહરૂ થયો તે પુરવેનાં તો તેઓ શદંતરજ પાએમાલ ને ગારદ થઇ ગયલાં છે. વલી અહીઆંથી સ્વીતઝરલાંદ માહેલી આગલી સરોવરના આકાર રોકી બાંધણીઓ જેવી કેટલીએક જુની લાકડાંની બીઝમાર ઇમારતો વટીક એને મલી આવીઓ છે. આ દોરનીબી પુરવેનો દોર જેને પ્રથમ પથરાઓ (પેલીઓ લીઠીક) નો દોર કરીને કેહેછે તેમાંથીબી મેમોથ, અશલી ગેનદ્દા, તથા ઘણા પુરાતન જાતનાં બલદો (બાસ પ્રીસકસ) નાં હાડકાં શાથે માનવી જાતની બનાવતનાં પથરોનાં ખપશાએલાં ઓજારો વટીક મલી આવ્યાં છે જે ઉપરથી આટલું તો શાબેત થઇ શકે છે જે એ દેશાવરોમાં એ જાનવરોની હસ્તીની વેલાએ માનવી જાતબી હેઆત હોવું જોઇએ. † પરંતુ આ સઘલા દાખલાઓ મી૦ આલફ્રેડ રસલ વાલેસે ઇ૦ સ૦ ૧૮૭૪ માં કરેલી શોધ આગલ કંઇ બિસાત ધરાવતા નથી. આ ધુંધી વિદ્યાર્થી વિલાયતમાં ટોરકી નામની જગા આગલ જે ઊંડો ખોહો આવેલો છે ને જેને કેન્ટ કેવરન કરીને કહેછે તેનાં પણ ઘણાંજ ઊંડા પરો-

* જુઓ "મુંબઈ ગેઝટ" તા૦ ૨ જી જાનેવારી ૧૮૮૦

† જુઓ "લંડન તાઇમસ" (વીકલી એડીસન) તા૦ ૬ ઠી ડીઝેમબર ૧૮૭૮.

નાં છેક હેઠલનાં પરને તલીએથી મનુષ્ય જાતનાં હાથથી બનેલી કારીગરીની જણસો જે મલી આવેછે તે આસરે પાંચ લાખ વર્ષોની વાત ઊપર બનીને પછી ત્યાં આજસુધી દટાઇ રેહેવી જોઇએ એવો ઘણીજ બારીકીથી શોધ કરી આપણી ખાત્રી કરી આપે છે. હવે જબાંન તથા જમીન ભિતર શનાસો માનવી જાતના હાથથી બનેલાં હથિયારો જે જમીનનાં છેક ભિતરમાંથી હજુરવેર આપણાં હાથ લાગે છે તે સઘલાંઓને ત્રણ હિગામમાં વેહેંચી નાખે છે. પેહેલા જમાનાને તેઓ પથ્થરનો જમાનો કરી કહે છે યાને તે જમાનામાં માણસો પોતાના હથિયારો વગેરે, કોઇબી હલકી ધાતુ હાલની માફક તેઓને માલમ નહીં હોવાથી, ફકત પથ્થરમાંથીજ બનાવતા હતા. ત્યારબાદ કાંસાંના જમાના તરફ આપણે આવી પોહોંચે છેએ કેમકે તે વખતનાં લોકો પોતાનાં ઓજારો એ ધાતુમાંથી બનાવતા હતા. તે પછીના જમાનાને લોંહોડાંનો જમાનો કરી કહે છે જે હજુર સુધી ચાલે છે. હવે શાહનામાં તરફ નિઘાહ કરતાં લોહોડું યાતો લોહોડાં જેવી કોઇએક ધાતુ સપર પેહેલીવાર પાદશાહ જમશેદના જમાનામાં હાથ લાગી હતી એમ માલમ પડે છે. મજકુર મી૦ આલફ્રેડ વાલેસ, યુરોપ ખંડમાં કાંસાંના જમાનાનો સને આજથી ત્રણથી ચાર હજાર વર્ષો પુરવે ગણે છે ને તેની આગમજના પથ્થરના જમાનાનો સને તે પાંચથી તે સાત હજાર વરશો થાનેબી વધુ આગમજનો મુકરર કરે છે ગોયા જરવાને અકુરને યાને બેકીનાર જમાનાથી પથ્થરનાં ઓજારો તો માનવી જાતો પોતાના વપરાસમાં લાવતા હતા એમ હાલમાં મુકરર થઇ ચુકેલું છે ને જે વાતને અવસ્તાવાણી વટીક ટેકો આપી શકે તેવું છે. ઊપલી ગણત્રી ઊપરથી તો જમશેદનો સને પણ ચોકસ રીતે મુકરર કરવાનો વખત વટીક ગોયા હવે નજદીક આવી પોહોંચ્યો હોય એમ આપણે કદાચ હિમતથી કહી શકશું; કેમકે આરીયન તોલાંઓ ચોમેર પૃથ્વી ઊપર વિખરાઇ ગયાં તે આગમજ તેઓને લોહોડું માલમ હતું એમ જબાન શનાસોએ પુરતી દલીલોથી હાલમાં સીદ્ધ કરી આપેલું છે કારણ એ જે એ ધાતુને લગતા એકશાન શબ્દો તમામ મુખ્ય આરીઅન ભાષાઓમાંથી મલી આવે છે. જેમકે લાટીન આઇસ યાને કાંસું, ત્રાંબું તથા તેવીજ બીજી ત્રાંબાની મેલવણીથી ઊત્પન્ન થતી હરેક ધાતુ જે ઊપરથી લોહોડાં સારૂ ઇંગ્રેજી શબ્દ આયરન, સ્વીડીશ આઇઅરન, ડેનીશ આઇઇરન તથા જરમન આઇસન ઊત્પન્ન થએલા છે: સંસકૃત આયસ ગ્રીક સીથઆઇરન (સીથીરાન), અવસ્તાઇ અયંગહ જે ઊપરથી ફારશી આહન, પેહેલવી આસીન તથા અરમાની આરકત એવા શબ્દો બનેલા છે. જરથોસ્તી ધરમના એતેકાદ મુજબ બેંકીનાર જમાનાથી મનુષ્ય જાતની વસ્તી આ હાડ મંદ દુનીયામાં ફેલાઈ રહેલીછે તેને ભુરચના તથા ગણીત શાસ્ત્રથી વટીક આ પ્રમાણે મજકુર દાખલાઓપરથી ગોયા સારો ટેકો મલી શકેછે. આ સુંદર બાબદ વીશે કોઈ બીજી વેલાએ આપણે હવે પછી લંબાનથી લખીશું કેમકે આ મેહેલ ઉપર આપણી મજમુન સાથે એ બાબદો ઝાઝો ઇલાકો રાખતી નથી.

હવે અઇરીયનેમ વએજો અસલમાં કયાં આવેલું હશે તે વીશે વિદ્યાર્થીઓમાં જે મુખ્તેલાફ વીચારો ચાલુછે તેમાં એક વીચાર એવોછે જે આરીયનોની આ સપર પેહેલી ભુમી મધ્ય એશીઆ ખંડમાં

બીલુરતાગ તથા મસ્તાગ નામના જે ઉંચા પાહાડો આવેલા છે તે પાહાડોની પશ્ચીમ પોગણ ભણી આપણને ફેડ શોધવી જોઇએ. આ કલ્પનાની વીરૂદ્ધ મેં મારો વીચાર મારી "તવારીખે કદીમ ઇરાન" ના દીબાચાને સફે ૧૮ મે ફુટથી જણાવેલો છે. વંદીદાદની બીજી ફરગરદમાં શાફ જણાવેછે જે જમશેદના એ તરફ બનાવેલા ગોપ્રા મધ્યે છ મહીના રાત અને છ મહીના દાહાડો રેહેતો હતો યાને એક વખત એવો હતો જે ઉત્તર ધ્રુવ તરફ જયાં હજુરખી છ મહીના દાહાડો અને છ મહીના રાત ચાલુ જોવામાં આવેછે ત્યાંની આબોહવા મનુષ્ય જાતથી બરદાસ્ત થઇ શકાએ તેવી હતી પરંતુ તેમાં આજ હજારો વરસો થયાં જે મોટા ફેરફાર થઇ ગયોછે તેની મનમાં ઉતરી શકે એવી સમજ ભુરચના શાસ્ત્રીઓ આપણને સારીકાની આપી શકેછે. ગ્રીનલેંડનુ ટાપુ જે ઉત્તર ધ્રુવની ઘણું નજદીકમાં આવેલુંછે ત્યાંની જમીન ઘણીજ ઉંડી ખોડતાં તેમાંથી છેક "તરશરી ફારમેશન" યાને ઘણાંજ જુનાં પડમાંથી ગરમ દેશમાંજ રહી શકે તેવાં ઝાડોની તારાજ નીશાનો પથ્થરના આકારમાં હાલબી વારંવાર મલી આવેછે. એ ઉપરથી ડાક્ટર લાઇલ વગેરે બીજા ઘણાએક પ્રવીણ વીદ્યારથીઓ આરટીક મહાશાગરમાં એક વેલાએ હવા ઘણીજ માફકશર હતી એમ દાખલા દલીલોથી સીધ્ધ કરી જાયછે, એટલુજ નહીં પણ એક જરમન કપટાનને એ દરીયામાં હાલ નવેક વરસની વાત ઉપર એક એવો ગરમ રસ્તો ચોકસ દીશા ભણી હાથ લાગો હતો કે જેમાંથી વાહાણને વધારે શેહેલાઇથી ઘણુંજ ઉત્તર તરફ લઇ જઇ શકાએ તેવુંછે, માટે વંદીદાદમાં જણાવેલા આરમનોના વીખરાવા વીશેનો આ હેવાલ ઓછામાં ઓછો દસ બાર હજાર વરશને લાગુ પડેછે ને જે વાતને દશાતીર ઉપરથી પણ ટેકો મલેછે; કેમકે અસલી મેહાબાદ ટોલાંનો એટેકાદ એવો હતો જે દશ દશ હજાર વરસે આ દુનીયામાં ભયંકાર તોફાનો થઇ જયાં જમીન ત્યાં દરીયો ને દરીયો ત્યાં જમીન ઉપસી આવે છે ને સઘલે ઠેકાણે આબોહવામાં ગોયા મોટા ફેરફાર થઇ જાયછે. પ્રુરપની ભુમીમાં એવા મોટા ફેરફારો થએલાછે એ વાત મજકુર ભુરચના શાસ્ત્રીઓના પુસ્તકોમાં વારંવાર આપણા વાંચવામાં આવેછે ને જે વીશે કોઇ બીજી જોગ વાઇએ હવે પછી વીગતે બોલવામાં આવશે.

અવસ્તાવાણીનાં અતીશય પુરાતનપણાં વીસે આગલ બીજી દલીલ રજુ કરતી વેલાએ આપણે એવુ જણાવી ચુકયા છેએ જે આસીર્યન તથા બાબેલોન્યનો જેવાં અસલી જબરદસ્ત સેમેટીક રાજયોમાં ઇસુની બે હજાર વરસ પુરવે તેઓનાં પાએતખ્ત શેહરો નીનેવેહ તથા બાબેલાનનાં જે પાયા નખાયા હતા તેવાં નામચીન શેહરો વીસે ઇરાનીઓનાં ધર્મનાં દફતરોમાં કેઠેબી જરાએ ઇશારા કરેલા જણાતા નથી માટે વંદીદાદની જયારે શપર પેહલી ફરગરદ રચાઈ ત્યારે તે શેહેરો હસ્તીમાં હશેજ નહી;જો હતેતો વંદીદાદવાલો તેઓનાં નામો વટીક પણ પોતાની ટીપમાં દાખલ કરવાને ચુકતે નહી. હાલમાં બ્રીતીશ મ્યુઝીઅમ માહેલા પુરાતન લેખો શોધતાં આસીર્યન બીલારોકા હરફોની ઘસાઇ પીસાઇ ગએલી બાર તખ્તીઓનો એક લેખ હાત લાગયોછે, જેને મી૦ જાર્જ સ્મીથે આજ સાતેક વર્ષની વાત ઉપર ઉકલા૦યો છે. * એ તખ્તીઓને ઉકલાવતાં તથા તેઓની મજમુન બારીકીથી તપાસતાં એવું માલુમ પડેછે જે એ દેશના આગલા એક પાદશાહ

---

* જોવો ગ્રાફીક-તા૦ ૨૧ મી ડીસેમ્બર ૧૮૭૨.

અસુરબનીપાલના જમાનામાં આશરે ઈસુ પુરવે ૬૬૦ માં તેઓને નીનેવેહ શેહરમાં કોતરાવ્યામાં આવી હતી કેમકે એ પાદશાહનું જયાં આગલ પુસ્તકખાનું આવેલું હતું ત્યાં આગલથી તેઓ આપણે હાત લાગેલીછે. મી૰ સ્મીથ એમ ધારેછે જે એ તક્તીઓ આતો દેખાઇતું છે જે, કોઇ બીજા અસ્લી દસ્તાવેજ ઉપરથી નકલ કરવામાં આવેલીછે અને જે લેખ ઇસુની ઓછામાં ઓછો સતર સદી આગમજનો બનવો જોઇએ. પરતું સર હેન્રી રાલીનસન તો તેથીબી ઘણોજ આગલ વધેછે ને એ ધુન્ધી વિદ્યાર્થી એવું વીચારેછે જે એસીરયનોનો ખરી તવારીખને લગતો સને આ ઉપરથી ઇસુની ૫૧૫૦ વરષ આગમજનો હવે ગોયા મુકરર થાએ છે અને ઇતીહાસ કર્તાઓ હરેક ટોલાંની સપર પેહેલી તવારીખના જે હીગામને કાંહની કથાનો જમાનો કરી નામ આપે છે તેતો તેથીબી હજુર બીજાં હજાર પંદરસે વરષ આગમજનો ગણાવો જોઇયે; યાને એસીર્યન લોકોનો ખરેખરો અસ્લી દસ્તાવેજ જે ઉપરથી મજકુર તક્તીઓ નકલ થએલી છે તે લેખ યાતો લેઓ, ઇ૰ પુ૰ ૬૧૫૦ થી ૬૬૫૦ વરષના હોવા જોઇએ. એ લેખમાં નુહની પેલી મોહટી ભયંકાર રેલ તથા સરૂષ્ટીની પેદાશ વાસેનો તફસીલવાર હેવાલ આવેલોછે. હવે નુહની રેલનાં તોફાનની વાત સીમેટીક ટોલાંઓમાં આર્યનોની દંતકથા ઉપરથી શા પ્રકારે નકલ થએલી છે તે વીસે આ વીષયની ત્રીજી દલીલ વીસ્તારીને રજુ કરતી વેલાએ આપણે એવું બોલી ગયા છીયે જે વંદીદાદમાંથી કોઇબી સીમેટીક વીચાર મલી આવતો નથી એટલુંજ નહી પરંતુ સીમેટીક ટોલાંનાં એક દેશનું નામ વટીક પણ આપણા વાંચવામાં આવતું નથી એમ હાઉગ તથા બુનસન વગેરે બીજા કેટલાએક જરમન ઉગમન પ્રાંતના વિદ્યારથીઓ વીચારે છે. જો એવુંજ છે તો એસીર્યનોનો "ખરી તવારીખ" ને લગતો સને ઇ૰ પુ૰ ૫૧૫૦ વરષનો જે સર હેન્રી રાલીનસન ધારે છે તેની પણ ત્યારે ઘણુંજ પુર્વેનો વંદીદાદનો પેહલી ફરગરદવાલો લેખ હોવો જોઇએ કારણ એજે, ઇસુની પાંચ હજાર વર્ષ આગમજ તો ગોયા સીમેટીક ટોલાંઓ પગભર થઇ રહેલાં હતાં અને તેમ થયા છતાંબી વંદીદાદવાલાનાતો ગોયા તેઓ જાણવામાંબી આવ્યાં ન હતાં માટે વંદીદાદ ત્યારે તેથીબી વધારે કદીમ અહ્આમમાં રચવો જોઇએ એમ રોશન રોજની માફક આ ઉપરથી સીદ્ધ થઇ શકેછે. તે સાથે આપણા આ બોલવાની સાબેતીમાં બીજી એક અગત્યની જણાવવા લાયક બારીકી જે હરેક જબાનશનાસ વીદ્યાર્થીનાં મનમાં તરત ઉતરી શકે તેવી એ છે જે એ મજકુર તક્તીઓમાંથી નમુના તરીકે સરૂષ્ટીની પેદાયશ વીશેનો એક ફકરો મેં જે ઉપર ટાંકીઓ છે તેમાં અંધારાં સારૂ તેઆમત એવો જે શબ્દ આવેલો છે તે લુગતબી સદરહુ નુહ (નોહા) એવાં વીશેસ નામ માફક સીમેટીક નહી પણ આરીયન ભાશાનો દીશેછે. વંદીદાદની ત્રીજી, પાચમી આઠમી, અઢારમી તથા ઓગણીશમી ફરગરદોમાં અંધારાં સારૂ તએમંગહ એવો જે શબ્દ આવ્યો છે જેમાંથી ગ અક્ષર નાસી જઇ હ અક્ષર સ માં હમેશનાં કાયદા પ્રમાણે સુબદીલ થઇ તેનું સંસ્કરતમાં સેહેલથી તમસ (અંધારૂ) યાતો તામસ (અંધારાંને લગતું) એમ થઇ શકેછે, જેમકે અવસ્તાઇ અયંગહ (લોહોડું) તેનું સંસ્કરતમાં આયસ થાએછે; માટે આ મજકુર આસીર્યન લુગત તેઆમત તે

બંદીદાદવાલા પેહલા આરીઅન શબ્દ તખ્મે-મંગહ ઉપરથીજ બરત થએલો મને ભાશે છે. જો એમજ હોએતો તે ઉપરથી કદાચ એવો સારાંઉસ પણ નીકલી શકે તેવુંછે જે સરસ્તીની પેદાયશ આગમજ આસીર્યંઅ લોકોનાં એતેકાદ પ્રમાણેબી શઘલે જે તેઆમત યાને અંધારૂ હતું તે અસલી આરીયન વીચાર તેઓ બાબલોઆંની ભુંમીમાં આપણાં ઘણાં ત્યાંનાં પુરાતન વશનાર નીઆએગાનોનાં શંબંધમાં સપર પેહેલીવાર આવીઆબાદ અવસતાવાણી ઉપરથીજ નકલ કરી જવા જોઇએ એમ કેહેલું હું ધારૂછું જે અલે કાંઇ બીનદલીલ કેહેવાશે નહી.

આપણા અવરતાઇ નુસ્કોનાં ઘણાં પુરાતનપણાં વીસે સાતમી અને સઉથી છેલી અગતની તકરાર એ છે જે ઇબ્રાહીમ પેગમ્બરની પણ કદાચ ઘણુંક પુર્વે હજરત જરથોરત થઇ જવો જોઇએ કેમકે શેખ સાદી જેવો એક જહનુની મુસલમાન શાએર વટીક પોતાની બોસ્તાન કેતાબમાં એ પેગમ્બરની પરોણાગતની તારીફ કરતી વેલાએ એક બુઢ્ઢો ગબર (જરથોસ્તી) ખાનુ ખાતી વખતે બનામે ઈઝદ કહેવા તથા પરમેશ્વરનાં આપેલાં નેઆમત ખાનાનાં શુક્રાનાં કરવા ભુલી ગયો, જેથી સીમેટીક ટોલાંનાં આ મોહટા રાહબરનો તે બીચારા ગરીબ પારસી ઉપર ઘણોજ તીરસકાર તથા કોફ ઉતરી પડયો હતો. આ વાત આ નામીચો ફારસી શાએર શા આધારે લખી ગયોછે તે શાહાદત તે જોકે આપણને ટાંકી દેખડાવતો નથી પરંતુ તે ઉપરથી આટલો તો સારાંઉશ ગોયા નીકલી શકે તેવોછે જે, જરથોરતી મહજબ વખતે ઇબ્રાહીમ પેગમ્બરના જમાનામાં પાછો ઘણોજ ખરાબ હાલતમાં આવી પડયો જોઇએ કેમકે આપણો આ પવિત્ર હોરમજદી ધર્મ જમાનાનાં દોરથી તથા બુતપરસ્તી ટોલાંઓના આસેબથી વારંવાર ઘણાજ કદીમ અઇઆમમાંબી જેમ હાલમાંછે તેમજ ઘણુંજ નુકસાન ખમતો તથા હારમાર થતો આવ્યો હતો એમ દારયવુસ વીસતાસ્પ (દરાયસ હીસ્તાસ્પીસ) પણ પોતાના લેખોમાં એકરાર કરી જાએ છે. આવો એક બુલંદ શેહનશાહ—મહાત્માની, હોરમજદસ્પાની, પારસી ગ્નાતી, અને જરથોસ્તી ન્યાતી— જેણે આર્યનોની સલતનતને તથા માઝદીયસનાન ધર્મને ઇસુની પાનસેં ઉપર વરસ આગમજ ફરીને નવેસરથી ઘણો તરોતાજગી હાલતમાં લાવી મેલી ખીલવી કાહડયો હતો તે નામવર મહા પુરુષ નકશે રૂસ્તમ આગલ આવેલાં પોતાનાં દખમાં ઉપર ઊંચે જે એક તખ્તો કોતરાવેલીછે તેની આખરીમાં આ પ્રમાણે પોતાની ઓલાદને જાણે શીખામણ આપી જાએછે—"મરતીયા, હઇયા અંઉરમઝદાહા ફરમાના, હઉવતીઅ ગસ્તા, મારથદય. પથીમ તઇઆમ રાસ્તામ મા અવર્દ મા સતબ્વ". યાને "અરે, ઓ લોકો ? હોરમજદનો ધરમ જે તમારી સોડે ફરીને આવેલો છે તેને નાબુદ થવા દેશો નહી. એ ખરો ધરમ, ખબરદાર ? છોડશો નહી. ખબરદાર ? નહીતો તેમાં તમો ઠોકર ખાશો."

મહય એસોઆ જયા આપણો ધર્મ અસલમાં રેવાજ પામી બેહદ તરક્કીપર આવીને પછી ચોમેર પ્રથ્વી ઉપર એક વેલાએ જે પથરાઇ ગયો હતો, તે દેશાવરોમાં ઘણાજ કદીમ જમાનાથી મોટો શુધારો ચાલુ હતો તથા એલમ અને હુનરનોબી તે સઘલા લતા તરફ સારો વધારો થયલો હતો, તે વાત હખામની ટોલાંના દોરમાં ઇરાન સરજમીનમાં ચાલતી આવેલી દંતકથા તથા પુરાતન લેખોની જાબજા તપાસ ઉપરથી કેટલાએક આગલા ગ્રીક ગ્રંથકારો

તથા ખીઆલદયન ઇતીહાસકર્ત્તા બેરોસસ તે જમાનાના જરથોસ્તીઓના સંબંધમાં આવી વાકેફ થઇ, પછી પોતા પોતાના દફતરોમાં હાં ત્યાં જે જણાવી ગયાછે તે વીસે વીસ્તારીને આપણે આગલ બોલી મુકયા છીયે. હવે અરબો પણ પાછલથી ઇસ્લામી ધરમના ફેલાવા બાદ ગ્રીકો માફક જયારે ઇરાન દેશના માલિક થયા અને સાસાની પાદશાહોનાં વખતનાં બંચો ગ-એલાં છુટાં છવાયા પેહેલવી દફતરોનો સારીકાની મુતાલો કરવા લાગયા ત્યારે તે-ઓનેબી યુનાનીઓ માફક જરથોસ્તી ધર્મના પવિત્ર પુસ્તકોનું બેહદ પુરાતનપણું એકરાર કરવા ફરજ પડી હતી એમ હમ-જા ઇસફહાંની તથા અબુરેહાન જેવા બારીક શોધ કરનાર અરબ ગ્રંથકારોનાં દફતરો તપાસતાં હાલ રોશન રોજની માફક પુર-વાર થઇ શકેછે. બલ્ખ શેહરનો પેલો વખાણાએલો ફારસી શાએર મોવલાંના જલાલુદીનરૂમી જેને સર વીલ્યમ જોન્સ નામીચા ઇંગ્રેજી કવિ શેક્સપીઅર સાથે સરખાવેછે તે સુફી શાએર પણ પારસી-ઓનાં ધર્મનાં મકાનોને બીજા ધર્મો સાથે સરખાવતાં દએરે કુહન યાને પુરા-તન એબાદતખાનાં એવા શબ્દો વારંવાર લાગુ પાડેછે. ખરૂંછે કે આ અગતની બાબતસર આસીર્યા અથવા બાબેલોન્યા, ઇરાન તથા મીસર માફક જમીન ભીતર-માંથી યાતો ગંજાવર બીસ્માર ઇમારતો ઉપરથી કોઇબી નવા દસ્તાવેજ અથવા લેખો માઠાં ભાયગે આપણી અધડાઇ દુર કરવા માટે અદ્યાપી હાત લાગી શકયા નથી પરંતુ આ સઘલી મજકુર સીલ_સીલાબંદ તકરારો આપણી પુર ખાતરજમાં કરી આપે તેવીછે. હાલમાં દૈવ્યયોગે રૂસીઆ (ઉરૂસ) જેવાં સુધરેલાં યુરોપ્યન રાજનો પગ પેસારો એ દેશાવરો તરફ જે થયેછે તેથી આગલ જતાં જોઇએ કયો ખાનીકોફ યાતો સેમીનાફ, વેલીખનાફ યાતો ગ્રુતેકાફ, સ્તોલીતાફ અથવા ફ્રેજીવાલસકી જેવા વખણાએલા રૂસીઅન મુસાફરો એ તરફની જમીનો ખોદી, શા શા લેખો હવે પછી જંદ વિદ્યાર્થીઓ આગલ આની ધરેછે કે જેથી જેબી ગુચવારો રહ્યા સહ્યાછે તેનોબી જલદીથી નીવેડો આવી જાએ તે જાણ-વાનુંજ હવે બાકી રહ્યું છે.

અત્યાર શુધી આ બાબતસર આપણે જબાનશનાસો તથા જમીન ભીતરશનાસો-ની મદદ લેતા આવ્યા છઇએ. ચાલો હવે એજ બાબતસર આપણે સેતારેશનાસો તથા ખગોલ વીદ્યાર્થીઓનેબી આપણી સાહે-તાહે બોલાવ્યે. મજકુર અબુરેહાન જેવા એ દેશનો વતની આરબ ખગોલવિદ્યાર્થી જેણે ઉગમન તરફની પુરાતન બાબદોની શોધ ઘણીજ નુકતેચીની તથા બેહદ બારીક તપાસ ઉપરથી કરેલી છે તે નામાંકીત શખ્સ પોતાનાં કાલમાન પુસ્તકમાં શુદ (સો-ગદયાના) નાં અને ખવારીઝમનાં પ્રાંતોમાં વપરાતી અસલી ભાષાઓનો એક અચ્છો સંગ્રહ આપી ગયેછે; જેમાં તે બારે મ-હીના, ત્રીસે રોજ તથા ગાથાના પાંચ દીવસો; સુર્ય, ચંદ્ર તથા સાતે ગ્રહોના બુરજો તથા બારે રાશીઓ વગેરે ખગોલ વીદ્યા લગતાં જેવાં પુરાતન નામો પોતે ટાંકી દેખડાવેછે તે અવસ્તાવાણીની ભાષા સાથે આબેહુબ ગોથા મલતાં આવેછે. અસલી ખવારેઝમનાં લોકો પોતાનાં ટીપ-નાઓમાં સુર્ય તથા ચંદ્રની જે ચાલ આપતા હતા તે અરબ તથા પુરાતન યુનાનીઓ થાનેબી વધારે ચોકસ ગણવી ઉપરથી ઘણી શમપુર્ણતાથી તેઓ નીપજાવી કાહડતા હતા એમ એ અરબ ગ્રંથકાર-પછી એકરાર કરી જાએ છે. હવે જબાન શનાસો એમ કહેછે જે અસલમાં આર્યન

ટોલાંઓ ચોમેર પૃથ્વી ઉપર પંથરાઈ ગયાં તે આગમજ તેઓ પોતાના મહીના ચાનની ગણત્રી ઉપરથી ઉપજાવી કોહાડતા હતા કેમકે તમામ મુખ્ય આર્યન ભાષાઓ જેવીકે લાટીન, ગ્રીક, સંસ્કૃત તથા અવસ્તાઈ ભાષા, જેઓમાંથી કે તમામ હાલની વપરાતી ઇન્દો—જરમાનીક ભાષાઓ બનેલી છે, તેઓમાં મહીનાં સારૂ એકેસાન શબ્દો મલી આવેછે ને જે સઘલા લુગતો કે અસલમાં માહ યાને માહતાબનાં નામ ઉપરથી ઉત્પન્ન થએલા છે. એ ગણત્રી હજીુરવેર હીંદુ તથા ચીનાઓમાં વટીક જારીછે અને તેને આફતાબની ચાલની ગણત્રી સાથે બરોબર લાવી મેલવા એ ટોલાંઓ દર ત્રણ વર્ષ પછી એક અધીક માસ વધારેછે. આવું સમપુરણ જોતીષ હીંદુ તથા ચીનાઓમાં એક એક સાથે કાંએ મલતું આવેછે તે વીસે વિદ્યાર્થીઓમાં હજીુર વેર કજીએહેશી ચાલતી આવીછે, કોઇ કહે છે જે ચીનાઓનું જોતીષ હીંદુઓ ઉપરથી નકલ કરવામાં આવેલું છે અને કોઇ વિદ્યાર્થી તેથી ઉલટુંજ મત ધરાવેછે. સર હેન્રી રાલીનસને એ તકરારનો હાલમાં સારીકાની ફેસલો આપ્યોછે. એ ધુન્ધી વિદ્યાર્થી એવું સાબેત કરેછે જે એ બંન્ને હીંદુ તથા ચીનાઓના વદીલો માત્ર નકલી છે કારણ એ જે પારસીઓના વદીલોએ બેહદ પુરાતનકાલમાં બખ્ખની પોતાની કદીમ ભુમીમાં જોતીષ શાસ્ત્ર સંબંધી જે સારો અભ્યાસ કર્યો હતો તેઓસોડેથી આ બંન્ને હીંદુ તથા ચીનાઓ પાછલથી સીખી ગએલાછે. બીજી અગત્યની બીના આ બારીક બીન અરબ ગ્રંથકાર એમ જણાવી જાએછે જે ખવારીઝમનાં આ અસલી લોકો પોતાનો શને સીલુકસનાં સનેની ૯૮૦ વરસ પુરવે યાને ઇસુની ૧૩૦૪ વર્ષ આગમજથી ગણતા આવ્યાછે કે જે ગણતી સર એદવર્દ કોલબરૂકની આપેલી હિંદુઓનાં જોતીષ શાસ્ત્રનાં સનેની ઇત્પંત્તી સાથે એકમલતી આવેછે. હવે આપણા લોકોના ચાલુ રેવાજ પ્રમાણે જારે ખવારેઝમનાં લોકો ઇસુ પૂર્વે ૧૩૦૪ થી પોતાનો સને ગણતા આવ્યાછે તારે તે ઉપરથી તો એવું મત બંધાઇ શકેછે જે વંદીદાદવાલી બાખ્ત્રીઆની શાહનશાહાત સઉથી છેલીવાર એ હીંગામમાં આસીર્યન લોકોનાં આસેબથી વખતે તારાજ થઈ હશે, કેમકે જેમ યજદેજર્દ પછી આપણો સને હાલ ચાલેછે તેમ તે વેલાએ ખવારીઝમના જરથોસ્તીઓએબી પોતાનો સને તે ઉપરથી ગણ્યો હોએતો તે બીના સેહલથી સમજમાં ઉતરી શકે તેવીછે. હવે વંદીદાદમાં જણાવ્યા પ્રમાણે આઠમી આસરવાદની ભુમી અથવા સઉથી સરસ શેહેર જે દાદાર હોરમજદે પેદા કીધું તે ઉર્વ અથવા ઉર્વાન કરી હતું. આ શેહર તે કયું અને તે કયાં આવેલું હતું તે વીસે વંદીદાદની શરેહ કરનારાઓ, શું સ્પીગલ કે શું બ્રેઅલ, શું હાઉગ કે શું યુસ્તી તથા શું બનીફાફ કે શું બુનસન વટીક બરોબર ખુલાસો કરી શકયા નથી પરંતુ સર હેનરી રાલીનસ હાલમાં એમ આપણને સાબેત કરી આપેછે જે ઉર્વાન અથવા ઉર્વામ તેજ ઉર્ગનજનું પેલું વખણાએલું શેહરછે જે ખવારીઝમ પ્રાંતની એક વેલાએ અસલી રાજધાની ગણાતી હતી. આ બોલવાની સાબેતીમાં આ નામીચો ઇંગ્રેજ મુસાફર મજકુર અબુરેહાનની સતા ટાંકી દેખડાવે છે કેમકે એ અરબ ગ્રંથકારે ખવારીઝમના લોકોનાં અસલી જરથોસ્તી મહીનાની જે ટીપ આપી છે તેમાં છેલા આપેલાં અક્ષર જ વીસે તે એવો ખુલાસો કરેછે જે કેટલાએક ખવારઝમનાં વતનીઓમાં એવી લઘણુ ચાલુછે જે હરેક શબ્દ પછવાડે જ પ્રત્ય જો ખુશીમાં આવેતો વધા-

રવો યાતો ખુશીમાં આવે ને તે નહીબી વધારે તો તેમબી ચાલી શકે તેવુંછે, તે સાથે અવસ્તાઇ વ તે હમેશ ફારસી ગ માં મુબદીલ થતો આવેછે જેમકે વીસ્તાસ્પને ફારસી વાલા ગુસ્તાસ્પ કરી લખેછે માટે ઉર્વાન તેજ ઉરગનજ થઇછે. આ કીમતી અરબી કાલમાન પુસ્તકનો અંગ્રેજી તરજુમો કરવા ઘણુંક થયુ વીએના શેહરવાલો ડાકટર સાચુ રોકાએલાછે અને તેના બે આંકોતો અત્યાર સુધી દીબાચા તરીકે બાહેર પણ પડી ચુકેલા છે જે તપાસતાં એ પુસ્તક હવે પછી જંદ વિધ્યાર્થીઓને હાત એક સારૂં હથ્યાર થઇ પડશે એમ ભાશેછે. આગલ ચાલતે અબુ રેહાન વલી એમ પણ આપણને જણાવી જાએછે જે કોતીબેહ ઇબ્ને મુસલમે જારે ખારેઝમનો આ પ્રાંત પોતે અરબો સારૂ જીતી લીધો તાહારે તેને હાંનાં જરથોસ્તી રહેવાસીઓના અસલી દસ્તાવેજો તથા લેખોની સારીકાની તપાસ કરાવી હતી જે ઉપરથી એવું માલુમ પડેછે જે અલે હખામની પાદશાહોના જમાનાથી તે ઠેઠ અરબોની સલતનત શરૂ થઇ ત્યાં વેર શાહીયાહ નામનું એકજ જરથોસ્તી વંશ રાજપાત ભોગવી ગયું હતું; જેઓ પાશેથી વચમાં ફકત એકજ વેલાએ ૯૨ વરષ સુધી કોઇ એક તુરાની ટાલાંએ એ રાજ ખુંચી લીધુ હતું. એ શાહીયાહ વંશ, કુરઉશ જેનું પારસીમાં ખુશરો થઇ શકેછે અને ગ્રીકો જેને કોરાસ તથા રૂમીઓ જેને સાઇરસ કરી લખી ગયાછે તે નામીચા પારસી પાદશાહનાં તોખમનું હતું એમ કેટલાએક ઉગમન પ્રાંતનાં વિધ્યાર્થીઓ વીચારે છે.

આકસસ જેને બુંદેશવાલો વહરૂદ એવું નામ આપી જાએછે તથા ઇરાનીઓ જેને દર્યાએ આમુ અથવા જહુન કરીબી કહેછે તે નદી તથા ઝકઝારતીસ યાને સીરદર્યા નામની બીજી મોટી નદીની વચે આવેલા મધ્ય એસીઆનો બોહલો ફલવંત મુલક ઘણાંજ પુરાતન કાલથી ઇરાની લોહી ધરાવનાર ટાલાંઓથી વસાતો આવ્યો છે અને તેઓનાજ બચ્ચાંઓ હજુર વેર ત્યાં તાત, તાજીક, સત, ગલશ, પરસીવાન તથા વખાની જેવાં કોહેસ્તાની ટાલાંઓનાં નામથી મશહુર છે એટલુંજ નહી પણ બોતનબી અસલમાં આર્યન લોકોનુ સ્વસ્થાન હતું એમ એ દેશની આસપાસ જે જગાઓ આવીછે તે સઘલાંઓમાં સંસ્કૃત મુલ તત્વો જે આવ્યાંછે તે ઉપરથી સીદ્ધ થઇ શકેછે. આ છેલું નામ બે સંસ્કુત શબ્દો કાઉ અને સ્તાનની જોડનીથી બનેલુંછે જેનો અર્થ થાન યાને આચરોની ભુમી એવો થાએછે. ભાષા, દંતકથા તથા મોહડાનાં કલ્લાની ઘપછપ ઉપરથી રૂસીઅન મુસાફર મ્રાશીઉ ખાનીકાફ હેરાતમાં હજુરવેર જમશેદી નામનો જે ટોલો વસેછે તે તથા અર્વાચીન સીસ્તાનીઓબી અસલી ઇરાનીજ લોહી ધરાવે છે એમ આપણને જણાવી જાએછે પરંતુ આ સીસ્તાની ટાલાંનું લોહી તુરાની ટાલાંઓ સાથે આમેજ થાએલું છે એવો અભીપરાય સર હેન્રી રાલીનસન જે આપેછે તે મને વધારે દુરૂસ્ત ભાશેછે. મધ્ય એસીઆનાં બેહદ કોહેસ્તાનોમાં ઘણાંએક અસલી ઇરાંની ટાલાંઓ હજુરવેર વસેછે તેઓમાંથી સોધ થતે આગલ જતાં કોઇબી ટાલું જરથોસ્તી પંથનુ નીકલી પડેતો તેમાં વખતે આપણે આશ્ચર્ય થઇશું નહી કેમકે એ તરફનો શઘલો લત્તા અરબોનાં દ્દાર આગમજ ઘણોખરો જરથોસ્તી ટાલાંઓથીજ ફકત વસાએલો હતો. હીઉઆનઠસંગ નામનો પેલા નામાચો ચોનો મુસાફર જે ચીન છોડી ચોનાઇ તારતરીનો મસ મોહતો મુલક ઓરંગી ઇ૦ સ૦ ૬૨૯

માં છેક હીંદુસ્થાનમાં બુધ ધર્મની શોધ સારૂ હીંદુ કુશને રસ્તે દાખેલ થયો હતો તે વખાણએલો ચીની ગ્રંથકાર હ્યુસ્સીકુલનો સરોવર જેને તે ચીનાઇ બોલીમાં થસી-ગતચી એવું નામ આપેછે ત્યાં આગલ જારે તે આવી પોંહચ્યો તારે તે તરફ ચીનાઇ તારતરીની છેક આથમન દીશા ભણી સુચે નામનું શેહેર તે વેલાએ જે આવેલું હતું ત્યાંનાં વતનીઓ સઘલા જરથોસ્તી ધર્મ પાલતા હતા એમ પોતે બોલી જાએછે. આગલ ચાલતાં સમરકં-દમાં જારે તે પેઠો તારે ત્યાંબી સઘલા રેહેવાસીઓ ફકત જરથોસ્તીજ ધર્મ પાલતા હતા એમ એ મુસાફર જણાવેછે; પણ એ સઘલું દાસ્તાન જો અત્રે લંબાવ્યું હોય તો આ બાબ ઘણોજ લાંબો થઈ જાએ છે માટે એ બીના ખતમ કરતી વેલાએ એ લત્તા તરફ ઘણાએક જરથોસ્વી શેહરો જમાનાના દોરથી આજે જે તારાજ અને નાબુદ થઇ ગયાંછે તે વીસે જો વીચાર કર્યે છીયે તો આપણું હઇડું ગોયા તેથી જાણે ભરાઇ આવેછે અને સાદીનો આ ઘણો અસરકારક બેત આપણું લક્ષ આ પ્રસંગે ખેંચેછે:—

"પરદેદારી મીકુનદ દર કસરે કૈસર અ-
નકબુત,
બુમી નુબત મીઝનદ દર ગુંબઝે અ-
ફરાસીયાબ"

યાને "સીઝર (કૈસર) ના મેહલમાં કરા-ળીઓ હાલમાં પડો બાંધેછે! અને અફ-રાસ્યાબના ગુંબજો ઉપર ઘુવડો હવે પેહેરો ભરેછે!!"

આ બાબમાં વારંવાર વંદીદાદનાં દફતરની આપણે શાહાદત ટાંકતા આવ્યા છૈયે માટે આશા છે જે આ પ્રસંગે એ કીંમતી ગ્રંથ વીશે થોડાએક વીચારો સાથે લાગીઆ જો અત્રે જણાવ્યા હોયતો હું ધારૂં છું જે તે બેજા કહેવાશે નહીં કેમકે એ પવીત્ર દફતર હાલના વખતમાં પુરાતન બાબદોની શોધ કરનાર વીદ્યારથીઓના હા-થમાં એક ખરી તવારીખ દાખલ, ઇસાઇ લોકોની જેનીસીસની પોથી માફક, એક મોટું કીંમતી અને ઘણું અગત્યનું હથી-યાર થઇ પડેલું છે.

આજ આસરે અરધી સદીની વાત ઉપર જયારે પારસીઓમાં પશ્ચિમ તરફના એલમે ઝાઝો પગપેસારો કરેલો ન હતો, જયારે જનુનમાં આવી ગયલા પારસીઓમાં દોલતરશંગ શેહેનશાહીઓ તરફથી કબી-સાનો ઝુંડો ઘણાં જોસથી ઉરાડતો હતો, જયારે કદમી ટોલાના પારસીઓનો પેશરો મુલ્લાં ફીરોઝ કેહેવાતો હતો, જયારે હાલ જમાનાના "નાદાન, જુવાન ચીબાવલા, દીનદુબાઉ, દાઢી મુછ વગરના જુવાની-આઓ"! પેદા થયલા નહીં હતા, જયારે ધરમ સંબંધી બાબદો ઉપર તકરાર કરવી તે ગોયા મરગરજાની (મોતને લાયક) ગુનાહ જેવું કામ પારસીઓનાં અકાબરોમાં ગણાતું હતુ, ત્યારે આપણી ટાપુના કેટલા-એક જુવાન મીશનરીઓએ રેવરંડ ડાકટર જાન વીલસનની સરદારી હેઠલ પોતાની ઉલટપાલટ, ફીલસુફીભરેલી ને મંતકી તક-રારોથી તથા ફશાહત અને બલાગત ભરેલાં લંબાન લબાંન લખાણો તથા ભાષાણોથી આપણા ટોલાના દસ્તુરો, દાવરો, હેરબદો તથા બેહેદીનોને તેઓની ઘણીએક સદીની ઊંઘમાંથી જાગરૂત કરવાની પેરવી કરી હતી અને પારસીઓના ધરમનાં પવીત્ર પુસ્તકો ઉપર તેઓ એક પછી એક ઉતરી પડયા હતા ને વંદીદાદ ઉપર ઘણા જોસથી તેઓ તકરાર કરવા મંડી ગયા હતા. આવસ્તાનો એલમ જે હજુર પણ ખુદ પોતાની બચગી હાલતમાંછે તેને ફાઇલોલોજી (ભાષા શાસ્ત્ર) ના કાયદાથી સમજવાનાં ચિન્હો

હજુર તો હમણાજ યુરોપમાં તે વેલાએ સપરપેહેલી વાર ફુટી પ્રકાશવા માંડયાં હતાં. હજુરતો પાઠસાળાઓમાં બોપ અને વેસ્ટર ગાર્ડ, લાસન અને બુરનુફ એલમ સંપાદન કરવામાં મશગુલ થએલા હતા. હજુરતો સ્પીગલ અને હોખ્ખાઉસ, મેક્ષમુલર અને ઓલસાઉસન દાઢી મુછ વગરના નાદાન પોરયાઓમાં ખપતા હતા અને હાઉગ તથા યુસ્તી પોતાની ઝોળીઓમા હજુરતો હીંચ ખાતા પડેલા હતા. હજુરતો બાન તથા ગોટીનગન, એરલાંગન તથા હાએડલબરગ, કોનીગસ્પેર્ગ તથા મ્યુનીશન (મીઉનીક) ની નામીચી જરમન મદરેશાઓનાં નામો પણ પારસીઓના કાણ ઉપર આવેલાં ન હતાં અને જરમન નામનો રાક્ષસી ભેજાંનો, અથાંગ મેહેનતુ, આલેમ ટોળો યુરોપની ભુમીની અધવચમાં વસેછે તે વાતબી ઘણા થોડાક પારસીઓને કદાચ માલુમ હશે, તેવા વખતમાં ઇંગ્રેજ મીશનરીઓની તકરાર, જમાનાની ગીરદસથી અપસાતા, ઝીકાતા, બેએલમ, તથા નાવારેસ થઇ પડેલા પારસીના ટોળા ઉપર થોડુંક સુધી ફાવે તો તેમાં 'નવાઇ થવા જેવું કાંઈ નથી; કેમકે પરેશાન હાલતમાં હીંદુસ્થાનની સરજમીન ઉપર આવ્યા પછી આપણા લોકો દીનપર દીન મુસલમાનોના જુલમને લીધે માજદીઅસની દીનનો એલમ ખુદ બખુદ પોતે ભુલતા આલ્યા હતા. અલબત કોઇ કોઇવાર મોગલોના દોરમાં મુસલમાનોના કાજી તથા મુફતીઓ સાથે ધરમ સંબંધી તકરારોમાં આપણા દસ્તુર દાવરોને ગુંથાવું પડતું હતું પરંતુ તેઓની તકરાર અને મીશનરીઓની તકરાર વચ્ચે ફરક એ હતો કે આ નવા હમનબેર્દો આપણાં ધરમપુસ્તકોનો સારીપેઠે અભ્યાસ કરી લાક અને બેકન, રીડ અને દુગલડસ્ટુઅર્ટની ફીલસુફીઓમાંથી નવા નવા દારૂગોલાઓ પેદા કરી આપણા લોકોની ધરમની બોરીઓ ઉપર ઘણા જોસથી ફેંકવા મંડી ગયા હતા ને જેઓની સામે તેઓનાં જેવાંજ તીણા હથીયારોથી લડવાને આપણા લોકોમાં યુરોપનો એલમ હજુરવેર ઘણો જણાયલો નહીં હતો તેથી ઝાઝી તાકાત હતી નહીં. પણ અંગ્રેજોમાં એક કેહેવતછે કે "Great emergencies bring out great men" યાને હરેક મહાભારત કામો સરંજામ પોહોચાડવાનો જયારે વખત નજદીક આવેછે ત્યારે તે કામોને સરંજામ પોહોંચાડે તેવાં માણસોબી તેજ વેલાએ પરમેશ્વર ગોયા પેદા કરેછે. તેજ પ્રમાણે સારાં ભાગ્યે આ વેલાએ આપણા રાંક ટોલાના હકમાં બી થયું. મજકુર જરમન જુવાનીઆઓ આ દુનીયાના બીજા ભાગ ઉપર પારસીઓનાં ધરમ પુસ્તકોની ઘણી બારીકીથી વ્યાકરણના કાયદાથી બોલ કરવામાં ગુંથાયલા છે તે વાત બીચારા આ મીશનરીઓને માલમ નહીં હતી. તેઓની શોધોથી પારસીઓનો ધરમ જે તે વેલાએ ડુબવાની ધાસતીમાં હતો, તે ઓર ઉલટો તરક્કીપર આવી બીલતો ચાલ્યો ને આપણાં ધરમનાં દફતરોમાં હાદેશાને લીધે જે ઘણીએક ગલતીઓ દાખલ થઇ ગઇ હતી તેઓનો સારી પેઠે હવે ખુલાસે થતો ચાલ્યોછે. પારસીઓના જુવાનીઆઓનાં દીલ જે આજે દશવીસ વરસની વાત ઉપર દગમગ થતાં હતાં તેમ હવે કાંઇ હાલમાં જોવામાં આવતું નથી. તેઓ ઓર ઉલટા જરથોસ્તી ધરમ ઉપરે મજબુત તથા મુસતકીમ થતા ચાલ્યાછે. વંદીદાદની પેહેલી તથા બીજી ફરગર્દ જે વાંચી એક વેલાએ એલફીનસ્તન મદરેશાની ઉંચે દરજજેની કેલવણી લેઇ પસાર થયલા જુવાન વિદ્યાર્થીઓને કદાચ હસવું આવતું હતું, તે આજે તવારીખને લગતુ અગત્યનું અને એક મોટું હથિયાર

થઇ પડયું છે ને આરીઅન ટોળાની પુરાતન તવારીખ લખનાર શું હીરીન કે શું રાલીનસન, શું બુનશન કે શું હાઉગ, એ બંને ફરગરડો પોતાનાં દફતરોમાં શરેહ સાથે સદાબરી ઉતારી લીધા વીના એક દગલુંબી આગલ વધી શકતા નથી. બીજી ફરગરડો જે હજુર અફરા તફરી હાલતમાં આપણને દીસેછે તેનો ઇનશાલ્લા હવે વખત જવેથી ખુદ બખુદ ફેશલો થતો ચાલશે, કેમકે આ વાત તો યુરોપના આલમાઓએ શંસકરૂત તથા બીજી ભાષાઓની મદદથી હવે પુરતી રીતે ચોકસ કરી આપેલી છે કે એ દફતર આપણી સોડે ઘણું નાકેશ હાલતમાં, તથા ઘણી ભેળસેળ રીતે બચી શકેલું છે ને મુસલમાંનોમાં જેમ હદીશછે તેમજ આ પુસ્તક હજરત જરથોસ્તના શાગીર્દોની કલમથી યાતો એ પેગમ્બર પછી જુદા જુદા જમાનાઓમાં થઇ ગયલા તરતના જરથોસ્ત્રોતેમો નામ ધરાવનાર દસ્તુરાન દસ્તુરોની કલમથી રચાયલું છે. તે સાથે આટલું પણ ચોકસ થયું છે જે આપણા પેગમ્બર સાહેબ હજરત સ્પીતમ જરથોસ્તના ખુદ કલામો તો ફકત શલોકને અર્થે કહેલા ગાથાજછે, જેમાં નીતી સંબંધી સઘલાં મુલ તત્વો આર્યનોના આ મોટા રાહાનુમાએ બુતપરસ્તી રશમોનો કાબુ ઘણા જોસથી તોડતી વેલાએ તથા ફકત એકજ નીરંજન, નીરાકાર, પવીત્ર, અમર, અશો, ભલો અને દાનાવોના દાનાવ પરમેશ્વરને અહુરાનાં નામથી પરશતેશ કરવાનાં તાકીદનાં ફરમાન આપતી વેલાએ ઇબ્રાહીમ તથા મુસા, ઇસા તથા મહમદની શેકડો વરસ આગમચ મનુષ્ય જાતને શીખવેલાછે. જીવજંતોનું શોરક્ષણ કરનાર તથા પાદસાહી સલતનતની તમામ જાહોજલાલી તથા મોજમજા અને એશ આરામમાં પોતે ઉછરયા છતાં પોતાનું રાજપાત છોડી ફકીરી લેબાસની ગુદલી વધારે પસંદ કરી આ ફાની દુનીયાની જુઠી માયાને તરક કરી બેસનાર ગઉતમ (બુધ) જેવો નીર્વાણ (નીસ્ત હસ્તી) ધર્મનો નાસ્તિક ઉપાદ્યો, જેનો બોહોલો ધર્મ આજે પૃથવી ઉપરનાં સૌથી આબાદ દેશોમાં પ્રસાર થએલોછે, જેના શિષ્યો આજે ઇસાઇ તથા મુસાઇ, મહમદીઆન તથા હીંદુ લોકો કતા વધારે માહોટી સંખ્યા ધરાવેછે અને જેના ધરમનાં દફતરો ગાડાં ભરાય એટલો ઘસ મોટો વીસ્તાર આજેબી રોકેછે—જે પુસ્તકોની આવી બોહોલી સંખ્યાને લીધે ભટ (Professor) મેક્ષમુલર તેઓને "ધરમ સંબંધી એલમનું મોટું બીઆબાન જંગલ" (The vast jungle of religious literature) એવું નામ આપેછે—તેવાં બેહદ પુસ્તકો રચનાર આ મહા પુરૂષ વટીક પણ પોતાના ધરમના દફતરના સ્લોકો હજરત જરથોસ્તના ગાથાનાં મીઝાનની ઢપછબ ઉપર પોતે નકલ કરી ગયોછે. મુસા તથા ઇસાના શાગીર્દો વટીક પણ જેના કેટલાએક કલામોના ઉતારા કરી ગયલાછે અને જેનાં પવિત્ર કલામોમાંથી જુડાબંધ ફકરાઓ કુરાનની અંદર આજે પણ આપણા જોવામાં આવે છે. ઇરાંનીઓનો આવો નામવર પેગમ્બર જેને થઇ ગયાને આજે બોહોલો જમાનો ગુજરી ગયોછે તેનાં દફતરોની આ પ્રમાણે જરમન તથા ફ્રેંચ વિદ્યાર્થીઓમાં બીન તાસુબે અપક્ષપાત રીતે બારીકીથી તપાસ થવાથી આપણા લોકોનો ધરમ જે પડી ભાગવાની એક વેળાએ ધાસતીમાં આવી પડયો હતો તે આજે વધારે ને વધારે તકવીઅતપણું જે મેલવતો આલ્યોછે તેથી એક હાથ ઉપર માઝદીઅશનાંનોને ખુશ થવાનું તથા બીજા હાથ ઉપર ઘણું મગરૂબ રેહેવાનું કારણ મલેછે અને ઇંગ્રેજોનાં

અપક્ષપાત રાજયમાં તેને એલમ સંપાદન કરી ફરીને વધારે ને વધારે તરોતાજગી હાલતમાં લાવવાની ઇરાનના પાદશાહ દરાયસ હીસતાસપીસની આગલી શીખામણ ધયાનમાં રાખવા દરેક જુવાન જરથોશતીએ પોતાની આઇન ફરજ સમજવી ઘટેછે. પારસીઓનો આ નામવર પાદશાહ જેને રૂમીઓં કરતાંબી વધારે મોટી શેહેનશાત એક વેલાએ આપણાં ટોલાં સારૂં સંપાદન કીધી હતી તેનું નામ વટીક પણ પારસીઓ પોતાનાં ટોલાના નામાંકીત શખ્સોના ફરોહરોની આરાધનાં કરતી વેલાએ આજે જે વાપડતા નથી તે કેવું અફસોસ કરવા જોગ છે ને જે વીશે થોડાક વીચારો આ પ્રંસંગે હેઠલ ટાંકી બતલાવીઆ છે.

ઇરાંની-બીલારોકા લેખો ઉકલાવ્યા પછી ઇરાનની તવારીખમાં એક માહાભારત, અગત્યનો અને મોટી ઉથલપાથલ કરે તેવો નવો શોધ થયોછે. હીંદુસ્થાનમાંતો આપણાં લોકો બીલારોકા હરફોનાં લખાણોથી તદનજ બીનવાંકેફ હતા, બલકે એવા લેખો તેઓના પુર્વજો ઇરાન સરજમીન ઉપર જાબજા કોતરાવી ગયલાછે તે વાતબી આ ચાલુ સદીની સરૂઆતમાં પારસીઓમાં સમુળી માલમ પણ નહી હતી. આજ આસરે બસેં હડીસેં વરષની વાત ઉપર ફાધર એન્જીલો તથા પીએત્રો દલાવાલ નામના બે નામાંકીત ઇટાલીઅન મુસાફરો સપર પેહેલીવાર યુરપના વિદ્યાર્થીઓને, એ દેશનાં કોતરકામોમાં જાબજા બીલા અથવા તીરરોકા ચીતારો જોવામાં આવેછે, એવા ઇસારા જણાવી ગયા હતા, અને તાહારબાદ જે જે મુસાફરોથી બની આવ્યું તેઓએ તેના ઉતારા એક નવાઈ દાખલ પોત પોતાનાં દફતરોમાં યુરપના વિદ્યાર્થીઓની જાણ માટે આપ્યા હતા. આંકીટલના જમાના બાદ પારસીઓનાં ધરમની, પારસીઓની આગળી બોહોળી સલતનતની, પારસીઓનાં દફતરોની તથા પારસીઓના એલમની ને આગલા હુનરોની તમામ તારાજ થઇ પડેલી નિશાણો ઉપર વીદ્યાર્થીઓનું લક્ષ જાહારે સારીપેઠે એંચાવા માડયું તાહારે એ હરફો ઉપરબી યુરોપના આલમાઓનું ધ્યાન વધારે ખેંચાય તો તેમાં ઘણુ વિસ્મય પામવા જેવું કાંઇ નથી. ઘણાંએક આલેમોએ એ લેખો ઉકલાવાનું તાંહાં હવે બીડું ઝડપવા માડયું, પણ તેમાં ઘણાએક પુરવીણો આખરે નિષ્ફળ થયા. છેલ્લે સરવાલે આ સદીની શરૂઆતમાં જરમની દેશની બાન નામની મોટી નામાંકીત મદરેશામાંથી તરત શિખીને પસાર થયલા એક નોજુવાન ગબરૂ દાઠી મુછ વગરના ગ્રોતોફંદ નામના વિદ્યાર્થી ઉપર સારાં ભાગ્યેગે સરસ્વતી માતા પ્રસન્ન થઇને પોતે તેની નજર આગળથી તે વીસેના ભરમનો પડદો ખસેડયો. આ જુવાન વીદ્યાર્થીએ આ બહુ મુશકેલ કામ જાહારે પોતાને માથે લીધું તાહારે ઘણા એક ગુચવાડાનો શરૂઆતમાં ખુલાસો કરવાનું કામ તેને સર રહ્યું હતું. પેહેલાંતો તેને એવું શાબીત કરવું પડયું જે એ આડા અવળા લીસોટા અને પટાપટાઓ એક જાતના ચોકસ લેખોજછે, ને અમસથકા જેમ ચીતારાઓના મનમાં આવેલા તેમ માલ શોભા સારૂં પાડેલા ચોતારો નથી. એ વાત શાબીત કરયા બાદ બીજી મોટી અડચણ એવી આવી પડી જે હવે એને વાંચવા તે કેમ? જમણા હાથ ભણીથી ડાબા હાથ તરફ વાંચવા, કે ડાબ તરફથી જમણા હાથ ભણી? નીચેથી ઉપર વાંચતા જવુ, કે ઉપરથી વાંચતા વાંચતાં સઘ્રગ નીચે આવવું? ગ્રોતોફંદની પુરવે લીસટનબેરગ નામના એક વિદ્યાર્થીએ પોતાનો એવો અભીપ્રાય આપ્યો હતો

કે ફારસી, અરબી, તથા હીબરૂની માફક એ લેખોને જમણા હાથ તરફથી ડાબા હાથ ભણી વાંચવા જોઇયે, પણ એ વીચારને હવે આ શખ્સે ખોટા પાડયો, અને દાખલા દલીલો સાથે એ હરફોની ગોઠવણી ઉપરથી પોતે એવું શાબીત કરી આપ્યું જે, જેમ હાલ આપણે અંગરેજી, ગુજરાતી, જરમન તથા ફ્રેંચ ભાષાઓ વાંચયે છઇયે તથા લખયે છઇયે તેમ ડાબ હાથ તરફથી જમણા હાથ ભણી એ લેખો પણ વાંચવા જોઇયે. મુનતર તથા તાઇચશન નામના બે જરમન પણ્ડિતોએ એવું દેખડાવી આપ્યું હતું કે એ લેખોને ધ્યાનથી તપાસતાં તો તેઓમાં અજાયબ જેવું એ માલમ પડેછે જે દર બે શબ્દો વચ્ચે એક ચોકસ આકારનો આડા તીર જેવો \ આ પ્રમાણેનો લીસોટો જે વારંવાર આપણા જોવામાં આવેછે તે લીસોટો દરેક શબ્દોને છુટા પાડવા માટે કામે લગાડવામાં આવેલો હોય તેમ જણાયછે. હવે આ તર્ક ખરો પડી ગયાથી મોટો ફાએદો એ થયો જે શેંકડો હરફો અંદર આવેલો દરેક શબ્દ તેથી છુટો છુટો માલમ પડવા લાગ્યો. તોપણ એક લીટી હજુરતો વંચાઇ શકી નથી તેટલાંતો તેની અંદર તરેહ તરેહનાં વિઘ્નો તથા બેસુમાર અઘરાઇઓ નડવા લાગયાં, તથા એક એક પછી એક એક સવાલ આ વિદ્યાર્થીઓનાં મનમાં ઉપન્ન થવા માડયા. પરંતુ લાંબો વખત મેહેનત તથા જેહેમત એંચી, તથા ઘણાએક મહીના સુધી વગર ઝંપે રાત દાહાડો પોતાનાં તન મન બત્તિની માફક તાવી તથા આંખોને બેહદ શ્રમ આપી એ નવાઇ જેવા લેખો તે કદીમ ઇરાની ભાષાનાછે એમ એ જરમન વિદ્યાર્થીઓએ આખરે શાબિત કીધું અને એ ચાળીસ વર્ષના શ્રમનુ શેવટ એ આવ્યું કે, પારસીઓની શેહેનશાહતનો એક મોટો તબક્કો જે વિશે હમજા ઇસફાની તથા ટબરી, ફીરદોસી તથા મીરખુંદ કશું પણ દાસતાન આપી ગયા નથી ને જેની હસતી વીશેનું તમામ ગ્નાન આ દુનીયાની સપાટીપરથી ગોયા નાબુદ થઇ ગયું હતું તે ફરીને હવે નવેસરથી તાજો થયોછે ને એ તબકકાના પાદશાહોનાં ફરોહરોએ ગોયા ફરીને નવો જન્મ લીધોછે. વીચાર કરો કે સાઇરસ (કુરઉશ અથવા ખુશરૂ) અને દરાયસ (દારયવુશ), ઝરકસીસ (ખશ્આરશા) અને આરતાઝરકસીસ (અરતખસતરા) જો પેદા નહી થયા હોત તો પારસીઓનું કદીમ આરયનોનું લોહી ધારાવનારૂં કોહોસ્તાની ટોળું કદીપણ શેહેનશાહી દરજજે પોહોંચ્યું હતે? ના કદાપી નહી.

તાહારે હવે એ તબકકાનો ખરેખરો શોધ હાથ લાગાથી આપણા દસ્તુર દાવરોની આઇન ફરજછે જે, એ તબકકાના પાદશાઓના ફરોહરોને પણ સાસાની પાદશાહોનાં ફરોહરો માફક આરાધવાં જોઇયે. જુદાં જુદાં મુલકોમાં, જુદા જુદા જમાનામાં, તથા જુદા જુદા લોકોમા પોત પોતાના નામવર પુરુષોની યાદગારી કાયમ રાખવા માટે તરેહ તહરેવારનાં ઉપાયો કાંમે લગાડેલા આપણે જોઇયે છૈએ. એટલાજ સબબો ઉપરથી આગળા યુનાની તથા રૂમી લોકો પોતાના મહાન પુરુષોનાં બાવલાં બનાવી ખુલ્લી જગાઓ ઉપર મેલતા હતા, જે ચાલ હજુર સુધી તમામ યુરોપીયન લોકોમાંબી ચાલુછે. પરંતુ બાવલાંઓ તો બે ચાર સદીમાં પાયમાલ થયા વીના રેહેતાં નથી, તેથી આપણા પુર્વજો તેથીબી વધારે મજબુત ગોઠવણ એવી કરી ગયાછે જે સઘળા નામવર શખસોનાં ફરોહરોને હરેક મોટા મેલાવડની વેલાએ ફરીને બુલન્દ અવાજે યાદ કરવાં કે જેથી તાંહાં ઉભેલા શખસો ઉપર તેની સારી

અસર થયાથી લોકોમાં નેકીનો ઉમેરો થાય ને પેલા શખસો ખુદ પોતાને મનસે કેહે જે "હુંબી સારાં કામો કરૂં; હુંબી મોટી મોટી ફતેહો મેળવું; હુંબી નામવર થાઉ તથા મનુષ્ય જાતનું મારાથી બને તેટલું કલ્યાણ કરૂં કે મારાં નામનીબી આ પ્રમાણે મારી હૈયાતી બાદ વખાણ થાય; મારાંબી કામોની સ્તુતિ ગવાય; મારૂંબી નામ અમર થાય અને હવે પછીની ઓલાદો મનેબી મારાં નામે અને કામથી પિછાનતી રેહે." પણ આપણો માજદીઅશનાન ધરમ તો મુર્ત્તિ પુજાનો કટ્ટો વૈરી હોવાથી બાવલાંઓ મારફતથી પોતાના વડીલોની કીર્તિ જાળવી રાખવાનું મુતલગજ પસંદ કરતો નથી અને એજ કારણને લીધે જરથોસ્તી પાદશાહ કબુજીઆએ (કેમબાઇસીસે) મીસર દેશના મુર્તિ પુજનારાઓના દેહરાંઓને લુટી જમીનદોસ્ત કરાવી મેલ્યાં હતાં અને શેહેનશાહ ખશેઆરશા યાને ઝરકસીસે આથેન્સનાં દેવસ્થાનોને બાળી ભસ્મ કરી નાખ્યાં હતાં. સર વીલ્યમ ઊઝલી જેવા નામાંકિત મુસાફર પોતાનાં પ્રવાસ પુસ્તકમાં સાફ લખી જાયછે જે પરસીપોલીસનાં મોહોળાં કોતરકામો તપાસતાં તેઓ માહેથી આ ઘણું અશ્ચર્યકારકછે કે, એકબી મરદ કે ઓરતની મુર્તિ મળી આવતી નથી. એ પ્રમાણેનો ઉપલો એકરાર, આપણો અસલી હોરમઝદી ધરમ ઘણોજ પુરાતન કાળથી ફક્ત એકજ નિરન્જન નિરાકાર પરમેશ્વરને જે ભજતો આવ્યોછે, તેની ગોયા સાફ ગવાહી આપેછે. હવે જરથોશતીઓની નાની મોટી અન્જુમનનાં જસનોની વેળાએ તથા દરેક ધરમ સમ્બન્ધી મેળાવડામાં એ બુલન્દ ઇકબાલના શેહેનશાહોનાં નામોબી સદા લેવામાં આવે ને આપણા લોકોના કેકાઉસ તથા કેકોબાદ જેવા ઘણાજ કદીમ આરયન પાદશાહો અને સામ તથા નરીમાન (નરીમાન) જેવા નામવર પેહેલવાનોનાં નામો સાથે એઓનાં મુબારક નામોબી સદાકાળ સાથે જોડાયલાં રેહે તે જોવાથી કીપો આપણો જરથોસ્તી પોતાની ફરજ હવે આખરે અદા થયલી નહી સમજશે? ગમે એવાં ઊંચાં પુતળાં બનાવો, ગમે તેવા મજબુત મનારો ઊભા કરો, પરંતુ જમાનાના રાક્ષસી જોર આગળ, ધરતીનાં ધ્રુજવાથી તથા આફતાબના તપવાથી, બાહારાનના ધોધોથી તથા તોફાની પવનથી તેઓ સદાકાલ બરકરાર રહી શકનાર નથી. ફરેદુને ફરૂખને ગુજરી ગયાને આજે મોહોળો વખત વહી ગયો છે. વીધામના પેટા નુર ભરેલા જમશેદની ખુબી તથા તેના જમાના વીશે વીદ્યાર્થીઓમાં હાલ મુખતેલાફ વીચારો ચાલુછે પણ ફરેદુ- રદીન વસ્તમાં હજુર વેર તેઓ પોતાના નામો ગોયા અમર મેળી ગયાછે, કારણ એ જે હજરત જરથોસ્તે એ બાબદસર જે નેક ઊપાય શોધી કાહાડયો છે તે એવો તો ઉમ્દ્ છે કે તેથી હરેક સવાબનાં કામ કરનારનું નામ જાંહાં સુધી આફતાબ સ્થીર છે અને ચન્દ્ર તથા સીતારા રાહ કાપતા દીસતા રેહે તથા યાવચ્ચન્દ્ર દીવાકરો સુધો, જાંહાં સુધી માઝદીઅસનાન ટોળો કાયમ છે તાંહાં સુધી કાયમ રેહે.

જો દીન દુશમનોએ પારસીઓના પુરાતન એલમ અને પુસતકોનો નાશ કીધો નહી હતે તો જાહોજલાલી ભરેલાં અને બળવન્ત ઇરાની રાજ્યની તવારીખનાં દફતરોમાંથી માલુમ ભાએગે જે આ એક આખા નામાંકીત તબકાનાં શેહેનશાહોનાં ફરોહરો વીસરાઇ ગયાછે તે નામો આજે જાબજા આપણા લોકોના મોહોડે રમી રહ્યાં હતે, ને શું અદના કે શું આલા, શું તવંગર કે શું ફકીર, ને શું આલિમ કે શું ગાફેલ શખસોની બતરાસીએ તે ફીરતીવાન નામો ચહરી રયાં હતે. અરબો જેવા પારસીઓના કટ્ટા વેરી ને હરડતા શત્રુઓ પણ આપણા લોકોના આલેમ શખસોની તારીફ ગાઇ ગયાછે. અહીંયાં સુધી કે હદીસમાં આ પ્રમાણે મહમદના જમાનાના બુજરરગવાર અરબો લખી ગયાછે:—"ઇનકાનલ

એલમ ફી અલ શુંરઇઆ લ યેનાલહુ અસાબુલ ફવારસે" યાને "અમારા જમાનાના પારસીઓ એટલાતો આલેમ છે કે શુરીઆના કછમછીઆ તારાના ઝુમખા અન્દર શું શું થાયછે તે વાત પણ તેઓ ગોયા આ દુનીઆમાં આશકારા કરી શકેછે." આ સઘલી બાબદો વીસ્તારીને જણાવવાની અતરે મારી મતલબ એજ છે જે, પારસીઓમાં આવા આવા આગળા નામવર પુરુસો ખીલારોકા હરફો ઉકલાવાથી ફરીને હવે જાહેરે સજીવન થયાછે, તાહારે એ હખામની પાદશાહો જેઓનો દરપશ એક વેળાએ રૂમના દરીયા (ભુમધ્ય સમુદ્ર) થી તે ઠેઠ સીન્ધુ નદીનાં મુખ સુધી ચોમેર પ્રુથ્વી ઉપર ઉડી રહ્યો હતો, જેઓએ એક વેળાએ રૂમીઓ કરતાંબી મોટી બોહોળો શેહેનશાત પારસીઓ માટે સમ્પાદન કરી હતી, જેઓનાં નામથી યુનાન તથા રૂમની જબરદસ્ત શેહેનશાહતો પણ થરથર કાંપતી હતી, ને જેઓએ અવસ્તાવાલી પેશદાદી તથા કીઆની વંશની પાદશાહતો તથા ગ્રીક ગ્રંથકારોની જણાવેલી બંને મીદીઅન શેહેનશાહતોને, પોતાનાં વધારે બુલન્દ ઇકબાળને લીધે જાણે એક ઘરણની માફક ઢાંકી નાખી હતી; તેઓનાં નામવર ફરોહરોને આજે પારસીઓએજ ભુલી જવાં તે ઘણુંજ દુ:ખદાયક તથા અફસોસ કરવા જોગ છે. આશા છે કે પારસી દસ્તુરો આ ખુલાસા ઉપરથી આ બાબદ ઉપર હવે ધ્યાન આપવાને પછાત પડશે નહી, કેમકે તેમ કીધાથી પોતાના પુર્વજો તરફની તેઓએ એક મોટી ફરજ અદા કરેલી કેહેવાશે.

આ ઘણું અજાએબ જેવું છે કે અવસ્તાનાં ઘણાં જુનાં લખાનોમાંથી કેઠે મુરતી વીશેનો ચોકશ શબ્દ મલી આવતો નથી, ફકટ તેમાતો માજદીઅશનાન ધરમની વીરૂધમત ધરાવનાર પંઠવાલાઓને દેવ યશનનાં નામથી ઓરખેલા છે અને મુરતી તથા મુરતી પુજકને લગતા જેબી શબ્દો કે હાલ આપણે અવસ્તાનાં કલામોમાં કેઠે કેઠે જોઇએ છીએ તે શઘલા પેહેલવી અને પાજંદ વાલાઓનાં દોરમાં ઘુસાવેલા હોય એમ અનુમાન થઇ શકે છે. આ ઉપરથી હોસંગની દીન જે જરથોસ્તે શુધારી, તેમાંબી મુરતીઓ બનાવવાની તથા પુજવાની મનાઇ હોવી જોઇએ અને તેથીજ અશલી બાખત્રીઅન બોલીમાં મુરતી એવો જે શબ્દ આવ્યો નથી, તેની હવે શેહેલમાં આપણને શમજન પડી શકેછે. એજ કારણ શર ફીરદોસી ખુશરૂ પરવીઝ સોડે જે બેટ બોલાવેછે તે આ બાબની શહરૂઆતમાં મેં ટાંકી દેખડાડીઓ છે અને જેનો માએનો એમ થાએછે જે "મને આપણી પુરાની દીનથી બજાલત પોહોચે તેવું નથી, કેમકે આ જગતમાં હોસંગની દીન શીવાએ બીજી બેહેતર દીન કોઇની નથી." આએજ શબબને લીધે, સર વીલીઅમ ઉઝલીનાં કેહા મુજબ, * જરથોસ્તની આગમજની કીઆની પાદશાહોની દીનને "પાક દીન" અને પાદશાહ ક્એગુશતારપ જેને વેદમાં ઇશતાસ્વ કરીને કેહેલોછે તેની પછી બાખત્રોઆની ભુમીમાં પરસાર પામેલા આપણા આ નવા મજહબને "બેદીન" યાને બેહેતર દીન, એવા શબ્દો વહરંવાર આ બંને પંડોને એક બેકથી ઇલાહીદા કરી દેખડાવવા તથા ઓરખાન આપવા માટે ફીરદોશીએ વાપરેલા જણાએછે. હવે આ કીઆની પાદશાહો, અવસ્તામાં જણાવ્યા મુજબ આપણાં લોકોની અશલી આરીયન ભુમી, જેને વંદીદાદમાં અઇરીઅનેમ—વ એજો (ઇરાન વેજ) તથા વેદમાં આર્ય-વર્ત્ત કરીને કેહેલીછે, તે છોડી જયારે બાખલીઅમાં આવી કાએમ મુકામ થઇ પડીઆ હતા, ત્યારે પોતાની બાપીકી આ અશલી રમન્ય ભુમીની દાહાજ હજુરેવેર તેઓનાં મનમાં ધરકતી હતી, માટે આ પ્રથમ ભુમી વીશે બીજું જે કંઇ આજ વેર નવું અજવાલું પડીઉછે તેની આલો જાવતમાં જરા હેઠલ ફરીને આપણે તપાશ લઇજીએ. આપણે શારીકોની જાનીએ છીએ જે વંદીદાદની ૨ જી ફરગરદમાં

* જુઓ એનાં "ઇરાન દેશનાં પ્રવાશ" પુસ્તકનાં જીલ્દ ૧ લાને શફે ૧૧૪ થી ૧૨૪ શુધી.

પીમ ક્ષએત યાને પાદશાહ જમશેદનાં વરશો શીઆલાથીજ ગોલઆવ્યાંછે, તેમજ રીગવેદનાં ૧ થી ૨ જાં, ૫ થી ૭ માં અને ૧૦ માં મંડલોમાં વરશની ગનત્રી શીઆલાઓથીજ આપવામાં આવેલી છે, જેમકે તેમાં દરેક હીન્દુ પોતાની ભગતી કરતી વેલાએ પોતાના તથા પોતાનાં બાલ ગોપાલોની વય, અરે! ઓ ઇશવર! સો સીઆલા જેટલી લાંબી કરજે, એ મુજબ પોતા સારૂ આસીરવાદ માંગેછે અને શો વરશ કરીને બોલતો નથી; તે શાથે અશલી આર્યનો કકડતો શીઆલો ધરાવનાર મુલકોમાં પ્રથમમાં વસતા હતા એમ વારંવાર એ રીગવેદવાલો એકરાર વટાક કરી ગયો છે. વલી હીન્દુઓનાં કીરીઆ કરમો તથા દેવગ્નાન લગતાં બીજાં પાછલથી રચાએલાં પુશતકો જેવાં કે અત્રેય બ્રાહમણમાં ઉતર કુરૂ નામે કોઇ એક કલપીત મુલકનુ નામ વાંચવામાં આવેછે જે, ઉતરે તરફનાં દેશાવરોમાં આવેલી હીમવત નામની કોઇ એક નદીની પેલીપાર આવ્યું હતું .એમ આ હીન્દુ ગ્રંથકાર બોલી જાએછે અને આગલ ચાલતાં એક ઠેકાણે તે ભુમી વીશે આ મુજબનું વરણન પોતે ટપકાવે છેઃ—"સાત્યહવ્ય નામે બ્રાહમણ જે મોટા વસીષ્ટ રૂષીથી ઉતરેલો હતો તેને જયારે અત્યરાતી નામે મોટા જોદ્ધા પાસે માંગી લીધુ કે, તેં હવે આખી દુન્યાં જીટી લીધી છે તો મનેબી તું મોટો દરજજો આપ? ત્યારે અત્યરાતીએ કહ્યું કે, જયારે હું ઉત્તર કુરૂને ફતેહ કરીશ ત્યારે તું, ઓ બ્રાહમણ, પૃથવીનો પાદશાહ થઇશ ને હું તારો સરદાર થઇને રહીશ. આ ઉપરથી તે બ્રાહમણે પોતાને થપકો દીધો કે ઉત્તર કુરૂ તો દેવતાઓનું થામછે અને કોઇ પણ માનવી તેને જીટી શકે એમ નથી." સીતાને એ દેશાવર બાતે શોધવા મોકલતી વેલાએ વાનરોનાં લશકર સનમુખ રામાયણમાં એ દેશાવરની સ્તુતી આ મુજબ ગાએલી છે કે, "એ ઉત્તર કુરૂનાં લોકો સખી, આબાદ, સદા સુખી અને નહી નાંસપામે તેવાછે; અંહીઆં નથી થંડી કે નથી ગરમી, નથી બુધાપો કે નથી દુખ દરદ, નથી દલગીરી કે નથી બીહીક ને નથી વરશાદ કે નથી તડકો." વલી આગલ ચાલતાં એજ કથામાં કહેછે જે, એ કુરૂદેશની ઉતરે પેલી બાજુ ભણી દરીયો આવેલોછે, માટે તે તરફ કોઇએ જવું નહી કેમકે તાંહાં કોઇ બીજાં પ્રાંણીઓએબી પોતાનો પગ મેલીઓ નથી. માહાભારત જેવાં હીન્દુઓનાં મોટાં કાવ્યરૂપી ગ્રંથનો મોટો પેહેલવાન અરજુન જયારે ઉતર કુરૂ દેશ પોતે જીતવા દોડીઓ ત્યારે શેહેરનાં દરવાજાનાં ચોકીબાંનોએ તેને ચેટવણી આપી હતી જે "ઉતર કુરૂ દેશ કોઇથી પણ ફતેહ થઇ શકતો નથી. માનવી તેમાં દાખલ થઇ શકે એવું નથી. ઉતર કુરૂનાં લોકો શાથે કોઇ લડાઇ કરી શકતુ નથી અને અગર તું માંહે પેશીસ તો પણ તું તાંહાં કશું દેખી શકવાનો નથી કેમકે અહીઆં માનવી જોઇ શકતું નથી".† આ મુજબ રીગવેદ, રાંમાંયણ, માંહાભારત તથા અત્રેય બ્રાહમણમાંથી ઉતારેલા મજકુર ફ્રસતાંતો ઉપરથી આટલું તો હવે માલુમ પડેછે જે, કુરૂ નામે હીન્દુસ્થાનની ઘણો ઉતરમાં કોઇ એક બાગે બેહેસ્ત જેવો મુલક આવેલો હતો, જાંહાં દેવતાઓ વસતા હતા અને તેનાં ઉતર અને દક્ષીણ કુરૂ એવા બે વીભાગો હીન્દુઓનાં પુરવજો કરી ગયા હતા. હવે અવસ્તા તરફ નીઘાહ પોહોચાડતાં તેમાં હરબેરેજઇતી યાને અલબુરજનાં પાહાડની આબો હવાની ખુબી વીશે બોલતાં એવું જણાવામાં આવેલુછે જે, તાહાંબી નથી મોહોટ કે નથી દરદ, નથી ગરમી કે નથી શરદી ને નથી બુઢાપો કે નથી ધુમસ ને જે હેવાલ કે ઇરાન વેજની અસલી ખુબી ગાતી વેલાએ મીનોખેરદવાલોબી આપણી પ્રથમની આ આસીરવાદની ભુમીને પણ જે લાગુ પાડી ગયોછે તે ઉપરથી એમ શારાંઉશ નાકલે છે જે, આ બંને ભુમીઓની આબોહવા એકમેકને મલતી આવતી હતી, પરંતુ તે ઉપરથી કેટલાએક યુરોપ્યન પંડીતો જે, એમ થોડ઼ા

---

† જુઓ ન્રુરે એલમનાં પુસ્તક ૧૦ માને સફે ૧૦૫–૧૦૭ તથા સફે ૧૩૬–૧૩૯ શુધી.

બેસાડવા માંગેછે જે, હરબેરેજઇતી તેજ ઇરાન વેજનું અસલી આરયન સ્થલ હોવું જોઇએ, તે વીચાર શાથે હું એકમલતો થઇ શકતો નથી: હવે 'તોલામી નામનો વખણાએલો ગ્રીક ભુગોલ વીદ્યાથી, જે આપણાં પોરબંદર, ભરૂચ ઇતીઆદી જગાઓ-વીશે તેઓનાં અક્ષાંસ ને રેખાઉસ શીજે બરોબર બીઆન આપી ગયેછે તે કોઇ એક દેશનાં રેહવાશીઓને ઓતોરો-કોરરોનાં પાહાડી લોકોને નામે ઓલખાન આપી જાએછે અને તે દેશ હીન્દુસ્થાન-ની ઘણો ઉતરમાં આવેલો હતો એમ જે તે જણાવી ગયો છે તેથી પ્રોફેસર લાસેન તેને કાશગરની પુરવ દીશા ભણી મેલેછે અને અવસ્તાનો હરેબેરેજઇતી તેજ એ ઉતર કુરૂનો વખણાએલો મુલક હોવો જોઇએ એમ એ જરમન પંડીત વીચારેછે. મારો વીચાર એવો છે જે જમશેદનો વર તે એ તરફજ કેઠે અમલમાં આવ્યો હશે કેમકે આરીયનોની વસ્તી વીખડાઇ અને ઇરાનવેજ જયારે બરફનાં તોફાંનોથી ગારદ થયું, ત્યારે વંદીદાદમાં જણાવીઆ મુજબ જે નવી ભુમી આ પાદશાહે વસાવી હતી તેમાંબી મોહોટ અને દરદ, બદશુરતી અને ખોડખાંપણ હતી નહી અને એ તરફનાં હુકેરે પાહાડનાં શીખડ ઉપર એજ "પાદશાહે હોરમજદની ભગતી વઠીકે કરી હતી ને જે પાહાડ કે અલબરૂજનાં પાહાડોની લંગારની સઉથી ઉન્ચો ટોંચ તરીકે જણાએલો છે. હીન્દુસ્થાન કે ઉતર કુરૂ ને હરબેરેજઇતી કે ઓતોરો કોરરો તેજ ઇરાન-વેજવાલી પેલી આર્યનોનાં સ્થલની પ્રથમ ભુમી હોવી જોઇએ એમ જે કેટલાએક અરવાચીન પંડીતો સાર ઉઠાડવા માંગેછે તે તદનજ ગલતછે, કેમકે અઇરનાંવએજોનો વંદીદાદમાં જણાવીઆ મુજબ સદંતરજ ગારદ થઇ ગયું હતુ ને તે પરથીજ આરયન ટોલાંઓને પછી ચોમેર વીખરાઇ જવું પડીઉ હતું. તે સાથે અઇરનાં વેએજોની ભુમી પાહાડી નહી પરંતુ નીચાનમાં આવેલી હતી એમ અવસ્તા ઉપરથી સાર નીકલી સકેછે ને તેથીજ કરીને તે ઉપર જલદીથી કંઇક ખુદરતનાં ભયંકાર બનાવો બનવાને લીધે પાછલથી પાંણી ફરીવલીઉ હતું. હવે પુરાતન બાખત્રીઅનો યાને ઇરાની આરયનો, બલખના વાવ્ય ખુણા ભણી વસતા હોવા જોઇએ, જાંહાથી પુરવ તરફ વધી જઇને, પછી તેઓ અરવાચીન ઇરાન દેશનાં મુલક તરફ ઉતરી પડીઆ હતા એમ જે મો॰ પીકતે અટકલ બાંધેછે તે મને બી દુરૂસ્ત ભાશેછે પરંતુ તે બાખતીઆ દેશને આરયનોનાં અશલ વતન તરીકે જે વીચારેછે તે વીચાર શાથે હું એકમત થઈ શકતો નથી. હીન્દુ આરયનો આપણાથી છુતા પડી પ્રથમમાં બદખશાનની સરહદ આગલ, બદખની આગણી કોન તરફ જઇ ભરાયા હતા, જાંહાંથી તેઓ પછી હીન્દુસ્થાનમાં ઉતરી પડીઆ હતા અને પીલાસજી આરયનો યાને યુરોપનાં આરયનોનાં વડાઓ બલખની નેરૂત ખુણે પ્રથમમાં વાસો કરી પડીઆ હતા, જાંહાંથી તે તાએફાઓ પાછલથી હેરાત તરફ ચતરાયા હતા અને તાંહાંથી ખોરાસાન તથા માઝીન્દરાન થઇને એસીઆ માઇનર તરફ અને ત્યારબાદ હેલેસપોન્તનીખાડી ઓરંગાવી, તરકી અને યુનાનમાં દાખલ થયા હતા, જાંહાંથી પછી તેઓ ઇટાલી અને આએરલંડથી તે ઠેઠ આઇસલાંડનાં ટાપુ શુધી આગલ વધી ગયા હતા. આ પ્રમાણે આરયનોની મુસાફરીનાં જમાનાને મો॰ પીકતે પોતાનાં "લેઝ ઓરીજાં ઇન્ડો યુરોપીઆં ઉ લેઝ આરીઆં પ્રીમેતીફ" નામનાં ફરાંસીસ દફતમાં, ઓછામાં ઓછો ઇસુની ત્રણ હજાર વરષ પુરવે મેલેછે અને તોપણ કેહેછે જે તેથીબી વધારે પુરાતન કાલમાં યુનાની તથા રૂમી તાયફાઓનાં વડીલો વખતે મધ્ય એશીઆ ખંડ તરફનાં મુલકો છોડી ગયા હશે અને તેઓને તેમનાં આ નવાં નવાં શરથાનો ખાતે જઇ વસતાં સદીની સદીઓ ગુજરી ગઇ હશે. આરયનોની વસ્તી આ પ્રમાણે આ પૃથ્વી ઉપર જે ચોમેર વીખરાઇ ગઇ હતી તે વીશે આટલો ઇસારો અત્રે જણાવી, હવેથી ચાલો આપણે અવસ્તાને અરવાચીન એલમોની શોધોથી કેવી રીતે પુશ્તી મલેછે, તે વીશે જરા આગલ જતાં બીયાન અપ્પે.

બાબ ૬ ઠો—ભાગ ૨ જો.

j અવસ્તાના કલામોને ખગોલ, ભુશાસ્ત્ર તથા હાલ જમાનાની કુદરતી વીદ્યાઓથી મલતી મજબુતી.

કદીમ યુનાન તથા રૂમ, બાબેલોન તથા આસીરીઆ અને મીસર તથા જેરૂસલમની ખરી તવારીખને લગતા સને જે હીગામમાં શરૂ થાએછે તે પુર્વે અવસ્તાવાણી હતી તે વીસે આગલા ભાગમાં સાત અગત્યની દલીલો રજુ કરયા બાદ તથા જે અથાગ લાંબો જમાનો તે આગમજ પણ ગુજરી ગયોછે, કે જેની તવારીખ વખતની જાલેમ ચુંગાલમાંથી માનવી જાત સોડે મુતલગ બચી શકી નથી, તે વીસે તે અંકોમાં ઉપર ટપકે બયાન આપ્યા પછી ચાલો હવે આપણે આ બાબત ખતમ કરયે તે આગમજ માજદીઅશનાન ધરમના અતેકાદ પ્રમાણે આ છ મોહોટા ગહમ્બારો યાને વખતના જથાબંધ મેલાવડાથી તબક્કે તબક્કે દાદાર હોરમઝદે હજારો બલકે લખો વરશે આ તથા મીનોઈ જહાનો જે પેદા કરી મચાવીઓછે તે વીસે ભુશાસ્ત્ર, ખગોલવીદ્યા, તથા કુદરતી વીદ્યાને અર્થે હાલ જમાનાના એલમોના નવા નવા શોધો પ્રમાણે જાવતમાં હેઠળ તપાસ લેઇયે અને જોઇયે જે અવસ્તાવાણીના મુખ્ય વીભાગો અર્વાચીન એલમોના શોધો સાથે અનુસરતા આવેછે કે નહીં?

સર્ફ વ નેહો તથા એલમે મંતક ને એહમે માનીબયાનના સુરાઓ ઉઠલાવતાં તથા જંતર (સાહીત્ય) વીદ્યા', મંતર (બોલવાની) વીદ્યા, ધંતર (ગાળવાની) વીદ્યા અને તંતર (ઓખદ) વીદ્યાનાં મોહોલાં પુસ્તકો જે દરેક કીતાબખાનાંની અભરાઇઓ ઉપર હારેદાર ભયંકાર સપ સમારી ઉભાં હોયછે તેઓ તરફ નીગાહ કરતાં આ પૃથ્વી અને તે ઉપર વસતી સઘલી જીવવાળી અને નીરજીવ પેદાયસો કેમ અને કયા જમાનાંમાં કેવી તરેહથી અને શું શું નીયમો પ્રમાણે ઉત્પન્ન થઈ હશે તે વીશેનો રળીઆમણો શોધ આપણુ દરેક માનવી જાતનું લક્ષ મોડે વેહેલે પણ પોતા તરફ ખેંચ્યા વીના રેહેતો નથી અને જેટલી દીલસોજી તથા આતુરતા યુરોપના ભુશાસ્ત્રીઓ, ખગોલવીદ્યાર્થીઓ તથા ઈતીહાસ કર્ત્તાઓમાં આજ હાલ એક બે સદીના અરસામાં એ બાબદસર દેખાડવામાં આવીછે તેવી હોંશ અને કજબેહેસી બીજી થોડીકજ બાબદોસર તેઓએ કદાચ દેખાડાવી હશે. ઈસુની સોલમી સદીમાં હાલની ચાલુ બલકે દરજજે દરજજે સુધરતી જતી વીદ્યાઓનાં સપરપેહેલાં કીરણોનો બરી બામદાદનો પોહોર ફાટી નીકળવા ઉપરથી ફીલસુફોને એવું ગુમાન ગયું જે ઘણા ખરા અસલી વીચારો જે લોકો સેંકડો સદી થઇ માનતા આવ્યાછે તે તદનજ ભુલ ભરેલાછે. આથમન પ્રાંતના ઓલમાઓમાં તે વેલાએ જમીન સુરજની આસપાસ ફરેછે એવા બતલીમુસ (ટોલેમી) ના ખગોલવીદ્યા સંબંધી જે વીચારો ચાલું હતા તેઓમાં કોપરનીકસ નામના એક દાનાવ શખસને ફેરફારો કરવાની ફરજ પડી અને તેની અજમાયશ તથા અવલોકન ઉપરથી જમીન ઉલટી આફતાબની આ-

સપાશ પ્રદક્ષણા કરેછે એમ તેને લાગવા માંડયું. આ વીચારને તે પછી ગેલીલીઓ નામના બીજા એક મહા વીદ્વાને ઉચકી લીધો અને હીંમતથી તેણે પોતાના વીચારો લોકો આગલ ધરયા જેથી તે બીચારાને ઇસાઇ ધરમના જહનુની પાદરીઓથી બંદીખાનું વઠીક સેહેવાની ફરજ પડી હતી અને આખરે તેઓએ તેને કેદખાનામાંથી છોડતી વેલાએ તેની સોડેથી જબરદસ્તીથી બે હાથ મચકડાઓબી નીચે મુજબ લખાવી લીધા હતાઃ—પેહલું એજે "આ સૃષ્ટિનું મધ્ય બીંદુ સુરજછે અને તે પોતે જાતે સ્થિરછે એવો જે મારો સીદ્ધાંત છે તે ખોટો, ફીલસુફીના કાએદાથી ઉલટો અને કુફરપણા જેવોછે, કેમકે ઇનજીલથી તેને કસી રીતે ટેકો મલી શકતો નથી." બીજું એજે "આ સૃષ્ટિનું મધ્ય બીંદુ જમીન નથી તથા તે ફરતી નથી; લેકીન તે આફતાબ આસપાસ ફરેછે તે સાથે પોતાની ધરી આસપાસબી દર રોજ તેની ગતીછે અવો જે મારો સીદ્ધાંત છે તે પણ ખોટો, ફીલસુફીના કાએદાથી ઉલટો અને ખરેખરો કફર કલામછે." ત્યાર બાદ ગઇ સદીની લગભગ આખરીમાં તથા આ ચાલુ સદીની શરૂઆતમાં ભુસ્તરવીદ્યા લગતા બીજા નવા નવા અદ્ભુત શોધોએ એકવાર નવેશરથી બીચારા પાદરીઓને વલી ફરીને ગભરાટમાં નાખીઆ. જમીનભીતરશનાસો તથા તે ઉપર રચાએલા જુદા જુદા જમાનાના પોપરાઓ તથા ખરકોની બારીક તપાસ કરનાર આલેમો ધરતી માતાનુ છેક વીશ માઇલ સુધીનું ઉગર ફોડવા જયારે શકતીવાન થતા ચાલ્યા ત્યારે તેઓનાં અવલોકનમાં એમ આવ્યું જે જેનીસીસની પોથીમાં જણાવ્યા પ્રમાણે આ સૃષ્ટિ તથા તે માહેલી તમામ જુદી જુદી પેદાયશોને મચાવતાં પ્રમેશ્વરે છ દીવશો નહીં પરંતુ હજારો બલકે લખો વર્ષોનો મસ મોહોટો જમાનો ગાળી કાહાડયોછે. જયારે આ નવું શાસ્ત્ર હસ્તીમાં આવ્યું ત્યારે કેટલાએક છાલકાં મગજનાં લખનારાઓ બારીક તપાસ છોડી, જાહેલીને વળગી રહી એ ભુરચના શાસ્ત્રીઓના ઉપજાવેલા સારાંશો સામણે તરેહ તરેહવાર શકો સાધારણ લોકોનાં મનમાં ઉત્પન્ન કરવા લાગ્યા. આથી એલમના ગુમાની દેવને વધારે ઉશ્કેરાવાનું કારણ મલ્યાથી તકરારનાં મેદાનમાં આમણસામણ નવી બાબદો અજવાળાંમાં આવતી ચાલી ને જુના થસી ગએલા તથા ફીતાએલ વીચારો ઉપર, નવા સુધરેલા વીચારો ધીમે સાંસતે આખરે પોતાનાં કદમ મજબુત કરતા ચાલ્યા. એ કજબેહુશી વીશે નામીચો અંગ્રેજ કવી કાઉપર પોતાના "ઢી ટાસ્ક" નામના વીષયમાં આ પ્રમાણે નીચે મુજબ પોતે પાદરીનો દીકરો હોવાથી ભુવીદ્યાર્થીઓની ટોકર કરી જાએછે.

———"Some drill and bore
"The solid earth, and from the strata there
"Extract a register, by which we learn
"That He who made it, and reveal'd its date
"To Moses, was mistaken in its age"
see "Task" Cowper.

યાને "કેટલાએકો બહુ જમીન ફાડી ત્યાંનાં પડોમાંથી એક એવો લેખ ઉપજાવી કાહાડેછે કે જે ઉપરથી આપણે એમ શીખ્યે છેએ જે, જે શાહેબે આ જમીન પેદા કરી તેનો સને હજરત મુસાને બશારતમાં જણાવ્યો હતો તેમાં તેણે ચુક કરેલી છે." આ પૃથ્વી તથા તે ઉપરની સઘલી જમાદાત, નબાતાત તથા હેવાનાત અને આખું સુર્ય મંડળ ફકટ છ દીવસમાંજ બની તૈયાર થએલું છે એવા ઇસાઇ તથા મુસાઇ

લોકોના કોલ ઉપર હવે આસ્તે આસ્તે ગોયા પાણી ફરી વલ્યુંછે અને પાદરીઓએ અમે તેવાં ઢીગલાં ઢાંગલી મારવા છતાપી ભુરચના તથા ખગોલ વિદ્યાર્થીઓથી તે વાતને કશો ટેકો મલી શકતો નથી. તે સાથે તેઓના કરેલા આ છ મોહોટા વીભાગો જે સાધારણ ચાલુ દેખાવો આપણી નજરે પડેછે તેઓને જોડે અનુસરતા આવેછે તોપણ વીદ્યાનાં કીરણોથી તેઓને કશો પ્રકાશ મલી શકતો નથી, જેમકે જેનીસીસની પોથીમાં જણાવ્યા પ્રમાણે ત્રીજે દીવસે જીહોવા (ખોદા) એ આ જમીનને ઘાસ તથા નાહાના રોપાઓથી ધાંકી ને છેક ચોથે દીવસે આફતાબ તથા મહાતાબને આસમાનપર પેદા કર્યા, જે વાત હાલના વીદ્યાઓના શોધો આગલ મુતલગ ટકી શકતી નથી કારણ એ જે આફતાબની ગરમી જો નહીં હોયતો ઝાડપાન તથા હરેક નબાતાત, જમીન ઊપર મુતલગ ઉગી શકેજ નહીં એમ વનસ્પતી વીદ્યા જાણનાર દાનાવ પુરૂશો, તરત કેહી શકે છે પણ એ બાબદસર ચુનોચરા કરવાનો આ કાંઇ મેહેલ નથી; આપણ જરથોસ્તીઓને તો આપણુંજ ઘેર સંભાળી બેશી રેહેવાનો હાલ વખતછે માટે કોઇ બીજાના ધરમો વિસે તકરાર કરવાનો મારો નિયમ એલે મુતલગ ન હોવાથી ફકટ જે ઘણાજ જાનીવા તફાવતો આપણા તથા ઇસાઇ લોકોના કલામો વચ્ચે જે પ્રકાશી નિકળેછે તે જણાવતી વેળાએ જરા તેપર શરેહ કરવાની ફરજછે કે જેથી પારસી વાંચનારાઓ જરા ગુંચવાએ નહીં તથા શકના વમલમાં અમસ્તા પડી જાએ નહીં. અલબતે એ નવા એલમની આવી મહાભારત કોશેસ જો કે કેટલેએક દરજજે આખરે ફતેહ પામેલીછે તોપણ મારે એલે જણાવવાને ચુકવું નહીં જોઇએ જે તે હજુર બિચારી પોતાની બચગી હાલતમાંછે અને એ કુમલાં ઝાડનાં થડને મજબુતી આપવા અદ્યાપી ઘણાએક ચુનંદા માલીઓની અગટ તથા ખપતિ દિસેછે.

આપણા માજદીઅશનાન ટોળાના એતેકાદ મુજબ પ્રથમમાં દાદાર હોરમજદ ખુદ બખુદ પોતે જે પેદા થયલો હતો તેની ગવાહી દર માસ તથા વરશની શરૂઆતમાં હોરમજદ રોજ મેલાએલો આપણી ગણત્રીમાં જે આવેછે તે ઉપરથી તરતજ ગોયા મલી આવેછે. હવે હોરમજદ યાને દાદાર હોરમજદનાં પેદા થવાના રોજ પછી દર વર્ષે ચાળીસ દિવસનો એક મોહોટો ગાળો કાહાદી નાખ્યા બાદ જે મોહોટું પાંચ દિવસ સુધીનું એક જશન આપણે જે કરયે છેએ તેને ઘેહમબાર મેદીઓજરેમ કરી આપણ જરથોસ્તીઓ કેહે છેએ અને જેની સમજ આપણા દસતુર દાવરો એમ આપેછે જે એ ઘેહ યાને વખત, હમ યાને સાથે અને બાર યાને જુહદો અથવા જથો એટલેજે એ જથાબંધ વખતના મેલાવદા પછી યાને પેહેલા દોરમાં હોરમજદે સપર પેહેલા આસમાનને સેતારાઓ સાથે જે ઉતપન્ન કરયું હતું તેની યાદદાસ્ત તરીકે એક ખુશાલી દાખલ દર વરશે એ પાંચ દિવસોને વધારે પવિત્ર ગણવા હજરત જરથોસતે આપણને હોકમ ફરમાવેલોછે. આસમાનમાં હવા તથા વિસ્તાર (space) એ બંને આવી ગયા તથા સેતારાઓમાં ખુરશેદ યઝદ તથા માહાતાબ એ બંને આવી ગયલા સમજવા. ચાળીસ દીવસનો જે મોહોટો ગાળો દેખડાવ્યોછે તે જાવતમાં ગોયા એક મોહોટા હીંગામ યાને દોર દેખડાવેછે જે દોર કેટલાં હજાર બલકે લખો વરસનો હોવો જોઇએ તે આપણી સોડે સઘલાં ધરમનાં દફતરો બચી ન રેહેવાથી હાલમાં ચોકસ

રીતે કુહી શકાતું નથી; પણ એટલો મોહોટો ગાળો બેશુમાર વરશોનોજ જે લાગુ પડેછે તે દબેસ્તાન, દસાતીર વગેરે અસલી જમાનાના ઇરાંનીઓમાં પેહેડી દર પેહેડી ચાલતી આવેલી દંતકથા તથા પુરાતન દતસ્તાવેજોની શાહાતાઓ પરથી રચાએલાં પુસ્તકોની બારીકીથી તપાસ કરનાર પુરાતન વીદ્યાર્થીઓ સેહેલમાં સમજાવી શકશે. પેહમબાર મેદીઓજરેમ અને ગમ્ભાર મેદીઓશેહેમ, જયારે મીઆં યાને પાણી હોરમજદે પેદા કીધું તે મોહોટા દોર વચ્ચે સાહાડ દીનનો તફાવત જાવતમાં શમજાવેલો દીસેછે. ત્યારબાદ એ પેહમબાર મેદીઓશેહેમ અને પેહમબાર પેતેશેહેમ, જયારે આ જમીનપરનો પોપરો સપર પેહેલીવાર બંધાયો, તે મોહોટા હીંગામ વચ્ચે પોણોસો દીનનો ગાળો દેખડાવેલો છે. તે પછીનો ચોથો પેહમબાર જેને અવસ્તાઓ ઝંદમાં પેહમબાર અઇઆથ્રેમ કરી કેહેલોછે ને જે દોરમાં હોરમજદે મોહોટાં ઓરવરો પેદા કરી આ જમીનને જે આરસ્તા કરી હતી તે બંને વખત વચ્ચે ફકત ત્રીસજ દીવસનો ફરક જણાએછે. હવે એ ચોથા અને પાંચમા પેહમબાર મેદીઆરેમ વચ્ચે તો છેક હેંસી દાહાડાનો સઉથી મોહોટા ગાલો નજરે પડેછે અને હોરમજદે ઓરવર તથા ચોપગાં જાનવરો જે હાલ સજીવંતછે તે બંનેની જુદી જુદી પેદાયશો વચ્ચે એક મોહોટો જમાનો કાહાડી નાખ્યો છે. ત્યાર પછી બીજા સાહાઠ દીવસના ગાલા બાદ જે છઠા ને સઉથી છેલા પેહમબાર હમશપેથેમેદેમનું જશન કરવાનું જે ફરમાનછે તે જશનને તેની પુર્વેનાં સઘલાં એ પાંચે જશનો થાને વધારે શ્રેઠ ગણેલુ છે કારણ એ જે તે હીંગામમાં પરવરદેગારે માનવી જાત જેવાં સરવેથી ઉનચી કીસમનાં હેવાનને સઉથી છેલ્લું આ પૃથ્વી ઉપર ઉત્પન કરી તેને આ જહાનની સઘલી સાહેબી ગોયા બક્ષેલીછે. હવે જમીનપર મચાએલા જુદા જુદા પોપરઓની બારીકીથી શોધ કરતાં કોઇ પડ નજદીક છ માઇલ તો કોઇની ઊંડાઇ ફકત દોહોડ માઇલથી બી કમ માલુમ પડેછે માટે અવસ્તા કેહેછે તેમ એ દરેક દોર વધ ઘટ વખતનો જે જણાવેલોછે તેને ભુશાસ્ત્ર વટીક ટેકો આપી શકેછે અને એ છ મોહોટા વીભાગોમાંથી ફકત ત્રણ છેલ્લા વીભાગો જે એ વીદ્યાની હદમાં આવી શકેછે તેઓજ વીશે વીસ્તારીને હેઠલ જણાવીઆમાં આવ્યુ છે. આ પ્રમાણે અવસ્તાવાણીનાં આ કોલો હાલની વીદ્યાઓની શોધો સાથે જે અનુસરતા આવેછે તે ઉપરથી ત્યારેતો બે સારાંશ નીપજી શકેછે એકતો એજે જે જમાનામાં હજરત સ્પીતમ જરથોસ્ત થઇ ગયેછે તે વખતના અસલી બાખત્રીઅનો એટમે રીઆજી યાને ખગોલવીદ્યા તથા ભુશાસ્ત્રથી હાલની માફક હુશીઆર હોવા જોઇએ કે જે બીઆલને ઇતીહાસ ઉપરથી કશો ટેકો, કોઇ અસલી દસ્તાવેજ અદ્યાપી હાથ નહી લાગ્યાથી મલી શકે તેવું નથી માટે બીજો સાંરાંશ જે હું એમ ઉપજાવવા માંગુછું જે હજરત જરથોસ્તને એ વીશે પરમેશ્વરથીજ બસારત થવી જોઇએતો તે વાત આપણા માનવામાં સેહેલથી આવી શકે તેવીછે, કેમકે આગાહી વગર આવી સત્યતા એ પેગંબરને કેમ માલુમ પડી શકે તેની સમજણ આપણને ઉતરી સકતી નથી. અલબતાં અવસ્તાવાણીની મતલબ મનુષ્ય જાતને ગુમરાહીની રાહાથી બચાવી નેક રાહ જે દેખડાવવાનીછે તેમાં એ સઘલી તબક્કે તબક્કે બનેલી પેદાયસોંનાં છેક જીગરમાં પેસી ભુશાસ્ત્ર તથા જયોતીશ શાસ્ત્ર માફક છેક બારીકીથી સમજણ આપવાની નથી માટે સૃષ્ટીની પેદાયસો વીશે જણાવેલા આ છ મોહોટા સિદ્ધાંતો

ઉત્કટપણે, માનવી જાતની બચગી હાલત વેલાએ જે અગાહી તરીકે હોરમજદે જણાવીઆછે તેટલાજ બસ હતા એમ સેહેજમાં હરેક દાનાવ એલમે ઇલાહી (ડીઆલોજી) સનાસ જરથોસ્તી સ્વીકારી શકશે એમ હીંમતથી અત્રે હું કહી શકુછું.

હવે સેતારેશનાસો તથા આકાસ ધારૂઓ અવસ્તાવાણીના આ પ્રથમ બે મોહોટા વીભાગો વીશે શું કેહેછે તે વીશે જાવતમાં આપણને જરા હેઠલ તપાસ લેવા દેઓ. આ પૃથ્વી જે આપની ઇંદ્રીઓને સ્થિર હાલતમાં લાગેછે તે, આફતાબ જે માજદીઅશનાન કોલ પ્રમાણે સપર પેહેલા ઘેહમબારની વેલાએ પેદા થએલો હતો તેની આસપાસ ફરેછે અને તેમજ એ સુર્ય આસપાસ સઘલા ગ્રહો પણ ચોકસ નીયમો પ્રમાણે પ્રદક્ષિણા કરવા જાએછે. ચંદ્ર જેછે તે આપણી ધરતીથી ઘણોજ નાહાનો છે ને જેમ આ પૃથ્વી આફતાબની આસપાસ ફરેછે તેમ સીહા રાતની વેળાનો આપણો આ બોમીઓ આપણી જમીન આસપાસ ફરતો રેહેછે અને તેની જે રોશણીછે તે ખુદ પોતાની નહીં પણ આફતાબનાં પ્રતીંબીબને લીધે ઉત્પન્ન થાએછે. આકાશની અંદર રાતની વખતે જે બેહદ ચળકતા સીતારા આપણી નજરે પડેછે તેવોબી મસ મોહોટા આફતાબોનેવાછે માટે જે ગોળ ધરતી ઉપર આપણે વસ્યે છેએ તે દાનાવ હોરમજદની અપરંપાર પેદાયશોમા દરિએ કીનારેની રેતીઓમાંના ગોયા એક નાના દાના જેવી નજીવી પદવી ધરાવેછે. હવે સવાલ એ ઉઠેછે જે આપણા રેહેઠાણની આ ભુમી અસલથીજ આવી બટ હાલતમાં જેમ આપણે હાલ જોઇએ છેએ તેમ હતી કે કોઇ બીજી અવસ્થામાં હતી. એ સવાલના જવાબમાં ભુશાસ્ત્રીઓ આપણી મદદે આવી પોહોંચેછે અને એની ઉત્પત્તિ વીશે તેઓ આ પ્રમાણે હેવાલ આપણી નજર આગલ ધરેછે.

એવું વીચરાએલું છે જે આ જહાન અસલમાં એક ધકધકતી ધાતુનાં ગોલ લોંડા જેવી પ્રવાહી રૂપમાં હતી ને તેને જમીને બટ થતાં ને ૨૧૨° (ડીગરી)ની બેહદ ગરમીમાંથી તે છેક ફેરનહિતની ૭૭° (ડીગરી) શુધી થંડી પડતાં પ્રોફેસર હાતનના કરેલા કેટલાએક રશાપણી અજ્માઓ પ્રમાણે ૨,૨૫,૮૦,૦૦,૦૦૦ વરશોનો ઘણો લાંબો જમાનો ગુજરી જવો જોઇએ. અલબતે આ ગણત્રી ઘણી ચોકસ હોએ તેમતો હીંમતથી હજુર આપણાથી કહી શકાતું નથી પરંતુ તેપર હવે ધ્યાન આપવા જોગછે કેમકે એક વખત એવો હતો કે આ જહાનની પેદાયસ વીશે હજારો નહીં પણ લખો વરશો ગુજરી ગયાંછે એમ જો કેહેવામાં આવતુ હતું તો આપણી મદરેશાના વીદ્યારથીઓને કદાચ હસવું આવતું હતું પરંતુ વલી ફરીને હવે એકવાર જમાનાનું ચકરજ ગોયા ફરી ગયું છે ને આ ધરતીની પેદાયસ અને ઉત્પત્તિ વીશે જેમ પારસી તથા હીંદુઓના કદીમ નીઆએગાનો કહી ગયાછે તેમ લખો નહીં બલકે કરોડો વરસનીજ ગણત્રી પાછી ખગોલ તથા ભુશાસ્ત્રોની મદદથી આપણી સાહેતાએ આવી ઉભી રેહેછે. એનો વ્યાસ નજદીક આઠ હજાર માઇલ છે. એની સપાટી જેને ભુશાસ્ત્રીઓ "જમીનનો પોપરો" કરી કહેછે તેપર ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન ઉપસી આવેલી છે એમ ભુગોલ વીદ્યાર્થીઓ કેહે છે. જમીનની છેક ભીતરમાં શું છે તે હજુર સુધી કોઈ ચોકસ રીતે કેહી શકતું નથી કારણ એ જે ભુશાસ્ત્રીઓનો શોધ બાહેરથી ફકત વીસ માંઇલની ઉંડાઇ પછી

બીજો વધુ આગલ ચાલી શકતો નથી કે જે આ જમીનની ચાર હજાર માઇલની ત્રિજ્યા લીટી સાથે સરખાવતાં ગોયા કુચ બીશાત ધરાવતો નથી. હવે આ પોપરાના બાંધા તથા રચના ઉપરથી એની અસલી તવારીખ નીપજાવી કાહાડવી એ ભુસ્તર વીદ્યાનો નીયમછે અને આ દુનીઆની અસલી હાલત કેવી હતી અને તે ઉપર કેઇ કીસમનાં જાનવરો તથા ઝાડપાનો તબક્કે તબક્કે આવી વસીને ગારદ થઇ ગયાં છે તે સઘલા ફેરફારો વીશે એ વીદ્યા આપણને હાલમાં શીખવેછે. જે અદભુત ફેરફારોથી આ પોપરો બન્યોછે તેના ચાર મુખ્ય વીભાગો થઇ શકેછે. પેહેલી હવાઇ શકતી, બીજી પાણી, ત્રીજી અગની તથા ચોઠી પ્રાંણી શકતી. રસાયણ શાસ્ત્રીઓ કેહેછે જે હવા જે છે તેમાં આકસીજન તથા નાઇટ્રોજન વગેરે કારબોનીક આસીડ ગ્યાસ અને ભીનાસ હોએછે. જમીનની આસપાસ જે વાતાવરણ યાને હવા ફરી વળીછે તે જયારે આ ભુમી ઉપરના ખડકો સાથે અથડા અથડીમાં આવેછે ત્યારે તેઓમાં તે મસ મોહોટા ફેરફારો ગુપ ચુપે રીતે કરતી જાએછે. એ હવા માહેલી કારબોનીક આસીડ પેલા ચુનાના ખડકોને પોચા કરેછે ને જેપર જયારે પાછલથી વરસાદ પડેછે ત્યારે તેનો ભુકો થઇ જઇ દરીઆમાં તે ઘસડાઇ જાયછે ને તેમાંથી પોલીપી નામના ઝીણા જીવડાઓ પોતા સારૂં એક મજબુત રેહેઠાણ બનાવેછે કે જેનાં પછી માનવી જાતનાં રેહેઠાણો સારૂં મોટાં ટાપુનાં ટાપુઓ બની ગએલાંછે. એ પ્રમાણે મજકુર પ્રાણી શકિત એ પોપરાને બચાવવા ઘણો અગત્યનો ભાગ હમેશથી લેતી આવીછે.

હવે પાણીથી થતા ફેરફારોની ચાલો આપણે હેડલ જરા જાવતમાં તપાસ લઇએ. દુનીઆની આસપાસ પાણીનો જે મોહોટો જથો સમુદ્રના આકારમાં ફરી વલ્યોછે તેનો બાફ થઇ વાદળાઓ મારફતે વરસાદના આકારમાં જયારે જમીન ઊપર પડી, મિઠી નદી નાળાંનાં રૂપે, પાછો માહા સાગરમાં ખાલી થાએછે, ત્યારે તેઓના રસતામાં જેબી કાદવ, કાંકરા, પોચી માટી વનસપતી તથા મુવેલાં જાનવરોનાં હાડ વગેરે જેબી આવેછે તે સઘલી વસતુઓના ઘગના ઘગ તેઓ ઘસડી લઇ જાય માણસોનાં રેહેઠાંણ સારૂં દરીઆને કિનારે નવી નવી સપાત ત્રીકોણ આકાર ભુમીઓ બનાવેછે. આ પ્રમાણે આટલો બધો કચરો અને કાદવ, પાહાડોની ઝીણી ઝીણી રેગો કરી, પાણી શકતીથી જે ઓગળી આવેછે તેમાંનું એક તનખું અને કરચ વટીક પણ નાશ પામી શકતી નથી પરંતુ ફકત આકારજ માત્ર બદલેછે. ગોયા પેલા પહાડ જેવા આકારમાંથી હવે વનસપતી ઉગી શકે અને જીવજંતો શુખચેનથી આરામ લેઇ શકે તેવી ફલવંત જમીનના કકડાના કકડા એ મોટાં ફેરફારોને લીધે ઊત્પન્ન થાએછે. અલે પેહેલાં આપણાં દેશ માહેલી ફકત ગંગાજ નદીનો એક દાખલો લેઓ. એ નદી માટે કેહેછે જે તે દર વરસ પોતાનાં મુખ આગલ પોચી મટોડીનો એક મસ મોહોટો જમીનનો ત્રીકોણ આકાર કકડો જે ને સુંદરબંદર કરી કહેછે તે બાંધી બચાવવા સારૂ ઠેઠ હીમાલયા પર્વત આગલથી તે જે રસતેથી તે પસાર થતી ચાલેછે તાંહાંનાં જુદાં જુદાં પ્રાંતોમાંથી ઓછાંમાં ઓછો છત્રી કરોડ ટન કાદવનો કચરો ઘસડી જાએછે, જે પછી જેમ જેમ ઠરેછે તેમ તેમ તે માએલો રગડો નીચે બેસી જઇ સુકાતો જાયછે અને સપર પેહેલાં તેઓનાં મોહોટાં ખબોચીઆંઓ થઇ પછી તે ઉપર જમીનના લેપરાને લેપરા ખુદ બખુદ પોતે

બંધાતા જાએછે ને દરીઓ ગોયા છેક હતનો ને હતનો ચાલેછે, માટે કોઇ કાળે એવે પછી નવાં શેહેરો અને ફલંત પ્રાંતો બનાવાની મેહેનતમાં અત્યારથીજ એ નદી ગોયા તૈયારી કરી મેલે છે. એજ મુજબ દુનીઆની તમામ મોહોટી નદીઓ જેવી કે સીંધુ, બ્રાહ્મપુત્રા, નાઇલ તથા મીસીસીપી વગેરે પોતાનાં આ કામો મચાવવામાં ગોયા અસલથીજ મશગુલ છે. નામીચો ભુશાસ્ત્રી દા૦ ચારલશ લાઇલ કેહેછે જે મીસીસીપી નદીનાં મુખ આગલ નો એ પરમાણે બનેલો ત્રીકોન આકાર જમીનનો કકડો જે નજદીક ચઉદ હજાર ચોરસ માઇલનો મસ મોહોટો અકરાવો રોકેછે અને જેની ઊંડાઇ પાનસોથી છસો ફીટછે અને જેમાં દર સાલ બે માહાપદમ અને સિત્તેર કરોડ ઘન ફીટ કાદવનો કચરો ઉમેરાતો જાએછે તે જમીનના કકડાની બનાવતને આજ સુધી લગભગ સાહાઠ હજાર વરસ થાનેથી વધારે મોહોટો જુગ અટવાઇ જવો જોઇએ. દરીઆના મોજાઓ પણ વરસાદનાં પાણી માફક હર ઘડી ને હર પલ કીનારા આગલના જે જે ખડકોને અફડેછે તેઓને ભાજી તેમાંથી આખરે રેગ બનાવેછે અને જેમ જેમ પછી પેલો દરીઓ હઠતો જાએછે તેમ તેમ એવા લેપડાઓમાંથી પોચી જમીનના કકડા કોઇક દોરમાં બની રેહેછે.

અવસ્તાનો જણાવેલો બીજો પેહેમબાર જે વેલાએ ઇશ્વરે સપર પેહેલાં પાણી પેદા કીધું ને તેની પેદાયશને લીધે પછી આ ભુમીની શપાટી ઉપર જમીનનો પોપરો મજકુર શકતીને લીધે જે ત્રીજા પેહેમબારની વેલાએ મચાઓ, તેવી ખડબચડી જમીનની સપાટીને એકશાન કરવાનો પાણીનો જે ખુદરતી નીયમછે તેની વીરૂધ અગની સંબધી ફેરફારો જે મશગુલછે તે વાશે ચાલો હવે આપણે બીજા એક અક્ષેના ભુશાસ્ત્રી મી૦ ઠીઓડોર કુકના રસાલા ઉપરથી હેઠલ મુખ્તેસરમાં બયાન આપે. ગોયા આ બંને શકતીઓ એક એકના હમનબરદ તરીકે કંઇ જુગના જુગ વહી ગયા ત્યારથી તે આજ સુધી પોતે મશગુલછે અને જેની મહાભારત ફેરફારો આ જમીનના પોપરા ઉપર બનતા ચાલેછે તે આ બે જન્મકાલના સદા વેરી દુશમેનોના ભારે જંગ તથા અથડા અથડીને લીધે થાએછે. જમીનભીતરશનાસો કહેછે જે આ પૃથ્વીનાં ભીતરમાં એક ઘણીજ મજબુત અને જોરાવર શકિત વસેછે જે કેમ ઉત્પન્ન થાએછે તેનું કારણ શોધી કાહાડવા તેઓ અદ્યાપી શકતીવાન થઆ નથી પરંતુ તેનાં પરીણામો આપણ સર્વ કોઇને રોશન છે. અત્યાર સુધી થએલી શોધો ઉપરથી એમ દીસેછે જે આ ધરતીનાં પેટાંમાં બેહદ ગરમીછે અને સઘલી ધાતુઓ તથા ઉપધાતુઓ તાંહાં ગરમ ગરમ પ્રવાહી રૂપમાં રેહેછે. ઊંડી ખાણોમાં અજમાએશ કર્યા ઉપરથી એમ સારાંશ નીકલી શકેછે જે જેમ જેમ આપણે નીચે ખોડતા જઇએ છેએ તેમ તેમ દર પચાસ ફીટ અંદર ખોદતાં ફેરેહનહીતન પારાની શીશીમાં ૧° (ડીગરી) પારો ચહડેછે અને આફતાબની ગરમીનાં કીરણો પોતાનો કાબુ જમીનના પોપરા ઉપર પચાસથી તે સો ફીટની ઊંડાઇ વેરજ જે ચલાવી શકે છે તેઓ એ ઊંડાઇની હેઠલ પોતાની સતા મુતલગજ ધરાવી શકતાં નથી; માટે આ ગણત્રી ધ્યાનમાં લેતાં તો દર બે માઇલની ઊંડાઇએ પાણીનો બાફ બનવો જોઇએ, પાંચ માઇલનાં હેઠાણમાં સીસું પીગલી જવું જોઇએ અને ત્રીસ માઇલની ઊંડાઇએ તમામ ધાતુ તથા ઉપધાતુઓ પ્રવાહી રૂપમાં મલી આવવી જોઇએ અને

તેમજ છે પણ ખરૂં; એમ બારીક શોધો કરયા ઉપરથી માલુમપડી પડેલું છે. એથી વધારે અંદર ભુશાસ્ત્રીઓનું અવલોકન જે ચાલી શકતું નથી તેનું કારણ હવે સેહેજમાં આપણાં ધ્યાનમાં ઉતરી શકે છે કેમકે તાંહાં સઘલી જાણીતી વસ્તુઓ પ્રવાહી રૂપે હોએછે. આ પ્રવાહી રસનો મસ મોહોટો જથો જયારે જમીનની માહેલી બાખારથી હવે ઘણોજ ઉભાઇ નીકલેછે ત્યારે તે ખુદબખુદ આ જમીન ઉપરના તથા દરીઆ માહેલા જવાલામુખી પર્વતો યાતો ધરતીકંપો મારફતથી ઘણાં જોસમાં બાહેર નીકલી આવેછે ને તે રસ પછી ઠંડો થઇ બંધાઇ જાએછે. એવા જવાલામુખી પર્વતો પાસીફીક મહાસાગરમાં ત્રણ સો ઉપરછે તે સાથે એશીઆ, યુરોપ અને બીજા સઘલા ખંડોમાંથી અહીં તહીં તેઓ જોવામાં આવેછે. કેહેછે જે જાવાનાંજ એકલાં ટાપુમાં ફકત આડત્રીશ ઉપર બળતા જવાલામુખી પર્વતો છુટાછવાઆ આસપાસ વીખરાઇ ગયલા છે. ઇતીહાસ કરતાઓ કહી શકેછે જે એવા જવાળામુખી પરવતો માંથી નીકલતા બેહદ રસના જમાવ થવાથી શેહેરોનાં શેહેરો વેરાંન થઇ ગયાંછે તથા બીજી ઘણાએક નવી ટેકડીઓ અને પાહાડોની હારની હાર તેને બદલે ઉપસાઇ ઉત્પન્ન થયલીઓછે. આઇસલંડનાં ટાપુમાં ઇ. સ. ૧૭૮૩ નાં શાલમાં તાંહાંના સકપતા જોકલ નામના જવાળામુખી પાહાડના ફાટવાથી એટલોતો રસ એક વેલાએ બાહેર ઉભાઇ આવ્યો હતો કે તેમાંથી પચાસ માઇલ લાંબો અને પંદર માઇલ પોહોળો નવી જમીનનો કકડો બની રેહેલો હતો. જેમ જવાળામુખી પરવતોનાં બળાતકારની અસરથી દરીઆમાંથી નીચી ભુમીઓ ઉપર ઉપસાઇ આવેછે તેવાજ નીયમો ધરતીકંપોનાબીછે. વાંચનારાઓને સારીકાની પાદ હશે કે ચીલીનાં પ્રાંતમાં એ દેખાવ ઉપદ્રવ ઘણોજછે અને તાંહાં વારંવાર ધરતીકંપોથી બેહદ ખરાબીઓ થયા કરેછે. ઇ. સ. ૧૮૨૨ ના ધરતીકંપની વેળાએ એ કોશતા તરફનો દરીઓ હઠી તાંહાં ત્રણથી પાંચ ફીટ જમીન માઇલોના માઇલ સુધી ઉપર ઉપસી આવી હતી. જેમ ધરતીના ધ્રુજવાથી ભયંકાર ફેરફારો થઇ કેટલે એક ઠેકાણેની જમીન ઉપસી આવેછે તેમજ કોઇ કોઇ ઠેકાણે શેહેરોનાં શેહેરો વટીક ગારદ થઇ તે ઉપર દરીઆનું પાંણી ફરી વલેછે. એવું કેહેવાએલું છે જે આ સદીની શરૂઆતમા શીધુ નદીના મુખ આગલ કચ્છભુજ તરફ નજદીક બે હજાર માઇલ ચોરસ જમીનનો એક કકડો બારથી તે પંદર ફીટ ગરક થઇ ગયોછે અને તેના બદલામાં પચાશ માઇલ લાંબો તથા દસથી પંદર માઇલ પોહોલો સમુદ્રમાંથી બીજો એક નવીજ જમીનો કકડો ઉત્પન્ન થએલો છે. કેટલેએક ઠેકાણે તો જમીન આસતે આસતે અંદર બેસતી જાએછે અને દુનીઆના બીજા ભાગોમા કેરૂ દરીઆને બદલે જમીન ઉપસી આવતી જાએછે. જેમ કે સ્વીદનના કોશતા તરફ દર સદીએ તાંહાંની ધરતી ભુશાસ્ત્રીઓનાં અવલોકન પ્રમાણે આસરે ચાર ફીટ કીનારા ભણી ઉચકાતી જાએછે અને ઇટાલીના કોશતા ભણી તેથી ઉલટું દર શો વરશે એક ઇંચ ભર જમીન ઓર ઉલટી બેશતી જાએછે ગોયા એ પ્રમાણે ફેરફારો દુનીઆના તમામ ભાગોમાં હવે પછી થનારાં નામવર દેશો તથા શેહેરો સારૂં બેમાલુમ રીતે બેહદ પુરાતન કાલથી ચાલુજ રેહેલા છે.

હવે જમીનના પોપડાને ઝીણાં જીવજંતોથી રંગબેરંગી એકસાન આકારો જે મલેછે તેની પરાણી શકતીથી થતા ફેરફારોની હેઠલ જરા વલી ફરીને તપાસ લઇએ:—

એ પ્રાણીઓ પરવાળાંના કીડાનાં નામથી આમ લોકોમાં મશહુરછે. એવા કોટાન કોટિ કીડાઓની મેહેનતથી પાસિફિક મહાસાગર, અરબી તથા ઇરાની અખાત અને રાતા દરીઆમાં પરવાળાંના મોહોટા ખડકોના ખડકો બનેલાછે. કહેછે જે ન્યુ-હાલંડના કોસટા તરફ એક હજાર મેલનો મસ મોટો જમીનનો ટેકડો એ જીવડાઓના અથાગ મેહેનતનું ફલછે. વિલાયત જનારા સર્વે મુસાફરો સારી પેઠે જાણેછે જે તે તરફ જતાં રાતો દરીઓ ઓળંગતી વેળાએ બીચારા કપતાન માલમોના પેટમાં જીવ રેહેતો નથી અને અરબ ભોમીયાઓની હમેશ તેઓને મદદ લેવી પડેછે; કારણ કે એ પરવાળાંનાં ખડકો આગલ જયાં ચાર પાંચ વરસો ઉપર પુષ્કળ પાણી જોવામાં આવતું હોય ત્યાં એકાએક હવે દેખાવ દેછે જે વીશે એઓના અરબ ભોમીયાઓ ત્યાં રાતોદીન પડેલા પાથરેલા હોવાથી સારી ખબર રાખેછે અને આટલી બધી ચોકાસી રાખ્યા છતાંબી દર શાલ એ દરીઆમાં એ ખડકોથી એક બે સ્ટીમરો ભાગતીજ જાયછે અને જોખમાયછે. એજ આપણે ઘેરબાર બાંધવામાં જે પોરબંદરના પથરા વાપરયે છીયે તેબી એજ પ્રાણીઓની મેહેનતથી ચોહોતરાએલાછે. આગલ આપણે ઉપર જણાવી ચુકયા છીયે જે દરીઆનાં પાણીમાં "કારબોનેટ ઓફ લાઇમ" નામનો જે ઓગળેલો ચુનાનો ખાર વરસાદનાં પાણીથી ધોવાઇ જાયછે, તેનું પ્રથકકરણ કરી એ જાનવરો તેમાંથી પોતાનાં રેહેઠાણો સારૂં કંઇ કરોડોબંદ રીપો બનાવેછે, જે જયારે પેલા કીડાઓ મરણ પામેછે ત્યારે દરીઆમાં તળીએ બેસી જઇ તેમાંથી કહરેલના લેપડાને લેપડાઓનાં પડો બંધાઇ જવાથી તેઓના ડુંગરોના ડુગરો બની જાયછે.

આપણા જરથોસ્તીઓના એતેકાદ પ્રમાણે પાણીનાં પેદા થવા પછી આ મુજબ દાદાર હોરમઝદે કંઇક જુગના જુગો અટવાઇ ગયા પછી જમીનનો જે આ મહાભારત પોપડો હવે પછી તે ઉપર થનારી પેદાયશો સારૂ રફતે રફતે જે બાંધ્યોછે, તેને અનુસરતો ભુશાસ્ત્રીઓના શોધોનો ઇન્તખાબ ઉપર આપ્યા પછી ચાલો હવે ફરીને તે પછીના દોરમાં જે ઝાડપાણો અને તરેહ તરેહવાર પેટે ચાલનાર તથા ચોપગાં જાનવરો અને ગોશપંદો ઇત્યાદી પેદા થાઇ વારા ફરતી જે વસી ગયાંછે, તેઓની ઉત્પત્તિ વીશેનો એક ટુંક સાર નીચે જણાબયે, કેમકે તે બાબદબી દાદાર હોરમઝદે હજરત સ્પીતમ જરથોસ્તને આપેલી અગાહીને બરોબર હાલની જમીનભીતર વીદ્યાના શોધો સાથે અનુસરતી આવેછે. જેમ એક ઝાડની ઉમ્મર દર સાલ અંદરના રસના એક એક ઉપર જમાવ થયલા લેપડાની નીશાનો ઉપરથી વનસ્પતી વીદ્યા જાણનારા દાનાવ શખ્સો કેહી શકેછે, તેમજ જમીનનો પોપડો મચાવી વેલાએ જે સપર પેહેલા લેપડો બંધાયો હોય તે શર્વેથી હેઠલ અને તે ઉપર રફતે રફતે બંધાતા ગયલા પોપડાઓ તેની ઉપર અનુક્રમમાં ગોથવાવા જોઇયે, એમ ભુશાસ્ત્રીઓ કહેછે. એ પોપડાઓ ચોકસ નીયમો પ્રમાણે ગોઠવાયલાછે, પરંતુ તે વીશે ઘણું વીસ્તારીને બયાન આપ્યું હોયતો આ બાબ ઘણોજ લાંબો થઇ જાયછે માટે તે મધ્યેથી આપણી મતલબનેજ લગતી બાબદો હેઠલ ઉતારયે છીયે. એ લેપડાઓના ભુશાસ્ત્રીઓએ નીચે મુજબ ચાર મોટા વર્ગો તથા એ ચારે મોટા વર્ગોના નવ બીજા વીભાગો તેઓએ કરયાછે, જે હેઠલી ટીપ ઉપરથી તરત વાંચનારાઓના જોવામાં આવશે.

વર્ગ	વિભાગો.	ઊંડાઇ.
નીર જીવજંત (એઓઇક) જમાનો		૨૬,૦૦૦ ફીટ.
અસલી જીવજંત (પેલીઓઝોઇક) જમાનો	હેઠલો વર્ગ [સીલુરીઅન	૩૦,૦૦૦ "
	ઉપલો વર્ગ: દેવોનીઅન	૯,૦૦૦ "
	ઉપલો વર્ગ: કારબોનીફરસ	૧૫,૦૦૦ "
	ઉપલો વર્ગ: પરમીઅન	૩,૦૦૦ "
વચલાં જીવજંત (મેસોઝોઇક) જમાનો	ત્રીઆસીક	૨,૨૦૦ "
	જુલીટીક	૪,૫૦૦ "
	ક્રિતેશીઅશ	૧૧,૦૦૦ "
નવાં જીવજંત (નીઓઝોઇક) જમાનો	તરશરી, અર્વાચીન પોપડા(રીસન્ત)	૯,૦૦૦

હવે એ લેખડાના ખડકો આપણી આગળ ગોયા પોતાની તવારીખની લડી નીચે મુજબ સીલસીલાબંધ કેહી સંભલાવે છે અને જણાવેછે જે તમે માનવી જાતની પેદાયસ તો હમારી સાથે સરખાવતાં માત્ર આજ કાલનીજ ઉત્પન્ન થયલીછે. એ બોલવાની સાબેતી એછે જે માણસ જાતને હાથની બનાવતનાં કસાં પણ ઓજારો યાતો તેઓના ઉપધાતુ થયલાં હાડો યાતો છાપાઓ સોથી જુનાં અને ઘણાંજ હેઠલ રચાયલાં પડોમાંથી મુતલગજ મલી આવતાં નથી. આ સોથી હેઠલા વર્ગના ખડકોને ભુશાસ્ત્રીઓ એઝોઇક યાને નીરજીવજંત જમાનો કરી કહેછે કારણ એજે એ પોપડો જેની જાડાઇ ઉપલા કોઠામાં જણાવ્યા પ્રમાણે નજદીક પાંચ મૈલછે, તે જયારે રચાઈ રેહ્યા ત્યારે જમીનની ભીતરની ગરમી એટલી બધીતો હતી કે તે ઉપર કોઇબી પ્રાણી કે ઝાડપાન હજુર વસી શકે તેવું હતુંજ નહી. એ જાતનાં ખડકો આપણાં મુલકમાં છેક હીમાલીઆ પર્વતથી તે દાક્ષણ મહરાથાના દેશાવરોવેર જયાબંદ હાથ લાગેછે, અને તેઓમાંથી લખવાની સ્લેટો તથા સુખડપેન બનાવામાં પલમબેગો નામનો જે પદાર્થ કામે લાગેછે તે મલી આવેછે. તે સાથે તાંબુ, કલઇ, રૂપું તથા સીસાંની કાચી ધાતુઓ પણ સ્લેટના પથ્થરની માટી સાથે ભેલસેલ રૂપે ત્યાંથી હાથ લાગેછે.

એ વર્ગ છોડયો કે હવે આપણે પેલીઓઝોઇક યાને અસલી જીવજંતોના વરગનાં મંદીરમાં દાખલ થયે છીયે. એના ફકત હેઠલાજ વર્ગની ઉંડાઇ લગભગ પોણા છ મૈલ છે. એના બે મોટા અને ચાર નાના વીભાગો કરેલાછે. સીલુરીસ નામના વેલ્સના અસલી રેહેવાસીઓના મુલુકમાં એ પડો ઘણી સારી રીતે ખીલેલા માલુમ પડયાંછે, તે ઉપરથી આ વર્ગના સોથી હેઠલાં અને જુનાં પડને ઘણાખરા ભુશાસ્ત્રીઓએ સીલુરીઅન ઉપવર્ગ એવું નામ આપ્યું છે. પ્રોફેસર દાના એ ઉપવર્ગને માસના ફકત લોંડાવાળાં ઝીણાં પ્રાણીઓ (મોલસ્કા) નો જમાનો એવું નામ આપે છે. ત્યાં સુધી પેહેલીવાર જે ઝીણી માછલીઓમાં કે બરદાનું હાડકું યાને કાંટો હોતો નથી, તેવા નજીવી જાતનાં દરીઆઈ જીવડાઓનાં છુટાં છવાયાં દરશન થાયછે. તે સાથે ગોકળ ગાએ જેવાં ફકત માસનાજ લોંડાવાળાં ઝીણા જીવડા (મોલસ્કા) તથા કીરણરેખાં ઝીણાં પ્રાણીઓ (રેડીએટા) ઉપધાતુ રૂપમાં આપણી નજરે પડેછે. પણ તે કીસમના સઘલા જીવડા હાલ જમાનામાં તદનજ નાબુદ થઇ ગયલા દીસેછે. પથ્થરની પેન રેકા આકારના જીવડા જેઓને હેવાનશનાસો ગરાપતોલાઇટ કરી કહેછે, તેબી એ પડોમાંથી મલી આવેછે, પણ એ સઘલા નજીવી જાતનાં

પ્રાંણીઓમાં ત્રોલોબાઇત નામનાં ત્રણ પ્રાડ-વાળાં, સાહાન તથા કરચલાં શેકાં પ્રાણીઓ વધારે જથાબંદ મલી આવેછે. એ જીવડા-ઓની આંખ ઘણી મોટી તથા બાહાર છેક ઉપસી આવેલી હોય છે. એઓની લંબાઈ ઘણામાં ઘણી અઢાર ઇંચ તથા પાસાદાર હીરારોકાં ભીગડાં એઓ ઉપર બેહદ રહેછે.

એ ભીંગડાં પ્રોફેસર ઓવન જેવા એલ્મે તશરીહ (Anatomy) જાણનાર વીદ્યાર્થીનાં અવલોકન પ્રમાણે કોઇ જીવડા ઉપર છશો તો એ જાતના કોઇ કોઇ મો-હોટા જીવડાઓ ઉપર છેક છ હજાર શુધી જોવામાં આવેછે. ઉપર જણાવીઆ મુજબ એ પ્રાણીઓની જાતબી હાલમાં તદનજ નાબુદ થએલીછે, કેમકે ઉપર આવતાં ફકત કારબોનીફરસનાં ઉપવરગ વેર છુટાં છવાઆં એઓનાં દરશન થાએછે, પછી તે ઉપર પાછલથી બંધાએલા પોપડાઓમાંથી તો એઓની ગંધ નસલ પણ માલુમ પડતી નથી. દરીઆની આવી નજીવી હેવાની-અત પેદાયેશો સાથે એજ પડમાંથી હલકી કીસમનાં ઝાડ પાણો જેવાં કે દરીએ કી-નારેની લીલ ઇત્યાદી ઝીણા રોપાઓની પણ જુજ નીશાનો આ પૃથ્વી ઉપર પ્રથમ પેદા થએલી હોએ એમ દીશેછે, પરંતુ તેઓનાં છાપા વખતની જાલેમ ચુગાલનાં હાથમાંથી તેઓની બેહદ નજા-કાતને લીધે બરોબર હાલતમાં અદ્યાપી બચી શકયા નથી. કેહેછે જે પોરટુગાલના સઉથી હેઠલા સીલુરીઅન ઉપવર્ગમાંથી જમીનપરનાં જે રોપાઓ કે કોલશાઇ રૂપ-લીએછે તેવું એક કોલશાનું પડ મલ્યુંછે. એ ઊપવર્ગ રૂસીઆ, અમેરીકા તથા બો-હીમીઆમાં જેમ સારીકાની ખીલેલો આ પણી નજરે પડેછે, તેવો આપણા આ દેશમાં એક ફકટ હીમાલીઆ પર્વત આ-ગલની ભુમી શીવાએ બીજે કેડેબી ઘણો ખીલેલો માલુમ પડતો નથી. એ જાતનાં ખડકોમાંથી સોનું, રૂપુ, ત્રાંબુ, સીસુ અને પારો ભેલશેલ હાલતમાં મલી આવેછે.

એ પડની ઉપર આવતાં જુની રાતી કહેરેલ જે દેવનશાઅર પ્રાંતમાં સારીકાની ખીલેલી લાગેછે, તેથી તેને દેવોનીઅન ઉપવર્ગ કરી પણ કેહેછે, તે ઉપર આપણું લક્ષ દોડેછે. એ પડની ઊંડાઇ ૯,૦૦૦ ફીટ છે અને જે જમાનામાં એ પડ બંધાઉ તે જમાનાના નદી નાળાંનાં પાણીમાં લો-હાંનો ખાર વધતો ઓછો ઓગળવાથી એ ઉપવર્ગનાં પથરાઓનો રંગ જે રતા-શપર આવેલોછે, તેની આપણને સારી કાની સમજણ ઉતરી શકેછે, કેમકે લોહોડાં પર જારે કીત ચહડેછે ત્યારે તે રતાશપર રંગ પકડેછે. જમીનમાં સઉપર પેહેલા પોપડા ઉપર જેમ જેમ જમાનો ગુજરતો ગયો ને નવા નવા લેપડા બંધાતા ચાલીઆ તેમ તેમ આ સ્વભાવીકછે જે પેલા ખડકોના પથરા રંગ બેરંગી રૂપ લેતા ચાલ્યા. એટલાજ સબબ ઉપરથી આપણે સઉથી તળીએનાં પડમાં સઉપર પેહેલાં પેદા થએલાં પાંણીનાં વગવસીલાથી ફકટ ગરાનાઇટનાં બેડાલ ને બેશીકલ પથરાઓ બંધાએલા જોઇએ છીએ. ત્યાર બાદ નીસ નામનાં પથરા બન્યાછે ને તે પછી અબરખ (માંઇકા) નાં પથરા ઉત્પન્ન થએલાછે ને જેમ જેમ હવે તેથીબી આપણે ઉપર આ-વતા જઇએ છીએ, તેમ તેમ હવા, પાણી તથા બીજી ઊપધાતુઓની રશાયણી મેળ-વણીથી જુદા જુદા કુમાશ ને બાંધનીના રંગ બેરંગી ખડકો દીઠામાં આવેછે. એ પડ જે જમાનામા બંધાઉ તે વખતમાં ઉપર જણાવ્યા પ્રમાણે પાણીમાં વધતો ઓછો લોહોડાંનો ખાર હતો એટલુંજ નહી પણ દરીઆનો લાંબો ને લાંબો કોસ્ટો

અને રેતીનો કીનારો તથા લખોટી શેકા ઝીણા પથરાઓખી બેશુમાર તે સાથે ભેલશેલ થએલા હતા, એમ બારીક તપાશ ઉપરથી માલુમ પડેલુછે. એમાં નવી જાતનાં પ્રાંણીઓ જે હસતીમાં આવીઆં હતાં, તે સઘલાં બરદાનાં કાંટાવાલાં તથા હાડકાં જેવા મજબુત ભીંગડાંવાલાં માછલાં હતાં. એટલાજ ઉપરથી એ પડ જે જમાનામાં રચાયું તે જમાનાને ડાકટર હાતન "ઇકથીઓ ઝોઇક" યાને માંછલાંનો જમાનો એવું નામ આપેછે, કારણ એ જે એ પડમાંથી બેશુમાર માંછલાંઓનાં છાપા બટ થઇ ગીએલા પથરાઓમાં કોરાએલા આપણી નજરે પડેછે પરંતુ એમ માલુમ પડેછે જે એ માંછલાંઓનાં ભીંગડાં હાલ જમાનાની માછલીઓ માફક નરમ નહીં પણ પથર જેવાં સખત હતાં. એ ઉપવર્ગના વખતનાં સઘલી જાતનાં માંછલાંઓ વટીક અલબતાં હાલમાં નાબુદ થઇ ગીએલાંછે, પણ બખતર જેવાં મજબુત ભીંગડાં ઉપધાતુ આકારમાં હજુરવેર તેઓ પોતાની હસતી દેખડાવવા સારૂ જે મેલી ગીઆંછે તે સઘળાં ઘણાંજ ફરામના જેવાં દીશેછે.

એ પછી આપણી શોધોનો કાફલો આઇઆગ્રેમ ઘેહમબાર યાને દોરના બારમાં હવે દાખલ થાએછે. એ જમાનામાં આ ધરતીની સપાટીને મોહોટાં મોહોટાં ઝાડ પાન તથા વનસપતીઓથી ભરપુર રીતે બેહદ આબાદ હાલતમાં જે આની હતી તેની ખુશાલીમાં દાદાર હોરમઝદે, હજરત જરથોસતને એક યાદદાસ્ત તરીકે આ ચોથા ઘેહમબારને પણ બુજુર્ગ કરી ગણવા તથા પાલવાને હુકમ ફરમાવેલો છે. ભુશાસ્ત્રીઓ એ જમાનાને કારબોનીફરસ ઉપવરગનો દોર એવું નામ આપેછે ને એ કારબોનીફરસ શબ્દને બદલે પરોફેસર દાના તથા હાતન, "ફાઇટોઝોઇક" યાને "ઝાડપાંનજીવનો જમાનો" એવો શબ્દ આ મેહેલ ઉપર વાપરવા વધારે દરૂસ્ત વીચારેછે. એ દોરમાં નબાતાત યાને તમામ જાતનાં ઝાડપાનો સારીકાની ખીલી શકે તે માટે આ ધરતીની આસપાસ હાલ કરતાં કારબોનીક આસીડ ગ્યાસનો મોટો જથો હવામાં રેહેતો હતો, જે ઉપરથીજ મજકુર નામ એને દા૦ આરલસ લાઇલ વગેરે બીજા નામાકીત જમીન ભીતરશનાસોએ જે આપેલુંછે, તેની શેહેલમાં આપણને સમજણ પડી શકેછે. એ વેલાએ આપણી પૃથ્વી બીજી મીનોઇ જેહાનમાં વસનારાં પ્રાંણીઓને દુરથી ઘણીજ રલીઆમણી જેવાં લીલાં કીરણોથી આંખને ખુશ લાગે તેવી રીતે પ્રકાશી નીકલેલી દીસવી જોઇએ, એમ ખગોળ વીદ્યારથીઓ કહેછે. આ મોટા વર્ગની જમાદાત પેદાશોમાં ચુનાનાં થડનાં થડો જોવામાં આવેછે, જે ઉપરથી એવો વીચાર જાએછે જે એ હીગામમાં ચાકનો ખાર (કાલશીઅમ કારબોનેટ) વધુ ઓછો દરીઆનાં પાણીમાં ઓગલેલો હોવો જોઇયે. આગલ જણાવ્યા મુજબ જયાં બી દરીઆનાં પાણીમાં "કારબોનેટ આવ લાઇમ"નો મોટે જથો પડેલો હોયછે, ત્યાં પરવાળાંના કીડાઓ લાગુ પડેછે, તેમજ એ દોરની વેલાએ એ જાતના બેસુમાર કીડાઓ ઉભાઈ જતા હતા, તેમ તે વખતની ઉપધાતુઓથી સાહાદત મલી શકેછે. પણ સૌથી ઘણીજ ઉપયોગી જણુસ જે માનવી જાતના વપરાસમાં હાલ આવેછે, તે એ ઉપવર્ગ માહેલી પેદાયશતો કોલસોછે, જે નાશ પામેલી વનસ્પતીનાં મોહોટાં બીઆબાનનાં બરીઆબાનો જે હસ્તીમાં આવી એ ઘેહમબારના આખરી પોહોરામાં જે ગારદ થઇ ગયલાંછે, તેઓની ગોયા હજુરવેર તારાજ નીશાનો દેખડાવેછે. વરસાદનાં પાણીની રેલથી જે ઝાડપાણો દરીઆની ખાડી ભણી ઘસડાઇ

જાયછે, તે ત્યાંના કાદવ સાથે છેક તળીએ બેસી જાઈ તે ઉપર બીજાં તે પછી બનતાં થડોના ભાર તથા બોજાથી ઘણાં મોટાં દબાનને લીધે, જમાદાત યાને ધાતુધર્મક રૂપ લેયછે; એટલાજ સબબોને લીધે ઝાડનાં મોટાં જંગલનાં જંગલો, જમીનમાં એ અરશામાં ગારદ થઈ ગયાથી તે ગંજાવર દરખ્તોને ગોયા હવે પછી ઉત્પન્ન થનારી માનવી જાતની પેદાયશનાં સુખચેન તથા આરામ સારૂ પરમેશ્વરે પોતાની અપરંપર કીર્તીનાં બળથી કોલશાઇ રૂપમાં ફેરવી નાખ્યાં છે. આ દુનીયાની સપાટી ઉપર કેટલાંક દેશોમાંથી બેશુમાર કોલસાની ખાણો જે મલી આવેછે, તે ઉપરથી એ જમાનામાં ઓરપાંણોની સંખ્યા, કેવી બોહોલી હશે તેનો ખીઆલ આપણને શેહેલથી ઉત્પન્ન થઇ શકેછે. અત્યાર સુધી ચાલતા આવેલા ખુદરતી નીયમો પ્રમાણે અલબતાં એ જમાનાનાં મોટાં મોટાં દરખ્તોબી નાશ પામી ગયાંછે. ફરન અને તેવાજ બીજા લીલ જેવા નાહાના રોપાઓ જે આપનાં દેશમાં થોડાક ઇંચ જેટલાજ ઉગી નીકલેછે, તે આ દોરની વેલાએ કહેછે જે સાહાડથી તે સીતેર ફીટ ઉંચા તથા ચોતરફ આસપાસ મોટા દલદાર ઘેરાવો રોકતા હતા. ગોયા હમનાનાં ફરન તથા લીલો તો એક વેલાનું પોતાનું રાક્ષસી કદ છોડી હવે વેહેતીઆં જેવાં રૂપમાં બદલાઇ ગયાંછે. એ વખતનાં જાનવાજોગ ઝાડોમાં મસ મોટાં પાઇનો, ભપકાદાર આરેકેરીઅન, બગ઼ં જેવાં સીધાં કાલેમાઇટ, ઉંચાં ઉંચાં ફરનો, ચીતારવાળાં સીગીલેરીઆ તથા ખપસાયલા બાલશેકાં લેપીદોદેનદરોનો નામનાં મસ મોટાં ગંજાવર દરખતો, આપણું લક્ષ તાજુબી સાથે ખેંચેછે. એ પોપડો મચાઓ તે વેલાએ વાતાવરણમાં, જરા ગરમ હવાનો અંશ વધારે રેહેવો જોઇએ કે તેથી ઝાડપાનો

સારીકાની બીલી નીકલે અને હજુરતો જમીનપર વસનારાં ચોપગાં જાનવરોની પેદાયશોતો દાદાર હોરમજદે ઉત્પન્ન કરેલી ન હતી, તેથી એ નબાતાતો પોતાનાં પાત્રાં યાને ફુફસાંઓમાં સારીકાની દમ લઈ શકે તેવી કારબોનીક આસીડ ગયાસ જે જાનવરોને મનસે જેહેરીછે તેનો મોટા જથો હવામાં રેહેતો હતો. તે સાથે એ વેલાએ બનેલા ચુનખડીનાં થડોની જાડાઇ અને ખીલવણી તરફ નીગાહ કરતાંબી આપણા ઉપલા આ તરકને વધારે તકવીઅતપણું મલેછે કે કારબોન હવામાં બેસુમાર હોવો જોઇયે, જે કોલશાનું મોટું બંધાન છે એમ પ્રથક્કરણ કરી રશાયન વીદ્યા આપણી ખાતર જમા કરી આપેછે. સર્વે કોઇ જાણેછે કે વીલાયત આજે પૈસે ટકે ગબ્બર થયુંછે તથા તે સઘલી જાતના એલમ હુનરોમાં શ્રેષ્ઠપણું જે ભોગવેછે, તે ત્યાં આવેલી પોતાની કોલસાની ખાણોને લીધેછે. આ દેશમાં પણ એ જણસની છુટી છવાઇ ખાણો મલી આવેછે. દામુદાની ખીણ જે બારસો ચોરસ મૈલનો મસ મોટો ચકરાવો રોકેછે, ત્યાં પણ કોલસાની મોટી ખાંણોછે. પેહેલી ઘણી વખણાએલી ખાણ રાનીગનજના કોલશાવાલી ગણાએછે, જેનો ઘેરાવો પાણસો ચોરસ મૈલનો છે. બીજી ઓકેરોવાલી ખાણ જે બસો વીસ ચોરસ મૈલ ઘેરાવામાંછે અને જેમાંથી એક ભુશાસ્ત્રીઓની ગણતરી મુજબ એક અબજ ને પચાસ કરોડ તન કોલશો મલી શકે તેવુંછે. ત્રીજી જેહેરીઆવાલી ખાણ જેનો વીસ્તાર બસો ચોરસ મૈલછે અને જેમાંથી આશરે સાડી છેતાલીશ કરોડ તન કોલશો મલી શકે તેવુંછે. તે સાથે આ છેલ્લી ખાણમાંનો કોલશો સારીકાનો બલી શકેછે અને તેમાંથી બાલવાનો ગયાસ પણ જથાબંદ ઉત્પન્ન થઇ શકેછે. બીરાર પ્રાંતમાં પણ વરદા નદી

આગલ એક ખાણ આપણી સરકારને હાથ લાગેલીછે, જેમાંથી ઉરતાલીશ કરોડ તન કોલશા નીકલી શકે તેવુંછે. બીજી એક ખાણ નાગપોરમાં ચંદા નામનાં ગામડાની પડોસમાં આવેલીછે અને તેમાંથી કહેછે જે સાત કરોડ ને ઍંસી લાખ તન કોલશો મલી શકશે. બીલાસપુરના પ્રગણામાં કોરા નામનાં ગામ આગલ તથા આસામમાંબી એક મોટી કોલસાની ખાણછે. તે સાથે વળી અજબ જેવું આ છે જે આપણી મુંબાઇનાં ટાપુમાં વરલીના પુલ આગલ લવ ગ્રોવની નજદીકીમાં વટાણા જેવા નાહના નાહાના કોલશાના દાનાઓ મળી આવેછે જે મોટાં મોટાં દરખ્તોના પાત્રાં, ગોટલાં તથા લાકડાંના કકડાઓની ગોયા ધાતુધર્મક રૂપી એક જીવતી જેવી ઇધાણીછે. અલબતાં એ દાનાઓ કંઇ બીસીઆર મલી આવતા નથી પણ ખુદરતની રચણાની એક નવાઇ દાખલ અત્રે જણાવવાને મેં દુરૂસ્ત વિચાર્યુંછે. જ્યાં જ્યાં એ ઉપવર્ગ આવ્યોછે ત્યાં ત્યાંની ભુમીઓમાંથી સંગેમરમર, ચુનખડ, ગેરૂ, સુરમો, ફટકી, સીશું, જસદ, અને લોહોડું જથાબંધ મળી આવેછે.

એ હિંગામ પછી જુગના જુગો વિતી ગયા બાદ જમાનાનો દોર વળી ફરીને હવે બદલાયછે, અને નબતાતના આ આખા વર્ગની રૂખસત લેઇ આપણે હવે મેસોઝોઇકવાલા મોટા વચલા વર્ગનાં મંદિરમાં દાખલ થઇએ છીએ. દરવાજામાં પેસતાંને વારજ સ્તર પેહેલીવાર જમીનપર વસનારાં પ્રાણીઓના હવે દર્શન થવા માંડેછે. એ વરગના ત્રીઆશીક, ઊલીટીક, તથા ક્રિતેશીઅશ એવાં ત્રણ વીભાગો જમીનભીતરશનાસોએ કરેલાછે. પેહેલો ઉપવરગ જેની ઊંડાઇ બે હજાર ને બસેં ફીટછે, તેમાં જાણવા લાયક ઝાઝું નહી હોવાથી તેને પડતો મેલી આપણા શોધીનો કાફલો બીજા ઉલીટીક વીભાગમાં જેવો દાખલ થાયછે કે તેવોજ, તે ત્યાં આવેલાં રાક્ષસી કદનાં પેટે ચાલનારં ડરામણાં હેવાનો જોઇ ઘણોજ વીસ્મય પામી ગભરાટમાં પડેછે. એ જાનવરોનાં મોટાં મોટાં હાડો ઉભાતુ રૂપમાં, બ્રિટીશ મ્યુઝીઅમમાં બેસુમાર એકઠાં કરેલાં આપણે જોઇયે છેએ; અને એ ઉપવર્ગના દોરને "પેટે ચાલનાર હેવાનો"નો દોર કરીને પણ કહેછે. તરેહ તરેહવાર પેટે ચાલનાર જાનવરો, જેઓ પણ હાલ જમાનામાં પાયમાલ અને ગારદ થઇ ગયાંછે, તેઓમાં એક ત્રીસથી ચાલીસ ફીટ લાંબુ પ્રાણી દીસેછે, જેનુ અર્ધું શરીર ઘલોડી જેવું ને બાકીની કાયા હાથી જેવી હોય એમ માલુમ પડેલું છે. એ જાતનાં પેટે ચાલનાર પ્રાણીને હેવાનશનાસો અર્વાચીન કાળમાં ઇગુઆનોદાન કરીને કહેછે, અને એ મોટાં રાક્ષસી કદનાં હેવાનનું ફ્કટ જાંગનુજ હાડકું પચીશ ઇંચનો મસ મોટો ઘેરાવો રોકેછે. એ તથા એવાંજ બીજાં મસ મોટાં પેટે ચાલનાર દેવરૂપી હેવાનો જેઓની અરધી કાયા મસ મોટી સોસવાટ જેવી તથા બાકીની કાયા મોટી ડરામણી ઘલોડી જેવી હતી અને જેઓને તેલીઓસોરસ તથા મીગાલોસોરસ કરીને કહેછે, તેઓ હવે એ દોરમાં જમીનની પાદશાહી ગોયા લેઇ બેઠેલાં હોય એમ દીસેછે. દરીઆઇ રાક્ષસોમાં એક ત્રીસ ફીટ લાંબુ હેવાન જોવામાં આવેછે, જેનું મોહોડું ઘલોડીના આકારનું, આંખો ઘણી મોટી અને ચકચકીત તથા પુછડી તરફનું બાકીનું હાડ, મસ મોટાં માંછલાં જેવુ હોવાથી હેવાનશાસો તેને ઇકઠીઓસોરસ કરી કહેછે તે તથા પેલું બીજું ભયંકાર બાવીસ ફીટ લાંબું જાનવર જેનું માંથું ઘલોડી જેવું, દાત સોસવાટ જેવા, સાંપ જેવી લાંબી ગરદન, હાથી જેવી સુંઢ

ચોપગાં જાનવર જેવી પુછડી, સરડા જેવાં પાંસળાં તથા મગરમછ જેવા પગ, ને એ પ્રમાણેના તેના એવા ભેળસેળ બાંધાને લીધે, અર્વાચીન વીદ્યાર્થીઓ તેને પેલીઓસોરસ કરી કહેછે તે તથા મગર જેવાં રીતાસોરસ નામનાં અદ્દભુત પ્રાંણીઓના પથ્થર રૂપી છાપા અને હાડો તેઓની આગલી હસ્તીની ગોયા હાલમાં ગવાહી આપેછે. પક્ષીઓ પણ હવે સપર પેલીવાર જોવામાં આવેછે, પરંતુ તેઓનાં કદબી તે જમાનાનાં પેટે ચાલનાર હેવાનો મુજબ ઘણાંજ મોહોટાં અને ડરામણા દેવો જેવાં લાગેછે. એક પક્ષીના તો પગના છાપાજ ફકત, ઘોડા અથવા ઊંટનાં પગલાં થાંનેબી એવડા મોટા માલુંમ પડેલાછે. પેત્રોદકટાઇલ નામનું એક બીજું ઉડતું ઘલોડી રોકું પક્ષી, જેની પાંખ વનવાગળાં જેવી દીસેછે તે એ જમાનાનાં હવામાં ઉડતાં પંખેરાંઓમાં સર્વેનો સરદાર હોય તેમ લાગેછે કેમકે લંબાઇમાં તે છેક સતાવીસ ફીટ હતું અને તે પક્ષીમાં તરવાની શકતીબી ઇશ્વરે આપેલી હતી એમ પ્રોફેસર ઓવન વીચારેછે. બાજાં માછલાંઓબી મસ મોટા આકારનાં અને ભય ભરેલાં દીશેછે; કેટલીએક માંછલીઓની કાયા અર્ધી ઘલોડી જેવી તથા બાજી અરધી સોમવાટ જેવી હોવાથી, તેઓને સોરીઆન એવું નામ ભુશાસ્ત્રીઓ આપેછે ને જેઓના પથરરૂપી બેશુમાર હડો તથા છાપા હજુરવેર જમીનની ભીતરમાંથી મલી આવેછે. એ સઘલાં પ્રાણીઓની ઉત્પંતી ધારવા મેલે ઇંડાંમાંથી થતી હતી. ક્રિટેશીઅશ નામનો ત્રીજો અને એ વર્ગનો સાથી ઊપલો વીભાગ, જેની ઉંડાઇ બે મૈલ થાનેબી વધુ માલુમ પડેલીછે, તેમાં જણાવવા જોગ બાબદ એટલીજછે જે હવેથી માછલીઓને સપર પેહેલીવાર નરમ ભિંગડાં થવા માંડયાં હતાં કેમકે મજકુર વર્ગો બન્યા તે વેળાંએ તો માછલાંઓના ભિંગડાં બખતર જેવાં સખ્ત હતાં એમ આપણે આગળ જણાવી ચુકયા છૈયે.

આ મોટા દોર પુરો થયો એટલે આપણા શોધોનો દરીઆઇ કાફલો, મેદાઆરેમ પેહમબારનાં બારાંની દરમીઆન હવે દાખલ થાયછે. એ દોરની વેળાએ દાદાર હોરમજદે, ગાવ ગોસપંદ યાને ચોપગાં જાનવરોને પેદા કરી જમીનની પાદશાહત હવે ગોયા તેઓને બક્ષી હતી અને આવી ઉતમ પેદાયસની ખુશહાલીમાં આપણ જરથોસ્તી લોકોને તે રાહેમે દેહે મહીનાનું પાચમું મોટું જશન કરવાને હુકમ ફરમાવેલોછે. એ દોર ભુશાસ્ત્રોના નીઓઝોઇક યાને નવાં જીવજંતોના મોઠા વર્ગ સાથે મલતો આવેછે. પ્રોફેસર દાના તથા ડાકટર હાટન એને મારતોઝોઇક યાને આંચળવાળા ચોપગાં જાનવરોનો જમાનો કરી કહેછે. એ વર્ગના તરશરી અને પોસ્ટ તરશરી એવા બે વીભાગો કરેલાછે. એ તરશરી ઉપવરગનાં મંદીરમાં જેવા આપણે દાખલ થયા કે, જે જાનવરો તથા ઝાડપાનોના આપણને જેગોપાલ થાયછે, તેઓમાનાં ઘણાંખરાં આપણી પીછાણનાં માલુમ પડેછ કારણ કે તેઓ હાલના હૈયાત પ્રાણીઓ તથા વનસ્પતીઓને ઘણાં ખરા કેટલીએક બાબદોમાં મળતા આવેછે. એ ઉપવરગનાં વળી ત્રણ તબક્કા જમીન ભીતરશનાસો કરે ; હેઠલો, વચલો અને ઉપલો તબકકો. હેઠલાતરશરી તબકકામાં પેસતાંજ આંચલવાળાં પ્રાણીઓ જેઓ પોતાનાં બચ્ચાંઓને ધવાડીને ઉછારેછે, તેઓની સપર પેહેલીવાર આપણ શાથે હમાજોર થાયછે. એ કીસમનાં ઘણાંખરાં જાનવરોની કસી નીશાન, હાલનાં જમીન ઉપરનાં સજીવન હેવાનોમાંથી મલી આવતી નથી, પરંતુ વચલા તબકકામાં દાખલ થતાંને

વારજ એઓનાં બેહદ અસ્તોદાનો જે મળી આવેછે તે ઉપરથી એ ચોપગાં જાનવરોની મોટાં રાક્ષસી કદના હતાં એમ માલુમ પડેછે. ખંબાતની ખાડીમાં દાખલ થતાં પરીમ નામના તાપુમાંથી મસ મોટા ગેંડા, દરીઆઇ ઘોડા, મસ મોટાં કદનાં તરેહ તરેહવાર હરણો, શાબરો તથા ઘોડા અને હાથીરોકાં પેલાં નાબુદ થઇ ગયલાં માસ્તોદાન, દીનોડેરીઅમ તથા મેગાથેરીઅમના ધાતુધર્મક હાડ અને દાંતો જે બેહદ મલી આવેછે, તે સઘલાં એ વરગને લગતાં જાનવરોનાં છે. હીમાલેઆ પાહાડની હેઠલ શીવાલાક નામના ખડકોને તલીએ જે સેંકડો ચોરસ મેલ લાંબો જમીનનો ઘેપો એ વીભાગમાં આવી શકે તેવો જે બંધાએલોછે, ત્યાં ખોદની કરતાં તેમાથી પણ હાથી અને મજકુર માસ્તોદાન નામનાં તેવીજ કીસમનાં બીજાં મસ મોટાં ચોપગાં જાનવરોનાં માથાની ખોપરી તથા દાઢ જમાદાંત રૂપમાં બેહદ હાથ લાગેછે, જેમાંનો એક દાંત તો સાહાડા નવ ફીટ લાંબો અને બટ છેડે છેક સતાવીસ ઇંચનો મસ મોટો ઘેરાવો રોકતો હતો. એ શિવાય એજ ખડકોની દાગર ગોયા અસ્તોડાની ઘોરોમાંથી, આચળવાળાં બીજાં ઘણાએક તરેહતરેહવાર મસ મોટાં ચોપગાં જાનવરો, જેવાકે ખરીપ્રટેલાં પેલીઓડીરીઆ, એનોપલોડીરીઅ, હરણ, ઉંટ, નીલગાવ (જીરાફ), માસ્તોદાન જાતનાં હાથીરોકાં હેવાનો, ઘોડા, હાથી, ગેંડા, દરીઆઇ ઘોડા અને વાંદરા વટીકના હાડ જમાદાંત રૂપમાં હાથ લાગેછે. બીજું એક ઘણુંજ અજાયબ કીસમનું જાનવર, જે પણ હાલ હસ્તીમાં નથી, તેનાં માથાંની ટાળક અને હાડકાં ઉપધાતુ રૂપમાં બીશીઆર મલી આવેછે. એ જાનવરોને સીવાથીરીઅમ કરીને હેવાનશનાશો નામ આપે છે, અને એ હાથી, ગેંડા તથા દરીઆઇ ઘોડા જેવાં જાડાં ચામડાં ધરાવનાર જાનવરો તથા ગાવગોસપંદ જેવાં વાગોળનાર પ્રાણીઓની વચેનો ગોયા તબ્કકો દેખાડતાં હોય એમ માલુમ પડેછે. એ હેવાનનું શરીર મોટાં હરણ જેવું, માથું જાડું અને નાનું, કપાલ ઘણુંજ ઉંચું, બે નાનાં શીંગડાં આગળને બીજાં બે મોહોટાં તેની બરોબર પાછલ, મોહું અને ધડમ ગેંડા જેવું, મોટા હોઠ અને હાથી જેવી શુંઢ તથા બંને ખોરદુમાંથી નાગી જેવી ઉપસી આવેલી આંખીઓ હોવી જોઇએ, એમ એનાં હાડનાં પાંજરાંની બાંધણીનું બારીકાની અવલોકન કરયા ઉપરથી જીવતી હાલતમાં એ જાનવર કેવું ભયંકાર લાગવું જોઇયે, તે વીષે ઉપર મુજબ ખ્યાલ બંધાઇ શકાયછે. એજ વરગમાથી મસ મોટા વાઘ, ચીત્તા, બાલાબીછ, જે હાલની જાતો થાને બમણાં કદ ધરાવતા હતા, તથા સવાદશ ફીટ ઉંચાં સાબર અને બે જાતના મસ મોટા બળદો, જેઓને હેવાનશનાસો બાસલોંગીફ્રન્સ તથા બાસ પ્રાઇમીજીનીઅસ એવાં નામો આપેછે, તેઓનાં વટીક દરશનો થાયછે. પેટે ચાલનાર હેવાનોમાં મોટી કીસમના સોસમારો, જમીન ઉપર ફરતા હરતા કાચબા, જેઓની જાત હાલના હેયાત કાચબાઓથી તદનજ જુદી હતી તથા મસ મોટાં કદનાં કચકડાંવાલાં પ્રાણીઓ, જેઓની લંબાઇ વીસ ફીટ હતી તેવાં રંગબેરંગી જાનવરોનાં દીદાર આપણને દીસેછે; પણ આપણ માજદીઅસનાન લોકોને જે એ જશન કરવાનું ફરમાંનછે, તે પકટ પાંચ જાતનાં ગોસપંદો—હવે પછી થનાર માનવી જાતના ઉપયોગમા આવી શકે તેવાં ઉંચી કીસમનાં હેવાનો—જેઓને એ દાહાડાપર યાને એ દોરની આખેરીમાં દાદાર હોરમજદે પેદા કરયાં હતાં તેઓની ખસુસન મુબારકબાદીને લાયકછે.

હવે આપણે ઉપલા તરસરી વીભાગનાં તબકકામાં જેવા દાખલ થયે છેએ કે તેવુંજ ગોયા હમેસપેથેમેદેમના છેલ્લા પેહમબારની બરી બામદાદનું ઝુઝ ઝલઝળું સપર પેહેલીવાર આપણી નજરે પડવા માંદેછે. નરમદા તથા ગોડાવરી નદીઓની ખીણોમાંથી અર્વાચીન કાલનાં જાનવરો જેવાંકેઃ- હાથી, ગાએ, ઘોડા, ગેંડા, વીગેરે તરેહ તરેહવાર ગોસપંદાનાં ટોલાંનાં દરસન થવા માંડેછે જે સઘલા આપણી ઓલખાણવાલાં માલુમ પડેછે. આ માહેલી ગોદાવરી નદીનો એ ઉપવરગ ખોદતાં જરા ઉપરનાં પડમાંથી માણસ જાતનાં હાથની બનાવટની એક અકીકની છરી ઘણા સખ્ત પડમાથી પથરરૂપે મલી આવીછે જે રમણીય શોધ ઉપરથી આ દેશમાં એ ઉપવર્ગે બંધાયો તે વેલાએ મનુષ્ય જાતની પેદાયશ હશે તેની સાફ ગવાહી ગોયા આપણે હાથ આવેછે. ભુશાસ્ત્રીઓ કહેછે જે પુર્વમાં બ્રહ્મપુત્રા તથા પશ્ચિમે સીંધુ નદીની વચ્ચેનો એ વરગમાં મેલાએલો શઘલો મુલક, હીમાલેઆ પરવતમાંથી નીકલતી આ ત્રણ મોટી નદીઓ જેવી કેઃ—ગંગા, બ્રહ્મપુત્રા અને સીંધુ નદીની કંઇક જુગના જુગ સુધી જારી રેહેલી અથાગ મેહેનતોનું ફલછે. આ માહેલી છેલ્લી નદી જેનું બયાન વેદ તથા અવસ્તાવાણીમાંથી વટીક મલી આવેછે, તે પોતાનો રસ્તો દરયા ભણી કાપતી વેલાએ, ધારા મુજબ સીધો રસ્તો લેવાને બદલે, આઠમણ દીશા ભણી વધારે ચતરાતી જાયછે. એ નદીમાં આ એક ગણોજ અજાયબ જેવો ગુણછે, જેથી એનાં મુલ આગલ વારંવાર ફેરફારો જોવામાં આવેછે અને અવસ્તામાં એને સાત નદીઓનો દેશ કરી કહેલોછે, તેની શાહદત હવે ગોયા મલી શકેછે કે અસલમાં ત્યાં સાત છુટી છુટી નદીઓ હોવીજ જોઇએ ને જેવામાંની બે પાછલથી એકમેક સાથે જોડાઇ ગઇઓછે. ખગોલ વિદ્યાર્થીઓ કહેછે જે દરરોજ પૃથ્વી પોતાની ધરીની ઉપર આફતાબની આસપાસ આથમણથી તે ઉગમણ દીશા ભણી જે ફરયા કરેછે, તેથી આ પૃથ્વીની મધ્ય રેશા તરફ વેહેતી તમામ નદીઓ, ઘણી આસ્તે આસ્તે આઠમણ દીશા તરફ પોતાનો અસલી સીધો રસ્તો છોડી, બેમાલુમ રીતે જરા જરા ચત્રાતી જાયછે, એમ બારીકીથી અવલોકન કરયા ઉપરથી ચોક્સ રીતે હાલમાં સીદ્ધ થયલુછે. એટલાજ સબબ ઉપરથી ભુશાસ્ત્રીઓ એમ વીચારેછે જે સીંધુ નદી એક વેલાએ હાલ થાને વધારે ઉગમણ તરફનાં દેશાવરોમાંથી વેહેતી હતી, અને દક્ષિણે છેક ખંબાતનાં અખાતમાં ઘણાંજ પુરાતન કાલમાં એક વેળાએ ઘણું કરીને તે ખાલી થતી હતી. એ અખાતની ઉપરનો જમીનનો મોટો કકડો એ નદીની મેહેનતથી અસલમાં ઉત્પન્ન થએલોછે એમ ઘણાએક વીદ્યાર્થીઓને જે શકછે તે મટાડવા મી૦ રાજરસ ઘણાએક પુરાવા આપેછે. અમદાવાદ તથા સુરત વચ્ચેની જમીનનો પોપડો જેબી એજ ઉપવરગમાં મેલાયલોછે તે પણ મજકુર કારણોને લીધે એ લતા તરફ આવેલી પેલી મોટી ચાર નદીઓ જેવી કેઃ—તાપટી, નરમદા, સાબરમતી અને મહી નદીની એકંદર મેહેનતોનું પરીણામછે.

પોસ્ટ તરશરી ઉપવરગ, જેને કેટલાક વીદ્વ આશકો, એનથ્રોપોઝોઇક યાને હેવાને નાતેક એટલેજે બોલતાં જાનવરો યાને માણસ જાતનો જમાનો કરીને પણ કહેછે તેનાં મંદીરમાં ઠેઠ અંદર પેઠા કે, હવે જથાબંધ માનવી જાતને હાથની બનાવતની કારીગરી અને હુન્નરની પુષ્કળ નીશાણોનાં દરશનો થવા માંડેછે અને પરવરદેગારની ચોથી છેલ્લી અને શ્રેષ્ઠ નેમ મરદુમ યાને

માણસ જાતને જે પેદા કરવાની હતી તે નેમ ફતેહમંદી સાથે પાર ઉતરયાથી આપણો આ ઘણો રંજીઆમણી શોધોનો દરીઆઇ કાફલો એ દોરનાં સમુદ્રનાં બારાંમાં આવી હવે લંગડવાર થઈ પડેછે અને ભુશાસ્ત્ર વિદ્યાના નાખોદાઓ પોતાનું કામ પુરૂં થયાથી. સાએરો તથા ઇતીહાસકર્તાઓને બંદરના કીનારા આગલથી હવે પોતાની મદદે બોલાવી લાવેછે. જે પથરા અને મટોડીના ઘગલા એક સાધારણ જોનાર માનવીને મનસે નજીવા જેવા લાગે છે, તેઓમા હરેક બારીકબીન આલેમને પરમેશ્વરની અંપરંપાર કીરતીના ગોયા અથાંગ ખજાનાં ભરેલા દેખાયછે, માટે આ જગા ઉપર પેલા નામીચા ફારસી સાએર શેખશાદીનો એક જાણવા લાયક બેત અમે વિદ્યારથીઓ સનમુખ ફરીને ઇઆદ આપ્યે છેયે. એ સાએર બોલેછે જે:—

"બરગે દરખતાં દર નજરે હુશીઆર
હર વરકી દફતર ઇસ્ત મારફતે કીરદેગાર"

યાને "હરેક દાનાવ શખસને મનશે ઝાડ પરનાં દરેક પાત્રાંમાં વટીક, પરવરદેગારની અપરંપાર કીરતીનાં ગોયા દફતરોના દફતરો રચાયલાં લાગેછે."

હવે આ બાબ સમાપ્ત કરયા આગમજ મબાદા કોઇનાં મનમાં એવો ભ્રાંત જાય જે, મેં સચાઇજ શોધી કાહાડવાના ખુદ હેતુથી નહીં પણ ફકત હાલ જમાનાનાં ભુ તથા ખગોલ વિદ્યાને લગતા શોધોને અવસ્તાના કલામો સાથ અનુસરતા કરી દેખાડવાની તાણી તોડીને હમસ્થી આ મેહેલ ઉપર પેરવી કરેલીછે, બાકી માજદીઅસનાન ધરમનાં દફતરોમાંતો તેવું કસુબી કેથે જણાવેલું છેજ નહીં, માટે તેવા ગુમરાહ શખસોની નુકતેચીનીમાંથી બચવા તથા દીન દુશમનોનાં મોહોડાં બંધ કરવા, મારા અત્યાર સુધીના અભ્યાસ પ્રમાણે મને અવસ્તાવાણીમાંથી જેબી ફકરા, હાલના ખગોળ તથા ભુશાસ્ત્રોને લગતા, આ બાબમાં જણાવેલા મુખ્ય શોધોને અનુસરતા જે મલી આવ્યાછે, તે સઘલા તેઓની અસલી ઇબારત તથા તેઓની માએની સાથે મેં હેઠલ ટાંકી દેખડાવ્યાછે, કે જેથી બિનતાસુબે જોનાર વીદ્યારથીઓના મનમાં તે વીસે હવે પછી કસો પણ શક રેહે નહીં.

૧ લું આ ધરતી ગોલછે તથા તે ગોળ હોવાથી આરપાર કરવાને દુર પડેછે, તે સાથે માનવીજાત તથા જાનવરો વતરોગે સુખચેનથી તે ઉપર રહી શકે તે શારૂં, તે ગોળ હોવા છતાંબી, પોહોલી યાને કુશાદે બનાવેલી છે, તે વિષે વંદીદાદની ૧૯ મી ફરગરદમાં આવેલો ફકરો.

અવસતા.

અંથાઉ જેમો ઇઆદ પથનીઆઓ સકરેનીઆઓ દુરેપારીઆઓ"

માએની.

"આ જમીન જે પોહોળી, ગોળ તથા પાર કરવાને દુર પડે તેવીછે."—હાં સકરેનીઆઓ એવો અવસ્તાઇ લોગત જે આવ્યોછે તેનો અર્થ ગોળ એમ થાયછે ને જેને મળતો સંસ્કૃત શબ્દ ચાક્રિકછે, જે પરથી આપણો ગુજરાતી બોલ ચક્કર બનેલોછે, ગ્રીક કીરકોસ તથા લાટીન શરકુલસ કરીછે કે, જે ઉપરથી ઇંગ્રેજી બોલ સરકયુલર (Circular) ઉત્પન્ન થાયલોછે એમ ભાષા શાસ્ત્રીઓ તરત કેહી શકશે.

૨ જું—આ ધરતી અદ્ધરછે તથા તેમ તે ખુરશેદનાં પકડવાથી યાને આકર્ષણ શકતીને લીધેછે તે વીશે ખુરશેદ નીઆયશ" તથા હજશનેના ૪૪ માં હામાંથી શ્લોકને અર્થે કહેલા ખુદ હજરત જરથોસ્તના ગાથાવાણીના કલામો.

અવસતા.

"નવચિશ મઇનીઅવ યજત અંધવ અરતવઇતી પઇતી દ્રઆંન નોઇદ

પઇતી શ્તાંન વીદ્દન્તિ" (જુવો ખુરશેદની નીઆયશ)

માએની.

"સુર્ય શીવાય આ ધરતીને કોઇ બીજો મીનો ચઝદ (સિતારો) અતરંગ રાખી તથા પકડી શકતે નહીં."

અવસતા.

"તદ થવા પેરેશા હરેશ મોહવોચા અહુરાઃ
"કશનાદ્રેતાઃ જમચાઃ અદ્દને બાઓશચાઃ"
(જુવો ગાથા ઇજશનેનો હા૦ ૪૪ મો.)

માએની.

"ઓ! દાનાવહોરમઝદ! હું તુને આ
"રવેશે રાસ્ત પુછુંછુ તે તું મને કહે? કે
"કોણે આ જમીનને વગર આધારે ઉભી
"રાખેલીછે."

૩ જું—આકાશની અંદર જે સેકડો સીતારા આવેલાછે તે શગલા (ખુરશેદની માફક) સ્થિરછે અને તે સઘલા જો સ્થિરજ હોય અને ફરતા નહીં હોય તો, ખુદરતી રીતે તે ઉપરથી આવો સારાંઉશ તો નીકલવોજ જોઇયે જે આપણી ધરતી ત્યારે ફરતીજ હોવી જોઇએ, કેમકે એ બેમાંથી એકુબી ગોલો જો ફરતો નહી હોય તો વર્ષની સર્વે ઋતુઓ બની શકેજ નહીં. એ બીનાને લગતો જે આ ફકરો "ખુરશેદની નીઆયશ" માંથી મેં હેઠલ ટાંકયોછે તેની માએની જુદા જુદા દસ્તુરો જે જુદી જુદી ઉઠાડેછે તે વાત મને આ પ્રસંગે અલબતે સારીકાની રોશનછે, પરંતુ મારો એક દોસ્ત જે અવસ્તાં ભાષામાં પુરવીણ ગણાયછે તે એ ફકરાનો હેઠે મુજબ અર્થ કરેછે અને તે સાથે દસ્તુર એદલજી સંજાણાબી તેને લગભગ એકમળતા ઉતરેછે*

અવસતા.

"હેશતેંતે મઇનાઊઆઊઘો ઇઅજતાઊઘો સ્તેમચ્ચ હજંઘરેમચ"

માએની.

"મીનો ચઝદો (સિતારાઓ) ઉભેલા (સ્થિર)છે સો ઘણા તથા હજાર ઘણા" યાને સિતારાઓ જેઓમાં આફતાબ પણ એક મોટો સીતારો ગણાયછે તે સઘલા ઉભેલા યાને સ્થિરછે. આ સેંકડો બલકે હજારો સીતારા ફરતા નથી પણ સ્થિર છે કે જે બીના આથમણ પ્રાંતના અર્વાચિન જયોતિષીઓની શોધો સાથે બરોબર અનુસરતી આવેછે, કેમકે તેઓના વીચાર પ્રમાણેબી એ દરેક સીતારા, આપણાં સુર્ય મંડળની માફકનાંજ, બીજાં નાનાં નાનાં સુર્ય મંડલોના ગોચા સુર્યોછે. † આ જમીન તથા તે ઉપર જુદા જુદા દોરમાં તબકકે તબકકે મચાએલી સઘલી જમાદાત,

* જુવો એવણની "ખોરદેહ અવસ્તા બા માએની" ની આવૃતી ૪ થી ને સફે ૫૯ મે.

† મી૦ ચારલસ પોસતન કહેછે જે અશલનાં ઇરાનીઓ, ખગોલ વીદ્યા શંબંધી મોહોલુ જ્ઞાન ધરાવતા હતા. યાહુદીઓ માંફક "આ ધરતીને ચાર ખુનાંછે" એવાં બેહુદા વીચાર તેઓમાં જોવામાં આવતો નથી પરંતુ તેને બદલે આ જમીન ગોલ તથા તે સુર્ય આશપાશ ફરેછે એમ ગાલીલીઓએ એ શીદ્ધાંતો શાબેત કરીઆ તેની શેકડો શદાઓ આગમજથી પારસીઓનાં નીઆએશગાનોમાં તે વાત શારીકાની જણાએલી હતી. આશમાનનાં નકસા તેઓ બનાવતા હતા; આસત્રલોબ (એસત્રાલોબ) યાને તરાજુએ અનજુમનું હથીઆર તેઓ વાપરી જાનતા હતા અને ઇસાનાં દોરની પુરવે તેઓ એક હજાર થાને બી વધારે સાબેત શેતારાઓનાં કયાતલગો વટીક પોતે બનાવી ગયા હતા. જુઓ એનાં પારસીઓ વીશે લખેલાં ચોપાન્યાંને શફે ૩૫ મે.

નબાતાત તથા હેવાંનાત પેદાયશો જે ભુસ્તર વિદ્યાના શોધ હેઠલ આવી શકે તેવી છે, તે વીષેનો મુખ્ય હેવાલ હાદોખ્ત નુશકના અવસ્તાની સત્તા ઉપરથી પેહેલ્બારની આફરીનમાં જે જણાવેલોછે, તે સારૂ કાંઇ ઝાઝો મત ફેર ન હોવાથી તે વીષે વધારે લંબાણ કરવા હું અલે દુરૂસ્ત વીચારતો નથી, માટે સોખી વાંચનારાઓને ઉપર જણાવેલી સઘલી મજમુન ધ્યાનમાં રાખી ગમે તો ફરીને તે આફરીન એકવાર વાંચી જવાની આ વેલા હું ભલામણ કરૂછું.

વારંવાર આપણે, ઇસાઈ તથા મુસાઈ લોકોના કોલો જરથોસ્તીઓનાં મુખ્ય ફરમાનો સાથે જે અનુસરતા આવેછે, તે વીષે આગલ જાબજા ઇસારા કરી ચુકા છૈયે. મો૦ લુઇ ઝાકોલીઓત નામના એક ચંચળ ફ્રેંચમેને થોડાંક વર્ષની વાત ઉપર "હીંદુસ્થાનમાં બાઇબલ" એવે નામનો એક કીંમતી ગ્રંથ બાહેર પાડયોછે જેમાં તે ધુંડી વીધાથી, હીંદુઓના ધરમના પુરાતન દફતરોમાંથી ઇનજીલમાં જે ઘણાંએક ફરમાનો દાખલ થયલાંછે, તેઓનો એક અચ્છો સંગ્રહ આપી ગયોછે, જેમકે બાઇબલમાં જણાવેલી ટ્રીનીતી તે હીંદુઓની કહેલી ત્રિમુત્તિને મલતી આવેછે અને કરૂષ્ણની પેદાયસ વીસે જે હેવાલ હીંદુઓ આપેછે તે કાંઇક જુજ ફેરફાર સાથે આબેહુબ કેટલેક દરજજે હજરત ઇસાની જીંદગાનીના હેવાલ સાથે ગોયા એકમલતો આવેછે. આ ઉપરથી આ ફ્રાંસીસ આલેમ એવો શારાંઉશ ઉપજાવવા માગેછે જે મીસર દેશની ભુમી તરફ ઇસાઇ ધરમવાલાઓ હીંદુઓનાં પુસ્તકો ઉપરથી ઘણાએક ફકરાઓ ઇનજીલમાં ઉતારા કરી ગયાછે. આ વાતને હું ધારૂછું જે તવારીખ ઉપરથી કસીખી રીતે પુષ્ટી મલી શકે તેવું નથી કેમકે હીંદુ તથા યાહુદીઓના પુર્વજો કોઇ કાલે પણ એકમેકના અતલગના સંબંધમાં આવ્યા હોય, એમ પુરવાર થવું બહુજ મુશ્કેલછે. તે સાથે હીંદુ અને યાહુદીઓનાં મુલુકો એકએકથી ઘણાં દુર આવવાનાં સબબથી, હીંદુઓનાં પુસ્તકો ઉપરથી આજ લગભગ ઓગણીસસે વરસની વાત ઉપર હાલની માફક સંપુર્ણ નોકાશાસ્ત્ર તથા ધોરી રસ્તા અને સડકો હૈયાતીમાં ન હોવાથી નસારાઓ પોતાના ધરમનાં ફરમાનો કેમ નકલ કરી જાય, તેની સમજણ આપણને સેહેલમાં આવી શકે તેમ નથી. હીંદુના વડીલો તો બાખત્રીઆવાલી પોતાની અસલી બાપીકી આરીયન ભુમી છોડયા બાદ, દક્ષીણ તથા પુર્વે છેક હીંદુસ્થાન ભણી ઉતરી પડયા પણ જેરૂસલમના વતનીઓ તો હમેશ પોતાનો રસ્તો આથમણ પ્રાંતનાં દેશો ભણી લેતા રહેલા હતા એમ તવારીખ ઉપરથી આઇનાની માફક રોશનછે, માટે આ બંને જુદે જુદે રસ્તે ફાતનાર ટોળાંઓ એકમેકના સંબંધમાં કોઇ કાલે પણ આવી શકે તે બનવુંજ ઘણું માહાલછે. એ વીષે મારા નાકેસ વીચાર પ્રમાણે ખરી સમજતી એછે જે, આ બન્ને હીંદુ તથા નસારાઓના વડીલો, જેઓ વારંવાર પારસીઓના નીઆએગાનો સાથે ઘણા અતલગના સંબંધમાં આવતા હતા, તેથી તે બંને ટોળાંઓ જરથોસ્તીઓનાં ધરમનાં ફરમાનો ઉપરથી પોત પોતાના ધરમના દફતરોમાં ઘણીએક બાબદોના ઉતારા કરી ગયાછે, કેમકે જેવી ટ્રીનીટી બાઇબલ અને હીંદુઓનાં પવિત્ર પુસ્તકોમાં જણાવેલીછે તેવીજ ત્રણ શકતીઓ, બારીકીથી તપાસતાં માજદીઅસનાન ધરમનાં પુસ્તકોમાંખી કહેલીછે અને આપણો હોરમઝદી ધરમ ગાથામા જણાવ્યા મુજબ "દુમ" યાને દુઆલીઝમ એટલેજે બે શકતીઓનોજ ફકત નહી પરંતુ તેમાંખી શુક્ષ્મ રીતે જોતાં

હીંદુઓ માફક ત્રણજ શકતીઓ આવેલી-છે; જેવી કે અહુરા, સ્પેનતોમેનીઉસ, તથા અંગેરોમેનીઉસ, ને જે હીંદુઓના બ્રહ્મ, વીશનુ અને શીવ એવા ત્રણ વીભાગોને મળતી આવેછે, કેમકે અહુરા યાને પ્રથમ પેદા કરનારને આપણાં પવીત્ર પુસ્તકોમાં અંગેરેમેનીઉસને આખરે નાબુદ કરી નાખવાની પાછી સકિતબી આપેલીછે. આ જગતને પેદા કરનાર બ્રહ્મ યાને અહુરા, તેને આબાદી તથા તરો તાજગી બખશનાર વીશનુ યાને શપેનતોમેનીઉસ તથા સર્વે વસ્તુઓનો પાએમાલ તથા નાશ કરનાર શીવ યાને અંગેરેમેનીઉસ, જેને વંદીદાદમાં મોહોત ભરેલો હેરેમન કરીને જાબજા લ-ખેલોછે. હવે મગરબ પ્રાંતના અરવાચીન હોકમાએ મઆદીઆત (Materialistic Philosophers) નો સરદાર મી० જાન સ્ટુઅર્ટ મીલ જે ઇ०સ० ૧૮૭૪ માં આ ફાની દુનીઆંમાથી પોતાનો અશબાબ ઉ-થાવી ગયેછે તે કાબેલ ગ્રંથકાર પણ સર્વે ધર-મોને ગોયા એક કોરે પડતા મેલી, ફકત આ દુનીયામાં બનતા તરેહ તરેહવાર આપણા માનવી જાતની સમજમા નહી આવી શકે તેવા બરખેલાફ કુદરતમાં બનતા બના-વોનોજ સારીકાણી અભ્યાસ તથા અવ-લોકન કરયા ઉપરથી, એવીજ ધપછબનો શારાંઉશ પોતાના એક સોથી છેલ્લા રીશા-લામાં ઉપજાવી કાહાડેછે અને તેની તકરાર પ્રમાણેબી જેમ જેમ કેલવણીનો પ્રસાર વધતો જાએછે અને આ દુનીઆમા રફતે રફતે આગલ જતે સુધારો થતો જશે અને લોકો પોત પોતાનો સવાર્થ છોડી એક મેકનાં કળાયણ તરફ વધુ ધ્યાન આપતા જશે તેમ તેમ સચાઇ અને નેક મન, જુઠાઇ તથા બદ મન ઉપર આખરે ફાવી નિકળશે.

વંદીદાદના પોથાની ઓગણીસમી ફર-ગર્ડ તપાસતાં તથા ફરવરદીન અને જ-મીઆદ યશ્તો તરફ જોતાં, "કનીઆઉ હરેદ્દ ફ્રેદરી" (બુલંદ ખાનદાન ધરાવનાર) નામની તથા વીસ્પતોરવી યાને સવ્ વસ્તુ-ઓનું તારન કરનાર એવો એલકાબ રા-ખનારી, કોઇએક કુળવંત કુમારી કન્યાને પેટે, કેટલીએક તેણીના જેવી પહરેજગાર તથા કુમારી સાહેલીઓની મદદથી આ દુ-નીયાના આખરી પોહોરામાં, અસ્તવત એ-રેતો યાને સોશીઓસ જેવો મોટો ટાળનાર કાંસઓય નામની રુદ યાને નદી, જેને બુંદેશવાલો સીસ્તાનનાં પ્રાંતમાં મેલી જાયછે ત્યાં આગલ હવે પછી જે પેદા થનારછે અને જેના આબ્યાથી આખરે "નેક વીચાર" (વોહુમનો), બદ વીચાર (અકુમનો) ની ઉપર ગાલેબ થશે, શચાઇ જુઠાઇને તોડશે, ખોરદાદ (હુરવતાત) અને અમરદાદ (અ-મેરેતાત) યાને (સંપુર્ણતા તથા અમરપણુ બખશનાર શકિતઓ) ભુખ તથા પીઆસને તાબે કરશે અને બદકાર અંગરેમેની-ઉસ તાબેદાર થઇ ઊંધો વલશે તથા તેની પાદશાહત (આ દુનીયામાં ત્યારેજ ગોયા) ખતમ થશે;" તે સઘલો બારીક અને ફીલસુફી ભેદ ધરાવનાર હેવાલ, હીંદુઓ પોતાના પેગમ્બર કૃષ્ણ તથા તેની કુલવંત કુમારી (?) માએ દેવકી સારુ, તથા ઇસાઇ મજહબવાલાઓ પોતાના પેગામ્બર હજરત ઇસા તથા તેની કુમારી ("કનીઆઉ") માએ મરીઅમ (મેરી) સારુ, જરથોસ્તી મજહબની અસલી મતલબ બરાબર નહીં સમજયાથી યાતો જાણી જોઇને પોત પોતાના પેગમ્બરોની કીર્તીઓમાં ઉમેરો કરવાના હેતુથી ઉતારા કરી ગયાછે પરંતુ તે શઘલું બયાન જો અત્રે વીસ્તારયું હોય તો, એક નાનો જેવો ગ્રંથ થઇ જાયછે માટે આ મેહેલ ઉપર આ વેલાએ આટ-

લોજ ઇસારો કરેલો હું ધારૂંછું જે ખશ કેહેવાશે. પણ તેની દાખલા તરીકે આ પ્રસંગે એ વિશે આટલીતો તાવીલ યાને શરેહ કરવાની અલે જરૂરછે કે પુરાણમાં જણાવ્યા પ્રમાણે મનુષ્ય જાતનાં તારણ સારૂ કરૂષ્ણનો જે છેલ્લો અવતાર થઇ ગયો છે તેની "મહાપ્રલય" યાને સર્વે વસ્તુઓનો મોટો નાશ થયા પછી થયો હતો, જે અવસ્તાવાણીની મજકુર મતલબ શાથે ગોયા આબેહુબ મલતો આવેછે, કેમકે ફરવરનદીન યસ્તના ત્રીસમાં કરદાની આખરીમાં સોશીઓસની માએને વીસ્પતોરવી યાને સર્વે વસ્તુઓનો નાશ કરીને તારણ કરનાર એવા એલકાબથી એટલાજ સારૂં લખેલીછે કે તેને પેતે જે છોકરો અવતરનારછે તે પણ સગલી વસ્તુઓનો પ્રથમમાં નાશ કરી નાંખીને પછી તારણ કરશે કેમકે ગાથામા કહ્યા મુજબ આ હાડમંદ દુનીયામા કોઇબી ચીજ એવી નથી કે જેની સાથે કંઇને કંઇપણ બદી યાને ઇલત લાગુ પડેલી ન હોય અને બાઇબલમાં હજરત ઇસાના મોજેજા સારૂં બોલતી વેલાએ ત્યાં શાપ જણાવેછે જે, તેબા ભુખ્યાઓની ભુખ ભાંજશે તથા પીઆસાઓની તરસ મતાડશે કે જે બીના, જમીઆદ યસ્તની આખરીમાંથી જે ફકરો આપણે આપણા હવે પછીના આ ફતેમંદ ટાલનારના પેદા થવાના જમાના વીશે ઉપર ટાંકયોછે તેની મજમુન સાથે બારીકીથી જોતાં અકસર કરીને અનુશરતી આવેછે. અફલાતુન (પ્લેટો) કહેછે જે જરથોસ્તને હોરમઝદનો દીકરો કરીને કહેતા હતા અને એજ કેહેવાત પ્રમાણે નસારાઓબી પોતાના પેગમ્બર હજરત ઇસાને પરમેશ્વરનો છોકરો કરી આજવેર માનતા આવ્યાછે. હવે તોરાતનો આસરે ઇસુ પુર્વે ૩૦૦ માં ઇસ્કંદ્રીઆ શેહેરમાં ગ્રીક ભાષામાં તરજુમો કરનાર પેલા સીતેર દાનાવ માણસોની કમીટી જેને સેપત્યુજીન્ત કરી કહેછે તેઓને અવસ્તા વાણી સારીકાની માલુમ હતી એમ અરનેસ્ત બુનસન * જેવો એક દાનાંવ ખ્રીસ્ટી લખનાર વટીક એકરાર કરી જાયછે કેમકે યુનાની ભાષામાં માંજદીઅશનાન ધરમના પવીત્ર દફતરોનો ઇસાના તવલુદ થવાની ઘણાંક વરસો આગમચ તરજુમો થઇ રએલો હતો, જે વાતથી એ સેપત્યુજીનત તરજુમો કરનારાઓ સારીપેઠે રોશન હતા પરંતુ વખતની જાલેમ ચુંગાલના હાથમાંથી અવસ્તાનો એ ગ્રીક તરજુમો વટીક હજુરવેર બચી શકયો નથી. મો૦ રેના પોતાના એક જાણીતાં ફારાંસીસ દફતરમાં એમ બોલવાને હીમત કરેછે જે હમારા પેગમ્બર "હજરત ઇસાએ, શું બુદ્ધ કે, શું જરથોસ્ત કે શું અફલાતુનનાં નામો વટીક શાંભલીઆં ન હતાં અને ગ્રીક કે બુદ્ધના કોઇબી પુશ્તકોનો પોતે મુતાલો વટીક કરેલો ન હતો, તોબી ઇશાના ધરમમાં ઘણી એક બાબદો અંજાંન પણાથી એવીતો રીતે આવીછે કે જેઓ પારસી, યુનાની તથા બુદ્ધનાં ધરમ પુશ્તકો શાથે એકમલતી આવેછે." † આ વીચારમાં કેટલી શત્યતાછે તેની ચાલો જરા હેઠલ આપણે જાવતમાં તપાસ લઇજીએ. હજરત ઇસાએ બુદ્ધનુ નામ શાંભલીઉ હોય કે નહીબી શાંભલીચુ હોય તે વીશે હું હીમ-

* જુવો એનાં "હીડન વીસડમ આફ ક્રાઇસ્ટ" નાં જીલ્દ ૨ જાને સફે ૪૭૩ મે. યાહુદીઓનો ધરમ પારસીઓના ધરમને કેવો અને કેટલો આભારીછે તે વીશે જુઓ પ્રોફેસર કીઉનનનાં "ઇસરાએલ લોકોના ધરમ" વીશે વલંદી (ડચ) ભાષામાં રચાએલાં ગ્રંથનાં જીલ્દ ૩ જાને શફે ૧—૪૪ શુધી.

† જુઓ એનાં "વી દ જીઝસ" યાને હજરત "ઇશાનાં વૃતાત" ને શફે ૩૦૮ મે.

તથી અત્રે બાઠ ભીડી શકતો નથી પરંતુ હજરત જરથોશત કે, અફલાતુનના નામો તેને નહી શાંભલીઆં હોય તેવાત મારા માનવામા આવી શકતી નથી, કેમકે જરથોશતી ધરમનાં મોબેદ (મેજાઇ) લોકો તો એનાં જમાનામાં હજુરવેર એ તરફના તમામ દેશાવરમાં શારંકાની મશહુર થએલા હતા તથા યાહુદીઓનાં ખુદ વેહેવારમાં વટીક તેઓ આવી ચુકેલા હતા માટે તેઓનાં પેગમબર હજરત જરથોસ્તનુ નામ હજરત ઇશાએ નહી શાંભલીયું હોય, તે વાત બનવીજ મને માહાલ લાગે છે. યાહુદીઓનો એક પેગમબર જેરીમાયા પોતાની પોઠીમાં સાફ જણાવેછે જે, બાબુલ (બાબેલાન) નો પાદશાહ નાબુકદનાજર જયારે જેરૂસલમમાં દાખેલ થયો ત્યારે તેના સાહાબેલામાં મેજાઇ લોકોબી જોવામાં આવના હતા, જે પરથી બાબેલોનીઆનોની દરબાર ખાતે એ લોકોનો કાબુ, ધરમનાં ઉપાધીઆઓ તરીકે, અશલી જમાનાથીજ વીશેસ હોવો જોઇએ એમ હાલ પણ અનુમાંન થઇ શકેછે. હજરત મુસાએ દીઉત્રોનોમીની પોઠીના ૧૨ માં બાબમાં જણાવ્યા મુજબ, આફતાબના દેહેડાંઓને તારાજ કરી નાખવાને શપર પેહેલીવાર પોતાનાં લોકોને ફતવો આપીયો હતો અને ત્યાર બાદ એઝીકીઅલ પોતાના યાહુદી લોકોને ઇરાંનીઓની આફતાબ પરશ્તી * રાહરશમ ઉપર લક્ષ નહી આપવા શારૂ મોહોટો બોધ આપી જાએછે (જુઓ એની પોઠીના બાબ ૮ માની આવી ૧૬ થી ૧૭ મી) એટલુંજ નહી પણ અવશતામાં જણાવેલા હેશમ દેવ યાને અંદાજાથી વીશેસ કાંમ અને કરોઢ ધરાવનારે દેવને, યાહુદીઓ આસમોદીઅસ યાને ઓરતોમાં હીસ્તીરીઆનો મરજ ફેલાવનાર દેવના નામથી પોતાના તોરાતમાં નકલ વતીક કરી ગયા છે. હોશીઆ તથા આઇઝાયાની પોઠીએ માંહેલા ચોકશ લખાનોતો જરથોસ્તના ઘણાએક ફરમાનો શાથે ગોયા આબેહુબ મલતાં આવેછે તથા એસથરની આખી પોઠી તો હખામની તખ્તકનાં પારસી શેહેનશાહો પરથી ગોયા બાગ બાગ થઇ જાએછે અને આપણા નામવર શેહેનશાહ કુરઉશ (સાઇરસ–ખુશરૂ) ને આગલા યાહુદીઓનાં પેગમબરોએ "ઉગમણ પ્રાંતનુ ગુરૂદ-પક્ષી" કેમકે તેવી નીશાન આપણા આ શેહેનશાહનાં દોરમાં પારસી લોકોનાં જુન્ડાઓ ઉપર પાડેલી જોવામાં આવતી હતી તથા "પરમેસ્વરનાં ફરમાનોને બજા લાવનાર ભરવાડ" અને "ખોદાતાલાનો પવીતર કરેલો" યાને પેગામ લાવનાર, એવાં ઉન્ચાં ઉન્ચાં વીશેશણો લાગુ પાડેલાંછે. માંઠાંભાયગે યઝદઝરદની પાદશાહી ગુરૂબ થયા પછી તથા સાસાનો શલતનતનો દોર પુરો થયા બાદ આપણા લોકોમાં બોસુએ તથા ફેનેલાં, માંરસીલાં તથા બુરદાલુ અને પાસકાલ

* પ્રમેશ્વરની અપરંપાર કીરતીના એક ઇશ્વાની દાખલ પારસીઓ માંફક અશલી બાબેલોનીઅનો પણ આફતાબને બાલ અથવા મોલોકનાં નામથી રીતાએશ તથા નીઆએશ કરતા હતા તથા માહાતાબને તેઓ અસ્તારતી અથવા અસ્તારોકના નામથી પુજતા હતા. એ લોકોનુ બાઆલ અથવા બાઆલબી નામનુ શેહેર તથા મીશર દેશના રેહેવાશીઓનું હેલીઓપોલીસ નામનું બીજું એક ઘણું વખણાએલું શેહેર પણ આફતાબની પરશતેશ શારૂ પુરાતન કાલમાં ઘણુ મસહુર હતું. અમેરીકાનાં અસલી રેહેવાશીઓ, જેવાકે પીરૂનાં ઇનકાસ લોકોનાં શુનેરી દેહેડાંઓનાં કલશો ઉપરથી તથા પાઇમાં ઈન્દીઅનોના ઇબાદતખાનાઓ ઉપરથી શુર્યોદય થતી વેલાએ તાંહાંનાં બાંગીઓ બુલંદ આવાજે આજબી ખુસાલીના પોકારો મારેછે.

તથા માલબરાંગ જેવા થંડે પેટની આ-મણ સામણ સ્વભાવીક એથાંગ તકરારોનાં બળથી; દીન દુશમનોને પોતાની શીરીન તથા ફશાહત જબાનોથી દાખલા દલીલો સાથે કાએલ કરનાર તથા જરથોસ્તી ધર્મની અકલ કબુલ કરે તેવી ઉમદા શરેહ આપનાર, ધરમના નામીચા ઉપાધીઆ તથા હીમાએતીઓ કોઇપણ પારસણ માતાને પેટે અદ્યાપી નહી અવતરવાથી, જે કીર્તિ કે એક અસલી અને પહરેજગાર રોશન મગજ તરીકે હજરત જરથોસ્તને મળવી જોઇએ, તે કેટલેક દરજજે હજરત ઈસા તથા હજરત મહમદ જેવા સેમીટીક ટોળાના નકલી મન ધરાવનાર રૈહબરોને મળી ગએલીછે. વીચાર કરો કે જરથોસ્ત જેવો એક મહાજ્ઞાની નર ઉત્તમ પુરૂષ, ઘણા પુરાતન જમાનામાં જો કદાચ નહીંજ થઇ ગયો હતે તો, આજ હાલ ખુદ્રતી વીદ્યાનાં મંદીરમાં ન્યુટન જેવા જલેહદાર સીતારાની ખુટ વીના જેવું અંધારૂં રેહતે, તેજ માફક એ પેગમ્બરની હસ્તી વીના આ દુનીયાનાં નીતી શાસ્ત્રનાં મસ મોટાં ગંજાવર મંદીરમાંથી આફતાબ જેવો એક મોટો ઝલકતો સીતારો કદાચ ગોયા ખરી ગયો હતે, કારણ એજે મનુષ્ય જાતના આતમાના સ્વરક્ષણ સારૂં જેબી બીજા ધરમો પાછલથી આ પૃથ્વીની પોહોલી સપાટી ઉપર તવલુદ થઇ જે હાલમાં પ્રકાશી નીકળ્યાછે, તે સઘલાઓની જોશાતો અસલી રોશનીનું તેજ, માહાતાબ માફક એ હજરતનાં પ્રતી બીંબને લીધેજછે અને દબેસતાનના બનાવનારનો આ હેઠલો બેત જો કોઇબી પેગમ્બરને લાગુ પડતો હોય તો, તે વાજબીની રાહે હું ધારૂંછું જે એ સાહેબને વધારે બેસતો આવવો જોઇએ. એ દાનાવ ગ્રંથકાર લખેછે જે:—

"ઝાતી કે બગુફતશ યજદે પાક
લવ લાકે લમા ખલકતુલ અફલાક."

યાને "તે એક એવી જાતછે કે જેને વાસ્તે પાક યઝદે ખુદ પોતે કહેલું છે જે અરે! ઓ પેગમ્બર! જો હું તને પેદા નહી કરતે તો આ ખલક તથા આસમાનને બનાવવા મેં કદાચ દુરૂસ્ત નહીં ધારયું હતે."

અવસ્તા વાણીના મારા અત્યાર સુધીના થોડાક ઝુઝ અભ્યાસ ઉપરથી જેબી બાબદો હાલના વીદ્યાઓના શોધો સાથે જે અનુસરતી આવેછે, તે વીસે આ મુજબ સઘલું બયાન ઉપર ટપકે નીપજાવી કાહાડયા બાદ તથા મારી નાકેશ અકલ પ્રમાણે તે ઉપર કેટલીએક અગત્યની લંબાણ શરેહ કરયા પછી દાનેશમંદ વાંચનારાઓને; આપણી ભાષામાં ખગોલ તથા ભુશાસ્ત્રો ઇત્યાદી લગતાં કોઇપણ જાણવા લાયક દફતરો નહીં હોવાથી, આપણી મુલ મતલબને વલગી રેહેવાને બદલે, એ શાસ્ત્રોપરબી વધારે અને જરા લંબાણથી ખુલાસો કરવાની જે મને આઇન ફરજ થઇ પડીછે; તેમાં કાંઇ કંટાલા ભરેલું તથા આડું ફાટવા જેવું જો લાગું હોય તો તે વીસે ક્ષમા માગી આ બાબ આ બાગમાં હવે હું સંપુર્ણ કરૂંછું.

બાબ ૭ મો.

હખામની શેહેનશાહ કુરઊસ (સાઈરસ-ખુશરૂ) ની કારકીરદી વીશે થોડાક વીચારો.

"હાફેઝા ગર મેરક ખાહી સુલેહ કુલ બા ખાસો આમ,
બા મુસલમાન અલ્લા અલ્લા વ બા હીન્દુઆં રાંમ રાંમ."

હખામની વંશની પાદશાહતને મજબુત પાયા ઉપર સ્થાપનાર તથા પોતાના પેહેલવાની જોરથી આજ આશરે હડી હજાર વર્ષની વાત ઉપર, સુલેમાન નામનાં પાહાડો આગલથી તે ઠેઠ ઇજીપ્તનનાં દરીઆવ શુધી આખાં એશીઆખંડને જીતી લેઇ, પારસીઓનાં નામને આખી દુનીઆંમાં ફરીને ચોમેર આશકારાં કરી નાખનાર અને માજદીઅશનાન ધરમને જેબના આપનાર તથા જુદા જુદા ફીરકાઓને "હથોરાના મારનાર" અને તમામ બદમાંશોને પોતાનાં માહાબળ તથા બુંલદ એકબાલને લીધે જેરનાં કરનાર, આવા નામીચા શેહેનશાહ કુરઉસ (સાઇરસ—ખુશરૂ) વીશે ગયા બાબમાં વારંવાર ઇસારા કરવામાં આવેલાછે અને એનો આખો વૃતાંત મારી "તવારીખે કદીમ ઇરાન" નાં દીબાચાનાં બાબ ૫ માંમો આપવામો આવેલોછે માટે આવા માહતમા પાદશાહની કારકીરદી વીશે હાલની કેટલીએક નવી નવી શોધોને આધારે બે બોલો અત્રે જણાવેલા આશાછે જે કેવલ વ્યર્થ ગણાશે નહીં. જેવો એ બાહાદુર તથા ઉદાર દીલનો હતો તેવોજ રઇઅતનોબી એ અતીશય માનીતો થઇ પડીઓ હતો, કેમકે જીતેલી પ્રજાઓની ધરમ શંબંધી લાગણીઓને એ કોઇ કાલે પણ જરાબી સતાવવાને દુરસ્ત વીચારતો ન હતો. પોતે યજદાંપરસ્ત તથા જરથોસ્તી ધરમનો બેરખાહ દોસ્ત હોવા છતાં આપણો આ શેહેનશાહ શું યાહુદી કે, શું અસુરી ને સું બાબુલી કે, શું બીજાં જુદ દીન ટોળાંઓનાં બુતપરસ્તી રેવાજોને જરા પણ ઇજા પોંહોચાડતો નહતો અને એકજ યઝદાનની હસ્તી ઉપર તેનો જો કે પુર વીસવાશ અને એતેકાદ હતો તોબી પોતાનાં જમાનાનાં, એક કરતાં વધારે ખોદાઓને માનનાર લોકોનાં દીલ નહીં દુખાવવાની તેની તે ચાલ આગલા પારસીઓનાં રાજને ઘણી જેબ આપે તેવીછે. પાદશાહો આ દુનીઆમાં પોતા સાથે કઇ પેગમબરી દાવો લઇ આવ્યા નથી પરંતુ રઇઅતનાં જાન માલની શલામતી કરવા તથા તેઓનુ રક્ષણ અને કલીઆણ કરવા તથા ધરમની તાશુબીથી કોઇનાંબી દીલને ઇજા પોંહોચાડવાને બદલે સઉ કોઇને પોત પોતાની મરજી પ્રમાણેનો ધરમ છુટથી પાલવા દેવા આવ્યાછે તે વાત આ નામદાર પાદશાહ સારી પેઠે સમજતો હતો. એટલાજ શબબ ઉપરથી પ્રોફેસર શ્લેગલ કેહેછે જે "કુરઉસ યાને સાઇરસ પાદશાહનુ જાહોજલાલી ભરેલું રાજપાત તે ગોયા દુરસ્ત કારભાર (નીઝામ), સાહુચેતી અને નીતી શાસ્ત્રનાં કાંણુનોને અનુશરતી હાકેમી હતી અને આ દુનીઆની શપાટી ઉપર એવાં થોડાજ રાજપાતો થઇ ગયાં હશે કે જેઓ એની માંફક નેકી અને નીતીને

એક દાખલા તરીકે પોતાની શનમુખ ધરીને તે પ્રમાણે અમલ કરવામાં શદા પોતાની ફરજ ગોયા શમજતા હતા." આગલ ચાલતાં વલી એજ જરમન પંડીત બોલેછે જે "પારસીઓનુ રાજ વીશેશ કરીને ઘણુંજ નરમ અને શરવેથી શ્રેસ્ત તથા મોહટો દીલગુરદો દેખડાવનારૂ થઇ ગયુંછે અને આ દુનીઆની શપાટી ઉપર આગરબથી તે મગરબ શુધીનો બોહોલો ચકરાવો ઘેરનાર જેબી રાજયો એક પછી એક અધ્યાપી થઇ ગયાંછે તેઓમાં એ લોકોનુ રાજ શરવે રાજયો થાને શપર પેહેલો દરજજો ધરાવે તેવું થઇ ગયું છે." આ બોલવાની શાબેતીમાં આગલ જણાએલી કેટલીએક પુરાતન તખ્તીઓ અને લખાંનો ઉપરાંત હાલમાં ગયે શાલ મી૦ હોરમજદ રસમને બાબેલાનની શરહદ આગલ ખોદની કરતાં એક નલાકાર પથ્થર જે હાથ લાગ્યો છે તે ઉપરનાં લખાંન ઉપરથી મલી આવેછે ને જેને બંને રાલીનસનોએ નીચે મુજબ ઉકલાવી તે ઉપર મોતેબર શરેહો કરીછે. એ પથર તથા તે ઉપરનો લેખ નેબોનીદસ, નેરીગલીસર તથા નેબોકદનાંઝરનાં દોરમાં કોત્રાએલો હોય એમ તેપરનાં લખાંનોની રૂઢી તથા એબારતબંદી ઉપરથી હાલમાં અટકલી શકાએછે. એની લંબાઇ નવ ઇંચ તથા છેડા આગલ સવા ત્રણ ઇંચ અને વચો વચમાં એનો બ્યાસ ચાર ઇંચને બે આંની જેટલો છે. આ નલાકાર પથ્થર ઉપર એ લેખ એક નાકાથી તે બીજા નાકાંવેર સલગંનો સલંગ કોત્રાએલો છે અને એમાં અશલ પીસ્તાલીસ લાંબીની લાંબી લાઇનો શમાવેલીછે, જેઓ માંહેલી દરેક લાઇનમાં ચાલીસથી પચાશ અક્ષરો જોવામાં આવેછે ને જેનાં સરાસરી આસરે વીશ શબ્દો થાયછે. આ ઉપરથી આ લેખમાં આશરે એક હજાર બોલો શઘલા મલી અશલમાં આવવા જોઇએ યાને એ શેહેનશાહનાં જેબી લેખો અતીઆર શુધી બકાત રેહા છે અને આપણાં જમાનાં શુધી બચી શકયા છે તેઓનાં એકંદર મીલાવડા થાને આ લેખ લગભગ આઠ ઘણો વધારે મોહોટા છે અને એની ભાષા બાબેલોનીઅન બીજા રેકા હરકોની ભાષા શાથે એક મલતી આવેછે. માંઠાં ભાયગે આ લેખ માંહેલો કેટલોએક ભાગ ભુશરાઇ ગયોછે જેથી એનુ ધડ પુછડું બરોબર રીતે ઉકલી શકતું નથી પરંતુ તે માહેલો વચલો ભાગ શમપુરણ હાલતમાં બચી શકવાથી અશલ પીસ્તાલીસ લાઇનો માહેલી પચીશ લાઇનો તો હાલમાં સારીકાની ઉકલી શકે તેવી છે ને જેઓનો તરજુમો પ્રોફેશર જારજ રાલીનશન ગયા જાનેવારી માસનાં "કોનતમપરેરી રીવીઉ" મા આ પ્રમાણે આપી જાયછે:—

"હુંછું કુરઉસ (સાઇરસ), સઉથી વડો પાદશાહ, મોહોટો પાદશાહ, ઘણો જબર દસ્ત પાદશાહ, દીનતીર(બાબેલાન) નો પાદશાહ, સુમીર અને અખાદનો પાદશાહ, ચાહારે ટોલાંઓનો પાદશાહ; કમ્બુજીય(કેમબાઇસીસ) નો બેટો, જેબી મોહોટો પાદશાહ તથા અનસાનનો રાજા હતો; કુરઉશ (સાઇરસ) નો નબીરો, જેબી મોહોટો પાદશાહ તથા અનસાનનો રાજા હતો. આથી ચીસપાઇસ (તીઆસપીસ)નાં નબીરાનો હું દીકરો થાઉ છુ, કે જેબી મોહોટો પાદશાહ તથા અનસાનનો રાજા હતો. જયારે હું ફતેહમંદ થઇને દીનતીરમાં દાખેલ થયો ત્યારે તાંહાંનું અશલી પાદશાહી કુટુંબ જેનું રાજ બેલ તથા નીબો (નામનાં દેવતાઓ)એ તે પાદશાહોનાં દીલનાં નીખાલશપણાને લીધે જે નીભાવી રાખ્યું હતુ તે આખરે પડી ભાગ્યું. તાંહાંનાં પાદશાહી મેહેલમાં

ખુશી ખુરમી શાથે મેં મારૂ તખ્ત શ્થાપ્યું. પેલો મોહોટો શાહેબ મીરોદાક જે દીનતીરનાં બચ્ચાંઓ (લોકો) નો અશલી વાલી થાએછે તથા...... મારી મોહોટી પરસાર પામતી હકુમત આખ્ખાં દીનતીરમાં તથા સુમીર અને અખાદનાં ઘણાં ખરાં મુલકોમાં શુલેહ શંપજ શાથે ચાલુ થઇ. તેઓની સારી રચનાંઓ (સમાધાની હાલત) ને મેં કસી હરખત પોહોચાડી નહી. બાબેલાનની ઉન્ચી જગ્યાઓ અને તાંહાંનાં શઘલા કીલ્લાઓની મેં સારીકાની શંભાલ રખાવી; દીનતીરનાં લોકોએ તેઓને સમરાવામાં ગફલતી વાપરી હતી જેથી તેઓમાં ઉઘાડી ફાટો પડી હતી અને તેઓની દેવાલોના પોપડા ઉપસી આવેલા હતા. પેલા મોહોટા શાહેબ મેરોદાકનાં દેવસ્થાનને સમરાવાપર મેં મારૂ ધીઆન આપ્યું. મારી (સાઇરસ પાદશાહ) ઉપર તથા મારાં દીલોજાનનાં બચ્ચાં કબુજીય (કમબાઇસીસ) ઉપર અને મારી વફાદાર ફોજ ઉપર (તે શાહેબે) મોહોટી કરમબક્ષીસ કીધી જેથી અમોએ પેલાં દેહેડાંને પાછુ તેની સમંપુર્ણ હાલતમાં આણ્યું. ઉપલો દરીઓ (ભું-મધ્ય શમુદ્ર) તથા નીચલા દરીઆ (ઇરાની અખાત) ની વચેનાં દેશાવરોમાં વશનારાં જુદાં જુદાં ટોલાંનાં લોકોનાં ઘણાએક મોહોટે દરજજેનાં પાદશાહો અને તેઓની શાથે સામ (સીરીઆ) તથા તેની પેલી તરફનાં બીજાં અનજાંનાં મુલુકોનાં પાદશાહો પોતા તરફની પુરેપુરી ખંડણી કલાનાં (બાબેલાનનાં મધ્ય ભાગ) માં મારી સોડે લાવ્યા અને મારી કદમબોશી તેઓ કરવા લાગ્યા. તેઓ છેક અશુર તથા ઇશતરનાં શેહેરો શુધી......થી આવ્યા તથા અગાથે, ઇશનુનક, તે જંબાનનાં શેહેરો; માંઇતુરન તથા દુરન તે ગુતીની શરહદ, અને તાઇગ્રીસ નદીનાં કીનારઓપર આવેલા કીલ્લા, જ્યાં આગલ તેઓ ઘણા પુરાતન કાલથી કાએમ મુકામ થઇ પડેલા હતા તાંહાંવેરથી છેક આવ્યા હતા. જે દેવતાઓ કે તેઓનાં મુલકોમાં ઠાનક કરીને પડેલા હતા તેઓને મેં પાછો તેઓની જગ્યાઓ ઉપર સ્થાનો ફરી અપાવ્યાં અને તેઓને મેં કાએમ મુકામ કીધા. તેઓનાં શઘલાં લોકોને મેં ભેગાં કરયા અને તેઓને લગતી જાગીરોને મેં વધારી આપી અને મોહોટા ભગવાન (સાહેબ) મીરોદાકનાં હુકમથી, કલાનાંના દેવતાઓનાં જસનોમાં નીબોનીદસે, સુમીર તથા અખાદનાં જે દેવતાઓને કે, શાંમેલ કીધા હતા તેઓને જેમ બીજા બધા દેવતાઓને પોતાનાં શેહેરોમાં માન અકરામો મલતાં હતાં તેજ પ્રમાણે તેઓનાં ખુદ પોત પોતાનાં મંદીરોમાં મેં ઇજત ભરેલી જગ્યાઓ અપાવી અને મેં બેલ તથા નીબોની દર રોજ પ્રાર્થનાં કીધી કે જેથી તેઓ મારી જીન્દેગાનીનાં દીવશો આલા કરે તથા મારો નસીબો બુલંદ કરીઆ જાએ અને મારા મોહોટા શાહેબ મેરોદાક (હોરમજદ—જીહોવા) ની શનમુખની હું જે તારો પુજારી કુરઉસ (સાઇરસ) પાદશાહ છું તે તથા મારો બેટો કબુજીય (કમબાઇસીસ) હજુરબી ફરીને એવીજ પ્રાર્થનાં કરીએ છીએ."

આએજ મહાતમાં પાદશાહનો બીજો એક નાંનો જેવો લેખ હાલમાં બ્રીતીશ મ્યુઝીઅમમાં જોવામાં આવેછે. તે હેઠલાં બાબેલાનમાં સનકીરાહ નામનું જે એક ગામડું આવેલુંછે તાંહાં આગલથી એક પાકવેલી ઇંતરદી ઉપર કોત્રાએલો મી૦ લાફતસને પ્રથમમાં હાથ લાગ્યો હતો અને તેને જ્યારે ઇ૦ સ૦ ૧૮૫૦ નાં સાલમાં લંડન ખાતે મોકલી આપવામાં આવ્યો, ત્યારે સર હેનરી રાલીનસને આ મુજબ તેને ઉકલાવ્યો

હતો:—"કુરૂ (સ) ......બન, બીત–સગગાતુ ઉ બીત–તઝીદદા; અબીલ કામબુઝીઆ......દાનનુ, અનાકુ" યાને "હું છું કુરઉસ (સાઇરસ) પાદશાહ, જબરદસ્ત પાદશાહ કબુજીય (કમબાઇસીસ)નો બેટો (તથા) બેઠ–સાગત તથા બેઠ-ઝીદાનાં દેવસ્થાનોને ફરીને બંધાવી આપનાર." આ તખ્તી માંહેલા બન શબ્દને મી૦ જારજ સ્મીથ બનુ તથા દા૦ ઓપેર્ત નીબીત કરીને ઉકલાવે છે અને આ નીબીત શબ્દનો અર્થ ત્યારે તો ધરમનો ઉપાશ્યો કરીને થાયછે. ગમે તે રીતે ઉકલાવો પરંતુ આ ઘસાઇ ગયલા નાહાનકરા લેખની મજમુનમાં કાંઈ જાહજો ફરક પડી શકતો નથી અને આ ઉપરથી આટલું તો સીદ્ધ થઇ શકેછે જે આ પાદશાહે બાબેલોનીઅન લોકોનાં બે મોહોટાં દેહેડાં જેવાંકે બેઠ–સાગત તથા બેઠ–ઝીદાને ફરીને નવેશરથી, યાહુદી લોકોનાં જીહોવાનાં દેહેડાં માફક બંધાવી આપી પોતે તેવોનાં ધરમનાં ઉપાધીઆનો એલંકાબ વટીક ધારન કરીઓ હતો કે જેથી આ નવી જીતેલી રઇઅંતનાં દીલો શદાકાલ પોતાના રાજ તરફ ખેંચાએલાં રેહે. આ બંને લેખો ઉપરથી મબાદા હવે કોઇને એવો વેહેમ જાએજે આ કુરઉસ યાને સાઇરસ પાદશાહ ત્યારેતો જરથોશ્તી પંથનો ઠડતો નથી અને જો હોએ તો તેનો પોતાનાં આ બાપીકા મહજબ ઉપર જાહાજો એતેકાદ નહોય એમ ભાશેછે કેમકે મેરોદાકને આ દુનીઆનો શાહેબ કરીને ગણવામાં એની મતલબ તે ત્યારે શું હોવી જોઇએ? આ તેઓનાં શકના દવને દૂર કરવા એ વીશે નીચે મુજબ તાવીલ યાને શરેહ આપી શકાએ તેવીછે. આપણે એ જમાનાંનાં યાહુદી કે ગ્રીક લખનારાઓનાં લખાંનો ઉપરથી સારીકાની જાણીએ છેએ જે હખામનો તબકેનાં પાદશાહો, મીદીઅનોનો ધરમ પાળતા હતા કે,જે ધરમ જરથોસ્તી યાને માજદીઅશનાન પંડેનો હતો. એના વડીલો અશલધરથીજ જરથોસ્તનાં ચેલા તરીકે સારીકાનો તવારીખનાં શખ્શોમાં જણાઇ ચુકેલાછે અને કોઇબી આગલો ગ્રંથકાર એ પોતાના બાપીકા મહજબથી આડો જઇને વટલીઓ હોએ તેવો દોશ એનાં ઉપર આજવેર મેલી ગયલો નથો, માટે આ પાદશાહ પોતે જાતે એકજ ખોદાનો પુજારી તથા હોરમજદનાં કલામો ઉપર દીલોજાનથી એકીન લાવનાર હોવા છતાં જરથોશ્તીએ, જે શાહેબને કે, હોરમજદનાં નામથી ભજે ને જે શાહેબને હીબરૂ લોકો જીહોવા, યુનાનીઓ જોવ, બાબેલાન તથા અખાદનાં લોકો મીરોદાક કરીને કેહે અને બીજા પંઠવાલાઓ ગમે તે નામથી ઓલખે અને પોતપોતાના દેશોની બાપીકી રીતભાંત પ્રમાણે તે શાહેબની તેઓ ગમે તેવી રીતે પ્રાર્થનાં અને સ્તુતી કરે તો, તેમ કરવા દીધાથી એનાં ધરમ ગ્નાન ઉપર કંઇબી આડો વીચાર લઈ જવો હું ધારૂંછું જે બેજાછે. આવી ધરમ શંબધી છુટ આપ્યાથી તો ઓર ઉલટાં એનાં ખાનદાન તરફ જીતેલી રઇઅતોનાં દીલ શદાકાલ દોસ્તી ભરેલાં રેહે અને પારસીઓની તેઓ હંમેશ વફાદાર રઇઅત થઇ પડે, માટે આવી દુર અંદેશી તથા દાનાઇ વાપરીઆથી તો એનાં સીઆનપણની તથા રાજપાત ચલાવવાની એની રૂઢોની બેહદ સ્તુતી થઇ શકેછે અને એની હકુમતની ખુબી આજબી તેથી આઇનાની માંફક દીપી નીકલે તેવીછે. આટલું તો આ તખ્તીઓ ઉપરથી હવે સીદ્ધ થઇ શકેછે કે, જેમ કેટલાએક અગ્નાન અને કમખીન પાદશાહો ધરમની તાસુબી આડે લાવી રઇઅતનાં દીલ પોતાનાં રાજ સાંમણે ઉશકેરાએલાં રાખતા હતા, તેવી વરતણુક આપણો આ

નામચોન પાદશાહ નાપસંદ કરતો હતો અને એનાં આ ફરમાન તથા નેક દાખલાઓપર એનો બેટો કબુજય (કમબાઇસાસ) તથા દારયવુશ પાદશાહનો બેટો ખશેઆરશા (ઝરકસીસ) પાછલથી કોઇ કોઇવાર નહી ચાલીઆથી તથા ધરમની તાસુબીથી ઉશકેરાઇને દીનનો જુન્ડો ઉઠાવી, પ્રજાનાં દીલો ઉશકેરીઆથી તથા આસપાસની રઇઅતોની ધરમ સંબંધી લાગણીઓને દુખ આપ્યાથી, પોતે આખરે શું ફેજ પામી ગયા છે તે વાત વાંચનારી આલમને સારીકાની રોશનછે, માટે તેવી ચાલ મોબેદો અને ધરમના ઉપાધીઆઓને મનશે જો કે દુરશત લાગે, પરંતુ રાજપાટોને મજબુતી આપવા તથા તેઓને સારા સારા પાયાઓ ઉપર નીભાવવા માટે આજ બી કોઇ પણ મોહોટો રાજઅધીકારી તેપર અમલ કરવાને કવચીત પણ હીમત કરી શકસે નહી.

આવાજ દુરઅંદેશ કાણુનોને અનુશરતો ચાલીને વલી એ પાદશાહે જ્યારે બની-ઇઝરાહેલોનો મુલક પોતે ફતેહ કર્યો ત્યારે તે લોકોનો ધરમ તપાસતાં પોતાના બાપીકા ધરમ માફક તેઓને બી મુરતી વીના એકજ પ્રમેશ્વરને ભજનાર ટોલો જોઇને પોતે બહુજ તાજુબ થયો હતો અને દાનીઆલ પેગમબર શાથે બાબેલાનની ભુમીમા શારીકાની પોતાને આગલ પીછાન થએલી હતી, માટે યાહુદીઓને બી પોતાનીજ માફક "એહેલે કીતાબ" નાં લોકો શમજી, ઘણીએક વધારે છુટ તેઓને પોતે આગલ રહીને અપાવી હતી એટલુજ નહી પરંતુ તેઓનું બેતુલ-મુકદદસનુ પવીત્ર દેહેરૂં, જેને પેહેલવી વાલાઓ દખોખ્ત ગંગ કરીને લખી ગયાછે તેવાં જેરૂસલમનાં ખાસ દેહેડાંને બી ફરીને પોતે જીહોવા (હોરમજદ) ની ભકતી શારૂ બંધાવી આપ્યું હતું. હવે આગલા યાહુદીઓ જ્યારે પારસીઓનાં નીઆગાંનોનાં સંબંધમાં ફરીને આ મુજબ આવતા ચાલીઆ, ત્યારે આસપાસનાં બીજાં મુરતી પુજક ટોલાઓથી તેઓને નીરાલાં સમજવા શારૂ ચબર અથવા ખબરના નામથી પોતે ઓરખાન આપવા લાગ્યા હતા અને જે શબ્દનો અરથ કે હીબરૂ ભાષામાં મુરતી વગરે એકજ પ્રમેશ્વરને ભજનાર ટોલો એમ થાએ છે અને જે પરથી ફારસીમાં પાછલથી ગબર * જે એવો શબ્દ ભ્રસ્ત થએલો છે. "હુ હા-હીલાહીમ" યાને ઇલોહીમ એટલે જે જીહોવા તેજ માત્ર એકજ ખોદાછે તે સાહેબની અપરમપાર કીરતી અને પરેહજગારી દેખડાવા માટે તેને અહુરા જેવો મોહોટો દરજ્જો આપી જેબા ઉતમ વીશેશણો અવસ્તામાં તેને લગાડે છે † તેવાજ વીશેશણો, તોરાતમાંબી તેને લાગુ પાડેલાં જોઇ એનાં જમાનાની આસરે અરધી સદી પુરવે બાબેલાનનાં પાદશાહ નાંબુકદનાજરે આ યાહુદીઓનાં ટોલાંને પરાગનદે કરી નાંખી તેઓનાં દેહેડાંને જે પાએમાલ કરી નાંખ્યું હતુ તેવાં એ લોકોનાં પવીત્ર મકાનને ફરીને નવેસરથી બંધાવી આપવાનુ હત યાને ફરમાન વટીક આ કુરઉસ (સાઇરસ) પાદશાહે તેઓને આપ્યું હતું. આ કરમબક્ષીસનાં બદલામાં એ શેહેનશાહને આગલા યાંહુદીઓ પોતાને ગોલામાં જુ-

---

* જુઓ સર વીલીઅમ ઉઝલીનાં "ઇરાન દેશનાં પ્રવાસ" પુસ્તકનાં જીલદ ૧ લાને શફે ૧૦૬ થે.

† જુઓ મારાં "કાફરે શીહાપોસ" નામનાં ચોપાનીઆંને શફે ૨૩ મે અથવા તો "વિદ્યા મિત્ર" નાં ચોપાનીઆંનાં જીલદ ૩ જાંને સફે ૨૫૯ મે.

સડીમાંથી છોડવનાર, પાછા તેઓને પોતાને સ્વદેશ મોકલી આપનાર અને યાહુદીઓનાં મોહોટાં મંદીરને પાછો બાંધી આપનાર, માં બાપ જેવો રખેવાલ પાદશાહ કરીને ગણી ગયા છે અને જેમ હજરત મહમદ હદીસમાં કહી ગયોછે જે "વુલીદતો ફી ઝમાનીલ મલીકીલ આદેલ" યાને હું નોશેરવાન જેવા આદેલ પાદશાહનાં દોરમા જનમીઓ છુ એમ કેહી તે પાદશાહની તારીફ પોતાનાં કુરાનમાં જાબજા ગાઈ ગયોછે; જેમ હીન્દુઓનાં પુરવજો પારસીઓનાં નીઆઓગાનોને પોતાનાં વડા ભાઇ તરીકે ગણીને કીઆની પાદશાહોને અસુરગુરૂ તથા રૂષી એવાં ઉન્ચાં ઉન્ચાં વીશેસણો વેદનાં ઘણાં પુસતન લખાનોમાં વાપરી ગયાછે, તેમજ યાહુદીઓનાં પેગમબરો આપણા આ કુરઉસ પાદશાહની તારીફનાં બાંકાં એક આવાજે પોતાની શગલી પવીત્ર પોઠીઓમાં ફુકી ગયાછે. આ માહેલું પેહેલું ફરમાન ઇસાઇ તથા મુસાઇ લોકોની કરાનીકલની (કાલવૃત્તાત) બીજી પોઠીની આખરીમાં તથા ઇઝરાની પોડીનાં પેહેલા બાબમાં આ મુજબ આપણાં વાંચવામાં આવેછેઃ—

"ઇરાંનનો પાદશાહ સાઇરસ (કુરઉસ) આ પ્રમાણે હોકમ આપે છે જેઃ—આસમાનનાં ખોદા જીહોવાએ આ દુનીઆંનાં શઘલાં રાજપાતો મારા તાબા હેઠલ આપ્યાંછે અને જુદીઆનાં પ્રાંતમાં જેરૂસલમ નામનાં શેહેરમાં તે શાહેબે મને પોતાને સારૂ એક મોહોટું મંદીર બાંધી આપવાને હોકમ કરેલો છે, માટે તેનાં શઘલા લોકોમાંથી તમારામાં હવે એવો કોણ માએનો પુત છે? તેનો ખોદા તેની શાથે હોજો, અને જુદીઆમાં જેરૂસલમમાં ઇઝરાહેલોનો ખોદા જે, તે જેરૂસલમ શેહેરમાં છે તાંહાં જઇ, તેને તે ખોદા યાને જીહોવા શારૂ એક આસન સ્થાપવા દેઓ. તેની મુસાફરીની વેલા જેબી શખ્સો વાતમાં તેને હરેક જગોએ મલે, તેઓએ તથા તે જગ્યાનાં માણશોએ ખોદાનાં આ ઘેરે શારૂ જેરૂસલમમાં પોતાની રાજી ખુશીથી જેબી સોનુ, રૂપુ, માલ તથા બારૂબરદારી હેવાનોને નજરાંનાંમાં જે આપવાં ઘટે તે તેને તેઓએ પુરાં પાડવાં." * આગલ ચાલતાં, આ હોકમનામાના વધારા તરીકે બીજુ નવું ફરમાન આ પ્રમાણે યાહુદીઓને એ શેહેનશાહ આપેછેઃ—"જેરૂસલમમાં ખોદાનાં ઘેર સારૂ પાદશાહ સાઇરસ (કુરઉસ) પોતાનાં રાજનાં પેહલાં વરશમાં આ મુજબ હોકમ આપેછે જે, એ ઘેરને બાંધવા દેઓ કે, તે જગ્યા ઉપર તેઓ પછી પોતાનાં કીરીઆ કરમનાં કામો કરી શકે, અને તેનો પાયો મજબુત નાંખજો. તેની ઉન્ચાઇ ૬૦ ફીઉબીટ તથા પોહોલાઇ ૬૦ ફીઉબીટ લેવા દેજો; મોહોટા પથરાઓ ત્રણ તબકકે અને નવું લાકડ કામ એક તબકકે લેઈ પાદશાહી મેહેલમાંથી તેનો ખરચ પોહોચતો કરજો અને તે શાથે જેરૂસલમનાં જે આગલાં દેહેડાંમાથી નેબોકદનાજર પરમેશ્વરનાં ઘેરનાં સોના અને રૂપાંનાં વાસણો, બાબેલાનમાં પોતા સાથે જે લઇ ગયો હતો, તે શઘલાં પાછાં એ દેહેડાં સારૂ ફરીને સ્વાધીન કરાવજો અને જેરૂસલમનાં આ નવાં દેહેડાં શારૂ તેઓની જગોએ પાછાં તેઓને પોહોચતાં કરી આપજો." પ્રોફેસર ઇવાલ્દ જે સીમાટીક ટોલાંઓની શોધ કરનાર વિદ્યારથીઓમાં

---

* જુઓ તોરાતનો શુરતનાં મીશનરીઓએ "પુરાતન સ્થાપનાનુ પુસ્તક" એવે નામથી ઇ૦ સ૦ ૧૮૬૧ માં છપાવેલા ગુજરાતી તરજુમાને શફે ૬૩૦ મે, એઝરાનો પોડીનાં ૧ લા અધ્યાયની ઓવી ૨—૪ શુધી.

સઉથી ઘણો મોહોટો સતાદાર ગણાએછે તે નામીચો જરમન પંડીત એમ કેહેછે જે આ ફરમાનો અસલી દસ્તાવેજો ઉપરથી આબેહુબ તરજુમો કરેલાં હોય એમ લાગતાં નથી અને યાહુદીઓએ પોતપોતાની લાગણીઓને અનુશરતાં કરવા સારૂ એ અસલી દસ્તાવેજોને પછી પોતાની મરજી પ્રમાણે આવાં ભપકાદાર રૂપો આપ્યાં છે. ગમેતે હોય પરંતુ એ દસ્તાવેજો સદંતર ખોટાં હોય તે બનવું તો મને માહાલ લાગેછે કેમકે એ ફરમાનો જો ખોટાં હતે તો એઓની મજમુન પ્રમાણે પાછલા હખામની શેહેનશાહો, જેવા કે દારયવુશ તથા ખશેઆરશા (ઝરકસીસ) કવચીત પણ અમલ કરવાને દુરૂસ્ત વીચારતે નહીં અને યાહુદીઓનો ઇચ્છા મુજબ એ દેવસ્થાનને ફરીને મરાંમત કરાવી આપવા તેઓ પોતાનો હાથ લંબાવતે નહી, એટલુજ નહીં પરંતુ એવા ખોટા દસ્તાવેજો ઉતપન કરનાર યાહુદી બચ્ચાઓને તેઓ ઘટટી શીક્ષા વટીક કરાવીઆ વનાં રેહેતે નહીં, કેમકે એ પાદશાહોને જુઠાંની ઘણી ચીર હતી એમ એઓનાં લેખો અધ્યાપી સાફ ગવાહી આપેછે. તેઓએ પાછલથી યાહુદીઓ સાથે ચલાવેલી વરતણુક ઉપરથી જયારે હવે એવો કસો સારાંઉસ નીપજી શકતો નથી ત્યારે અમસ્થો ખોટા વશવશો અને શક એ દસ્તાવેજોપર ઉતપન કરવો મને હાલમાં હવે દુરૂસ્ત લાગતો નથી. પણ શીકંદર જેવા આ દુનીઆને એક છેડેથી તે બીજે છેડે શુધી જીતનાર આવા આ ફતેહમેંદ શુરવીરાની તવારીખ ઉપર એથી શું નવું અજવાલું પડેછે તેની આલો જરા હેઠલ આપણને મુખતેસરમાં તપાસ લેવા દેઓ. જરમન ઇતીહાશ કરતા મો૦ નીબુહર વાજબીની રાહે બોલેછે જે આ શેહેનશાહનાં તવલુદ થવાથી "દુનીઆંની તવારીખમાં ગોયા એક નવો જેવોજ સને થઇ ગયો છે." અને એની મોહોટી મોહોટી નામાકીત ફતેઓથી મો૦ કુવીનેત કેહેછે જે "તવારીખનું ગોયા હવે મંદાન થાએ છે અને મણુશ જાત શુધારાનાં મેદાનોમાં સાબેત કદમ ભરીને, ગોયા આગલ ધશીઉ જાયછે ને જે અધ્યાંપી પાછુ હટતુજ નથી. પોતાની આશપાસની શઘલી પ્રજાઓને જીતવી એવી બુદ્ધીથી કરીને તેઓ આગલને આગલ ધસીઆ જાએછે અને સીમટીક ટોલાંઓપર એકદમ પડી જઇ તેઓએ આખા એશીઆખંડને જો કે હવે જીતી લીધું છે તોપણ હજુર તેથીબી તેઓ ધરાતા નથી. એઓનાં દોરમાં ઉગમન ગોયા આઠમણ ભણી ચતરાતુ ગયું છે અને હેલેસપાન્તના દરીઆવ આગલ તો શું પરંતુ સાલામીસનાં કીનારા ભણી આવીનેબી તેઓ હજુર અટકી શકતા નથી." *

મી૦ હોરમજદ રસમને હાથ લાગેલા આ મજકુર લેખની પુરવે અરવાચીન ઇતીહાસ કરતાઓમાં આ પાદશાહની કારકીરદી વીશે એવો ભરાંત ચાલુ હતો જે, શઘલા ઉગમણ પ્રાંતવાલા બોહોલી ફતેહો કરનાર પાદશાહો માફક, એનેબી જોકે લોહીની નીખો ચલાવી જબરદસતીથી પરલોકોનાં રાજપાતો છીનવી લઇ પોતે જોકે જુલમાતી હકુમત ભોગવી હતી, તોપણ એનામાં શીકંદર કે તાઇમુર ને નાંદીરશા કે જંગીસખાંન માંફક ઘાટકીપણું તો નહીં પરંતુ દયા, ધીલી દોરી, અદલ તથા નરમાસ પણાનાં ગુણો વિશેસ કરીને દીપી નીકલેલા હતા પણ આ નવી શોધથી તો એનો ફનનાં આપેલા ચીતાર મુજબ સરવે પાદશાહોને ગોયા એક ઢડો લેવા જેવોજ એ

* જુઓ એની "ફ્રેની દેઝ રીલીઝીઓંન" ને શફે ૩૦૧—૩૦૨ શુધી.

શેહેનશાહ થઇ ગયો છે, તે વાત રોશન રોજની માફક વલી ફરીને હવે પ્રકાશી નીકલેછે. પોતે જાતે એકજ ખોદાનો પુજારી હોવાથી ધરમની તાશુબી અને જહનુનથી પાછલા અરબો માંફક સીમેટીક ટોલાઓની બુતપરસ્તી રસમોને એણે ખુનખેખથી ઉખેડી નાંખી બાબેલાન તથા આસીરીઆનાં દેહેડાં તથા તાંહાંના રેહેવાશીઓની પવીત્ર મુરતીઓને એને જમીનદોસ્ત કરાવી નાખી હતી એવો દોશ એનાપર દીન-સ્તાનલી વીગેરે બીજા કેટલાએક અરવાચીન ગ્રંથકારો જે મેલી ગયાછે તે ડપકામાંથી એ હવે શદંતરજ નીરાલો થઇ શકે છે. આ બઇછે જે આપણાં અને યાહુદીઓનાં ધરમમાં એકશાનપણું હોવાથી અને એ બંને ધરમો મુરતી પુજકોથી શદંતર વીરૂધ હોવાથી બની-ઇઝરાહેલોપર એને વધારે મમતા દેખડાવી હતી અને બીઆલદીઅન તથા બાબેલોનીઅનોની બુતપરસતી રશમોને ધીકારી સપર પેહેલાં તો લડાઇની દરમીઆન તેઓના દેવતાઓને એણે ફતેહની ધંધાંની નીસાંનીઓ તરીકે પોતાને મુલક મોકલાવી આપયા હતા, તથા કેટલાએક બદશીકલ દેવતાઓને એણે તાગજ વટીક વખતે લશકરની ગીરદીમા કરાવીખી નાંખ્યા હોય પરંતુ જ્યારે એણે જોયું જે મારેતો જીતેલી પ્રજાઓ ઉપર હકુમતજ સ્થાપવાની છે અને લુટ ફાંટ કરવાનીજ ફકટ ન્યમ નથી, ત્યારે તેઓનાં દેવતાઓને પાછા તેઓની જગ્યાઓ ઉપર ફરીને જે બેસડાવીઆ તેથી તો એની દુરઅંદેશી અને દાનાઇજ માલુમ પડી આવેછે કેમકે નવાં રાજપાતો આવી ધીલી દોરી મેલીઆ વીનાં અને ઉદાર દીલ દેખડાવીઆ વીના મજબુત પાયા ઉપર મુતલગ આવી શકતાં નથી. શેખશાદી જેવો એક દાનાવ પણ જહનુની મુશલમાન શાહેર બોલેછે જે—

"ન અઝલાતો ઉઝઝા બર આવુર્દ ગર્દ,
કે તોવરાંત વ ઇનજીલ મનસુર કર્દ."

યાને હજરત મહમદે અરબસ્થાનની અંદર "લાટ અને ઉઝઝા નામનાં અરબ લોકોના અસલી દેવતાઓને પાયમાલ કરી નાખ્યા એટલુજ નહીં પણ તેનાં તવલુદ થવાથી તોરાત અને ઇનજીલપરબી ગોયા પાંણી ફરીવલીઉ હતું. તેમજ આ શેહેનશાહનાં બેટા કબુજીયા (કમબાએસીસ) એ મીસર દેશ જીત્યાબાદ તાંહાંનાં આઇસીસ તથા ઓસીરીસ નામનાં દેવતાઓને જોર જુલમથી ખુનખેખથી ઊખેડી નાંખ્યા હતા અને તાંહાંના કેટલાંએક પવીત્ર જાનવરોની લોકો હેમાકાતથી જે બંદગી કરતા હતા, અને તેવોને દેવતા તરીકે જે પુજતા હતા, તેવી ધીકાર ભરેલી રશમને પેલાં જાનવરોને પોતે મારી નખાવીને નાબુદ કરવાની પેરવી કરી હતી અને ત્યારબાદ દારયવુશના બેટા પાદશાહ ખસેઆરસા યાને ઝરકસીસે આથેન્સનાં દેવસ્થાનને બોખેદાનાં ઉશકેરવાથી તારાજ કરી નાખ્યુ હતું; તેવીજ ચાલ આપણા આ શેહેનશાહે બી પોતાની બાબેલોનીઅનો ઉપરની ફતેહની વેલાએ તેઓ શાથે ચલાવી હતી, એવો દોશ તોરાતનાં કેટલાએક ફકરાઓની બરોબર મતલબ બારીકીથી નહી શમજીઆથી દીન-સ્તાનલી પોતે પાદરીનો દીકરો હોવાથી આપણા આ પાદશાહ ઉપર મેલતો વેલાએ નીચે મુજબ લલકારે છે ને પોતાની ફશાહત ભરેલી કલમને તે આ પ્રમાણે કસેછે:—"એક ખોદાને ભજનાર પારસીઓની હોંસ અને આતુરતાને લીધે જે બાબેલાન શેહેરને પાયમાલ કરી નાખવામાં આવ્યુ હતું અને તેઓની પાદશાહત જે હવેથી પડી ભાગી હતી તે થાનેબી મોટો અશરકારક બનાવ તો એ થયો જે, બીઆલદીઅન લોકોનો ધરમબી હવેથી તે

તરફનાં દેશાવરોમાં પડી ભાગ્યો. તે લોકોનો બેલ નામે આપ્તાબનો દેવતા* જેનાં નામ ઉપરથી બાબેલાન એ નામ ઉત્પન થયેલું છે અને જેનો માએનો કે બેલનો દરવાજો એમ થાએછે, તે દેવતાની મોહોટી ગંજાવર શુનેરી મુરતી પોતાનાં ઉન્ચાં દેવસ્થાનને મથાલે, જેમ જેમ આ મુરતી તોડનાર પાદશાહ તેની નજદીકીમાં આવતો ગયો તેમ તેમ, યાહુદીઓનાં વીચાર પ્રમાણે તે બીચારો માથાંથી તે પગ શુધી થરથર કાંપવા લાગ્યો. તેવોજ હાલ નીબો, થાથ તથા હરમીસનોબી થયો. આ માહેલો છેલો દેવતા તો ખ્યાલદીઅનોમાં શરશ્વતીના દેવતા તરીકે ગણાતો હતો અને જેનાં બોરસીપા માહેલાં મોહોટાં દેવસ્થાનની તારાજ નીશાનો અત્યારી આપણાં જોવામાં આવેછે તથા એ શઘલા દેવતાઓના નામો ઉપરથી ઓછામાં ઓછા ત્રણ બાબેલોનીઅન પાદશાહોનાં નામો વટીક પડીઆં હતાં. તે શાથે વલી નેબોકદનાજરનો પેલો ઘણો માનીતો મેરોદાક નામનો દેવતા જે શરવેથી મોહોટો અને તમામ દેવતાઓમાં બેહદ પુરાતન તથા એ શેહેરનો રખેવાલ ઓદા તરીકે ગણાતો હતો તેબી હવે ધ્રુજવા લાગ્યો. બેલ શર નમાવીઉ, નીબો ઉધો વલીઓ અને મેરોદાકનાં કકડે કકડા કરી નાખવામાં આવ્યા. વડા ધરમગુરૂએ જાનપર આવીને એ પવીત્ર મુરતીઓને આ ફતેહમંદ શીપાહ બચ્ચાનાં હલાંમાંથી બનચાવા માટે, ઘણો વાર સુધી મોહોટા પ્રયત્ન કરીઓ પરંતુ તે એની નાશકારક ચુંગાલમાંથી તેઓને બચાવી શકયો નહી. તેઓનાં ગંજાવર કદને લીધે તેઓનો પડી ભાગવાનો દેખાવ ઘણો દરામનો તથા વીચીત્ર દીશવા લાગ્યો. ભારબરદારી જાનવરો, જેઓપર તેઓનાં કકડા લાધવામાં આવ્યા હતા, તેઓ તેઓનાં ભારથી બેહદ કંટાલવા લાગયાં અને જે ગાડાંઓમાં તેઓને સીચવામાં આવ્યા હતા તે ગાડાંઓ પેલા મોહોટા બોજાને લીધે કરકરબોલવા માંડીઆં. આવા મોહોટા દેવતાઓનાં પડી ભાગવાથી નાહાનાં નાહાનાં દેવતાઓબી આખરે પછી પડી ભાગ્યા."

આ તખ્તી ઉપરથી આપણાં આ પાદશાહ ઉપરનો આ દોસ હવેતો સદંતરજ ગલત માલુંમ પડેછે. એ પરથીતો આ પાદશાહની વરટણુક ઉપર ગોયા નવીજ તરેહની રોશની પડીછે અને એકજ પરમેશ્વરને પુંજવાની ગમે તેવી એની હોંશ તથા આતુરતા હોવા છતાં, મુરતીઓને તોડનાર તથા બીજાઓનાં ધરમોને હાની પોહોચાડનાર, જહનુની પાદશાહોની શફમાંથી એને હવે બાતેલ કરવો પડેછે અને એ મીજાજનો થંડો, દુરઅંદેશ, શાહુચેત પગલું ભરનાર તથા શુલેહકુલ હોય તેવો* આ પરથીતો હવે શાફ માલુંમ પડી આવે છે. એ પોતાના ધરમ ઉપર ચુસ્ત નહીં હોય તેમ આ તખ્તી ઉપરથી તો કાંઇ શાબેત થઇ શકતું નથી પરંતુ એવો તો એ લાંબા વીચારવાલો જણાએ છે કે હોરમજદ, જીહોવા, મેલકાર્થ, મેરોદાક યા તો અસ્સુર કે રીમન નામોથી જુદાં જુદાં ટોલાંઓ જે પોતપોતાનાં એક પ્રમેશ્વરને જો ભજતા હતા તો તેમ કરવા દેવામાં તેઓને અટકાવવાને બદલે ઓર ઉલટો પોતે સામનું તેઓને ઉતેજન આપતો હતો. હવે આપણાં માજદીઅશનાન ધરમમાં જેમ યજદ અમશાશપંદો છે, તેમજ બીજા લોકોનાં ધરમોનાં દેવતા અને ઉપદેવતાઓ ગમે તો બેલ કે નીબો કે નરગલ કે ઇસતર ને અંદામલેક કે અનાંમલેકનાં નામોથી જણાએલા હોય તો તેઓની પરશતેશનીબી આડે આવવા પોતે જાહજુ મતફેર જેવું

એણે નહીં વીચારીઉ હોય એમ માલુમ પડી આવેછે અને આપણાં લોકો જેમ શઘલા યઝદ અમશાસપંદો મારફતથી તથા રોમન કાથલીકો પોતાનાં સેન્તો અને મુશલમાનો પોતાનાં પીરાંન પીરો મારફતથી પ્રમેશ્વરની બંદગી કરતી વેલાએ વચે પડનાર ફરેસ્તાઓ તરીકે તેઓની જે આરાધનાં કરેછે તેમજ નીબો અને બેલનેબી એણે પોતાની શાહેતા શારૂ દરરોજ આરાધીઆ હતા કારણકે તેથી તે શાહેબો એની જીંદેગાનીનાં દીવશો જીયાદા કરે અને એનો નશીબો ચહડતો રાખે. હવે એમ કરવામાં એણે પોતાની જુદી જુદી રઇઅતોનાં દીલો પોતાની તરફેનમાં કરી લેવાની ઘણી દુરઅંદેશી વાપરી હતી તે શીવાએ બીજો કસો નવાઇ જેવો શારાંઉશ નીકલી શકતો નથી. હોરમજદ ઘણોજ બુલંદ તથા પવીત્ર હોવાથી તે શાહેબની સનમુખ કોઇબી મારફત વીનાં એકદમ જઇને ઉભું રેહેવામાં આપણે પાપી બંદાઓ નાંદુરૂશત વીચારીએ છેએ અને બેઅદબી જેવું શમજીએ છેએ, માટે શરોશ કે બેહેરામ ને મેહેર કે ખુરશેદને આપણી શાહેતાહે એક વચે પડનાર ફરેશતા તરીકે બોલાવીને આરાધીએ છેએ, કે તે શાહેબો આપણ બંને જનો વચે આડે આવીને આપણી બંદગી તે શરવે કીરતીવાન શાહેબની દરગાહમાં પોહોચાડે તેવીજ રૂઢી, બેલ કે નીબોના નામો આ નબ્તીમાં વાપરતી વેલાએ આ પાદશાહે રાખેલી હોય તે શીવાએ, બીજો કસો અગત્યનો સારાંઉસ નીશરી શકતો નથી. જો કે એક ખરા જરથોસ્તી તરીકે પોતાથી તો મુરતીઓ વાપરી શકાએજ નહી તોબી બીજા પંઠવાલાઓ જેઓ ઇશવરની ભગતી કરતી વેલાએ મુરતીઓને આરાધતા હતા તો તેવી ધરમ શંબંધી બારીક બાબદારાર એણે એટલી તો ઢીલી દોરી રાખી હતી કે બેલનું પેલું રાબ્બશસી પુતલુ, જે એક ગ્રંથકાર હીરાદોતસનાં કેહા મુજબ બાર કીઉબીટ યાને અઢાર ફીટ ઉન્ચુ અને કુનદનનાં નીખાલેસ સોનાંમાંથી બનાવવામા આવેલું હતુ, તેને બાબેલાનનાં મોહોટાં દેવસ્થાનમાં કઇબી નુકશાની પોહોચાડીઆ વીનાં રેહેવા દીધું, અને તાંહાંના રેહેવાશીઓને તેની પરસતેસ છુટથી કરવા દેવા સારૂ પોતા તરફથી એણે કસીબી છીટ દેખડાવી નહી. આથી ત્યાંનાં દેહડાંઓમાં જુના ધરમના પુજારીઓ પોત પોતાના બાપીકા એતેકાદ મુજબ બેધડક ચાલવા લાગ્યા. એ શીવાએ બીજા નાહાના મોહોટા દેવતાઓ જેવાકે મેરોદાક અને નીબો, નરગલ અને ઇશતર તથા એનદરામલીચ અને એનાંમલીચ પોત પોતાનાં દેહેડાંઓમાં લબો પુજારીઓ શનમુખ તરાને તરા શુરબરૂ લેઇને ઉભા રેહેલા દીશવા લાગ્યા. એટલુજ નહી પણ આશપાશનાં બીજાં શેહેરો જેઓ બાબેલાનનાં જબરાં રાજય શાથે આગલ જંગનાં મેદાનોમાં હાથ મચાવી તેઓનાં પાદશાહોને આખરે નાંચારીના મારીઆ તાબે થયા હતા, તેથી તેઓના દેવતાઓને ફતેહની નીશાનીઓ તરીકે બાબેલાન શેહેરમાં જે મોકલી આપવામાં આવ્યા હતા, તે શગલાઓનેબી એણે તેઓનાં પોતપોતાનાં શેહેરો તરફ રવાનાં કરી અપાવી કાએમ મુકામ કરાવ્યા હતા. આ મુજબ થયાથી અને દરેક લોકોને પોત પોતાનાં આગલા ખોવાઈ ગયલા દેવતા અનધારવેલા પાછા શવાધીન થયાથી, જે હરખ અને ખુશાલી છુટી તેથી એનાં રાજપર તેઓ જાન ફીશાની કરે અને એનાં ખાનદાન તરફ અતીઅંત મમતા પેલી સઘલી જીટેલી રઇઅતો દેખડાવે તો, તેમાં આશચર્ય પામવા જેવું કાંઈજ નથી. હી-

રાદાતસ કેહેછેકે, બેલની આ મસ મોહોટી મુરતી જે બાબેલાનનાં મુખ્ય દેવસ્થાનની નોક જેવી ગણાતીહતી તેને શેહેનશાહ ખશેઆરશાહ યાને ઝરકસીસે પાછલથી યુનાન તરફથી પોતાનાં દેશ ભણી પાછા ફરતી વેલાએ, તાંહાંથી ખશેડીને બીજી જગ્યા ઉપર મોકલી આપી હતી અને તાંહાંનો જે ધરમગુરૂ, એ પાદશાહનાં આ ફરમાનની શાંમણે થયો હતો તેને પોતે તરતજ ઠાર કરાવી નાખ્યો હતો. કેહેછે જે બાબેલોનીઅનો, આસીરીઅનો, ફીનીસીઅનો અને સામના મુલકનાં રેહેવાશીઓ સાથેજ આ કુરઉસ પાદશાહે ધરમ સંબંધી બેદરકારપણુ દેખડાવીઉ હતુ એમજ નથી, પરંતુ યુનાનીઓ તરફબી એવીજ રેહેમ નજર એણે દેખડાવી હતી. આયોનીઅન લોકોનાં હુલડની વેલાએ કઇક અકશમાતથી સીબીલી નામની દેવીનુ સારદીસમાં જે દેહેરુ બલી ગયુ હતુ, તેનેબી એણે કસી ઇજા પોહોચાડી ન હતી,' એટલુજ નહી પણ એસીઆ માઇનરનાં આઠમણુ તરફનાં કીનારાઓ ઉપર આવેલાં શધલાં યુનાની શેહેરોનાં મંદીરો, જેવાં કે બ્રાનચાઇદામાં આવેલાં એપાલોનાં દેહેડાંને તથા ઇફીસસની પડોસમાં બંધાએલાં આરતીમસનાં દેવસ્થાનનેબી એણે કસું નુકશાન પોહોચાડીઉ નહતું. મી૦ લાફતસ વાલો જે લેખ આપણે આગલ આપી ચુકયા છેએ તેમાં કેહા પ્રમાણે એણે તો બાબેલોનીઅનોનો ધરમગુરૂ યાને તેઓનાં બે દેવસ્થાનોને ફરીને બંધાવી આપનાર એવો એલકાબ જે પોતા શારૂ ધારણ કરીઓ હતો, તે આબદ પણ આ તખ્તીની મજમુન શાથે ગોયા અનુશરતી આવે છે, માટે યાહુદી ગ્રંથકારો એને મુરતીઓનો તોડનાર એવું જે વીશેશણ લગાડી ગયાછે તે એલકાબને એ કેવળ હવે યોગ્ય ઠડતો નથી. એ વીશેની બીજી ઘણી અગત્યની તથા છેલી દલીલ એછે જે આજબી મુરગાબનાં મેદાનમાં એ નામચીન પાદશાહનું દાખમુ મસજીદે-મદારીઉલ-સુલેમાનના નામથી જે મશહુરછે તેનાંપર એની જે તશવીર કોત્રાએલી છે તેને માથે મીશર દેશના રેહેવાશીઓની ધરછબ પ્રમાણેની કુલાહ તથા માજદીઅશનાંન લોકોનાં એતેકાદ મુજબ બંને હાથો ઉપર ફરોહરો જેવી પાંખ અને આસીરીઅનોની રૂઢી મુજબનો પોતાનાં શરીરનો જે ઓતાર પડાવેલો છે * તે ઉપરથીબી એણે સદા રઇઅતોને ધરમ શંબંધી બાબદોશર બક્ષેલાં છુટાપણાની ગોયા હજુરવેર તે એક જીવતી જેવી શાહદત છે.

ત્યારે હવે શવાલ એ ઉઠેછે કે યાહુદીઓનાં કેટલાએક પેગમબરો જે એનાં દોરની લગભગ નજદીકીમાં આ દુન્યાની સપાટી ઉપર હસ્તી પામી ગયાછે, તે શધલાઓ એને "મુરતીઓનો તોડનાર" તથા શધલી પ્રજાઓને "હાથોરાનો મારનાર" જે કે ચો તરફ મારતો મારતો, પોતાનાં માહા બલને લીધે કેહેછે જે દેવશ્થાની રશમોને તોડી નાંખતો હતો અને તેઓનાં મંદીરોને જમીનદોસ્ત કરી નાંખી તે માંહેલી મુરતીઓને, બારબરદારી જાનવરોપર લાધી પોતાનાં પાયતખ્ત શેહેરમાં ફતેહની ઇધાની દાખલ મોકલી આપતો હતો, એમ જે એક આવાજે લખી ગયા છે તે બોલવાની તે મતલબ શી હોવી જોઇએ ? કેમકે જાનીબુજીને એવું નાલીઉ તેઓ પોતાના ઓધાનાં પવીત્રપણાને લીધે મારી જાએ તે વાત આપણા માનવામાં આવી શકતી નથી. આઇઝાયા કેહે છેજે "બેલ સર નમાવીઉ, નીબો ઉધો વલીઓ, તેઓ (બાબેલોનીઅનો) ની મુ-

---

* જુઓ મારી "તવારીખે કદીમ ઇરાન" નાં દીબાચાને શફે ૧૧૪ મે આપેલી પલેતો.

રવીઓને ભારખરદારી હેવાનોપર લાધવામાં આવી, જેઓનાં મોહોટા બોજ અને ભારને લીધે પેલાં ખીચારાં જાનવરો મહુ મહુ પોકારવા લાગવાં તથા થાકી જવા માંડીઆં. પેલી શઘલી મુરતીઓ નાંખ ઘશવા લાગી તથા ઉધી પડીઓ, ને પેલા જાનવરોપરનો બોજ તેઓ ઓછો કરતીઓ તો અખાઈ થઈઓ, પરંતુ પોતાને બચાવી શકવાનીબી તેઓમાં તાકાત નહી હોવાથી તેઓને ખુદ પોતાને હવે કેદખાનામાં વટીક જવું પડીઉ હતું." વલી "બાબેલાનને જોર જુલમથી લેઇ લેવામાં આવ્યુ, બેલ ઘભરાટમાં પડીઓ, મેરોદાકનાં કકડે કકડા કરી નાંખવામાં આવ્યા, તાંહાં (બાબેલાન) ની મુરતીઓ બરબેલારીમાં આવી પડી અને તાંહાંના દેવોને ભાંજી તોડી નાખવામાં આવ્યા," એમ જે જેરીમાયા વીશમીત થઇને લહલકારેછે તેની તે મતલબ ત્યારે શું હોવી જોઇએ? યાહુદીઓનો ખોદા જીહોવા આધાહી તરીકે પોતાનાં એ ખાસ ગાદરાંઓ શનમુખ એજ પેગમબરની મારફતથી ગોશ થઇને એમ જે કેહેછે કેઃ—"બાબેલાનમાં હું બેલને શજા કરીશ, તાહાંની કોલાએલી મુરતીઓને હું ઘટતી શીક્ષાએ પોહોચાડીશ" તે બોલવાની મતલબ ત્યારે તે શું હશે, કેમકે મજકુર લેખોપરથી તો એ વાતને પુસ્તી મલી શકતી નથી. હવે બારીકીથી નીગાહ પોહોચાડતાં તથા ઇસ્તેલાહી રીતે જોતાં આ ભેદ ભરેલાં બખાનમાંથી બરોબર ખીઆલ કરતાં તો મુરતીઓ તોડવાની મતલબ આ પ્રમાણે નીશરી શકશે. જયારે કુરઉસ યાને સાઇરસ પાદશાહે બાબેલાનની જબરદસ્ત શેહેનશાહતને આખરે પોતાને તાબે કરી, ત્યારે આઠમણ એશીઆખંડમાં વસનાર તમામ સીમેટીક ટોલાંઓ જેવાં કે બાબેલોનીઅનો, આસીરીઅનો, ફીનીશીઅનો તથા સીરીઅનો યાને સામના રેહેવાશી ઇતીઆદી લોકોનાં બુતપરસ્તી ધરમનો દોર હવેથી ગોયા પુરો થયો; જરથોસ્તી ધરમ પ્રમુખ દરજજે ચહડીઓ, હોરમજદની દીન જે મુરતીવીનાએ એકજ ખોદાને પુજનાની છે તે આખરે એ તરફનાં લતાઓ ઉપર ચોમેર ફતેહ પામવા લાગી. આથી મજકુર ફકરાઓમાં કહા મુજબ વાશતવીક રીતે જોશાતો માજદીઅશનાંન લોકોનાં પવીત્ર ધરમ આગલ દેવયસ્ની ધરમ હવેથી ઊંધો વલીઓ યાને "બેલ સર નમાવીઉ તથા નીબો તાબેદાર થઇને ઉભો રેહો" તેવી મતલબ નીકરી શકેછે. અસુરી તથા બાબુલી યાને ખીઆલદીઅન લોકોનો કદીમ દેવસ્થાની મજહબ હવે પ્રમુખ હાલતમાંથી હલકી પદવીએ ઉતરી પડીઓ અને પારસીઓનાં પાદશાહોનાં ઉદાર દીલને આશરે તે આખરે આવી પડીઓ કેમકે જો તે શાહેબો ચાહેતોજ, તેને હવે ટકી શકવા દેએ, અને જો ન ચાહેતો તેને બુનબેખથી ઉખેડી નાંખી પણ શકે. મતલબ એજે હોરમજદનો દોર હવેથી શહરૂ થયો અને જુઠાઇ તથા બુતપરસતી રેવાજોનો અંત આવી મુકયો; માટે જેમ આઇઆયા તથા જેરીમાયા કેહેછે તેમ આવો મોહોટો આ ફેરફાર તે કઇ બાબેલાનીઅનોને મનશે જેવો તેવો નહી હતો. એથી તેઓની દીન ટુટી અને તેઓનાં બુતપરસ્તી રેવાજોનો દોર એ તરફના લટાઓ ઉપર હવેથી માકુફ થયો. વલી બીજી તાવીલ આ મુજબ આપી શકાએ તેવીછે. તવારીખો ઉપરથી આપણે આ વાત શારીકાની જાણીએ છેએ જે, આગલા જમાનાના હુગમન તરફનાં દરેક શુરવીરાઓમાં એવો રેવાજ હતો કે, જેબી શેહેરને પોતે ફતેહ કીધુ કે, તેની ખુશાલીમાં પોતાનાં શાહાબોલા સારૂ પેલાં શેહેરની દરેક ઉક-

માઇની ચીજોને પોતાને પાએતખ્ત શેહેર તરફ રવાનાં કરી આપવી; માટે પેલાં જીટેલાં શેહેરોના દેવતાઓની કીમતી મુરતીઓને સરવેથી આગલ ચલાવવી, તે કામ તો ગોયા તેઓમાં ઘણુંજ હોકમાઇ જેવું તથા બેહદ કીમતી અને બાહાદુરી જેવું ગણાતુ હતું. આગલા અસુરી લોકોનાં કોતરકામો તપાસતાં તેઓમાં હરેક જીટેલાં શેહેરોના ચીતારો પાડતી વેલાએ, તાહાંની મુરતીઓને પાદશાહનાં શાહાબોલામા તેનાં માણશો, હાથમાં યાતો ખાનપર મારીને ગોયા લઇ જતાં હોય તેમ મી૦ લેઅરદ અને મો૦ બોત્તાનાં નીનીવી લીશે લખાએલાં દફતરોની પલેતોમાં અદ્યાપી આપણા જોવામાં આવેછે, એટલુજ નહી પણ આવો રેવાજ આગલા બાબુલી, મીસર, મીદીઆ, તથા ઇરાંણનાં વટણીઓમાંબી ચાલુ હતો તેમ તે દેશાવરો ખાતે ફરી આવેલા દરેક નામીચા મુશાફરોનાં દફતરો તપાસતાં આયનાંની માફક પુરવાર થઇ શકે છે. માટે આવા કદીમ જમાનાથી ચાલતા આવેલા રેવાજ ઉપર અમલ કરીને, હવેથી પોતાનો રોબ તથા દબદબો પોતાની રઇઅતોને દેખડાવવા સારૂ, આપણાં આ ફતેહમંદ શુરવીરાએ પેલી શઘલી મુરતીઓને જાનવરોપર યાતો ગાડાંઓમાં લાધી પોતાનાં વતન ભણી સપર પેહેલાં જો કેદ મોકલાવીઓ હોએ તો, તેમાં નવાઇ થવા જેવું કાંઇજ નથી. તે શાથે વલી લડાઇની ગીરદીમાંથી સપરપેહેલાં આપણા પારસી અને મીદીયન સીપાહીઓ ફારેગ થયા બાદ પેલાં દરેક જીટેલાં શેહેરોમાં દાખેલ થતી વેલાએ જે લુટફાટ કરવા મંડી જતા હતા તેમાં અકશર કરીને તાંહાંનાં દેશસ્થાનોમાં માલ ખજાનો તથા શોનાં, રૂપાની મુરતીઓ પુશકલ મલી આવવાથી, તે તરફ તેઓ વધારે દોડે અને લુટફાટ કરે તથા પેલાં દેહડાં અને મુરતીઓને બેહદ ઇજા પોહોચાડે તો તે બનાવ શેહલથી બની શકે તેવોછે અને તેમ કરવા દીધામાં તેઓને કુરૂશ જેવા શીપેહશાલારે છુટ આપી હોય કે નહીંબી આપી હોય, પરંતુ લશકરી ગીરદીની વેલાએ પેલા શુરપર ચહડેલા શીપાહ બરચાઓ પછી કોઇના તાબા હેઠલ રહી શકતા નથી અને ખુનરેજીથી ફારગ થયા બાદ, જેના હાથમાં જેબી માલ ખજાનો આવેછે તે પછી પોતે ધમધોકાર લુટવા મંડી જાએ છે. આથી જેમ આગલ દીન સ્તાનલી ભણી રંગીન ઇબારતમાં લખી ગયોછે તેમ બેલ જો ધભરાતમાં આવી પડીઓ હોય અને મેરોદાકનાં ટુકડે ટુકડા જો થઇ ગયા હોય તથા બીજી મુરતીઓપરનું શઘલુ સોનેરી અભુશન લુટવામાં આવીઉ હોય અને પેલાં દેહડાંઓમાં લોહીની નીખો જો ચાલી હોય તો તેમ શદાકાલ બનતુજ આવેછે માટે તેમાં વીશમીત થવા જેવું કસુ નથી. પરંતુ હવે જ્યારે શુલેહ થઇ તથા લુટફાંટ પુરી થઇ અને લોકો બરોબર રીતે સરણ થયા કે હવે શવાલ એ ઊઠીઓ જે, તેઓપર હકુમત તે કેવી તરેહથી શથાપવી, કે જેથી તેઓ શદા પોતાની એક વફાદાર રઇઅત તરીકે ગણાએ અને પારસીઓનાં રાજ તરફ હંમેશ દીલ ફીશાની કરતા રેહે, માટે કુરૂશને હવેથી પોતાની રાજ ચલાવાની રૂઢીમાં કેટલાએક ફેરફારો કરીઆ વીનાં છુટકોજ રેહો નહી. જો તેઓનાં દેવસ્થાની ધરમને એ આડો આવેછે અને તેઓની મુરતીઓને પોતે તોરવા માંડે છે, તો પોતાનાં રાજની શામણે શદાકાલ તેઓનાં દીલો ઉશકેરાએલાં રેહેછે અને રાજમાં હંમેશ ટંટો, ફીશાડ અને હુલડ ચાલુ રેહછે, માટે તેમ કરવામાં આ દુરબીન પાદશાહે પોતાની તે-

જ બુદ્ધી અને દુરઅંદેશી ખરચીને દુરસ્ત વીચારીઉ નહી. આવી રૂઢી અશલધરથીજ ઘણાખરા ઇરાની પાદશાહોની જોવામાં આવેછે ને તેથીજ કરીને આપણાં લોકો-નાં રાજપાતો ઘણીક શદીઓ શુધી ટકી શકીઆં હતાં અને જીટેલી રઇયતો જર-થોસ્તી પાદશાહતો ઉપર શદાકાલ જાન ફીશાની કરતી આવી હતી એમ તવારી-ખનાં શફાઓ વારંવાર એકરાર કરી જાએ-છે. ઇરાન તથા અરબશથાનનાં જેબી અપક્ષપાત મુશલમાની ગ્રંથકારો પાછલથી થઇ ગયાછે તે શઘલાઓ એક આવાજે અદલ ઇનસાફ તથા રઇઅતનાં જાનમાલ-ની માંહાંવજત શારૂ જેબી પાદશાહોનાં નેક દાખલા પોતાની વાંચનારી આલમ શન-મુખ ધરી ગયાછે તે શઘલા પાદશાહો મુશલમાની ધરમ નહી પરંતુ જરથોશ્તી મજહબ પાલતા હતા. માટે દીનદુશમેન બખનારાઓનાં આવા વાજબી અને હીમ-ત ભરેલા એકરારો આપણા નીઆએગાં-નોની કીરતી અને રાજપાતો ચલાવવાની તેઓની નેક કુનેહ અને ધપછપને આજબી વધારે જેબ આપે તેવીછે. હવે કેબુજીય યાને કમબાઇસીસે જયારે મીસર દેશને જીટી લીધો ત્યારે તેને તાંહાંની ફ્થા, એસ, તારી-સ, સાવક અને બીજા ધીકાર ભરેલા દેવ-તાઓની મુરતીઆને તોડી નખાવી, તે વાત ખરીછે પરંતુ તેમ કરવામાંબી વાજબીની રાહે જોશો તો વાંક તાંહાંના ધરમગુરૂઓ-નોજ હતો કેમકે તેઓએ આપણા આ પાદ-શાહ શામણે ધરમને બાહાંને વારંવાર ફી-ટુર ઉથાવીઆ કીધુ હતું, જેથી ચીરડાઇને પોતાના બાપનો નેક દાખલો છોડી એણે એવી ચાલ શપર પેહેલાં તાંહાં ચલાવવાને આઇન ફરજ થઇ પડી હતી, પરંતુ પાછ-લથી એણેબી પોતાની એ ચાલ શુધારી હવી અને સેસ શેહેર માહેલી નાઇથ નામની દેવીનો પોતે જાને પુજારી હોય તેમ તેણીનાં દેવશથાનને ઉતેજન આપયું હતું, એમ વેવીકાન માહેલા પાસતોફોરસ ઉપરનાં દ-સ્તાવેજના ઉકલાન ઉપરથી હાલમાં શાબેત થઇ શકેછે. કુરઉસને તો પોતાનાં ખાન-દાંન સારૂ લાંબી નેમ ટાંકીને, ઘણીએક શદીઓવેર ચાલુ રેહે તેવું પારસીઓ શારૂ રાજપાત શથાપવાનું હતું. તેણે જોયું જે ફતેહો તો મેલવી ને ઘણાએક મુલકો પારસીઓ શારૂ મેં સંપાદન કરીઆં તો ખરાં પરંતુ હવે આટલી મેહેનત અને જેહેમત બેંચી, કરોડો રૂપીઆનો માલ ખજાનો ઉદાઉ રીતે ખરચી નાંખીઓ ને લખો જાનોની જયારે ખુવારી થઇ, ત્યારેજ આ શઘલાં નામીચાં અશલી જબરદશત રાજ પાતો મારે તાબે થયાં છે, માટે તેઓને મારાં ખાનદાનનાં હાથમાંથી પાછાં નીશરી જવા દેવાં નહી જોઇએ અને તેઓને મુશતકીમ પાયા ઉપર રચી, તાંહાંની હાકેમી લાંબી મુદત શુધી મારાં બચાંઓનાં બચાંના અખતીઆર હેઠલ સોંપી લેવી જોઇએ. એકબારગી ફતેહ મેલવવી શેહેલ છે, દુનીઆને એક છેડાથી તે બીજા છેડા શુધી સીકંદર કે જંગીશખાન અને તાઇમુર કે બોનાપારત માફક જીટી જવી તેબી કામ વખતે બુલંદ એકબાલ અને બખતાબાજીને લીધે કદાચ શેહેલથી બની શકે તેવુંછે, પરંતુ પેલાં જીટેલાં મુલકો ઉપર લાંબો વખતવેર પાદશાહી ભોગવવાની નેમ રાખવી ને તે કામને શરનજામ પો-હોચાડવું, તે જેવું ઘણું બીકત અને એસ્ત કામ શઘલા પેહેલવાન બચાઓથી હાર પડી શકતું નથી. તેમાં તો તરવાલની જાહાજી ગરજ રેહેતી નથી, અકલ અને હુસીઆરીનું કામ છે અને તે કામને સરં-જામ પોહોચાડવામાં રાજદુવારી મોટાં પ્રફુલીત મગજ અને જાતી અકલ (આ-

શગીર્દ એરદ) ની મોહોટી ગરજ છે. હરેક કામને તોડી પાડવું અને તેને ભાંજી નાંખવું તે ઘણુ શેહેલું છે પરંતુ પાછું તેને મચાવવું અને મુસ્તકીમ પાયા ઉપર આંણી મેલવું તે શાધારણ બુદ્ધીવાલાં માણશોથી બની શકતુ નથી. મેહેમુદ ગઝનવીએ જયારે કાબુલની આઠમણ ભણીનાં ઘણાંએક દેશાવરો જીટી લીધાં અને તે તરફ પોતાનો કાબુ બેસાડીઓ, ત્યારે કોઇ એક બુઢીઆ ઓરતનો કાંઇક સાંમાન સરનજાંમ લશકરી ગીરદી અને તે તરફની તે વેલાએ ચાલતી અનધાધુનધી હાલતને લીધે લુટાઇ અને ચોરાઈ ગયો, જેનો પટો જયારે તેણીને કસો હાથ લાગી શકીઓ નહીં ત્યારે તેણી એ પાદશાહની શનમુખ જઇને ઉભી રેહી ને પોતાની દાદ ચાહાવા ની હીમત ચલાવી. પોતાનો માલ તે હાથ કરી શકી નહી અને મનની મુરાદમાં તાંહાંબી જયારે તે ઓરત નીશફલ થઇ, ત્યારે તેનીએ ફીરદોસીનાં આ મુરખીને એક તાંનો એવો તો મારીઓ હતો કે જેમાં શચાઇ ઘણી હતી. તે બોલી જે અરે! ઓ પાદશાહ! જયારે તું ફતેહ મેળવવાનુજ કામ સમજે છે અને રઇઅતનાં જાન માલનાં બચાવની પુરતી ખબરદારી રાખી શકતો નથી, ત્યારે તને આટલી બધી મોહોટી ફટેહો મેલવવામાં ફાએદો તે શું, તેની મને શમજન પડી શકતી નથી. અલબતાં મેહેમુદને આ વાતથી ઘણી ચાનક અને ખજાલત લાગી અને પોતાનાં દરબારીઓ વચે તેનું ફુલસુંગનું ગયું તો ખરૂ, પરંતુ તેને જોયું જે આ ડોસીનાં બોલવામાં સચાઇ ઘણીજ છે અને રીશ આંનવા જેવું કસુ કારણ નથી માટે જીટેલી રઇઅતોનાં મુલકોમાં મજબુત પાયા ઉપર બંદોબસ્તો રાખવાનું કામ હવેથી આરંભવામાં તે પોતાની વધારે બુજરગી શમજવા લાગયો. આ મુજબ શેહેનશાહ કુરઉસ યાને સાઇરસેખી બાબેલાનની મોહોટી જબરદસ્ત ખીઆલદીઅન શેહેનશાહતમાં, મજબુત પાયા ઉપર નીઝામ યાને બંદોબસ્ત રાખવા માટે, હવેથી તાંહાં ધીલી દોરી મેલવા માંડી, અદલ ઇનશાફ ચલાવા લાગ્યો, લોકોને ધરમ શંબંધી છુટાપણું બક્ષીયું ને પોતાનો બાપકો મજહબ પાલવાની છુટ આપી તેઓનાં દેહેડાં પોતે પાછાં બંધાવી આપતો ચાલીઓ ને પોતાનાં ધરમનાં ફરમાનથી વટીક જરા ઉલતો જઇ, પેલી તાંહાંનાં દેવતાઓની મુરતીઓનેબી પાછી તેઓના ખાશ મંદીરોમાં ફરીને મેલાવી આપી, આટલુજ કરીને એ દુરબીન પાદશાહ હજુર બેશી રેહો નહી પરંતુ તેઓનાં દીલબી રીજાવી લેવા સારૂ તેઓના મોહોટા દેવતા મેરોદાકને હોરમજદનાં જેવો મોહોટા દરજજો પોતે આપીદો અને બેલ, નીબો તથા બીજા તાંહાના ઉપ દેવતાઓને ગોયા માજદીઅશનાન ધરમનાં યઝદ અમશાસપંદો જેવી પદવી આપી, તેઓ સોડેથી પોતાની દરરોજની ભગતી વેલાએ મદદ અને પોતાની નેક મુરાદો ચાહાવા લાગ્યો. એમ ચાલવામાં એના તરફથી થઅબાજી કેટલી હતી અને એતેકાદ કેટલો હોવો જોઇએ, તે તેનાં મનની વાતતો પેલો મેહેરદાવર જાને પરંતુ રાજદરબારી કાંનુનોને અરથે, આથી એનું શીઆનપણું માલુમ પડી આવેછે અને તેજ મતલબ પાર પાડવા સારૂ આવી ચાલ એણે ચલાવી હતી, માટે હવે આ મજકુર લંબાન શરેહ ઉપરથી આ બાબદસર પુરતો ખુલાસો મલી શકે તેવુંછે અને મુરતીઓ તોડવાનો જે દોશ એનાં ઉપર યાહુદી ગ્રંથકારો મેલી ગયાછે તે ઠપકાને સદંતર લાએકનો એ હવે ઠડતો નથી. આ લેખમા એ પોતાનાં બેટા કબુજય શારૂ

તથા પોતાની રઇઅત માટે જે ઘણા પીઆરથી બોલેછે, તે પરથી એનો નરમ અને માયાલું સ્વભાવ તથા બુલંદ દીલગુરદો જણાઇ આવેછે અને હીરાદોતસનાં કેહા મુજબ એની રઇઅત એને "પોતાનો બાપ" કરીને જે ગણતી હતી તે વાતની શતયતા આયનાની માફક, આ લેખ ઉપરથી પણ દીપી નીકલે છે. ઇરાનનાં બીજા બધા પાછલા પાદશાહો માફક એબી પોતાનાં બોહોલાં સંપાદન કરેલાં રાજપાતો સારૂ હોરમંજદનો પોતે મોહોટો આભારી થએલો ગણેછે ખરો, પરંતુ એનાં લેખો બારીકીથી તપાસતાં, દારયવુશ કે ખશીઆરસાહ જેવા ઘણા ધરમાચારી વીચારો તેઓમાંથી જાહજા મલી શકતા નથી ને જેમ હાફેઝ કહેછે તેમ આપણા આ શેહેનશાહે શુલેહ કુલ રેહેવામાં પોતે વધારે શીઆનપણ તથા દાહાપણ ભરેલુ વીચારીજ હોય એમ હાલ અનુમાન થઇ શકેછે કે, જેથી શુલેહ શંપજથી પોતાને તથા પોતાનાં બાનદાનવાલા શાહેઓને હવે પછી પીઆરથી રાજપાતો ચલાવવાને બની આવે તથા તમામ પ્રજાઓનાં દીલ પોતાની તરફ શદાકાલ લલચાએલાં રેહે. આ ફારસી શાહેર જેનો એક બેટ આ બાબદને મથાલે ટાંકી દેખડાવીઓ છે તેનો અરથ એમ થાએછે જે "અરે! ઓ હાફેઝ સદા કાલ તારે શઘલા લોકો શાથે દોસ્તીનું નાતુ જારી રાખવું હોએ ને તેઓનાં પીઆરા થવું હોય તો, જયારે બી તું મુશલમાનો શાડે જાય ત્યારે, અલ્લા અલ્લા અને હીન્દુઓ સાથે બેશે ત્યારે રામ રામ કરીને હંમેશ ઓચરતો રેહેજે કેમકે જેમ મુલ્લાં ફીરૂઝ પોતાનાં "જયારજ નામા" માં કેહેછે કેઃ—

"યકે રામ ગુયદ દીગર અર અલાહ
બમાની બુવદ યક બગુફતાર જુદાહ"

તેમ એ બંને શબ્દોની મતલબ તો એકનીએકજ નીશરે છે અને ફેર જે છે તે મત્ર ભાષાનો છે.

બાબ ૮ મો.

પેહેલવી અથવા પેહેલવાની ભાશા વીશે આજ સુધી થયલા શોધોનો ઈનતીખાબ.

"બનીઆદમ અઝ એલ્મ યાબદ કમાલ
ન અઝ હશમતો જાઓ માલો મનાલ."

આદમીજાત હશમત, મરતબો, અને માલ ખજાનાથી નહીં પરંતુ ફક્ત એલમથીજ કરીને કમાલીઅતપણું મેળવેછે, એ પ્રમાણે શેખ સાદી વગેરે બીજા ઘણાએક ઓલમાઓ આપણુ માનવી જાતનું લક્ષ વારંવાર ખેંચી ગયાછે. એનેજ લીધે આ તથા આવતી દુનીઆનુ સઘલું સુખ માણસ પોતાને સારૂં શંપાદન કરી શકેછે અને એલમજ જેમ બેકન કેહેછે તેમ પૈસા થાનેબી માહા બળવંત શકતી ધરાવેછે. એનીજ બરકતથી, ફકત મુંઠીભર અંગ્રેજો હીંદુસ્થાન જેવાં બોહોલો વીસ્તાર ધરાવનાર દેશમાં વશનારા લખો બલકે કરોડો લોકો ઉપર, આજે શાહેબી ભોગવેછે અને જરમનો જેવા બેહદ મેહેનતુ આલેમ શખસો આજે યુરોપની ભુંમીમાં સઉથી શ્રેષ્ટ દરજજો લઈ બેઠાછે. એજ એક એવો અખુત ખજાનોછે કે જેનાં ધરાવનારને આગ, રેલ તથા ચોરની કશી પાંતીની ધાસ્તી રેહેતી નથી અને એનાં બંચાવ સારૂ તેને લાહુ લશકર કે સીપાઈઓ રાખવાની કસી પણ ગરજ પડતી નથી. જેમ જેમ હરેક શખસ એને કશેછે અને ખરચેછે, તેમ તેમ પૈસાની માંફક ઘટવાને બદલે એ ઓર ઉલતો પોતાનાં ખરચ કરનારને વધારે તવંગર કરતો જાએછે. એને શંપાદન કરવાનો રશતો કાંઇ શેહેલો નથી. તે ઘણોજ આરકતરો તથા મોહોટા મોહોટા ખારા ખબોચીઆઓથી ભરપુર થએલોછે. એ પોતાનાં શીશ્યોમાં જાત બુનીઆદ ને ગોરી કે કાંરી આંમડી, ખુબશુરતી કે બદશુરતી ને દુબલાં કે માંટેલાં શરીર વચે જરાએ તફાવત શમજી શકતો નથી. પોતાનાં ખાશ દાશોને એ દેશ દેશ તથા મંડલીએ મંડળીઓમાં ઘણાં આશકારા કરી નાખેછે અને જેમ એક દેશનો શીકકો, બીજાં પારકાં દેશોમાં શેહેલથી ચાલી શકતો નથી તેમ એનાં સેવકોનો પરરાજયોમાં વટીક આવો મોંડો હાલ બનતો નથી. જેમ રાજ પાત અને માલ ખજાનો આએતો મીરાશમાં મલી જાએછે તેમ એલમ શત દીન જેહમત ખેંચીઆ વીનાં તથા પોતાનાં શરીરને મીનબતી માંફક ગાલીઆ વીનાં સુતલગ હાંશલ થઈ શકતો નથી. એ પોતાના દરેક આશકોને બરોબર કશોતીપર કશી જોઆ વગેરે તેઓ ઉપર આંધરાની માંફક એકદમ પોતે છીપલાં દેતો નથી પણ આટલુંતો તેહેકીક યાદ રાખજો જે, જો એક વખતે એ પોતાના હરેક શીશ્ય ઉપર મોહીત પડીઓછ તો, જેમ આ બેવફા નશીબો અને બીનવાએદાર દોલત પોતાને ઘણી સંભાલથી જાલવી રાખનારને વારંવાર હાથ તાલી આપી દગો દઇ નીસરી જાએછે, તેમ એલમ પોતાના ઓદાનાં બેહદ પવીતરપણાંને લીધે પોતાનાં હરેક દાશોની બેરદુમાંથી તેનાં ખરાબ વખતમાંખી

કોઇકાલે પણ ખીશી જવાને માહા કરવીણુપણુ સમજેછે. એના આલા તારીફ લાએક બુલંદ ખવાશને લીધે પેલો નાંમીચો અંગ્રેજ ખગોળ વીદીઆરથી સર જાન હરશલ પોતાનાં એક શુભાખીત ભાષાણમાં આ પ્રમાંણે બોલેછે જે "દુનીઆનો ગજબ ગમે તેવા મારા ઉપર પડે અને આ જમાનોજ ગોયા મારી સામંણે રૂઠે તથા તરેહ તરેહવાર હાલત અને વીપતીઓમાંથી જો મને પસાર થવું પડે તો તેવા વખતમાં મને ખુશી રાખવા અને સુખ આપવા માટે આ જીંદેગાનીમાં જો હું કોઇબી શોખને સારૂ અરજ ગુજારી કરૂં તો, તે શોખ મારામાં વાંચવાનો હોવો જોઈએ, કેમકે તેજ અંમેશા પેલી સઘલી વીપતીઓ સાંમણે થવા મને મોહોટો મદદગાર થઇ પડશે તથા મારી ઓરદુમાં શાબેત કદમ ઉભો રેહેશે. હરેક માણસમાં એ શોખ ઉતપણ કરો અને તેને પુરો પાડવાના સઘલાં સાંધનો તેને સારૂ મજબુત કરી આપો કે તમે તેને ખરેખરો શુખી માંણસ કરીઆ વીનાં રેહેશો નહી પરતું તેનાં હાથમાં ખરાબ ગ્રંથો ચુંટી કાહાડેલાં જાએ નહીં તે વીશેની ખુબ હુશીઆરી રાખજો. એમકરીઆથી તવારીખનાં દરેક હીગાંમમાં થઇ ગએલી સઉથી સરસ મંડલીઓના મીલાવડામાં તમો તેને દાખેલ કરશો તથા માનવી જાતને જેબ આપનાર બેહદ દાનાવ, ખુશ મશકેરા, નરમ દીલ ધરાવનાર, બાહાદુર અને પરહેજગાર શખશો જે આ જીંદેગાની ભોગવી ગયાછે તેઓનો તેને તમો શોબતી કરશો. તમો તેને સઘલી પ્રજાઓનો રેહેવાશી બનાવશો અને તમામ ગુજશતે જમાનાનો એક હઇઆતી કરશો. આ દુનીઆજ ગોયા જાણે તેને સારૂ પેદા કરેલીછે." એલમનાજ કુનેહના બલથી માનવીજાત આજે બાફ, વીજલી, પાંણી તથા આતશ જેવા પોતાનાં જનમકાલના વયરી દુશમેનોને આખરે પોતાનાં ગોલામ બનાવી શકયા છઇએ ને તેઓનીજ મારફતથી મોહોટા મોહોટા અદભુત અખતરાઓ તેઓ દુનીઆની સનમુખ કરી બતલાવેછે. કબીર કેહેછે જે એલમના ધરાવનારને પારશનાં પથરનુ કસું કામ પડતું નથી તથા હુંડી પતીઓની કેડે ગરજ રેહેતી નથી. જેમ એક લાકડાંના કકડા અંદર શુગંધી પેવશ થઆથી તેનુ ચંદન બનેછે અને ધરમના પવીતર મંદીરોમાં દેવતાઓ શનમુખ તે જઇ બેસેછે તથા ટીલકરૂપે બ્રાહમણો તથા પહરેજગાર શખશોને કપાલે જઇ તે ચહડે છે તેમજ પુન્ન એલમ સંપાદન કરનાર શખસ પાક દામાંન રાખીઆથી તથા મનશની, ગવશની અને કુનશનીનાં ઉમદાં જરથોસ્તી ફરમાનો ઉપર દીલોજાનથી અમલ કરીઆથી, આખરે દેવતાઇ મીરાશે પોહોચે છે.

મુસલમાની ધર્મ કબુલ રાખયા બાદ તથા મહમદ (મુસતફા) ની દીન ઉપર એતેકાદ લાવ્યા પછી જહનુનમા આવી ઉસ્કેરાયલા જંગલી આરબો, ઇસુની સાતમી સદીની નજદીક અધવચમાં "અલલાહ વ અકબર" પોકારતા, જયારે એક હાથમાં કુરાન તથા બીજા હાથમાં નાગી તલવારધરી ઇરાન સર જમીન ઉપર ચહડી આવ્યા ને નાહવંદની મોટી ખુનામરકી ભરેલો લડાઈ બાદ, પારસીઓના સલતનતના નસીબાનો જયારે ચુકાદો થયો ને આપણા લોકોનો સૈથી દેલો પાદશાહ યઝદજરદે શેહેરીઆર, માહુએ સુરી નામના એક નીમખહરામ જરથોસ્તી હાકેમને હાથે જયારે મારયો ગયો, ત્યારે તે મુદત બાદ પેહેલવી તથા પુરાતન બાખત્રીઅન ભાષા તથા હુજવરશ લખાણનુ ગ્નાન એ દેશમાંથી દીનપર દીન તદન નાબુદ થતું ચાલ્યું હતું. ઇરાનની અંદર કુરાન હવે પછી, અવસ્તાવાણી ઉપર વધારે બુજરગી ભોગવવા લાગ્યું. આતશકદેહોના ગુંબજોને બદલે મસજીદોના કંગુરા

જાબજા ઉઠી ઉભા થવા લાગ્યા, ઘંટોના આવાજોને બદલે બાંગીઓના બુલંદ આવાજ બરી બામદાદની વેળાએ ચોમેર સંભળાવા લાગ્યા, અહુરા જેવાં આરીઅન નામને બદલે અલ્લાહ (ઇલોહીમ) જેવાં સેમેટીક નામથી પરમેશ્વરને, આરીઅનો જેવાં બુલંદ ખાનદાન તથા અસલી એલમ ધરાવનાર લોકો વટીક જાબજા ભજવા લાગ્યા ને પેહેલવી તથા દરી ભાષાને બદલે અરબી ભાષા આમ લોકોમાં હવે વધારે બુજુર્ગી ભોગવવા લાગી. સાસાની પાદશાહો, જેઓએ, રૂમ-સામ (બાઇઝેનશીઅમ, ઇસ્ટમબોલ) ની માહા બલવંત શેહેનશાહતને એક વેળાએ ઉથલપાથલ કરી નાખી હતી ને જે વંશમાં અર્દેશીર અને શાહપુર પછી, નોશીરવાન તથા ખુશરૂ પરવીઝ જેવા ચાર પાંચ બીજા જબરદસ્ત અને બુલંદ એકબાલ ધરાવનાર પાદશાહો, એક પછી એક જો તરત પેદા થતા આવ્યા હતે તો, રૂમની ઓહોલી શેહેનશાહત યુરપની ભુમીમાં ઘણું શુધી તકી શકતે કે નહીં તે એક અગત્યનો મોટો સવાલ ઇતીહાસ કરતાઓનું હાલમા વતીક ધ્યાન એંચેછે, તેવા દેલાવર સપેહેશાલારોના જમાનામાં કાવીઆની દરફસ સાથે પેહેલવી ભાષા બી હીંદુસ્થાનથી તે છેક ભુમધ્ય સમુદ્ર સુધી લોકોના કાન ઉપર આવે ને પેહેલવી દફતરોનોબી શારીકાણી મુતાલો થાય તથા અશકાંનીઅન અને સાસાનીઅન સીક્કાઓ જાબજા આ ઓહોલો વીસ્તાર ધરાવનાર દેશોમાંથી જમીનની અંદર ગારદ થઇ ગયલા વીદ્વારથીઓની હજુર નજરે પડે તો તેમાં વીસમય પામવા જેવું કાંઇ નથી. માઠાં ભાગ્યે અરબો જયારે અજમ (ઇરાન) ઉપર ફતેહ પામ્યા ત્યારે તેઓ ઘણા જંગલી હાલતમાં હતા, જેથી તેઓએ પારસીઓનું મોટું કીતાબખાનુ એલમની બીનઆગાહીત ગારીને લીધે બાલી ભસમ કરી નખાવ્યું, તે ત્યાં સુધી કે એ દેશનાં બેસુમાર હમામખાનાંઓમાં વટીક લાકડાંને બદલે નજદીક લણુ, ચાર માસ સુધી પારસીઓનું આ માહભારત દફતરખાનું બળવા લાગ્યું. તેમજ મીસર દેશ માહેલું ઇશકંદરીઆ ખાતેનું બીજું એક મોટું પુસ્તકખાનું પણ એ લોકોએ બાલી તારાજ કરી મેલ્યું, જે દલગીરી ભરેલી ચાલ પાછલા અરબોની વરતણુક સાથે સરખાવતાં આપણને ઘણા હેરતમા નાંખેછે. વીચાર કરો કે અગ્યાર ને બારમી સદીના આલેમ અરબો, જેઓએ ઇબ્નુતુફેલ તથા ઇબ્નુરૂસો (આવરોશ) જેવા ઘણાએક દાણાવ અરબ ઉસ્તાદો મારફતથી, યુરપને યુનાનના એલમથી ફરીને વાકેફ કીધો, જેઓની બખશેશથી યુરપ ખંડ આજે કાલકેશલ્યમાં બીરાજી નીકળ્યોછે, જેઓએ રશાયણ શાસ્ત્ર, ખગોળ વીદ્યા, ભુમીતી (એલમે હીન્દશા) તથા નૈકાશસ્ત્ર વગેરે કેટલાએક નવા એલમોથી ફરંગસ્તાનના ટોલાંઓને જાણીતાં કીધાં ને ઠેકાણે ઠેકાણે ગ્રાંનેડા, સીવીલ તથા કારદોવા જેવી નામાકીત મદ્રેશાઓના પાયા નખાવ્યા, તેઓએ આ સાતમી સદીને બદલે ફકત ત્રણસેં ચારસેંજ વર્ષબાદ આ રળીઆમણો મુલક જો પોતાને સ્વાધીન લીધો હોતતો આપણા લોકોનાં દફતરોને આવી હાણી કદી પોહોંચત નહીં, કેમકે તેઓએ એટલા વખતમાં એલમની મોટી બુજ તથા વીદ્યાની કદરને લીધે ઇસ્ટમબોલની ઓહોલી લાઇબ્રેરી માફક આપણી લાઇબ્રેરીનેબી પાયમાલ કરવાથી પોતાનો નાશકારક હાથ ખરેખરો ઉઠાવ્યો હતે.

ઉમર ઇબનુલ ખત્તાબે જયારે એવો ફતવો આપ્યો કે, કુરાન કરતાં બીજું કોઇપણ પુસ્તક સરસ નથી માટે આગલા જમાનાનાં તમામ દફતરોને પાયમાલ કરવાં,

ત્યારે મનુષ્ય જાતનાં પેશરો તથા મનુષ્ય જાતની ગમત સારૂં ગ્રંથો રચનાર શાએરો તથા ફીલસુફોનાં નામવર ફરોહરો ગોયા આકાશની અંદર ઝમકમવા લાગ્યાં. હરેક ટોળાંની મુખ્ય કીર્તિ, તે ટોલાંના લાહુ લશ્કરની બોહોલી સંખ્યા ઉપર નહીં, તેઓના અપરંપાર ખજાના ને માલ મીલકત ઉપર નહીં, તથા તેઓની મોટી મોટી બુલંદ ને નામાંકીત ફતેહો ઉપર નહીં, પણ ફકત તે ટોળાંના બુજર્ગ શખ્સોનાં મહાભારત, ઉમદા, ને ફીલસુફી લખાણો ઉપર મોટો આધાર રાખતી આવેછે. એટલાજ સબબો ઉપરથી આગલા હીંદુ તથા યુનાની, રૂમી તથા અરબોની સલતનતોને થઇ ગયાને આજે જોકે બોહોલો જમાનો ગુજરી ગયેછે ને તેઓના પાદશાહો તથા પેહેલવાનો, તવંગર સોદાગરો તથા ઉમરાવોનાં નાંમો વટીક પણ દીનપરદીન ભુલાતાં ચાલ્યાંછે તોપણ દરેક વાંચનાર હીરાદોતસ અને થીઉસીદીદીઝ, હોમર અને વરજીલ તથા વાલમીક અને ફીરદુસીનાં બોહોલાં લખાણોની વખતે ઢપછપથીતો નહી પરંતુ તેઓનાં નામોથીતો સારીકાની રોશન હશે. કારણ એજે જેમ સેનીકા કહેછે તેમ, તેઓને હવે કોઇપણ મીનારાઓની ગરજ રહી નથી કેમકે આ આખી જગતજ ગોયા હવે તેઓની કબર થઇ રહેલીછે. રોમનાં પાદસાહી દોલત તથા હશમત ધરાવનાર એનીસીઅન તથા એનીઅન, પેત્રોનીઅન તથા ઓલીબ્રીઅન વાળાં મોટાં ખાનદાનોને તથા ઇરાનના અથાંગ ખજાણો રાખનાર પારસી અમીર ઉમરાવોને આજે કોઇ નામથીબી ઓલખતું નથી અને એક દાહાડો એવોબી આવશે કે હાલના આપણા ઇંગ્રેજ રોથ્સચાઇલડો તથા બેરીંગોને કોઈ નામથી વટીક પીછાણી શકશે નહીં પણ મીલટન તથા શેકસપીઅર, બેકન તથા ન્યુટન જેવા નામીચા નરો દરેક નીશાળના શીખાઉ છોકરાઓની બતંશીશીએ સેંકડો વર્ષો વેર ચહડી રેહશે.

હાલમાં ડાકટર હાઉગ જેવા કેટલા એક ચંચલ વીદ્યાર્થીઓ જે એમ કહેવા માગેછે કે, ઇશકંદરે પારસીઓનું કીતાબખાનું બાલ્યું ન હતું પણ યુનાનીઓની વધારે ચહડતી કળાકૌશલ્ય તથા એલમ હુંનર આગલ પારસીઓનો એલમ તદનજ આપો આપ ગોયા નાબુદ થતો ચાલ્યો હતો, તો તેવા કેહેનારાઓને કુરઉશ તથા દાર્યવુસના લેખો હવે ફરીને વાંચવા દેવો, હખામની વંશનાં બુજુર્ગ કોતરકામો વળી ફરીને તપાસવા દેવો, તથા સાસાની વંશની પારસીઓની નવી કીર્તી ઉપર ફરીને ઘણી બારીકીથી લક્ષ લગાડવા દેવો. જુઓ કે તે વેલાના કામેલ મોબેદોએ તકરારનાં બલથી અરસતુની ફીલસુફી, જેને શેહેનશાહ અર્દશિરે "અરસતાતાલીસનું ઝેર" એવું નામ આપ્યું હતું, તેને ફરીને કેવી રીતે એશીઆ ખંડમાંથી મારી હટાવી હતી તથા ઇસાઇ ધર્મને મંતકનાં બલથી ઇરાન સરજમીન ઉપર દાખલ થતાં કેવી રીતે અટકાવ્યો હતો તે વાત કહેવાને એઝનીક તથા એલસીઅસ, મોવઝેસ-ઓરોનાતસી તથા બીજા તેજ જમાનાના અરમાની કરીશતાનોનાં લખાણો જે હજુર સુધી સારાં ભાગ્યે બચી શકયાંછે તેજ ગોયા બસછે એટલુંજ નહીં પણ તે વીસેની દીનકરદની પેહેલવી ચોપડી વટીક અદ્યાપી ગવાહી આપેછે. જયારે હરેક ટોળું પાદશાહી મીરાસે પોહોચેછે ત્યારે તેમાં રાખસી ભેજાં ધરાવનારતરેહ તરેહવાર મહાન પુરૂસો પણ તેવા વખતમાં તવલુદ થાયછે. સંસકરતનો એલમ (લીટરેચર) અવસ્તા તથા પેહેલવી કરતાં આજે જે, ઘણો મોટો ગણાયછે તેનો સબબ એછે જે, હીંદુઓ ઉપર

પારસીઓ જેવા મોટા હાદેસા પડયા નથી, તેઓનાં દફતરોને જનુની મુસલમાંનોએ તારાજ કરયાં નથી, જેથી તેઓના કલમબાજ લખનારાઓ ગોયા આજપેર સજીવન રહી ગયાછે. આ બોલવાની સચાઇ વીશે મારે એક દાખલો જણાવવાની અત્રે જરૂરછે કે કસરાએ આદેલ યાને નોશીરવાનના જમાનામા દેહેકાને દાનેશવર નામનો એક મોટો પેહેલવી શાહેર થઇ ગયોછે, જેનાં ઇરાનની તવારીખ વીષે, બેતરૂપે રચાયલાં મોટા દફતર માહેલા બચેલા જુજો ઉપરથી હકીમ ફીરદુસીને શાહનામું રચતી વેળાએ કંઇ થોડી મદદ મલી નથી, એમ તે શાહેરના ખુદ બખુદ પોતે કરેલા એકરાર ઉપરથી આપણી ખાતર તસલી થાયછે ને જે પુસ્તકનો સરજીઅસ નામના એક યુનાની ફિલસુફે ગ્રીક ભાષામાં તરજુમો વટીક કર્યો હતો, તેવું મહાભારત પુસ્તક અરબોએ તારાજ કરી નખાવ્યું, જેથી એ બિચારા દાનેશવરની મોટી મેહેનત આજે બરબાદ ગઇછે. દાનેશવરનાં બોહોળાં લખાણોની કાવ્યરૂપી ઠપછથી આપણે હાલ અંધારાંમાં રહી ગયા છિયે ને દાનેશવરનું મુબારક નામ તથા રંગીન કલામો સાદી તથા હાફેઝ, નીઝામી તથા મોવલાનાનાં નામવર નામો તથા બેતો માફક, ઇરાનીઓની બતરીસીએ જે આજે ચહડી રહયાં હતે તે નામાંકીત નામ અફસોસ કે હાલમા હવે ભુલાઇ ગયુંછે ને એ સખ્સનું ફરોહર ઊમરના આવા ડરામણા ફતવાને લીધે આજે ગોયા નાબુદ જેવું થઇ ગયુંછે.

"બુલબુલ ઝે શાખે સર્વે બ ગુલબુંગે પેહલવી
મીખાન્દ દુશ દર્સે મકામાંતે મઆનવી."—
હાફેઝ.

"ગઇ રાત્રે એક બુલબુલ સરોનાં ઝાડની ડાળી ઉપર ખોદાઇ રાહના આવાજની તારીફનો પાઠ પેહલવી ભાષામાં બુલંદ આવાજે ભણતું હતું."

આ પ્રમાણે હાફીઝ તથા ફીરદુસી વીગેરે બીજા ફારશી શાહેરો, પેહેલવી ભાષાની શીરીની વીશે બોલતી વેળાએ, વારંવાર ઇસારા કરી ગયાછે અને શાહનામાના રંગીન બેતોની બારીકીથી તપાસ કરતાં અરબીને બદલે તેમાં જે પેહેલવી શબ્દો ઘણાખરા આમેજ કીધાછે, તેથી કરીને તેની ખુબી અને મીઠાસ વધારે દીપી નીકળેલીછે. જારેબી એ મલેકુલ શાહેરો, એ ભાષાનાં દફતરોમાંથી કોઇપણ દાસ્તાનના ઉતારા કરેછે ત્યારે આગળા પારસીઓની આ જબાનની શીરીની તથા લેહેજત દેખાડાવવા માટે બુલબુલ જેવાં મધુર રાગ કાહાડનાર પક્ષીનાં મોહોડાંમાં હંમેશ તે પોતે આ પેહેલવી ભાષા મેલેછે; જેમકે અશકંદીઆરનો કીસ્સો શરૂ કરતી વેળાએ તુસ શેહેરનો આપણો આ દાનાવ હકીમ કેહેછે જેઃ—

"બ પાલીઝે બુલબુલ બનાલદ હમી,
ગુલ અઝ નાલએ ઉ બબાલદ હમી.
બખંદદ હમી બુલબુલ અઝ હર દવાન,
ચું બર ગુલ નશીનદ કુશાયદ ઝબાન.
કે દાનદ કે બુલબુલ ચે ગુયદ હમી,
બઝીરે ગુલ અંદર ચે પુયદ હમી.
નીગેહ કુન સહરગાહ તા બીશનવી,
ઝે બુલબુલ સખુન ગુફતને પેહેલવી."

"બાગની અંદર બુલબુલ હળમળી રહ્યું છે અને તેના પોકારથી ગોલાબનાં ફુલો ગોયા ખીલી નીકલ્યાંછે. હર તરફ દોડતુ પેલું બુલબુલ હસાહસ કરી રહ્યુંછે અને જારેબી તે ફુલની ઉપર બેસેછે ત્યારે પોતે પોતાનો મધુર રાગ્રો કાહાડેછે. કોણ જાણે કે ગોલાબની ઝાડીઓમાં અહીં તહીં નાચતુ કુદતું પેલું બુલબુલ શું બોલેછે પણ સવા-

રનો પોહોર પ્રાતતાં તો હું જોઉ છું શું કે 'તે પક્ષીએ પેહલવી ભાષા ગાયા બોલવા માંડીછે."

ઇરાન સરજમીન ઉપર અર્દેશીર તથા શાહપુર, બેહરામ તથા નારસી અને નોશેરવાન તથા ખુશરૂ પરવીજના જમાનામાં બોલાતી આ ભાષાની નજાકત તથા મીઠાસ વીશે તેઓનુજ લોહી ધરાવનાર પાછળા પારસી શાહેરોજ માત્ર તારીફનાં બાંકાં પોકારી ગયાછે એટલુંજ નહી પણ દીનદુશમનો અને પરલોકો વઠીક બી એ બાબદ એકરાર કરી જાએછે. મુસલમાનોના પેગમ્બર હજરત મહમદે તો ખુલ્લે ખુલ્લું કેહેલુંછે, કે જયારેબી અલ્લાહ પોતાની નેકી તથા દયા દેખડાવવા કોઇપણ હોકમ કરેછે ત્યારે 'તે સાહેબ ઘણા નરમ આવાજથી પોતે દરી યાને ઇરાનના પાદશાહોની દરબારી બોલી એટલેજે પેહેલવી ભાષામાં બોલેછે' આગળા જમાનાના યુનાન તથા રૂમના દાનાવ શખસો પરલોકોનાં મુલકોની રીત-ભાંત, ધર્માચાર તથા જબાંનો ઇત્યાદી બાબદો વીશે બોલતી વેળાએ, દાવા દુશમનીથી યાતો પોતાની બીનમાહીતગારીને લીધે વારંવાર "જંગલી લોકો"(બારબેરીઅન) એવા શબ્દો જે સાધારણ રીતે લખતા આવ્યાછે, તે વાત દરેક નીશાળના છોકરાને વઠીક આજ માલુમછે અને તેથી આપણને કોઇ કોઇવાર રીસ પણ ચહડેછે. પરંતુ મનેતો એમ લખવાની તે લોકોમાં માત્ર લઢણુજ હતી એમ ભાશેછે, કેમકે એ શબ્દને આપણે હાલમાં જેવી રીતે વાપરીએ છેએ, તેવી મતલબથી વાપરવાનો કદાચ તેઓનો હેતુ ન હોએ, એમ તે ગ્રંથકારોના વારંવાર પારકાં દેશોના એલમની તારીફ વીશે કરેલા એકરાર ઉપરથી સાફ માલુમ પડી આવેછે. જેમ પેહેલવીના જમાનાના જરથોસ્તીઓ પોતાનાં દેશને ઇરાન તથા બીજા પારકાં દેશોને અનઇરાન યાને નહી ઇમાન લાવનાર દેશો કરીને કેહેતા હતા અને મુસલમાનો જેમ હાલબી પોતાને મોમેન યાને ઇમાન ધરાવનાર તથા બીજા પારકા ધરમ પાલનારાઓને કાફર કરી કેહેછે, તેમજ આગલા યુનાનીઓબી પોતાને હેલેનીસ તથા બીજા પરલોકોને બારબેરાસ યાને જંગલી કરીને કેહેતા હતા. હવે એગાથોઅસ નામનો એક અથાંગ ખબર ધરાવનાર, અસલી ગ્રીક ગ્રંથકરતા, નોશેરવાનનાં રાજ વીશે બયાન આપતાં તથા તે શેહેનશાહે ઇરાન સરજમીનમાં દાખેલ કરેલા તમામ નવા સુધારા વીશે વીસ્તારીને બોલતાં એમ લખી ગયો છે જે, પેહેલવી ભાષા જંગલી તથા કાનને મધુર નહી લાગે તેવી કઠોરછે. એગાથીઅસનાં આ ફકરા ઉપર લંબાણથી સરેહ કરતી વેલાએ રૂમનો નામીચો ઇતીહાસ કરતા, ગીબન કેહેછે કે, આ ઉપરથી એ લખનારની ખુદ પોતાનીજ બેખબરાઇ તથા અમસથી ફુંકરાજી માલુમ પડી આવે છે, કેમકે જે ભાષાની ખુબી વીશે આંકીતલ તથા જોન્સ જેવા ઉગમણ પ્રાંતના વીદ્યાર્થીઓ તારીફ કરી ગયાછે; જે ભાષાને મહમદે બેહેસ્તને લાએકની ભાષા કરીને ગણેલીછે અને જેની શીરીની વીશે તમામ ઉગમણ પ્રાંતના શાહેરો એક આવાજે એકરાર કરી જાએછે, તેવી એકસાન અને રંગીન જબાન વીસે, આ પ્રમાણે અભીપ્રાએ આપતાં આ ગ્રીક ઇતીહાસ કર્તા પોતાની બેહદ જાહેલીઅત તથા મજબુત છીટ શીવાય બીજુ કશું જણાવી જતો નથી. વલી નોશેરવાનનાજ હોકમથી એ ભાષામાં એનાજ કેહા મુજબ અફલાતુન તથા અરસ્તુ વીગેરે બીજા સઘલા વખણાએલા ગ્રીક ગ્રંથકારોનાં તમામ દફતરોના જારે તરજુમા વઠીક થએલા હતા ત્યારે તો એ જુબાનમાં પોતાના વીચારો

છુટથી જણાવવા તથા તમામ ફીલસુફી તકરારોની ઘણી બારીકીથી સમજન આપવાનાં સઘળાં સાધનો આવી જવાં જોઇએ તથા તે પોતે ઘણીજ પુખ્ત થઇ રેહેવી જોઇએ, નહીતો કે આવાં ખીકટ અને મંતકી ફીલસુફી ધરાવનાર પુસ્તકોનો, આવી પારકી ભાષામાં કેમ બરોબર તરજુમો થઇ શકે તે વીશે આ ગ્રીક ઇતીહાસ કર્તાએ જો સારીકાની ગોર કરીઓ હતે તો, તે પોતેજ મી૦ ગીબન કેહેછે જે વાજબીની રાહે વીસ્મય થયા વીના રેહેતે નહી. એ શીવાય બીજો કોઇબી આગલો લાટીન કે ગ્રીક ગ્રંથકાર આ ભાષાની વીરૂધ પોતાનુ મત આપી ગયોછે કે નહી, તે અત્યાર સુધીના મારા અભ્યાસ મુજબ જો હું ભુલતો નહી હોઉતો કેથેબી કશું પણ જોવામાં આવતું નથી.

વાન શેલીંગ નામનો મોટો જર્મન પંડીત અને ફીલસુફ કહેછે જે, હરેક બાબદ ઉપર શક નાખવો તે ગોયા ફીલસુફીને વધારવાની એક મોટી નીશાનછે, કેમકે દરેક બાબદને ચુંથી ચુંથીને આંદું પાડયાથીજ તે મોહેલી સચાઇ આપોઆપ આસતે આસતે જાહેર થાયછે. જેમ જેમ હરેક બાબદ ઉપર શક પોહેછે, તેમ તેમ તે શક દુર કરવા નવી નવી તરેહની ઠંડે પેટની તકરારોનાં આમણસામણ બીજો રોપાયછે, જેનું પરીણામ હમેશાં આખરે સારૂંજ નીપજવું જોઇયે અને જેમ જેમ ઉપધાતુઓ અંદરથી તાપના જોસની અસરથી સુવર્ણ છેલ્લે છુટું પડી જાયછે, તેમજ શકની આંચથી સચાઇ આખરે ઉપર તરી નીકલેછે. શકનો દેવ દુશમન થઇ જયારે આપણો દુમબાલો પકડેછે ત્યારેજ આપણે આપણી ઘણાંએક વરસોની ઊંઘમાંથી જાગરૂત થઇએ છૈયે, અને તે દેવને તોડવાનાં તરેહવાર સાંધનો આપણે શોધી કાહાડી શકયે છૈયે. દાખલા તરીકે જુઓ જે યુરોપના આલમાઓમાં અવસ્તાઓજંદ તથા પેહેલવી ઉપર મીશનરીઓના મારાની ભયંકર બટેરીઓ નહી છુટી હતે ને તેઓના નીઃપક્ષપાત લખનારાઓમાં પારસીઓના ધરમ ઉપર નુકતેચીનો નહી થઈ હતે તો, આજે જરથોસ્તી ધરમની ખુબી પરલોકોમાં માલમ પડી નહી હતે. જેમ અવસ્તાવાણી ઉપર કેટલુંક ● અજવાણું શકના (ગુમાની) દેવે નાખ્યુંછે, તેમજ પેહેલવી એલમ ઉપરબી એજ દેવે કેટલોએક નવો ફેસલો યુરપના આલમાઓની સન્મુખ નીચે મુજબ કરયો છે.

ડાકટર માક્ષમુલર જે પોતા સારૂં ભટ મોક્ષમુલર એવો સંસ્કરત એલકાબ ધારણ કરેછે ને એ પંડીત આક્ષફર્ડને ઉક્ષતરણી એવું જે સંસ્કરત રૂપ આપેછે, તે નામીચી મદરેશાના અરબી ભાષાના એક આગલા શીક્ષાગુરૂ ડાકટર હાઇડે, અરબ ગ્રંથકારોની સતા ઉપરથી ઇ૦ સ૦ ૧૭૦૦ નાં સાલમા પેહેલવી ભાષાથી યુરપના વીદ્યારથીઓને સપર પેહેલીવાર વાકેફ કરયા હતા. ત્યારબાદ એ ભાષા વીશે આંકીટલ નામના પેલા ફ્રેંચ સીપાહા બચ્ચાએ સુરતમાં આવી દસ્તુર દારાબ સોરેથી તરબીયત લેઇ, જંદ અવસ્તા નામનાં પોતાનાં ફ્રાંસીસ દપતરમાં, એ ભાષાનાં અક્ષરો તથા એ ભાષાનો નાનો જેવો કોષ તથા આગલા ઇરાનીઓની કલમથી એ ભાષામાં રચાયલાં "બુનદેશ" નામનાં એક પુસ્તકનો તરજુમો યુરપના વીદ્યાર્થીઓની નજર આગલ ધરયો હતો. અશકાંની તથા શાશાનીટોલાનાં શેહેનશાહો (મલકાને મલકા)ના જમાનાની, આ દરબારી ભાષા, બુજુરગ પરસીપોલીશ (તખ્તે જમશીદ)ની થોડીક વેગલાઈ ઉપર નકશે રૂશતમ તથા નકશે રજબ ને તાકે-બોસ્તાન નામના કોતરકામોમાં

જોવામાં આવેછે એટલુંજ નહી પરંતુ હાલ જમાનામાં હાજી-આબાદ નામના ગોફાઓમાં તથા શીરવાન (દીઆલેહ) નામની એક નાની નદીની આર મૈલને છેટે પાએ-કલેહ અથવા બુતખાને નામનાં તારાજ થઈ પડેલાં એક આતશકદેહની બેશમાર નીશાનો આગલબી મુસાફરોની નજરે પડેછે. એ માહેલાં કેટલાંએક કોતરકામોના શારડું તથા સામપ્રેલાવર, નીબુહર તથા આર કર પોરટર, ઊઝલી તથા વેસ્ટરગાર્ડ પોત પોતાની મુસાફરીઓનાં દફતરોમાં ઉતારા આપી ગયાછે. સારાં ભાગ્યે એ લેખો સાથે તેઓના તરજુમાં ગ્રીક ભાષામાંબી સાથે લાગા તાંહાંજ આપેલાછે પણ વખતની જાલેમ ચુંગાલના હાથથી તે ગ્રીક લેખો એટલાતો ઘસાઇ પીસાઇ ગયાછે કે, તેઓની મદદથી એ લેખો ઉકલાવવા સારૂં કાંઇ ઝાઝી મદદ વીદ્યાર્થીઓને મલી શકતી નથી. નીબુહરનાં પુસ્તક માહેલા નકશે રૂશતમનાં એક કોતરકામ આગલના લેખો ઉકલાવવાનું "મજકુર કામ ડાકટર હાઇડે સપર પેહેલીવાર જ્યારે પોતાના માથે લીધું ત્યારે તે વીદ્યારથી સરદાર ઘણાજ ગુચવારામાં આવી પડયો હતો, ને ઘણાએક અપરાઇઓનાં શીહા વાદલ હેઠલ પોતે ગોથા ગરક થઇ ગયો હતો, કારણ કે તે વેળાએ હજુરતો કોઇને કશું પણ માલમ નહીં હતું કે એ લેખની મજમુન તે શું છે. એમાં આવેલું દાસ્તાન કયા જમાનાને તથા કયાં મુલકોને લગતું છે, એમાં કયા પાદશાહનાં આચરણો વીશે જણાવેલુંછે ને કયા શેહનશાહની ફતેહની કીરતી ગાયલી છે. એમાં કયા નામવર શખ્સોનાં ફરોહરોને અરાધેલાંછે ને કયા પેહલવાનોનાં મહત કરમો વીસ્તારેલાંછે તથા કયા દસ્તુર દાવરોનાં શુભ કામોની તવારીખ આપેલીછે કે કયા ફીલસુફોના નવા નવા શોધોનું બયાન આવેલું છે. ઘણી જેહેમત પેઆઓ પછી તથા ઘણીએક મેહેનત કરયા બાદ અરતખશતર (અરદશીર) ને બદલે એલેકઝેંડર (ઇશકંદર) નામ વાંચ્યાથી, એ પ્રોફેસરને અતીશય ગુચવારો થઇ પડયો, જેથી એ બીકટ કામ અધુરૂં મેલવાની આખરે એને ફરજ પડી. નજદીક એક સદી હવે ગુજરી ગઇ તોપણ એ લેખોએ કોઇનેબી કશો પણ મચક આપ્યો નહી. આખરે ઇ૦સ૦ ૧૭૯૩ નાં સાલમાં પેહેલવી લેખોના હરફોનાં ઓહુળાં લશ્કરનો સફ સમારી સુસ્તકીમ રીતે પાએદાર ઉભો રહેલો નકશે રૂશતમનો આ જોરાવર કીલ્લો—જે કીલ્લો અરબોની ઝનુનો નાશકારક ઝલતનતની અંદર તાબે થયા વીના મજબુતીથી ઉભો રહ્યો, જે કીલ્લો પાયો ખણી નાખે એવા સેંકડો વરષના બાહારાનના મોટા ધોધવાઓ તથા પંદરથી પણ વધારે સદીઓના આફતાબના જબરદસ્ત તાપની તથા વીજળિના ભયંકર ચમકાટોનો કશી પણ દરકાર કરાયા વીના આજ સુધી તકી રહ્યો ને જમાનાંના દોરની સામે અદયપી તકર ઝીલતો આવ્યો—તે કીલ્લો સીલવેસ્ટર દસાસી નામના એક ચંચળ ઝેણના ને પ્રફુલ્લિત મગજના ઉગમન પ્રાતના એલમના એક મોટા ફ્રાંસીસ શીપેહેશલારને તાબે થયો ને તે વીદ્યારથી સરદારે એનો ભરમ આ પ્રમાણે દુનીયાના લોકો આગલ ખુલ્લો કરી મેલ્યો:-

"પતકલી જનમન મજદીઅશન બગી અરતખશતર, મલકાને મલકા અઇરાન, મીનું ચથરી મીન યઝતાન, બર મન બગી પાપકી મલકા"

યાને "આ બાવલું ઇશ્વરી પાદશાહ પાપકી (બાબક) ના બેટા, ઇશ્વરી બુની આદ ધરવનાર હોરમઝદને પુંજનાર શેહેનશાહ અરદેશીરનું છે"

એ પછી ઈ૦ સ૦ ૧૮૧૫ સુધીમાં કેટલાએક સાસાની શિક્કાઓ ઉપરના શાહ-પુરી (શાહપુર), વરેહરાન (બેહેરામ) તથા અહુરમઝદી (હોરમઝદ) એવાં પેહેલવી નામો એણે ઉકલાવ્યાં, એટલુંજ નહી પણ કીરમાનશાહ અથવા બેસતુનના પેહે-લવી લેખોનો મોટો ભાગ પણ ઉકલાવ્યા બાદ આ ફ્રાંસીસ આલેમ આ જીસમાની બદન છોડી પછી ચાલતો થયો. જે કામ આ ધુંધી વીદ્યાર્થી અધુરૂં મેલી મરણ પામ્યો તે કામ ગાતીનગન યુનીવરસીટીના પ્રોફેસર તાઇચસને ત્યાર પછી ઉંચકી લીધું પણ તેમાં તેને કશો પણ અગત જોગ વધારો કરયો નહી ને પોતે જેમ બીલારોકા હરફો ઉકલાવવામાં ગોતું ખાધું તેમજ માઠાં ભાગ્યેગે પોતાની આ મુરાદ-માંખી આ ચંચલ જરમન નીષ્ફલ થયો. એની પછી નામીચો અંગ્રેજ મુસાફર સર વીલ્યમ ઊઝલી, ખુશરૂ નામને તેના પેહે-લવી શુદ્ધ ઉચ્ચાર "ખુશ લુઇ" કરી ઉકલાવવામાં ફતેહ પામ્યો. એ પછી નજ-દીક ચોવીશ પચીસ વરસ સુધી યુરોપના આલમાઓમાં એ ભાષાનાં જ્ઞાન વીશે કશો પણ જાણવા જોગ ઉમેરો થયો નહી હતો. સીક્કાઓ ઉપરની પેહેલવી, લેખો માહેલી પેહેલવી તથા પારસીઓ સોડે આજ સુધી બચો શકેલાં દફતરો માહેલી પેહેલવીની ઇબારત અને લઢણ, આ પ્રમાણે નવી શોધો હાથ લાગા પછી જયારે યુરપના આલ-માઓ તપાસવા બેઠા ત્યારે શકના દેવે તેઓને તરેહવાર બરઅલાફીઓમાં નાખી દીધા, જેઓનો ઇનતિખાબ "પેહેલવી પાજંદ ગલાસરી" નામનાં દફતરમાં ડાકટર હાઉ-ગની કલમથી લખાએલા એક રસાલા વગેરે બીજાં કેટલાંએક પુસ્તકો માહેથી નીચે મુજબ આ પ્રમાણે નીપજાવી કાહા-ડયો છે. ચાલો આપણે સપર પેહેલાં તો સિક્કા ઉપરનીજ પેહેલવીની ફકત તપાસ કરવી શરૂ કરયે. જે વેલાએ આપણા દસ-તુર દાવરો લોકોની તારી મારી કરવામાં ને બેહેદીનો તથા મોબેદો ચોપત પાસા ફેંકવામાં પોતાનો કીંમતી વખત બરબાદ કરતા હતા, ત્યારે યુરપનાં આલમાઓ જુવો વખતનો કેવો સારો ઉપયોગ કરી ગયાછે, ને પારસીઓ સારૂં શું શું જેહે-મતો ખેંચી ગયાછે તેનો સારાંશ શીઆના જરથોસ્તીઓ હવે નીચે વાંચો. સર વીલી-અમ ઉઝલી પછી ઘણેક વરસે લાંગપેરીઅરે ઈ૦ સ૦ ૧૮૪૦ માં સાસાનીઓની બો-હોલી શલતનતની વેલાના સીકકાઓ ઉપર એક મોટો કીંમતી રસાલો ફ્રાંસીસ ભાસામાં બાહેર પાડયો. એમાં તેણે શેહેનશાહ અરદ-શરથી તે ઠેઠ યઝદેજરદે શેહેરીઆરનાં જમાના સુધીના ઘણાએક સીકકાઓ એકઠા કરી કવાત (કોબાદ) તથા યઝદેગરદ એવાં પેહેલવી નામો ઉપર પેહેલીવાર ફતેહ સાથે ઉકલાવ્યાં, પણ શેહેરીઆર તથા અજરમી-દોખ્ત એવાં એનાં બીજાં બે ઉકલાનો ઉપર હજુર શકના (ગુમાની) દેવે કશો પણ ફેસલો કરેલો નથી, માટે એ ઉકલાન ખરૂં છે કે ખોટું તે વીશે હીમતથી અદ્યાપી આપણે કશું બોલી શકતા નથી. વલી બીજો નવો અગત્યનો ફેસલો આ ફ્રાંસીસ વીદ્યારથીએ એના વીષયમાં જે કરેલો છે તે એ છે જે, પાછલા જમાનાના સાસાની સીકકાઓ તથા દફતરો માહેલી પેહેલવીના હરફોમાં માત્ર જુજજ તફાવત જોવામાં આવેછે તથા સાસાની સપર પેહેલા ને એજ વંશના સૌથી છેલ્લા પાદશાહોના સીકકાઓ ઉપરના હરફોમાં જે જે ફેરફારો પડેલા છે તે ચોકસ રીતે એણે પોતે જુદા જુદા પાડી દેખડાવેલા છે. એની ત્રણ વર્ષ પછી બરલીનવાલા પેલા વખાણાએલા પ્રોફેસર ઓલસાઉસને "દાઇ પેહેલવી

લીજેનદેન" નામે એક રસાલો જરમન ભાષામાં પ્રગટ કરયો, જેમાં તેને ઇરાનના સપર પેહેલા આરબ હાકેમોના સીકકાઓ ઉપરના પેહેલવી લેખોમાંથી તપુરીસ્તાન (તાબ્રીસ્તાન,) ખોરાસાન, ઓમર, હારૂન, ખુરશીદ, ઓબીદઅલ્લા એવાં ઘણાંએક નામો સપર પેહેલીવાર ઉકલાવ્યાં, એટલુંજ નહી પણ કેટલાએક પેહેલવી આંકડાઓબી સપર પેહેલીવાર ઉકલાવી યુરોપના વીદ્યારથીઓની સનમુખ ધરયા. આ રસાલાનો ઇ૦ સ૦ ૧૮૪૮ નાં "લંડન નીઉમીશમાટીક કરોનીકલ" નાં નૂવમાં દફતરમાં સદંતર અંગ્રેજી તરજુમો પણ આપવામાં આવેલો છે, જે દરેક પેહેલવી ખાંહોને ધ્યાનથી વાંચવા લાયક છે. તબ્રીસ્તાન પ્રાંતના આ નવા આરબ હાકેમોના આ સીકકા ઇ૦ સ૦ ૬૪૫ પછીના માલમ પડેલાછે. જે કામ ઓલસાઉસન જેવા ચંચલ જરમન પંડીતે (સાવાંએ) પડતું મેલ્યું તે કામ બંગાલ સીવીલ સરવીસવાલા મી૦ એડવર્ડ થામસે પછી ઉચકી લીધું ને એણે ઇ૦સ૦ ૧૮૬૮ માં "અસલી સાસાની સીક્કા" એવે નામનો ૧૩૮ સફાનો એક નાનો જેવો ગ્રંથ સુન્દર ફોટો સાથે બાહાર પાડયો છે. હીજરી સને ૧૮—૮૧ સુધીના તમામ આરબ હાકેમો જેવાકે જીઆદ બીન અબુશુફીઆન, ઓબીદલ્લા બીન જીઆદ, સલીમીજીઆદ, અબદુલ્લા બીન જોબર અને અબદુલ્લા બીન હજીમથી તે ઠેઠ પેલા વખાણાયલા મોટા હાકેમ હજાજ બીન યુસુફ સુધીનાં સીકકા ઉપરનાં સઘલાં નામો એણે ઉકલાવ્યાં, એટલુંજ નહી પણ બસરા ને યઝદની ટંકશાલોમાં જાંહાં એ શીકકાઓ તે જમાનામાં પાડવામાં આવતા હતા, તે શેહેરનાં નામો વટીક પણ ઉકલાવવામાં એ ધુંડી વીધ્યાથી ફતેહ પામ્યો. એજ અરસામાં ઇસ્ટમઓલવાલા ડાકટ મારડટમેને પણ આ બાબદસર પોતાનું લક્ષ સારીકાની આપવા માંડયું ને અરબ, ઇરાન, અરમાની તથા રૂમસામની તવારીખની પોતે ઘણી માહીતગારી ધરાવ્યાને લીધે તથા અરદેશરથી તે ઠેઠ અરબ હાકેમોના દોર સુધીના જુદા જુદા મલી નજદીક બે થી તે ત્રણ હજાર સીકકાઓ પોતે ઘણી બારીકીથી તપાસ્યાથી, આ જાતના પેહેલવી લખાંણો ઉપર એણે મોટું અજવાલું નાખ્યું છે, જેથી યુરપના વીદ્યારથીઓ એ શખ્સના કાંઇ થોડા આભારી થયા નથી. એ સઘલા સીકકાઓને એ વીદ્યાર્થી ચાર જુદા જુદા વરગોમાં વેહેંચી નાખે છે. સાસાની સલતનતના દોરના તમામ સીકકાઓ ઇ૦ સ૦ ૨૨૬ થી ઇ૦ સ૦ ૬૫૧ સુધીના, જમીનની અંદર ગારદ થયલા જે હજુરબી આપણને ઠેકાણે ઠેકાણેથી મલી આવેછે તે સઘલાઓને એ પેહેલા વર્ગમાં મેલેછે. પારસીઓની પાદશાહત ગુરૂબ થયા પછી પેહેલવી તથા કુફી હરફે સીએ ઇ૦ સ૦ ૭૦૦ સુધીમાં અરબ હાકેમોના પડાવેલા સીકકાઓનો એ બીજો વરગ કરેછે. ત્રીજા વરગમાં ઇ૦ સ૦ ૬૪૫–૮૦૦ સુધીના તબ્રીસ્તાનના હાકેમોના સીકકાઓને એ ગણેછે ને ચોથામાં ઇરાનનાં ઉગમણુ પ્રાંતનાં મુલકોના હાકેમોએ દેવનગરી તથા પેહેલવી ભાષામાં પડાવેલા સીકકાઓ, જે ઘણા ઘસાઇ પીસાઇ ગયાથી ઉકલી શકતા નથી તેઓને એ મેલેછે. હવે સાસાની સીકકાઓ ધ્યાનથી તપાસતાં નામદાર અરદેશીરથી યાને ઇ૦ સ૦ ૨૨૬ થીતે ઠેઠ શાહાપુર ત્રીજો યાને ઇ૦ સ૦ ૩૮૯ સુધીના તમામ સીકકાઓ ઉપર એક બારદુએ પાદશાહની તસવીર સાથે "મજદીઅશન બગી મલકાને મલકા એરાન મીનુ ચીતર મન યજદાન" એવા લેખો જોવામાં આવેછે ને બીજી બારદુએ આતશનું એક પાતરૂં, જેની

જમણી બાજુ ઉપર વલી પેલા પાદશાહનું નામ ને ડાબી બાજુએ "નુવવાજી" કરી લખેલું આપણી નજરે પડે છે. બેહેરામ (વેહેરાનીસ) ચોથાથી તે પાંચમા સુધી યાને ઇ૦ સ૦ ૩૮૯—૩૯૯ સુધીના સઘલા સીકકાઓ ઉપર પાદશાહના તમામ મજકુર એલકાબોને જાવત કરી નાખી ઘણીવારતો ફકત "મલકાને મલકા" એવોજ એતાબ માત્ર લખેલો જણાય છે, ને ત્યાર બાદ હોરમઝદ ત્રીજાથી તે છેક યઝદેઝરદના જમાના સુધી યાને ઇ૦ સ૦ ૪૫૭—૬૫૧ સુધીના ઘણા ખરા સીકકાઓ ઉપર તો એલકાબ વગરજ ફકટ પાદશાહનું નામજ જોવામાં આવેછે ને જે સાથે "અફજુત" એવો આશીરવાદનો શબ્દજ માત્ર વધારેલો હોયછે. હવે હરફોના આકાર તથા મરોડ ઉપરથી એ વખતના સીકકાઓના એજ ચ્ંઅલ જરમન પંડીત ત્રણ વીભાગો કરેછે ને કહેછે કે શેહેનશાહ અરદેશરથી તે નારસી સુધી (ઇ૦ સ૦ ૨૨૬—૩૦૦)નાં સીકકાઓ ઉપરના પેહેલવી હરફો, લેખો માહેલી પેહેલવીના અક્ષરો સાથે એક મલતા ઉતરે છે. ત્યારબાદ ઇ૦ સ૦ ૩૦૦—૬૦૦ સુધીના સીકકાઓ ઉપરના પેહેલવી હરફો, લેખો ઉપરની તથા દફતરો માહેલી પેહેલવીના હરફોની ગોયા વચ્ચે વચમાનો કાલ દેખડાવેછે ને ત્યાર પછીના સીકકાઓ ઉપરની પેહેલવીના હરફો (ઇ૦ સ૦ ૬૦૦ થી ઇ૦ સ૦ ૮૦૦ સુધી) પારસીઓનાં દફતરો માહેલી પેહેલવીના અક્ષરો સાથે એક મલતા આવેછે. સાસાનીઓની પાદશાહત પુરવેના પારથીઆન પાદશાહો તથા હખામીનીઆન છત્રપતીઓના કેટલાએક પાછલા સીકકાઓ ઉપરથી પેહેલવી લેખો નજરે પડેછે, જેથી એ ભાષા ઇરાનમાં ઇસુની ત્રણસે વરસ આગમજથી કોઇ કોઇ જરથોસ્તી ટોલાંઓમાં ચાલુ હતી એમ હાલમાં કેટલાએક યુરોપીઅન આલમાઓનું જે મતછે તે મત સાથે ડાકટર હાઉગ તથા દસ્તુર હોસંગજીબી એકમત થતા હોય એમ જણાય છે.

ઇ૦ સ૦ ૧૮૬૫ માં મોશીઉ લીનોરમાએ કાબેલ ફ્રેંચ વીદ્યારથીઓને હાથે પ્રગટ થતાં "જુરનાલ આસીઆટીક" નામનાં પેલાં વખણાયલાં ચોપાનીયામાં જુદી જુદી જાતના પેહેલવી હરફો તથા એ ભાષાની ઉત્પતી વીશે એક નાદર બીના લખેલીછે, જેમાં એ કાબેલ પુરૂષ આરામીઅન (આરામીક) જેવી ઉત્તર તરફનાં મુલકોની બીઆલદી—શુરીઆની જેવી પાછલી સેમેટીક ભાષામાંથી એ હરફોની ઇત્પત્તિ ઇસુ પુરવે ૩૦૦—૧૦ સુધીમાં થવી જોઇએ એમ જણાવે છે. સીકકા તથા લેખો ઉપરની પેહેલવીના એ ઘણી ચાર વરગો કરેછે. પેહેલો વરગ અસલી પેહેલવીનો છે, જે પારથીઅન સીકકાઓ ઉપર આપણી નજરે હજુર પડેછે. બીજો વરગ પરસીપોલીસ માહેલી તખ્તીઓ ઉપરની પેહેલવી જેવી કે, હાજી આબાદનાં કોતરકામોમાં હજુરવેર મુસાફરોની નજરે પડેછે તેનો ગણેછે. ત્રીજી સાસાની પેહેલવી ને ચોથી જરથોસ્તીઓનાં દફતરો માહેલી પેહેલવી. પારસીઓનાં કીતાબખાના માહેલી કીતાબુલ ફેહેરીસ્ત નામની એક હાથની લખાયલી ચોપડીની સત્તા ઉપરથી સાસાનો પાદશાહોના જમાનામાં પારસીઓમાં જે જુદી જુદી જાતનાં લખાણો તે વેલાએ ચાલું હતાં તે વીશે એક નાદર બયાન આપ્યા પછી એ વીષય એ ફ્રાંસીસ આલમ ખતમ કરેછે. એની પછી જરમની દેશ માહેલી બ્રેસલોની વખણાયલી મદરેશાના પ્રોફેસર લીવીનું નામ એક પેહેલવી બાંહ તરીકે આપણી નજરે પડેછે. એ ગ્રહસ્થે ઇ૦ સ૦ ૧૮૬૭ ના જરમન ઓ-

રીઅનટલ સોસાએટીના ૨૧ માં દફતરમાં સીકકાઓ ઉપરની પેહેલવી ઉપર ઘણીએક નવી ઓલ આપીછે ને કેટલુએક બીજું નવું અજવાલું કરયું છે. સીકંદર પછીના બંડીઆ પારસી હાકેમો, જેઓ ઈરાનની દક્ષીણે રાજ્યાત ભોગવી ગયાછે ને જેઓ જરથોસ્તી ધરમ પાલતા હતા તેઓના કેટલાએક પેહેલવી સીકકાઓ એણે ઉકલાવ્યાછે ને એ સીકકાઓ ઉપરના એ પેહેલવી હરફો ખીઆલદી—શુરીઆની (આરામીક) અક્ષરોને ઉપર જણાવ્યા મુજબ ઘણા ખરા મલતા આવેછે એમ એણે દાખલા દલીલોથી પુરવાર કરી આપ્યું છે. જે ફ્રેંચ અને જરમન વીદ્યારથીઓ આવા આવા ઉમદા શોધો આપણે માટે કરી ગયાછે તેજ નામીચા આલેમો, લેખો માહેલી પેહેલવી ઉપરબી પોતાની શાશપો અને મીઉલેલીઅર તથા ગાતલીંગ અને બીદલ—ગનના મોટા ભયંકાર મારા કેવી રીતે ઘણા જોસથી ચલાવી ગયાછે તથા એ અજીત કીલ્લાઓને કેવી કેવી જાતની નવી નવી તરેહની યુકતીઓ અને કુનેહોથી આખરે પોતે પોતાને તાબે થવાની આઇન ફરજ પાડી ગયાછે તે રસીઆમણી બાબદોનો ઇનતખાબ આ પ્રસંગે શોખી વાંચનારાઓ સનમુખ ઘણી નમનતાઇ સહીત નીચે મુજબ ધર્યોછે.

પ્રાચીન કાલમાં જ્યારે કાગલો બનાવવાનો તથા છાપવાનો હુનર લોકોને માલુમ નહી હતો ત્યારે હીંદુસ્થાન, મીસર, આસીરીઆ, બાબેલોન તથા ઇરાનના પાદશાહો જગ્યાએ જગ્યાએ પાહાડોની અંદર કોતરકામો ચીત્રાવી પોતાની તવારીખ હવે પછીની ઓલાદ સારૂં મેલી જવાની ખાએસ દેખાડેતો, તેવા તેઓના નેક ઇરાદા સારૂં કોઇ પણ સમજુ શખ્સ તેઓ ઉપર હાલમાં તાણા જણી કરી શકશે નહી. સારાં ભાએગે ઇરાનમાં ઠેકાણે ઠેકાણે પાહાડો આવ્યાથી, તાંહાંના આગલા પાદશાહોને પોતાની મુરાદમાં બર આવવાને કાંઇ પણ નાઉમેદી થઈ નથી. હખામની તખકકાના પાદશાહોની ઢબછબ ઉપરથી સાસાનીઅનોબી પેહેલવી ભાષામાં પોતાના લેખો હાજીઆબાદ તથા નકશે રજબ અને નકશે રૂશતમ તથા પાએકલેહ (બુતખાને) નામની જગા આગલના પાહાડો ઉપર આપણી તપાસ સારૂ આજવેર મેલી ગયા છે. એ લેખો જોકે હખામની પાદશાહોના લેખો જેવા મસ મોટા વીસ્તાર ધરાવતા નથી, પરંતુ તોય તેઓથી પારસીઓને એક મોટા ફાયદો એ થયો છે જે, હાલ જમાનામાં સર વીલીયમ જોન્સ, મી૰ રીમર અને મી૰ રીચરડશન જેવા કેટલાએક ચંચલ ઉગમણ પ્રાંતના વિદ્યાર્થીઓ, જેઓ એવો શક નાખી ગયા છે જે અવસ્તાઓ જંદ, તથા પેહેલવી ભાષા પારસીઓના દસ્તુરોએ હીંદુસ્થાનમાં આવી જોડી કાહાડેલી છે તેવા ગુમાની (શકના) દેવને દૂર કરવા એક હથીઆર તરીકે તેઓ ગોયા સારાં ભાએગે આજવેર બચી રહેલા છે. અરદેશીર બાબગાનના બે નાહના લેખો ગ્રીક, સાસાની પેહેલવી તથા ખીઆલદી પેહેલવી એવી ત્રણ જુદી જુદી ભાષાઓમાં કોટરાવેલા જે શાહાદારીઓની નજરે પડેછે તે વીશે આપણે વીગતે આ વીષયની શરૂઆતમાં ઉપર બોલી ચુકા છૈયે. શાહાપુર પેહેલાનો એક નાનો જેવો લેખ ત્રણ જુદી જુદી ભાષાઓમાં નકશે રજબ આગલ કાતરાવેલો પડેલો છે. એ શીવાય ફકટ સાસાની પેહેલવીનાજ બે લેખો કીરમાનશાહ શેહેરની નજદીકીમાં તાકેબોસ્તાન નામના પાહાડોમાં શાહપુર બીજા તથા ત્રીજાના કોત્રાવેલા જણાય છે, જેઓના તરજુમા સપર પેહેલીવાર સીલવાસટર

૬ સાસી આપી ગયો છે. પાદશાહ નારસી (નરસિંહ) નો એક નાનો લેખ શાહપુર નામનાં હલ જમાનાનાં એક તારાજ શેહેરનાં કોટરકામોમાં મોસીઉ ફ્લાનદેન તથા મી૦ મારીઅરનના જણાવ્યા પ્રમાણે હજુર આપણી નજરે પડેછે ને સર વીલીઅમ ઉઝલી, શાહપુર બીજા તથા ત્રીજાના બે નાના જેવા પરસીપોલીસ આગલના પેહેલવી લેખોના ઉતારા પોતાનાં મહાભારત દફતરમાં આપી જાયછે.

એ તમામ નાના ફકરા થોડા ઘણા ઉકલી શકે તેવી હાલતમાં આજ દીન સુધી બચી રહ્યાછે, પરંતુ તેઓમાં ફકત પાદશાહના એલકાબ તથા નામો શીવાય બીજુ કશું અગતયનું દાસ્તાન આપણા જોવામાં આવતું નથી. હવે એ સઘલા લેખો ધ્યાનથી તપાસતાં ફકત હાજીઆબાદ, નકશે રૂસતમ, નકસે રજબ, તથા પાએકલેહનાં નામથી જણાયલા લેખો ઘણા લાંબા હોવાથી વીધ્યારથીઓનું લક્ષ તેઓ ઉપર અત્યારસુધી સારીકાની ખેચાયું છે ને જોકે પાએકલેહ તથા નકશે રૂશતમના પેહેલવી લેખો હાજી આબાદ તથા નકશે રજબના લેખો કરતાં વધારે લાંબા છે તોએ તેઓ માઠાં ભાએગે સારી હાલતમાં બચી શકયા નથી. અધુરી હાલતમાં બચી રહેલા તથા વખતની જાલીમ ચુંગાલથી તારાજ થઇ પડેલા નજદીક સીતેર લાઇનના નકશેરૂશતમ આગલના પેહેલવી લેખોના મુસાફરો જે ઉતારા કરી ગયાછે, તેઓની બારીકીથી તપાસ કરતાં, તેઓમાં શાહપુરી (શાહપુર), અહોરમઝદી (હોરમઝદ) તથા વહલેહલાન (વરેરાન અથવા બેહેરામ) પેહેલા સુધીના સાસાની પાદશાહોનાં નાંમો જે જોવામાં આવેછે તેથી નકશે રજબના કોતરકામો માફક એ લેખ પણ ઇ૦ સ૦ ૨૭૬–૨૯૩ સુધીમાં બનવો જોઇયે ને એ બંને લેખો એકજ અરસામાં બનેલા હોવાથી તેઓની ઇબારતબંદીબી એકમેકને મલતી આવેછે તથા હાજીઆબાદના લેખો કરતાં તેઓમાં જુજજ ફેરફાર માલમ પડેછે. એમાં બેહેરાંમ પેહલાને "બુખતેલુબાન" (મરહુમ) કરીને લખેલો છે તેથી ઉપર જણાવ્યા પ્રમાણે સાસાની તબકાના ચોથા પાદશાહના જમાના પછીનોજ એ લેખ હોવો જોઇયે ને અહીંયા રૂમી સીપાહોના ચીતારો જે જોવામાં આવેછે તેથી એ જમાનાના પારસીઓની રૂમના બલવંત શેહેનશાહો ઉપરની ફતેહોનો હાલમાં એ લેખ ગોયા એક જીવતો જેવો નમુનો છે. એ પછી બીજો અગતયનો પાહાડી લાંબો લેખ નકશે રજબનો ગણાયછે કેમકે તેની એકત્રીશ લાઇન સારી હાલતમાં અહ્યાપી બચી શકેલીછે. એને ઉકલાવવા મી૦ થામસ તથા મી૦ વેસ્ટ નામના બે અંગ્રેજોએ આજ સુધી સારૂં ધ્યાન આપ્યું છે તોપણ એ લેખ બરાબર ઉકલી શકયો નથી, કેમકે કેટલાએક અગતયના અક્ષરો ભુસરાઇ ગયાથી એની ઇબારતબંદી તરજુમો કરવા સારૂ બરાબર રીતે હજુર બેશી શકતી નથી, પણ તોબી એની અધુરી મજમુન ધ્યાનથી તપાસતાં આટલો સારાંઉસતો સેહેલથી નીકળી શકેછે, કે એમાં કોઇ પણ પાદશાહને માથે તાજ પેહેરાવવાની કીરયાનું બયાન આવેલું છે કેમકે "ફીરતાર" યાને તાજ એવો શબ્દ વારંવાર એ લેખમાં આપણી નજરે પડે છે. એ તાજને આગલા રૂમીઓ "સીદારીસ" કરી લખી ગયા છે ને ફીરદોશી, "કુલાહ" કરી વારંવાર લખે છે, કેમકે પેહેલવી લ અને ૨, ફારશીમાં ૨ ને લ માં મુબદીલ થઇ શકેછે, જેમકે, "વલેહલાન"નું ફારશીમાં "બેહેરામ" તથા "વલીરીયન"નું ફારશીમાં "બરાનુસ" કરી થઇ શકે છે.

એ લેખ પણ હાજી-આબાદની તખ્તી પછી કોતરાયલો છે, કેમકે એમાં પાદશાહ શાહપુર, હોરમજદ અને બેહેરામ પેહેલા તથા બીજાનાં નાંમો જોવામાં આવે છે માટે એ લેખખી ઉપર જણાવ્યા પ્રમાણે બેહેરામ બીજાના જમાના પછીનો બનવો જોઇયે એમ હાલ અનુમાન થઇ શકેછે. *

બેહેરામ કીરમાનશાહના બે બાજુ-બંધો યુરપનાં સંગ્રહસ્થાનોમાં હજુરવેર હૈયાત છે. એઓ માહેલા એકનો ચીતાર ઉઝલીનાં "ત્રેવલ્શ એન્ડ રેમ્સ" નામનાં પુસ્તકમાં આપવામાં આવેલો છે. એમાં એ પાદશાહની જે તસવીર આપવામાં આવેલીછે તેને માથે પારથીઅન કુલાહ જોવામાં આવેછે અને દાઢી તથા પાછલના ગુચ્છાદાર બાલો વટીક ઘણાંજ ધ્યાનથી ચીતારવામાં આવેલાછે. એ ઉપરનો પેહેલવી લેખ થોડો ઘણો ઘસાઇ પીસઈ ગએલો છે. બીજો યાકુતમા જડેલો એક ઘણોજ કીમતી બાજુબંધ જે ડયુક ઓવ ડેવનશાયરના સંગ્રહમાં સારાં ભાગ્યે હજુરવેર આપણને દેખાડવામાં આવેછે તે ઉપરની તસવીર તથા પેહેલવી લેખ તેનાં ઉકલાન સહીત મી० થામસ પોતાનાં નાનાં પુસ્તકને સફે ૧૧૦ માં આપી જાયછે. આ બંને લેખોમાં એ પાદશાહ પોતે કીરમાનશાહ યાને કીરમાન પ્રાંતનો હાકેમ એવો એલકાબ ધારણ કરેછે તથા ધારા મુજબ પોતાનું તથા પોતાના બાપ શાહાપુર ઝુંલકતફનું નામ કોટરાવી ગયોછે.

ચાલો હવે આપણે હાજી-આબાદની તખ્તીની તપાસ લઇયે, કેમકે એ લેખે થોડોમાં આજ આસરે પચીસ વર્ષની વાત ઉપર અત્રે પણ મોટો શોહોર મચાવી મેલ્યો હતો. એમાં જવાંમરદ ને દલેર શેહેનશાહ શાહપુર પેહેલાનાં કેટલાંએક મહત કરમો વીસ્તારેલાં છે ને એ લેખ પરસીપોલીસની થોડીક વેગલાઇએ કોતરાયલો હજુરવેર મુસાફરોની નજરે પડેછે. સાસાની પેહેલવી તથા બીઆલદી પેહેલવી એવી બે ભાષાઓમાં એ કોતરાયલો છે ને એની ૧૬ લાઇનં બીજા સઘલા મજકુર લેખો થાને વધારે સારી હાલતમાં હજુર બચી શકી છે, તેથી એનો તરજુમો અલે શેઠ ધનજીભાઇ પટેલ તથા દસ્તુર પેશુતનજીએ પણ આગલ કરવાની તજવીજ કરી હતી ને ઇ० સ० ૧૮૭૦ માં ડાકટર હાઉગે પણ એનો તરજુમો છપાવી પ્રગટ કરયો છે ને તેની બે વર્ષ પુર્વે મી० થામસે પણ એનો તરજુમો પોતાનાં નાનાં દફતરમાં આપ્યો છે, જે સઘલાઓની બારીકીથી તપાસ કરતાં તો તેઓ વચ્ચે બોહોલો તફાવત જોવામાં આવે છે. મી० થામસતો એવો સારાંશ ઉપજાવવા માગેછે કે એ લેખની મજમુન ધ્યાનથી જોતાં, શાહપુર પાદશાહ ઇસાઇ ધરમનો મોટો બચાવનાર હતો એમ માલમ પડેછે, પરંતુ એ ખ્યાલ એ પાદશાહની વરતણુક સાથ સરખાવતાં મુટલગ હાલમાં પાએદાર રહી શકતો નથી તથા પોતાનાજ કરેલા

* દહરખીલો તથા દસાસી, લેનારમાં તથા રીશતર, કલીન્તન તથા ગીબન અને માલકમ તથા દા० સ્મીથ વગેરે જેબી ફરેન્ચ, જરમન કે અંગ્રેજ ગ્રંથકારો સાસાની પાદશાહોની તવારીખ પોતાનાં દફતરોમાં આપી ગયાછે તે પુસ્તકોથી હવે ઘણાખરા પારસી વાંચનારાઓ સારીકાની માહીતગાર હશે, પરંતુ એ વંશની આગલા અરમાની ગ્રંથકારોની સતાને આધારે ઉપજાવી કાહાડેલી મો० એવારીસ્ત પૃદોહમની તવારીખથી તો ઘણાખરા જરથોસ્તી વીદ્યારથીઓ હું ધારૂછું જે કદાચ અણજાણ હશે માટે આ ચંચલ ફરેન્ચમેનની કલમથી ઇ० સ० ૧૮૬૬ ના "જુરનાલ આસીઆટીક"ને સફે ૧૦૧-૨૩૮ સુધી આવેલો એ વીશેનો તફશીલવાર હેવાલ વાંચવા તેઓને આ પ્રસંગે હું ભલામણ કરૂંછું.

આ તરજુમાં ઉપર મી૦ થામસ પણ કશો ભરોસો રાખી શકતો નથી માટે એ તરજુમો પડતો મેલી, નીચે ડાકટર હાઉગ તથા શેઠ ધનજીભાઇના તરજુમા તેઓનાં જુદાં જુદાં ઉકલાનો સહીત આમણ સામણ ટાંકી બતલાવ્યા છે. અસલમાં એ તખ્તીની નકલ નામીચો અંગ્રેજ મુસાફર સર આરકર પોરટર પોતાનાં ઇરાન દેશના પ્રવાસ પુસ્તકના જીલદ ૧ લાને સફે ૫૧૩ મે મેલેલી પલેટ ૧૫ મીમાં આપી ગયોછે, જે ઉપરથી જનરલ વાન્સ કેનેડીએ પણ તેનો ઉતારો પોતાનાં ભાષાશાસ્ત્ર ઉપર લખેલાં પુસ્તકમાં આપ્યો છે. હવે સર રાબર્ટ પોરટર કહેછે જે "આ તખ્તીઓ ઘણીજ ઉંચાઇએ આવ્યાથી તાંહાં બરાબર રોશની પડતી નથી અને તેથી મારાથા જેમ બન્યું તેમ તેઓની આબેહુબ નકલ કરવાની જોકે મેં સારી કોશીસ કરેલી છે, તોપણ ઉપલી ત્રણ લાઇનમાના એક બાગનો તો હું મુદલ ઉતારો કરી શકયો નથી." એ પછી વેસ્ટરગાર્દ જયારે ઇરાન ગયો ત્યારે તેઓની વધારે સહી નકલ તે પોતાની બુંદેશમાં આપી ગયો છે. આ ઊપરથી એની મજમુન ચોકસ રીતે ઉકલાવવા સારૂ આ મજકુર ત્રણ પેહેલવી ખાંહ વિદ્યાર્થીઓને કાંઇ થોડી મદદ મલી નથી. હવે આગલ શેઠ શોરાબજી સાપુરજી બંગાલીની કસાયલ કલમથી પ્રસીદ્ધ થતાં "જગત પ્રેમી" નામના ઇ૦સ૦ ૧૮૫૩ નાં ચોપાનીયાંના અંકોમાં દસ્તુર પેસુતનજીએ અસલમાં એ લેખ ઉકલાવી તેનો તરજુમો જે આપ્યો હતો તે બરોબર ન હોવાથી અત્રે પડતો મેલી હેઠલ ડા૦ હાઉગ તથા શેઠ ધનજીભાઇના તરજુમા તથા ઉકલાનો સામ સામું ટાંકયાં છે, તેમાં અલબતા ડા૦ હાઉગનો તરજુમો ઘણો પાછલથી થયાથી તથા એ ગ્રહસ્થમાં ભાષા શાસ્ત્રનાં ગ્નાનનો બોહોલો ભંડોલ હોવાથી એ તરજુમો વધારે સહી તથા ધયાન આપવા લાયક માલુમ પડેછે.

હાજીઆબાદની તખ્તીઓમાંની સાસાની પેહેલવી તખ્તીનું ઊકલાન.

ડાકતર હાઉગ પ્રમાણે.

તગલાહી જની લી મજદીઅસન બગી શાહપુરી મલકાને મલકા ઇરાન ઊ અનઇરાન મીનુ ચીસી મીન યજતાન, બરમન મજદીઅશન બગી અરતખશતર મલકાને મલકા ઇરાન, મીનું ચીત્રી મીન યજતાન નપી બગી પાપકી મલકા આપન, આમત જનમન હતીઆ શદીતુન આદીનન લુઇની શતરદરાન, ઉ બરબીતાન ઉ:લકાન ઉ અજાતન શદીતન આપણ રગલમન પવન, જનમન દીકી હનખતુન આપણ હતીઆ લચદુ જક ચીતાક, બરા રમીતુન બરા ઊલમાન વઇઆક આઇક હવીઆ રમીતુન, તમમન વઇઆક ઝક

મી૦ ધનજીભાઈ પ્રમાણે

તગરાહી વની રી મઝદીસન બહી શાપુહરી મલકાને મલકા ઇરાન વ અનઇરાન મજુ ચલી મન યઝદાન, ખુઇ (બરી) મઝદીઅસન બહી અરતહશતર મલકાને મલકા ઇરાન, મજુ ચત્રી મન યઝદાન નપી બહી પાપકી મલકા અપન, અમત વની હત્ય શદીતન અદુન વ રૂઇની શલદરાન, વ બરબીદાન શીરકાન વ અનાતન 'શદીતન વ અપન રહની પવન, વની દીકી હન હતુન અપન હત્ય? રહદુ (રજદુ) ઝક હુદાન, બન રમીતાન બન વની વીઆક યક હત્ય રમીતા, તમી વીઆક ઝક અહુર રાઇ હુવન યક હત હીતાક, હીતી

આરગુન લા પેપુન આપક હત ચીતાક, ચોતી હુમન આદીન બીરૂની પતીઆક યવુન હુમન, આખર લનમન પરમાત મીનું ચોતાકી ઉલનદલી, ચીતી મનુ પદમન કતબ હુમાન ઝક રગલ મન પવન, જન મન દીકી આઇઉ હનખ્તુન ઉ હતીઆ ઉલઝક, ચીતાકી આયું શદીતુન આખર મીનું, હતીઆ ઊલ ઝક ચીતાક રમીતુન, ઉલ મન પદમન કતબ.

હુઇ અહુન બીરૂની પતીઆકી હુવન હુઈ, અહુરની પરમત મનુ હીતાકી અવર રદરૂ? હુદી મનુ ઇદી યબ હુઇ રક રહની પવન, વની દરકી એર હન હતુન રહ તીઅ વરઝક, હીતાકી અવરા શદીતન અહુરમનું, હીતય વર ઝક હીતાક રમીતન, વની ઇદી પબ.

હાજીઆબાદની તખ્તીઓમાંની સાસાની પેહેલવી તખ્તીનો તરજુમો

ડાકતર હાઉગ પ્રમાણે.

"ઇશ્વરી પાદશાહ બાબકના નબીરા, ઇશ્વરી બુનીઆદ ધરાવનાર હોરમઝદને પુજનાર ઇરાનના શેહેનશાહ અરદેશરનો હું જે શાહપુર દીકરો છેઊં તથા ઇશ્વરી બુનીઆદ ધરાવનારો ઇરાન તથા અન-ઇરાનનો હું જે શેહેનશાહ છેઊં, તેનો આ લેખ કોતરાવેલો છે. આ તીર અમોએ અમીર ઉમરાવો, છત્રપતીઓ તથા બુજુરગવાર શખ્સોની હજુરમાં ફેંકી, આ ઓહોમાં અમારો પગ મેલ્યો ને એક નીશાન તરફ પછી બાહર તીર ફેંકયો, પરતું પેલો તીર તે નીશાનથી દુર દુર જવા લાગ્યો. જાંહાંબી પેલો તીર ફેંકવામાં આવ્યો તાંહાં પેલી નીશાન ગોયા ગેબ થઈ જવા લાગી. એટલામાં કોઇનો ગેબી હાથ આવી આ પ્રમાણે લખી ગયો જે, આ ઓહ અંદર તમારો પગ મેલશો ના ને આ નીશાન ઉપર કશોબી તીર ફેંકશો ના."

મી૦ ધનજીભાઈ પ્રમાણે.

"યજદાનથી આકાશ ઉપરથી ઉતરેલા હું છેઉ, આદેલ ને દીલોજાનથી હોરમઝદને પુજનાર બુજુર્ગવાર શાહપુરી (શાહપુર) ઇરાન તથા અન—ઇરાનના પાદશાહોનો પાદશહા; યજદાનથી આકાશ ઉપરથી ઉતરેલા હોરમજદને પુજનાર નામદાર શેહેનશાહ અરતહસતર (અરદેશરનો) હું બેટા છેઊં તથા ઉત્તમ પાદશાહ પાપાકી (બાબગાન) નો હું નબીરો થાઉછું. સારા વખતનો હું નેક ચાહાનારો છું કારણ કે આદલ કાયદા પ્રમાણે વજીરો, શીપેહશાલારો, તથા સરદારોએ મને ઘણાંક વર્ષો થયાં રાજપાત ભોગવતાં જોયો છે અને હું સર્વેનું સારૂ ચાહુંછું. મેં નીતીવાન ઉધરતા શખ્સો ઉપર સારી આબાદાની બખ્શેલીછે તથા તેઓને એલકાબો આપેલા છે. મોટી કૃપાની રાહે આ પ્રમાણે અરે! ઓ હોરમઝદ! તેં જે મને ઉત્તમ બુજુરગી આપીછે, માટે જેઓ સરસમાં સરસ ગણાતા હોય તેઓ ઉપર વખાણ બખ્શવા તું મને હીદાયત આપ. બુજારગવાર આકાશી હોરમઝદની બખ્શેશથી આ કામને લીધે નાપાક પેટીઆક (શેહેતાન) દુશમન થયોછે. નીતીવાન આદમીઓ તથા નેક મનસનીની ખાએશ ધરાવનાર પરેહજગાર શખસોને બેહેસ્તની ખુશી ખુરમીનો રસ્તો હું બખશુંછું. નેક રાહથી સરવ જાતનું જે ગ્નાન મલેછે તે માટે તેં અમોને એજ પ્રમાણે નેકી બખ્શેલીછે. જેઓ એ નેકીનો ખાયસ ધરાવે છે તેઓને હું તે બખ્શું છું અને તેમ કરવા મને પેલા ઇશ્વરી હોરમઝદે હીદાયત પણ આપેલી છે."

પાએકલેહ અથવા બુતખાના નામના આતશકદેહ આગલનો મોટો લેખ તવારીખ દાખલ હવે પછી ઘણો ઉપયોગી થઇ પડે તેવોછે, કેમકે ત્યાં જુદાં જુદાં મુલકો તથા જુદી જુદી પ્રજાઓનાં નામો વીસ્તારેલાં જોવામાં આવેછે, જેવાં કે પારસ (પારસી), અસુર (આસીરીઆ), અરમનાર (આરમીન્યા), આતરસુરીન (સીરીઅનોનો મુલક), દુરતાનું પારદાન મલકા (કુરદીશ તથા પારદા લોકોનો પાદશાહ), આબીરાન મલકા (સીંધુ નદીનાં મુખ આગલના અભીર લોકોનો પાદશાહ). એ સીવાય અહીયાં જુદા જુદા એલકાબો તથા તરેહ તરેહવાર નામો નીચે મુજબ દીસેછેઃ— જેવાં કે "રબખસતર" (નગર શેઠ), "બરબીતા" (શીપેહસાલાર), "હરપત" (હેરબુદ), "બાગદતજી જુલાદ અત" (પરમેશ્વરનો પેદા કરેલો જરથોસ્ત), "અરમની" (અહેરેમન) તથા "શીદાન" (દેવો) ઇત્યાદી. એના છુટા છવાયા બત્રીસ નાના મોટા ફકરા સર હેન્રી રાલીનસને યુરપના વીદ્યાર્થીઓની જાણ સારૂં મી૦ થામસનાં દફતરમાં ઇ૦ સ૦ ૧૮૬૮ માં છપાવી પ્રગટ કરાવ્યા છે, જેઓમાંના બાવીસ ફકરા સાસાની પેહેલવીના તથા બાકીના દશ બીઆલદી પેહેલવી હરફોમાં છે, અને એ લેખને જો બરાબર ગોઠવ્યો હોયતો, નકશે રૂશતમના લેખો કરતાંબી એ વધારે ઉપયોગી થઇ પડે તેવો છે. એ લેખ શાહપુર પેહેલા તથા બેહેરામ બીજાનાં રાજ્યના અરસામાં બનવો જોઇએ, એમ એની ઇબારતની ઢબછબ ઉપરથી જણાયછે. સીકકાઓ તથા લેખો માહેલી પેહેલવીની ઉપર મુજબ જાવતમાં તપાસ લઇ રહ્યાબાદ, ચાલો હવેથી આપણે દફતરો માહેલી પેહેલવી ઉપર નુકતેચીની કરવી શરૂ કરયે.

વેદ અને પુરાણના ભણનાર, તથા રામાયણ અને મહાભારતના મોટા પોઠાઓ ઉઠલાવનાર, નળ અને દમીયંતીનાં આશકીનાં બાજારમાં ગીરફતાર થઇ પડેલા જવાંમર્દ નર તથા સુન્દર નારીઓના મોટાં જીગર સુઝક કીસ્સાઓ તપાસનાર, તથા શકુંતલા જેવા મોટા અશરકારક નાંટકો વાંચનાર, શીયાના હીંદુ વીપ્રોનો (પંડીતો) આપણને આજે જ્યારે તાણો મારેછે ને જે વાતને જરમન ઓલમાઓ (સાંવા) વટીક જ્યારે ટેકો આપે છે કે, "દેખડાવો અરે! ઓ પારસાયા પુત્રો! તમારી અવસ્તાઓ જંદ, પેહેલવી તથા પુરાતન ઇરાની ભાષાઓમાં કીતાબ રચનારા ઓમાંથી અમારા પાણીની જેવા મોટા બ્યાકરણીયો, પાતનજલી જેવા મોટા શબ્દ કોષ અભ્યાસીઓ, ભાશકરાચારય જેવા મોટા સીદ્ધાંતીઓ, શંક્રાચારય જેવા મોટા વેદાનતીઓ, વાલમીક જેવા કાવ્યરૂપી ઢબછબના બોહોલાં લખાણ કરનારાઓ તથા કાલીદાસ જેવા મોટા રંગીન નાટક રચનારાઓ?" ત્યારે ઝુડાબંદ જરથોસ્તરો તેઓનાં લખાણો આપણને યાદ આવેછે, દાનેશ્વર અને આદરફરૂબગ બીન ફુરૂખજાદ, તથા તોસર અને આદરબાદ મારેસપંદ, આપણી નજરે પડેછે. શેહેનશાહ દારયવુશ એક ઇતીહાસ રચનાર તરીકે આપણી સન્મુખ આવી ઉભો રેહેછે ને ઘણાએક દસ્તુર મોબેદોનાં લખાણો જે ઉમરનાં ડરામણા ખલીફાઇ ફતવાને લીધે આજે જે વીસરાઇ ગયાં છે, તે ઉપર આપણને મોટો ગમ ને અફસોસ આવો પડેછે. પારસીઓની આગલી બુલંદ શલતનત આજે સેંકડો વરષ થયાં જે પાયમાલ ને ગારદ થઈ ગયલીછે તો તે વીશે આપણને હાલમાં કશોએ મુજાદો રેહેતો નથી, કેમકે હરેક ટોલાં ઉપર રાજ પાટ અને ધનખજાનો તથા નેક દાહાડો અને બુલન્દ નસીબો હમેશ સુધી બરકરાર

રહી શકતો નથી. પારસીઓમાંથી આજે કારૂન જેવા મોટા અથંગ ખજાના ધરાવનાર તથા રાથસચાઇલ્ડ જેવા મોટા દોલતમંદ સાહુકાર સોદાગરોનાં નામો જે હવે ભુલાઈ ગયાંછે તો, તે વીશે હાલમાં આપણને આજે કશોએ ગમ કે દરદ થતાં નથી, પરંતુ આગલાં બલવંત ઈરાની રાજને મોટી પુષ્ટિ આપનાર તથા પાછલા જમાનાઓમાં પેદા થતાં ઉછલતાં બચ્ચાંઓની નજરમાં તેઓની વધારે વાખવાખી અને કીરતી ગવાડનાર પારસી ફીલસુફો, પારસી ઓલમાઓ, પારસી શાએરો તથા પારસી પ્રશાહત અને બલાગત ભરેલાં ભોહેલાં લખાણ કરનાર નામવર પુરૂષોનાં નામો તથા લખાણો હવે હાલ સુધી જે બચી શકયાં નહી, ત્યારેજ તેથી પરલોકો આગલ તથા દીન દુશમનો સન્મુખ શરમના મારયા આપણને આજે નીચું જોવું પડેછે.

સુરતવાલ દસ્તુર દારાબના પેલા વખણાયલા ફ્રાંસીસ ચેલાનાં મરણ બાદ પ્રોફેસર રાસકે પેહેલવી હરફો ઉપર કેટલાએક માકુલ વીચારો જણાવ્યા હતા, જેઓનો લાભ લેઈ મીઊનીક (મીઉનીશન) ના નામીચો મદરેસાના શીક્ષાગુરૂ મારક જોસપ મુલરે ઇ૦ સ૦ ૧૮૩૯ નાં એપ્રેલ મહીનાનાં *"જુરનાલ આસીઆટીક" નામનાં પેલાં માહાવારી ફ્રાંસીસ ચોપાનીયાંમાં પેહેલવી દફતરો માહેલા હરફો ઉપર એક મોટીબર રસાલો લખી કાહાડયો હતો. એમાં યુરોપના સુધરેલા કાયદાસર સપર પેહેલીવાર એ જાતના હરફોની તપાસ થયલી કેહેવાય છે, ને એ વીદ્યાર્થી જરમન પ્રોફેસરમાં સેમેટીક ભાષાઓનું પણ ઘણું સારૂ ગ્નાન હોવાથી કેટલાએક પેહેલવી શબ્દોની પછવાડે આ પ્રમાણે ૭ હરફ જે જોવામાં આવેછે ને જેને આપણા દસ્તુર ભોએદો હ પાતો ઉચ્ચાર વીનાનો શાકેન હરફ કરી ગણેછે, તે હરફ ક કરી વાંચવો જોઇયે એમ એણે તાંહાં દાખલાં દલીલોથી પુરવાર કરી આપ્યું છે, કેમકે એવા મરોડવાળા હરફનો અરબી ને પારસીમાંબી ક (ૡ) તથા યુરીઆની ભાષામાં પણ ક ના જેવોજ ઉચ્ચાર થાયછે. પેહેલવી બાંહે એકેજ હરફના જે જુદા જુદા ઉચ્ચારો કરેછે, તેવાં બીકટ કામનો બી થોડો ઘણો ફેસલો કરવાને જે યતન આ રસાલામાં કરવામાં આવ્યો છે તે પણ ઘણો ધ્યાનથી વાંચવા લાયકછે, કેમકે તેથી આ ગ્રંથકારનાં ભેજાંનું પ્રફુલ્લીતપણું ઘણું સારીકાની દીપી નીકલે છે. ત્યારબાદ ઇ૦ સ૦ ૧૮૪૩ માં એજ કાબેલ પુરૂષની કલમથી જરમન ભાષામાં "બુંદેશ" નામની પેહેલવી કીતાબના શરૂઆતના ભાગની તપાસ લેવામાં આવી હતી, જેમાં જરથોસ્તી ધરમમાં "જરવાને અકરને" યાને બેકીનાર જમાનાને શું શું બુજુરગી આપવામાં આવીછે તે વીશેનો અગત જોગ ફેસલો કરવામાં આવેલો છે. એ પછી ઇ૦સ૦ ૧૮૫૧ નાં સાલમાં પ્રોફેસર વેસ્ટરગારડે * એ આખી "બુંદેશ" નો લીથોગ્રાફ કરાવીને તેને યુરોપના વીદ્યાર્થીઓની જાણ સારૂં સપર પેહેલીવાર છપાવ્યો હતો. કહેછે જે એ "બુંદેશ" પેલો નામાંકીત ડેન પ્રોફેસર રાસક, હીંદુસ્થાનમાંથી પોતા સાથે લેઇ ગયો હતો ને એ હાથનું લખાયલું અસલ દફતર હજુરવેર ડેનમારક દેશના પાએતખાત શેહેર કોપનહેગનની લાઇબ્રેરીમાં આપણા જોવામાં જે આવેછે, તે દફતર આજ આસરે ૫૪૦ વરષની વાત ઉપર લખવામાં આવ્યું હતું. ત્યારબાદ નજદીક બે વરષ પછી ડાકટર સ્પિગલે વંદીદાદનો પેહેલવી તરજુમો તથા તેની

* આ પ્રોફેસર તા૦ ૯મી શપટેમબર ૧૮૭૮ ને દીને ગુજરી ગયોછે.

પાંચ વરસ પછી ઇજેશને તથા વીસપરદના પેહેલવી (હુજવરશ) લખાણોની વીએના શેહેરમાંથી છપાવી બાહાર પાડયાં હતાં.

"કોમેનતેર સુર લ યશનાં" યાને "ઇજશની ઉપર શરેહ" એવે નામના પેલાં મહાભારત ફ્રાંસીસ દફતરનો બાનવનાર તથા જંદ ફીલાલોજી (ભાષા શાસ્ત્ર) ના એલમનો પીતા પ્રોફેસર યુજેન બુરનુફ,જેની બેહદ કાબેલીઅત વીશે બોલતી વેલાએ આક્ષફરડની મદરેશાનો નામાકીત પ્રોફેસર માક્ષમુલર પોતાનાં એક છેલ્લાં ભાષણમા આ પ્રમાણે મોટા માન ભરેલા તારીફના શબ્દો વાપરેછે જે "એની જગા ફ્રાન્સની વીદ્યાલયેમોતો શું પણ જરમનીના એલમાઓના મંદીરોમાં વટીક આજ સુધી ખાલી પડેલીછે"; તેવા માહાપુરૂશના ઇ૦સ૦ ૧૮૫૨ ની નજદીક અધવયમાં થયેલાં કમોસમનાં મરણથી, જયારે તેના દોશત આશનાઓ તેનાં ભેજાંની ચંચલ માટી ઉપર સોગ કરતા પડેલા હતા, જયારે પેહેલવીખાંહ તરીકે ડાકટર સ્પીગલ તથા ઓલશાઉસનનાં પ્રખ્યાત નામો યુરોપના એલમાઓની બત્રીસીએ ચહડી રેહેલાં હતાં, જયારે પ્રોફેસર વેસટરગારડ ફરંગસ્થાનનાં જંદ વીદ્યારથીઓનો પેશરો કેહેવાતો હતો, જયારે હાલના વખતના આપણા કેટલાક પારસી વીદ્યારથીઓએ જરથોસ્તી ધરમની અસલી ખુબી શોધી કાહાડવાના નેક ઇરાદાથી "રાહાનુમાએ માઝદીઅશના" નામની એક તરતની નવી ઊઠી ઉભી થએલી મંડલીની મારફતથી પોતાની મંતકી તકરાર તથા ઉલટપાલટ તપાસોથી આપણા ટોલાના દીનઆગાહ દશતુર દાવરો તથા મોબેદો અને પરહેજગાર બેહેદીનો તથા ભોલી ને રાંક સ્ત્રીઓ વચ્ચે ચોમેર, ઘેરે ઘેર ને મોહોલે મોહોલે મોટા શોહોર અને ઘોંઘાટ મચાવી મેલીઓ હતો; ત્યારે એક નોજવાન જરમન માએનો પુત જંદ અવસતાના મોટા ખીકટ એલમની શરતનાં ઓહેલાં મેદાનમાં પોતાના રખસને જોલલાન કરતો ઘણો દુરથી સપર પેહેલીવાર પેહેલવી ખાંહોની નજરે પડવા લાગ્યો. એ જુવાન વીદ્યારથીનું નામ ડાકટર મારટીન હાઉગ * કરી હતું, જે ઘણી કે ઘણુક શુધી મીઉનીશનની મોટી નામાકીત જર્મન પાઠશાલામાં ઉગમણુ પ્રાંતની ભાષાના શીક્ષાગુરૂ તરીકે ઘણી માન ભરેલી ખુરશી ઉપર બીરાજી, હાલમાં મરણ પામીઓ છે અને પારસીઓનાં ધરમની પુખત માહીતગારી ધરાવનાર અરવાચીન જંદ વીદ્યારથીઓમાં મોટો નામીચો ઉસ્તાદ ગણાએ છે. આ નવાં મેદાનમાં એની કોશેશનો સારાંશ "ગોતીનજર ગેલરત એન જાઇગન" નામનાં એક, પંકાએલાં જરમન વીદ્યારથીઓના હાથથી લખાતા ચોપાનીયાંમાં ઇ૦ સ૦ ૧૮૫૪ ના એક અંકમાં સપર પેહેલીવાર બાહેર પડયો. એમાં એણે વેસ્ટરગારડની બુંદેશ ઉપર ટીકા કરવી વેલાએ પેહેલવી ભાષાના વ્યાકરણની થોડીક સમજ તથા એ દફતરના સપર પેહેલા ત્રણ બાબોનો તરજુમો યુરોપના એલમાઓની સનમુખ ધરયો હતો તથા તે સાથે હાજીઆબાદની પેલી બંને તખતીઓ માહેલા કેટલાએક શબ્દો ઉકલાવી, એવો સારાંઉશ આણયો હતો જે બારીકીથી જોતાં એ તખતીઓની ભાષા તથા દફતરો માહેલી પેહેલવીની ભાષા વચ્ચે માતર જુજજ તફાવત જોવામાં આવેછે, અને એઓમાં સીવાદ યાને

* સ્વીતઝરલાંદનાં, રાગાતઝ શેહેરમાં આ જાંણીતો જંદ વીદ્યારથી, હવા ફેરબદલ કરવા જતાં, તા૦ ૩ જી જુન ૧૮૭૬ માં આસરે બપોરના, એક સનીવારને દીવશે સ્વરગવાશી થયો છે.

ખીઆલદીઆ પ્રાંતની સેમેટીક ભાષાના શબ્દો ઇરાની ભાષાના શબ્દો સાથે આમેજ થએલા જોકે જણાએછે, તોપણ એઓનો મુખ્ય બાંધો આરીયન ટોલાની ભાષાઓના કાનુનો પ્રમાણે રચાએલો માલુમ પડી આવેછે. એજ અરસામાં વેસ્ટરગારડે પણ પોતાના "જંદ એવસતા" નાં પેહેલાં દફતરના દીબાચામાં પેહેલવી ઉપર કેટલાએક નવા ને માકુલ વીચારો જણાવ્યા હતા, અને એવો અભીપ્રાય આપ્યો હતો જે લેખો માહેલી પેહેલવી ભાષાનો માચડો સેમેટીક ટોલાની ભાષાઓના કાએદાસર બંધાએલો છે ને જેઓ અંદર આરયન ટોલાની ભાષાઓના શબ્દો આમેજ થએલાછે ખરા, પરંતુ દફતરો માહેલી પેહેલવી તો પાજંદ અથવા પુરાની ફારસી જેવી ફકત ચોખી ને શુદ્ધ આરીયન (ઇરાની) ભાષાછે. હવે ઇરાનીઓ જેમ જેમ સેમીટીક ટોલાંના સંબંધમાં વધારે આવતા ગયા તેમ તેમ પોતાની ભાષાને વધારે પુખ્ત કરવા, દફતરો માહેલી પેહેલવીમાંથી પાછલથી કેટલાક સેમીટીક શબ્દો ડા૦ હાઉગના ઉપર જણાવ્યા પ્રમાણે જે આમેજ કરી ગયાછે તો, તેની સમજ સેહેલમાં આપણને ઉતરી શકે તેવીછે, કેમકે હાલ આપણે તેજ પ્રમાણે ગુજરાતી ભાષાને પણ પુખ્ત કરવા અંગ્રેજી તથા ફારસી શબ્દો વારંવાર વાપરયે છીએ. એ પછી નજદીક બે વરષ બાદ ડાકટર સ્પીગલે હુજવરશ ભાષાનું વ્યાકરણ ઘણાં મોટા પાયા ઉપર રચી છપાવી પ્રગટ કરયું. એમાં જોકે અત્યંત મેહનત લઇ પેહલવીને લગતી ઘણીએક બાબદોનો સારો સંગ્રેહ કરવામાં આવ્યોછે, તોપણ કેટલાએક શબ્દોનાં મુલ દેખાડવાતાં વારંવાર એ ચંચલ વીદ્યારથીએ મોટું ગોતું ખાધેલું છે, જે વીશેની તપાસ ડાકટર હાઉગે ઉપર જણાવેલાં ગોટીનગન યુનીવરસીટીના વીદ્યારથીઓની કલમથી નીકલતાં ચોપાનીયાંના ઇ૦ સ૦ ૧૮૫૭ નાં એક આંકમાં લીધી હતી. હવે ઇ૦સ૦ ૧૮૬૦ માં વલી આ પેહેલવી વ્યાકરણના વધારા તરીકે એજ અરલાંગન વીદ્યારથીએ પેહલવી દફતરો ઉપર એક બીજો નવો ગ્રંથ પ્રસીદ્ધ કીધો. એમાં એણે ઇસાઇ તથા જરથોસતી ધરમના કેટલાએક કાનુનો વચ્ચે એકસરખાપણું દેખાડવાતાં ઘણોએક ગુચવારો કરી મેલ્યોછે. એજ હીંગામમાં વીએનાની મદરેશાના હાલના એક શીક્ષાગુરૂ ડાકતર સાચુએ પણ "રાએલ એશીઆટીક સોસાઇટી" નાં એક ચોપાનીયાંમાં એજ બાબદસર ઘણોએક નવો ખુલાસો કરયો હતો.

અત્યાર સુધી જેબી શખશો પારશીઓનાં ધરમના દફતરો ઉપર નુકતેચીની કરી ગયાછે તેઓ માહેલા ઘણા ખરાઓ અલે વાળા પાદરી વીલશન તથા રાટરડમ વાલા પાદરી શી. પી. ટીલ માફક કોઇ પણ, ધરમના ઉપાધયાઓ નહી હતા. હવેથી પેહેલવીખાંહ તરીકે કેટલાએક ધરમના ઉપાધયાઓનાં નામો વાંચનારી આલમ સામણે ધરવા અગત જોગ થઇ પડેછે. પ્રખ્યાત ડાકટર હાઊગના એક હમશેહેરી રેવરન્ડ વીનડીશમાનનાં મરણ પછી તેની બુનદેહશનો તરજુમો નોટો સીખે ડાકટર સ્પીગલે વલી ઇ૦ સ૦ ૧૮૬૩ માં છપાવી પ્રગટ કરયો. એને પાંચ વરષ નહી થયાં એટલામાં મારબરગ વાલા એક મેહેનતુ ને એકમારગી વીદયારથી ફરડીનાનડ યુશતીએ એજ દફતરનો એક બીજો નવો તરજુમો છપાવી બાહેર પાડયો, જેમાં તેણે એ પુસ્તક શાહનામાના જમાનામાં રચાયું હોય તેવો પોતાનો અભીપ્રાય આપયો હતો, પરંતુ તે વીચાર એ ચોપડીની ઇબારતબંદી સાથ સરખાવતાં હાલમાં પાએ-

દાર રહી શકતો નથી. ખરૂછે કે એ દફતરના એક બે બાબોમાં ને તેબી છેક તેઓની આખરીમાં અરબોનો શલતનત વીશે બયાન આપવામાં આવેલું છે, પણ તે દાસ્તાન પાછલથી એ દફતરમાં વધારેલું દીસેછે, ને એ પુસ્તકની ઇબારતબંદી નકશે રજબના પેહેલવી લેખોને મળતી આવેછે, માટે એ દફતર અસલમાં ઇસુની નોમી સદીની નજદીક આખરીમાં રચાવું જોઇએ એમ ડાકટર હાઉગ વીગેરે બીજા કેટલાએક પેહેલવીખાંહાં વીદયારથીઓ વીચારેછે. તે સાથે વલી એમાં કેટલાએક અરબી શબ્દો આવેલાછે, એમબી ડાકટર ચુસતી જણાવવાને જે હીંમત કરેછે તે વાત પણ ડાકટર સાચુએ "જરમન ઓરીઅન્ટલ સોસાઇટી"નાં ચોપાનીયાંના એક આંકમાં એ દફતર ઉપર નુકતેચીની કરતી વેલાએ દાખલા દલીલો સાથે રદ બાતલ કરી આપી છે. એ ગ્રંથ અસલમાં "જંદ આકાશ" નામનાં કોઇ એક ગુમ થઇ ગયલાં પુરાનાં પેહેલવી તથા તેવાંજ બીજાં દીનના પુસ્તકોની સતા ઉપરથી રચવામાં આવ્યેછે, એમ એ કીતાબનો બનાવનાર જણાવી ગયો છે. એજ અરસામાં પુનાવાલા દસ્તુર હોસંગજીએ "ફરંગે ઉમીઆક" તથા ત્યારબાદ "સાસાનીઅન ફરહંગના" તરજુમા અંગ્રેજીમાં છપાવી પ્રસીદ્ધ કરયાછે ને તે પછી દસ્તુર પેશુતનજીએ પણ એ ભાષાનું એક મોટું વ્યાકરણ છપાવી પ્રગટ કરયું છે ને હાલમાં "દીનકરદ"નો તરજુમો કરવામાં પોતે રોકાએલા છે ને જેનાં કે બે અંકો તો અત્યાર શુધીમાં પ્રસીદ્ધ પણ થઇ ચુકયા છે. વલી દશતુર જામાશપજી મીનોચેરજી જામાશપ આશાના બી હાલમાં એ ભાષાનો કોષ મોહોટા પાયા ઉપર રચવામાં મશગુલ થએલા છે, જેથી આગલ ચાલતાં પેહેલવી ખાંહોને ઘણું શવલ થઇ પડે તેવું છે. આ પ્રમાણે પારસી દસતુરોને યુરોપના વીદ્યારથીઓ સાથે બાથ ભીડતા જોઇ આપણને ઘણો સંતોષ તથા મોટો આનંદ ઉપજે છે.

હવે પેહેલવી શબ્દના અરથ વીશે પણ વીદ્યારથીઓમાં હજુર સુધી મુખતેલાફ વીચારો ચાલુછે. આંકીટલ એ શબ્દ અસલમાં "પેહેલુ" યાને બાજુ, એટલેકે સરહદ આગલનાં પ્રાંતોમાં બોલાતી ભાષા એ ઉપરથી ઉત્પન્ન થયલો છે, એમ પોતાનો અભીપ્રાય જણાવેછે. કોઇક વીદ્યારથીઓ એનો અરથ પેહેલવાનોની ભાષા એમ કરેછે, અને ડા૦ હાઉગ એમ ધારે છે જે એ લુગત અસલી ઇરાનીઓની ભાષાઓને સાધારણ રીતે લગાડવામાં આવતો હતો. દસ્તુર પેસુતનજી પેહેલવ બોલની ઉત્પતી અવસ્તાઇ લુગત "પેરેથવ" ઉપરથી થાઇ હોય એમ ધારેછે કે, જેથી એ બોલનો અરથ રસ્તા અથવા મારગને લગતી યાને રેવાજી એટલે કે ચાલુ ભાષા એમ થાયછે, એમ આપણો આ પેહેલવી ખાંહા પાણીનો વીચારે છે. આ સઘલાઓની ચાલો આપણે નીચે જરા જાવતમાં તપાસ લેઇજીએ. "રામાયન" તથા "માહાભારત" અને "મનુસ્મૃતિ" તથા પાછલા હીંદુઓની પોથીઓમાં પણ કેથે કેથે પારશીઓના અસલી નીઆએગાંનોને તેઓની અત્યંત બાહાદુરી તથા જોર (બળ) ને લીધે હંમશ "પહલવાસ" કરી લખવામાં આવેલા છે અને "અથર્વણ વેદ સહીંતામાં" તો કદીમ બાખત્રીઅનોને "બજહીક" અથવા "બાળહીક" તથા તેઓનાં પાએતખત શેહેર બલ્ખને બહલ કરી આગલા હીંદુઓ લખી ગયા છે. મોઝીસ ખોરીની પોતાની આરમીનીઆ દેશની તવારીખમાં એ શેહેરને

બહલ અથવા બહ્ય કરી કેહેતા હતા એમ જણાવી જાયછે અને અહીયાંજ એના કહયા પ્રમાણે આરસસીસ વંશનાં મુલ પુરૂસ નામદાર અરસસનું પાયતખ્ત પણ હતું. અરમાની ગ્રંથકારોનાં આવાં લખાણો ઉપરથી ડા૦ મારડતમેન પેહેલવીનો અર્થ બાખત્રીઅનોની ભાષા એમ જે ઉઠાડવા માગેછે તે વીચાર ડા૦ હાઉગે પોતાના એક રસાલામાં ભાષા સાસ્રના કાયદાને અરથે વાજબી રીતે રદબાતલ કરી દેખડાવ્યો છે. પણ મને સમજણ પડતી નથી કે શી પ્રકારે આ જરમન પંડિત "શાહનામેહ" ઉપરથી એમ સારાંઉશ ઉપજાવવા માગેછે જે એ શબ્દ પેશદાદી, કીઆની, હખામની, આરસસીસ તથા સાસાની વગેરે સઘલાં અગલી ઈરાની ટોળાંઓની ભાષાઓને સાધરણ રીતેજ માંત્ર કામે લગાડવામાં આવેલો છે. ફીરદોસી તો સાફ કહેછે જે:—

"અગર પેહેલવાની નદાની ઝબાન
બ તાઝી તું અરવંદરા દઝલ ખાન."

યાને "પેહેલવી ભાષા જો તને નહીજ આવડતી હોયતો અરવંદને તું અરબીમાં દઝલા કરીને સમજજે."

આ બેતમાં પેહેલવીને ઝબાન કરી ફીરદોસી સાફ જણાવી જાયછે, કે જે સાથે આગલા અરબ ગ્રંથકારો પણ એક મત થતા આવ્યાછે એટલુંજ નહી પણ એ ભાષામાં અત્યાર સુધી બચી રહેલા પેહેલવી પુસ્તકો તથા સીક્કા અને ઈરાની લેખો વઠીક ગવાહી આપેછે, માટે ડા૦ હાઉગ એ શબ્દનો ઉપર જણાવ્યા મુજબ જે ઓહોલો અરથ ઉઠાડવા માગેછે તે મારા નાકેશ વીચાર પ્રમાણે પાયદાર ઉભો રહી શકતો નથી. હવે એ વીશે જુદા જુદા લખનારાઓના વીચારોનો સારીકાની મુકાબલો કરયાથી તથા સઘલી બોરદુવાલાઓની તકરારોને પુરતો ઈનસાફ આપ્યા ઉપરથી હું મો૦ કુઆતરમેર સાથે એક મલતો થઈ, એનો અરથ પારથીઆ દેશની ભાષા એમ કરવા દુરસ્ત વીચારૂં છું. એ ટોળાંના પેહેલવાની ગુણો તમામ લોકોમાં મશહુર હતા, અને પાછળથી તેજ ગુણો સાસાનીઓમાં પણ પ્રકાશી નીકલ્યા હતા, માટે પેહેલવીનો અરથ પારથીઆન તથા સાસાનીઆન જેવા પેહેલવાનોના દોરની વેળાની ચાલુ ભાષા એમ થાયછે. એભાષા ગુસતાસફી પ્રાંતમાં સર વીલીયમ ઊઝલીના જણાવીયા મુજબ ઈસુની છેક ૧૪ મી સદી વેર ત્યાંના રેહેવાશીઓમાં બોલાતી હતી, અને કેટલાક મુસાફરોના કહ્યા પ્રમાણે શીરવાન પરાંતમાં બુદારશ નામનો એક રખડતો રઝળતો ટોળો હાલમાંબી જે વસેછે, તે લોકોએ પોતાના વેહેવારમાં હજુર સુધી એ ભાષાને નાકેશ હાલતમાં બચાવી રાખેલીછે, એટલુંજ નહી પણ કેટલીએક જંગલી કુરદીશ ભાષાઓ પણ પેહેલવીને મળતી આવેછે એમ કેટલાક વિદ્યાર્થીઓ વીચારેછે. કેહેછે જે તેહમુરલંગે પોતાનો એક વૃતાંત એ ભાષામાં પણ રચાવ્યો હતો અને જે પુસતક વીશે જો બરોબર શોધ થાયતો, હજુરવેર તે આપણાં હાથમાં આવી શકે તેવુંછે. આ ઊપરથાબી ખુલ્લે ખુલ્લું માલમ પડેછે જે એ ભાષા વખતે છેક આ જંગી પેહેલવાનના જમાના સુધી ઈરાન અને તુરાનનાં કોઈ કોઈ લડાએક ટોળાંઓમાં વઠીક બોલાવવી જોઈએ; નહીતો કે અમીર તેહમુરને પેહલવી જેવી આવી હાલમાં એક નરણ પામેલી ઝબાનમાં, પોતાની જીંદેગાનીનો હેવાલ લખાવવા કસી પણ ગરજ પડતે નહી.

"સારેસ્તાને ચહાર ચમન" નામની ફારસી કીતાબનો બનાવનાર મોબેદ ફરઝાને બેહેરામ પણ પેહેલવીના જમાનાનાં

બચેલાં તથા ત્યારબાદ ઇરાનના દાનાવ જરથોસ્તીઓના હાથનાં, પુરાની ફારસી, દરી, તથા હાલની ચાલુ ફારસી જેવી શીરીન ઝબાનમાં રચાયલાં નજદીક હડીસો ત્રણસો ગ્રંથોની પોતાનાં દફતરમાં એક ટીપ આપી ગયેછે અને તેમજ "દબેસ્તાન ઉલ મઝાહબ" યાને ધરમો શીખવાની મંખ્તબ એવે નામની પેલી નામીચી ફારસી ચોપડીનો લખનાર, હજરત આઝરકેવાનનો બેટો મોબેદ કેખશરૂ પણ, આગલા પારસીઓના હાથના લખાયલાં ઘણાંએક દફતરોની શાહદત પોતાની આ કીતાબમાં ટાકી જાયછે, પરંતુ ત્રણ ચાર નાના રસાલા શીવાય તે સઘલાં પુસ્તકોની ગંધ કે નસલ વટીક આજે માલમ પડતી નથી. આ દુનીયાની બોહોલી સપાટી ઉપર તરેહવાર થઇ ગયલા આગલા મજહબો તથા હાલના તમામ ચાલુ અને જાણીતા ધરમો વીશે સારેસ્તાનીની કલમથી રચાયલી પેલી ઘણી વખાણાયલી અરબી કીતાબ "મીલલ વ નહલ" જેવી જ, આ ફારસી ચોપડી પણ બીજી એક ઘણીજ મોતેબર કીતાબ ગણાયછે. એનો બનાવનાર મોહસન ફાની નામનો કોઇએક મુસલમાન સાહેર થઇ ગયોછે, એવી અસલમાં સર વીલીયમ જોન્સની કળપણા ઉપરથી લઇ ભાગેલા સર્વે યુરોપીયન ગ્રંથકારોનો હાલ ચાલુ વીચાર, હવે ભુલભરેલો માલમ પડેલો છે, કારણ એને માજી દીવાન રાજા ચંદુલાલના દોરમાં આ સદીની શરૂઆતમાં હેદ્રાબાદમાં થઇ ગયલા તેના એક એસી નામે લછમી નારાયણે "ગુલે રાના" નામનો એક ફારસી ગ્રંથ જે બનાવ્યો છે, તેમાં મોહસને ફાનીની જીંદગીનો જે હેવાલ તે દાનાવ હીંદુ આપી જાયછે તે સાથે "દબેસ્તાન" ના બનાવનારની હીંદુસ્થાનની મુસાફરીના સને દરોબસ્ત એકસાન ઉતરતા નથી. આ દફતર કોઇ પારસીની કલમથીજ રચાવવું જોઇયે એવો એનો ગુજરાતી તરજુમો કરતા મોબેદ ફરદુનજી મરઝબાનજીનો જે અભીપ્રાય હતો, તેને એ કીતાબની રચના ઉપરથીબી બારીકીથી જોતાં સારીપેઠે મજબુતી મલી શકેછે. સર વીલીયમ ઉઝલી તથા મુલાં ફીરોજીના શોધો ઉપરથી એના મુસનફનો તખલલુસ શાહ મોબેદ કરીને હતો, એ વાત હવે ચોકકસ રીતે સીદ્ધ થઇ શકેછે, કેમકે એ ગ્રંથકાર પોતા સારૂં મોબેદ એવો એલકાબ વારંવાર જાગતમાં અંહીં તહીં ધારણ કરી જાયછે. ઉપર જણાવ્યા મુજબ એ દફતર મોબેદ કેખસરૂની કલમથી મારા વીચાર પ્રમાણે જે રચાયલું છે તે વીશેની મારી દલીલો કોઈક બનતી જોગવાઇએ હું હવે પછી વીગતે રજુ કરીશ.*

હવે સવાલ એ ઉઠેછે જે પેહેલવીને હુજવરશ કરીને પણ વારંવાર જે લખવામાં આવેછે તેની તે સમજણ શું? સપર પેહેલીવાર "જવારશ" એવો શબ્દ અરબ ગ્રંથકાર મહમદ બીન ઇશાકની કલમથી રચાએલી "કીતાબુલ ફેહેરીસત" નામની

---

* જુઓ શેહેનશાહ અકબરે હીંદુસ્થાનમાં થોડુંક સુધી દાખલ કરેલા નવા ઇલાહી મજહબ વીશે, મુંબઇની રોયલ એશીઆટીક સોસાઇટીમાં ઇ૦ સ૦ ૧૮૧૮ ની તા૦ ૨૯ સપટેમ્બરે કરનલ વાન્સ કેનેડીએ વાંચેલો નોબંધ, જે એ મંડલીનાં દફતર બીજાંને સફે ૨૪૨ માં પ્રસીદ્ધ થયલોછે, અને જેમાં "દબેસ્તાન" ના બનાવનાર સારૂં કાંઇક ચુનોચરા કરવામાં આવેલીછે, તથા તે સાથે એજ સાલનો તારીખ ૫ મી મારચે "દબેસ્તાનનો બનાવનાર કોણ"? એવે નામનો એજ મંડલી સન્મુખ વંચાયલો બીજો એક રસાલો જે એજ દફતરને સફે ૩૭૪ માં સદાબરો છાપવામાં આવેલો છે તે.

એક ઘણી પુરાણી અરબી ચોપડીમાં જોવામાં આવેછે, જાંહાં સાસાની પારસીઓનાં જમાનામાં લખાતાં સાત જુદાં જુદાં ખતો વીશે બયાન આપ્યા બાદ, હુજવરશ જાતનાં લખાન ઉપર બયાન આપવા એ ગ્રંથકાર ઉતરી પડે છે. તારબાદ ઇસુની નવમી સદીની શરૂઆતમાં થઇ ગયલો ઇબ્ને મુકાફા * નામનો બીજો એક અંચલ જેહેનનો ઇરાની ગ્રંથકાર, તે જમાનાના કાબેલ દશતુરોથી સારીકાની તેહેકીક કરીને એ જાતનાં લખાણો વીશે પોતે આ પ્રમાણે લખી ગયોછે કે, "પારસીઓ સોડે એક જાતની જોડણીછે, જેને તેઓ 'જવારશ' કરીને કહે છે. એ હરફો કોઇવાર મુતસલ યાને જોડાક્ષરોથી તથા કોઇવાર મુનફસલ યાને વગર જોડાક્ષરે પણ લખવામાં આવેછે. એમાં આસરે એક હજાર લુગતો છે અને એકજ માએની ધરાવનાર શબ્દોને અક્કેકથી પીછાનવા સારૂં એ લુગતો કામે લગાડવામાં આવેછે, જેમકે કોઇ શંખસ ફારસી શબ્દ "ગોશત" જેને અરબીમાં "લહમ" કરી કેહે છે તે લખવા માગતો હોયતો, તે શખસ લખતી વેલાએ તો પોતે "બસર" કરીને લખેછે પરંતુ તેને વાંચતી વેલાએ બસર નહી પણ પલો ફારસી શબ્દ 'ગોશત' કરી વાંચી જાએછે અને જો કોઇ શખસ ફારસી શબ્દ "નાન" યાને રોટલી જેને અરબીમાં "ખુબજ" કરી કેહેછે તે લખવા માગતો હોયતો, પોતે લખતી વખતેતો "લંહમાં" કરી લખેછે, પરંતુ વાંચતાંને વાર તે શબ્દને બદલે પેલો ફારસી લુગત "નાન" કરી પોતે વાંચી જાએછે. આ પ્રમાણે લખાંણપર આવતા શઘલા શબ્દો શારૂ તેઓ આ મજકુર રીત કામે લગાડેછે, પણ જે જનશો સારૂ આવા ફેરફારોની ગરજ નથી, તેઓને તેઓના જેવા

* અબદુલ્લા ઇબ્નુલ મુકાફા, જેને કેટલાએકો ભુલથી અલ મુકાનાં કરીને બી લખી ગયાછે, તે શખ્સ અસલમાં પોતે જાતે જોકે એક પારશી હતો અને પોતાની જીન્દેગાનીનો મોહોટો ભાગ મોબેદીના ધંધામાં તેને ગુજારીયો હતો તોબી પાછળથી તે ઇસલામી ધરમમાં પોતે વટલી ગયો હતો. એનો બાપ હજાજ બીન યુસુફનાં દોરમાં ઈરાક પ્રાંતમાં છાપાઓ ઊઘરાવવાની નોકરી પર હતો, પરંતુ લોકો પાસેથી જુલમ જાશતીથી નાંણાંઓ ઓકાવવાના તે કંઠક વાંકમાં આવી પડીઆથી તેને ઘણો વવાનવામાં આવાઓ હતો જેથી તેનાં બંને હાથો ઠુંઠા થઇ ગયા હતા માટે અલ મુકાફા યાને ઠુંઠા હાથવાલો એવા એલકાબ લેકોએ પાછલથી તેને આપ્યો હતો. આ ઇબ્નુલ મુકાફા સારૂ એમ કેહેછે જે એની અરબી ભાષા લખવાની રૂઢો ઘણે ઉન્ચે દરજેની હતી. અહીયાં સુધી કે કુરાનની અરબી થાને બી વધારે શ્રેષ્ટ અરબી લખવાનો એ ફાંકો રાખી શકતો હતો. આથી આરબો એના ઉપર તીરશકારથી જોવા લાગ્યા અને એ બીચારાને અબાસીસ વંશના બીજા ખલીફા, ખલીફ મનસુરે પોતાના બસરાનાં હાંકેમ ઉપર છુપો શંદેશો મોકલાવી ઘણી કમકમાટ ભરેલી રીતે આસરે ઇ૦સ૦ ૧૪૦ માં મરાવી નાખ્યો. પેહેલવીમાંથી અરબી ભાષામાં "કલેલા વ દમના" યાને પંચો પાખ્યાનનો મોટબર તરજુમો એનોજ કલમથી થએલો છે. શંસ્કૃટ ઉપરથી એ ચોપડીનો પેહેલવી તરજુમો નોશેરવાનનાં જમાનામાં સપર પેહેલીવાર ઇ૦સ૦ ૫૭૦ માં થયો હતો ને જે પેહેલવી દફતર કે અરબોની ઇરાન ઉપરની શવારીની વેલાએ તારાજ કરી નાંખવામાં આવ્યું હતું. જુઓ "મકોમાતુલ હરીરી" યાને હરીરીની મીજાલેશ, એવે નામની પેલી મોટબર અરબા ચોપડીના મી૦ થામસ ચેસનીએ કરેલા ઇંગ્રેજી તરજુમાનાં દીબાચાને શફે ૩૩ મે તથા "અનવારે સોહેલી" નાં અંગ્રેજી તરજુમાનાં પુશ્તકનાં દીબાચામાં.

જેવા ઉચ્ચાર તેજ પ્રમાણે લખવામાં પણ આવેછે.'' આ મુઆફક ઇબને મુકાફાના કેહેવા મુજબ પેહેલવીમાં એક જાતનું લખાણ તથા વાંચણછે, જેને કે હુજવરશ કરીને કેહેછે. જારે કોઇ પારકી ભાષાનો શબ્દ લખવામાં આવેછે, તારે લખતી વખતેતો પેલો પરભાષાનો શબ્દ લખાએ છે પરંતુ વાંચતી વેલાએ, તેવોજ અરથ ધરાવનાર પેહેલવી શબદનો તેને બદલે ઉચ્ચાર કરવામાં આવેછે. એવા ફકત એકજ હજાર શબ્દો એ ભાષામાં છે. તેઓની એક ફરહંગ બનાવવામાં આવેલીછે, કે જે પાથ કીધાથી પેલો પેહેલવી ખાંહ, ખુદ બખુદ પેલી પારકી ભાષાનાં લખાણ ઉપર આવેલા શબ્દોને બદલે, તેના પેહેલવી લુગતો સદાબરા વાંચ્યો જાય છે, માટે હુજવરશ કોઇ ભાષા નહી પણ પેહેલવીમાં સેમીટીક જેવી પારકી ભાષામાંથી દાખલ થયલું, એક જાતનું અજાયબ જેવું ચોકસ લખાણછે એમ સમજવુ જોઇએ.

આ દુનીઆની સપાટી ઉપર ઇસુની આઠમી સદીની આખરીમાં હસ્તી પામી ગયલો એક વટલેલ પારસી ગ્રંથકાર ઇબને મુકાફા, હુજવરશ વીશે આ પ્રમાણે જે ખાતર તશલી ભરેલો ખુલાશો કરી ગયોછે, તેને એક મોટો ટેકો ઇસુની છેક ચોથી સદીની અધવચમાં થઈ ગયલો, આંમીઆનશ મારસીલેનસ નામનો એક લાટીન ગ્રંથકાર, જે રૂમીઓ તરફથી પારસીઓનાં લશકરથો શીકશત ખાઇ પાછો હઠયો હતો, તે એમ જે જણાવી જાયછે કે, ''મારા જમાનાના પારસીઓના પાદશાહ શાહપુર જુલકતફનો સાનસાન (શેહેનશાહ) એવો એલકાબ હતો'', તે ઉપરથીબી મલી શકે છે. આપણે સરવે કોઇ સારીકાની જાણયે છીએ જે, એ બુલંદ એકબાલના જવાંમરદ પાદશાહના જેણી શીકકા હાલમાં મલી આવેછે, તેઓ ઉપર એના એલકાબ તરીકે ''મલકાને મલકા'' (પાદશાહોનો પાદશાહ) એવો સેમીટીક શબ્દ જે આપણી નજરે પડેછે તે, હુજવરશ રીત પ્રમાણે સાસાનીઓના દોરમાં ''મલકાને મલકા'' નહી, પરંતુ શેહેનશાહ કરીને વંચાતો હતો. ફીરદુસી પણ એ વંશના પાદશાહોને શેહેનશાહોનો એતાબ આપેછે ને ''મલકાને મલકા'' કરીને લખતો નથી. આંકીટલ ખુદ પોતે સુરતથી જે હાથનાં લખાએલાં જંદ, પેહેલવી તથા ફારસી પુસ્તકો પોતા સાથે લઇ ગયો હતો ને જેઓને કે, હજુર સુધી પારીશ શેહેરનાં મોટાં શેહેનશાહી કીતાબખાનામાં અનામત રાખેલાં આપણને દેખડાવવામાં આવેછે, તેઓમાં આ પ્રમાણે એક ફકરો આપણું ધયાન ખેંચેછે:—'' ન દર કલામે માનસર વ ન દર અજવારશ વ ન દર કલામે બુજરગાને દીન વ ન દર કીતાબહાએ અહેલે ફારસ'' યાને ''નહી કે માનથર (અવશતા) જુબાનમાં, કે નહી અજવારશ અને નહી કે દીનના બુજરગોની ભાષા (ફારસી)માં, ને નહી કે ઇરાનીઓનાં દફતરોમાં''. આ ફકરામાં અવશતા તથા ફારશીને ભાશા (કલામ) કરી કેહેલીછે, પરંતુ હુજવરશ વીશે કલામ એવો શબ્દ જે લાગુ પાડેલો નથી, તેથી આપણાં ઉપલાં મતને એક બીજી મોતેબર દલીલ મલેછે. એવીજ મતલબ ધરાવનાર એક ત્રીજો ફકરો, આ પ્રમાણે એજ દફતરોમાંથી મલી આવેછે:—''બ ખતે અવશતા યા ખતે સવાત આવેત નવીશત કે અજવરશ'' યાને ''અવશતાનાં ખતથી કે સવાત યાને બીઆલદીઆના ખતો, જેઓને હુજવરશ (કરીને કહેછે) તેઓથી લખવું જોઇએ.'' હવે એ શબદનો અર્થ શો ઉઠેછે, તે વીશે પણ વીદ્યારથીઓમાં

હજુર જુદા જુદા વીચારો ચાલુછે. પ્રોફેસર જોસફ મુલર એમ ધારેછે જે "અજવારશ" શબ્દ "હુજુરશ" અથવા "હુજોરશ" કરીને પણ વંચાઈ શકેછે અને તે અવસ્તાઇ લુગત "હુજુથરને" મલતો આવેછે ને જેનો અરથ "સારો જોર" એમ થઇ શકેછે, કે જે મત શાથે પ્રોફેસર સ્પીગલ બી કેટલેએક દરજજે મલતો થાએ છે. ડાકટર વેશટરગારડ અવસ્તાઇ લુગત "હજવારન" યાને જોર (ભલી શકતી) પરથી એ શબ્દ ઉત્પણ થવો જોઇએ, એવો પોતાનો અભીપ્રાય જણાવેછે, પણ તેમ કીધાથી આપણી કાંઇબી મતલબ શરતી નથી, માટે એ અરથ આપણને પડતો મેલવો પડેછે. વેશટેરગારડના આ ઇશારા ઉપરથી સંશકરત શબ્દ "વરન" યાને બલ એવાં મુલમાંથી એનો અરથ ઉઠાડવા ડાક્ટર હાઊગ પેરવી કરેછે પરંતુ તે વીચાર પણ આપણા ધયાનમાં ઉતરી શકતો નથી, કેમ કે હુજવરશને જારે આપણે સેમીટીક ભાષાનો શબ્દ ઠેરવ્યે; તારે તેનું મુલ કોઇ પણ આરીઅન ભાષાનાં શબદોમાંથી તાની તોડીને મેલવવું એ બેજા દીશેછે. દશતુર હોસંગજી "હજવાન અસર" યાને આસીરીઆની ભાષા, એવો એનો અરથ ઉઠાડે છે પણ આપણે ઉપર જણાવી ચુકા છયે કે, એ કાંઇ ભાષા હતી નહી, તારે એ ખુલાસોબી મનપતીજ લાગતો નથી. મી૦ ધનજીભાઈ ફરામજી, અવશતાના અરથો જે પેહેલવી ભાષામાં કરયાછે તે પેહેલવીને, હુજવરશ યાને વીશેશ પેહેલવી કરી કેહેછે ને એ ભાષા સાધારણ પેહેલવીથી જુદીછે એવો પોતનો અભીપ્રાય આપેછે પણ એ વીચારબી ઉપર જણાવેલા સઘલા વીચારો પ્રમાણે કોઇ નવો મનપતીજ ભરેલો ખુલાશો થાએ નહી, તાંહાંસુધી તે હાલમાં આપણને પડતો મેલવો પડે છે. દશતુર પેશુતનજી એ શબ્દને "હુજવે-બલદીય" યાને બીઆલદી ભાષા કરીને વાંચેછે ને તે વીશેના કેટલાએક પુરાવા પોતાનાં પેહેલવી ભાષાનાં વ્યાકરણનાં પુસ્તકના દીબાચામાં ટાંકી બતાવેછે; પરંતુ પારથીઆ તથા બીઆલદીઆનાં પ્રાંતો, એક એકથી ઘણાં દુર આવવાને લાધે, બીઆલદીઅનો સોડેથી પારથીઅનો તેઓનો ભાષા અસલમાં કેમ નકલ કરી જાએ, તે વાતની સમજણ આપણને તવારીખ તથા ભુગોલને અરથે શેહેલથી ઉતરી શકતી નથી. વલી આ પણ યાદ રાખવું જોઇએ જે, આસીરીઅન તથા બાબેલોનીઅન બીલારેકા હરફોની ભાષા, જે સર હેનરી રાલીનશન તથા ડા૦ હીંકસ વીગેરે બીજા જાણીતા યુરોપના આલમાએ, જે અદ્યાપી ઉકલાવી ગયાછે, તે ભાષા પેહેલવીથી તદનજ જુદી માલુમ પડેલીછે, માટે આપણા આ ચંચલ પેહેલવી બાંહ દશતુરજીનો એ વીચાર બી મારી નાકેશ અકલ પ્રમાણે પાએદાર રહી શકતો નથી.

હાલમાં આપણા કેટલાએક દશતુરો જે એમ કેહેવા માંગેછે જે, પેહેલવી ભાષા છેક પેશદાદી તથા કીઆની ટોલાંના પાદશાહોના વખતથીછે, તે વીચાર તદનજ ભુલ ભરેલોછે. એ ભાષા હખામની પાદશાહોના આખરી દોરની તરતજ પછી ઇરાન શરજમીનમાં દાખેલ થએલી છે, કારણ એને ઇશકંદરના જમાનાની પુર્વેના લેખો તથા સીકકા, જે છુટા છવાઆ સારાં ભાએગે અદ્યાપી બચી શકયાછે, તેઓમાં પેહેલવી હરફોની કસીબી તારાજ નીશાન મલી આવતી નથી. ઇબને મુકાફા તથા હમજા ઇશફહાની જેવા ચંચલ અરબ ગ્રંથકારોની સતા ઉપરથી હીજરીની ચોથી સદીમાં થઇ ગયલો, પેલો વખાણાએલો અરબ મુસાફર ઇબને હાકુલ, એમ બોલી જાયછે જે

ઇસ્પહાન, રએ, હમદન, માંહનેહાવંદ તથા આજરબાઇજાન નામના પાંચ પ્રગણાઓમાં પેહેલવી ભાષા બોલાતી હતી. આ વાતને મલુકે તવાએફના વખતના અત્યાર સુધી બચી શકેલા પેહેલવી સીકકાઓ ઉપરથી પણ સારીકાની પુષ્ટી મેલી શકેછે, કેમ કે મીદીઆ આત્રોપેતીનના આત્રોપેતુસ (આત્રપતી) વંશના જરથોસ્તી સ્વતંત્ર પાદશાહોના સીકકાઓ ઉપર, પેહેલવી હરફે "અરથસ્તર મલકા બરીએ દારીલ મલકા" યાને પાદશાહ અરદેસીર પાદશાહ દારાંનો છોકરો તથા "દારેલ મલકા બરીએ ઇતોરદત મલકા" યાને દારાં પાદશાહ આદરદાદ (ઇતોરદત) પાદશાહનો બેટો કરી આપણે વાંચી શકયે છેએ, પણ તે ઉપરથી કંઈ એવું સાબીત થતું નથી કે, હખામની વંશના શેહેનશાહ દારાંની પુરવે, પેહેલવી ભાષા ઇરાન સરજમીનમાં આમ લોકોમાં ચાલુ હતી. એને ઠેઠ પેસદાદી તથા કીઆની ટોલાંના વખત સુધી પોહોંચાડી દેવાની, જેબી દશતુરોએ પેરવી કરેલીછે તે સઘલી, પાછલા અરબ ગ્રંથકારો તથા સાસાની ટોલાંના વખતના કેટલાએક મોબેદોના લખાંણોને આધારેછે પરંતુ તે વાતને ભાષા શાસ્ત્ર તથા આગલા બાખલીઅન કીઆની પાદશાહોના દોરની વેલાની, અવસ્તાવાણીની અસલી બાખત્રીઅન જેવી ચાલુ ભાષા તથા ત્યારબાદ હખામની વંશના પાદશાહોના દોરની વેલાની કદીમ પારસી યાને ખીલારોકા હરફોની ભાષાનાં ઉકલાન ઉપરથી, જરાબી પુષ્ટી હાલમાં મલી શકતી નથી.

હવે "બુરહાને કાતેહ" જેવી પાછલા જમાનામાં બનેલી ફારશી ફરહંગને આધારે, જેમ દશતુર પેસુતનજી ધારેછે તેમ પેહેલવી ભાષા કીઆની પાદશાહો તો શું બલકે, હખામનીઆન ટોલાંના દોરની શરૂઆતમાં ઇરાન સરજમીનમાં જે ઘણીએક ભાષાઓ બોલાતી હતી, તેઓમાં એ ભાષાબી અગરજો આમ લોકોમાં વપરાતી હતે તો, બેસતુન પાહાડ ઉપર કોતરાવેલા લેખોમાં, શેહેનશાહ દરાયસ હીસતાસપીસના જમાનાંમા બોલાતી લણ જુદી જુદી ભાષાઓમાં, એકજ બાબદ સારૂં તખ્તીઓ જે કોતરાયલી છે, તેઓ સાથે બીજી એક તખ્તી પેહેલવી ભાષામાંબી આપવાને એ દુરબીન પાદશાહ ભુલી જાય તે બનાવ, એ પાદશાહની વર્તણુક તરફ જોતાં તો નહી બનીશકે તેવોછે. હીરાદોતસ સાફ જણાવી જાયછે જે, જયાંબી એ પાદશાહે પોતાનો પગપેસારો કરયો હતો, ત્યાં કદીમ પારશી શીવાય બીજી તે દેશની વપરાતી ભાષાઓમાં વઠીક, બીજી તખ્તીઓ કોતરાવાની એમાં હંમેશાં ટેવ હતી. એસ માહેલી તીઆરસ નદીને કીનારે જયારે એનું લશકર આવી પોહોચ્યું, ત્યારે તેની યાદદાસ્ત તરીકે, એક મોટો મીનારો ત્યાં ઉભો કરી તે ઉપર કદીમ પારશી તથા ગ્રીક એવા બે જાતના લેખો કોતરાવવા માટે એ પાદશાહે હોકમ કરયો હતો. એક બુઢઢા તુરકીથી જનરલ જોકમસને એ તખ્તીની હૈયાતી વીશેની સાબેતી છેક ૧૮૪૭ નાં સાલમાં વઠીક મલી આવી હતી. ત્યારબાદ એ તખ્તીનું શું થયું તે માલમ પડતું નથી, પણ ધારયા મેલે કોઇએ તેને ભાંજી ખરાબ કરી નાખી હશે. એજ પ્રમાણે હાએરોગ્લીફીક જેવી મીસર દેશમાં વપરાતી ભાષામાં, ખીલારોકા લેખો શીકેની તખ્તીઓ એણે કોતરાવી હતી, એમ આગલા ઇતીહાસ કરતાઓ લખી ગયાછે; ત્યારે પેહેલવીનેજ એ પાદશાહ ભુલી જાય તે વાત આપણા વીચારમાં હાલ ઉતરી શકતી નથી. માટે આ દલીલથીબી એ પાદશાહ પછીના જમાના પછીની, એ ભાશાની ઉત્પતી ઠરેછે

તેમાંતો કશો શક હાલના શોધો પ્રમાણે મને ભાસતો નથી.

તવારીખને લગતા જેબી પેહેલવી દફતર ઉપર આપણું ધયાન સપર પેહેલું એચાએછે, તે પેલું વખણાએલું પુસ્તક "કારનામે અરદેશીર બાબગાન" કરીને છે. એ દફતર કદમાં ઘણું નાનુંછે ને એમાં પારથીઅન વંશના સઉથી છેલા પાદશાહ અરદવાન સાથની એ શેહેનશાહની લડાઇઓ વીગેરે બાબદો સમાવેલી છે. એનો ગુજરાતી તરજુમો દસ્તુર પેશુતનજીની કલમથી "જગત પ્રેમી" નામનાં એક માહાવારી ચોપાનીઆંના ૧૮૫૩ ના જુન તથા જુલાઈ માસના અંકોમાં આપવામાં આવેલો છે. મસઉદી નામનો પેલો વખણેલો મોટો અરબ ગ્રંથકાર, એ પુસ્તક અસલમાં શેહેનશાહ અરદેશીરની ખુદ પોતાની કલમથી રચાએ હતું એમ જણાવી જાએછે, પરંતુ તે વીચાર, એ દફતરનીં મજમુન સાથ સરખાવતાં ધયાનમાં ઉતરી શકતો નથી, કેમ કે એમાં છેક હોરમજદનાં તખતનશીન થવાનું તથા તેનાં રાજને રૂમનાં કેશર (શીજર) તથા ચીનનાં ખાકાનો ને કાબુલ તથા હીંદુસથાનના પાદશાહોના બાહાલ રાખવા વીશેનુ બયાન વટીક જોવામાં આવે છે, જેથી હોરમજદના જમાનામાં આસરે ઇ૦ સ૦ ૨૬૯—૨૭૧ ના અરશામાં, એ દફતર રચાવવું જોઇએ એમ હાલમાં અનુમાન થઇ શકેછે. એ પછી "અરદાવીરાફ નામુ" જે, શાહપુર બીજાના રાજમાં ઇશુની છઠી સદીની પુરવે લખાવવું જોઇએ, તે ઉપર આપણું લક્ષ દોડેછે. તાર બાદ "દીન કરદ"નું મોટું પુસ્તક હાલ શુધી બચી રેહેલાં પેહેલવી દફતરોમાં એક મોટી નાદર કીતાબ ગણાએ છે. એ મહાભારત પેહેલવી પોથાની તવારીખ મારા અભ્યાસ પ્રમાણે નીચે મુજબ ઉપજાવી શકાય છે, અને એની આ પ્રસંગે વાંચનારાઓ સાથ સપર પેહેલીવાર હમાજોર કરાવતી વેલાએ મારે અત્રે એટલુંતો જણાવવું જોઇયે કે, કાંહાં અને કયા પાદશાહના દોરમાં એ કીતાબ રચાઇ હતી તે વાત જોકે ચોકસ રીતે માલુમ પડતી નથી, તોપણ એટલુંતો સિદ્ધ થઇ શકે એવુંછે કે, જેમ દસતુર પેસુતનજી ધારેછે તેમ એ કીતાબ છેક કીઆની પાદશાહોના દોરમાં રચાઇ હોય તેવું હાલમાં કાંઇ પુરવાર થઇ શકતું નથી. જો એ પુસ્તક પાદશાહ કએગુસતાસ્પનાં રાજ પછીજ રચાયું હતેતો, એ પેહેલવીને બદલે અવસ્તા જેવી કદીમ બાખત્રીઅન ભાષામાં બન્યું હતે, કેમકે પેહેલવી ભાષા કાંઇ ઘણી પુરાની ઠરતી નથી; અને તે વીશેના સઘલા પુરાવા આપણે આગલ આપી મુકયા છૈયે. જો એ ગ્રંથ હખામની પાદસાહોના દોરમાં રચાયો હતે, તો તે પેહેલવીને બદલે તે જમાનાની ચાલુ ભાષા જે કદીમ પારસી યાને ખીલાશેકા હરફોની ભાષા હતી, તેમાં રચાયો જોઇતો હતો; પણ તેવું બી તો કાંઈ છેજ નહીં, માટે એ દફતર છેક પાછળથી રચાયલું હોવું જોઇએ એમ ઉપલી દલીલો ઉપરથી તુરત સારાંશ નીકલી શકેછે. મારા વીચાર પ્રમાણે રૂમના શેહેનશાહ કાનસ્ટેનટીઅશ તથા જુલી અનના પેલા વખણાયલા હમનબરદ, સાસાની પાદશાહ સાપુર બીજાના રાજ પછી એ કીતાબ રચાવી જોઇએ, કેમકે એમાં માની નામના ચીતારાના ધરમ વીશેબી એક ઠેકાણે નીચે મુજબ સાફ ઇસારો કરવામાં આવેલો છે. હવે આ ઠગારો આથમણ પ્રાંતનાં ગ્રંથકારોના જણાવ્યા મુજબ પાદશાહ શાહપુર પેહેલાનાં દોરની આખરીમા પેદા થયો હતો, અને હીંદુ, ઇસાઇ તથા જરથોસ્તી મજહબોનાં કેટલાંએક પરમાનોને એકમેક સાથે આમેજ કરી એણે "માની-

ફીયન" નામનો એક નવો તકલીદી મજહબ થોડુંક સુધી ઇરાન તથા યુરોપની ભુમીઓમાં વધીક ફેલાવ્યો હતો. આ નવો પંથ "શાહનામાં" ની મજમુન બારીકીથી તપાસતાં પાછળથી શાહપુર બીજાના દોરમાં ઇરાનની ઉત્તરમાં છેક તાતાર સુધી પંઠરાઇ ગયો હતો. એ વીશે વીગતવાર હેવાલ "મીલલવ-નહલ" નામનાં, શારેસ્તાની જેવા ચંચળ અરબ ગ્રંથકારનાં, પુસ્તકમાં જોવામાં આવેછે એટલુંજ નહી પણ મસુદી, હમજા ઇસફહાની, અબુલ ફરજ (જુવો પોકાક), તબરી વગરે બીજા અરબ ગ્રંથકારોબી એ ધુતારા માનીના પંથ વીશે ઘણોએક હેવાલ પોતાના દફતરોમાં આપી ગયા છે. વલી બોસુબેર, કલીનતન તથા ગુસ્તાવ ફ્લુગલ જેવા મગરબ પ્રાતના લખનારાઓ બી, પોતાના ગ્રંથોમાં એ ધરમ વીશે તફસીલવાર હેવાલ આપી જાયછે. હવે દસ્તુર પેસુતનજીની "દીનકરદ"ને સફે ૨૪ મે, એ કીતાબનો અસલ બનાવનાર મોબેદ આદર ફરૂબગ, એ ગ્રંથ રચવાનો સબબ એમ દેખાડેછે "જે વળી રૂમને લગતી યાહુદીઓની દીન તથા ખાવર (મગરબ પ્રાંત) ને લગતી મસીહા (ઇસા) ની દીન તથા તુરકસ્થાનને લગતી માનીની જે દીનછે, તેઓનાં આગલ વધેલાં કોવત તથા ગલબાની બદી તથા હીણપશતી (આપણાં) હમદીનોમાં પેવશ નહી થાય તે સારૂં, તથા આપણી રૂમ કરતાંબી પુસની દીનની પાકીજગીને ઝાંખ ન લાગે તેનો (હવે) અટકાવ કરવો જોઇયે." આ ઉપરથી ખુલે ખુલ્લું દીશેછે જે આ ફકતર પાછલથીજ બનેલું છે. એને બનાવવા, આદર ફરૂબગ જેવા દાનાવ શખ્સને પોતાના મજકુર ફકરામાં એકરાર કરયા મુજબ જે આઇન ફરજ થઇ પડીછે, તે વાતને આગલા અરમાની ગ્રંથકારોનાં અત્યાર સુધી બચેલાં પુસ્તકો ઉપરથીબી સારી પેઠે પુષ્ટી હાલમાં મલી શકેછે, એમ નીચલી દલીલથી વાંચનારાઓના જોવામાં તુરત આવશે. કદીમ તવારીખ ઉપરથી આ વાતતો હવે શીદ્ધ થયલીછે અને જેને ભાષા શાસ્ત્ર તથા આસીરીઅન લોકોના બીલારોકા હરફોની તખતીઓનાં ઉકલાનો ઉપરથીબી સારી પેઠે મજબુતી મલી શકેછે જે, આગલા કીઆની બાખત્રીઅનોની પાદશાહતનો, આસીરીઆ દેશના નાઇનસ પાદશાહે જયારે ઘણાજ પુરાતન કાલમાં અંત આણી મેલ્યો, ત્યારે તે પછી ઘણીએક મુદતે પારશી તથા અરમાનીઓના વડીલોએ, પોતાની આ બાપીકી ભુમી છોડી આઠમણ તરફનાં દેશો ભણી પોતાનો પગ પેસારો કરયો હતો, અને થોડુંક સુધી તો આ બંને એકજ લોહી અને ધરમાચાર ધરાવનારાં ટોલાંઓએ, આસરે ઇસુની પુરવે નવમી સદીની અધવચમાં આસીરીઆ દેશના રાજા સાલમનાસર બીજાના વખતમાં આરમીનીઆ દેશની નૈરૂત્ય ખુણે આવેલાં પ્રાંતોમાં આવી વાસો કરયો. એ પછી નજદીક એક સદી ગુજરી ગયા બાદ આરમીનીઆની આ ભુમી છોડી આ નવા આરયન વસનારાઓમાંનો ઘણોએક ભાગ, જેગ્રાસનો પાહાડ ઓલંગી, ફારસીસતાન પ્રાંતમાં આવી, ઇરાનની દક્ષીણમાં આખરે હાર પડયોછે અને ત્યાં હખામની તખકકાનું પારસીઓનું મોટું રાજપાત ઇસુની આસરે સાત સદી પુરવે એ લોકોએ સપર પેહેલીવાર સ્થાપ્યું. હવે આ બંને આરયન ટોલાઓ, ગ્રીકોના જણાવ્યા મુજબ ઇરાન તથા આરમીનીઆની ભુમીઓમાં ફકત જરથોસ્તી ધરમ પોતે પાલતાં હતાં અને એકજ પરમેશ્વરને આતશનાં પાત્રાંની સનમુખ સર નમાવી ભજતી વેલાએ એકજ તરેહની ક્રીયા કરમ કરતા હતા.

પરંતુ આખરે કંઇક મુદત બાદ, આ બંને ભાઇબંદ ટોલાં વચે ફાટફુટ થઇ પડી, કારણ એજે અરમાનીઓએ પોતાનો બાપીકો જરથોસ્તી ધરમ છોડી સાસાની શેહેનશાહોના નજદીક આખરી પોહોરામાં, ઇસાઈ ધરમ પોતે બાહાલ રાખ્યો. એટલુંજ કરી તે લોકો બેશી રહ્યા નહી પણ જરથોસ્તી ધરમ સામણે એ ગુમરાહ શખ્શો વારંવાર પોતે છેડતી શોધવા લાગ્યા. આથી કરી આ બંને ટોલાંઓ વચે દુશમની જાગી ઉઠી, અને ધરમ સંબંધી મોટી જોશ ભરેલી તકરારો ચાલી એમ એઝનીક, એલીસીએ તથા મોવઝેસ ખોરીનીની "આરમીનીઆ દેશની તવારીખ" વગેરે બીજાં કેટલાંક અરમાની પુસ્તકો, જે અદ્યાપી બચી શકયાંછે તે ઉપરથીબી સાફ માલમ પડી આવેછે. હવે ડાકટર વીલસને છયારે થોડાંક વરષની વાત ઉપર પારસીઓના ધરમની વીરૂદ્ધ એક મોટું દફતર છપાવી પ્રગટ કરયું ત્યારે, તેમાં આ કાબેલ મીશનરીએ આ મજકુર અરમાની ગ્રંથકારોના એકતરફી અને દીનદુશમેની ભરેલાં પુસ્તકોને આધારે ઘણોએક મારો જરથોસ્તી ધરમની પાક બટેરીઓ ઉપર ફોકટમાં ચલાવી, ઘણોએક દારૂગોલો પોતે અમસ્થો બરબાદ કરયો છે. એ પુસ્તકનો રદીઓ ભાષા શાસ્ત્રનો એલમ તે પછી, વધારે પુખ્ત હાલતમાં આવતો ગયાથી તથા ત્યારબાદ જરથોસ્તી ધરમની બારીકી ઉપર બીજુ ઘણુંએક નવું અજવાલું પડયાથી હાલમાં શેહેલથી મોતેબર રીતે આપી શકાય તેમછે; પરંતુ અત્યાર સુધીતો આપણી સોડે પેહેલવીના જમાનાનાં બચી રહેલાં દફતરો છપાઇ પ્રશીદ્ધ નહી થવાથી સાસાની દોરની વેલાના કાબેલ મોબદોએ અરમાનીઓનાં આવાં આ દીનદુસમેની ભરેલાં લખાનોના શો શો રદીઆ આપ્યા હશે, તે વાતથી આપણા ઘણાખરા જરથોસ્તીઓ અણજાણ હતા. પણ "દીનકરદ"ની આ નામીચી ચોપડીએ તે વીશેનો શક કેટલેક દરજજે હાલમાં આપણાં મનમાથી ખસેડયો છે, કેમકે એ પુસ્તકમાં ઇસાઇ તથા મુસાઇ વગેરે બીજા જુદ દીન લખનારાઓના આસેબથી જરથોસ્તી ધરમની અસલી ખુબી જાલવી રાખવા માટે દાનાવ આદર ફરૂબગે સારી કોશીસ કરેલી દીશેછે. કહેછે જે પેહેલવી ભાષાની હજુરવેર કોઇપણ મોટી ફરહંગ ન બનવાથી એ ભાષાની કાચીપાકી માહીતગારી ધરાવનાર વીદ્યારથીઓને આ પુસ્તક સમજવું બહુજ મુશકેલ પડેછે, પરંતુ દસ્તુર પેશુતનજી જેવા ઉસ્તાદ પેહેલવી ખાંહથી એ દફતરને સારો ઇનસાફ મલી શકશે, એમ એ ચોપડીનાં જે પેહેલાં બે દફતર બાહાર પડી ચુકયાં છે, તે ઉપરથી સાફ માલમ પડી આવેછે. વલી મી૦ વેસ્ટ નામનો એક અંગ્રેજ પેહેલવીખાંહ પણ હાલ એ ભાષાનો કોષ મોટા પાયા ઉપર રચવામાં રોકાયલોછે, જે દફતર છપાઇ પ્રશીદ્ધ થયાથી, એ ભાષામાં આ એક મોટી અગત્યની ખુટ જે હજુરસુધી વીદ્યારથીઓને નડતી આવી છે તેનો આશાછે જે હવે પછી મનપતીજ રીતે ફેસલો આવશે. આ "દીનકરદ" શીવાય બીજાં ઘણાંએક પેહેલવી દફતરો આપણા દસ્તુરો સોડે બચી રહ્યાં છે, જેવાં કે "બુદરબુંદેશ," "શીકન ગુમાની," "માનોએખેરદ, "જેનો અંગ્રેજી તરજુમો આઠ નવ વરશની વાત ઉપર મી૦ વેસ્તે પ્રશીદ્ધ કરયો છે, "દાદેશતાને દીની," નીરંગશતાન," આદરબાદ મારેશપંદ તથા બુજરગ ચમેહેરનાં "પંદનામાં" ઇત્યાદી જે, સઘલાઓનું લીસ્ટ દસતુર પેશુતનજીનાં વ્યાકરણના દીબાચામાં શદાબરૂ આપવામાં આવેલું છે.

ગેવ અને ગોદરેજ, બેજન અને મનીજેહ, શોહરાબ અને બરજોર તથા અકવાન અને સફેદ દેવો વીશેના અગરબ પ્રાંતના લખનારાઓનાં કીસસા કાંહાંણી જેવાં લખાણોથી, આજે સરવે કોઇ પુરતી રીતે માહીતગાર છે પરંતુ પારથીઆ વાળાં આરસેસીસ વંશના જબરા બાદશાહો, તથા મીઝદેતીસ (મેતરદત) વંશનાં પાનતસવાળા જરથોસ્તી શેહેનશાહો અને મલુકે—તવાએફના જમાનાના ઇશકંદર પછીના મીદીઆ—આતરોપેતીનના આલપથી નામના શુબાએ સ્થાપેલાં આ તરોપેતુસ વંશનાં રાજાઓ તથા કાપાદોસીઆ વાળા આરયમન (આરીઆમનીશ) વંશના માજદીઅસનાન ધરમ પાળનાર નામીચા પાદશાહોની ખરી તવારીખથી તો શું, પરંતુ તેઓનાં નામો વટીક આજના પારસીઓને માલમ નથી, એ બહુ અફસોસ કરવા જેવું છે. તે સાથે જયારે આપણે વીચાર કરીયે છીયે જે, એ ટોળાંના પદશાહોની તવારીખ તેઓનાજ દુશમેન આથમણ પ્રાતના ગ્રંથકારોનાં પુસ્તકોમાં એવી તો આબેહુબ રીતે વીસતારવામાં આવેલી છે કે, તેથી હરેક ટોળાંને પોતાના આગલા નીઆએગાનોની કીરતી તરફ વધારે ખુશ થવાનુ તથા મગરૂબ રેહેવાનુ મોટું કારણ મળેછે, તારે દલગીરી એટલાજ ઉપરથી ઊતપન થાએછે જે ફીરદોસી, મીરખુન્દ તથા હમજા ઇસફહાની જેવા ચંચળ લખનારાઓ, તેઓ વીશે કસીબી પકડી માહીતગારી મેળવવા માટે ઝાઝી દરકાર કરી ગયા નથી; જેથી આગળા જરથોસ્તી પાદશાહોની ઘણીખરી તવારીખ હજુવેર માઠાં ભાએગે અંધારાંનાં વમળમાં પડી રહેલીછે. એજ પાદશાહી ખાનદાનોમાંથી વારંવાર એવાતો માએના પુત પારસી બચ્ચાઓ, આ જમીનની સપાટી ઉપર હસ્તી પામી ગયાછે કે, તેઓને હાથથી રૂમની મોટી લશકરી કવાએદ ધરાવનાર ટુકડીની ટુકડીઓનો મોટો પરાજય થએલો છે અને રૂમના શેનાપતીઓને એશીઆની ભુમીમાંથી માર ખાઇને પોતાનો હાથ ઉઠાવવાની આખરે આઇન ફરજ થઇ પડેલીછે. કેસર (સીઝર) ના એક હમશરીક, કરાસસની મોહોટી બલવંત ફોજનો પારથીઅન શીપેહશાલાર સુરીનાંના હાથ હેઠલ, મેસાપોતેમીઆનાં જંગી મેદાનોમાં એવોતો ધાન નીકલી ગયો હતો, કે તેથી રૂમનાં શીપાહોમાં પારથીઅન લશકર સામણે થવા ગોયા એક જાતનો ભય પેશી ગયો હતો અને પોનતસવાલા મહાતમા મેતરદતશાહે, નજદીક બે દાહેકા સુધી પોમપીનાં લશકરને એવુંતો મહુ મહુ પોકરાવીઉ હતું કે, તેથી દરેક બસ્તે કુસતીઆન જરથોરતીઓને આજે બી મગરૂબ થવા જેવું છે. એ પાદશાહોનાં દબમાં સર આરકર પોરતરનાં જોઆ મુજબ આમાસીઆના * પાહાડોમાં હજુરવેર મુસાફરોની નજરે પડેછે. જેમ બીલારોકા હરકોના ઉકલાન ઉપરથી હખામની રોલો આજે પાછો બીરાજી નીકલ્યો છે, તેમજ સીકકાઓ ઉપરની પેહેલવીનાં વંચાનપરથી આ મજકુર વંશના પાદશાહોએબી ગોયા હવે નવોજ જન્મ લીધોછે. એ અશકાનીઅન શેહેનશાહોની શીલશીલાબંધ તવારીખ જાણવાની આપણ દરેક જરથોસ્તીઓની મોટી ફરજ છે, માટે મારી નાકેશ કલમના શબ્દેજને તવારીખનાં આ એક આરકલાં ને દીકત મેદાનના સરતના રસતા ઉપર આ પ્રસંગે સારીકાની જોવલાન આપવા મેં હવે પ્રયતન કરયેછે, પરંતુ આ બાબ સંપુરણ કરતી વેલાએ તો બી એ પાદશાહોની ધજા તથા હશમત

---

* નાંમીચા ગ્રીક ભુગોલ વીદ્યારથી સ્ટ્રેબોનો જન્મ ભુમી.

વોશ લંબાણથી આગલ ચાલતાં આપણે હવે પછી બયાન આપ્યે તે આગમજ અને હાફેજનો આ એક રંગીન બેત હેઠલ ટાંકવા આ વેલાએ હું માત્ર બસ વીચારૂં છું, કેમકે તેમાં પારશી વીહારથીઓનું લક્ષ એ બાબદો ઉપર હવે પછી સારીકાની એંચવા સારૂં, મારી સઘલી મતલબ સદાબરી ઓયા જાવતમાં આવી ચુકેલી છે. એ પારસી શાહેર પોતાના જમાનાના ઇરાનના પાદશાહની તારીફમાં બોલેછે કે:—

"ફરેદુન શીકોહી દર અયેવાને બજમ
તહમતન નબરદી બ મેદાને રજમ"!

યાને આ નામવર પાદશાહોબી એવા તો બલવંત થઇ ગયાછે કે, તેઓમાંના ઘણા ખશએો "રાજદુવારી મંડલઓમાં ફેરેદુન જેવો રોબ અને દબદબો ધરાવતા હતા તથા લડાઇના મેદાનોમો રૂસ્તમ જેવા દીલાવર પેહેલવાનો ગણાતા હતા!"

અરે ઓ! ફલવંત અને રંગીન ઇરાન! પેહેલવાનો તથા સાહેરોની માતા! મુલ્લાંઓનાં જોહાકી દોરથી આજે હવે તું કેવી નીરબલ થઇ પડીછે અને તુને પાછી સજીવન કરવા તથા દુનીયાના જબરદસ્ત પાદશાહો ફરીને તારી શનમુખ સર નમાવે માટે, અરદેશીર તથા મેતરદતશાહ જેવા બાજ જંગી શીપેહેશાલારો તથા રાજ અધીકારીઓની તુને આજે ફરીને વલી પાછી એકવાર કેવી ગરજ રહીછે? જરથોસ્તી ધરમ તરફ પાછી આવ અને જોઇ લે જે તારી ગએલી કીરતી, વલી ફરીને નવેશરથી દુનીઆની સનમુખ કેવી દીપી નીકલેછે? આજ નજદીક તેર સદીની બેહાલી અજમાએજ ઉપરથી ફરીને ધડો લે અને ગંભીરાઇથી વીચાર કર કે, તારી આગલી બુલંદ ધજા અને હશમત, એ પાક ધરમ સાથે, તારી બેહેતરી સારૂં ઘણા પુરાતન કાલથી કેવો અતલગનો સંબંધ ધરાવતીઆવીછે. ઉઠ! જાગરૂત થા ને અવસ્તા તથા કુરાનના દોર વચ્ચે ખીનતાસુબે જસ મુકાબલો કર, અને નીગાહ પોહોંચાડ કે, ગુમરાહી રાહ અખ્તીઆર કરયા પછી, તારાં બચ્ચાંઓનો આજે દુનીયાની શનમુખ કેવો ભૂંડો હાલ થઇ પડયો છે. જે ઇરાનીઓ કે, આગલા જમાનામાં હીરાદોતસ તથા બીજા અદેખા અને વેરભાવી ગ્રીક લખનારાઓનાજ જણાવ્યા મુજબ, શાચા અને દલેર મરદો ગણાતા હતા, તેઓ આજે લબાડ તથા રાંડી રાંડ ઓરતો જેવા હીચકારા બની ગયાછે, અને જારે સત જાએ તારે પત બી જાએ તથા તમામ નીતીઓનો ભંગ થાએ અને હીચકારાપણું વધે, એ નીતી શાસ્ત્રના નીયમો પ્રમાણે તદન સ્વભાવીક છે, એમ તમામ એલમે ઇલાહી જાણનાર દાનાવ શખ્સો એક આવાજે એકરાર કરી જાએછે, અને તેથીજ કરીને તું જે આજે પડી ભાગીછે તો, તેમાં હવે નવાઇ જેવું તથા વીસ્મય પામવા જેવું કાંઇજ નથી.

બાબ ૯ મો.

પારથીઆવાલી અશકાનીઅન (આરસેસીસ) જેવાં બુલંદ તુરાની જરથોસ્તી ટોલાની શેહેનશાહતની ભુગોલ, તવારીખ, રીતભાત, ભાસા, ધરમાચાર ઈત્યાદી.

"એરીયનામ દખેનામ નરામ અશોનામ ફ્રરઅશીઓ યજમેદે, એરીયનામ દખેનામ નાહરે નામ અશોને નામ ફ્રરઅશીઓ યજમેદે, તુઓરીઅનામ દખેનામ નરામ અશોનામ ફ્રરઅશીઓ યજમેદે, તુઓરીઅનામ દખેનામ નાહરેનામ અશોને નામ ફ્રરઅશીઓ યજમેદે; * * દાહીઅ નામ દખેનામ નરામ અશોનામ ફ્રરઅશીઓ યજમેદે, દાહીઅનામ દખેનામ નાહરેનામ અશોને નામ ફ્રરઅશીઓ યજમેદે"—અવસ્તા.

આવી નાહાની અને પડી બાગેલી ઈરાની (આર્યન) લોહી ધરાવનાર પાદશાહતોથી રૂખશત લીધા બાદ ચાલો હવેથી આપણે તુરાની ટોલાની આ નામીચા બલવંત ખાનદાનની શીલશીલાબંદ તવારીખ મોહોટા પાયા ઉપર લખી કાહાડવા અત્રે કોશેશ જારી કરીએ, અને એ વંશના નામદાર પાદશાહો તથા અશો નર નારીઓનાં ફરોહરોને ફરવરદીન યસ્તના મજકુર ૩૧ માં કરદામાં કેહા પ્રમાણે આ પ્રસંગે ફરીને એકવાર આરાધી તેઓનાં મહાત કરમો જરથોસ્તી આલમ શનમુખ ધરીએ; કેમકે ફારશી શાહેરોના કેહા મુજબ—"કુનુન જીન સીપસ દોરે તુરાન બુવદ," યાને હવે પછી તુરાનનો દોર ઈરાન શરજમીનમાં વલી ફરીને જાગી ઉઠીઓ હતો. આ તવારીખ નીપજાવી કાહાડવા અહીઆં આપણને હવે જાહજી હરખત નડતી નથી, કેમ કે એ લોકો રૂમીઓ જેવા શાહશીક અને આલેમ ટોલાના જબરા હમનબરદો નીકલી પડયાથી, લાટીન દફતરોમાંથી એ ટોલાની તવારીખ ઘણીખરી આપણને શેહેલથી હાથ લાગી શકેછે ને જે ઉપર એઓના બચો ગએલા સીક્કાઓએ પણ સારાં ભાએગે અત્યાર સુધીમાં ઘણુએક અજવાલુ નાખીઉ છે. જો કે એઓના દેશના ફારશી ઈતીહાશ રચનારાઓ, એ લોકોને બરોબર ઈનશાફ આપી ગયા નથી, પરંતુ પર લોકો ઉપરથી એ તવારીખ હાલ સારી પેઠે બચી શકેલી માલુમ પડી આવીછે ને જે આગલ ચાલતાં તફશીલવાર રીતે બીજાં દફતરમાં વાંચનારાઓના અભીઆશમાં આવશે. એઓના શંબંધમાં વારંવાર જેબી ઈરાની તથા દાહીઅન લોહી ધરાવનાર ટોલાં આવ્યાં હતાં તેઓના નર નારીઓના મુબારક ફરોહરોને બી અરે ઓ! જોતી આ ઠેકાણે આરાધવા તું મને શકતીવાન કર! કે તેથી આજ શેંહેકડો શદીની લાંબી મુદત બાદ હજરત ઈશા માફક, હું બી એ શઘલા નામદાર અને ગરદનકશ પાદશાહ પેહેલવાનોનાં નામો તથા તેઓનાં આચરનોને મારી નાકેસ કલમના ટેકાથી ફરીને એકવાર સજીવન કરી જાઉ અને ગુજરાતી ભાષામાં તેઓને ગોયા જીવતા કરીને મેલી જાઉ.

ત્રોગાસ પોમપસના રૂમી દફતરનો શંક્ષેપ કરનાર જસતીન હવેથી આ કારણશર આપણો શપર પેહેલો ભોમીઓ થઈ પડેછે. એ ગ્રંથકાર બોલેછે જે "આ પારથીઅનો જેઓના હાથમાં હાલ ઉગમન પ્રાંતની આખી શેહેનશાહત મોજુદ છે તે-

ઓએ દુનીઆને હાલમાં રૂમીઓ શાથે ગોયા વેંહેચી લીધેલીછે. અશલમાં સીથીઆ દેશમાંથી એ ટોલાને, કેહેછે જે દેશનીકાલ કરવામો આવીઓ હતો. એ વીશેની ગવાહી એ લોકોના નામ ઉપરથીજ શાફ દેખાઇ આવેછે, કેમકે સીથીઅન (તુરાની) ભાશામાં દેશનીકાલ થએલા શખ્સોને "પારથાઇ" કરીને કેહે છે. આસીરીઅને તથા મીદીઅનોનાં શેહેનશાહી દોરમાં એ લોકો કુચ બીશાદમા ગણાતા ન હતા અને પાછલથી મીદીઅનોનૂ શોડેથી પારથીઓને ઉગમણ તરફનાં રાજયોની જયારે શેહેનશાત મલી, ત્યારેબી એ ટોલો નામથી વટીક જણાએલો ન હતો અને હરેક બલવંત રાજને આશરે તે જઇ પડતો હતો. આખરે માસીદોનીઅને જયારે ઉગમણ તરફની દુન્યાં સઘલી જીતીને પોતાનાં શવાધીનમાં લઇ બેઠા ત્યારે એ ટોલોબી તેઓનાં તાબા હેઠલ આવ્યો હતો, માટે આ ઘણુજ આશચરીઅકારક લાગેછે કે, જે ટોલાના હાથ હેઠલ એ લોકો અશલમાં માત્ર ગોલામો જેવા હતા, તેઓની ઉપર એઓ પોતાનાં બુલંદ એકબાલને લીધે હાલમાં હવે શરદારી લઇ બેઠાછે. મોટા મોટા શરદારોના ઉપરીપણા હેઠલ, રૂમનાં પ્રજાશતાક રાજનાં ઘણા બલવંત વખતમાં જયારે ત્રણ મોહોટી લડાઇઓમાં રૂમીઓએ એ લોકો ઉપર હુમલા કરીઆ, ત્યારેબી એ લોકોજ ફકત તેઓના હમનબરદ તરીકે ઉભા રેહી શકીઆ હતા એટલુજ નહી પરંતુ રૂમીઓ ઉપર તે ત્રણે લડાઇઓમાં એજ લોકો ફતેહ વટીક પામીઆ હતા અને આ પ્રમાણે આવા દુરથી આવેલા લોકો (રૂમીઓ), જેઓ સીથીઅનો તથા તેવાજ બીજા પોતાના પડોશીઓ શાથ વારંવાર તરેહવાર ખુનખાર લડાઇઓમાં જે ગુથાએલા રેહેતા હતા તેવા ઘણાં દુરથી આવેલા લોકો ઉપર એ લોકો જે ફતેહ મેલવી ગયા, તે કરતાં આસીરીઆ, મીદીઆ અને ઇરાનની અશલી બુલંદ શેહેનશાહતો તથા બાબલીઆનું બલવંત રાજ, જેમાં એક હજાર શેહેરો લોકોથી આરાશ્તા થએલાં હતાં, તેવાં તેવાં જબરાં રાજયો શામને એ લોકો જો ઉઠી ઊભા થયા હતે તો તેમાં એઓને વધારે કીરતી તથા શોભા હતી."

"પોતાનાં અશલી વતનમાં માહો માહેની મારામારીને લીધે સીથીઆની આવી પોતાની બાપીકી ભુમી આ પારથીઅનોને અસલમાં છોડવી પડીઆથી, તેઓ આસ્તે આસ્તે હીરકેનીઆ, દાહીઆ, એરીયા, સગરની તથા મારસીઆનીનાં પ્રાંતો વચે આવેલાં બીઆબાનોમાં જઇ વશવા લાગ્યા. ત્યાર બાદ પોતાનાં આશપાશના પડોશીઓનાં દેશાવરો ભણી આજુ બાજુ તેઓ જંઇને પંથરાવા લાગ્યા, જેમાં પેહેલાં તો તેઓને તેમ કરતાં કંઇ પણ હરખત તેઓએ કરી નહી, પરંતુ પાછલથી જયારે એ લોકોએ પગલાં ઘણાંજ ભરવા માંડયાં કે, તેઓને એઓની વચે આવી અટકાવ કરવાની ફરજ પડી. આથી એ બંને વચે જઘડો થઇ પડીઓ, જેનું પરીણામ એ નીપજીઉ કે એ લોકોએ તેમનાં મોહોટાં મોહોટાં મેદાનો પોતાને હાથ કરી લીધાં, એટલુંજ નહી પણ ઊંચી ઊંચી ટેકડીઓ તથા બુલંદ પાહાડો વટીક એઓ પોતાના તાબા હેઠલ કરી બેઠા અને એજ શબબોને લીધે, પારથીઆ દેશના ઘણાંએક ભાગોમાં બેહદ ગરમી તથા બેહદ ઠંડી માલુંમ પડેછે, કેમકે ઊંચી ઊંચી જગાઓ ઉપર જેમ બરફનો ઉપદરવ થઈ પરેછે, તેમજ મેદાંનો માહેલી જગાઓપરની બેહદ ગરમીથી ત્યાંના લોકો કંટાલેછે. માશીદોનીઅનોના તાબા હેઠલથી

બંડ કરીને શવતંત્ર થઇ ગયા પછીએ લોકોનું રાજ એઓનાંજ ખુદ પોતાના પાદશાહોનાં તાબા હેઠલ આવેલું છે. પાદશાહી અખતીઆર પછી પ્રજામત ઉપરથી લક્ષ આપવામાં આવેછે અને એ પ્રજામત પ્રમાણેજ તેઓ પોતાના શરદારો, લડાઇની વેલાએ નેમે છે અને શુલેહની વખતે પોતાનાં ફોજદારોને પશંદ કરે છે. એ લોકોની ભાશા તુરાની તથા મીદીઅન ભાશાઓનાં મીશરીત થવાથી ઉતપણ થએલીછે. અશલમાં એઓનો લેબાશ પોતાનાં દેશની રીત ભાત પ્રમાણે કંઇક જુદીજ તરેહનો હતો, પરંતુ પાછલથી જ્યારે એઓનો દોર વધી પડીઓ ત્યારે મીદીઅનો જેવો હલકો અને શાહાદાર પોશાક એ લોકો પેહેરવા લાગ્યા. એઓનાં હથીઆરોબી સીથીઅનોની ઢબછપ પ્રમાણેનાં બનાવેલાં હોયછે. બીજા લોકો માફક એઓનાં લશકરમાં સ્વતંત્ર લોકો મલતા નથી પરંતુ અકશર કરીને ગોલામોજ જોવામાં આવેછે, જેઓની શંખીઆ ઘણીજ વધી ગએલીછે કારણ એજે એ લોકો પોતાના ગોલામોને આજાદ કરતા નથી તેથી, તેઓનાં બચ્ચાંઓનેબી ગોલામોજ તરીકે ઉધારેછે. એ બચ્ચાંઓને પોતાનાં છોકરાંઓ માફક ઘણી શંભાલથી એઓ પાલેછે અને ઘણી મેહેનત લેઇ તેઓને ઘોડાપર બેશતાં તથા તીર ફેંકવાનો હુનર શીખવેછે. દરેક દોલતમંદ શખશ જેવી જેવી તેની આએપત તે પરમાણે લડાઇની વેલાએ પાદશાહને એવા શવારો ભેટ મોકલાવે છે અને એનતનીએ જયારે પારથીઆનાં મુલક ઉપર શવારી કરી, ત્યારે એઓના પચાશ હજાર ઘોડશવાર લશકરમાં કેહેછે જે ફકત ચારસોજ માણશો છુટાપણું ભોગવે તેવાં હતાં. દુશમનો શાથે હાથો હાથ રૂબરૂ લડાઇ કરવાની રીત તથા શેહેરોને ઘેરો નાંખી તાબે કરવાની ફુનેહ, એ લોકોને મુતલગ માલુમ નથી. તેઓ ઘોડા ઉપર બેશી આગલવધીયા તો પોતાની પીઠ તરફથી પાછા ફરી જઇનેબી લડાઇ કરી શકેછે અને વારંવાર પોતાનો દુમબાલો પકડનારને,પોતે ગોયા નાહાશતા હોય એમ ઢોંગ કરી, પેલા દુશમનને બેફામ કરીને તેનાં તીરનાં મારાનાં જખમમાંથી પોતે બચી જાયછે. એ લોકો લડાઇ શરૂ કરતી વેલાએ બ્યુગલ (વાંસલી) નહી પરંતુ પરધમ વજાડેછે. તે શાથે લાંબો વખત સુધી પણ તેઓ લડાઇ કરી શકતા નથી, નહી તો કે જે જહડપથી તેઓ યુદ્ધનાં રનમાં ગુશેછે તે જહડપ, જોસ્સો અને ખંતીપણું જો ચાલુ રાખે તો એ લોકો નહી જીતી શકાએ તેવાછે. અકશર કરીને લડાઇની દરમીઆનમાંજ એ લોકો દુશમનો આગલથી હઠી જાએછે અને હઠીઆ પછી તરતજ પાછા લડાઇમાં આવી નવેશરથી વલી જંગનાં મેદાનમાં જીપલાવેછે, માટે જ્યારે આપણે એમ શમજીએ જે, આપણે એ લોકોને હવે જીતીઆ છે ત્યારે તો વધારે વીપતી અને આપદામાં હજુર આપણને આવી જવુ પડેછે. એક પક્ષીનાં પર માંફક એક એક ઉપર ચહડાવેલાં પડરોકાં બખ્તરોથી તેઓ પોતાનાં તથા પોતાનાં ઘોડાનાં આખાં શરીરોને ઢાંકી નાંખેછે. પોતાનાં બાજુબંદો શીનગારવામાં, શોનુ અને રૂપુ જો કામે લગાડેછે, તે શીવાએ તે જણશોનો બીજો મોટો ઉપીઓગ એ લોકો કરતા નથી. દરેક માણશ પોતાના મોજ જોખ શારૂ ઘણીએક બાઇડીઓ કરેછે. છીનાલાં શારૂ એ લોકોમાં મોહોટી શજાછે, કે જેવી શીક્ષા બીજા કોઇબી ગુનાહ શારૂ તેઓ કરતા નથી. પોતાની ઓરતોને હરેક મીલાવડામાંથી તેઓ દુર રખેછે એટલુજ નહી પરંતુ તેઓને મરદનો પડછાઓ વટીક પણ પડવા દેતા નથી. શીકારમાં જે જાનવરો મારી લાવેછે તે શીવા-

એ “બીજી કોઇબી તરેહનું ગોસ્ત તેઓ ખાતા નથી. હંમેશ તેઓ ઘોડાની પીઠ ઉપર સવારના સવાર થએલા દીશેછે. ઘોડા ઉપરજ સવાર થઇને તેઓ જમનોમાં તથા લડાઇઓમાં શામેલ થાએછે. ઘોડાપરજ તેઓ પોતાનાં ખાનગી તથા જાહેર કામો કરેછે, બાહેર કેડે જવું હોય તોબી ઘોડાપરજ તેઓ જોવામાં આવેછે. ઘોડાપરજ તેઓ એક મેકની મુલાકાત લીએછે, કામકાજ તથા વાતચીતો કરેછે. ગોલામો અને છુટાં માણશો વચે તફાવત એછે જે, ગોલામો પગે ચાલેછે પરંતુ શ્વતંત્ર માણશો હંમેશ ઘોડા પરજ ફરેછે. પોતાનાં રૂવાનોને પક્ષો અથવા શગથી તેઓનુ ગોસ્ત ચીઝ કરાવીઆ પછે વધેલાં હાડકાંઓને સુકવીને જમીનની અંદર ગાલે છે. યજદ અમશાશ્પંદોની આરાધનાં કરતી વેલાએ તેઓ નદીઓ (આવાંઅરદુઇશુર)ને વધારે મોટું માન આપે છે. એ લોકો મગરૂબ, ફીશાદખોરા, બેઇમાન તથા મોહોડાંપર આવીજાએ તેવા તડકડા હોયછે અને મરદોમાં થોડીઘણીબી અશભ્યતા તથા ઓરતોમાં નજાકતપણુ જોઇએ એમ તેઓ માને છે. તેઓ હંમેશ અમસ્થા બેશી રેહેતા નથી અને પોતાનાં મુલકમાં કે પછી બાહેર કેઉબી લડાઇમાં ગુથાવા તેઓ શદા તત્પર હોયછે. ખુદરતથીજ ધંભીર, અને બોલવા થાને કામ કરી દેખાડવામાં આતુર હોવાથી, તેઓ પોતાની ફતેહ કે હારનેબી એકશરખી રીતેજ ગોયા મુગે મોહોડે ખમીઆ કરેછે ને તે વીશે કશો શોહોર કે ઘોંઘાટ મચાવી મેલતા નથી. પીયારથી નહી પરંતુ બીહીકથી તેઓ પોતાના પાદશાહોના હોકમોને માન અક્રામ આપે છે. તેઓ વીભીચારી હોયછે પણ ખાનપાનની વેલાએ મીતહાર પણું જાલવી શકે છે. પોતાની મતલબ હોય તાંહાં શુધીજ પોતાની કબુલાતો તથા બોલીપર તેઓ અમલ કરેછે.” એ પછી એ ટોલાની ભુમી વીશે થોડોક હેવાલ આ મુજબ સલેબોની ભુગોલનાં દફતરમાંથી મલી આવેછે; કેમકે તવારીખ શંબંધી શરેહ આપનાર તેનું મોહોટું દફતર, જેમાં એ લોકોની રીતભાતો વીશે વાસ્તવીક હેવાલ લંબાંનથી, એ ગ્રંથકારની કલમથી લખાયો હતો, તે દફતર માઠાં ભાગ્યએ અત્યાર શુધી બચી શકીઉ નથી. એ ગ્રંથકાર બોલે છે જે “પારથીઆનો દેશ કંઇ ઘણો વીશાલ નથી, જેથી પારશીઓના દોરમાં ખંડણી શારૂ એ મુલકને હીરકેનીઆનાં પ્રાંત શાથે જોડી નાખવામાં આવ્યો હતો. એજ મુજબ માસીદોનીઅનો જયારે ઇરાનની ગાદીના માલેક થયા ત્યારે તેઓએ બી તેજ વીભાગ ચાલુ રાખયો હતો. તેનાં નાના વીશ્તાર સાથે વલી તેમાં મોહોટાં બીઆબાનો તથા પાહાડો આવેલાછે, જેથી તાંહાં કસી ચીજ પાકી શકતીબી નથી, માટે હરેક પાદશાહો પોતાનાં બેહદ ચાકર નોકરો શાથે, એ મુલકમાંથી ઘણી જહડપ શાથે શદા પશાર થઇ જાયછે, કેમકે થોડોકવાર શુંધીબી તેટલી શંખીઆને ખોરાકી એ દેશ પોહોચાડી શકે તેવો નથી. હાલમાં હવે એનો વીશતાર ઘણોજ વધી પડયો છે. કોમીસીની (કોમીસી) અને ખોરીનીનાં પ્રાંતો તથા કીઆશપીઅનના દરવાજા શુધીનો તમામ દેશ અને રઘા (રહે) તથા તપાછરીનાં મુલકો જે આગલ મીદીઆનાં પ્રાંતને તાબે હતાં, તે શઘલાં દેશો હાલ પારથીઆમાં ગણાએ છે. અપામીઆં તથા હીરાકલીઆનાં શેહેરો રઘા (રહે) શેહેરની પડોશમાં આવેલાંછે, અને કપાસપીઅનના દરવાજાથી તે રેહે શેહેર શુધી, એપાલોદોરસના જણાવીઆ પ્રમાણે ૫૦૦ સતેદીઆ જેટલું છેટું છે. તેમ

જ એ દરવાજાથી તે હીકતામપાઍલાસ નામના પારથીઅનોના પાએતખ્ત શેહેર શુધી ૧૨૬૦ સતેદીઆનો તફાવત છે. રધા (રહે) નાં પ્રાંતમાં જે ધરતીકંપો થયા હતા તેથી પોસીદોનીઅસના જણાવ્યા મુજબ, ઘણાંએક શેહેરો તથા બે હજાર ગાંમડાં તે લતા તરફ તારાજ થઇ પડીઆં હતાં ને તે ઉપરથીજ પછી તેનું આ નામ પડેલું છે. કહેછે જે દરબીસીસ અને હીરકાનીઅન ટોલાંઓ વચે એ તપારી લોકો વશેછે. ઇતીહાશ કરતાઓ બોલેછે જે, એ તપાઇરી ટોલાંઓમાં પોતાની પરણેલી સ્ત્રીઓને, બે ત્રણ છોકરાઓની માઍ થયા છતાંબી, બાજાઓને આપી દેવાનો રવાઇઓ છે, કે જે રશમ અશલ રૂમીઓમાં પણ હતી અને તે પરથી આપણા (સલેબોના) જમાનામાં કેતોએ પોતાની ઓરત મરસીઆને, હોરતેનસીઅસની અરજ ઉપરથી તેને શવાધીન કરી દીધી હતી. ...... કેહેછે જે દાહીઅપારની નામનો એક રખડતો રહજડતો ટોલોછે, જે મયોતીસના શરોવરની આશપાશનાં દાહીઅ લોકો, જેઓને ઝનદી (ઝીનદાઇ) તથા પરી (પરીઆઇ) કરીનેબી કહેછે, તેઓની નશલ ધરાવે છે. પરંતુ તે વાત શાધારણ રીતે કબુલ રાખવામાં આવી નથી, કેમકે મઓતીસનાં શરોવરની આશપાસનાં સીથીઅન (તુરાની) ટોલાઓમાંથી, એ દાહીઅ લોકો મલી આવતા નથી. કેટલાએક લોકોનાં કહ્યા પ્રમાણે આરસસીસ, જેને આ પારથીઅનોની શેહેનશાહતનો પાયો નાંખીઓ, તે શખ્સ એ દાહીઅ ટોલાંમાંથી પેદા થએલો હતો. બીજાઓ એમ જણાવેછે જે એ પુરૂશ બાખ્ત્રીઅન હતો અને દીઓદોતસના વધતાં જતાં બલથી, તેની બોરદુ છોડી પારથીઅનો સોડે હુલડ કરાવીને તેઓને એણે સ્વતંત્ર કરી મેલીઆં હતા."

આ પ્રમાણે એ ટોલાનાં અશલી મકાન તથા રીતભાત વીશે જણાવ્યા પછી, ચાલો હવે આપણે એ લોકોએ શંપાદન કરેલી, આખી ઇરાનની શેહેનશાહત વીશે થોડું ઘણું બીઆન આપવા અલે શહેર કરીએ. તે પછી એઓની તવારીખ, રીત ભાત તથા ધરમઆચાર શંબંધી, તમામ બાબદો ખુલાશેથી હવે પછી આપણે વીશતારીશું. કીઆસપીઅન શરોવરની પુર્વ ભણી મુધોજરના પાહાડોથી તે દરીઆએ હીંદ શુધી આશરે ૧૫૦૦ માઇલનું છેટું છે. તેઓ વચે એક જમીનનો કકડો આવ્યો છે, જે ઘણો રમણ્ય હોવાથી આપણું મન પોતા તરફ એંચે છે. એ કકડાની બંને બોરદુ તરફ મોહોટાં વીશતીરણ બીઆબાનો આવેલાં છે, જેઓ શાથ શરખાવતાં અલબત એ જમીનનો કકડો ઘણો નાંનો છે, પરંતુ તોબી ઉગમણથી તે આથમણ શુધી હરીરૂદ (નદી) નાં રસ્તા ભણી એની લંબાઇ ૩૨૦ ફુટ તથા ઉતરથી તે દક્ષીણ શુધી એની પોહોલાઇ લઘભગ ૨૦૦ માઇલ છે. હવે કીઆસપીઅન શરોવરની દક્ષીણે જે મોહોટી પાહાડની હારોની હાર લાગેલીછે તે ઇરાનની ઉતરનાં પાહાડો શાથે લગભગ બરોબર આવી, તાંહાં ઘણી ફલવંત પાહાડી બીનોને ગોયા જનમ આપે છે. અહીઆં કુહેદમાનો, અલાતગ તથા જઘતઇ અથવા દજોવીન નામના જુદા જુદા શલગના શલગ ચાર અથવા પાંચ બુલંદ પાહાડોની હાર, શમંતર લીટીઓમાં ગોઠવાયલી જોવામાં આવેછે, જેઓ વચે બીનો ઉભાઇ જાએછે અને તેઓની બંને બોરદુઓમાં મી૦ ફરેજર નામના એક ઇંગ્રેજ મુશાફરનાં જણાવીઆ મુજબ અકસર કરીને મોટાં બીઆબાનો આવેલાં હોયછે. એ પાહાડોની હેઠલની અલેની શપાટ જગ્યા ઘણી ફલવંત રેહછે, કેમકે અહીઆં પાંણી

પુશકલ મલી આવેછે અને પાહાડો ઉપરથી હેઠલ આવતાં, નાહાના જહરાઓ એકમેક શાથ મલી જઇ મોટી નદીઓનો પછી આકાર પકડે છે. એ તરફના ફલવંત મુલકોમાં તલાવો તથા કનાતો મારફતે પાહાડો ઉપરથી દક્ષીણ ભણી વેહેતા ઝરાઓનાં પાંણી એકઠાં કરી રાખી, કલાકંવશલતાથી અહીઆના ખુરજીગરોએ, એ આખા લતા તરફ માઇલના માઇલો શુધી, ઠેઠ ઇરાનનાં મોહોટાં રન, શુધી આબાદાની ફેલાવી મેલેલી છે, કેમકે હુનર વગર ખુદરતનેજ આધારે જો, એ જગ્યા પાડી રાખી હોય તો, પાંણી બરોબર રીતે ચો તરફ પોહોચતું ન હોવાથી, એ શઘલી જગ્યા આ પડોશના ગંજાવર રન માફક નહી તોકે, બીનરસીલ થઈ પડે તેવીછે. આ મજકુર જગ્યા ઉપર પારથીઅનો જેવા શુરવીરોનો અશલ દેશ આવેલો હતો, કારણ કે એજ જગ્યાની પડોશમાંથી, એઓનાં અશલી શેહેરોની તારાજ નીશાનો મલી આવેછે અને આઇસોદોરસ તથા પલીનીનાં જણાવીઆ મુજબ, એ લોકોના ઘણાજ આબાદ વખતમાં, એ શેહેનશાહતનો એક પ્રાંત નામે પારથોની યાને ખુદ પારથીઆબી અહીઆં એજ ઠેકાણે મશહુર હતો અને પોલીબીઅસ, સ્ત્રેબો તથા દાયોદોરસ સીકુલસ જેવા ગ્રીક લખનારોનાં જણાવીઆ મુજબ, એ શેહેનશાહોનુ પાયતખત શેહેર હીકતોમપાએલાસ પણ અહીઆંજ આવેલું હતું. એરીઅન જેવો શીકંદર પાદશાહની તવારીખ લખનાર, એક રૂમી ગ્રંથકારબી શપર પેહેલાં એ ટોલો જયારે યુનાનીઓનાં જાણમાં આવીઓ અને આ બાહાદુર પાદશાહે, આખો એશીઆ ખંડ પોતાને તાબે કરી લીધો ત્યારે અહીઆંજ એ વશતો હતો એમ લખી ગયોછે. હીરાદોતસ એ લોકોને ખવારઝમ (ખોરાસમીઅન), સોગદીઅન તથા હેરાતી (એરાયન) લોકો શાથે અને વલી કોઈ કોઇવાર ગુરગાન (હીરકેનીઅન), સરાનગીઅન તથા થામાંનીઅન ટોલાઓ શાથે પણ ભેલશેલ કરી નાખેછે અને દરાયશના, બેસતુન પાહાડના ખીલારોકા લેખોમાં, એ છત્રપીને સરાંગીઆ, એરાયા (હેરાત), સગારસીઆ (ઇરાનનુ મોટું રન) તથા હીરકેનીઆ (ગુરગાન) નાં પ્રાંતો શાથે જોડીને ગણેલી છે, જેથી ખુદ પારથીઆ અને હીરકેનીઆ વચે અશલમાં શું હદ ગણાતી હતી, તે વાત હાલમાં બરોબર રીતે માલુંમ પડી શક્તી નથી. પરંતુ આટલુંતો એરીઅન, પલીની તથા આઇશોદોરશની સતા ઉપરથી શીદ્ધ થાએછે જે, હીરકેનીઆનો પ્રાંત તો એની પશચમ તથા ઉતર ભણી આવેલો હતો અને તાંહાંજ ઇતરીક તથા ગુરગાનની ફલવંત ખીનો પણ આવેલીછે, માટે તે ખીનોની પુરવ તથા દક્ષીણ ભણી ઠેઠ ૬૧° પુર્વ રેખાંઉશ શુધી, એ અશલી મુલક આવવો જોઇએ એમ હાલ આપણા ધારવામાં આવેછે; યાને ઇરાનમાં જાંહાં હાલ ખોરાસાનનો પ્રાંત આવેલો છે તેજ પ્રાંતને અશલમાં ખુદ પારથીઆ કરીને કેહતા હતા. એની શીમા તેથી આ મુજબ હવે અટકલી શકાય છે. આથમણે લગભગ દમાગનનો પાહાડ જે ૫૪° ૧૦' રેખાઉશ આગલ આવેલો છે, તાંહાંથી તે ઠેઠ ઉગમણે હરીરૂદ નામની નદી આગલ એની હદ આવવી જોઇએ. એમાં હાલ જમાનાનાં દમાંઘન, શાહરૂદ, સબજવર, નીશાપુર, મશ્દ, શાશ્રીનુ અને તરશીજનાં પ્રાંતો આવવા જોઇએ અને એની લંબાઈ પુર્વથી તે પશચમ શુધી આશરે ત્રણસો માઇલ અને એની ફાલા પડતી પોહોલાઈ આશરે ૧૦૦ થી ૧૨૦ માઇલની હતી, * એમ

* જુઓ એ વીશે વીગતે ખુલાશો મારા "કાફરે શીહાપોશ" નામના ચોપાની આને શફે ૧૯મે આપેલી નોટમાં.

અટકલી શકાય છે. સઘળો તો ઉપર જણાવીઆ મુજબ એની આથમણ તરફનો મરીઆદા ઠેઠ કેસપીઅનના દરવાજા શુધી મેલી ગીઓછે આને આ દમાવનનાં પાહાડનાબી શો માઇલથીબી વધારે આથમણ ભણીની તે ગણેછે, પરંતુ એ દરવાજાની ઉગમણ તરફનાં પ્રાંતો નો શાધારણ રીતે હીરકેનીઆ યાતો માદીઆનાં પ્રાંતોની હદ અંદર આવી શકેછે, માટે ઉપલી ગણતરી માં તે સીમાં બાહાલ રાખવા હું દુરસ્ત જોતો નથી અને મારી શાથે પ્રોફેસર રાલીનશન પણ એકમત થતો હોય, એમ તેનાં પુશતકો ઉપરથી સ્પશ્ત ભાશેછે. એ દેશની સ્થીતી વીશે બોલતાં આપણે ઉપર જણાવી ચુકા છેએ જે, ઉતર તરફથી એ દેશ પાહાડી છે અને દક્ષીણ તરફથી મોટા પ્રદેશો યાને મેદાનો અહીઆં આવેલાં છે. શપર પેહેલાં ચાલો આપણે એ પાહાડી મુલકોની જરા વધુ તપાશ લઇજીએ. ઉતરમાં દમાની કુહ નામના બુલંદ પાહાડો આવીઆછે, જાંહાં માહાતમાં શાહ અબબાસે ઉશબેગ અને બીજાં તાતારી ટોલાંનાં હલાં શામને થવા સારૂ ૧૫૦૦૦ કુરદોને, તુરકીઓનાં મુલકની શરહદ આગલથી અલે લાવી વશાવીઆ હતા અને જેઓનાં વારેશોનાં હાથમાં મશ્દની બીનથી તે બવારઝમીઆનના મોટાં રન શુધીની ઘણીએક પાહાડી જગ્યા અત્યારી આપણા જોવામાં આવે છે. એ પાહાડ ઠેઠ મજકુર રન શુધી ચતરાએલો છે. મીરાબી અને અલાતગ નામના પાહાડો વચો વચમાં આવીઆ છે અને દક્ષીણમાં દજોવીન અથવા જઘાતી નામન એક બુલંદ પાહાડની ગંજાવર હાર લાગેલી છે, જે તરશીઝ અને બાફની ઉપરનાંપાહાડો શાથે ગોયા જાઇને પછી મલી જાય છે. એ ત્રણે પાહાડોની હાર પુરવથી પશ્ચીમ ભણી શમાતર લીટીઓમાં આવેલી છે પરંતુ કોઇ કોઇ ઠેકાણે પુરવ તરફ આવેલી હારો દખણ બાજુ તરફ તથા પશ્ચીમ ભણી આવેલી હારો ઉતર ભણી જરા વાંક લીએછે. ઉતર તરફના તથા વચો વચમેના પાહાડો વચે, એક મોટા પાંણીનો ઝરો મશરકથી તે લગભગ મગરબ શુધી અને કુશનની નજદીક દક્ષીણ શુધી વેહેતો ચાલીઓ જાએ છે અને અતરકના મુખ્ય ઝરાઓને મશ્દ નદીના ઝરાઓથી તે જુદા પાડે છે. હવે એ વચલા અને દક્ષીણ ભણીના પાહાડોને, ઉતરથી તે દક્ષીણ તરફ પાહાડોની જે એક હારની હાર દોડેછે, તે ગોયા એ બંને મજકુર મોહોટા પાહાડોને જોડી નાંખેછે અને જે પાણીના ઝરાહ આથમણ તરફ ગુરગાનનાં મુલકમાં વેહેછે તેઓને, નીશાપુરની નદી શાથ મલી જતા ઝરાઓથી છુટા પાડી નાખેછે. આ પ્રમાણે એ પાહાડોની બનાવટ ઉપરથી ત્રણ મુખ્ય ફલવંત બીનો અલે મશહુર છે. પેહેલી મશ્દની બીન, જે કુરદીશનાં પાહાડો અને અલાતગ તથા મીરાબી પરવતો વચે અગ્નિખુણ ભણી. આવેલીછે. બીજી મીઆનાબાદની બીન, જે આથમણ દીશા ભણી અલાતગ અને જઘાતી પાહાડોની વચમાં આવીછે અને દક્ષીણ ભણી તરીજી બીન નીશાપુર વાલી છે, જે જઘાતી પરવતોના પુર્વ તરફના છેડાની તથા મીરાબી પાહાડની આડેમણ ભણીનો શીમાંની વચમાં આવીછે. ફરેજરના જણાવીઆ મુજબ અહીઆં ત્રણ નદીઓ વેહેછે, જેવી કે તજન્દ યાને રૂદે મશ્દ, રૂદે નીશાપુર અને રૂદે મીઆનાબાદ. એઓમાં શપર પેહેલી નદી ઘણી મોટી ગણાય છે. એ નદી કુશનની દક્ષીણમાં જે પરવતો આવ્યા છે તાંહાંથી શહરૂ થઈ અગની કોણ ભણીનો રસ્તો લેઈ પછી મશ્દની બીનમાંથી પશાર થાયછે અને બંને બારદુઓ તરફથી ઘણાએક ઝરાઓ

તેની શાથ આવી તાંહાં મલી જાયછે, જેઓમાં મરદની ઉતરમાં આશરે પચીશ માઇલ દુર, એ બીનની પશ્ચમ બાજુ ભણી એક નાહનો શરોવર આવ્યોછે ને જેનું પાંણી કે ખાંરાર જેવું ચોખ્ખું હોવાથી તેને ઈરાનીઓ ચશમે ગીલાસ કરીને કેહેછે, તે શરોવરનો એ નદી શાથે એક મુખ્ય ઝરાથી અલ્બે શંયોગ થાયછે. ત્યાર બાદ વેહેતી વેહેતી એ નદી મરદના વખણાંએલાં શેહેરમાંથી પશાર થાયછે. અહીઆં આવી હવે એ પોતાનો રસ્તો ઉગમણ દીશા ભણી લીએ છે અને કુરદીશનાં પાહાડોમાંથી થઇ પછી હરીરૂદ શાથે આશરે ૬૧ ૧૦' રેખાંઉશ આગલ આવી પોતે એકએક શાથ મલેછે, ને તેપછી એ અહીઆં પોતાનો રસ્તો શદંતર બદલી નાખેછે. એક નાહનો જેવો સાંકડો ખુણો કરી નાંખી કુરદીશના પાહાડોની ઉતર તરફનાં તલીઆંની પછી વાવ્ય ખુણ ભણી એ વેહેવા મંડી જાય છે, અને અહીઆં એ પાહાડોમાંથી વલી બીજા ઘણાએક નાહાનાં ઝહરા જે નીસરેછે તેઓની શાથ આવીને તે પછી મલી જાય છે. ત્યાર બાદ વખણાએલા હંગેરીઅન મુશાફર આરમીનીઅસ વામબેરીનાં "મધ્ય એશીઆની મુશાફરી" ના ઇફતરની આખરીમાં આપેલા એક નકસામાં જોયા પ્રમાણે ૩૯° અખશાંઉશ તથા લગભગ ૫૭° રેખાઉશ આગલ આવેલા એક મોટા શરોવરમાં આવી આખરે તે ખાલી થાય છે. એ નદીનો લંબાઈ આશરે ૪૭૫ માઇલ છે અને એનાં મુખ આગલ એનાં પાંણીનો મોહોટો જોશ રેહેતો નથી, કારણ કે મરદનો પડોશમાં બુરજીગરો ખેતીવાડીમાં શીપવા એનાં પાંણીનો ઘણોએક ભાગ પોતાના ખપમાં લેઇ લીએ છે. વંદીદાદવાલાં અશલી વખણાંયલાં નીશય (નીશાપુર) શેહેરને તણ બાજુએથી જે તરણ બુલંદ પાહાડો ઘેરી લીએછે, તે પાહાડો ઉપરથી ચોમેર હેઠલ આવતા બેહદ નાહના જરાહોનો શંયોગ થવાથી રૂદે નીશાપુર નામની આ બીજી નદી બનેલી છે. એનું પાંણી આશપાશના ખેતરોમાં અકશર કરીને વાપરી નાખવામાં આવેછે, પરંતુ એનો ખુદરતી રસ્તો જો શોધવો હોય તો દક્ષીણ તથા નૈરૂત ખુણ ભણી શેહેલથી માલુમ પડી આવેછે અને ત્યાર બાદ તરશીઝની પડોશમાં આવેલી ટેકડીઓ આગલ આવી એ નદી ગુમ થઇ જાયછે. લીજી નદી જેણે રૂદમીઆનાબાદ કરીને કહેછે, તે ગુરગાન નામની નદીમાં ખાલી થાએછે એમ વીચરાયલુ છે અને અલાતઘના પાહાડો ને જગાતી પાહાડો શાથે જે અલ્બે આડા આવેલા પાહાડની હાર જોડી નાંખેછે, તાંહાનાં ઘણાંએક નાલાંઓમાથી એ ઉતપન થઇ, શાંકડી ખીણોમાથી એ શઘલાં નાલાં આથમણ ભણી વેંહેતા જઇ પછી એકએક શાથ અશરે ૫૭° ૩૫' રેખાંઉશ આગલ આવી મલી જઇને મોટું રૂપ પકડેછે. અહીઆંથી તે ઠેઠ થીપરની શુધી એના રશતાની તપાશ હજુરવેર બરોબર રીતે થાયલી નથી, પરંતુ એમ માનવામાં આવેછે જે અલાતગ નામના પાહાડોના દખ્ખણ ભણી આવેલાં તલીઆંનો, એ આડમણ દીસા તરફ વેહેતી ચાલી જાયછે અને ગુરગાનનાં બીશમાર શેહેરની જરા હેઠલ આવીને, તે મોહોટી(ગુરગાન) નદીમાં આવી પછી ખાલી થાયછે. અહીંઆ શુધી એની લંબાઇ આશરે ૨૦૦) માઇલની અંકાયલી છે. એ શઘલા પાહાડોની ઉનચાઇ કંઇ ઘણી નથી. એઓમા કોઇ જાણવા જોગ ઉનચી ટેકડી આવેલી નથી અને આ વાત પણ શક ભરેલી છે કે કોઇ બી એ માંહેલી ટેકડી ૬૦૦૦ ફીટથી પણ

વધારે ઉનચી હોએ. અકશર કરીને એ ટેકડીઓ બીન ફલવંત અને બપશાએલી જેવી લાગેછે. તાંહાં કોઇ એવા મોટાં દરખતો બી આવેલાં નથી કે, જેમાંથી જાુહડા બંદ લાકડાં મલી આવે અને કોઇ કોઇ જગાઓ પર ગાએ ઢોરો સારૂ, માત્રે જાુજ જાુજ પાલો થાએ છે. ફરેજર પોતાની ખોરાસાનની મુશાફરીનાં પુસ્તકમાં જણાવે છે જે, "આથી પુરાતન પારથીઆના પહાડો, તેણી પડોશના હીરકેનીઆનાં પાહાડોથી શદંતર જુદીજ હાલત દેખડાવે છે. ગુરગાન અને ઈતરક નદીનાં કીનારા ઉપર મોટાં કીમતી દરખતો આવ્યાં છે પરંતુ ખોરાસાનની ઉગમણ તરફનાં પાહાડોપર તો, જાહાડો મુતલગજ જોવામાં આવતાં નથી." હવે એથી ઉલટું, અહીઆંની બીનો બેહદ ફલવંત રેહે છે. મશ્હદની બીન જે, વાવીય ખુના તરફથી તે ઠેઠ અગણી ખુન શુધી શો ઉપર માઇલ વેર લંબાએલી છે અને વીશથી તે ત્રીશ માઇનો પોહોલાઇ રાખેછે, તે મી૦ મેકડાનંદ કીનીઅરનાં જણાવીઆ મુજબ ઘણી રશાલ જમીન ધરાવે છે અને તાંહાં કોઇ કોઇ ઠેકાણે રેતીની જમીન આવીછે, તોબી અંદરથી ખોડતાં પાછી સારી ફલવંત જમીન હાથ લાગેછે; અને અહીંઆ પાંણી પુશકલ મલી આવે છે તેથી જમીનમાં જેવા નાખીએ હોએ, તે તરત વગર મેહુનતે ઉગી નીકલે છે. નીશાપુરની આશપાશનું મોટું મેદાંન ૮૦ થી તે ૯૦ માઇલ લાંબુ અને ૪૦ થી ૬૦ માઇલ પોહોલું છે ને તે વલી તેથીબી વધારે ફલવંત જગા ગણાએછે, એમ મી૦ કીનીયર તથા ફરેજર જેવા બંને ચંચલ ઇંગ્રેજ મુશાફરો એક અવાજે કબુલ રાખી જાય છે. એ પાહાડોની દખશણ તરફનાં તલીઆં આગલ આવેલો શપાટ દેશ, જેને પલીની નામનો આગલો રૂમી તત્વવેત્તા, "પારથીઆનો બેહશરસ મુલક કરીને કહેછે," તે જમીનનો કકડો આશરે ત્રણ શો માઇલ લાંબો અને પોહોલાઇમાં તાંહાંના બુરજીગરો જાંહાંબી પાંણી પુગી શકે તાહાંવેર જેટલો ચતરાવા માંગે તેટલો ચતરાઈ શકે તેવોછે. હાલમાંતો પાહાડને તલીએથો બે માઇલથી વધારે દુર વેર જમીન ખોદી, અંદરથી પાંણીનાં બાંધકામો યાને કનાતો બનાવવામાં આવેલાં નથી પરંતુ એવો બીઆશ જાએ છે જે, આગલા વખતમાં તેથીબી વધારે દુર શુધી એ તરફ ખેતીવાડી કરવામાં આવતી હતી. એ વાતની શાહદત અહીઆં આ બંને મજકુર મુશાફરોનાં કેહા મુજબ ઓસ્તામ, ખેજાબાદ વીગેરે ઠેકાણે ઠેકાણે તારાજ થઇ પડેલાં શેહેરો હાલબી જે નજરે પડેછે, તે ઉપરથી શાફ મલી આવેછે અને એ જમીનની રશકશની તેપરથી શારી પરીકશા થઇ શકેછે ને બુરજીગરીનાં હુનર ઉપર જો શારૂ લક્ષ આપીઉ હોએ તો, ધારવા થાનેબી કોઈ કોઇ જગાઓ તો બેહદ ફલવંત નીકલી આવેછે. તોબી અંહીઆં પાહાડોની દશથી પંદર માઇલની વેગલાઇ ઉપર નીમખના અગરે, ઠેકાંણે ઠેકાંણે આવ્યાં છે, માટે હેવો શારાંઉશ નીકલી શકેછે જે એ અટક યાને હદની વધારે આગલની જગા કોઇ કાલે પણ માનવી જાતથી વશી શકાએ તેવી હાલતમાં હોવી જોઇએ નહી; પરંતુ શત્રેબો તો શાફ લખી જાએછે જે, માગ જમાનામાં અહીઆંની જમીન બીચો બીચ ગંજાવર દરખતોથી આરાસ્તા થએલી હતી ને તે પરથી એ જમીનની હાલની પડતી દીશા વીશે તાંહાંનાં રાજય કરતાઓ તરફ આપણને બહુ ખેડ ઉતપણ થાએછે. પારથીઆના મુલકની ઉતર તથા દખશન ભણી આવેલાં પાહાડોનાં છેડાને, હાલના વખતમાં અટક કરીને કહેછે, જે લુગત તુરાંની ભાશાનો છે

ને જેને લગતો ઇરાની શબ્દ દમન કરી જોવામાં આવેછે એમ મી૰ ફરેજર બોલી જાએછે. હીંદુ લોકો એજ શબ્દ શીન્ધુ નદી શારૂ વાપરેછે, કારણ કે તાંહાંથી વધારે આગલ ચતરાવવા એ ટોલાં અશલથીજ દુરશ્ત વીચારતાં આવીઆં નથી અને તાંહાંજ આવી, એ લોક અટકી રહેલા છે તે પરથી એ અશલી નદી, જેની શાહદત વેદ તથા અવશ્તામાંથી વઠીક મલી આવે છે, તેને હાલ જમાનાવેર અટક નદી કરીને પણ કેહેછે.

આ મજકુર શાહદતો ઉપરથી શાફ માલુમ પડેછે જે, એ શઘલો લતો તમામ જમાનામાં આદમીઓની વશ્તી પોતાની તરફ એચે, તેવા કીમતી મુલકનો હોવો જોઇએ. ઉતર અને દખશણ ભણી આવેલાં બીન રશીલ બીઆબાનો સાથ શરખાવતાં, ખોરાસાનનો આ પ્રાંત જે, પુરાતન જમાનાનો પારથીઆ તથા હીરકેનીઆનો મુલક હાલમાં વીચરાએલો છે, તે આ જમીન ઉપર ગોપા બાગે બેહેશ્ત જેવો એક પ્રાંતછે. પારથીઆમાં મી૰ ફરેજર તથા મી૰ કીનીઅરનાં જણાવીઆ મુજબ અશાની પાઇન, અખરોત, સીકામોર, આશ, પાપલર, નેતર, દરાક્ષ, શેહેતુર, આપરીકત વીગરે બીજા તરેહ તરેહવાર મેવાનાં ઝાહાડો ઉગી નીકલેછે અને કેસર, હીંગ તથા બાવરનાં ગુદરના રોપા, જમીનમાંથી આપો આપ ઉગી નીસરેલા ઠેકાણે ઠેકાંણે આપણી નજરે પડેછે. ઘણીએક જમીનપર ઘંઉ, બાજરો તથા રૂઉ, પુશકલ ઉતપન થઇ શકે તેવુંછે. ફરેજર કેહેછે જે ઘંઉ અને બાજરો અકશર કરીને એક દાનામાંથી દસ દાના જેટલો ઉતપણ થાએછે તથા કીનીઅરના જણાવીઆ મુજબ, શુકા દાનામાંથી શો ઘણો તથા તાજા ચોખામાંથી ચાર શો ઘણો પાક ઉતપન થાએછે. પાહાડો ઉપર શીકાર ઉભાઇ જાએછે અને જમીનની ભીતરમાં આવેલા પાણીના ઝરાહોમાંથી માહી બીશીઆર મલી આવેછે. ઉપધાતુઓમાં અંહીઆંથી ત્રાંબુ, સીસુ, લોહોડું અને નીમખ આપણે હાથ લાગેછે તથા નીશાપુરમાં ફીરોઝાની ખાનો આવેલીછે. આં ઝહવાએરાત વીશે આગલા ગરંથકારો કશો એશારો કરી ગયા નથી, પરંતુ એ એટલું તો શેહેલાઇથી મલી શકેછે કે, પુરાતન કાલમાંની એ જનશ અત્રે સારીકાની જણાવવી જોઇએ. એ દેશમાં શીઆલો ઘણોજ શખત પડેછે એમ જસતીનના પુશતક ને આધારે આપણે આગલ બોલી ચુકા છઇએ, પરંતુ ફરેજર વીગેરે બીજા તમામ હાલ જમાનાનાં મુશાફરો કેહે છે જે, અહીઆં શીઆલો જો કે ઘણું શુધી રેહે છે પણ તે આપણાંથી નહી બરદાશ્ત થઇ શકે, એટલો બધો કઇ શખત પડતો નથી કારણ કે ફેરનહાઇતની પારાની શીસીમાં રાતની વેલાએ દશથી અગીઆર દીગરી થી વધારે નીચે શુધી પારો ઉતરતો નથી અને દીઝેમબર તથા જાનેવારી મહીનામાં વઠીક, દીશની વેલાએ તે ઠેઠ ૪૦°થી ૫૦° દીગરી શુધી ચહડેલો રહેછે. થંડીની મોશમ જે આશરે અકટોબર મહીનામાં શહરૂ થાએ તે, ઠેઠ મારચની આખરી શુધી રેહે છે ને જયારે કે કરાં તથા બરફના વરશાદનાં તોફાનોપણ થાએછે. શીયાલાની શહરૂઆતમાં ઘણો બરફ પડેછે અને મારચ શુધી શઘલી બીનો તેથી ભરાઇ રેહેછે. પાહાડો ઊપર તો તે વધારે વખત શુધી પડી રેહેછે અને વશંત તથા ગરમીની મોશમ શુધીમાં તો તે પગલીને તાંહાંની નદીઓને અકશર કરીને પછી આબાદ કરેછે. ગરમીના દીવશોપર ગરમી પણ શખત પડેછે અને અકશર કરીને જે જગાને અટક કરીને કેહેછે તાંહાંની ગરમી તો તે વેલાએ નહી બર-

દાશત થઇ શકે તેવીછે અને દખ્ખણના રણોમાંથી જે પવન ફુકેછે તે વારંવાર એ વેલાએ લોકોની તંદરૂશ્તીમાં ઘણો બીગાડો કરી નાખેછે; પરંતુ પાહાડી દેશોમાં તાપ જાહજો પડતો નથી, જેથી અંહીઆનાં રેહેવાશીઓ મગરૂરીથી મુશાફરોને જણાવેછે જે, વરશમાં ફકટ એકજ મહીનો અમોને ઘેરોનાં ધાબા ઉપર શુવાની ફરજ પડેછે. પારથીઆના આવા બાહાદુર લોકોનાં દેશની આશપાશ ખોરાસમીઆ, મારગીઆના, એરાયા (હેરાત), સારંગીઆ, સગારશીઆ તથા હીરકેનીઆનાં પ્રાંતો આવેલાછે ને તેઓમાં ખોરાશમીઆનો પ્રાંત ઉતર તરફની હદ તરીકે ગણાએછે. એ દેશ પારથીઆની શરૂથી ઉતરના પાહાડોનો હાર અને આકસસ નદીનાં અશલી રસ્તાની વચોવચ આવ્યોછે અને અંહીઆંની જમીન ઘણી હેઠાનમાં આવીઆથી તે બીન રશીલ અને માનવી જાતની વશ્તી પોતાની તરફ જહાં બંદ ખેચી શકે, તેવી હાલતમાં પરમેશવરે તેને પેદા કરેલીજ નથી. મોરાવીઆફ નામનો એક રૂશીઅન મુશાફર બોલેછે જે "એ દેશ ગોયા અજલના ફરેશ્તાની મુરત દેખડાવેછે યાને ખુદરતનાં ભયંકાર ફેરફારોથી જે તારાજ નીશાનો પાછલ રહી ગઇઓછે તે અહ્લે ખુલી રીતે માલુમ પડી આવેછે, કારણ કે અંહીઆં એક પરંદુ કે ચરંદુ વટીક આપણાં જોવામાં આવતું નથી અને લાંબે લાંબે તફાવતે કોઇ કોઇ જગાઓપર થોડાક અરધા મુવેલા રોપા જે નજરે પડેછે, તે સીવાએ આંખને તર કરવા એક જાહાડ પણ કેડે આપણી દરશ્તીએ પડતું નથી." વાંમબેરી નામનો બીજો એક મુસાફર કેહેછે જે "એ એક મોટું ભયંકાર રનછે, જાંહાં કે મુશાફરો અથવાડીઆંનાં અથવાડીઆં શુધી ભટકેછે તોય એક જાહાડનો છાએડો, કે પાંણીનો એક કતરો વટીક પણ તે બીચારાને મયશર થઇ શકતો નથી." અત્રેના તરકોમન ટોલાં જે આકસસની દક્ષીણ ભણી તથા કીઆશપીઅન શરોવર આગલથી તે ઠેઠ બલખ શુધી ચતરાએલાછે, તે શઘલાંઓની એકંદર શંખીઆ વામબેરી ૧૯૬૫૦૦ ટંબુની યાને ૯૮૨૫૦૦ માનશોની ધારેછે ને તેઓ અત્રે અંહીતંહી રખડીને પોતાનો રોજગાર ગુજારેછે તથા પોતાના ગાદરાઓને કોઇવાર આકસસ નદી આગલ તો, કોઇવાર રૂદે તજંદ આગલ લાવી ચરાવેછે યાતો આશપાશની બીજીજગા ઉપર ઉગતા ચારા ઉપર, તેઓને જેમ તેમ કરીને પાલે છે. એ ટોલાં અંહીઆનાં અશલી ટોલાંઓની જાત બુનીઆદ ધરાવતાં હોએ એમ માલુમ પડી શકેછે, જેથી અંહીઆના અશલી વતનીઓની હાલતનો હજુરવેર તેઓ ગોયા એક અચ્છો ચીતાર આપણી શનમુખ લાવી ધરેછે ને તેઓ ગમેતો તુરાની કે ઇરાની લોહી હાલમાં ધરાવતાં હોય, પરંતુ આગલા જમાનોમાંપણ તેઓની શંખીઆ અત્રે ઘણી નહી હશે એમ આ ઉપરથી સ્પસ્ત ભાશેછે. માટે પારથીઅનોને એ બોરદુ તરફનાં પડોશીઓથી કશા પણ હોમલાની ધાસ્તી રેહેવી જોઇએ નહી; શીવાએ કે કોઇ કોઇ વેલાએ આકસસની પેલી બોરદુ ભણી આવેલાં તોલાંઓ જે તેઓને શાહે થઇને એ લોકોના દેશોપર કદાચકાલ ઊતરી પડતાં હતાં, તે વતરોગે એ એખલાં ટોલાંથી અશકાંનીઅનોને જાહજો ઉપદરવ ખમવો પડતો ન હતો એમ તવારીખ ઉપરથી શાફ દીપા નીકલેછે. ઇશાન કોણ ભણી મારગીઆનાંનો પ્રાંત, જેને બીજારોકા હરફોમાં મરગુશ કરીને લખીઓછે અને શેહેનશાહ દારયશ જેને બાખત્રીઆની છત્રપી શાથ જોડી નાંખેછે, તે ફલવંત દેશ એ બોરદુ તરફની પારથીઆનો હદ ગણાએછે. [1]તોલામી, સ્તરેબો તથા

આઇસોદાર, એ પ્રાંતને બાખત્રીઆનાં મુલકથી છુટોજ ગણેછે. એ ભુમી મુરગાબ નદી, જેને પરાચીનકાલમાં મરગુસ કરીને કેહેતા હતાં તાંહાં આગલ આવીછે અને હાલ જમાનામાં તેને મરવ કરીને કેહેછે. પારોપમીસસના પાહાડોમાંથી એ નદી ઉતપન થઈ, જરા ઇશાન કોન ભણીનો રસ્તો લીએછે અને આશરે ૩૬° ૨૫ અખશાંઉસ આગલ તે પેલા પાહાડો આગલથી ફરી જઇને પોતાનો રશતો બદલી નાંખી, આશપાશનાં જંગલમાંથી દર મંજલ પોતે વેહેતી આગલ ધશેછે અને મરવ શેહેરમાં આવી પોહોચે તે આગમજ તો, તે પોતા શાથે જહાબંદ પાંણી ઘશડી લાવી ૮૦ વાર પોહોલું તથા પાંચ ફીટની ઉંદાઇ જેટલું મોટું રૂપ પકડે છે. નેહેરો અને તેવાંજ બીજાં પાણીનાં બાંધ કાંમો મારફતથી એ નદીનાં પાંણીને, ઠેઠ પચીશ માઇલ શુધીની જમીન ફલવંત કરવા માટે આગલા લોકો, એનો શારો ઉપીયોગ કરતા હતા એમ સત્રેબો જણાવી ગયો છે. આ વાત શાથ મી० ફરેજર એકમત થતો નથી ને બારથી ચઉડ માઇલથીબી વધારે દુરવેર એ પાંણી પોહોચી શકે નહી એમ જે પોતાનો અભીપરાએ જણાવેછે તે વીચાર ભુલ ભરેલો દીશેછે, કેમકે હાલનાં ઇરાનની હાલત શાથ શરખાવતાં આગલી હાલત વધારે કજાકવશલ ભરેલી હતી માટે શત્રેબોનાં મજકુર એકરાર ઉપર કસો શક નાખવા આપણી શાડે કઇ નવું અગતપનું કારણ દીશતુ નથી. આથી કરીને આસપાશનાં બીઆબાનો અંદર એ જગ્યા એક ગોયા બાગે બેહેસ્તની માફક દીપી નીકલતી હતી. એનો ચકરાવો ૧૭૦ માઇલ તથા એનો વીઆસ ૫० માઇલ થાનેબી વધુ હોવો જોઇએ. અંહીઆંની દરાક્ષો અકશર કરી મશહુર હતી અને સત્રેબોનાં કેહા મુજબ તે એટલીતો પ્રફુલીત અહ્લે થઈ શકતી હતી કે, એક માણશ તેઓની દાંખડીઓને પોતાનાં બંને હાથો વચે ઘેરી શકતું ન હતુ તથા તેઓપરએકેકવાર જેટલાલાંબા દરાક્ષના જુમખા નીચે લટકતા દીશતા હતા. હવે એ દેશ બહુ રશાલ હોવાથી, ફકટ એજ પ્રાંતનાં લોકો હથીઆર વાપરવામાં ઘણાં કુશલ ગણાતા ન હતા, તેથી જયારે એ લોકો આશપાશના વધારે જબરાં અને મોટાં મુલક શાથે જોડાઇ જતા, ત્યારેજ તેઓ બંને જણ મલીને પારથીઅનોને કોઈ કોઇ વાર હફાવી શકે તેવા બનતા હતા.

મારજીઆનાંની દક્ષીણે અને પારથીઆની પુરવ બોરફુ ભણી, એરાયાનો પ્રાંત આવીઓ હતો, જેને હાલ જમાનાંમા હેરાતનો મુલક કરીને કેહેછે. વંદીદાદવાલો *

---

* પારસીઓનાં આ દફતરને ભવીસ્ય પુરાનવાલો વીદતના નામથી ઓરખાણ આપી ગયોછે અને બોલેછે જે "મગા (મજુસી–માઝદીઅરનાન) લોકો સોડે ચાર વેદ છે, જેવાં કે વદ (યશ્ના ?), વીશ્વવદ (વીસપરદ), વીદત (વંદીદાદ) અને અંગીરસ." આ માહેલું છેલું પુશ્તક તે કીયો જુશ્ક હશે તે વીશે ખાતરી ભરેલો ખુલાશો અદ્યાપી કોઇબી ઉગમન પ્રાંતનો વિદ્યારથી કરી શકયો નથી, માટે તે વીશે હું અહ્લે હીમ તથી કસો અભીપ્રાય આપી શકતો નથી. જુઓ પ્રોફેસર વેબરની "હીસ્તરી આફ ઇન્ડીઅન લીત્રેચર'' ને શફે ૧૪૮ મે. હવે કૃષ્ણ યાને કાહાનનાં સામબ નામના એક બેટાએ, આ મોગ (મગા અથવા મગસ) લોકોના ધરમાચાર તથા રીતભાત વીશે જયારે પોતે પુછપરછ કીધી, ત્યારે એજ પુરાનમાં જણાવીઆ મુજબ, બ્યાસ નામનાં એક હીન્દુ વીપ્રને તેનો નીચે મુજબ ખુલાશો કરીઓ હતોઃ—

૧ લું. એ લોકો શાકદ્વીપ નામના કોઇએક ટાપુનાં રેહેવાસી છે.

એને હરેયુ તથા વેદમાં એને સરેયુ તથા બીસતુન પાહાડના બીજા શેકા હરફામાં હરીવા કરી એને લખેલોછે. એ મુલકબી અકશરકરીને પાહાડીછે અને મજકુર અરવાચોન મુશાફરોના જણાવીઆ મુજબ અત્રેની એ પાહાડી જગા પારથીઆનાં પાહાડોની જગા શાથ એકમળતી આવેછે, પરંતુ એ પાહાડો આ છેલા જણાવેલા પ્રાંતના પાહાડો જેવા બુલંદ જોવામાં આવતા નથી. સત્રેબો એ આખા પ્રાંતની લંબાઇ ૨૦૦૦ સતેદીઆ યાને ૨૩૦ માઇલ તથા એની પોહોલાઇ ૩૦૦ સતેદીઆ યાને ૩૫ માઇલની જણાવેછે, જેથી એનું ક્ષેત્રફલ આશરે ૮૦૦૦ ચોરશ માઇલ થઇ શકે છે, માટે બરોબર જોશોતો એ પ્રાંત પારથીઆનાં પ્રાંતથી એક ત્રતીઆંઉશ ભાગ થાનેબી વધારે નાહનો હતો. અહીઆનાં રેહેવાશીઓ પાહાડી હોવાથી ઠીક લડાએક ગણાતા હતા, પરંતુ તેઓ થાને પારથીઆનાં દેશની શંબીઆ બેવડી તેવડી હોવાથી તેઓને એ લોકો કશી-પાંતીએ છેડી શકે તેવું ન હતું. પારથીઆની અગની બુણે સરંગીઆ યાને શરંગ એટલે જે દરંગ લોકોનો દેશ આવેલો હતો. હેરાતની બીનની દખશણ બોરદુ ભણી એ મુલક લાગેલો છે એમ માલુમ પડેછે અને ત્યાંથી તે ઠેઠ હામુન યાને સીસ્તાનના સરોવર શુધી ચતરાએછે. અંહીઆં ફેરીઅર નામનાં એક ફરેંનચ મુશાફરના જણાવીઆ મુજબ, ટેકડીઓ તથા નીચાન જમીનો આવેલી છે તથા નાનાં નાના ઝરાઓ ત્યાંનાં પારોપોમીસસના પાહાડોમાંથી નીકલીને, ઠેઠ હામુનના શરોવર શુધી નૈતખુના ભણી વેહેતા ચાલીઆં જાએછે, પરંતુ તેઓમાં પાંણી બીશીઆર હોતુનથી. અહીઆની વશતી ઘણી મોટી નહોવાથી તથા એ ટોલાં ઘણાં શાહશીક નહોવાથી પારથીઅનોને એ બોરદ તરફની પણ કશી ધાશતી રેહેતી ન હતી. એ મુલકની પશચમે સારંગીઆનો દેશ લાગેલોછે, જે પારથીઆની દખન ભણી લગભગ અરો અર આવ્યો છે. તીબીસ અને વુઅનની પડોશમાં ફરેજરના જણાવીઆ મુજબ ૩૪° અખશાઉસ અને ૫૬°થી ૫૮° રેખાઉશ શુધીનો એ લટો જે જરાક ફલવંત છે, તે શીવાએ એ આબો મુલક શદંતર વીરાંન છે અને અંહીઆની જમીન શુકી તથા ખારી હોવાથી અત્રે જાહાડ પાંણુ મુતલગ-ઉગી શકતુ નથી. વાંમબેરી કેહેછે જે અંહીઆનાં બીઆબાંનોમાં હરન અને પોરખર પુશકલ ફરતાં ફરેછે. અંહીઆના રેહવાશીઓ ભટકતા તથા જંગલી

---

૨ જુ. એ લોકો આફતાબ પરશ્ત છે. ૩ જું. બાનું બાતી વેલાએ એ લોકો બોલતા નથી (બાજ ધરે છે). ૪ થું. પોતાની કીરીઆ કરમોમાં એ લોકો વર્સમ (વરમ યાને બરસમ) ને ઉપીઓગમાં આને છે. ૫ મું. પોતાની કમરે એ લોકો અબ્યંગ, જેને અવસ્તામાં અઇવ્યાંગાનેમ યાને કુસ્તી કરીને લખેલી છે તે બાંધવામાં કામે લાવે છે અને જેનો અર્થ કે શરીર (અંગ) થી નહીં (અ) જુદી (વી) પાડી શકાએ, તેવી ચીજ એમ થાએ છે. ૬ થું. મુરદાંને એ લોકો અડતા નથી. ૭ મું. ચોકશ વખતે તેમજ એ લોકો પોતાની સ્ત્રીઓને બા અડકતા નથી કે, જે રસમ, શુવાવડી તથા દસ્તાન વાલી ઓરતો વેલાએ અદ્યાપી આપણા લોકો જાલવતા આવ્યા છે. ૮ મું. તેઓ પાંઉપીઆદા મુશાફરો કરે છે યાને બરશનુમ વાલો મોબેદ કોઇબી ઘોડે કે વાંહાણુમાં શવાર થઇ શકતો નથી. ૯ મું. તેઓ દાહાડી રાખે છે. ૧૦ મું. ઇશ્વરની ભગતી તથા કીરીઆ કરમો કરતી વેલાએ, તેઓ પુર્ણ યાને પદાનથી પોતાનું મોહોડું ધાંકે છે.

હોવાથી એકમેક શાથ આપશ આપશમાં મારામારી કરતા ફરેછે, અને છુટાછવાયા રેહેછે તથા ફાંશાઓ (લાસો) મારફતથી શીકારો પકડી પોતાનુ ખુદ પેદા કરેછે. ખશીઆરશા (ઝરકશીસ) પાદશાહનાં લશકરમાં, દોરસીકસના મેદાનમાં આઠ હજાર સગારસીઅનો આ ઓજાર શીખે હાજર થએલા હતા એમ જે હીરાદોતસ જણાવે છે, તે પરથી એ લોકોની વસ્તી અશલ જમાનાથીજ ઓહોલી ન હોય એમ ભાશે છે. એ લોકો પારથીઆનાં દખશન તરફનાં મુલકોમાં કોઈ કોઈવાર ધશારો કરતા રેહા હશે પરંતુ એ લોકો નબલા હોવાથી પારથીઆનાં શુરવીરોને તેઓથી જાહાનો ઉપદરવ ખમવો પડતો ન હતો. મગરબ તથા વાવીઅપુણા ભણી હવે હીરકેનીઆનો પ્રાંત અરોઅર એ દેશને લાગેલોછે જેથી ભુગોલને અરથે તે બંને પ્રાંતોને શાથેજ ગણવામાં આવેછે કારણ કે એઓ વચે ખુદરતી કશી મરીઆદા આવેલી દીશતી નથી, એટલુજ નહી પણ અંહીઆની જમીન ઘણીખરી બાબદોમાં એકમેક શાથે અકસર કરીને એક મલતી ઉતરેછે; ફરક માત્ર એટલોજ છે જે હીરકેનીઆની ભુમી પારથીઆ થાને વધારે રશાલ, વધારે ગરમ અને માણશોને વધારે પશંદ પડે તેવીછે. એની ભુગોલ વીશે વીગતવાર હેવાલ આપણે ઉપર આપી ચુકા છીએ. અહીઆં પાહાડોનાં ઢરાવો ઉપર ઓક, બીચ, એલ્મ, આલદર તથા જંગલી ચેરીઝનાં જાહાડો જઠાબંદ ઉગેછે. ઠેકાણે ઠેકાણે દરાખશના માદવાઓ ઉભાઈ જાએછે અને મોહોટાં મોહોટાં જાહાડોને આશરે પડી તેઓની દાહલીએ દાલી દરાખશનાં જુમખા હવામાં લટકીઆ કરેછે, અને તેઓના છાએડા હેઠલ જમીન ઉપર જાત જાતના તહરેવાર ગોલાબ, વાઓલેત, લીલી, હાએસીન્થ તથા બીજાં અનજાંનાં શુંધંધી ફુલો ચોતરફ પથરાઈ ગીએલાં મુશાફરોની નજરે પડેછે. અહીઆંની બીનોને તલીએની જમીન, શપાત હોવાથી તાંહાંનાં મેદાનોમાં નરમ ને મુલાયમ ઘાશ જઠાબંદ ઉગી નીકલેછે અને ગાએ ઢોરો શારૂ તે અખુત અને પુશતીવાન ખોરાક થઈ પડેછે. જંગલોમાં પુશકલ શેકાર ભરાઈ બેશેછે અને નદીઓનાં મુખ આગલની ભુમી અકશર કરીને ભીની હોવાથી, તાંહાં રાંની દુકરોનાં મોહોટાં ટોલે ટોલાં વારંવાર મુશાફરોની નજરે પડેછે. વામબેરી જણાવેછે જે, કોઈ કોઈ વાર એક ટોલાંમાંથી શેકડો રાંની ભુનોની ગણતરી થઈ શકેછે. હવે આ શઘલાં કારણો ધીઆનમાં લેતાં, હીરકેનીઆનો મુલક બેહદ ફલવંત અને માનશોને લલચાવે તેવો હતો અને તાંહાં બીચોબીચ માંણશની વશતી રેહી શકે તેવો તે હોવાથી, સંદેઓ તેને "પરમેશવરની બેહદ નીઆમત ધરાવનાર દેશ" એવું જે શુભાખીત વીશેશન તેના ઉપલા ગુણોને લીધે જે આપી ગયેછે, તે નામને, તે શરવ પાંતીએ યોગય હતો. એજ નામીચો યુનાની(યવન) ભુગોલ વીદીઆરથી બોલેછે જે, અંહીઆનાં એક દરાક્ષનાં છોડવામાંથી એક મીતરેત યાને નવ ગીઆલન દરાક્ષનો દારૂ નીકલી શકેછે, એક અંજીરનાં જાહાડ ઉપરથી શાહાઠ મીદીમની યાને નેવું બુશલ ભરીને અંજીર પેદા થાએછે અને અનાજની તો વાવનીજ અત્રે કરવી પડતી નથી, કારણ કે ગયે શાલનો અનાજ એકઠો કરતાં જે દાનાં છુટા છવાયા અંહી તહી અકશમાત રીતે કાપની કરતી વેલાએ વેરાએછે, તેજ પાછા ગોયા આપો આપ જમીનમાંથી ફરીને ઉગી નીસરે છે. ખુદ પારથીઆ થાને એ દેશનુ ક્ષેત્રફલ અરધો અરધ ભાગથાને જરા વધારેછે, તેથી એ બારદુ તરફથીબી આરસસીસના વંશનાં શેહેનશાહોને કસો દર રાખવા જેવું હતુ.

નહી. હવે સ્ત્રેબો જ્યારે હીરકેનીઆને "મોહોટા પરાંત" કરીને લખેછે, ત્યારે તેની મતલબ એ પ્રાંતને પારથીઆ શાથ નહી પણ કીઆશપીઅન શરોવરની દક્ષીણ તરફનાં કીનારા ભણી જે જુદાં જુદાં ટોલાંઓ, નાનાં નાનાં પ્રાંતોમાં વશતાં હતાં, તેઓનાં મુલકો શાથે શરખાવવાની હોય એમ શાફ દીશેછે, કારણ કે એ બંને દેશોની શીમાં ચોકશ રીતે માલુમ નહોવાથી એવોને ત્યારે તે કેમ શરખાવી શકે એ વાત આપણાં ધીઆનમાં ઉતરી શકતી નથી. પરંતુ આપણે એની હદ ગુરંગાનની દખશણ તરફના પાહાડો આગલથી, તે ઠેઠ આલતાગના પાહાડમાં થઇ, કુશનની દખશીન ભણી આવેલા નાલાંને રસ્તે, કુરદીશના પાહાડો આગલ મોહમીદાબાદનાં શેહેર પેરની જ્યારે બાંધી દેખડાવીએ છૈએ, ત્યારે આ બંને વીભાગો વચેનો ફરમાન સારી કાંની જાલવી શકાએછે, માટે અકશર કરીને એ શીમાં આ બંને પ્રાંતો વચે અશલી જમાનામાં હતી એમ આપણે હાલમાં અનુમાન કરી સકીએ છીએ.

આ પ્રમાણે ચો તરફ કોઇ ભયંકાર દુશમનો નહોવાથી, ખુદરતે ગોયા એ દેશને એ વેલાએ એવીતો રીતે ગોથવીઓ હતો કે, અંહીઆનાં શુરવીરોને દુનીઆની શેહેનશાહત પોતાનાં તાબા હેઠલ લાવી મેલવા સારૂ એ જમાનામાં શારી ટક મલી ગઈ હતી અને એ દેશની અંદર તે વીશેના શઘલાં શાધનો એકથાં થએલાં પણ હતાં. અંહીઆંનાપાહાડો બુલંદ હોવાથી, તાંહાંના પાહાડી વશનારાઓમાં પેહેલવાની ગુણો શારીકાંની ખીલી નીકલીઆ હતા. તે શાથે એ લોકો જહનુની તથા જોરસાવાલા હોવાથી આશતે આશતે, આશપાશથી એઓને કોઈ જબરદશ્ત પડોશીઓની ધાશતી નરેહેવાથી ચોમેર પ્રસરાઈ જઇને, એશીઆની શેનશાહી લગભગ પાનશો વરશ શુધી પોતાનાં તાબા હેઠલ લઇ બેઠા હતા. જાંહાંબી દેશો પાહાડી હોયછે તાંહાના લોકો કશાએલા તથા ખરતલ રેહેછે અને કોહેસ્તાનો જે છે તે ગોયા પેહેલવાનોની માતાછે. શેહેનશાહ ખશીઆરશાનાં આરતઇકતીસ નામનાં એક પારસી હાકેમના બપાવા આરતમબારીસને માહાતમાં શેહેનશાહ કુરૂશે આપેલી શીખામન, હીરાદોતસ પોતાના દફતરની આખરીમાં આણી ગયોછે. કહેછે જે આ પારશી અમીરે આ ફતેહમંદ શુરવીરાને એવી ભલામણ કરી જે "અરે ઓ કુરૂશ! હોરમજ્દે પારશીઓને હવે પાદશાહી મીરાશે પોહોચાડીઆછે અને તેઓ ઉપર એસતાઇજીસના પડી ભાગવાથી હવે તુને શરદારી બખશેલી છે, માટે આપણી થોડે નાનો અને તે શાથે વલી પાહાડી મુલક હોવાથી, ચાલો આપણે હવે એ પ્રાંત છોડી જઇને બીજાં વધારે રશીલાં મુલકમાં જઇને વાસો કરીએ. ઘણાબી એવાં મુલકો આપણી પડોશમાં તથા બીજાં ઘણાએક ફુલવંત પ્રાંતો આપણાંથી દુર આવેલાં છે, તેમાંથી ચાલો આપણે એકુવાત મુલકમાં જઇને વશીએ, જેથી ઘણાખરા લોકો આપણી વધુ તારીફ કરીઆ વીના રેહેશે નહી, કેમકે પાદશાહી મીરાશ ધરાવનાર ટોલાંઓ તેમ કરે તો તેમાં અનઘટટુ કશું નથી અને આખુ એશીઆ ખંડ તથા તાંહાંની ઘણીખરી પ્રજાઓ, જ્યારે હાલ આપણા તાબા હેઠલછે, ત્યારે જો આપણે એમ નહીં કરીશું તો બીજી આવી શારી ટક આપણને કીહારે હાથ આવશે? કુરૂશે આ તેના વીચારો ધીરેથી શાંભલી લીધા પરંતુ તો પોતાને પશંદ પડીઆ નહી પણ બીજા પારસીઓબી આરતમબારીશનાં મત શાથ એકમલતા હોવાથી, તેણે તેઓને તેમ કરવાનો હુકમ આપેયો અને તે હોકમ આપતી વેલાએ, પોતે તેઓને ખુબ ચેતાવીઆ જે, હવેથી તમારે બીજાં ટોલાઓ ઉપર હાક-

મી ભોગવવાને બદલે પરલોકોને આશરે જઇ પડવાની તઇઆરી કરવી જોઇએ, કારણ એજે ફલવંત દેશોમાંથી અયાજી લોક પેદા થાયછે; અને ઇશવરે લડાએક લોકોને રસીલ દેશાવરો ખાતે પેદા કરેલાજ નથી. આથી પારશીઓને પોતાની ચુક માલુમ પડી આવી અને કુરશની ભલામણ માથે ચહડાવી પોતાના પાહાડીજ પ્રાંતમાં રેહેવા તેઓએ દુરશ્ત વીચારીઉં, કેમકે બીન રશાલ દેશોમાં રહીને પર રાજો ઉપર શલતનત ભોગવવી તેમાં ફલવંત દેશાવરોમાં વશીને પારકે હાથ તાબે થવા થાને વધારે શોભા તથા માનછે; માટે પારથીઅનો જેવા આવા પાહાડી લોકો હવેથી ખીલતા જઇને પર રાજો ઉપર પાદશાહી ભોગવવા લાગયા તો તેમાં આશચરીઅ પામવા જેવું કાંઇજ નથી. જસતીન એ બાબદશર પોતા તરફથી જે તાજુબી દેખડાવી ગયો છે, તેમાં તે ભુલ કરેછે અને ખુદરતનાં શદા ચાલુ અને ફેરફાર નયમોનો શારીકાની અવલોકન કરવા, પોતાની દુનીઆદારીની અજમાએશ ઉપરથી, અછો બોધ એ નામીચા રૂમી ગરંથકારે એવી બાબદોશર દેખડાવીઓ હોય એમ માલુમ પડતું નથી. પ્રોફેસર રાલીનસન શાથ એકમત થઇ હું પણ એમજ વીચારૂં છું જે, આવો મગરૂબ અને હઠીલો તુરાંની ટોલો ઘણાંક વરશો શુધી ઇરાંનીઓને તાબે પડી રેહો તેમાં ઓર ઉલટું તે દેશની ભુગોલ અવલોકન કરતાં, હાલ આપણને વધારે તાજુબી ઉપજે તેવું છે પણ એ ઉપરથી ખુદરતનો એક નયમ મારી "તવારીખે કદીમ ઇરાંન"નાં દીબાચાને શફે ૭૦ માં જણાવીઆ મુજબ અંહીઆંબી શીદ્ધ થાએ છે કે, જયારે ઇરાંની ટોલાઓનો દોર પુરો થાયછે, ત્યારે તુરાની ટોલાંઓ પાછાં દીપી નીકલેછે અને તેથી ઉલટુ જયારે તુરાની ટોમાં પડી ભાગેછે, ત્યારે વલી આર્યન ટોલાં પાછાં પગભર થઇ નીકલેછે; ગોયા દુનીઆની શેહેનશાહી ઇરાંની, તુરાંની તથા શેમેટીક ટોલાઓમાં વરતુલ ફરીઆ કરેછે.

હવે એ લોકોની વરટઙુંક, બુનીઆદ, ભાશા, રીતભાત તથા ધરમ આચાર શંબંધી બાબદોનો થોડો ઘણો ખોલાશો, અત્રે શાથેલાગ્યો આપવા હું મારી કલમને હેડે લંબાવવા દુરશ્ત વીચારૂ છું. ગ્રીક લોકોનાં શંબંધમાં આવીઆ પછી એ લોકોની રીત ભાત તથા બુનીઆદ શંબંધી બરોબર જુશતે જોઇ થવા માંદે તો, તેમાં વધુ નવાઇ થવા જેવું કાંઇજ નથી. પરંતુ તે પુરવેબી એ ટોલો થોડો ઘણો ઇરાનમાં જણાએલો હોવો જોઇએ, નહી તો કે કતીસીઅસ એવોનો થોડો ઘણો હેવાલબી આપવા મુતલગ દુરશ્ત વીચારતે નહી. અલબત એ ગ્રીક ગ્રંથકાર ઉપરથી હાલ ઘણોખરો વીશવાશ બીલારોકા હરફોની શોધ પછી ઉઠી ગયોછે પરંતુ એ શદંતર જુઠુજ વરણન શઘલી બાબદોશર લખી જાએ, એમ એને હું ધીકારી કાહાડવા માંગતો નથી, માટે એ પુરાતન ગરંથકાર જે ઇરાંનમાં હકીમ તરીકે ઘણાએક વરશો શુધી રહી ગયો હતો અને પાદશાહી કીતાબખાનું તપાશવા તેને શારી જોગવાઇઓ વટીક ઇરાંનની અશલી બાબદો એકથી કરતી વેલાએ જે મલી હતી, તેથી તેનાં બોલવાને તદન શઘલી બાબદોમાં નાલીઉ કરી નહીજ શમજવું જોઇએ, એવો મારો નાકેસ અભીપરાએ છે. તે શાથે એનો ગ્રંથ હીરાદાતશ માંફક પેહેલેથી તે છેલ શુધી શઘલો બચી ન શકીઆથી, તેમાંથી ઉતારેલા ફકરા બીજા પાછલા ગરંથકારોનાં પુશતકોમાંથી જે આપણને હાલમાં મલી આવેછે, તેમાં જે ભુલભાલો ઉતારા કરનારાઓની કલમથી પણ, આગલા વખતમાં છાપવાનો હુનર ન હોવાથી, જે થઇ જોઇએ, તે શઘલાઓનો દોશ બીચારા કતીશીઅસનેજ શર ના"

ખવો એ તેને ઇનશાફ આપવા બરોબર નથી, માટે એ ગરંથકારની શતા ઉપરથી દાયેદોરસ જે એ ટોલાં વીશે એમ જણાવી ગયેછે જે, અશલમાં એ લોકોનેબી એસીરીઆ દેશવાલા નાઇનસ પાદશાહે જીતીઆ હતા, તે વાત શદંતરજ હસી કાહડવી જોઇતી નથી. ત્યારબાદ એજ ગરંથકાર બોલેછે જે, એ લોકો મીદીઅનોની બોહેધરી હેઠેલ વશતા હતા પરંતુ શેહેનશાહ કાએકઝરીસનાં દોરમાં મીદીઅનોના તાબા હેઠલથી નીશરી જઇ, સીથીઅન (તુરાની) ટોલાંની બોહેધરી તેઓ પોતે થોડુક શુધી કબુલ રાખી બેઠા હતા. તોરાતમાં તેઓ વીશે કશુ જણાવવામાં આવેલું નથી અને એસીરીઅન લોકોના ખીલારોકા હરફોમાંબી એ લોકોનો દેશ ઘણો દુર આવીઆથી કસો ઇશારો કરવામાં આવીઓ હોય, એમ અતીઆર શુધીની શોધો ઉપરથી કસુ માલુમ પડી શકતું નથી, પરંતુ અવસ્તામાં અપાખતર નામના કોઇએક ટોલાં વીશે જે બીઆંન આપવામાં આવીઉ છે, તે વખતે એજ ટોલાંનું નામ હશે, કેમકે એ લોકોને અશલી જમાનામાં પારની અથવા અપારની કરીનેબી કેહેતા હતા અને દાહીઅ નામનો એક રખડતો રહજડતો ટોલો, જે તેઓની ગાદી સ્થાપનાર, નામદાર આરસસીસના જમાનામાં ઓકસ નામની નદી આગલ આવી વશેલો હતો, તે ટોલાંમાથી એ લોકો એક શાખા તરીકે જણાએલા હતા એમ સ્ટ્રેબો એકરાર કરી ગયેછે. હવે એ દાહીઅન ટોલો તદનજ ભટકતો હોય એમ હું માની શકતો નથી, કેમકે અવશતાનાં જમાનામાં તે કીઆસપીઅન શરોવરની પુરવ ભણી કાયમ મુકામ થઇ પડવો જોઇએ, જેથી ફરવરદીન યશ્તનાં એ ટોલાંના દેશને "દાહીઅનામ દખેનામ" કરીને લખવામાં આવીઓછે અને તેઓને "સેરેમ નામ દખેનામ" યાને રૂસીઆ દેશનાં લગભગ અંડાઅડનાં પડોસીઓ તરીકે ગણેલા છે, એમ એ મજકુર યશ્તની મજમુન બારીકીથી તપાસતાં હાલ અનુમાન થઇ શકેછે. મીદીઅનોની બોહેધરી હેઠલથી નીસરી ગયાબાદ સીથીઅનોના તાબા હેઠલ એ લોકો ઘણું શુધી રેહા નહતા, કેમકે કુરશે (સાઇરસે) જયારે હીંદુશથાન વેર ઇરાંનની શરહદ વધારી મેલી અને બામીઆનની પુરવ ભણી આવેલાં કાપીસા શેહેરનો તેને પલીનીનાં જણાવીઆ મુજબ નાંશ કરી નાખીઓ, કે જે શેહેરને હીઉઆનથસંગ કીઆપચી કરીને લખી ગયેછે એમ પ્રોફેશર લાસન વીચારેછે, ત્યારે તે શવારીની વેલાએ આ પારથીઅનોબી પારસીઓના તાબા હેઠલ આવી ગયા હતા. ત્યાર બાદ એ લોકોની ચોકશ તવારીખ શેહેનશાહ દારયવુશ વીશતાસ્પનાં બીસતુન પાહાડ ઉપરનાં ઉકલાવેલાં કોતરકામો ઉપરથી માલુમ પડી આવેછે, કેમકે તાંહાં એ ઓનાં દેશને પારથવ કરીને શાફ લખેલોછે. રામાયન, માંભારત તથા મનુ શમૃતીમાં બી પહલવાશ એવો જે શબ્દ આવ્યોછે, તે એ ટોલાનેજ લાગુ પડેછે અને એ ટોલો સ્કુથી યાને સીથીઅન (તુરાની) હોવાથી કાઠીઆવાડ શબ્દબી તે ઉપરથીજ ઉતપન થએલો છે, કેમકે ઠેઠ હીંદુશથાનમાંબી પોતાનાં ચહડતા દાહાડાઓ ઉપર, એ લોકોએ સારો દસ્ત બેસાડીઓ હતો, એમ તવારીખ તથા શીકકાઓ ઉપરથી હાલ સ્પસ્ત ભાશેછે. દરાયસ પાદશાહના નકશે રૂશતમ તથા બીસતુનનાં બંને લેખોમાં, એ દેશને ઝરંગીઆ, એરાયા, ઓરાસમીઆ, બાખત્રીઆ તથા સોગદીઆનાંનાં પ્રાંતો શાથે જોડી નાંખીને જણાવેલો છે અને પરસીપોલીસ આગલના એજ શેહેનશાહના પેલા મોટા લેખમાં, એજ પ્રાંતો શાથે સગારસીઆના મુલકનુ નામબી શાથે જોડી, પારથ-

વનો આ પ્રાંતખી તેઓ શાથે આંમેજ કરીને જણાવેલોછે. હખેગોમાત મગુશના ઇ૦ પુ૦ ૫૨૧ માં થએલાં મરણબાદ, એજ શેહેનશાહના દોરમાં, આખા ઇરાંનમાં જયારે બંદ ઉઠીઉ, ત્યારે પારથવ (પારથીઆ) તથા વેરકાને (હીરકેનીઆએ), મીદીઆ દેશની ગાદી ઉપર ફરેવરતીશ (ફરેઆરતીશ) નામનો કોઇ એક ધુતારો, જે ઉવખશતર (કાએકસરીસ) નામનાં તે દેશના અશલી ખાનદાનવાળા પાદશાહની ઓલાદમાંથી ઉતરી આવવાનો જુઠો દાવો લઇ બેથો હતો તેની બોહેધરી હેઠલ જઇને, આ નામવર શેહેનશાહ શાંમને મોટું બંદ ઉથાવીઉ હતું ને જે વીશે વીગતે હેવાલ જુવો મારી "તવારીખે કદીમ ઇરાંન"નાં દીબાચાને શફે ૧૨૧ થી ૧૨૩ શુધી. એ વેલાએ પારથીઆની છલાપી, એ શેહેનશાહના બાપ વીસ્તાસ્પ (પારસી, ગુસ્તાસ્પ તથા ગ્રીક, હીસ્તાશપીસ)નાં શવાધીનમાં હતી, માટે પાસ્થીઅન લશકરે જયારે દરાયશ; શામને બંદ ઉથાવીઉ ત્યારે વીસ્તાસ્પ પોતાની બારદુએ જે, લશકર નીમખ્હલાલ રેહેલું હતું તેની શાહેતાથી પોતે પેલા પારથીઅન બલવાખોરો શામને થયો અને તેઓને બે મોહોટી શીકસ્તો ખાવડાવી, જેઓમાની એક શીકસ્તની વેલાએ દશથી તે અગીઆર હજાર ચુનંદા પારથીઅન શીપાહો, પારશી લશકરને હાથ કેદ પકડાયા તથા મારીઆ ગયા. આ ઉપરથી બલવાખોરોનુ લશકર ઘણું મોટુ હશે એમ વીચાર બાંધી શકાએછે અને જે વખત તેઓ વીસ્તાસ્પ શામને લડાઇની દરમીઆન આવી ઉભા રેહા હતા, તેથી તેઓનુ શુરં પાંણી અને હથીલાઇ શાફ જણાઇ આવેછે. પરંતુ ગરમપદ મહીનાની તા૦ ૧ લીએ, પતીગાપ નામની છેલી લડાઇની વેલાએ, એ બલવાખોર લશકર શદંતર વીશ્તાસ્પને હાથ જયારે હારી ગયું ત્યારે પારથીઅનોએ પાછી મુગે મોહોડે શેહેનશાહ દરાયશની બાંહેધરી કરીને એકરાર કરી અને જે તેઓએ ઇમાનદારીથી ઠેઠ શેહેનશાહ દારાંના જમાના શુધી પાલી હતી. પારસીઓનાં આ માહાભારત લખોની તવારીખ શાથે અશલી ગ્રીક ગ્રંથકારો પણ અકસર કરીને એકમલતા થાએછે. માઇલીતસવાલો હીકતેઉસ, જે શેહેનશાહ દરાયશનાંજ જમાનામાં થઇ ગયો હતો, તે પોતાની એશીઆખંડની ભુગોલના જે જુજો કે હાલવેર બંચી શકીઆછે તેઓમાં, એ લોકોને ખોરાસમીઅનોની પડોશમાં મેલછે. હીરાદોતસબી. એ લોકોને પારસીઓના તાબા હેઠલ ગણેછે અને એઓની છત્રાપીને એરાઅન, સોગદીઅન તથા ખોરાસમીઅનો શાથે જોડી નાખી, એ ચારો પ્રાંતોને દરાયશ પાદશાહની શોલમી છત્રાપી તરીકે ગણી જાએછે. * ત્યારબાદ એ લોકો ખશીઆરશા (ઝરકસીસ) પાદશાહની યુનાન (ગ્રીસ) દેશ ઉપરની શવારીની વેલાએ ઇ.પુ. ૪૮૦ માં, પારસીના લશકરમાં શામેલ થએલા હતા, એમ એ નામીચો ઇતીહાશ કર્તા લખી ગયોછે ને જે વીશેનો તુલો તવીલ હેવાલ મેં મારી "તવારીખે કદીમ ઇરાન" નાં દીબાચાને શફે ૧૫૧ મે આપ્યો છે. એ વેલાએ એ પાએદલ શીપાહો તીર કામથાં તથા નાનાં ભાલા શીખે, ખોરાશમીઅનો શાથે તે લશકરની દરમીઆન, આરતાબેજુસ નામના કોઇએક પારશી શીપેહેશાલારની શરદારી હેઠલ બીરાજતા હતા. આગલ ચાલતાં પોતાની ત્રીજી ચોપડીના ૧૧૭ માં વીભાગમાં, એજ ઇતીહાશ કરતા એ લોકો શારૂ એમ બોલછે. જે "એસીઆમાં એક મોહોટું મેદાન છે, જેની ચતુર શીમાએ પાહાડો લાગેલાછે ને જેઓ અંદર પાંચ

* જુઓ મારી "તવારીખે કદીમ ઇરાંન"ના દીબાચામાં ને શફે ૧૩૦ મે.

શાંકડી ખીણો આવેલીછે. આ મેદાન ખોરાશમીઆન, હીરકેનીઆન, પારથીઆન, સરાંગીઆન તથા થમાનીઆનના મુલકોની પડોશમાં આવેલું હતું અને અશલમા તે ખોરાસમીઅનોનાં તાબા હેઠલ હતું. આ પાહાડો જે, ચતુરદીશા ભણીથી એ મેદાનને ઘેરી લીએછે, તેમાં આસીસ નાંમની એક મોહોટી નદી વેહેછે, જેનાં પાંચ વીભાગો કરીને ખેતીવાડી શારૂ અલેનાં પ્રાંતનાં રેહેવાશીઓ, તેની એક એક શાખા, નેહેરોને રસ્તેથી પોત પોતાનાં મુલકોમાં પાંણી પોહોચતું કરવા શારૂ આગલ લઇ ગયા હતા, પરંતુ એ શઘલાં ટોલાં પારશીઓના તાબા હેઠલ આવ્યા બાદ, તેઓ ઉપર આ નીચલી મુશીબત આવી પડી, કેમકે પાદશાહે એ પાહાડો આગલની પેલી ફાતોને ચનાવી લેઇને, તાહાં દરેક ઠેકાંણે મોટા દરવાજા મેલાવીઆ. આથી પેલાં પાંણીનો રસ્તો બંદ થયાથી, શઘલું પાંણી પેલાં મેદાનમાં આવીને ભરાઇ રેહેવા લાગ્યું કેમકે પેલી નદીનાં પાંણીને બાહેર જવાનો હવે મારગ ન મલીઆથી, તે શઘલું પાણી તે મેદાનમાં જથાબંધ ધશીને જમાવ થવા માંડીઉ, અને તે પાંણીનો તેથી પુરતો ઉપયોગ ન થવાથી, આ તરફનાં રેહેવાસીઓ આગલ જે એ જણસને છુટથી વાપરતા હતા, તેઓ તે વીનાં હવેથી ઘણો ઉપદરવ ખમવા લાગ્યા. શીઆલામાં તો તેઓ વરશાદનાં પાંણીથી પોતાનુ કામ ચલાવતા હતા, પરંતુ ગરમીના દીવશો ઉપર, જયારે તેઓ બાજરી અને તલની રોપની કરતા હતા, ત્યારે તેઓને પાણીની ઘણીજ ગરજ પડતી હતી. પાણી વીનાં બેશી રેહાથી, આખરે તેઓનાં બઇડાં તથા ભાયદાઓએ પારશીઓ શોડે જઇ, પાદશાહના મેહેલ આગલ આવીને મોહોટો શોહોર મચાવી મેલીઓ. ત્યારે પાદશાહે હેએવો કામ આપ્યો જે, જેઓને એ પાણીની ઘણીજ ગરજ હોય તેઓનાં મુલક ભણીનાં દરવાજા, તાંહાંની જમીન જાંહાંવેર પાંણીથી તર થાએ તાંહા શુધી, પેલા દરવાજા ઉઘાડા રાખવા અને પછી તે દરવાજા બંધ કરી વારા ફરતી બીજા મુલક વાલાઓને પેલા બીજા દરવાજા ઉઘાડીને પેલું પાંણી પોહોંચતું કરીઆ કરવું. મારી જાણમાં આવીઉછે જે, એ દરવાજા ઉઘાડતી વેલાએ તેઓ સોડેથી લેતી કરેલી ચોથાઇ શીવાએ બીજું ઘણુએક નાણું, એ પાદશાહ તેઓ શોડેથી રકમ બંદ કહડાવે છે."

એ ટોલો તુરાની હતો એમ જસતીન, સ્લેબો તથા આરોપન ઉપર જણાવીઆ મુજબ એક આવાજે એકરાર કરી ગયાછે. તેઓ એઓની ભાશા અરધી તુરાંની અને અરધી મીદીઅન હતી, એઓનાં ઓજારો, રાહરશમ તથા જાતબુની-આદ તુરાની ટોલામાંથી ઉત્પન્ન થયલી હવી એમ શાફ જણાવી જાએછે. ગોયા હવેથી તુરાનીઓ ઇરાંન શામને થઇને પોતાનું છુટાપણું મેલવી, શેહેનશાહી અખત્યાર લગભગ છ શદી શુધી, આર્યનટોલાઓ સોડેથી પોતે પોતાને હાથ ફરીને કરી બેઠા હતા. બીજા ગ્રીકો એમ લખી ગયાછે કે, જે તુરાની ટોલાંમાંથી એ લોકો પેદા થયલા હતા તે ટોલાનું નામ દાહીઆ કરીને હતું પરંતુ દાહીઅન ટોલાઓને, તુરાની ટોલાંથી અવશતામાં જુદાંજ ગણવામાં આવ્યાં છે, જેથી તાંહાંનાં નર નારીઓનાં અશોફરોહરોને આરાધતી વેલાએ, તેઓનાં નાંમોને તુરાનીઓથી જુદાંજ ગણવામાં આવ્યાંછે. જો અવસતાના જમાનામાં, એ બંને ટોલાં કેટલાએક ગ્રીકો જેમ બોલેછે તેમ એકજ હતેતો, ફરવરદીન અસતવાલો તેઓનાં જુદાં જુદાં નામો આરાધી જતે નહી. સ્લેબો પણ પારથીઅનોને દાહીઅન નામના ટોલાંઓ શાથે આમેજ કરવા તથા તેઓ પાલસ

મેઓતીસનાં શરોવર આગલથી આવીને પાછલથી પારથીઆમાં જઇને વશીઆ હતા તે બાબદશર પોતા તરફથી શક નાખી જાયછે અને એકરાર કરેછે જે, મેઓતી-સના શરોવરની આશપાશ દાહીઅન ટોલાં વશતાં હતાં કે નહી, તે વાત પણ ચોકશ રીતે જણાએલી નથી અને હોય તો, તેઓ કીઆશપીઅન શરોવર આગલના દાહીઅન ટોલાંની જાતનાંજ હતાં કે નહી, તે પુરવાર કરવું બી બહુ મુશકેલ પડશે. હવે એ દાહી-અન ટોલાં પણ,હખામની પાદશાહોના દોરની વેલાએ ફારસ, સમારીઆ, થરેસ તથા કીઆસપીઅન શરોવરની પુરવ ભણીનાં દેશોમાં વીખરાઇ ગયાં હતાં એમ થીઉસી-દીદીઝ, હીરાદોતસ અને એઝરાની પોથી ઉપરથી સ્પસ્ત રીતે માલમ પડી આવેછે. એ શઘલાં એકજ ટોલાં હતાં કે નહી તે બાબદ શર પરોફશર રાલીનશન જે શક નાંખેછે, તેને અવશતા ઉપરથી પુરાવો મલી શકતો નથી કેમકે અશલમાં ઉપર જણા-વીઆ મુજબ, ફરવરદીન યસ્તવાલો એ દાહીઅન ટોલો છુટોજ ગણી ગયોછે ને જે કે, મજકુર દેશાવરો ખાતે પાછલથી પોતાનો પગપેશારો કરી ગયો હતો એમ હું ધારૂછું. પાછલથી હવે એ ટોલો જયારે ઘણો પગભર થઇ ગયો, ત્યારે રૂમના શેહે-નશાહ એનતોનાઇનીસનાં જમાનામાં એવો વીચાર યુરોપનાં વીદવાનોમાં પેદા જે, મી-સર દેશનો પુરાતન જમાનાનો પાદશાહ સેસોસત્રીસ, જયારે સીથઅનોના મુલક ઉપર શવારી કરીને પાછો ફરીઓ, ત્યારે પારથી-અનો જેવાં સીથીઅન ટોલાંને એસી-આમાં લાવી, કીઆસપીઅન શરોવરની પુરવ ભણી આવેલાં કોહેસ્તાનોમાં તે વશા-વી ગયો હતો, કેમકે તેમ એરીઅન નામનો એક દાનાવ રૂમી ગરંથકાર લખી ગયોછે. પરંતુ હાલ જમાનામાં તે વીચારને ઢંગ-લંડ, ફરાંનસ તથા જરમનનાં આલમાઓ શદંતર હશી કાહાડેછે. તેઓ એમ જણાવેછે જે,અશલમાં હીરાદોતશ અને દાયોદોરસ સેસ્રાસત્રોસ(સીસોસીસ)પાદશાહની સીથીઆ દેશ ઉપરની ફતેહની વાતને જે લઈ નાહા-થેલાછે,તેમાં તેઓને મીસર દેશનાં ધરમના ઉપાધીઆઓએ ઠગેલાછે,એમ હાલ હાએ-રોગલીફીક અક્ષરોનાં ઉકલાનો ઉપરથી શાફ માલુમ પડી આવેછે, કેમકે તે લેખોમાં એ પાદશાહને ઘણો માહાવીર કરીને જણાવામાં આવેલો નથી અને માનોથો તે વીશે કશો દરોબસત હેવાલ, તેના અતીઆર શુધી બચેલા જુઝોમાં આપી વટીક ગયો નથી, તે શાથે એ વાતની શતયતા વીશે ભુગોલને અરથેબી જો તપાશ લઇજીએ છેએ તો, તે બનવું ઘણુંજ માહાલ દીશે છે, કેમકે સીથોઆ તરફથી કીઆશપીઅન શરોવરની ઉતર તથા પુરવ બોરદુનો ચક-રાવો લઈ, મીશર તરફ પાછા ફરવાનો રશતો ઘણોજ દુર દરાજ હોવાથી, આ સવારીની વાત હાલમાં આપણાં ધીઆ-નમાં ઊતરી શકતી નથી, માટે સેસોસ-ત્રોસે પારથીઅનો જેવા તુરાની ટોલાને, પ્રથમમાં પારથીઆના પ્રાંતમાં લાવીને વશાવીઆ હતા તે બોલવાપર હાલમાં હવે ભરોશો રાખવામાં આવતો નથી. આ કલપના સપર પેહેલીવાર ઇશુની ઠેઠ બીજી શદીમાં જાહેરાતમાં આવી હતી, જે પરથી પાછલા ગ્રંથકારો, જેમ જેમ જેનાં ધીઆનમાં આવીઉ તેમ તેમ તે ઉપરથી પછી લેઇ નાહાડેલા છે. નીબુ-હરના કેહા મુજબ જાન મેલાલા નામનો એક ગ્રંથકાર તો, એ નવાં શવશ-થાન વશાવનાર શખ્સોની શંખીઆ વટીક આપી જાયછે અને કેહેછે જે એ શઘલાઓ જુવાન તથા શીપાહ બચ્ચાઓ હતા અને તેઓની શંખીઆ ૧૫૦૦૦

માણશોની હતી. યુનાનીઓ શપર પેહેલીવાર એ લોક શાથે ઈ૦ પુ૦ ૩૩૧ માં વેહવારમાં આવીઆ હતા, પરંતુ તે વેલા એ ટોળો જાહાજો જણાએલો ન હતો. પાછલથી જયારે એ લોકો શેહેનશાહી દરજજે પોહોચીઆ, ત્યારે લગભગ ઈ૦પુ૦ ૨૫૫ પછી, તેઓની જાત બુનીઆદ તથા તવારીખ સંબંધી બાબદોસર તેઓ લક્ષ આપવા મંડીઆ હોય તો, તે બનાવ બની શકે તેવો છે, કેમકે ત્યારે તેઓને આટલુ તો ચોકશ માલુમ પડીઉ હતું કે, એ લોકો તુરાની લોહી ધરાવતા હતા અને એઓનાં નામ ઉપરથી એ લોકો દેશનીકાલ થએલા શખસો હતા, એમ તેઓની ખાતરજમા વટીક થઈ ચુકી હતી. ફીરદોશી અવસ્તા ઉપરથી તુરાનીઓને આરીયનોથી એક જુદોજ ટોળો કરીને ગણી ગયોછે. ખરૂંછે કે એ તુરાંની ટોળાંઓ ભટકતાં હતાં માટે, જેમ જેમ આરયનો આગલ વધતા ગયા તેમ તેમ, તેઓની આગલ તે ટોળાઓને, દુરદુર વીખરાઇ જવા ફરજ પડી હતી. પરંતુ અવસ્તા વાલો તો તેઓને જુદોજ ટોળોકરીને લખીગયોછે, માટે પ્રોફેશર રાલીનશન માનવી જાતની ભટકતી હાલતને એ શબ્દ લાગુ પાડેછે અને જેયો ઘોડાપર બેશી પોતાનો વખત ગુજારે છે તથા તંબુ અથવા ગાડાંઓમાં વશી પોતાનાં ગાદરાઓ મારફતથી, હાલના તરકોમેનો માફક પોતાનું ગુજરાન કરેછે અને ખેતીવાડીનું કામ શમજી શકતા નથી, તેવી શથીતી ધરાવનારો ટોળાંઓને એ બોલ પ્રકટ લાગુ પડેછે એમ જે વીચારેછે, તે મત શાથે હું એક મત થઇ શકતો નથી. એ ટોળાંઓની શથીતી અશલ ધરથીજ ઉપર મુજબછે તે વાત ખરી છે. એવોની રીતભાત, આરીયનો શાથ શરખાવતાં જંગલીજેવી લાગેછે તે બીના પણ ચોકશ છે, પરંતુ અવશતાવાલો એ શબ્દ માનવી જાતની આવી ભટકતી શથીતીને નહી પણ તેઓના તોખમને લગાડી ગયો છે. હવે યુનાની લોકો અવસ્તાવાનીથી ખરેખર જાણીતા ન હોવાથી, કોઇ કોઇ વાર ભુલો કરી ગયાછે ખરા, પણ અશલમાં એ શબ્દ એક જુદાંજ લોહી ધરાવનાર ટોલાંને અને નહી કે તેવોની શથીતીને લગાડવામાં આવીઓ હતો, એમ મને તો શપશત ભાશેછે અને તેમાં વાંધો ઉઠાવવા જેવું હું કઇ જોતો નથી, કેમકે તુરાની ટોળાઓની ભાષા હાલવેર તે વાતની સાફ શવાહીબી આપેછે એમ જબાનશનાસો કેહી શકશે. તે શાથે દારાયશ પાદશાહ પણ પોતાના લેખોમાં, એ લોકોને એક ટોળોજ કરીને ગણી ગયોછે અને જુદી જુદી જગાંઓ ઉપર જઈ વશેલાં એ ટોળાંઓને સકા એવું એકજ શાધારન નામ આપી ગયોછે; જેમકે "સકા તઇઅપાર દરીય" યાને દરીઆની પેલી બોરદુ આવેલા સકા, સકુથી યાને સીથીઅન લોકો અને "સકા તીગ્રખુદા" યાને તાઇગરીશ નદી આગલનાં સકા લોકો. પાછલથી આરીયનોની રીતભાંત પકડીને તેઓ તેઓનાં દેશોમાં વટીક શાથે આવી વશીઆ હતા, તો તે ઉપરથી મારી મજકુર તકરારને કોઇ વાતે પણ ખલલ પોહોચે તેમ મને લાગતું નથી. હવે એ તુરાની ટોલાંઓ, આરીયનો એશીઆ ખંડ માહેલા પોતાના અશલી વતન ઈરાંનવેજથી છુટા પડી, ચોમેર પરથવી ઉપર આસ્તે આસ્તે અતરાતા ચાલીઆ, તે પુરવે તો તે ટોલાંઓ યુરોપ તથા અમેરીકાની ભુમી શુધી ચોતરફ પથરાઇ રેહેલાં હતાં, એમ અવસ્તાની મજમુન તપાશીઆથી શાફ માલુમ પડી આવેછે અને જે વાતને જસ્તીનનાં પુશતકમાંથી, આ હેઠલ ઉતારેલા ફકરા ઉપરથીબી શારી પુશતીમલી શકેછે. આ ફમી

ગ્રંથકાર, લોગાસ જેવા એક અશલી રૂમી લખનારની શતાને આધારે એમ બોલેછે જે, "સીથીઅનો (તુરાનીઓ) નાં જે કામો કે ઘણાં માભારત તથા કીરતી ભરેલાં થઇ ગયાં છે, તેઓ વીશે બીઆન આપવા આગમજ આપણને તે કામોનો મુલ ધરથીજ તપાશ કરવી જોઇએ, કારણ કે જે બુલંદીએ તેઓ ચહડીઆ હતા, તે બુલંદી તેઓની શેહેનશાતની બુલંદી થાને કશી પરકારે પણ ઓછી ન હતી. તે શાથે જે બાહોશપનાથી તેઓનાં મરદો રાજપાત કરી ગયાછે, તે શારૂ તેઓને જે કીરતી પરાપ્ત થઇ છે, તેની શાથ શરખાવતાં તેઓની ઓરતો પણ પોતાની બાહાદુરીનાં ગુણો શારૂ, કઇ ઓછી કીરતી મેલવી ગઇઓ નથી. પારથીઆ તથા બાખત્રીઆનાં રાજો, જે તેઓના ભાપદાઓએ સ્થાપીઆં હતાં, તેમજ તેઓની ઓરતોએબી આમેઝાનોનુ રાજપાટ પોતે વશાવીઉ હતું માટે તેઓનાં મરદ તથા ઓરતોનાં કામોને જેઓ એક મેક શાથે શરખાવા માંગે છે, તેઓ એક આવાજે એકરાર કરેછે જે તેઓનો ઓરતોના કામો, મરદોથી ચહડતે દરજજેનાં હતાં કે તેઓનાં મરદોનાં કામકાજો તેણીઓથી શરશ ગણાવા જોઇએ, તે વીશે ફુશલો આંનવો હાલ બહુ મુશકેલ માલુમ પડેછે. વધારે પુરાતન ટોળો કોનનો મીસર દેશના અશલી રેહેવાશીઓનો કે આ સીથીઅનો (તુરાનીઓ)નો, તેવીશે એ બંને ટોળાંઓ વચે જોકે ઘણુંક શુધી લાંબી ટકરારો અને ભાંજગડો ઉઠી હતી, તોબી આતો હવે ચોકશ રીતે શીદ્ધ થયુછે જે, એ સીથીઅનોનાં ટોળાને હંમેશ આપણે ઘણોજ પુરાતન કરીને ગણતા આવ્યા છેયે. મીસર દેશનાં વતણીઓ, પોતાનાં ટોળાના પુરાતન પણા વીશે એમ તકરાર લાવેછે જે "શઘલી ચીજોની શરૂઆતમાં જયારે આ જમીન, માનવી જાતને કોઇ ઠેકાણે શુરજનાં બેહદ તાપથી તો કોઇ ઠેકાણે બરફની બેહદ થંડીને લીધે, પેદા કરી વસાવી શકે તેવી હાલતમાં ન હતી અને તાપ તથા થંડી શામને, માણશોએ વશતરોને હજુર તો ઉતપન કરીઆં ન હતાં તથા હુનરે કરીને, જમીનને શુધારી ન હતી કે જેથી જહાબંધ લોકોને ખોરાકી પોહોચાડવા આ ભુમી કેવલ શામરથવાન નહતી, ત્યારે મીશર દેશની હવા એટલી તો મધ્યમ હતી કે, શીઆલાની થંડી તથા હુનાલામાં આફતાબની ગરમીથી, તાહાંના રેહેવાશીઓને કસો પણ ઊપદરવ થઇ શકતો નહતો. તે શાથે તાંહાંની જમીન એટલી તો રશાલ હતી કે, માણશ જાતના ખોરાક શારૂ તેવી ફલવંત ભુમી બીજી કોઇ હતીજ નહી, માટે એવો શારાંઉશ અકલની રૂહે નીકલી શકેછે જે, માણશો અસલમાં એ દેશમાંજ પેદા થવાં જોઇએ, કેમકે તાંહાં તેઓને પુશકલ ખોરાકી મલી શકે તેવાં શઘલાં શાધનો આવેલાં હતાં." આ તકરારની વીરૂધ સીથીઅનો એમ વાદવીવાદ ઉઠાવે છે જે "હવાના ફેરશારપણાં શંબંધી તકરાર ઉથાવીઆથી પુરાતનપનાં શાથે તે વાતને કશી પણ નીશબત નથી, કેમકે ખુદરતે જયારે જુદાં જુદાં દેશોમાં થંડી અને ગરમી વેહેચી નાખી, ત્યારે જેવી જેવી ગરમી તથા થંડી, તે પરમાણે તે દેશનાં જાનવરોને પેદા કરી તેઓને તે ખમવાની તરત શકતી વઢીક આપી હતી અને તાંહાંની આબો હવાને બેશતાં આવે, તેવાં જાહાડ પાણો તથા પાલા તાંહાં શારાં ભાપેગે ઉતપનબી કરીઆ હતા. સીથીઆની ભુમી મીશર દેશ થાને જોકે વધારે થંડીછે તો, તેમજ તાંહાંના વતનીઓનાં શરીરનાં બાંધાઓને, ખુદરતે મીશરી લોકો થાને વધારે મજબુત તથા રાખશશો જેવા ચીમત પણ બનાવેલા છે. હવે આ દુનીઆ જેમાં તરેહ તરેહવાર ખુદરતનાં ફેરશારો હાલ જોવામાં આવેછે, તે એક વે-

ધાએ શઘલી એક શરખી હાલતમાં હતી, માટે આ જમીનની આશપાશ શઘર પેહેલાં પાંણી ફરી વલેલું હોએ કે આતશ, જેમાંથી પણ આ શરૂશતી પેદા થએલીછે, તે એની આશપાશ વખતે ફરી વલેલા હોય, તો તે બંનેમાની ગમે તેવી એની પરથમ શથીંતી અંદર બી, સીથીઅનોનાં વધારે પુરાતન પણા વીશેના દાવાને વધુ મજબુતી મલે તેવું છે, કારણ કે શરવે બીજો ઉપર આ પૃથવીની અશલી હાલતની વેલાએ અગનીનો જોર જો વધું હોય તો તે જયારે હોલવાતો જઇને, આ ભુમીનો પોપરો મચાયો, ત્યારે તો ઉતર તરફનો ભાગ જે હજુરબી બીજા શરવ ભાગો થાને શીઆલાની થંડીથી વધારે થંડ થઇ રહેલો છે, તે શઘર પેહેલાં થંડો થઇને અગનીથી છુટો પડી જવા જોઇએ પરંતુ મીશર તથા ઉગમન તરફનાં શરવ ભાગો, જે આફતાબની બેહદ ગરમીથી હજુરવેર બંલી રહેલા આપણી દરસતીએ પડેછે, તેઓ તો અશુરેથીજ થંડા થવા જોઇએ. તેથી ઉલતુ એમ ધારોજે, પરથમમાં આ પૃથ્વીની આશપાશ પાંણી ફરી વલેલુ હતું, તો જયારે તે પાંણી ઉતરી ગીઉ ત્યારે આ શવભાવીકછે, જે ઉનચી જગાઓ ઉપરથી તે પેહેલાં નોશરી જવું જોઇએ અને હેઠલી જગાઓ ઉપર તો તે ઘણો વખત શુધી ભરાઇ રેહેવું જોઇએ, માટે જે ભાગ પેહેલાં શુકાઓ હોય, તાંહાં જાનવરોની વશતી શઘર પેહેલાં થવી જોઈએ, એ વાત ઊઘાડી છે માટે શીથીઆનો મુલક શરવે દેશો થાને ઊંચાનમાં આવી આથી, તાંહાં વશતી પેહેલાં થવી જોઇએ કેમકે તાંહાંનો શઘલી નદીઓ, નીચે ઉતરી મેઓતીશના શમુદરમાં થઇનેપોનતસનાં શમુદરને મારગે, મીસર દેશનાં દરીઆવોમાં પછી ખાલી થાએછે. હવે મીશર દેશમાં તાંહાંનાં ઘણાંએક પાદશાહોની અને પેહેડી દર પેહેડીની તાંહાંનાં રેહેવાશીઓની મેહેનત અને ખરચથી, પાંણીનો એ જોશ આવતો અટકાવવા મજબુત ચરો તથા ઘણીએક નેહેરો જોકે બાધવામાં આવીછે કે, જેથી એક રશતેથી પાણી કાહાડી નાખીને બીજે રશતેથી તેને તે દેશમાં લેવામાં આવીઉ હોય ને તાંહાંની નીલ નદીને તે જમીનમાં નહી ગણી હોય તો તેનાં પાંણીને તેનો જગોપરજ બંધાવી રાખી, આશપાશ ચતરાવા નહી દીધું હોય તોબી, તે દેશ હજુર તો જાનવરોને આરામની ભુમી તરીકે મુતલગ કામ લાગી શકેજ નહી; માટે તાંહાં માણશનો વસતી પ્રથમમાં થવી જોઇએ, તે વાતને આ તકરાર ઉપરથી ટેકો મલી શકતો નથી. * એ ભુમી તાહાંના પાદશા-

* આ આખા ફકરા ઉપરથી માનશ જાત એક જોડામાંથી નહી, પરંતુ જમીનમાથી જેમ કીરા વોગેરે પ્રાંણીઓ પેદા થાયછે, તેમ અંશલમાં ઉતપન થએલું હતુ એવો જે ઘણાં પુરાતન લોકોનો વીચાર હતો તેને લુકરીશીઅસ, ઓવીદ તથા દાયન કેશીઅસ જેવા આગલા ગ્રંથકારોનાં પુશતકો ઉપરથો શારી પેઠે ટેકો મલી શકેછે અને લુકરીશીઅશનાં કેહા પ્રમાણે, હીરાકલીતશ તથા બીજા અશલી ફીલસુફોનો અગનીમાંથી અશલ આ પૃથવી પેદા થાએલી હતી, એવો જે વીચાર હતો તે વીશે પણ એમાં ઇશારો કરવામાં આવેલો છે. એ વીચારને ઇસા તથા જરથોશતીઓના ધરમપુશતકો ઉપરથી, ટેકો મલી શકતો નથી પરંતુ દારવીન તથા હક્ષલી જેવા ખુદરતી વીદીઆ જાણનારાઓનાં હાલમાં માનવી જાતની પ્રથમ પેદાયશ વીશે જે વીચારો ચાલુ છે, તે શાથે કેટલેએક દરજજે એ વીચાર મલતો હોવાથી, માત્ર ઇશારા તરીકે અત્રે મેં જણાવ્યોછે

હોની મેહેનતથી મતોરાંએ કરીને પુરવામાં આવી હોય, યાતો નીલ નદીથી તાંહાં ધશડાઇ આવતા કીચલોથી બની હોય, તે બંનેમાની ગમે તે વાત ચોકશ હોય તોબી આ તો ઉંઘાડું છે જે, તે જમીન શરવે જમીનો થાને પાછલથીજ બનેલી છે. આ તકરારથી મીશરી લોકો બંધાઇ ગયા હતા, જેથી સીથીઅનોને હંમેશ વધારે પુરાતન કરીને લોકો માનતા આવીઆ છે."

હવે ડાંકતર શમીથ વગેરે બીજા કેટલાએક યુરોપીઅન વીદીઆરથીઓ જે એમ કેહેવા માંગેછે જે પારથીઆનો મુલક બાખત્રીઆ, સોગદીઆ, હીરકેનીઆ, સગારશીઆ, સારંગીઆ, ખોરાસમીઆ, મારશીઆના તથા હેરાતની પડોશમાં આવીઆથી, તે આખો જ્ટો ઇરાની લોહી ધરાવનાર આરીયનોથી વશાએલો હતો, માટે એ ટોલાબી ઇરાંની અને નહી કે તુરાંની હોવો જોઇએ, કેમકે એઓનાં નામોમાથી પરીયપેતીઉસ (અવસ્તાઇ ફરીજપયેતીશ યાને બાપને ચાહનાર), મેંતરદત, તીરદાદ, અરદવાન, ઓરોબાજુ (ઓરોબેજુંસ) અને રોદાઅરપ એવાં ઇરાંની નામો વારંવાર તે વાતની સાફ ગવાહી આપેછે, પરંતુ આ તકરાર મને ઘણી માકુલ દીશતી નથી. ખરૂ છે કે મજકુર નામો ઇરાંની ભાશાને લગતાં છે પણ તેનું કારણ શેહેલમાં શમજી શકાએ છે જે, એ ટોલો ઘણુક સુધી પારશીઓના તાબા હેઠલ રેહેવાથી તથા જરથોસ્તી ધરમ પાલવાથી, પારશીઓમાંજ ગણાવા ઘણો ખુશી તથા મગરૂબ હતો તથા તેઓનો લેબાસ વગેરે ઠીક પેહેરતો હતો, એમ જુલીઅન લખી ગયોછે પરંતુ તે ઉપરથી કંઇ એમ શાબેત થતું નથી જે, એ લોકો અશલથીજ ઇરાંની લોહી ધરાવતા આવીઆ હતા. જો તેમ હતે તો વંદીદાદ વાલો નીશય (નીશાપુર)ની ભુમીની ખબર લેતી વેલાએ, એઓનાં દેશને નીશય નહી પણ પારથવ કે અપારની એવું નામ આપી જયાવીના ચુકતે નહી, કેમકે અવસ્તાવાલો એ ભુમીને એ મજકુર નામથી લખી ગયોછે. એ નામથી એ ટોલો વંદીદાદના જમાનામાં જણાએલો ન હતો તે ઉપરથી એમ શારાંઉશ નીકલી શકેછે જે, અપાખતર યાને ઉતર તરફનાં દેસોમાંથી એ ટોલો પાછલથી ઇરાનીઓનાં આ નીસયનાં સ્વસ્થાંનમાં આવી વશયો હશે અને એ જુદુજ લોહી ધરાવનાર ટોલો હોવો જોઇએ કેમકે વંદીદાદવાલો, ફકટ આરીયનોથીજ વશાએલાં દેશોની ગણતરી આપી ગયોછે અને તુરાનીઓનાં મુલકો વીશે તે કશો ઇશારો કરી જતો નથી. હવે એઓનાં મુલક આશપાશ આરીયન ટોલાંઓ વશતાં હતાં, તેથી તેઓનો ધરમ, રીતભાત તથા ચાલ ચલણોની કેટલીએક નકલો કરીઆથી કેટલાએક પારશી નામો એઓના તુરાંની નામો શાથે આમેજ થઇ ગયાં હોય તો તે બનવું કાંઇ ઘણું મુશકેલ નથી, કેમકે આજબી આપણા પારશીઓમાં જીજીભાઇ, કાકાજી, રૂપજી, રતનજી એવાં ઘણાંએક હીંદુ નામો લાંબા દાહાડાના વેહેવારને લીધે રેવાજ પામી ગયેલાં દીશે છે, પરંતુ તે ઉપરથી કોઇ પણ પરકોમવાલો ગરંથકાર આપણને હીંદુ કરીને ગણી જાએ તો, તે સરફ હેમાંકત જેવું ગણાએ તેમાં કંઇ નવાઇ જેવું નથી. તે શાથે અસલી ઇરાંનીઓમાં તુરાંની નામો આમેજ કરવાનો રેવાજજ ન હતો અને જયારે આ ટોલાનાં નામોમાંથી આપણે ઘણાખરા તુરાની નામો દેખાડાવી શકીએ, ત્યારે તો તે ઉપરથી શાફ પુરવાર થવું જોઇએ જે, એ ટોલો ઇરાનીઓનો નહી પરંતુ ફકટ તુરાનીઓનોજ હોવો જોઇએ. એઓના ઘણાખરા પાદશાહો તથા અમીર ઉમરાવોના નામો જેવાં કે, અમીનાપીસ જે અશલમા તુરાની ધાતુ અનના

યાને ઇશ્વર ઉપરથી ઉતપન થએલુ છે, તે શાથે પેકોરસ, વોનોનીશ, બાકાસીસ, સીનાસીસ, અગરેરસ (અબદાગીસીસ), અબદુસ, વલગેશ (વોલોગીસીસ), ગોદરેજ (ગોતારજીસ), મનાસ્સીરાસ, સેનાલોએસીસ, હીમીરસ, ઓરોદીસ, અફરાસીઆબ (અપરાતીઉસ), ઓરનાસપદીસ, અરસસ (આરસસીસ), પારનાસીસ, વાસાસીસ, એકસીદારીસ, ફરાતાસીસ, ઓસરોસ, મોનીસીસ ઇત્યાદી નામોમાં, અસ અથવા અક * એવો તુરાની પ્રત્યક્ષ જે આવ્યો છે, તે ચંગએશ (ચંગીશ) માફક તે શઘલાં નામો તુરાની હોવાથી એઓનાં તુરાની લોહી વીશે આપણા મનમાં હવે કશો પણ શક રેહેતો નથી. શેહેનશાહ કુરશ અથવા સાઇરસ જેનું ફારશીમાં ઓશરો એમ થઇ શકેછે, તેવાં ઇરાંની નામને પણ ઓસરોસ એવું એ લોકો તુરાની રૂપ આપી ગયાછે એટલુજ નહી, પરંતુ સુરીના (સુરવીરા-શીપેહેસાલાર) અને ગર્દ જેમકે પારસાગરદ તથા દારાબગરદ અને અરમાની સર્ત, જેમકે વોલોગીસોસર્ત તથા તીગ્રાનોસર્ત, એવા આરીઅન શબ્દોને તુરાની રૂપ "કરત", યાને શેહેર અથવા કીલો, એવી ધપછપથી એ લોકો લખી ગયાછે. આ ઉપરથી પણ એઓનુ તુરાંની પણું ઘણું નહી તો થોડુંબી માલુમ પડી શકેછે, કેમકે એ ટોળાનો ભાશાના ઘણાખરા શબ્દો અતીઆર શુધી બચી શકીઆ નથી અને રૂમી ગરંથકારોનાં પુસતકોમાં વટીક જોવામાં આવતાનથી, માટે ફકટ બે ચાર શબ્દો ઉપરથો મુખ્ય શારાંઉશ નીપજાવી કાહાડવો તે બહુ મુશકેલ કામ છે. તે શાથે આરીયનો શાથે તુરાની ટોળાં છુટાં છવાયાં પુરાતન કાલમાં તો શું પરંતુ હાલ જમાનામાંબી દેશે દેશ વશેછે, જેમકે આગલા જમાનામાં થમાંનીઅન નામનો તુરાની ટોળો, મજકુર આરયન શવશથાનોમાં વશતો હતો અને હજુરબી તે તરફ તરકોમન, ઉશમનાલી તુરક, કાલમક, ઓગરસ, ઉશબેગ અને ઇલીઆત નામનાં ભટકતા તુરાનીટોળાં, જાબજા વશેછે એમ વામબેરી વીગરે બીજા મુશાફરો એક આવાજે એકરાર કરેછે. વલી યુરોપની ભુમીમાં પણ હન્સ(હુન્નુસ), બલગારીઅન તથા કોમન નામના તુરાની ટોળાઓ, અશલ વખતથીજ ચતરાઇ રેહેલાં છે અને હજુર વેર ઇટાલીમાં, ઇત્રસકનોનો ટોળો, તથા સ્પેનમાં બાસ્ક અને એશીઆમાઇનરમાં ગાલેસીઅનોનો ટોળો જે વશેછે, તે પુરાતન કાલથી તુરાનીજ લોહી ધરાવતો આવ્યોછે, તે વાત પુરાતન વીદીઆ જાણનારોમાં શારી કાની રોશન છે.

હવે એ ટોળાની રીતભાત વીશે જે આગલ આપણે બોલી ચુકા છેઇએ, તે પરથી તો એ લોકોનુ તુરાનીપણુ આહીનાની માફક દીપી નીકલેછે. હાલના તરકોમનો જે અદ્યાપી એઓનાંજ દેશમાં વશેછે તે તથા તેવાંજ બીજાં તાતારી ટોળાં માફક તેઓ પોતાનો શઘલો વખત ઘોડા પરજ કાહાડતા હતા. વાતચીત, કામ કાજ, વેચવું, લેવું તથા ખાવું, પીવું બી ઘોડાનીજ પીઠ ઊપર હાલના ઉસબેગો માફક તેઓમાં જાએજ હતુ. તેઓ ઘણીએક બાઇડીઓ કરતા, ઓરતોને મરદોની નજરે નહી પડવા દેતા, છીનાલાં શારૂ બેહદ સજા કરતા અને શીકારના ઘણા શોખી રેહેતા અને પોતાનેજ હાથે શીકાર કરેલાં જાનવરોનુ માંહેશ ભક્ષ કરતા હતા. બાવે મીતાહાર પણ પલીનીના જણાવીઆ મુજબ પીવે ઘણાજ છાકતા, વાતચીતમાં ઘણાજ કમ બોલુ, પરંતુ પોતાના દેશમાં યાતો પારકા

* પુરાતન બાબેલોનીઅનોની પ્રથમ ભાશા અને બીજી ઘણીખરી તુરાંની ભાશાઓ, જેવીકે બાસ્ક ઇત્યાદીઓમાં એ પ્રત્યક્ષ શાધારણ છે.

દેશામાં લાકડાં લગાડી આપવામાં ઘણાજ ફાતને અંગેજો અને ચુલબુલીઆ રેહેતા હતા. મોગોલોમાં "શુનેરી વરગ" નામે એકજ વરગ હજુરબી જે સ્વતંતર ગણાએ છે અને ઉચો દરજજો ભોગવેછે, તે પરમાણે એઓમાંથી થોડાજ શખ્સો આપઅખતીયારી ભોગવતા અને બાકીનો ભાગ તો તે થોડા શખ્સોના જાને ગોલામો હોય તેમ ગણાતો હતો. પલીનીનાં કેહેવા મુજબ એ લોકોનાં ઘણાજ આબાદ જમાનામાં પણ, એઓનાં મુખ્ય અશલી રેહેઠાનોમાં જે પારથીઅનો પડી રેહેલા હતા, તેઓમા ભટકવાની ચાલ પોતાનાં પુરવજો માંફક ઘણીજ શાધારણ જોવામાં આવતી હતી ને શુધારાની હંમેશ તેઓ શામે થતા હતા. જેઓ કે શુધારા વાલાઓમાં ખપતા હતા, તેઓમાંથી અશભ્યતા, ઘેરશલુકાઇ, તરકરાપણું અને અરધી જંગલી ચાલચલનો રેવાજ પામેલી હતી. પાદશાહ, અમીર ઉમરાવો તથા દરબારના માનશો બાહેરથી શુધારાનું દોલ ગાલતા, પરંતુ પરલોક શાથ વેહેવારમાં તેઓની તુરાની ચાલચલનો શાફ દીપી આવતી હતી. આ ઉપરથી ગીબન વાજબીની રાહે બોલેછે જે "પારથીઅન શેહેનશાહો હીંદુસથાનના મોગલ વંશના પાદશાહો માફક, પોતાના તુરાની નીઆએશાનોની ભટકવાની રીતભાત વધારે પશંડ કરતા હતા અને તાઇગરીશ નદીની પુરવ બારકુ ભણી આવેલાં તીશફુનનાં શેહેરમાં શેનશાહી છાવણી વારંવાર નાખી પડતા હતા." નામાચો જરમન ઇતીહાસ કરતા નીબુહર તો એવો શક નાંખે છે જે એ લોકો શેહરોમાં નહી, પરંતુ તંબુઓમાંજ પડી રેહેતા હતા; અને પેહેલેથી તે ઠેઠ છેલ શુધી એ લોકોએ પોતાની અંહી તંહી ભટકવાની રીતભાત જારી રાખી મેલી હતી, એમ પોતાનો અભીપરાએ આપે છે અને કહેછે કે, જે હુલદથી કરીને એઓની શેહેનશાતનો નાંશ થયો, તે ગોયા શેહેરના રેહેવાશીઓ યાને તે જમાનાના તાદજીકો, * ફલીઆત યાને ભટકતા ટોલાઓ ઉપર ફતેહ પામીઆ તેનો ગોયા એક દાર દેખડાવેછે, કેમકે એ શેહેરીઓ તેઓના પાંચ છ શદીનાં જુલમાતથી હવે કંતારી ગયા હતા, એ લોકોમાં ઓશમેનાલી તુરકીઓ, જેઓનાં વંશમાં હજુરવેર ઇસતમબોલનું રાજ પાટ છે, તેઓ માફક લશકરી ઘણા શરશ ગુણો તથા રાજ ચલાવા તથા હાર પાડવા વીશેના શઘલા શાશ્ત્ર કાનુનો અને બંદોબરતો શાથે, માહાબલ અને શારી મન શકતી પણ જોવામાં આવતી હતી. તુરકીઓજ માફક તેઓ બાહેરથી શુધારો તથા લીઆકતપણું દેખડાવવાનો ફાંકો રાખતા હતા પરંતુ ભીતરમાં તેઓ અરધા જંગલી જેવા દીસતા અને આરીયન તોલાંઓ જેવી મન શકતી તથા શુધારાનાં ગુનો તેઓમાં ન હતા. તુરકીઓજ માફક તેઓ છુટેલાં ટોલાંઓ શાથે આમેજ થતા નહતાં અને શદીની શદીઓ શુધી તેઓ શાથે જાહાજો વેહેવાર ન રાખી, પોતે ગોયા વકોબરીના મારીઆ તેઓથી વેગલા રેહેતા અને એક રાજ કરતી બલવંત ટોલી માફક, જે દેશો તેઓએ જીટીઆ હોય તાંહાં પોતે પછી છાવણી કરી પડતા હતા. આથી રાજ કરતી ટોલીઓ શાથે રઇઅતને જાહાજી મીત્રાચારી ન રેહેવાથી, જીટેલી રઇઅતો ટક મલેથી શવતંત્ર થવા માગે અને મનમાં દવેશભાવ રાખે તો, તે ખુદરતી છે અને હાકેમોનો આવીજ ટકુબરને લીધે ઘણાએક રાજ પાટોનાં આખરે નાંશ પણ થઇ ગયલા છે, એમ ઇતીહાશ ઉપરથી

* હાલ જમાનાના તાદજીકો વીશે જુઓ મારા "કાફરે શીહાપુશ" નામનાં ચોપાનીઆંને શફે ૩ જે આપેલી નોટમા.

સારીકાની રોશન છે. ફીરદુશી કેહેછે જે:—

"સતીજા બજાએ રસાનદ સખુન,
કે વીરાન કુનદ ખુંહાએ કુહન".

યાને "તકોબરી અને તેહેકરાઇ એવી તો બુરી ચીજ છે કે તેથી સોથી પુરાતન ખાનદાનો, એક ઘડીની દરમ્યાંનમાં તારાજ થઇ જાય છે." પારથીઅનો જેવાં શુરાં અને ભટકતાં તુરાંનીટોલાં વારંવાર ઉતર ભણીનાં દેશોમાં-થી દખશણ તરફનાં રાજોની માઠી અવસ્થાઓનો લાભ લઇને, યુરોપ તથા એશીઆની ભુમીમાં ઠેકાણે ઠેકાણે આવેલાં ગરમ દેશવરોમાં ઉતરી પડવાનાં ઘણાએક દાખલા આ પણી શાડે અદ્યાપી મોજુદ છે, પરંતુ તે અલે જણાવેલા આપણી મુલ મતલબથી આડુ ફાતવા જેવું જાણીને, મને અંહીઆં પડતા મેલવા પડેછે.

હવે એ ટોલાનાં ધરમ વીશે આગલ આપણે સફે ૧૧ મે ઇસારો કરી ગયા છઇએ, પરંતુ એઓનો માજદીઅશનાંન ધરમ, જરથોસ્તી નીખાલેશ દીનથી કેટલેએક દરજજે વેગલો હતો, કેમકે એ લોકોના સીક્કાઓ ઉપર પાલાસ, આરતીમથ, ઝોઉસ, એપાલો, હીરાકલીસ, દીઓસકોરી, જેનુસ, ઇકવીતસ તથા નાઇકી અને તાઇચી જેવા રૂમી તથા યુનાની દેવ દેવીઓના ચીતારો વારંવાર આપણા જોવામાં આવેછે. એમ કરવાની મતલબ પોતાની બલવંત યુનાની પ્રજાઓને ગમે તો રાજી રાખવાની યાતો જેમ માજદીઅશનાંન પંઠમાં યજદ અમશાશપંદો છે, તેવોને રાજદુવારી કાનુનોને અરથે જેમ આગલ શેહેનશાહ કુરૂશે પોતે જરથોસ્તી હોવા છતાં અમલ કરી દેખડાવીઓ હતો, તેવી ઢપછીપથી જુદી જુદી છુટેલી રઇઅતોનાં દીલ પોતાનાં રાજ તરફ કરી લેવાના હેતુથી, આપણાં યજદ અમશાશપંદોને યુનાની દેવતાઓ શાથે એકશાંન કરી દેખડાવવા માટે, આવું જીસમાની રૂપ આ રાજ કરતી ટોલીએ આપવામાં જો શીઆનપણું વીચારયું હોએ તો, તેમાં તે જમાનાની રીતભાત તરફ નજર કરતાં એ ચાલ હાલમાં માફ થાઇ શકે તેવી છે. આપણાં લોકો એ ટોલાનાં ધરમને પોરીઓ દકેશી* કરીને એટલાજ ઉપરથી લખી ગયા છે, કેમકે એઓની દીન જેમ હજરત

* હજરત જરથોસ્તને પણ એ "પોરીઓ તકેસ" ના એલકાબથી ફરવરદીન યસ્તવાલો આરાધી ગયોછે. આ માહા પુરૂશનું નાંમ વેદમાંથી પણ મલી આવેછે જે પરથી અવસ્તાવાણીનું વેદ થાનેબી વધારે પુરાતનપણું આઇનાની માફક દીપી નીકલેછે. અસુર (પારસી) લોકોનાં માંહા રૂશી તરીકે જરૂથ એવું નાંમ જરથોસ્તને વેદવાલા આપી ગયા છે અને રૂગ વેદના ૭ માં મંડલનાં ૧ લાં સુખ્ત (hymn) ની ૭ મી રીચ્યા (verse) તથા વલી ૭ માં મંદલનાં ૯ માં સુખ્તની ૬ થી રીચ્યા અને ૧૦ માં મંડલનાં ૮૦ માં સુખ્તની ૩ જી રીચ્યામાં, હીંદુ લોકો દાવા દુશમનીથી આ પેગમબરને ઘણો બોલકનો રાક્ષસ એવું નાંમ આપી ગયા છે, કે જેને અગનીથી બાલીને ભશમ કરી નાંખવો જોયે! અને આખરે એજ રીચાઓમાં જણાવ્યા પ્રમાંણે, એને અગનીએજ બાલીને ભશમ પણ કરી નાંખ્યો હતો. (જુઓ ૧૮૮૦ ના "બંગાલ મેગઝીન"ને શફે ૩૫૭ મે) એ વીશેના અસલી ફકરા મજકુર વેદમાંથી તેઓનાં તરજુમાં શીખે શોખી વાંચનારાઓ સારૂ મેં હેઠલ ટાંકી બતાવ્યા છે.

॥ विश्वा अग्नेऽपदहारातीर्येभिस्तपोभिरदहो जरूथं ॥
॥ प्र निस्वरं चातयस्वामीवां ॥ ७ – १ – ७

૧ યાને "અરે! ઓ અગણી! જે ગરમીથી જરૂથને બાલી નાંખોઆ! તે

સ્પેનતમાન જરથોસ્તનાં જમાંનાંનાં તરતનાં વટલેલ માજદીઅશનાંન શીસ્યોએ, પોતાની થોડી ઘણી બાપીકી બુતપરસ્તી રશમો શાથે આપણાં ધરમને પ્રથમમાં સ્વીકારીઓ હતો, તેવોજ મીશરીત ધરમ એ લોકોનો હોય તો તેમાં નવાઇ જેવું કંઇજ નથી. એટલો, માઝદીઅશનાંન પંઠનોજ હતો તેનાં બે મુખ્ય કારણો હું અલે જણાવી શકું છેઃ— ૧ લું એ જે કાવીઆની દરપશ જેવો જરથોસ્તી ધરમનો પવીત્ર ઝુંનડો, નામદાર અરસસ ૧ લાના કાકાએ, શેહેનશાહ દારાંનાં મરણબાદ પોતે બચાવી રાખીઓ હતો અને તે ઝુંનડાની શાહેતાથી ઇરાનીઓને ઉશ્કેરીને યુનાનીઓના પંજામાંથી પારથીઅનટોલાંનાં આ મુલ પુરૂશે આખરે સ્વતંત્ર કરી નાંખ્યા હતા, એમ જીનતુલ તવારીખ કરતા લખી ગયો છે. * ૨ જું એ જે યુનાની યવનો જેવા જુદદીનોનાં આશોબથી એ જમાનામાં જયારે જરથોસ્તી ધરમનાં પવીત્ર દપતરો અપરા તપરી થવા

ગરમીથી (અમારા) સઘલા દુશમનોને તું બાળીને ભસ્મ કરી નાંખ અને દરદનો સદંતરજ નાશ કરી નાંખ કે, જેથી તેની ગરમી નાંબુદ થઈ જાએ."

॥ त्वामग्ने समिधानो वसिष्ठो जरूथं हन्यक्षि राये पुरंधिं ॥

॥ पुरुणीथा जातवेदो जरस्व यूयं पात स्वस्तिभिः सदा नः ॥७–९–६

૨ યાને " અરે! ઓ અગણી! વસીષ્ટ (રૂશીએ) તુંને રોશન કરીને જરૂથનો નાશ કીધો. તું અમારી એબાદત પુરનધીને પોહોચાડ કે તે (દેવી અમોને) દાવલત બક્ષે અને ઓ અગણી! એક મોહોટું ગાએન કર. અરે ઓ! (દેવતાઓ) અમોને આશીરવાદ દેઇને અમારો બનચાવ કરો."

॥ अग्निर्ह त्यं जरतः कर्णमावाग्निरद्भ्यो निरदहज्जरूथं ॥

॥ अग्निरत्रिं घर्म उरुष्यदंतरग्निर्नृमेधं प्रजयासृजत्सं ॥१०–८०–३

૩ યાને "પેલા જરતઃકર્ણને અગણીએ બનચાવીઓ અને પાંણીના વાદલાંઓમાંથી નીસરી આવીને જરૂથને બાળી નાંખ્યો. એક બલતા ગારમાં અત્રી જે પડેલો હતો, તેનો અગનીએ બનચાવ કર્યો અને નૃમેધને છૈયાં છોકરાં બખશીઆં."

વલી મીસર દેશનાં ઘણાં પુરાતન બખરમાં હજરત જરથોસ્તને વીજલીએ બાલીને ભસ્મ કરયો હતો એમ જણાવી ગએલા છે ને જે વાત કે હીંદુઓનાં આ મજકુર એકરાર શાથે એકમલતી આવેછે. (જુઓ એ વીશે વધુ ખુલાશો મારી "તવારીખે કદીમ ઇરાંન" નાં દીબાચાને શફે ૮૩ મે.) હવે આપણાં લોકોનાં એતેકાદ મુજબ દુશમનોએ આ પેગમબરને આતશની ચેહ અંદર નાંખ્યો હતો ખરો, પરંતુ તે ચેહેમાંથી શીઆવખશ જેને અવસ્તાવાલો સીઆઉઅરશાનો યાને કાલી કીકી (આંખ) ધરાવનાર એવું નાંમ આપી ગયા છે, તે નામચીન શાહાજાદા માપક આ પાખ જાદ વખશુરે વખશુરાંન, કંઈ પણ ઇજા ખમીઆ વીના પોતે અતરંગ બચી ગયો હતો. પરંતુ આ છેલી શાહાદત દસ્તુર જરથોસ્ત બેહેરામનાં જમાંનાની પુરવેની ન હોવાથી, તેપર વેદના આ લખાનો થાને વધારે ભરોસો રાખી શકાયે તેવું નથી.

* જુઓ મારી "તવારીખે કદીમ ઇરાંન"ને શફે ૫૫ મે.

લાગ્યાં, ત્યારે એઓના એક શેહેનશાંહ નાંમે નરસી યાતો વલગેશે (વલકેશ અથવા વોલો-ગાસીસે) આપણાં લોકોનાં જેબી ધરમનાં દફતરો બચીઆં હોય, તેઓને સારીકાંની એકઠાં કરીને બંધાવી રાખવાનો ખાશ ફરવાનો પોતાનાં બોલાં રાજમાં પ્રસીદ્ધ કરયો હતો, એમ દીનકર્દવાલો પોતાનાં ૪ ઠાં દફતરમાં આ મુજબ પેહેલવી ભાષામાં એકરાર કરી ગયોછે. તે બોલેછે જે, "દારાએ દારાયાન હમાક અવસ્તાક વ જંન્દ ચીગુન જરથુશતર મેન ઓહરમજદ પદીરફતે નપેશતે દુ પઝીનૂ અયોક પવન ગન્જે શપીગાન વ અયોક પવન દેઝોએ નપેશતે દાશતન ફ્રમુતે. નરસીએ અશકાનાન અવસ્તાક વ જન્દ ચીગુન અવીઝે ગીપાહ દયેન યાતૂન્તે યકવીમુનાત હમુકચે અવસકુલા મેમન મેન વજંદ વ આશો ફતકારીયે અલેકઝેન્દર વ બીનવર વશેપે અરૂમા-થાઆન દયન અઇરાન શલે પ્રગન્દગીયાહ મદમ નપેશતે વ વદ મેમન હુજવાન અવે-સ્પારશની પવન દસ્તુબર ફ્રતરૂન્તે થકવીમુ-નાત વ દયેન શત્રે ચીગુન ફ્રાઝ મદે યકવી-મુંનાત નેકાસ દાશત વ શલેયાહ અઇબાદ કારકરતન ફ્રમુતે." યાને "દારાએના (બેટા) દારાંએ અવસ્તા અને તેહને લગતી સહમજ જે પરમાણે જરતોશતે અહુરમજદથી મેળ-વીને તેનું લખાંણ કરયું હતું, તેહની બે નકલ કરાવીને એકને 'ગન્જેપીગાંન' (યાને પાદશાહી દફતરખાંના) માં અને બીજીને 'દેઝેનપેશતે' (યાને ધરમ પુશતકોને સંભા-લથી રાખવાનું એક મકાંન બંધાવેલું હતું તેહેમાં) રાખવા સારૂં ફરમાવ્યું હતું. આ અવસ્તા અને તેહેને લગતી સમજ જેવી સફાઇદાર હાલતમાં લખીને રાખ-યામાં આવી હતી, તેજ પ્રમાણે તે, સેકન્દર અને (બીજા) ફીનાખોર તથા લુટારા રૂમી-ઓના ફીતના અને નુકસાંનથી ઇરાંન દેશની અંદર વીખરાઇ ગઇ હતી, તેહને તથા જે કાંઈ અવસ્તાઓ જંદ મોહોડે યાદ હતા, તથા દશતુરોની પાસે રહેલા હતા અને જે કાંઇ શેહેરમાંથી મલી આવ્યા હતા, તેહને અશકાની ઓલાદના નરસીએ યાતો વલ-ગેશે * ચોકસાઈથી લખાવીને જાલવી રાખવાને તથા શેહેરે શેહેર તેહની નકલો મોકલવાનો હોકમ ફરમાવ્યો હતો." વલી આગલ આપણે ભવીષ્ય પુરાનને આધારે એમ જણાવી ચુકયા છઇએ જે, જે મો-બેદો કે પંજાબને મારગે કષ્ણના બેટા સામબના જમાનાંમાં હીંદુસ્થાનમાં પેઠા હતા, તેઓ આરયન નહીં પરંતુ સકા ઇઆને તુરાનીઓની જાતના હતા. † કેમકે તેઓ શાકદ્વીપ નામનાં કોઇ-એક ટાપુનાં રેહવાશીઓ હતા ને જે ટાપુને શેહેનશાહા દરાયસનાં લેખોમાં "સ-કા તઇઅ પાર દરીઅ" એવું નાંમ આપેલું છે. અવસ્તા પછીનાં જમાનાંમાં મધ્ય એશીઆ ખંડમાં ઘણાએક તુરાંની ટોલાં પણ જરથોસ્તી પંથમાં વતલ્યાં હતાં માટે પારથીઅનોબી અસલથીજ માજદી-અશનાંન ધરમ પાલતા આવીઆ હોયતો, તે વાતને મજકુર દલીલોપરથી હાલમાંબી સારીકાંની પુસ્તી મલી શકે તેવું છે. એ નામદાર ટોલો અશલમાં હખામની પાદશાહોનાં દોરમાં પારશીઓના તાબા હેઠલ કેમ આવીઓ તે વીશે બે જુદાં જુદાં મતોછે. દાયોદોરસ સીકલસ, કર્તાસી-અશની સતાને આધારે એમ બોલે છે જે,

* જુઓ દા૦ હાઉગના "પારસીઓ સંબંધી રીશાલા" (આવૃત્તિ ૨ જી) ને સફે ૫૪ મે. પેહેલવીમાં જે હાલતમાં નરસીનું નાંમછે તેનો ઉચ્ચાર વલગેશ કરીનેબી થઇ શકેછે પરંતુ તેમ વાંચવું વાજબી થડતું નથી, કેમકે ઝુનાની નામ ઇરાંનીઓમાં વપરવાનો રવાઇઓ નહતો.

† જુઓ આ દફતરને શફે ૨૯૨ મે અપેલી નોટમાં.

અશલમાં એ લોકો એસીરીઅનોના જબરા રાજને તાબે પડેલા હતા. ત્યાર બાદ જયારે આસીરીઅનો જેવાં સીમેટીક ટોળાનાં હાથમાંથી મીદીઅનોને શેહેનશાહી દરજજો મલીઓ, ત્યારે એ લોકો મીદીઅનોનાં તાબા હેઠલ આવીઆ અને મીદીઅનો માજદીઅશનાન ધરમનાં મુખ્ય ચેલા હોવાથી, એ લોકોબી તેઓ શોડેથી જરથોસ્તી ધરમ અખતીઆર કરી બેઠા હતા, જેથીજ એ લોકોમાં મોબેદોનો દરજજો પાદશાહથીજ જરા ઓછો ગણાતો હતો અને મગીસ્તાન * નામ ધરાવનાર દાનાવ મોબેદોની રાજ કરતી મંડલીનો અખતીઆર એ લોકોઉપર વીશેશ કરીને ચાલતો હતો એમ આગલા રૂમી ગ્રંથકારો એક આવાજે એકરાર કરી ગયા છે. ત્યાર પછી મીદીઅનો શોડેથી જયારે પારશીઓ એ શેહેનશાહ કુરૂશનાં દોરમાં, આખી એશીઆની શલતનત પોતે ખુચી લીધી ત્યારે મુગે મોહોડે એ તાલોબી જરથોશ્તી હોવાથી પારશીઓને તાબે થઇ ગયો હતો પરંતુ તેઓનો જીવ પોતાના ધરમ ગુરૂ મીદીઅનો ઉપર વધું હોવાથી, દરાયસનાં રાજમાં તેઓએ હુલડ કરીને કોઇ એક મીદીઅન થગારાના ભમાવવાથી, થોડુકશુધી શવતંત્રતાનો જુનડો પોતે ઉરાડીઆ હતો; પરંતુ દરાયસના બાપ ગુશ્તાશ્પે પાછી તેઓની શુધ ઠેકાણે લાવી, ફરીને તેઓને પારસીઓને તાબે થવાની વલી ફરજ પાડીહતી. આ હેવાલ ઉપર મને હીરાદોતશનાં હેવાલ થાને વધારે ભરોશો લાગેછે, કેમકે એ ઈતીહાશ કરતા એ શેહેનશાહે બાખત્રીઆ દેશ ઉપર હોમલો કર્યો, ત્યારે વાતમાં તેને પારથીઅનોનેબી જીટવા ફરજ પડી હતી એમ જણાવી ગયોછે. જો અશલમાં એ લોકો સ્વતંત્રજ હતે અને મીદીઅનોનાં તાબા હેઠલ ન હતે તો શેહેનશાહ દરાયશનાં રાજમાં, એ તોલો કદી મીદીઅનોની બાજુ લેઇ હુલડ મચાવતેજ નહી, માટે પ્રોફેશર રાલીનશન શાથે હું એકમત થઇ શકતો નથી અને હીરાદોતશનાં બખાન થાને કતીશીઅસના મજકુર બોલવા પર આ બાબદશર હું વધારે ભરોશો રાખવા દુરૂશ્ત વીચારૂછું. હવે પારસીઓનું રાજ વધારે માયાલું હોવાથી, એ તોલો ત્યાર બાદ ઠેઠ શેહેનશાહ દારાંનાં જમાના શુધી ઘણો વફાદાર નીવડીઓ હતો અને શીકનદરે જયારે ઇરાનઉપર શવારી કરી, ત્યારે પારસીઓની બોરકુ તરફથી અરબેલાની મોટી ખુનખાર લડાઇની વેલાએ માસીદોનીઅનો શામને શારીકાની એ લોકો લડીઆ હતા, એમ એરીઅન તથા કુવીનતસકરશીઅશ એક અવાજે લખી ગયાછે. પરંતુ દારાં જયારે આખરે ઇરાંનનું રાજ ખોહી બેઠો અને શીકંદરેબી એઓનાં મુલક ઉપર શવારી કરી, ત્યારે નાચારીએ તે ફતેહમંદ શેહેનશાહને તાબે થવા સારૂ એ લોકોનેબી ફરજ પડી હતી, પણ તેઓનાં હાથ હેઠલથી એ ટોલો પચાશ પોનસો વરશનીજ ટુંક મુદતમાં નીશરી જઇને, પાછો શવતંત્ર થઇ ગયો અને આખું એશીઆનું રાજપાટ પોતાનાં શવાધીનમાં લેઈ બેથો કે, જે વીશેની વીગતે તવારીખ હવે પછીનાં દફતરોમાં દરોબસ્ત વીશ્તારેલી વાંચનારાઓનાં જોવામાં આવશે.

* જુઓ એ શબ્દ વીશે વીગતે ખુલાશો મારાં "કાફરે શીહાપોશ" નામના ચોપાનીઆને શફે ૨૭ મે આપેલી નોટમાં

Digitized with financial assistance from
Hemendra Kothari
on 06 November, 2019